16
0
P02


23116
23116

गांधी स्मृति ग्रंथालय
भावनगर

P
050
SHI L
23116

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

આ પુસ્તક



તરફ

RECD 20 JUL 2006
WIPO PCT

શિક્ષણપત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

પરાર્થની ભાષા

આપણે ઘણીવાર જાતને છેતરીએ છીએ. આપણે પરાર્થની ભાષા વાપરીએ છીએ પરંતુ ખરેખર તો સ્વાર્થનો જ વિચાર કરતા હોઇએ છીએ. આપણે લોકસેવા કરવાનો દંભ કરીએ છીએ ત્યારે ખરેખર તો પોતાની જ સેવા વિચારીએ છીએ. એ રીતે આપણે દુનિયાને છેતરીએ છીએ અને વધારે તો જાતને જ છેતરીએ છીએ.

તા.

વર્ષ ૧૫ | :: કાર્યાલય :: દાદર, મુંબઈ ૧૪ | અંક ૧

૧૯૯૬ | ફાગણ

નૂતન વર્ષારંભ

સંઘનું આજે નવું વર્ષ બેઠું – પંદરમાં વર્ષમાં તે પદાર્પણ કરે છે. આપણાં ચૌદ વર્ષોનો ઇતિહાસ તો આપણે આવતે માસે તપાસીશું.

મહાન વિભૂતિઓના પ્રાણના જોરે, માનવજાતમાં નવી ચેતનાઓ અને ઉત્સાહ પ્રગટે છે.

સ્વ. ગિજુભાઇનો આત્મા આજે આપણને આગળ ધપવા માટે, જોસભેર કામ ઉપાડવા માટે, દેશની પરિસ્થિતિ જોઈ અધૂરાં કામને દિશા દેવા માટે પ્રેરે છે. કોઈપણ કલ્યાણકારી કાર્યમાં દુર્ગતિને અવકાશ જ નથી એ ઈશ્વરવચન છે. નવા વર્ષે આટલું શુભચિંતન કરી સૌના અને ઈશ્વરના આશીર્વાદ અને સહાય માગી આગળ વધીએ.

તા.

નૂતન બાલશિક્ષણ સંઘ

પચીસ વર્ષ પહેલાં સ્વ. ગિજુભાઇ મોન્ટીસોરી પદ્ધતિના અભ્યાસી બન્યા હતા. પોતાના બાળકની કેળવણી નિમિત્તે, પુસ્તકોને આધારે એ સિદ્ધાંતોનું તેમણે અધ્યયન કર્યું અને આને અંતે તેમને જણાયું કે આનો પ્રચાર સમાજના બધાં બાળકોને સારૂ કરવો જરૂરી છે. આનું સીધું પરિણામ તે વીસ વર્ષો પહેલાં ભાવનગરમાં શ્રી. દક્ષિણામૂર્તિ ભવનની છાયામાં બાલમંદિર નીકળ્યું તે આવ્યું. આ બાલમંદિરમાં, આ પદ્ધતિના સિદ્ધાન્તો, આપણા દેશને અનુકૂળ રીતે, આપણી ભાષામાં, આપણી રહેણીકરણીને અનુકૂળ કેમ નીવડે તેનો ઉંડો વિચાર અને પ્રયોગ થયો. એ સારી રીતે યશસ્વી નીવડ્યો એટલે પછી બીજા પાંચ વર્ષે તેનો ફેલાવો કરવા માટે સંઘની સ્થાપના થઇ. ચૌદ વર્ષ પહેલાં ભાવનગરમાં શ્રીદક્ષિણામૂર્તિ ભવનમાં એક મોન્ટીસોરી સંમેલન ભરાયું. સંમેલનનું અધ્યક્ષસ્થાન શ્રીમતી સરલાદેવી અંબાલાલ સારાભાઇને અપાયલું. કારણ તેમણે પોતાનાં બાળકો માટે આ સિદ્ધાન્તોથી ચાલતી શાળા સ્થાપિત કરી હતી અને તેનો વિચાર કર્યો હતો.

આ સંમેલનને પ્રસંગે મોન્ટીસોરી સંઘની સ્થાપના થઇ. ત્યારથી આજ ચૌદ વર્ષથી આ સંઘ ગુજરાતમાં કામ કરે છે. સાત વરસ પહેલાં તેણે પોતાનું ક્ષેત્ર વધાર્યું. મરાઠી અને હિંદી ભાષામાં માસિક કાઢવાની શરૂઆત કરી અને એ રીતે ઇતર પ્રાન્તમાં પ્રચાર કાર્ય શરૂ થયું. આ માસિકદ્વારા, વ્યાખ્યાનોદ્વારા, મુલાકાતોથી, સંમેલનોથી, સામાન્યજનતા અને ખાસ કરીને સ્ત્રીઓમાં આ સિદ્ધાન્તોનો ખૂબ પ્રચાર કર્યો. કેટલુંય સાહિત્ય બહાર પાડ્યું, બાલસાહિત્ય કેવું હોવું જોઇએ તેનો ઉંડો વિચાર કરી સિદ્ધાન્તશુદ્ધ બાલસાહિત્ય લખ્યું. આ રીતે કામની દિશાનો વિસ્તાર વધ્યો.

ગયે વર્ષે સંઘના મુખ્ય કાર્યકર્તા સ્વ. ગિજુભાઇ પર કાળનો પંજો પડ્યો અને તેઓ ઝડપાઇ ગયા. સંઘને એક મોટો ધક્કો લાગ્યો.

આજે સંઘનું કાર્યાલય ઉમાસદન, હિંદુ કોલોની દાદર–મુંબઇમાં છે. ગયે જ વર્ષે સંઘનું નામ બદલાઇ 'નૂતન બાલશિક્ષણ સંઘ' રખાયું છે. પહેલાં સંઘનું મુખ્ય કાર્ય મોન્ટીસોરી પદ્ધતિના વિચાર

અને પ્રચાર કરવાનું હતું. ચૌદ વર્ષમાં બાલશિક્ષણના ક્ષેત્રમાં કામ કરનાર બીજા અનેક લોકો સ્વતંત્ર વિચાર અને પ્રયોગ કરનાર મળી આવ્યા છે તેવે સમયે સંઘમાં સૌનો સમાવેશ થાય એ ઇરાદાથી સંઘનું નામ બદલવામાં આવ્યુ છે. છતાં એનો અર્થ એમ તો છે જ કે મોન્ટીસોરી પદ્ધતિનો અભ્યાસ અને કાર્ય કરનારાઓ આ સંઘમાં પ્રમુખસ્થાને છે.

હાલમાં સંઘના સંચાલકો નીચે પ્રમાણે છે.

શ્રી. સરલાબેન સારાભાઇ	પ્રમુખ.
શ્રી. નાનાભાઇ ભટ્ટ	ઉપપ્રમુખ.
શ્રી. રામજીભાઈ હંસરાજ	કોષાધ્યક્ષ.
શ્રી. તારાબેન મોડક શ્રી. સરોજબેન ચોધ	સહમંત્રીઓ.

સંઘનું આજનું મુખ્ય કાર્ય શિક્ષણપત્રિકા દ્વારા ગુજરાતી, હિંદી અને મરાઠી બોલતી જનતામાં બાલશિક્ષણ વિષયક નવા વિચારોને પ્રચાર કરવાનું મુખ્યત્વે ચાલે છે. તે સિવાય જગાજગાએ જઇને પ્રચાર કરવાનું ચાલે છે. બીજી કઇ પ્રવૃત્તિઓ શરૂ કરી શકાય તેની વિચારણા ચાલી જ રહી છે. ગામડાઓ તરફ કાર્યક્ષેત્ર કેમ વળે તેની કલ્પના પણ થઇ રહી છે.

સંઘનું ચૌદમું વર્ષ આ રીતે પૂરું થયું છે. પંદરમાની શરૂઆત થાય છે. સ્વ. ગિજુભાઇની ખોટ પારાવાર છે. છતાં યથાશક્તિ અને યથાબુદ્ધિ ગમે તેવી વિપરીત સ્થિતિમાં પણ કાર્ય ચાલુ રાખી કાર્યને વેગ આપવાનો કાર્યકર્તાઓ પ્રયાસ કરે જ છે. લોકોની સહાનુભૂતિ અને સક્રિય મદદની અપેક્ષા તેઓ રાખે જ છે. સંઘનું કાર્ય પ્રચાર કાર્ય છે. અને પ્રચાર કાર્યમાં એક નહિ પણ અનેકની જરૂર છે. આજપર્યંત જેઓએ સંઘને અનેક રીતે મદદ કરી તે સૌનો ઉપકાર માનીએ છીએ અને તેઓ એ મદદ ચાલુ રાખે તેવી વિનતિ કરીએ.

ઉભા થાઓ—માન આપો

થોડા દિવસ પહેલાં હું એક બાલમંદિરમાં ગયો. ત્યાં કેટલાંક બાળકો મને સલામ કરી કહેવાં લાગ્યાં: "સલામ ગિજુભાઇ, સલામ ગિજુભાઇ." વળી કેટલાંક બાળકો, હરખાતાં હરખાતાં બે હાથ જોડીને બોલવા લાગ્યાં: 'જય જય ગિજુભાઇ.'

આ સાંભળી મને મારાં કેટલાંક સ્મરણો તાજાં થયાં. અમે છેક નાનાં હતાં અને પ્રાથમિક શાળામાં ભણતાં ત્યારે કોઇ આવવાનું હોય ત્યારે અમારે કાળજીપૂર્વક ઉભા થવાનું અને સલામ કરવાની હતી. માસ્તર આવે ત્યારે તો આ કરવાનું જ હતું. પણ તેમાં તો ગફલત ચાલ પણ કોઇ આવે ત્યારે તો એક પણ ભૂલ પડવી ન જોઇએ. આ માટે કવાયત અને શિક્ષા બન્ને થતી. લગભગ ૪૦ વર્ષ ગયા છતાં આજની ઘણી પ્રાથમિકશાળાઓમાં કોઇ આવે ત્યારે ઉભા થવાનું અને સલામ કરવાનું બાળકોના માથે છે જ છે.

હમણા તાજેતરમાં એક શાળામાં હું ગયો. માસ્તર સાહેબે અગાઉથી કેમ ઉભા થવું વગેરેની સૂચનાઓ તો આપી જ રાખી હતી. અમે અંદર આવી પહોંચવાની ખબર એક છોકરાએ દોડતું જઈ માસ્તરને આપી અને માસ્તરે કહ્યું: 'ઉભા થાઓ, સલામ.' છોકરાઓ ઉભા થઇ ગયા. તેમણે સલામ કરી રાખી. મેં માનપૂર્વક તે ઝીલી અને તેની સાથે જ હું મનમાં ખડખડાટ હસી પડયો.

જુઓ તો ગમ્મત ! કોઈ અમારા જેવું શાળામાં આવે એટલે છોકરાઓને કસરત કરવાની. પણ આ કસરત કંઈ હોંશની નહિ. એક વેઠરૂપ એટલું જ નહિ પણ અણછૂટકે. ઠપકા અગર મારની બીકે.

મેં બહુ વિચાર કરી જોયા પણ હજી મને સમજાતું નથી કે શા માટે આ છોકરાઓને ઉભા કરવામાં આવે છે ? આવનારાઓ શાળા જોવા આવે છે. તેમને શાળાનું ચાલતું કામ બતાવવું જોઇએ. તે બતાવવાને બદલે શિક્ષકો છોકરાઓ કે છોકરીઓને ઉભી કરી રાખે છે અને આપણે કહીએ નહીં ત્યાં સુધી તેમને ઉભા રહેવાનું હોય છે.

શાળા કંઈ ઓફીસ નથી કે શેઠ આવે ત્યારે કારકુન વગેરે નોકરોએ ઉભા થઇ તેનું માન આપવું જોઇએ. ખરી રીતે તો જોવા આવનારનું માન બાળકો કેમ ભણે છે અને શિક્ષકો તેઓને કેમ ભણાવે છે તે બતાવવામાં સચવાય છે અને સચવાવું જોઇએ. જોવા આવનારા કંઈ બાળકો પાસેથી સલામ લેવાના ભૂખ્યા નથી અને ન હોવા જોઇએ. અને બાળકોને તો સલામ કે જય જયની પડી નથી. તેને અજાણ્યા માણસની સામે કામ છોડી ઉભા થઈ શા માટે નમવું ?

પણ કેટલાક કહેશે કે એ તો વિવેક કહેવાય. મહેમાનને એટલું તો માન આપવું જોઇએ ના ? પણ બાળકોને ખબર ન હોય કે મહેમાન કોણ છે ? બાળકોને એવું માન આપવું ગમતું પણ ન હોય. ખરૂં માન એટલે કે ભણાવી બતાવવું. એ ઢાંકીને ઉપલક સલામ અને હારતોરા આપવા એ તે કાંઈ સાચો અતિથિ સત્કાર છે ? અને આવો અતિથિ સત્કાર આમ બાળકોને ઉભા કર્યે જન્મે પણ નહિ. એ માટે તો પ્રજ્ઞામાં અતિથિ સત્કારનું ગૌરવ ભર્યું સ્થાન જોઇએ. એ જ જોવા આવનાર માણસને રસ્તે કોઈ અથડાય કે તેના પર ભૂલમાં ધૂળ નાખે, તેને કંટાળો આપે તો શિક્ષક પણ તેની પરવા ન જ કરે. એ જ માન આપવાને ઉભા કરેલાં બાળકો બહાર જઇને અસભ્ય રીતે વર્તે, જતાં આવતાં પ્રત્યે આદર ન રાખે, તેમને અગવડરૂપ થાય તો પછી શાળામાં આ ધાંધલ અને ધમાલ શા માટે ?

મોટા અમલદારો જ્યાં જાય ત્યાં તેને સૌ ઉભા થઇ માન આપે એ ઠીક. જોકે દરેક ઠેકાણે માનનીય માણસને માન જુદી જુદી રીતે અપાવું જોઇએ. જ્યાં લોકો તરતા હોય અને તરવાનું કામ જોવા મોટા માણસો જાય ત્યાં તરતાં તરતાં બહાર આવીને નમસ્કાર કરવાનાં ન હોય. સુંદર તરવાનું બતાવવામાં જ ખરૂં માન છે. નિશાળમાં કામ બતાવવું એમાં જ માન છે. અને ત્યાર પછી રસ્તે જતાં આવતાં બાળકો મોટાંને અદબથી નમે કે સલામ કરે તેમાં શાળા કે ઘરના વિવેકની શોભા અને સફળતા છે.

માન લેનારને ખાતર માન નથી પણ માનનીયપણાને માન છે. ઘરમાં માબાપો, મોટાં માણસોને માન આપશે, વડીલોને માન આપશે, યુવાનો અને બાળકોને માન આપશે એટલે બાળકો માન આપવાનો મહીમા બરાબર સમજશે. બાળકો પાસેથી માન લેવામાં માન આપવાની સંસ્કારિતા કેળવી શકાય નહિ પણ બાળકોને માન દેવામાં સાચી સંસ્કારિતા બતાવી શકાય. શાળામાં કે ઘરમાં આવનારે પ્રથમ બાળકોને માન આપીને જ તેમને માન આપવાનો પાઠ શીખવવો જોઇએ. નાનાએ તો મોટાંને માન આપવું જોઇએ અને ન આપે તો અયોગ્ય કહેવાય એ ખોટી મોટાઇનો વિચાર હવે તો આપણે કાઢી નાખવો જોઇએ. આપણે જ માન આપીને માનનો મંત્ર

બીજાને દેવો જોઇએ. જેટલું બાળકો સમક્ષ કરશું તેટલું તેઓ કરશે. જેટલું તેમની પાસે કરાવીશું તેટલું તેઓ વિરોધ સાથે કરશે.

વિવેકનો વિરોધ કોઇ માણસ કે પ્રજા ન જ કરે પણ વિવેક શીખવવાની ખોટી રીતો સામે તો વાંધો આવી જ શકે. આજની શાળાની વિવેકનો પાઠ આપવાની રીતિ બેહુંદી છે અને હાસ્યાસ્પદ પણ છે. શાળાનાં બાળકો અને શિક્ષક, શાળા સ્વચ્છ અને શાંત રાખીને અને સૌ પોતાનાં કામમાં રોકાઇને જ મહેમાનોને સાચું માન આપી શકે. એ જ બાળકો અને શિક્ષકો રસ્તે જતાં આવતાં મહેમાનોને ભલે સલામ કે નમસ્કાર કરે.

બાલમંદિરોમાં સલામ-નમસ્કાર કરાવવાનો કે ઉભા કરવાનો રવાજ નથી. તેઓ મોટાંઓને વિવેક વિનય આચરતાં જુએ છે. ઉપરાંત મોટાંઓ તેમના પ્રત્યે જે વિવેક બતાવે છે તે તેઓ સમજે છે. અને તેમાંથી તેઓ જય જય અને સલામ કરે છે પણ તે શિક્ષકના કહેવાથી નહિ, પરાણે નહિ, પણ જય જય અને સલામ કર્યાનો આનંદ અનુભવવા ખાતર.

ગિ.

હવે પછીના અંકોમાં મૅડમ મોન્ટીસોરીના અમદાવાદના ભાષણો અનુકૂળતા પ્રમાણે વિગતથી આપવા ધાયું છે.

વ્યવસ્થાપક.

અમદાવાદમાં મૅડમ મોન્ટીસોરી

વર્ષો પહેલાં જે વિભૂતિના લખાણમાંથી સ્વ. ગિજુભાઇએ પ્રેરણા પીને ગુજરાત મહાગુજરાતને બાલશિક્ષણ અને બાળકો માટે જાગતું કર્યું એ ડૉ. મોન્ટીસોરીનો સત્કાર અમદાવાદમાં શ્રી નૂતન શિક્ષણ સંઘ તરફથી તા. ૬, ૭, ૮ માર્ચ ના રોજ થયો. ગુજરાતના એ પાટનગરનાં એકેએક કાર્યક્રમમાં સ્વ. ગિજુભાઇએ પૂરેલો પ્રાણ નીતરતો હતો.

મૅડમ મોન્ટીસોરીએ હિન્દ અને ખાસ કરીને ગૂજરાતની મીઠી મહેમાનગતિની કદર પૂરી અને હવે ભવિષ્યમાં પણ પુરશે જ.

વડોદરામાં ગાયકવાડ સરકાર તરફથી દોઢેક દિવસમાં બે ભાષણો આપીને પાંચમી માર્ચની સાંજે તેમનું આગમન અમદાવાદમાં થયું. સ્ટેશન પર સંઘના પ્રમુખ શ્રીમતી સરલાબેન સારાભાઇ કે જેમને ત્યાં મૅડમનો નિવાસ હતો તેમના અને તેમના કુટુમ્બ તરફથી તથા ઉપપ્રમુખ શ્રી. નાનાભાઇ, મંત્રીઓ શ્રીમતી તારાબેન તથા શ્રીમતી સરોજબેન ચોધ તરફથી એમનું બહુમાન થયું. અમદાવાદની બાલશાળાઓના મુખ્ય મુખ્ય બધા સંચાલકો તથા જ્યોતિસંઘની બહેનો વગેરેએ પણ હાજર રહી તથા મૅડમને ફૂલહારો અર્પી એમના તરફનો પ્રેમ વ્યક્ત કરી આપ્યો હતો. બીજે દિવસે તા. ૬ ના રોજ સવારમાં જૂની કારીગરી, ફૂલહાર, દીપ વગેરેથી વિભૂષિત ટાઉનહોલમાં મૅડમનો સત્કાર થયો.

સૌથી પહેલાં સંઘ તરફથી ડૉ. મોન્ટીસોરીને ઉદ્દેશીને બોલતાં શ્રી. નાનાભાઇએ જણાવ્યું:

"આજે ગુજરાતના પાટનગરમાં આપ પધાર્યા છો તેથી અમારાં સૌના અંતઃકરણ આનંદથી ઉભરાય છે. આપ જાણો છો કે આજથી વીસ વર્ષ ઉપર મારા સ્વ. મિત્ર ગિજુભાઇએ આપનો સંદેશો ગુજરાતમાં ફેલાવવાનો નાનો એવો પ્રયત્ન કરેલો. આજે મારા એ સ્વર્ગસ્થ મિત્ર હાજર નથી તેમ છતાં આ આખી સભામાં એમના પ્રાણને હું દેખું છું. આપ જાણતા હશો કે ૧૯૨૦ માં અમારા આખા દેશને અહિંસા અને સત્યના મંત્રોની દીક્ષા મહાત્મા ગાંધીએ આપી છે. મારા જેવા જે અનેક મહેમાજીઓ અમારા દેશમાં પડયા છે તેમને આ અહિંસા અને

સત્યનાં સિધ્ધાન્તો કેળવણીમાં કેમ ઉતારી શકાય તેની મુંઝવણ રહ્યા કરતી હતી. આ સિધ્ધાન્તોને કેળવણીમાં ઉતારવાનો માર્ગ અમને આપની પાસેથી મળ્યો એ માટે આપના અમે આભારી છીએ. આજે ૧૯૪૦ માં આપ આપની ફિલસુફી અમારા દેશના બાળકોના જીવનમાં આવે એ માટે અમારા દેશમાં પધાર્યાં છો તે વખતે મારા જેવા ગામડીઆ મહેતાજી તરફથી આપનો આભાર માનવાની હું તક લઉં છું. ગુજરાતમાં બાલ-શિક્ષણનો ઠીક ઠીક પ્રચાર થયો છે એમ કહી શકાય છતાં ગુજરાતનાં ગામડાંઓ આ કેળવણીથી વંચિત રહ્યાં છે. આપ આર્યદૃષ્ટિવાળાં છો એમ આપનાં પુસ્તકોથી હું સમજું છું. આપની એ દૃષ્ટિથી અમારા ગરીબ ગામડાંઓને એનો કેમ લાભ મળે એનું દર્શન કરાવી દેશો તો મારા જેવા અનેક મહેતાજીઓ આપના આભારી થશે.

ફરી, અમારે આંગણે આપ આવ્યાં છો એ બદલ આપનો આભાર માની, સાથે સાથે, જે જે ભાઈ બહેનોએ તથા મ્યુનિસિપાલિટી વગેરેએ આ હોલ વગેરે વાપરવા આપેલ છે એ માટે સૌનો આભાર માનું છું. હું આશા રાખું છું કે આપનો આ ગુજરાતનો પ્રવાસ આપને અને ગામડાંઓનાં બાળકોને કાયમી લાભદાયી થશે."

મુ. નાનાભાઈ પછી શ્રીમતી સરોજબેન ચોધે મૅડમ મોન્ટીસોરીમાં રહેલ માતાના વાત્સલ્યનું અને સાથે જ તેમનામાં રહેલ શક્તિનું વર્ણન કરી તેમની ઓળખ આપી હતી. શ્રી. ભોગીભાઇ હાકરે જણાવ્યું: "મૅડમ મોન્ટીસોરીએ પોતાનું જીવન શરૂ કર્યું ત્યારે એક આદર્શ નક્કી કર્યો. એ માટે એમણે ખૂબ જ અભ્યાસ કર્યો. તેમણે જે આદર્શની પાછળ જીવન ગાળ્યું તે સરળ નથી ગયું. જગતના આઘાતો તેમણે સહન કર્યા છે. અત્યંત મૃદુ, પ્રેમળ હોવા છતાં લોકોત્તર મહાપુરૂષોની જેમ તેમને કઠોરતા સહન કરવી પડી છે. તેમનામાં એક પ્રકારની મોહક અને આકર્ષક શક્તિ તે તેમના કાર્યપરત્વેની ધગશ છે. નવું જગત ઉભું કરવાની આકાંક્ષા એક નવી શક્તિ આપે છે અનેતું તે જગતને પોતા પાછળ ખેંચે છે.

જગતમાં ચાલતી લડાઇ છતાં, આવી વૃદ્ધ ઉંમરે પણ તેઓ અહિં આવી સંદેશો આપે છે એજ શું નથી બતાવતું કે એ આપણને દોરશે?

જગતનાં તમામ બાળકોને સ્વતંત્રતા આપનાર માતા તરીકે તેમને હું વંદન કરું છું."

આટલી મૅડમની ઓળખ થયા બાદ સંઘ તરફથી એમનું સ્વાગત કરવામાં આવ્યું. શ્રીમતી તારાબેને તે નીચે પ્રમાણે વાંચી સભળાવ્યું હતું:

"મૅડમ મોન્ટીસોરી,

આપને આજ અમારા સંઘ તરફથી આવકાર આપતાં અમારૂં હૈયું હર્ષથી ફૂલાય છે.

આ ધન્ય ક્ષણ માટે અમે વર્ષોથી તલસી રહ્યાં હતાં. આજે આપની મારફત અમે આપના જીવનસ્પર્શી અણમોલ સિદ્ધાન્તોને આવકાર આપીએ છીએ. આપે આપેલ સ્વાતંત્ર્યના સંદેશને સન્માનીએ છીએ. આપે આર્યદૃષ્ટિએ જોએલ અને દર્શાવેલ પૂર્ણ વિકસિત મનુષ્યત્વની કલ્પનાને અમે આવકારીએ છીએ.

આજ દુનિયાભરમાં મનુષ્ય સ્વાતંત્ર્ય માટે લડે છે, લોહીની નદીઓ વહેવડાવે છે, અમાનુષતાની હદે પહોંચી મનુષ્ય બનવાના ફાંફાં મારે છે. આ બધું તે પોતે સ્વતંત્ર બનવા ઇચ્છે છે તે માટે; અને છતાં માનવસ્વાતંત્ર્યના સિદ્ધાન્તમાં તે માનતો નથી. દરેક વ્યક્તિને વિકસવાનો હક છે અને તે તેને મળવો જ જોઇએ એ તત્ત્વ કોઇ જ સ્વીકારતું નથી.

આવી પરિસ્થિતિમાં જે જાતનું નૈતિક અને સામાજીક વલણ બાલ દુનિયાને અને તેની મારફત માનવ જનતાને આપ આપવા ઇચ્છો છો તેને અમે અંતઃકરણપૂર્વક વધાવીએ છીએ.

પ્રજાના સ્વાતંત્ર્યનો પ્રશ્ન માનવજાતિને અનેકવાર ઉકેલવો પડયો છે પરંતુ બાલકોના સ્વાતંત્ર્યનો પ્રશ્ન હોઇ શકે એ વાત આપે જ પહેલવહેલાં દુનિયાને બતાવી. આપણે મોટાંઓ અનેક રીતે આપણા પ્રેમથી, આપણા ક્રોધથી, આપણી સામાજીક મોટાઇથી, આપણી લહેરથી, અનેકાનેક રીતે આપણી છાયા નીચે ઉછરતાં બાળકને કચડીએ છીએ, તેનો વિકાસ રૂંધીએ છીએ, તેને અપમાનિત કરીએ છીએ; એમ કરી સ્વાતંત્ર્યદેવીના ઉપાસકો હોવા છતાં માનવજાતિના સ્વાતંત્રને મૂળમાં જ સુકવી નાખીએ છીએ એ વાત માતા, આપે મનુષ્યને સમજાવી. માતા, આપનો આદેશ અને આપનામાંથી ઝરતો પ્રકાશ માનવજાતિ ઝીલે એમ અમે ઇચ્છીએ છીએ. આપના એ નિમિત્તના બધા કાર્યમાં અમે હંમેશ આપની સાથે રહીશું; અમારી કાર્ય દિશા એજ રહેશે.

આજ દિવસ સુધી આપનો માનવતાને આપવાનો સંદેશો ફેલાવવાનું જ કામ યથાશક્તિ મતિ અમારા સંઘે કરવા પ્રયત્ન કર્યો છે. માસિક પત્રિકા દ્વારા, વ્યાખ્યાનો દ્વારા, સંમેલનો અને મિલનો દ્વારા, અધ્યાપનમંદિર દ્વારા એક નહિ પણ અનેક રીતે, અમે સૌએ આ જ કામ કરવાનો યત્ન કર્યો છે.

આ રીતે અમારો હાર્દિક આવકાર તો આપને કેટલાંય વર્ષ પહેલાં મળી ગયો છે. આપ પહેલાં આપનું નામ અને કામ ગુજરાતને ઘેર ઘેર પહોંચી ગયું છે. અમે તેને આવકાર્યું છે, અપનાવ્યું છે, પોતાનું કરી બેઠાં છીએ.

તેથી આજે અમે આપને અને આપના દીકરા સમા-માનેલા મિ. મોન્ટીસોરીને પોતાનાં ગણીને સ્વાગત આપીએ છીએ.

અમારાં સંઘનો સ્થાપનાર, તેને આગળ ધપાવનાર, તેના બોલ ઘેર ઘેર પહોંચાડનાર આત્મા તો આજે આપણી વચ્ચે સ્થૂલ રૂપમાં નથી છતાં અમારા બધામાં, અમારા બધાના કાર્યમાં, અમારી લાગણીમાં, અમારી હોંશમાં આપ તેમને જ જુઓ છો.

મહાન આત્મા જ મહાન આત્માને ઓળખે છે. મહાન ફિલ્સુફ જ મહાન ફિલ્સુફીને પારખી શકે છે. મહાન કેળવણીકાર જ કેળવણીના મહાન સિદ્ધાન્તોનું મહત્ત્વ જાણી શકે છે. અહિં પણ એમજ બન્યું.

એક મહાન આત્માએ આપના બાળકેળવણીના સિદ્ધાન્તોની મહત્તા પારખી, આપના સિદ્ધાન્તોનું જીવન વ્યાપિત્વ ઓળખ્યું. આપના સિદ્ધાન્તોનુ ઉંડાણ જાણ્યું. તેઓ તેના પર આફ્રિન બન્યા. એક આ જ કાર્ય પાછળ તેમણે પોતાનું જીવન સમાપ્ત કર્યું. તેનું ફળ, મૅડમ, આપ આજે જુઓ છો!

આજ ગુજરાતની સ્ત્રીઓ આપને આવકારે છે કારણ આજ આપનું નામ ઠેઠ રસોડા સુધી પહોંચ્યું છે.

આજ ગુજરાતનાં બાળકો આપની પાસે હર્ષ ઘેલાં થઈ નાચતાં કૂદતાં આવે છે. કારણ આજે તેઓ આપે બક્ષેલી સ્વાતંત્ર્યની હવા અમુક અંશે લે છે.

આજે ગુજરાતના જુવાનોનાં ટોળાં આપના શિષ્યો બનવા આવે છે કારણ બાળકની સેવામાં જીવન કુરબાન કરી શકાય એવો તેમને જીવંત પાઠ મળ્યો છે. આવી અમારી ટૂંકી ઓળખાણ છે.

આપણી આ પ્રથમ મુલાકાતનું નિમિત્ત અમારો સંઘ બની શક્યો છે એ અમારું ધનભાગ્ય ગણીએ છીએ.

હવે પછી આપ અમારી આ કાર્યભૂમિને પોતાની ગણી, અનેકાનેક વખત અહીં પધારશો અને આપના અણમોલ વિચારોનું દૂધ પાઇ અહીંના કાર્યકર્તાઓને શક્તિ અને સ્ફૂર્તિ આપતાં રહેશો એવી આપને અમારી વિનંતિ છે.

આપ અમારા દેશને આપની કાર્યભૂમિ કરવા ધારો છો એમ સાંભળતાં અમે હરખાઇએ છીએ.

અમારી સાથે અમારાં થઇને રહેતાં આપને અમારા સર્વ પ્રશ્નોને અને મુશ્કેલીઓને પોતાની કરવી પડશે. આપનો સંદેશ ઝીલવાની માનસિક અને હાર્દિક તૈયારીવાળો અમારો દેશ આપને લાગ્યો હોય તો તેનું કારણ અમે સ્વાતંત્ર્યાભિમુખ છીએ.

અમને અમારા સ્વાતંત્ર્યયુદ્ધમાં દોરનાર સેનાપતિ, દુનિયાને અહિંસાનો પૈગામ આપનાર મહામુનિ છે. તેથી જ આપની સ્વાતંત્ર્ય અને વ્યક્તિવિકાસની ફિલસુફી અને અમારી રાજકીય આકાંક્ષા અને તેની સિદ્ધિ માટે રચાયેલી રાજનીતિની ફિલસુફી વચ્ચે કોઇ જાતનો વિરોધ નથી.

આમ આજે અમે સ્વાતંત્ર્ય અને અસ્ખલિત વિકાસ માટે તલસી રહેલી પ્રજા છીએ.

આપ અમારી વચ્ચે રહી માનવ જાતની સેવા કરો તેમાં અમે આપનાથી વિભૂષિત છીએ એમ માનીએ છીએ. આપના પૈગામને અનુકૂળ એવી માનસિક હવા અમે આપી શકીશું તો આપને લીધે અમે પણ દુનિયાનું કાર્ય કર્યાનું શ્રેય મેળવીશું.

આપ જેવા ફિલ્સુફ કેળવણીકારના હિંદવાસથી હિંદનું અને દુનિયાનું કલ્યાણ થાઓ.

દુનિયાનાં બાળકોના આપને મંગલ આશીર્વાદ છે!!

અમદાવાદ તા. ૬-૩-૪૦.

આટલો કાર્યક્રમ થયા પછી સંઘ તરફથી જ સ્વાગતપત્ર-માનપત્ર જેવું એમને આપવામાં આવ્યું અને ત્યારબાદ અમદાવાદનાં બાલમંદિરના સંચાલકો અને શિક્ષકો તરફથી એક માનપત્ર તેમને આપવામાં આવ્યું. એ બન્ને માનપત્રોની નકલ આ નીચે આપી છે.

॥ विद्यया तपसा चिन्तया चोपलभ्यते ब्रह्म॥

ડૉ. મેરીઆ મોન્ટીસોરી.

એમ. ડી. (રોમ); ડૉ. ઓફ લીટરેચર (ડર્હામ)

તપ અને વાત્સલ્યની પ્રેમમૂર્તિ માતા,

આપની સાથેના મિલનનો આ શુભ અવસર સકલ ગુજરાતને માટે જેટલો અપૂર્વ છે, તેટલો જ ધન્ય છે. અનેક વર્ષોની આતુરતાથી, આજે ભક્તિ વિનમ્રહૃદયે આપનાં દર્શન કરી અમે કૃતાર્થ થઇએ છીએ. પોતાનાં સન્તાનોની શિક્ષક બની, તેમને "મારાં મનોહર રત્નો" કહી, સંબોધનાર કુલીન કોર્નીલિયા, અને "બાળકોને કેળવવા કરતા પ્રજાની આપણાથી કયી વધારે સેવા બની શકે એમ છે?" એવું સત્ય ઉચ્ચારનાર સિસેરોની માતૃભૂમિની સંસ્કૃતિના માત્ર પ્રતિનિધિ તરીકે જ નહીં, પણ સમસ્ત બાલ-જગતની અનુપમ માતા તરીકે, અમે આપનો સહર્ષ સત્કાર કરીએ છીએ.

બાલકેળવણીના ક્ષેત્રમાં આપે આણેલું પરિવર્તન કેટલું મૂલગત, સર્વાંગી અને અનન્ય છે, એની કલ્પના કરતાં જ તેમાં રહેલી આપની આર્ષદૃષ્ટિની ભવ્યતાનો ખ્યાલ આવે છે. મહાકવિ વાલ્મિકીનું અમરકાવ્ય જેમ તેમની અપાર કરુણાથી, અને ભગવાન બુદ્ધનો ત્યાગ

તેમના માનવ પ્રત્યેની અનુકમ્પાથી પ્રેરાયાં, તે જ રીતે, બાલજીવન પ્રત્યેની આપની અસાધારણ સહૃદયતા અને વાત્સલ્યથી, આપનાં ભાવના અને જીવનકાર્ય પ્રેરાયાં છે, એમ જ્યારે સમજીએ છીએ, ત્યારે જ, અમે આપની હૃદય–લક્ષ્મીનાં દર્શન કરી શકીએ છીએ. માત્ર સ્થૂલ શરીરના રોગોની ચિકિત્સાથી આપના વત્સલ હૃદયને સંતોષ ન થતાં બાલકોના સુપ્ત આત્માને જાગ્રત કરવાના પ્રયત્નોમાં આપે કૃતાર્થતા માની, એ સમગ્ર માનવજાતનું કેવું અહોભાગ્ય !

મોહ અને મમત્વને અમે વાત્સલ્ય માનતાં હતાં, તેને સ્થાને આપે ‘ જ્ઞાન અને યોગની વ્યવસ્થિતિ” આણી છે. બાલકોને સુશિક્ષિત કરતાં કરતાં આપ તેમનાં માતાપિતામાં પણ સંસ્કારનાં બીજ વાવો છો, એવી આપની સંજીવની છે. માતાપિતા અને શિક્ષકોનાં જડ અને કૃત્રિમ બંધનોના પિંજરમાંથી ચંચલ બાલપક્ષિનાં ઉલ્લાસ અને શક્તિને નિર્મુકત કરી, સાચી સ્વ-અધીનતા કેવી હોય, એ આપે દર્શાવ્યું; અને સ્વ-કેળવણી થી સ્વ-અધીનતા, અને સ્વ-અધીનતા થી સ્વ-કેળવણી સાધવાનો જે ક્રમિક અને સર્વગ્રાહી યોગ આપે પ્રયોગસિદ્ધ કરી બતાવ્યો છે, તેની અપૂર્વતાનો વિચાર કરતાં; આપના વ્યકિતત્વમાં અંતર્ગત રહેલી વત્સલ માતા, આદર્શ શિક્ષક અને જિજ્ઞાસુ વિજ્ઞાનશાસ્ત્રીની ત્રિપુટી દ્વારા વ્યંજિત થતી, આપની અધ્યાત્મ દૃષ્ટિનું દર્શન થાય છે. આપનાં આદર્શોને મૂર્તરૂપ આપવા આપ જે દીર્ઘ તપ અને ગંભીર ચિંતન કરી રહ્યાં છો, તેથી જગત આપનું ઋણી છે.

આપના સંકલ્પો અમે ગુજરાતમાં કેટલે અંશે સમજ્યાં છીએ અને કાર્યમાં ઉતારી શકયાં છીએ તે અમારે માટે કહેવું મુશ્કેલ છે, પરંતુ અમે નમ્રતાપૂર્વક જણાવીએ છીએ, કે ઘણાં વર્ષોથી ગુજરાતમાં આ દિશામાં ઉમંગભેર યથામતિ પ્રયાસો થઇ રહ્યા છે.

આપની ભાવનાઓનો પ્રથમ આદર કરનાર કેટલીક વિરલ વ્યકિતઓમાં શ્રી. છોટુભાઇ પુરાણી અને સ્વ. ગિજુભાઇનાં નામો સહેજે સ્મરણમાં આવે છે. આજે આપની સાથેના મિલનના આ શુભ પ્રસંગે સ્વ. ગિજુભાઈ મૂર્તરૂપે તો ઉપસ્થિત નથી, એ પરમ ખેદની બિના છે. આજે ગુજરાતનાં બાલમંદિરોમાં અને અમારાં કુટુંબોમાં બાલકો જે કંઇ કલ્લોલ કરી રહ્યાં છે, તે આપના આદર્શોથી પ્રેરાઈ સ્વ. ગિજુભાઇએ જે પ્રેમ અને એકનિષ્ઠાથી વ્યવસ્થિત પ્રયાસો કર્યા છે, તેને જ આભારી છે. તેમનો કાર્યસંદેશ ધારણ કરીને જ ગુજરાત તેમના પ્રત્યેનું પોતાનું ઋણ અદા કરી શકે છે.

જે ક્ષણે જગતમાં એક બાજુ ધર્ષણ અને ઘોર હત્યાકાણ્ડ અવિરત ચાલી રહ્યાં છે, અને પાશવ સત્તાના પંજા નીચે કચડાતી માનવતા સર્વત્ર મૂક આર્તનાદ કરી રહી છે, તેજ ક્ષણે સ્વ-અધીનતા અને જીવનના સર્જનાત્મક આનંદના પ્રતીકરૂપ જે આપ, એમનું અમે આવાહન કરી રહ્યાં છીએ. આમાં પણ વિધાતાનું કોઇ નિર્માણ રહેલું હશે. એક બાજુ સંહાર અને બીજી બાજુ સર્જન એવી કંઇક ઇશ્વરની સંકલના છે. આ ભારતવર્ષમાં સર્વ પ્રાચીન દ્રષ્ટાઓના, તેમજ તે સર્વના અર્વાચીન અનુજ, પુણ્યશ્લોક મહાત્માજીના તપના પ્રભાવથી, આપની ભાવનામાં રહેલું સ્વ-અધીનતા નું પરમ મંગલ તત્ત્વ અમને આદર-પાત્ર થઇ પડયું છે. નિર્ભયતાથી અને પરિણામની ગણના કર્યા વિના, સર્વ પ્રકારની દેખીતી અશકય લાગતી પણ નિષ્કામ સાધનાઓ કરવા માટે અમારી ભૂમિ પરાપૂર્વથી સુપ્રસિદ્ધ છે. પ્રાતઃસ્મરણીય મહાત્માજીની આકાંક્ષાઓ દ્વારા વર્તમાન ભારતનો વ્યાકુલ પ્રાણ નવસર્જન માટેનો તલસાટ વ્યકત કરી રહ્યો છે, તે સમયે, આપનું આ દેશમાં આગમન અમને પરમ

કલ્યાણસૂચક લાગે છે. સર્વ પ્રકારની સંકીર્ણતા, સ્પર્ધા અને ઈર્ષારહિત જીવનના આપ જેવાં પૂજકના, અને સત્ય અહિંસા અને સર્વોદયના તે તપસ્વીના, વત્સલ અંકમાં, ભયત્રસ્ત અને સંક્ષુબ્ધ માનવજાતને શાન્તિ અને વિરામ મળશે, એવી અમારી શ્રદ્ધા છે.

માનવપ્રેમમાં કેવી નિગૂઢ અને અદ્‌ભુત શકિત વસેલી છે, તેનું જે દર્શન, ગાંધીજીની સીત્તેરમી જન્મતિથિના ઉત્સવ પ્રસંગે, આપે કરાવ્યું છે, તે સર્વથા યોગ્ય છે.

"મનુષ્યો વચ્ચે સાચી એકતા સાધનાર પ્રેમ એક જ મહાશકિત છે."

તા. ૬, માર્ચ, ૧૯૪૦, અમદાવાદ.
વિ. સં. ૧૯૯૬, મહા વદિ ૧૩, બુધવાર

સરલાદેવી સારાભાઈ, પ્રમુખ.
નૂતન બાલશિક્ષણસંઘ, ગુજરાત.

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते।

મેડમ ડૉ. મૉન્ટીસોરી.

ડૉ. ઑફ મૅડીસીન (રોમ), ડૉ. ઑફ લિટરેચર (ડરહામ).

પૂજનીય મૅડમ ડૉ. મૉન્ટીસોરી,

કળા અને શિલ્પકામ, કારીગરી અને વણાટ માટે સૈકાઓથી પ્રસિદ્ધ ગુજરાતના પાટનગર અમદાવાદે જેમ રસશ્રી ને બાહ્યશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી છે, તેમ જીવન અને ધર્મની આન્તરશ્રીને પણ ઉવેખી નથી. સત્ય અને અહિંસા દ્વારા વિશ્વશાન્તિના સ્વપ્નદ્રષ્ટા, ભારતની મહાન વિભૂતિ, મહાત્મા ગાંધીજીની તપશ્ચર્યાના-ફલરૂપ ગુજરાત વિદ્યાપીઠ અમારે આંગણે પાંગરી છે. એવા આ રાજનગરમાં શ્રી નૂતન બાલશિક્ષણ સંઘ દ્વારા આપને સત્કારવાની અમૂલ્ય તક મળવાથી અમે ધન્ય થયાં છીએ.

પ્રત્યેક વ્યકિતના જીવનની કૃતાર્થતા સમષ્ટિના વિશ્વસંગીતમાં પોતાનો સંવાદી સૂર પૂરવામાં રહી છે એ આધુનિક અને પ્રાચીન ભારતવર્ષની ભાવના અપાવનાર આપને સત્કારતાં અમારું હૃદય આજે આનન્દોત્સાહથી છલકાઇ જાય છે. આપને અમારાં વંદન હો.

વર્ગ કે વર્ણ, કોમ કે ધર્મની દિવાલો તોડીને જગતભરનાં બાળકોનાં વિશ્વમાતા બનીને આપે જનતાસમસ્તને અને વિશેષે કરીને જનેતાઓને નૂતન દૃષ્ટિ અર્પી છે.

બાળકનું સ્વતંત્ર વ્યકિતત્વ હોઇને સમાજનું મધ્યબિંદુ બાળક છે એ ઉચ્ચ ભાવનાનું સચોટ રીતે પ્રતિપાદન કરીને આપે માબાપો તેમજ કેળવણીકારોને બાળકની નૈસર્ગિક શકિતઓ પાંગરવા માટે સંપૂર્ણ અવકાશ આપવાનો અને તેના સાચા સહૃદય મિત્ર થવાનો દિવ્ય આદેશ આપ્યો છે.

સામાજિક નિયમનની મર્યાદાઓ સાચવે અને છતાંય પોતાની સ્વયંસ્ફુરિત પ્રવૃત્તિઓને બાળક સાચી દિશામાં પૂરતો વેગ આપી શકે એવા શુભ હેતુથી આપે આપના સર્વ પુરોગામીઓ કરતાં સવિશેષ શ્રમ લઇને સાધનસામગ્રી ને સાહિત્ય યોજી બાળદુનિયા પર મહાન ઉપકાર કર્યો છે.

આપના આદર્શો અને સાધનોને સમભાવપૂર્વક સમજી લઇને બાળકોની માતાનું બિરૂદ પામેલા સ્વ. શ્રી. ગિજુભાઇ બધેકાએ અવિશ્રાંત પરિશ્રમપૂર્વક સારાય ગુજરાતમાં ને મહાગુજરાતમાં આપની ભાવનાના પ્રચાર અર્થે જીવનભર એવું પ્રચંડ ને એકનિષ્ઠ આંદોલન જગાવ્યું કે જેને પરિણામે જ અમે સૌ આપની પાસેથી પ્રત્યક્ષ પ્રેરણા પામવા ભાગ્યશાળી થયાં છીએ. આ ધન્ય માંગલિક પ્રસંગે, પોળે પોળે ને ગામેગામ બાલમંદિરની સંસ્થા સ્થાપવાનાં સ્વપ્નાંને મૂર્તિમંત કરતાં

પોતાના સર્વસ્વનું બલિદાન આપનાર બાળહિતના એ અન્નેઽ વકીલ, શ્રી ગિજુભાઇ સ્થૂળ દેહે આપની વચમાં હોત તો આપણને ખૂબ જ આનંદ થાત !

આપના સિદ્ધાંતોનું પરિશીલન કરીને તેને પ્રયોગમાં ઉતારવા અમે યથાશક્તિ વર્ષોથી મથી રહ્યાં છીએ, પણ ત્રૂટિઓ રહી જાય છે. અમારા ભારતવર્ષના એક ખૂણે અંધારમાં જ્ઞાનસત્ર ખોલીને એ જ્ઞાનગંગામાં અવગાહન કરવાની જે અનેરી તક આપે અમને આપી છે તે ઋણ કયા શબ્દોમાં સ્વીકારીએ ? આ વાણીનો વિષય નથી.

રે શું કહીએ ?

અમને, અમદાવાદનાં બાલમંદિરોના સંચાલક મંડળ અને શિક્ષકમંડળને, આપ આશીર્વાદ આપો કે જેથી દેવ જેવાં નિર્દોષ બાળકોની સેવા કરવાની તમન્ના અમારામાં સદાય જાગ્રત રહે ને એ માટે અમારામાં જરૂરી શક્તિસંચાર થવા પામે.

બાળસેવા દ્વારા વિશ્વશાંતિ સ્થાપવાના આપના કોડ પૂરા કરવા પરમાત્મા આપને બળ અને સ્વસ્થ દીર્ઘાયુષ આપો એવી પ્રાર્થના સાથે સપ્રણામ વિરમનાર

તા. ૬–૩–૪૦. **સંચાલકો ને શિક્ષકો**
બાલમંદિર, અમદાવાદ.

આટલી વિધિ પછી અમદાવાદના ૨૬ બાલમંદિરો તરફથી મૅડમને હારતોરા પહેરાવવામાં આવ્યા અને છેવટે ડૉ. મોન્ટીસોરી આ પ્રસંગે ભરાયેલ બાલપ્રવૃત્તિ પ્રદર્શનને ખુલ્લું મૂકાયલું જાહેર કરી બોલ્યાં:

"તમારી હિન્દીઓની લાક્ષણિક રીતે જે મારો તમે સત્કાર કર્યો છે એ માટે હું તમારો આભાર માનું છું. એથી વિશેષ જ્યારે આજે ગુજરાતમાં હું તમારી સમક્ષ આવી છું ત્યારે તે મહાન નરં તરફ મારી કૃતજ્ઞતા દાખવું છું કે જેણે તમને બાળકોને ચાહતાં કર્યાં અને એમનું મહત્ત્વ સમજાવ્યું. સ્વ. ગિજુભાઇના કામે મને બતાવ્યું છે કે નવા બાળકેળવણીના વિચારો માત્ર પુસ્તકોમાં નથી રહ્યા પણ ચારે તરફ ખૂબ ફેલાવો પામ્યા છે.

જે રીતે વાતાવરણમાંથી જુદાં જુદાં મોજાંઓને એકત્ર કરવા માટે વાયરલેસ સેટની જરૂર છે તે જ રીતે નવા વિચારોને એકઠા કરી પ્રવાહમાં મૂકવા માટેનું પણ જરૂરી છે. એ માટે કોઇ જોરદાર દિલની જરૂર છે કે જે આ પ્રવાહને ગતિમાન કરે.

મનુષ્ય આત્માને સોંપાએલું આ એક મહાન કામ છે. મહાન આત્મા મનુષ્યજાતિની જરૂરીઆતો જુએ છે અને તેનો વિચાર કરે છે.

અહીં હિન્દમાં આનો જીવન્ત દાખલો મહાત્મા ગાંધીમાં દેખાય છે. તેઓ આખી હિંદી આલમની મહત્ત્વાકાંક્ષાઓને રજુ કરે છે. હિંદનું વાતાવરણ આજે ઉન્નત આકાંક્ષાઓથી ભરાએલું છે અને તે બધું જ આજે આ મહાન વ્યક્તિ દ્વારા પ્રદર્શિત થાય છે.

સાથેસાથેજ નવી સામાજીક ક્રાન્તિને આરે આવી ઉભેલ નવી જબરજસ્ત માનવતાનો પણ મને વિચાર આવે છે. આ માનવતા પોતાની જરૂરીઆતો પૂરી થાય તેની રાહ જુએ છે. એક મોટી જોરદાર લાગણી, એક ઉંડું બાલશક્તિ સામર્થ્ય આજે દર્શન દઈ રહ્યું છે: આ શક્તિભંડારમાંથી મનુષ્યની મહત્તાઓ પૂર્ણરીતે વિકસી શકશે. એવા એ બાલજગતને હું મારી અંજલિ અર્પું છું. તેમાંથી મારી અને તમારી આશાઓ ફળીભૂત થશે અને એમાંથી જ નવી અને સુંદર માનવતાનો ઉદય થશે."

આ રીતે સવારનો કાર્યક્રમ પૂરો થયો. ત્યાર

બાદ તેઓ આ નિમિત્તે બાજુમાં જ ભરાએલ બાલપ્રવૃત્તિ પ્રદર્શન જોવાં પધારેલાં.

અમદાવાદ શહેરની બાલશાળાઓના કાર્યનુ એ સારૂં એવું, થોડા સમયમાં તૈયાર થએલું પ્રદર્શન હતું. દરેક શાળાઓએ જુદી જુદી પોતાની પ્રવૃત્તિ દેખાડી ન હતી પરંતુ સૌએ એકત્ર મળી વિવિધ પ્રવૃત્તિઓનાં પરિણામો ગોઠવી બતાવ્યાં હતાં. તેમાં આજ સુધીમાં બાલમંદિરોમાં જે કાર્ય થયું છે તેનું દિગ્દર્શન કરાવવાની દૃષ્ટિ હતી. જે શ્રમ અને ઉત્સાહથી અમદાવાદનાં ભાઈ-બહેનોએ એ કાર્યક્રમ પાર પાડયો એમને ધન્યવાદ જ ઘટે છે.

તે જ સાંજે ટાઉનહોલને બદલે વિદ્યાવિહાર-ચીમનલાલ નગીનદાસ બોર્ડિંગમાં પહેલું જાહેર ભાષણ ડૉ. મોન્ટીસોરીએ કર્યું. શ્રીમતી ઇન્દુમતિ બહેને તેમની લાક્ષણિક રીતે શ્રી. સ્નેહરશ્મિ સાથે મળી સુંદર વ્યવસ્થા કરી હતી. પહેલાં ભાષણમાં આજની કેળવણીની સ્થિતિનું દર્શન મેડમ મોન્ટીસોરીએ કરાવ્યું. બીજે દિવસે સવારમાં એના જ અનુસંધાનમાં, માણસનો પહેલો યુગ જેમાં માત્ર બાહ્ય જગતના વિજયો મેળવવા માણસ જાત હથિયાર બનતી તે મટી હવે તેની–દરેક વ્યક્તિની કિંમત સમજવી જોઇએ એ વાત કહી હતી.

તેજ સાંજે એટલે બીજા દિવસ તા. ૭ ની સાંજે શેઠ અંબાલાલ સારાભાઇને બંગલે બાલ-વિહાર ગોઠવાયો હતો. સ્થાનિક બાલમંદિરોનાં બાળકોનુ ડૉ મોન્ટીસોરી સાથે મિલન એ રીતે ત્યાં ગોઠવાયું હતું. લગભગ ૨૬ બાલમંદિરોમાંથી ૧૧૦૦ બાળકો ત્યાં આવ્યાં હતાં. દરેક બાલમંદિરને પોતાની જગ્યા આપવામાં આવી હતી. દરેક શાળા તરફથી જુદી જુદી રમતગમતો અને નાટય પ્રયોગો થયા હતા. સાચે જ આ જાતનું બાળકોનું આવું સમૂહસંમેલન એ નવી ભાત પાડતું હતું. નાનાં બાળકોને ત્રાસ ન થાય અને તેઓ પૂરા ઉત્સાહથી અને મનથી એવી પ્રવૃત્તિમાં રસ લે તેવા પ્રયાસો કાર્યકરોએ યોજયા જ હતા. આવાં સમૂહસમેલનોની યોજનાઓમાં કંઇ અનિષ્ટ તત્ત્વ ન આવે તો નવી બાળદુનિયાની શક્તિને એકત્રિત કરી સંગઠિત કરવામાં જરૂર નવી ચેતના જ મળવાની છે. રમતગમત અને નાટયપ્રયોગો પછી દરેક ટોળીને પોતપોતાની નિયત જગ્યાએ નાસ્તા માટે જવાનુ હતું. તે વ્યવસ્થિત ગોઠવાયા પછી ડૉ મોન્ટીસોરી દરેક શાળાનાં બાળકો વચ્ચે ગયાં હતાં સૌ એમનો સત્કાર કરતાં હતાં અને તેઓ તે હાથ જોડીને ઝીલતાં હતાં. કોઇએ એમને એક ચુંદડી ભેટ ધરી ઓઢાડી. કોઇએ કહ્યું: "મૅડમ આ લગ્નની ચુંદડી ઓઢી હોય તેવું લાગે છે." જવાબમાં તેઓએ પ્રસન્નતાપૂર્વક કહ્યું: "આજે હું હિંદુસ્તાનને વરું છું."

આ પછી બાલમંદિરોના સંચાલકો સાથે મળી નાસ્તો લઇ સૌ વીખેરાયાં હતાં.

નાનાં બાળકોના કાર્યક્રમની નાનીનાની વાતો ધ્યાનમાં રાખી, ફ્રુ-તેહપૂર્ણ બનાવવાની શક્તિ અને યોજના માટે શ્રીમતી સરલાબેનનાં દીકરી શ્રીમતી લીનાબેન અને તેમની સમિતિને ધન્યવાદ જ આપવો જોઇએ.

શ્રીમતી સરલાબેને પોતાની પ્રમુખ તરીકેની હૈસીયતથી અને એથી પર હોવા છતાં શેઠ અંબાલાલભાઇએ આવા બાળસમૂહ સમેલનને માટે પોતાનો આખો શાહીબાગ ખુલ્લો મૂકયો એના જેવું બીજું કયું સુભાગ્ય હોય? આપણા દેશના અહોભાગ્ય જ ગણાવાં જોઇએ કે શ્રીમંતો આ રીતે સમાજના ટ્રસ્ટીઓ હોવા જોઇએ એવી વિચાર-પ્રણાલિકા સાચી પડતી દેખાય છે.

ત્રીજે દિવસે સવારે પ્રેમાભાઇ હોલમાં પ્રશ્નોત્તરી હતી. મેડમ પોતે વધુ થાકને, લીધે

હાજર રહી શકયાં ન હતાં એટલે એમના ભત્રીજા મિ. મોન્ટીસોરીએ પ્રશ્નોના જવાબો આપ્યા હતા.

લાંબે ગાળે આ પદ્ધતિ અને સાધનો બચાળા નથી જ, દરેક વર્ગમાં અને કોમમાં એ સર્વમાન્ય છે અને હોઇ શકે, બાળકોને સમધારણ કરો અને પછી આ પદ્ધતિના સાધનો પર તેમને લો તો બધા પ્રશ્નોનો આપમેળે ઉકેલ આવશે એવા ભાવના જવાબો પૂછાયલા સવાલોના અપાયા.

બીજે દિવસે તેમણે ગુજરાત વિદ્યાપીઠની મુલાકાત લીધેલી અને ત્યાં પોતાનો સંતોષ પ્રદર્શિત કરેલ. આજે ત્રીજે દિવસે સત્યાગ્રહ આશ્રમ સાબરમતીમાં હરિજન બાલમંદિર ખુલ્લું મૂકવા તેઓ ગએલાં. મહાત્માજીના જીવન અને પ્રેમના આદર્શથી તેઓ તેમના પર સાચે જ આકર્ષિત બનેલ છે. એમના જીવન અને કાર્યને સમજવાનો તેઓ પૂરો પ્રયાસ કરે છે.

મહાત્માજી બાળકોના પ્રેમી છે, સ્ત્રીઓના ઉદ્ધારક છે અને હિંદની તમામ જાતિઓ અને બીજી બધી પ્રજાઓને એક કરવાના તેઓ પ્રયાસ કરે છે એમ તેમને લાગ્યું છે.

આ પછીનો છેલ્લો જાહેર કાર્યક્રમ તે સ્ત્રીઓની સભા હતી. કૃષ્ણ સીનેમા અમદાવાદની સ્ત્રીઓથી ચિકાર ભરાઇ ગયો હતો. કેટલીય બહેનોને બહાર રહેવું પડયું હતું.

'પરદેશીઓને કહેવામાં આવે છે કે હિંદની સ્ત્રીઓ ઘરની બહાર નીકળતી નથી પરંતુ એ વાત જૂઠી છે એ હું આજે જોઇ શકું છું.” એવા ભાવનું તેઓ બોલ્યાં.

“સ્ત્રી પહેલાં પુરૂષની પત્નીનો જ ભાગ ભજવતી. આજે તે ઘરની બહાર આવી છે. બાળકો પણ બહાર આવ્યાં છે. સ્ત્રી આજે માતા તરીકે બહાર આવી છે. સ્ત્રીનો વિચાર બાળકની સાથે જ થાય છે. એ બધા પ્રશ્નોના નિકાલમાં સ્ત્રીએ પુરૂષાર્થ કરવો જોઇશે–સમાજે તેને મદદ કરવી પડશે. અને તેમાં બાળકોના પ્રશ્નો બાલશાળાઓ કાઢી હાથ ધરવા જોઇશે.” એવા ભાવનું પણ તેઓ બોલ્યાં.

અને પછી એજ સાંજે અમદાવાદમાં એમનો કાર્યક્રમ પૂરો થયો. વધુ શ્રમ પડશે એવી બ્હીકે આ વખતે તેઓ ભાવનગર ન જઇ શકયાં. હવે તો તેઓ હિંદને પોતાનું હમેશનું સ્થાન કરવાનાં છે એટલે ફરી એ સફર કરશે એમ તેઓ જણાવે છે.

નૂતન બાલશિક્ષણ સંઘ તરફથી આ રીતે યોજનએલ એમનો ગુજરાતનો પ્રવાસ પૂરો થયો. ગુજરાત પોતાના કામથી અને સ્વ. ગિજુભાઇની પ્રેરણાથી મગરૂબ છે. ડો. મોન્ટીસોરીમાંથી મેળવેલી આ વખતની પ્રેરણાને પરિણામે ગુજરાત સાચી શકિત અને બળ પ્રાપ્ત કરી નવી રચના કરે તો આ પ્રસંગ ગુજરાતના બાળકેળવણીના ઇતિહાસમાં દીપી ઉઠશે.

ચં.

અગત્યની સૂચના

આ માસિક દરેક મહિનાની વીશમી તારીખે ગ્રાહકોને રવાના કરવામાં આવે છે. ત્યાર પછીના પહેલા અઠવાડિયામાં જો અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહક નંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે.

સરનામાનો ફેરફાર તુરત જણાવવો.

પત્રવ્યવહાર લખતે ગ્રાહકનંબર અવશ્ય લખવો.

લવાજમના દર

દેશમાં	પરદેશમાં	બ્રહ્મદેશમાં
રૂ. ૧–૦–૦	શિ. ૨	રૂ. ૧–૪–૦

વ્યવસ્થાપક, **શિક્ષણપત્રિકા**

ઉમાસદન, હિન્દુ કોલોની, ૪ થી ગલી
દાદર, મુંબઇ ૧૪

સ્વ. ગિજુભાઈના પત્રો

શ્રી બેન તારાબેન,

હવે આપણે વિચારીએ કે બાળક મારકણું કેમ બને છે. આગળ કહી ગયો કે મારકણાપણાના રોગની ઉત્પત્તિ ઘર છે. હવે ઘરમાં તપાસ કરીએ કે એ કયાં કયાં ભરાઇ રહે છે. એટલે કે કયાં કયાંથી ઉતરી આવે છે.

મારકણાપણું ઉપલક રીતે જોઇએ તો વાતાવરણમાંથી આવે છે. એક બાળક બીજાને મારતાં જુએ, માબાપ કે ઘરનાં કોઈ બીજાને મારતાં જુએ તેમાંથી બાળકને મારવાની વાત સમજાય છે અને મારકણાપણાનો માર્ગ ઉઘડે છે. જો બાળકમાં મારકણાપણાનાં તત્ત્વો હોય તો બાળકને કોઇના ઉપર માર પડવાની ક્રિયામાંથી મારવાની રીતી જડશે ઉપરાંત સુપ્ત વસ્તુ જાગ્રત પણ થશે અને ત્યાંથી તેનું મારકણાપણું શરુ થશે.

બીજું માબાપો જો બાળકોને મારશે તો અને જ્યારે જ્યારે તે મારે છે ત્યારે ત્યારે તે બાળકોમાં કાં તો જે મારકણાપણું ઉંડાણમાં પડયું હોય તો તેને ઉત્તેજે છે અગર તો માર વડે મારકણાપણું તેનામાં દાખલ કરે છે. હરેક ઇષ્ટ કે અનિષ્ટ તત્ત્વ મોટાંઓ નાનામાં ભિન્નભિન્ન રીતે દાખલ કરી શકે છે. જેમ દવાઓ શરીરમાં ઇન્જેકટ થઈ શકે છે તેમ વૃત્તિઓ સારીનરસી પણ ઇન્જેકટ થઇ શકે છે. ક્રોધ વડે ક્રોધ, દ્વેષ વડે દ્વેષ, તિરસ્કાર વડે તિરસ્કાર, પ્રેમ વડે પ્રેમ, માર એટલે હિંસા વડે–મારકણાપણું Cruelty દાખલ થઈ શકે છે. માબાપોએ કે કોઇએ પણ બાળકોને મારતાં અટકી જવું જ પડશે. જો મારનો પ્રવાહ બંધ કરવાની ઇચ્છા હશે તો. માર એ હિંસાનું દ્યોતક છે. પ્રેમ અહિંસાનું દ્યોતક છે. હિંસાવૃત્તિ માર અને તેમાંથી ઉત્પન્ન થતા મારકણાપણાની જવાબદાર છે. માબાપો જેટલાં અહિંસક થશે તેટલો માર ઓછો થશે જ. અહિંસક શિક્ષણમાં, અહિંસક માબાપમાં અહિંસક રાષ્ટ્રમાં માર, મારકણાપણું સંભવિત નથી. એક અથવા બીજે સ્વરૂપે જ્યાં જ્યાં હિંસકવૃત્તિ હશે ત્યાં ત્યાં મારનું કોઇને કોઇ રૂપ દેખાશે અને તેમાંથી એક યા બીજા પ્રકારનું મારકણાપણું ઉપજશે. હિંસાવાદીની અનેક પ્રકારની જીવનપદ્ધતિ મારકણાપણાની કારણભૂત છે એ ઝીણી નજરે તપાસ કરવાથી માલુમ પડશે. ઉલટાવીને વિચારીએ તો મારકણાપણાની પાછળ પાછળ જતાં હિંસાનો પ્રવાહ–મૂળ જડી આવ્યા વિના રહેશે નહિ.

મારકણાપણું મારમાંથી એ રીતે આવે છે કે માર એક પ્રકારનું ઝેર છે. તે શરીરમાં પેસે છે એટલે શરીર અને મન બેચેન બને છે તે બેચેની દૂર કરવા માટે માર ખાનાર બાળક મારવા જ નીકળે છે. માર એક પ્રકારની ગતિ છે. એકવાર બાળકમાં દાખલ થઈ એટલે તે બાળકને ગતિમાન કરે છે. આથી ઘરમાં કે શાળામાં માર ખાનારાં બાળકો માર ખાધા પછી બીજાને માર્યા વિના નથી રહેતાં જેઓ કદિ માર ખાતાં જ નથી તેમનું લોહી બગડતું નથી; હિંસાવૃત્તિ તેમને ગરમ કરતી નથી. તેમની પ્રકૃતિ મારવા તરફ જતી નથી. એટલે માર મારવાનું ઘરમૂળથીજ અટકી જવું જોઇએ.

વળી કોઇપણ જાતનું દબાણ પ્રત્યાઘાત ઉપજાવ્યા વિના રહેતું નથી; દબાવેલો દડો ઉછળ્યા વિના રહે નહિ. દબાણમાંથી બાળકમાં દબાવનાર પ્રત્યે તિરસ્કાર થશે. તિરસ્કારને મૂર્ત રૂપ આપવા બાળક મોટાંઓને તો મારી ન શકે એટલે તેમને કોઇને કોઇ રીતે કષ્ટ આપશે અગર મુંઝવશે. હર કોઇને માર મારીને બાળક પોતાની ઉપર થએલ દબાણનો બદલો લેશે જ. બાળક પોતે નજરોનજર

પણ એજ કાયદો ભાળે છે. અનુભવથી પણ તે જાણી શકે છે કે બીજાને મારવાથી તેને એક પ્રકારની રાહત મળે છે. એ રાહત અલબત્ત પરાણે ઉપર લાદેલા બોજાને ફેંકી દીધા જેટલી છે. જો માબાપો બાળકોને દબાવે નહિ તો તેમને પ્રત્યાઘાત કરવાનું રહે નહિ. વળી માબાપો જે અનેક ચિત્રવિચિત્ર રીતે બાળકોની સાથે વર્તે છે, તેમનું અપમાન કરે છે તેમને ઉતારી પાડે છે વગેરે કરે છે તેને લીધે બાળકો તેમના પર ચીડાય છે, બીજાય છે, મનમાં તેમના પર દાંતીઆ કરે છે. આમ છતાં માબાપો મોટાં હોઇને તેઓ તેમને કાંઈ કરી શકતાં નથી એટલે નાનાં બાળકોને જોઇને પીડે છે અને માબાપોની સામેનું વેર ત્યાં વાળે છે. માબાપોને જ્યાં ત્યાં દુઃખ થાય તેવું તેઓ કરે છે. મારકણા થવું એ પણ એક જાતનું માબાપને આપવાનું દુઃખ છે. એક પ્રકારે માબાપે વાપરેલ દબાણનું જોર છે. અને જ્યારે માબાપો મારકણાં બાળકોને શિક્ષા કરે છે ત્યારે તો મારકણાં બાળકોને ખાત્રીજ થાય છે કે માબાપો ઉપર સાચે જ મારકણાં બનીને વેર વાળી શકાય છે. માબાપોએ દબાણ કરવાનું છોડી દઇ બાળકોને મારકણાપણાના ભોગ થતાં અટકાવવાં એ સારો ઉપાય છે.

કેટલાંક માબાપો અને પ્રજાઓ હિંસાવૃત્તિમાં મારામારી–યુદ્ધ–વગેરેમાં માને છે. તેથી તેઓ સહેજે Cruelty ક્રૂરતા આચરવામાં આંચકો ખાતા નથી. શિકાર કરવાનું તેમને મન સહજ છે. પ્રાણીઓને દુઃખ દેવામાં તેમને મજા આવે છે. લડાઇની ક્રૂરતા અને ભયંકરતા વર્ણવતાં તેમને રસ આવે છે. એવાં વાતાવરણમાં રહેતાં બાળકો અને એવા માબાપોનાં બાળકોમાં ક્રૂરતા–મારકાપણું આવી જાય છે. માબાપો ઘણીવાર પોતાનાં બાળકોને મારકણાં જોઇને રાજી થાય છે. તેઓ પોતાનાં બાળકોને માર ખાનારાં નહિ પણ મારકણાં ઇચ્છે છે. આ જાતનુ આસુરી–હિંસક વલણ મારકણાપણાનુ જવાબદાર છે. એના નાશમાં મારકણાપણું નાશ પામી શકે શાળામાં કે ઘરમાં, વાતોમાં, વાર્તામાં, ઐતિહાસિક, શિક્ષણમાં, બાપદાદાની મોટાઇમાં જ્યાં જ્યાં આ જાતનું વાતાવરણ હોય ત્યાં ત્યાંથી હાંકી કાઢવું જોઇએ. હિંસાના–ક્રૂરતાના દેખાવો સરકસ વગેરે કે એવી વૃત્તિ પોષતી ફિલ્મો, ચિત્રો વગેરે બાળકોને બતાવવાં ન જોઇએ. એવાં ચિત્રો અને દૃશ્યોમાં બાળકોને રસ લેવરાવવો ન જોઇએ. બાળકને નિર્ભય બનાવવાને નામે ક્રૂર બનાવવા તરફ ન લઇ જવાય તે જોવું જોઇએ. રમતોમાં પણ હિંસા કરવાનું, તીર મારી મારી નાખવાનુ, બંદુકો અને પિસ્તોલો ચલાવી લડાઇઓ જીતવાનુ ન ઉત્તેજવું જોઇએ. રમકડાંમાં પણ હિંસા કે ક્રૂરતા કે મારકણાંપણાને પોષણ મળે તેવું ન દાખલ કરવું જોઇએ. જો સાચેજ મારકણાંપણાને બદલે સહકાર અને પ્રેમજ પૃથ્વી ઉપર જોઇતો હોય તો આ બધું બહુ ઝીણવટથી કરવું પડશે. વેદીઆ થઇને પણ તે કરવું જોઇશે.

મારકણાના મનમાં ઘણીવાર સામા માણસની કે જનવરની ભીતિ હોય છે. આ ભીતિ આપણે મોટી ઉંમરનાઓએ બાળકમાં દાખલ કરેલી હોય છે. આવી બીકને લીધે આપણે સાપ, વીંછી કે બીજાં જનવરો વગેરેને વિના કારણ મારવા દોડીએ છીએ. કોઇ આપણને મારશે એમ ધારીને મનમાં ઘણા દુશ્મનો કલ્પી તેમને મારીએ છીએ. આવા ભયને લીધે તો પ્રજાઓ એક બીજાને નિરંતર શીંગડા ભરાવવા સુસજ્જ રહે છે અને ભયમાં ને ભયમાં મારકણાપણાને સફળ કરવા માટે કરોડો રૂપિયાનો દારુગોળો રોજને રોજ ખડકયે જાય છે. જેને તેને વિષે ભય બતાવવામાં એક જાતનું માર-

કણાપણું આવે છે. બળવાન, નિર્ભય માર્તા નથી. નિર્બળ, બીકણ મારે છે અને જ્યારે મારવામાં Morbid ગંદી મજા લે છે ત્યારે તે મારકણો બને છે.

મારકણાપણું એ એક જાતનું મનનું રોગિષ્ટપણું Morbidity છે. કેટલાંક માનસ એવાં હોય છે કે જેને બીજાને દુઃખ દેવામાં, બીજા પ્રત્યે ક્રૂરતા આચરવામાં અગર બીજાને કોઇ દુઃખ દે કે બીજા પ્રત્યે કોઈ ક્રૂર થાય તો તે જોવામાં મજા આવે છે. માબાપ અને શિક્ષકોમાંના ઘણામાં આવી વિકૃત પ્રકૃતિ હોય છે. તેમના સ્વભાવમાં આવું કંઈક હોય છે. આવું ક્યાંથી આવે છે તેની શોધ કરવી આકરી છે. આ ક્રૂર વૃત્તિ વાતાવરણમાંથી વારસામાંથી, અજાગ્રત-મનમાંથી, પૂર્વજન્મમાંથી કે ક્યાંથી આવે છે. તે નક્કી કરવું વ્યક્તિગત બાળક પરત્વે મુશ્કેલ છે. તેનો ઉપાય તે વૃત્તિ સામેની લડાઇમાં–તેના દબાણમાં નથી પણ તેના ઉદ્ધરણમાં છે. આવી વૃત્તિનું ઉદ્ધરણ બાળકને બીજા જીવને દુઃખ થાય છે તે સમજાવવામાં છે. નાનાં નાનાં પ્રાણીઓ અને પક્ષીઓને બાળકો પાસે પળાવવાથી, તેમની, તેમનીજ પાસે સંભાળ લેવડાવવાથી, તેનું રક્ષણ કરવાથી અને એમ કરતાં તેની સાથે દોસ્તી અને પ્રેમ થવાથી પ્રાણીસૃષ્ટિ તરફ બાળકો કોમળ અને દયાળુ બને છે એજ રીતે ફૂલો, છોડ, સર્વ પ્રકારની વનસ્પતિની સૃષ્ટિ સાથેનો જીવન્ત પરિચય બાળકમાં જગાડી, બાળકને તેના પ્રત્યે પણ માયાળુ અને પ્રેમાળ કરી શકાય. વૃક્ષોને વાવવાં, સંભાળવાં, સંરક્ષવાં, તેમને પાણી પાવું, તેના ક્યારામાંથી કચરો કાઢવો, તેનાં ફૂલો અને પાંદડાંને સ્વચ્છ રાખવાં, ટૂંકમાં તેની કાળજી લેવામાં સહેજે પ્રેમભાવ, મૈત્રીભાવ બાળકમાં જન્મે છે. એ ભાવ બાળકને વનસ્પતિની સૃષ્ટિ તરફ અહિંસક બનાવે છે.

મતલબે રસ્તે જડ્યું ફૂલ આપણે ઉપાડીને ખંખેરીને સાચવી લેશું, બાગમાંથી ફૂલ ચૂંટતી વખતે તેના પ્રત્યે ઋણ બતાવીને તે ચૂંટીશું, વનસ્પતિની દુનિયાથી આપણે કેટલા ઋણી છીએ તેનું ભાન આપણામાં છે તેવું બાળકોને જોવા આપીશું, રસ્તે દુઃખમાં પીડાતાં કુતરાંને આપણે સુખ આપવાનો યત્ન કરીશું અને ભુખ્યાં, તરસ્યાં, આંધળા કે ગરીબને આપણે આશરો અને મદદ આપીશું, ઘરનાં નાનાં મોટાં પ્રત્યે દયાભાવ અને સેવાભાવ રાખશું તો તેના દર્શનથી બાળકોમાં રહેલ કોમળ લાગણીઓ ખીલી ઉઠશે અને ક્રૂરતા, નિર્દયતા, બેપરવાપણું, કર્કશતા વગેરે હિંસાના પ્રકારોને રહેવાની કે જમી જવાની જગા રહેવા દેશે નહિ. મારકણાપણાનો નાશ સમગ્રજીવન અને જીવમાત્ર પ્રત્યે, સૃષ્ટિમાત્ર પ્રત્યે પ્રેમભાવ ઉપજાવવામાં છે.

આ ઉપરાંત બાળકને નાનાં નાનાં બાળકો સંભાળવાં અને રમાડવાં આપીએ તો બાળકોમાં સ્નેહભાવ, હેતભાવ જાગે છે. તેઓ રમાડતાં રમાડતાં પોતાના અંતરના ભાવો કેળવે છે. મનુષ્યની મનુષ્ય પ્રત્યેની સહજપ્રીતિનું દર્શન અને પોષણ, મા બાળકને ઉછેરતી વખતે કરે છે તેવું જ બાળકો પરત્વે પણ બને છે નાનાં બાળકોને રમાડવા દેવાથી, તેની સંભાળ લેવા દેવાનું કામ સોંપવાથી, બાળકોમાં મધુરતા, કોમળતા આર્દ્રતા અને હેત જન્મે છે. વળી એજ રીતે આંધળાં, લૂલાં લંગડાં બાળકો પ્રત્યે, કે મોટાં પ્રત્યે બાળકોને ગમે તો તેઓ દયાની દ્રષ્ટિએ જોઇ તેમની સેવા કરવા પ્રેરાય તો તે પણ કરવાની અનુકુળતા આપણે કરી આપવી જોઇએ. એ દુઃખી તરફ જેવી આપણી દ્રષ્ટિ હશે તેવું જ બાળકોમાં ઉતરશે અને બાળકો આપણા પ્રમાણેજ તેમના તરફ વર્તશે.

બસ આટલેથી આજે બસ.

લે. ગિજુભાઈના
નમસ્કાર.

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઇ ૪
પ્રકાશક: શ્રી. તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા" કાર્યાલય : હિંદુ કૉલોની, દાદર.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

સત્કાર્ય

સત્કાર્યની પાછળ મહેનતની જરૂર હોય છે.
પણ તેથી શું? તેથી કાર્ય સફળ થતું નથી.
સત્કાર્યની પાછળ વિચારની જરૂર હોય છે.
પણ તેથી શું? તેથી કાંઈ કાર્ય સફળ થતું નથી.
સત્કાર્યની પાછળ ધગશની જરૂર હોય છે.
પણ તેથી શું? તેથી એ કાર્ય સફળ થતું નથી.
સત્કાર્યની પાછળ દૃઢ શ્રદ્ધાની જરૂર છે.
તો જ સત્કાર્ય ટકે;
તો જ તે સફળ થાય.

તા.

વર્ષ ૧૫ | :: કાર્યાલય :: | અંક ૨
૧૯૯૬ | દાદર, મુંબઈ ૧૪ | ચૈત્ર

નોંધ અને સમાચાર

સંઘનું કાર્ય

પ્રશ્ન થાય છે કે સંઘે ચૌદ વર્ષ સુધી શું કર્યું ? સંઘની પ્રવૃત્તિ તરીકે તો માત્ર એક શિક્ષણ પત્રિકા માસિક ચાલુ રાખ્યું. એક નાનું એવું સોળ પાનાનું માસિક ચલાવ્યું તેમાં ખાસ કાર્ય તે શું થયું ?

સંઘીઓને આ શંકા આવશે જ નહિ. કેમ કે તેઓ આ નાની એવી પત્રિકાની કિંમત સમજે છે. આ પત્રિકાએ બાલશિક્ષણનો સંદેશ ઘેર ઘેર પહોંચાડયો છે. સ્વ. ગિજુભાઈની વાર્તા ને સંવાદના રૂપમાં લખવાની શૈલીથી શિક્ષણ જેવા શાસ્ત્રની વાતો પણ સામાન્ય જનતા સમજી શકે તેવી સાદી ને સહેલી બની. તેથી સ્ત્રીઓમાં અમુક અંશે જાગૃતિ આવી. લોકોમાં પણ જાગૃતિ આવી અને બાળકો તરફ જોવાની દૃષ્ટિ કાંઇક બદલી. લોકો પહેલાંના કરતાં બાળકો વિષે કેટલેય દરજ્જે વધુ વિચારવા લાગ્યા. એમ સામાન્ય ભૂમિકા તૈયાર કરવાનું કામ પત્રિકાએ એટલે સ્વ. ગિજુભાઇએ કર્યું.

પણ પત્રિકાએ તેથીએ વધારે કાંઇક કર્યું. તેણે આ વિષયમાં લોકોને રસ લેતા કર્યા અને આ પ્રદેશમાં કાર્ય કરવા માટે લોકોને આકર્ષ્યા. કેટલીએ બેનો અને કેટલાએ ભાઇઓ આ તરફ વળ્યા અને આર્થિક દૃષ્ટિએ બહુ પ્રાપ્તિનું ક્ષેત્ર ન હોવા છતાં ઘણા જુવાનો આ ક્ષેત્રમાં કામ કરવા પ્રેરાયા. એ પણ આ પત્રિકાના પ્રચાર કાર્યના જ પ્રતાપ ગણાય.

પણ તેથીયે વધારે પત્રિકાએ કામ કર્યું છે. બાળશિક્ષણને લગતા અનેક પ્રશ્નોની છણાવટ તેણે આપણી ભાષામાં કરી. બાળકેળવણીના સિદ્ધાન્તો અને તેની પાછળ રહેલી ફિલસુફી, બાળમાનસ વગેરેને લગતા અનેક પ્રશ્નોની ચર્ચા પત્રિકાએ કરી છે ને આ નાની એવી દેખાતી પત્રિકાની આ બહુમોલ સેવા છે.

પત્રિકાએ બાલશિક્ષણના જે સિદ્ધાન્તોનું અથવા જે પદ્ધતિનું પ્રતિપાદન કર્યું તે માત્ર એક પાશ્ચાત્ય પ્રસિદ્ધ પદ્ધતિ તરીકે નહતું કર્યું પણ પત્રિકાના આદ્ય તંત્રી સ્વ. ગિજુભાઇના આ ક્ષેત્રમાં કરેલા પ્રયોગનો સાર હતો. તેમના લેખો એટલે તેમના જાતઅનુભવો, તેમના ચિંતન મનનનો નિચોડ. આ રીતે સંઘનું કામ ફકત એક પત્રિકાનું સંપાદન જ હોય તો પણ તેથી ઘણું કાર્ય થયું છે.

એક રીતે ગણીએ તો સ્વ. ગિજુભાઇનું આખું જીવન અને આખું જીવનકાર્ય સંઘના કાર્યમાં ભેગું ભળેલું હતું તેથી સ્વ. ગિજુભાઇ શ્રી દક્ષિણામૂર્તિની સંસ્થામાં રહીને જે જે કરતા અને જે જે લખતા એ બધું એક રીતે સંઘના કામ તરીકેજ હતું. કારણ સંઘ અને સ્વ. ગિજુભાઇ છુટા ન હતા.

સ્વ. ગિજુભાઇએ ઘણું બધું સાહિત્ય લખ્યું. સ્વ. ગિજુભાઇએ અધ્યાપન મંદિર ચલાવ્યું. સ્વ. ગિજુભાઇએ અનેક સ્થળે ફરીને સભાઓ કરી શાળાઓ જોઇ, સંમેલનોના પ્રમુખ થઇ ભાષણો કર્યા, કુટુંબોમાં જઈ સલાહ આપી, કેટલાંએ બાળકોના મુંઝવતા પ્રશ્નોનો ઉકેલ કર્યો તે બધું સંઘને બળ આપનારું જ હતું.

આ રીતે અત્યાર સુધી સંઘની પ્રવૃત્તિ એટલે સ્વ. ગિજુભાઇએ બાલશિક્ષણના પ્રચાર અર્થે કરેલી પ્રવૃત્તિ; બાલશિક્ષણને અંગે કરેલા વિચાર અને અનુભવો હતા.

ટુંકમાં સંઘના ચૌદ વર્ષના કામનો આ ઇતિહાસ છે.

બાલશિક્ષણનું કાર્ય એટલું બહોળું છે, એટલું

જીવનવ્યાપી છે કે કેટલું એ કર્યું હોય તો યે પૂરું તો થાય જ નહિ. હજી બાળશિક્ષણના સિદ્ધાન્તો કાંઈ ઘેર ઘેર પહોંચ્યા છે એમ તો ન જ કહેવાય. ઘણા ગામોમાં નાની કે મોટી બાળશાળાઓ નીકળી છે. તેથી કાંઇ ગામોગામના બાળકોના શિક્ષણનો પ્રશ્ન ઉકલ્યો છે એમ નજ કહેવાય. અત્યાર સુધી પ્રચાર અર્થે ઘણું લખાયું ને ભાષણો થયાં તેથી હવે પ્રચારની જરૂરજ રહી નથી એમ ન જ કહેવાય. અત્યાર સુધી ઘણા વિદ્યાર્થીઓ ભણીને તેમાંથી કેટલાએક આ ક્ષેત્રમાં કામ કરવા લાગ્યા હોય તેથી શું ? આમ એક નહિ, બધી રીતે આ કામ આગળ ચલાવવાની જરૂર ઉભી જ છે. સંઘના સંધીઓને, બાળશિક્ષણક્ષેત્રમાં કાર્ય કરનારાંને, સ્વ ગિજુભાઇ પાસેથી જેમણે જેમણે પ્રેરણા ને પ્રાણ મળ્યો છે તે સૌ ભાઇબેનોને અમારી વિનંતિ છે કે તેઓ દરેકે દરેક સંઘના પ્રચારક બની સંઘના આ કાર્યને ઉપાડી લે– પોતાનું ગણી કરવા લાગે. સંઘનું બળ સંધીઓનાં સંઘટ્ટનમાં છે. અને સંઘટ્ટન એટલે એક ભાવના. આપણે નૂતનબાલશિક્ષણ સંઘના સંધીઓ છીએ એ એક ભાવના દરેકના હૃદયમાં જાગૃત રહે તો સંઘ એની મેળે સંઘટિત થશે. અને સંઘનું કાર્ય પણ આગળ ચાલશે જ.

અધ્યાપન મંદિર

સ્વ. ગિજુભાઇના જવાથી કેટલાંયે કામો બંધ પડ્યાં. તેમાં અધ્યાપન કાર્યની ચાલુ રાખવાની જરૂર સૌથી વધારે જણાઇ. તે જાતની માગણી અનેક પાસેથી આવી. અધ્યાપન મંદિરમાં બાળશિક્ષણની નવી દિશા; નવા સિદ્ધાન્તો ને નવો વ્યવહાર, વગેરેનો સાંગોપાંગ અભ્યાસ કરવાવાળાં જેમ જેમ વધે તેમ તેમ તે સંબંધેનો શાસ્ત્રીય વિચાર વધવાનો–શાસ્ત્રીય જ્ઞાન વધવાનું–શાસ્ત્રીયદૃષ્ટિ વધવાની. અને એ લોકો જેમ જેમ કામ કરવા લાગશે તેમ તેમ આ જ્ઞાન ને દૃષ્ટિનો લાભ બાળકોને મળશે.

આપણે ત્યાં તો આપણી આર્થિક અને બીજી પરિસ્થિતિમાં આ શાસ્ત્રનો લાભ આપણા બાળકોને કેવી રીતે મળે તે ખાસ પ્રશ્ન છે. તેથી અધ્યાપન મંદિર ચાલુ કરવું અને ખાસ આ દૃષ્ટિથી શિક્ષકો અભ્યાસ કરે તે જરૂરનું લાગ્યું છે.

જણાવતાં આનંદ થાય છે કે દાદરમાં આવેલ શિશુવિહારના બાલઅધ્યાપન મંદિરમાં ગુજરાતી શિશુવિહાર મંડળે પેતાનો વિભાગ ખોલવાનો વિચાર નક્કી કર્યો છે. જૂનથી ગુજરાતી વિભાગ ખુલશે. દાખલ થવા ઇચ્છનારે શ્રી. તારાબેન મોડક, શિશુવિહાર, અધ્યાપન મંદિર, દાદર, મુંબઈ ૧૪ એ સરનામે કાગળ લખીને નિયમો અને દાખલ પત્ર મંગાવી લેવું.

આ અધ્યાપન મંદિરમાં અધ્યાપનનું મુખ્ય કાર્ય શ્રી તારાબેન મોડકને હસ્તક રહેશે. ત્યાં મરાઠી અને ગુજરાતી બે વિભાગો રહેશે. પ્રત્યક્ષ અનુભવ માટે શિશુવિહારમાં મરાઠી વિદ્યાર્થીઓની સગવડ કરવામાં આવશે. અને ગુજરાતી વિદ્યાર્થીઓ માટે બીજી તેમની જ દેખરેખ નીચે ચાલતી ગુજરાતી શાળામાં ગોઠવણ કરવામાં આવશે. બન્ને વિભાગમાં પૂરતા વિદ્યાર્થી હોય ને જરૂર જણાય તો કદાચ બન્ને ભાષામાં વ્યાખ્યાનો દેવાની વ્યવસ્થા કરવામાં આવશે. તંત્રી.

સમાચાર

(૧) શ્રી. પ્રાણુભાઇ હવે એકાદ વર્ષથી બૃહદ ગુજરાત–કલીકટમાં એક ગુજરાતી બાલમંદિર ચલાવે છે. તેઓ મોન્ટીસોરી વર્ગમાં મદ્રાસ જઇ આવ્યા. હવે ત્યાંનું કામ વધારે ધપી રહ્યું છે.

(૨) શ્રી. છોટુભાઇ પટેલ શ્રી મંજુર બાલ-ગૃહ અમદાવાદમાં ચારેક વર્ષથી કામ કરતા હતા. તેઓ હાલ ચાર માંસથી ગુજરાતી બાલમંદિર કલીકટમાં કામ કરવા પહોંચી ગયા છે.

સ્વ. નર્મદાબેન

કલીકટથી શ્રી. છોટુભાઇ પટેલ બેન નર્મદાબેન કે જેઓ ૧૯૩૪–૩૫ માં સ્વ. ગિજુભાઇ પાસે બાલ અધ્યાપન મંદિરમાં શીખવા આવેલ તેમના દેહાન્તના સમાચાર આપે છે. તેમના જ પત્રમાંથી સ્વ. બેન માટેની નીચેની પંક્તિઓ તેમના જીવન સ્વભાવ વિષે કંઇક બોલે છે. ઇશ્વર તેમના આત્માને શાંતિ આપો. **વ્યવસ્થાપક.**

"સ્વ. ગિજુભાઇએ એમનું નામ 'ટેણી' રાખ્યું હતું. એક દિવસ એક બહેને ગિજુભાઇને પૂછ્યું. "ગિજુભાઇ, તમે નર્મદાબેન સાથે ખૂબ વાતો કરો છો; મારી સાથે કેમ નથી કરતા?" ત્યારે ગિજુભાઇએ જવાબ આપ્યો: 'બેન! એ બહારથી નાનાં છે પણ અંદરથી મોટાં છે. માટે તેમની સાથે હું વધારે વાતો કરું છું. શરીરે તો ઘણાય મોટા માણસો હોય છે.'

એક દિવસ મેં નર્મદાબેનને પૂછ્યું, "નર્મદાબેન! પ્રાણભાઇના પત્રો આવે છે ને?" "આવે છે છોટુભાઇ! અત્યારે આપણે પત્રોને શું કરવા છે? આપણે ભણવા આવ્યાં છીએ. વરસ પછી પત્રોની વાતો. અત્યારે તો જે ગિજુભાઇ કહે છે તે જ ધ્યાન દઇને શીખી લઇએ. પછી તેઓ તો છે જ ને!" આવી જાતની અનાસક્તિ સેવતાં અને ભણતાં.

× × ×

છેલ્લાં એક વર્ષથી તેઓ ક્ષયના પંજામાં સપડાયાં હતાં. આખી માંદગીમાં તેઓ જરાપણ હતાશ નથી થયાં. તેઓ પોતાનાં બાળકની પણ ચિન્તા કર્યા વિના દુઃખને સહન કરતાં–મન કઠણ રાખતાં ને જોવા આવનાર માણસને ચિન્તામાંથી મુક્ત કરતા ને હસતાં હતાં.

તેમની બિમારી અસહ્ય થઇ પડી ત્યારે તેમના પતિ શ્રી પ્રાણભાઇ દવે મદ્રાસ ડૉ. મોન્ટિસોરીના વર્ગમાં અભ્યાસ કરતા હતા. તેમના પિતાશ્રીનો તેમની વધતી જતી બિમારીનો પત્ર આવ્યો અને પ્રાણભાઇ અમદાવાદ આવ્યા.

તેમણે છેલ્લો આનંદ વ્યકત કરતાં, પ્રાણભાઇને નબળી લાગણીઓને પાસે આવવા દીધા સિવાય આ પ્રમાણે કહેલું. "આપણે બહુ વાતો કરવી નહિ. કારણ કે આપણે જુદાં પડવાનું છે તેવું ઇશ્વરે ધાર્યું છે. નકામો પ્રેમ કયાં વધારવો ને આપણે એક બીજાએ દુઃખી થવું."

સ્વ. ગિજુભાઈ સ્મારક ફાળો

રૂા. ૧૧૦૩૯ અગાઉ ભરાએલ.

રૂા.	૧૦૦૦	શેઠ કસ્તુરભાઇ લાલભાઇ.	અમદાવાદ
,,	૫૦	એક સદ્‌ગૃહસ્થ.	મુંબઇ
,,	૨૫	એક સદ્‌ગૃહસ્થ.	,,
,,	૨૫	ડૉ. વાય. કે. દોશી	,,
,,	૨૫	શેઠ વ્રજદાસ દામોદરદાસ.	દીવ
,,	૧૦	પારિ. મોરારભાઈ ત્રિભુવનદાસ	મુંબઇ
રૂા.	૧૦	શ્રી. કાલિદાસ હિંમતલાલ.	,,
,,	૯	,, મણીલાલ બેન સુરતી.	પેટલાદ
,,	૫	,, સૌ. કાવેરીબેન.	હેમણે મુદ્રક
,,	૫	,, દલપતરામ ડાહ્યાભાઇ.	પુનાસીટી
,,	૫	,, જીવરામ ટોકરશી.	
,,	૫	,, નારણજી કુંવરજી.	ઘોઘ
,,	૫	,, કુસુમ નરહરિ દેસાઇ.	ભરૂચ
,,	૫	,, માણેકલાલ આર. પરીખ.	શાહુગંજ
રૂા.	૫	શ્રી. મોહનલાલ પ્રભાશંકર ભટ્ટ.	પછેગામ
રૂા.	૫	શા. લાલચંદ જગજીવનદાસ.	પાંચોરા

———

૧૨૨૩૩–૦–૦

સ્વ. ગિજુભાઇને અંજલિ

[મુંબઇ ઇલાકાના માજી મુખ્ય પ્રધાન બાળાસાહેબ ખેરે મુંબઇથી બ્રોડકાસ્ટ કરેલું ભાષણ.]

કોઇ પણ પ્રજાનું નસીબ તેના બાળકોની પીઠ પર સવારી કરે છે. સૌ કોઇ આજે નવી દુનિયાની વાતો કરે છે; સૌ કોઇ નવી દુનિયા ઘડવાની વાતો કરે છે છતાં યે જગતમાં ઝઘડા છે, આખી દુનિયા યુદ્ધમાં હોમાઇ ગઇ છે. કોઇને ખબર નથી કે જગતને માટે કઇ વેદનાઓ હજુ બાકી હશે. વ્યક્તિગત અથવા સામુદાયિક દ્વેષમાંથી આ દુનિયાના તમામ ઝગડાઓ જન્મ ધરે છે. જગતના માનવીઓને વિશ્વપ્રેમના પાઠો શીખવાઇ રહ્યા છે પણ મૂળને કોરા રાખીને પાંદડાંને પાણી પાવાનો અર્થ તો ઓછો જ છે. દુનિયાના વિકાસની અને જગતના સુખની ચાવી તો બાળકના હૃદયમાં જ છુપાઇ રહી છે.

બાળકનો વિકાસ કરો, તેમના આત્માને ઉન્નત કરો ને સુખી દુનિયાનું સર્જન થશે.

બાળકના સાચા વિકાસ સિવાય કેળવણીનો મર્મ બીજો એકે નથી. આ મર્મની સાધના ખાતર બાળકની કેળવણી અને તેની રમતગમતનો પાયો બાળકોની નૈસર્ગિક બુદ્ધિને બરોબર પોષે એ રીતે ઘડવો ઘટે.

બાળકોની કેળવણીના ચોકકસ સિદ્ધાંત યોજવા જોઇએ અને તે સિદ્ધાંતોની સમજણ બાળકોના માબાપને બરાબર ચાપવી જોઇએ.

બાળકને સાચી કેળવણી આપવાનું પહેલું પગલું માબાપોની સાચી કેળવણી દ્વારા જ ભરાવું ઘટે અને બાળકોને ગમ્મત સાથે જ્ઞાન આપે એવા શિક્ષકો તૈયાર કરવા જોઇએ.

સાચા શિક્ષકો સિવાય કેળવણીની કોઇપણ સંસ્થાને સાચો વિકાસ મળતો નથી.

બાળકોના કુમળા અને વિકસતા હૃદયમાં જે અનેકવિધ ભાવનાઓ ઉછળી રહી છે એ ભાવનાઓને યથાયોગ્ય વેગ આપવાનો સદ્‌ગુણ જેનામાં જડતો નથી એ માનવી સાચો શિક્ષક નથી.

ગિજુભાઇ બાળકોના પરમ ચાહક હતા. ગિજુભાઇ ઘણીવાર કહેતા કે 'પળે પળે નાના બાળકોમાં વસતા મોટા આત્માનું હું દર્શન કરું છું. એ દર્શન મારામાં એ પ્રેરણા ઉપજાવી રહ્યું છે કે બાળકોના અધિકારોની સ્થાપના કરવાને જ હું જીવતો રહું અને એ કામ કરતાં જ હું મરી જાઉં.'

આ પ્રેરણાને પરિણામે ગિજુભાઇએ બાળકેળવણીની ફકીરી ધારણ કરી. બાળકોનાં જીવનનો ગિજુભાઇએ અભ્યાસ કર્યો. ભાવનગરના બાળમંદિરમાં ગિજુભાઇએ અનેક પ્રયોગો કર્યા. બાળકોને ઉત્સાહિત કરનારી વાર્તાઓ ગિજુભાઇએ તૈયાર કરી, બાળકોને માટે ગિજુભાઇએ નાટકો લખ્યાં. પરીઓની વાર્તાઓ લખી, પંખીઓની વાર્તાઓ લખી, પ્રવાસનાં વર્ણન લખ્યાં અને મહાપુરૂષોનાં જીવન લખ્યાં; કહેવતો લખી અને ગીતો લખ્યાં.

શિક્ષણ પત્રિકા નામની પોતાની માસિક પત્રિકા દ્વારા ગિજુભાઇએ કેળવણીને લગતું ખરૂ જ્ઞાન ફેલાવવાની તજવીજ કરી.

શિક્ષકોના વર્ગો ઉભા કરીને ગિજુભાઇએ લગભગ ૫૦૦ શિક્ષકો તૈયાર કર્યા. આ શિક્ષકોને ગિજુભાઇએ નવી દૃષ્ટિની બક્ષીસ કરી. શિક્ષક વર્ગની નવી પ્રતિષ્ઠા જમાવવાને ગિજુભાઇએ તજવીજ કરી. શિક્ષકના કાર્યને વેઠની કક્ષામાંથી કાઢીને ગિજુભાઇએ શિક્ષકના ધંધાને ઉન્નત કર્યો.

[અનુસંધાન પાનું ૨૨]

બાળશિક્ષણનો આદર્શ

પચીસ વર્ષ પહેલાંની વાત છે કે જ્યારે બાળ-શિક્ષણનો આદર્શ ગુજરાત સમક્ષ અને ખરી રીતે કહીએ તો આખા દેશ સમક્ષ છેક જ નજીવો હતો. બાળશિક્ષણને મનુષ્યની કેળવણીમાં છેલ્લું સ્થાન હતું. ઘુડી નિશાળો અને પ્રાથમિક શાળા-ઓના શિક્ષકો જે સ્થળમાં ભાગ્યે જ વીસ બાળકો બેસી શકે ત્યાં ૪૦–૫૦ બાળકો એકઠા કરતા અને હાથમાં સોટી રાખીને કક્કો બારખડી અને અંક શિક્ષણ આપતા. ખરી રીતે કહીએ તો કોઈ કેળવણીકારનુ કે કોઇ કેળવણીખાતાનું બાળ-શિક્ષણની દુનિયા તરફ લક્ષ દોરવાયું જ નહોતું. પ્રજા અને સરકાર હાઇસ્કુલો અને કોલેજો ઉપર પૈસા ખરચતી. સમાજ પણ એવી સંસ્થાઓમાંથી ઉત્તીર્ણ થએલા જુવાનોને કેળવાએલા માનતી.

આવા કેળવાએલા માણસો તરફ સમાજનું સાચું લક્ષ દોરાયું ત્યારે જ ભાન થયું કે એ દેખીતી રીતે કેળવાએલા માણસો સાચી રીતે શિક્ષિત હતા જ નહીં. એમનામાં મૌલિકતાનો અભાવ હતો. સ્વભાવે તેઓ ભીરૂ અને સ્વાર્થી હતા અને તેમનું સમગ્ર જીવન પરાવલંબી હતું. હાઇસ્કુલો અને કોલેજોની શિક્ષણ પદ્ધતિઓનુ આ પરિણામ તો હતું જ પરંતુ એવું પરિણામ લાવી શકાય તે પ્રકારના વિધેયો, ભણાવનારને બાળશાળાઓમાંથી મળતા હતા. આપણને આ વાત સમજાઇ એ પહેલાં ઘણાઓ ઉચ્ચ શિક્ષણ તરફનો અણગમો જુદી જુદી રીતે વ્યક્ત કરવા લાગ્યા હતા. કોઇ કહેતું કે પાશ્ચાત્ય કેળવણીમાંથી ઉદ્‌ભવતી વિચારસરણીનું આ પરિણામ છે; કોઇ કહેતુ કે કેવળ બૌદ્ધિક શિક્ષણમાંથી આ પ્રકારની શરીર અને મનની અપંગ દશા જન્મતી હતી. પાશ્ચાત્ય વિચારસરણી ઉપર અવગણના ઉભી કરવામાં આવી અને સામે પક્ષે રાષ્ટ્રભાવના જાગ્રત કરવાના પ્રયત્નો થવા લાગ્યા. બુદ્ધિના શિક્ષણ તરફ ઓછો ઝોક રાખવો જોઇએ તેવી હીલચાલ શરૂ થઈ અને કળા તથા હસ્તકારીગરીના વિષયોને શિક્ષણક્રમમાં સ્થાન આપવાના વિચારને ગૌરવ અપાવા લાગ્યુ. રાષ્ટ્રમાં ચાલી રહેલી રાજકીય પ્રવૃત્તિઓએ આ વિચારોને વેગ આપ્યો અને સંખ્યાબંધ રાષ્ટ્રીય શાળાઓ અને ઉદ્યોગશાળાઓ હયાતીમાં આવી.

આમ છતાંએ કેળવણીના જે પ્રશ્નો સમાજને મુંઝવી રહ્યા હતા તેનો સંતોષકારક નિકાલ આવતો દેખાયો નહીં. માણસ સ્વાર્થી બનતો અટકયો નહોતો. ખરાબ બંધનમાંથી નીકળવાના અનેક ફાંફા મારવા છતાં સ્વાવલંબનને પોષે તેવી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ પગભર થતી નહોતી. પશ્ચિમનો મોહ ઉપરથી નીકળીને અંતરમાં સમાયો હતો. જુવાનના શરીરો માયકાંગલા હતા અને તેના સ્વભાવ ભીરૂ હતા. સમાજમાંથી લુચ્ચાઇ, હરિફાઇ કે સ્વાર્થ અદૃશ્ય નહોતા થતા. કેળવણીકારોને

[અનુસંધાન પાનું ૨૧]

આખા દેશ પર અને ખાસ કરીને કચ્છ, કાઠીઆવાડ અને ગુજરાત પર ગિજુભાઇએ ભારે ઉપકાર કર્યો

આવા પુરૂષની યાદ કાયમ રાખવા માટે સ્વા-ભાવિક રીતે જ ઇચ્છા જાગ્રત થઇ છે. ગિજુભાઇના સ્મારક તરીકે બાળકેળવણીનું એક સુંદર કેન્દ્ર ઉભું કરવાને એક વગદાર સમિતિની સ્થાપના થઇ છે.

ગિજુભાઈ મહાન્ કેળવણીકાર હતા. ગિજુ-ભાઇનો આદર્શ ગુજરાત મૂર્તિમંત કરે અને બાળકેળવણીના ગિજુભાઇના અનેકવિધ સ્વપ્નાઓ ફલીભૂત કરે.

આ પરિસ્થિતિની સાચી સમીક્ષા કરવાની હતી. ચાલુ શિક્ષણ સંસ્થાઓમાં નજર નાખવાથી કશું અગત્યનું હાથ લાગે તેવું નહતું. રોગનું સાચું મૂળ શોધવા માટે બાળશિક્ષણની દુનિયા તરફ ગયા વિના છુટકો નહતો.

બાળકો માટેની ઘુડી શાળાઓ અને પ્રાથમિક શાળાઓ બહારના કશા પણ રંગથી રંગાયા વિના જેમની તેમ ચાલ્યા કરતી હતી. રાષ્ટ્રીયતા શું એનું તો એ શાળાના સંચાલકોને પણ ભાન નહતું. તેમને મન કેળવણી એટલે લખવું, વાંચવું અને ગણવું. કેળવણી લેનાર બાળકને પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ હોય છે તેમ જ એના ભણતરને એના માનસિક બંધાર સાથે કશો પણ નિકટનો સંબંધ હોય છે તેવો તો એમને ખ્યાલ સરખો પણ નહતો. બાળક ન ભણે તો એને ગાળો દઈ શકાય અને ભારેમાં ભારે શારીરિક સજા પણ કરી શકાય. આ સ્થિતિનું દર્શન કેળવણીકારને માટે જરૂર ચોંકાવનારું હતું.

શિક્ષણ લઈ રહેલા બાળકને પોતાનું સ્વતંત્ર મન હોય છે અને એના શિક્ષણનું કાર્ય એના મનની નાની મોટી પ્રાથમિક વૃત્તિઓ સાથે સંકળાએલું હોય છે એવો વિચાર તો દુનિયા ઉપર કયારનોએ પ્રસરવા લાગ્યો હતો.

શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન કેળવણીના ક્ષેત્રમાં અવનવા પ્રયોગો કરી રહ્યું હતું. પોતાન પ્રયોગોની અપૂર્ણતા પૂરી કરવા માટે એણે પણ બાળશિક્ષણના શ્રી ગણેશ માંડયા હતા. જુદા જુદા પ્રયોગો કરીને મોન્ટેસોરી પદ્ધતિની યથાર્થતાનો ખ્યાલ એણે મેળવ્યો હતો. દક્ષિણામૂર્તિ ભવનના સદ્‌ભાગ્યે આ બાળશિક્ષણનું કામ હાથ ધરવા માટે એને સ્વર્ગસ્થ શ્રી ગિજુભાઈ મળી ગયા હતા. બાલશાળા શરૂ કરી અને થોડા જ વખત પછી એને શાળા મટાડીને મંદિર બનાવ્યું. તે વખતે શિક્ષણક્ષેત્રના બહુ જ ઓછા લોકોનું લક્ષ એ તરફ ખેંચાયું હતું. વીસ વર્ષોની એકધારી બાલસેવા પછી આજે તો બાલમંદિર એ રોજીંદુ નામ થઈ ગયું છે અને એ શબ્દની સાથે જ સ્વ. ગિજુભાઈના નામે પણ અમરતા પ્રાપ્ત કરી છે. બાલમંદિરના કાર્યની શરૂઆત છેક જ સામાન્ય હતી. એ સમગ્ર દેશને માટે સુયોગ્ય અને વ્યવસ્થિત બનાવી જેતજેતામાં દક્ષિણામૂર્તિને આંગણે શિક્ષણના યાત્રાળુઓનાં ટોળાં ઉતરવાં લાગ્યાં. બાલશિક્ષણનું વિજ્ઞાન વિસ્તરવા લાગ્યુ અને એકમાંથી અનેક બાલમંદિરો ઉભાં થઈ શકે એવી ભૂમિકા રચાઈ.

સ્વ. ગિજુભાઇએ પોતાની તમામ શક્તિઓ બાલમંદિરના શિક્ષણ ઉપર કેન્દ્રિત કરવા માંડી હતી. જે નવાં સત્યો પોતાની શોધોના પરિણામે એમને હાથ લાગવા માંડયાં હતાં તે સત્યોને જગત સમક્ષ મૂકયા સિવાય તેમને જંપ નહોતો વળતો.

દક્ષિણામૂર્તિ બાલમંદિરમાં તો સો બાળકો ઉપર પ્રયોગો થઈ રહ્યા હતા.. પરંતુ ગિજુભાઇનું મન સમગ્ર દેશના કરોડો બાળકો તરફ કયારનું યે ઢળી રહ્યું હતું. એમને પોતાના પ્રયોગો રાષ્ટ્ર સમક્ષ ધરવા હતા અને વૈજ્ઞાનિક બાલશિક્ષણનો પ્રચાર કરીને બાલદુનિયાને શારીરિક, માનસિક, અને આધ્યાત્મિક દૃષ્ટિએ સમુદ્ધ કરવી હતી. એમને એ સત્ય સમજાઈ ગયું હતું કે સંસારના માનસિક રોગ માત્રનું મૂળ બાળકો તરફની ઉપેક્ષા, અને તેમના તરફ રાખવામાં આવતાં અયોગ્ય વર્તમાં હતું.

"બાળકને મારો નહીં" અથવા તો "બાળકને બીવડાવો નહીં" એવા નકારાત્મક સૂત્રો સમાજની બાળક તરફની અન્યાયી વર્તણુક અટકાવવા માટેના સૂચક હતા. બાળકને બીવડાવવાથી કે મારવાથી બાળઆત્માને નુકસાન

થાય છે અને ભાવિ દુનિયામાં અનેક વિકૃતિઓ જન્મે છે તેની સાથે સાથે બાળકની સાથે એવી ખોટી રીતે વર્તનાર વડિલોનું પણ માનસિક અને આત્મિક પતન થાય છે એ વાત દુનિયા સમક્ષ એમને રજુ કરવી હતી.

"બાળકને સન્માનો" તથા "બાળક તરફ પ્રેમ રાખો" એવા વિધેયાત્મક સૂત્રો રજુ કરીને બાળકના વ્યક્તિત્વના વિકાસ તરફ તેઓ અંગુલિ-નિર્દેશ કરી રહ્યા હતા. આટલી નાની વાતો ઘણાં મોટાં સત્યો કહેતી હતી. તેનું આજે આપણને અવશ્ય ભાન થયું છે. બાળવિકાસ માટેની આ તમન્નાએ સ્વ. ગિજુભાઈને લેખન પ્રવૃત્તિ તરફ પણ પ્રેર્યા. લખવાનો શોખ તેમને હતો. સાહિત્ય સર્જન માટે જુવાનીના કાળમાં એમણે સફળ પ્રયત્નો પણ કરેલા પરંતુ એ પ્રવૃત્તિ ઘણા વખતથી એમણે છોડી દીધી હતી. સુષુપ્ત દશામાં પડેલો સર્જક, બાલપ્રેમથી જાગૃત થયો અને ગુજરાતમાં બાલ સાહિત્યનું સર્જન થવા લાગ્યું. આ સર્જન કેવળ શોખનું ન હતું. એની પાછળ તો બાળ-શિક્ષણની બળતરા હતી. અને એટલા માટેજ, આનંદવિનોદ માટે થાય છે તેવું ક્ષણિક સર્જન અથવા તો ધીમી ગતિવાળું સર્જન એ ન રહ્યું. લેખન પ્રવૃત્તિમાંથી અમર બાળસાહિત્ય રચાયું અને તેયે થોકબંધ. એમને ઓળખનારા જાણે છે કે બાલસાહિત્ય માટેની એમની મહત્વાકાંક્ષાઓ હજી તો મર્યાદા બંધાયા વિનાની હતી.

અને બાળશિક્ષણનું સાચું કામ માબાપોને સાચી કેળવણી આપ્યા વિના શકય નહતું એમ તેઓ બરાબર સમજતા હતા. શિક્ષણ પત્રિકા માસિકનું પ્રકાશન એમની એ સમજણને આભારી હતું. શિક્ષણ પત્રિકા દ્વારા ગુજરાતના માબાપોની કેટલી અનુપમ સેવા એમણે બજાવી છે એનો તાગ કાઢવો મુશ્કેલ છે. બાળશિક્ષણના જ્ઞાનકોષ જેવી શિક્ષણ પત્રિકાની ફાઇલો ગુજરાત અને સમગ્ર હિંદુસ્થાનના હજારો ઘરોમાં આજે મોજુદ છે.

પણ સ્વ. ગિજુભાઇને આટલાથી પણ શાતા વળતી નહતી. દેશના ગામડે ગામડે અને શહેરે શહેરે સાચા બાલશિક્ષણની મશાલ લઇને ઘૂમનારા હજારો શિક્ષકોની એમને જરૂર દેખાતી હતી.

બાળશિક્ષણ પાછળ એમણે ભેખ લીધો હતો અને એ ભેખનો ચેપ લાખો કરોડોને આપવાના એમના કોડ હતા. એમની દૃષ્ટિએ તો એમના કોડ અધૂરા જ રહેલા છે. પરંતુ એમની પાછળ રહેનારા આપણે સૌ નેઇ શકીએ છીએ કે એમના મનોરથો સફળ બનાવવા માટે અનેક પ્રામાણિક આત્માઓ આજે તનતોડ મહેનત કરી રહ્યા છે. દક્ષિણામૂર્તિ ભવન પાસે બાલ અધ્યાપન મંદિર શરૂ કરવાની ઉગ્ર દલીલો એમણે શરૂ-આતમાં કરી હતી. ત્યારે એમના દિલની એ દાઝ સ્પષ્ટ રીતે વ્યકત થતી હતી. બાળ અધ્યાપન મંદિર શરૂ થયું અને સેંકડોની સંખ્યામાં બાળ શિક્ષણના મશાલચીઓ ઉભા કરવાની એમની મનીષાને કંઇક અંશે પણ કરાર વળ્યો. એમની આ પ્રવૃત્તિ એમને સૌથી વિશેષ પ્રિય હતી. મરણની છેલ્લી ઘડી સુધી એમણે એ કાર્ય કર્યા કર્યું અને બાળકનો જપ જપતા જપતા એમણે દેહ છોડયો.

ગિજુભાઈ આપણી વચ્ચેથી ચાલ્યા ગયા છે, પણ એમણે આરંભેલું કાર્ય તો પૂર જોસમાં મુકતા ગયા છે. બાળ શિક્ષણ માટે એમણે શાસ્ત્રીય અને ચોકકસ માર્ગ આંકી દીધા છે. બાળ શિક્ષણનું એમનું કાર્ય આપણા દેશ પૂરતું તો દરેક રીતે મૌલિક જ હતું અને રહેશે. રાષ્ટ્રની ખાસીયતને અનુકૂળ એવા કેટલાએ બાલશિક્ષણના

નવા ચીલાઓ એમણે જ પાડયા છે. એ ચીલાઓ ઉપર બાળક તરફ પ્રેમ હોય તેવો સામાન્યમાં સામાન્ય શિક્ષક પણ ચાલી શકે તેવી પદ્ધતિઓનું તેમણે નિર્માણ કર્યું છે. બાળશિક્ષણ દ્વારા સમાજની એમણે કરેલી સેવાઓ કદી પણ ભૂલી શકાય તેવી નથી. એમના સ્વર્ગવાસ પછી એમના જીવન કાર્યને હંમેશ માટે જીવતું રાખવા સારૂ અનેક યોજનાઓ ગુજરાતમાં આજે પ્રગટ થઇ રહી છે. એમના સ્મારક તરીકે બાળશિક્ષણનું વૈજ્ઞાનિક એવું એક મોટું કેન્દ્ર સ્થાપિત કરવું એવી હીલચાલને સમગ્ર રાષ્ટ્ર આજે વધાવી રહ્યું છે. એમના મિત્રો અને પ્રશંસકો આ કાર્યને વહેલામાં વહેલી તકે પાર પાડવા સારૂ પ્રમાણિક મહેનત કરી રહ્યા છે. સ્વ. ગિજુભાઇનું એક સ્વપ્ન હતું કે પોતે રાષ્ટ્રના બાળકોની કેળવણી સારૂ એક બાળ વિદ્યાપીઠ ઉભી કરવી. આ વિદ્યાપીઠ દ્વારા બાળ શિક્ષણની આવશ્યક એવી તમામ પ્રવૃત્તિઓ શરૂ રહે અને હિંદુસ્થાનના બાળકોની સેવાનું કાર્ય અખંડિત ચાલ્યા કરે. એમની પાછળ એમનું સ્મારક કરવાની હીલચાલ હાથ ધરનારા તમામ મિત્રોને આ વાત યાદ રાખવી પડશે. હું પણ આજે મારા હૃદયની ભાવભરી અંજલીઓ સ્વર્ગસ્થના આત્માને ધરૂં છું.

* [મુંબઇમાં ગોઠવાયેલ સ્વ. ગિજુભાઇ દિનના અવસરે મુંબઇ સ્ટેશન પરથી બૅરીસ્ટર પોપટલાલ ચુડગરે બ્રોડકાસ્ટ કરેલું ભાષણ.]

ગોપાળનો અપરાધ

આજ રમાબેનને ત્યાં સ્ત્રીઓનું ભોજન હતું. ઉમાબેન, ગંગાબેન, કાશીબેન. જમનાબેન, ગોદાવરીબેન, સરસ્વતીબેન, કેટલાંય ભેગાં મળ્યાં હતાં. ચારે તરફ વીજળીની બત્તીઓનો ઝળહળાટ જણાતો હતો. ઘણાંઓની સાથે તેમનાં બબે કે ત્રણ ત્રણ બાળકો પણ હતાં. પરંતુ આજનો પ્રસંગ કંઇ બાળકોનો નહતો. આજે તો મોટી સ્ત્રીઓ સમજે અને આનંદ પામે એવો પ્રસંગ હતો. એટલે તે પ્રસંગને શોભે તેવી ગમ્મત, વિનોદ વગેરે કરવા માટે તેઓ એકઠાં મળ્યાં હતાં. નાનાં બાળકો સાથે હોય જ એટલે સાથે હતાં એટલું જ.

જમવાની પંગત પડી. એકબાજુ બાળકો માટે પણ પતરાળીઓ નંખાઇ. કલેકટરની સ્ત્રી, ધનાભદારની સ્ત્રી, ડૉકટરનાં પત્ની ને વકીલનાં પત્ની, મુન્સફના પત્ની ને મામલતદારનાં પત્ની એ રીતે મોટાં ઘરની સ્ત્રીઓ ત્યાં હતી. તેઓની પંકિત તરફ સહજ રીતે યજમાન બાઇનું વધુ ધ્યાન હતું. બધું બરાબર પીરસાયું હતું કે નહિ અને તેમને વધુ મોડું થતું હતું કે નહિ વગેરે જોવામાં તે ગરકાવ હતાં. બાળકોની પંગત જરા બાજુમાં પડી હતી. આ બાજુ મોટા લોકોની સ્ત્રીઓમાં દસબાર વાનીઓ આવી ત્યારે અહિં બાળકોમાં માત્ર ચટણી, રાયતું, અથાણું જ આવ્યું હતું.

એકંદરે સમારંભની ભવ્યતા જોઇને બાળકો પણ થોડી વાર દબાઇને શાંત બેસી રહ્યાં હતાં. બધું પીરસાઇ જાય ત્યાં સુધી રાહ જોવાની આદત તેમને કોઇએ શીખવી ન હતી. 'મને' 'મને' એવી બૂમો પાડીને અને ઝપટથી ખાવા માંડવાની બધા જ ઘરોની રીત હોવા છતાં અત્યારે તેઓ શાંત બેઠાં હતાં. કારણ આજે આપણું સ્થાન પાછળ છે એવું એમને સમજાયું હોવું જોઇએ.

બે મિનિટ, ત્રણ મિનિટ અને છેવટે પાંચ મિનિટ એમજ ગઇ. બાળકોની ધીરજ ખૂટતી ચાલી. પેલી બાજુ ઘારી, ઘુઘરા વગેરે આવી

ગયું. ધીરજ ક્યાં સુધી રહે ? છેવટે નાનો ગોપાળ ઉઠ્યો. તે ઝપટથી રસોડામાં ગયો. શું તેની છાતી કાઢીને ચાલવાની છટા અને તેનો ચહેરો ! નિશ્ચય અને નિશ્ચયાત્મક મુદ્રા. સીધો ધુધરાનો ડબ્બો ઉઠાવ્યો ! ગળાથી કમર સુધી આવે તેટલો ઉંચો તે ડબ્બો હતો. તેને પેટ સાથે બાથમાં લઈને એક હાથે પકડયો અને બીજા હાથે અંદરથી ધુધરા કાઢવા લાગ્યો. બાળપંગતને મજા પડી. તેઓ આશ્ચર્યથી ગોપાળ તરફ જોવા લાગ્યા. તેની ધીરજ અને કામથી તેઓ આશ્ચર્ય પામ્યા.

પણ તે બાજુ રસોડામાં હાહાકાર મચી ગયો. 'અરે' 'અરે' 'અરે', 'ગોપાળ આ શું કરે છે ?' 'કેવો આ ભરાડી છોકરો છે' ? ' અરે આ ડબ્બો પાડીશ,' 'જ્યાં ત્યાં આનું આવું જ ' એવા જાત જાતના વાક્યોનો એના પર વરસાદ થયો. જમનાકાકી જરા વધારે વખત વર્તી શકતાં હતાં. તેઓ ગુપચુપ આગળ આવ્યાં. ગોપાળના હાથમાંથી ડબ્બો ઝુંટવી લીધો અને વાંસામાં એક ધબ્બો માર્યો અને રસોડામાં ચાલ્યાં ગયાં.

બાળકોની પંગત ઓશીઆળી બની ગઇ. જરા ગભરાઇ અને મનમાં ગુસ્સો પણ કરવા લાગી.

મોટી પંગત ખુશ થઈ. વખતપર યોગ્ય ઉપાય થઇ ગયો એટલે વધુ અનર્થ થતો અટક્યો એવો ભાવ અનુભવાયો. ગોપાળની મા જરા ખશીઆણી પડી ગઇ. પણ 'ઘરે વાત' એમ કહી ગોપાળની આ ટેવ ટાળી નાખવાનો તેણે નિશ્ચય કર્યો.

ધીરે ધીરે સૌને બધું મળ્યું. જરા મોડેથી પણ બાળકોને પણ ધારી ધુધરા મળ્યા. બાલ-સ્વભાવ પ્રમાણે આગળનું બધું ભૂલી જઈ, ચટણી, અથાણા તરફ ન જોતાં મીઠાઈ ખાવા લાગ્યાં. મોટી પંગત પ્રસંગ પ્રમાણે ઠઠ્ઠા વિનોદ કરવા લાગી અને બધું ઠીક થઈ ગયું.

પ....ણ ગોપાળ ?

અને ગોપાળની મા ?

ગોપાળનું મન અપમાનિત થયું હતું. આટલા લોકોનો પોતે આશ્ચર્યનો વિષય બન્યો હતો તે વખતે વાંસામાં ધબ્બો ! અરે ! અરે !—સુંદર અને ચતુરાઇનું કામ કરવામાં આ જાતનું અપમાન અને આરોપ ? ડબ્બામાંથી ધુધરા કાઢીને એકલો ખાવા લાગ્યો હોત તો વાત જુદી હતી. મહેમાન બાળકોને પીરસવા નીકળવાની ઇચ્છાની આ શિક્ષા ! અને એ પણ બધી મિત્ર-મંડળીની વચ્ચે !

ગોપાળની મા પણ ખારી થઇ ગઇ હતી. આટલી બાઇઓમાં પોતાના જ બાળકે આવું તોફાન કરવું ? અને સાથેની સખીઓ એને એમ કહે કે 'કેમ રે તારો છોકરો આવો કેવો' અને મોટાં બૈરાંઓ તેને શિખામણ આપે કે 'એને જરા ધાકમાં રાખવો' 'જરા એને સારી આદત પાડવી' વગેરે વાક્યો સાંભળીને તેને તો આ સમાજમાં પોતાની કજેતી થઈ લાગી.

બિચારો ગોપાળ ! અને બિચારી તેની મા !

ગોપાળના કાર્યની, હુશિયારીની, પ્રસંગને સાચી રીતે સમજવાની દૃષ્ટિ આપણા સ્ત્રીસમા-જમાં ક્યારે આવશે ? અને કોઇપણ પ્રસંગે બાળકોને બોલાવીએ તો પહેલાં તેઓ અને પછી મોટાંઓ એ સમજવાની બુદ્ધિ પણ ક્યારે આવશે ?

કોને ખબર ક્યારે આવશે કે નહિ !

તા.

બાળ્યાસ્પત્ર

બાળકોના હિત ખાતર આપણી જતને ઘણી કાબુમાં રાખવી જોઇએ. આપણો ખરો પ્રયત્ન તો આપણે કેવળ નિર્મળ થવાનો જોઇએ. પણ કેવળ વિશુધ્ધિ આપણે પ્રાપ્ત ન કરીએ ત્યાં સુધી આપણામાં સુંદર સંયમ તો જોઇએ.

આપણી વાણીની છૂટ આપણો અસંયમ બતાવે છે. કંઇ નહિ તો આપણે જીભ ઉપર પૂરેપૂરો કાબૂ મેળવીએ. એટલે આપણે જેટલું અને જેવું બોલવું જોઇએ તેટલું અને તેવું જ બોલવાની શક્તિ કેળવવી જોઇએ. અને તેની સાથે જ આપણી અંદરથી યોગ્ય વાણી નીકળે, સ્વચ્છ, મધુર, અને નિર્દોષ વાણી નીકળે તે માટે આપણે આપણાં મનને જાગૃત રાખવાં જોઇએ.

આપણે બાળકો બેઠાં હોય છે ત્યાં કેવું બોલીએ છીએ તે જરા સંભાળીએ તો આપણા અસંયમની આપણને તુરત ખબર પડશે. બાળકોને જે સાંભળવાની જરૂર નથી તે નાહક આપણે બાળકોને કાને નાખીએ છીએ. બાળકો બાલ્યાવસ્થાને કારણે જે સમજી ન શકે અને તેને સમજાવવાની કે તેનો સ્પર્શ કરાવવાની જરૂર નથી તેવી બાબતો પણ આપણાં મોંમાંથી બહાર આવે છે અને બાળકોના કાન ઉપર જઇ તેના હૃદય ઉપર અયોગ્ય સંસ્કારો પાડે છે. આપણે વાણીવડે અંદર અંદર જે વાર્તાલાપો કદાચ આપણને કામના હોય છતાં જે બાળકોને ઉપયોગી નથી પણ ઘણીવાર બાળકોને ભારરૂપ અને ગોટાળારૂપ બને છે તે તેમને સંભળાવીએ નહિ.

બાળકોના કાન આપણે આપણા મોંમાંથી નીકળતી નિંદાને લીધે અપવિત્ર કરીએ છીએ. આપણે નિંદાના શોખીન છીએ. જ્યાં સુધી બીજાનું બોલવું અને ટીકા કરવાનું મળે છે ત્યાં સુધી આપણે આપણું જોવાનું અને વિચારવાનું કરતા જ નથી. પારકી વાતમાં પોતાનું હિત, કામકાજ વગેરે ભૂલી જઇએ છીએ. આ નિંદા બાળકો સાંભળે છે. સાંભળીને તેઓ આપણે આધારે બીજાઓ વિશે આપણા જેવા જ વિચારો અને મત ધરાવે છે. તેઓ પણ નિંદા કરતાં શીખે છે. માબાપ તેમની નજરે મોટાં છે. તેઓ જે કંઈ બોલતાં હશે તે અયોગ્ય અથવા ખોટું નહિ બોલતાં હોય એવો તેમનો વિશ્વાસ હોય છે તેથી નિંદાને તેઓ નિંદા તરીકે નથી ઓળખતા. તેઓ તો માબાપની એ સ્વાભાવિક પ્રવૃત્તિ અને બીજાને વિશે એ સ્વાભાવિક સમજણ છે એમ માને છે. આથી બાળકોનું બીજાઓ પ્રત્યેનું વલણ માબાપના જેવું બધાય છે. તેમાંથી તે ખટપટ, કલેશ, વેર, ઝેર, તાણાતાણ વગેરે શીખે છે.

આ વાત સાવ સાચી છે. ભાગ્યે જ થોડાં ઘરો હશે જ્યાં સારી વસ્તુની, સારા વિચારની, સારા માણસોની સ્તુતિ થતી હોય, સારી સારી બાબતોની કદર થતી હોય. એવાં ઘરો દેવઘરો છે. એવાં ઘરનાં બાળકો ભાગ્યશાળી છે. એવાં ઘરનાં માબાપોને ધન્યવાદ છે. ઘરમાં વાણી વડે ગાળાગાળી પણ થઇ શકે. ઘરમાં વાણીવડે મીઠાં વેણ પણ ઉચ્ચારી શકાય. ઘરને દેવમંદિર બનાવી શકાય. ઘરને નર્ક પણ બનાવી શકાય.

અંદર અંદરની ચડસાચડસી, અંદર અંદરના ખટપટ અને કકળાટ, જેટલાં વાણીવડે બહાર આવે છે તેટલાં બાળકોના કાનમાં જઇ અંદર ગયા વિના નથી રહેતાં. આપણે તો જાણે ઘરમાં બાળકો વસતાં જ નથી તેમ બોલીએ છીએ. આપણને ગુસ્સો આવ્યો કે આપણે બોલીએ, આપણને કંઇ ન ગમતું બન્યું કે બોલીએ, આપણને કોઇ ન

ગમતો આવ્યો કે બોલીએ, આપણે કોઈની પીઠ પાછળ બોલીએ અને આ રીતે બાળકના ઉપર ખરાબ છાપ પાડીએ છીએ.

વળી બાળકો નજરે જુએ છે અને સાંભળે છે કે જ્યારે માણસો આપણી સામે હોય છે ત્યારે આપણે તેને મીઠું મીઠું કહીને હાહા કરીએ છીએ અને તે દૂર જાય છે ત્યારે આપણે તેનું વાંકું બોલીએ છીએ. બાળક પણ તેમજ કરતાં શીખે છે. બાળક જેવું આપણે બોલીએ છીએ તેવું જ બોલતાં શીખે છે એમાં શંકા નથી. વળી બાળક માત્ર પોપટ નથી કે તે યંત્રવત્ બોલતાં શીખશે. આપણી કડવી વાણી કે મીઠી વાણી, આપણી નિંદા કે સ્તુતિની પાછળ આપણા મનની જે સ્થિતિ છે તે પણ તેઓ સમજતાં થતાં જશે અને તેને અંદરથી સ્વીકારશે. આપણા અભ્યાસમાં આ વાણીના સંયમની વાત લક્ષમાં રાખવા જેવી છે.

ગિ.

કેળવણીની નવી દિશા

[અમદાવાદમાં તા. ૬–૩–૪૦ ના રોજ મૅડમ મોન્ટીસોરીએ આપેલું પહેલું ભાષણ]

આજે સમાજમાં મોટાંઓ અને બાળકો બન્ને માટે કેળવણીનો પ્રશ્ન વધુ જરૂરી જણાયો છે. હું એમ કહીશ કે કેળવણીનો પ્રશ્ન એ મોટેરાંઓને વધુ સ્પર્શે છે કારણ કે તેમાં એમનો સ્વાર્થ છે અને એથી જ તેની એમને અગત્ય જણાઇ છે.

સુધરેલી દુનિયા આગળ કેળવણીમાં કેમ સુધારો કરવો એ મોટો પ્રશ્ન છે. એમાં કંઈક એવું ચોકસ, જરૂરી તત્ત્વ ઘટે છેજ–એવી ખામી જણાયા કરે છે કે જેના ઉપર બધી કેળવણીનું મંડાણ થવું જોઇએ. સૃષ્ટિના વિકાસમાં આજે ઘણા પ્રશ્નો અને ગુંચો ઉભી થઇ છે. એમાં સુધારો કરવા માટે નવાં દર્શનની જરૂર છે.

આજે કેળવણીનો પ્રશ્ન માત્ર એની વિગતોમાં અટકી પડે છે. આપણે એ સ્થિતિ વટાવવી જોઇએ. આજે કેળવણીકારો માત્ર શાળાઓમાં બીજી બાહ્ય વિગતો અને અભ્યાસક્રમોમાં ફેરફાર કરવા પૂરતી વાતો કરે છે. એમ કરતાં કોઇ કઠિન વિષયો આવે તો તેને અભ્યાસક્રમમાંથી કાઢી નાખવાની સૂચનાઓ થાય છે. આ જાતના સુધારાઓ પણ અમુક જ લોકોના હાથમાં સોંપવામાં આવે છે કે જેઓ માત્ર પોતાની જ વિચારસરણી અને દૃષ્ટિ પ્રમાણે ફેરફારો સૂચવ્યે જાય છે. આ જાતની વિચારણા ઘણો વખત ચાલી અને હજી ચાલે છે. આમ કરવામાં સમગ્ર જીવનનો તેઓ વિચાર કરતાં નથી પણ જીવનના વિભાગોનો વિચાર કરે છે. તેઓ ચર્ચા કરે છે કે પ્રાથમિક શિક્ષણ જોઇએ અને તે પહેલાંનું શિક્ષણ જોઇએ અને તે પણ અમુક અમુક ઉમરે જ જોઇએ વગેરે રીતે એ વાત માત્ર ચર્ચાનો વિષય બની રહી છે.

પ્રાથમિક શાળા વિષે કંઇ વાતો થાય છે તોયે મોટાંઓ જ ન્યાયાધીશો બની બધી અભ્યાસની વિગતો અને ઉમરનો વિચાર કરે છે. પ્રાથમિક અભ્યાસ પછી માધ્યમિક શિક્ષણનો વિચાર થાય છે. એમાં પણ શું જરૂરી છે એના વિચારો અને નિર્ણયો મોટાંઓ જ કરે છે. આ રીતે બાળકની આખી જીંદગીની વિચારણા મોટાંઓજ કરે છે. આગળ વધતાં તે જ મોટાંઓ મહાવિદ્યાલયની કેળવણીનો પણ વિચાર કરે છે. જે રીતે તેઓ બાળકો માટે નિર્ણયો આપે છે તે રીતે આ મોટાંઓની સમિતિ અહિં પણ નિર્ણયો ને વિચારો

આપેં છે. આ મહાવિદ્યાલયમાં આવનાર ઉંમર લાયક પુરૂષ બનેલ હોય છે. તે કુટુંબવાળો પણ બનેલ હોય છે છતાં જે કેળવણી લઇ તે પોતાનું ભાવિ નિર્માણ કરે છે તે વિષે અભિપ્રાય આપવાનો પણ તેને અધિકાર નથી હોતો. આ રીતે એક અભ્યાસ કરનાર વર્ગ અને એક ન્યાય આપી સુધારનાર એવા બે વર્ગો પડે છે. શાળામાં જનાર પહેલા વર્ગને સ્વયંનિર્ણયનો અધિકાર નથી અને એ રીતે એને બાળક જ સમજવામાં આવે છે. આ રીતે આ પિતા બનેલ શહેરી અને સમાજના જરૂરી બનેલ અંગને પરીક્ષાની બ્હીક અને પ્રોફેસરોના ન્યાય પર અવલંબિત રહેવું પડે છે ! એટલે કે એની માનસિક દશા તો શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી જેવી જ ગણાય છે. તેનો અવાજ ક્યાંય હોતો નથી.

શક્તિથી ભરપૂર એવા માણસ અને માણસના વ્યક્તિત્વની ત્યાં કશી કિંમતજ નથી. અભ્યાસક્રમ રચવામાં એનો અવાજ નથી. શક્તિ ભરપૂર એ દેખાવા છતાં આવી જ દશા પ્રચલિત રહે છે.

કેળવણીના ક્ષેત્રમાં પ્રાથમિક પહેલાંની, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ વગેરે પાયરીઓ બનેલી છે જેને તોડી શકાતી નથી. ઉંચી પાયરીનાને બીજી નીચેની પાયરીમાં પોતાનું સ્વમાન સચવાતું લાગતું નથી.

મેં જ્યારે બાલશાળા શરૂ કરી ત્યારે મને મારા બીજા સાથીદારો ઉચ્ચ શિક્ષણના ધંધાને હું અપમાનિત કરું છું એમ કહેતા હતા. પ્રાથમિક શાળાના શિક્ષકને નીચેના ધોરણમાં શીખવવાનું કહેતાં તે ચીડાઇ જાય છે. તેને અપમાન લાગે છે અને છતાં જ્યારે ત્યાં કામ કરે છે ત્યારે તેને મુશ્કેલીઓ તો આવવા લાગે છે. તે વખતે તેનો દોષ તે બાળકોને દે છે. તેમને તેઓ અણસમજુ કહે છે, શિસ્ત વગરનાં કહે છે અને નાનાં સેતાન કહે છે. આ બધું બનવા છતાં આ પ્રશ્નનો તેઓ સામનો નથી કરતા. સૌથી પહેલી જ કક્ષા એ પછીની ઉંચી કક્ષા માટેની તૈયારી માટે વપરાવી જોઇએ એ વસ્તુ સમજવાને બદલે ચાલુ કક્ષામાં જ સુધારોવધારો કરવાના બાહ્ય પ્રયાસો થાય છે. માધ્યમિક શિક્ષણમાં વિદ્યાર્થી આવી પહોંચે ત્યારે દરેક શિક્ષક એક એક વિષય શીખવવા પૂરતોજ જવાબદાર હોય છે અને તેથી બીજા વિષય પરત્વે તે દરકારજ નથી કરતો. એને માત્ર પોતાના સ્વમાનની પરવા છે. નીચલાં ધોરણોની સ્થિતિની તેમને પડી નથી હોતી. તે તો માત્ર પોતા પરતા અભ્યાસક્રમના એક ટુકડાને શીખવી દેવા પૂરતો જવાબદાર હોય છે. જો આ ન આવડે તો છોકરાઓને ખરાબ કહેવામાં આવે છે. એને માટે ઘરના પાઠ આપવામાં આવે છે. આવા સમયે શિક્ષક બિમાર પડી ગેરહાજર રહે છે તો વિદ્યાર્થીઓના હર્ષનો પાર નથી રહેતો. વિદ્યાર્થીઓને શિક્ષક કે શાળા માટે પ્રેમ નથી હોતો. માત્ર અરસપરસ દ્વેષ અને દુશ્મનનો ભાવ હોય છે. ઓછામાં ઓછું તેઓ શીખે છે અને વધુમાં વધુ શીખ્યાનો ડોળ કરે છે; શિસ્તને બદલે તોફાન દેખાય છે. શિક્ષકની સામે વિદ્યાર્થીઓ નથી હોતા પણ દુશ્મનો હોય છે. શિસ્ત લાવવી એ આવા શિક્ષકોને મન અઘરામાં અઘરો વિષય બને છે. શિક્ષકને પોતાનો વિષય ખૂબ સુંદર લાગે છે, પોતાની પદ્ધતિ સારા લાગે છે અને છતાં તેમાં તે ફાવતો નથી.

એ અટકીને કદાપિ વિચારતો નથી કે આમ કેમ બને છે ? વિદ્યાર્થીઓને શા માટે રસ નથી પડતો ? જ્યારે વિષય રસિક હોય છે ત્યારે એવું શું બને છે કે જે વિદ્યાર્થીઓને અભ્યાસથી વિમુખ કરી દુશ્મનો અને બળવાખોરો બનાવે છે ? જો બધી જ કક્ષાઓમાં આવું બની રહ્યું છે તો આનું મૂળ શોધવું જોઇએ.

પ્રાથમિક પહેલાંની કક્ષામાં પણ આવી જ ખામીવાળી દશા પ્રવર્તે છે તો તેનું શું કારણ છે? નાનાં ત્રણ વર્ષ સુધીનાં બાળકો પણ કેમ સામનો કરતાં હોય છે? એવાં નાના મીઠા આત્માઓ આવા કેમ બની આવે છે? એમના કુટુંબોમાં એવું શું બને છે કે જે એમને બળવાખોર બનાવે છે? આ માટે પણ એના મૂળમાં જવું જોઇએ.

મહાવિદ્યાલયોમાં પણ વિદ્યાર્થીઓ દુશ્મનો જ બની રહે છે. આ માટે ઠેઠ બાલ્યાવસ્થા સુધી જવું જોઇશે. એને માટે કુટુમ્બજીવન પણ જોવું જોઇશે. મહાવિદ્યાલયના વિદ્યાર્થીની આ માનસિક દશાનું કારણ મૂળથી પરંપરાગત ચાલતી આવેલી ભૂલોની હારમાળા છે.

વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ આ સાચું ઠરે છે. ડૉકટરો પણ કોઇ બિમારીનું મૂળ શોધવા માટે આગલો ઇતિહાસ પૂછે છે. કારણ એ સમજે છે કે જીવન એ સમગ્ર છે. એને ટુકડાઓમાં વહેચી નાખી ન શકીએ. કોઇપણ દર્દનું કારણ શોધવા એના મૂળ સુધી જવું જોઇએ. એ જ રીતે કેળવણીના ક્ષેત્રમાં પણ બનવું જોઇએ. મોટેરાંઓનું જીવન કે જે બાળકોની શક્તિઓથી જ બનેલું છે તેવી એ કુદરતી શક્તિઓ અને તેના કુદરતી વિકાસના કાયદાના આધાર પર કેળવણીની રચનાનું મંડાણ થવું જોઇએ. આ જાતના માનસશાસ્ત્રના અભ્યાસપર કેળવણી રચાવી જોઇએ અને અભ્યાસક્રમો પણ રચાવા જોઇએ. આમ થતાં ઘણાં આશ્ચર્યકારી પરિણામે દેખાશે. બાળકોને કામ કરતાં, ચાહતાં અને સમજતાં કરી શકાશે ત્યારે કેળવણી જેવી જોઇએ તેવી બની રહેશે અને જુદે જુદે વખતે જીવન વિકાસને અનુરૂપ તથ મદદ કર્તા થઇ પડશે. એ વખતે એમાં આનંદ, રસ, ઉત્સાહ અને વિવિધતા જણાશે.

શિક્ષકે અથવા પ્રોફેસરે જે મનુષ્યબાળ આ જગતમાં આવે છે તેના દોરનાર બનવું જોઇશે. ઇશ્વરના કાર્યમાં ત્યારે તેઓ મદદ કરનાર બનશે તેવું તેઓ અનુભવશે; જીવન એક સળંગસૂત્ર તેમને દેખાશે. અને ત્યારે જ અતિઘણા કઠિન અભ્યાસક્રમો પણ સરળ બની આવશે.

અનુ: ચંદુલાલ ભટ્ટ

સ્વ. ગિજુભાઇના વિદ્યાર્થીઓ તથા મિત્રોને!

સ્વ. ગિજુભાઇની પુણ્યતિથિ આવતા જૂન માસમાં એટલે ઘણીજ સમીપ આવેલી છે. સ્વ. ગિજુભાઇનાં નાનાં મોટાં સ્મારકોની યોજનાઓ ચાલી રહી છે. સ્વ. ગિજુભાઇનું કાર્ય એટલું વિવિધ રીતે પ્રેરક હતું કે જેથી કરીને તેમને ઠેકાણે ઠેકાણેથી અંજલિઓ અર્પણ થાય તે સહજ છે.

એ અનેકવિધ અંજલિમાં મુંબઇના નૂતન બાલશિક્ષક સંઘ તરફથી એમની એ પુણ્યતિથિને દિવસે એક અંજલિ અર્પવા નક્કી થયું છે. સ્વ. ગિજુભાઇએ અનેકવિધ પ્રવૃત્તિઓ કરી એમનું જીવન ઘણું જ સમૃદ્ધ બનાવ્યું હતું. વિદ્યાર્થીગણ, મિત્રો અને સંપર્કમાં આવેલી વ્યકિતઓનો એમનો પરિવાર પણ બહુ જ વિવિધ અને મોટો હતો. એમનો પત્રવ્યવહાર અને બધાની સાથે સંબંધ રાખવાની તરકીબ પણ અજબ હતી.

એમના જેવી વ્યક્તિના, બધાની સાથેનાં સંસ્મરણો ભેગાં કરીએ તો ગુજરાતી સંસ્મરણ ગ્રંથોમાં એક અદ્‌ભૂત ગ્રંથનો ઉમેરો થાય એ બનવા જોગ છે.

સ્વ. ગિજુભાઇના સંબંધમાં આવેલા બધા વિદ્યાર્થીઓ તથા મિત્રોને આ પત્રદ્વારા અમે જાહેર વિનંતી કરીએ છીએ કે તેઓ આ અમારી અંજલિ યોજનાને પોતાથી બનતી બધી સહાય કરે. સંસ્મરણ સાહિત્યમાં એ ગ્રંથ કાયમી સ્થાન મેળવશે એવી અમને ખાત્રી છે કારણ એ ગ્રંથનું સંપાદન શ્રી. નાનાભાઇ ભટ્ટ તથા શ્રી. તારાબેન મોડકના હસ્તક થવાનું છે. બીજું સ્વ. ગિજુભાઇના મિત્ર વર્ગમાં ઘણા સારા સાક્ષરો આવી જાય છે, એ બધાની સહાય અમે મેળવવા માટે આ જાહેર વિનંતી કરીએ છીએ.

સાથે સાથે જ સ્વ. ગિજુભાઇ પાસે વિદ્યાસંપાદન કરવાનો લાભ જેમણે મેળવ્યો છે એ વિદ્યાર્થીઓને પોતાનાં સંસ્મરણો મોકલવાની વિનંતી કરીએ છીએ.

અમને આશા છે કે આ બધાં સંસ્મરણો અમને મે માસની ૧૫ મી સુધીમાં નીચેને સરનામે મળી જ જશે.

મંત્રીઓ : **સ્મરણાંજલી**
C/o. શિક્ષણપત્રિકા.
હિન્દુકોલોની
દાદર–મુંબઇ ૧૪

અતિરેક

બાલમંદિરમાં કે નૂતનશિક્ષણ પદ્ધતિથી ચાલતી સંસ્થાઓમાં કોઇ બાબતનો અતિરેક એટલે અતિશયતા ન થાય તે ખાસ સંભાળવાનું હોય છે. જેના વડે અતિરેક થાય છે તેનું તરત ધ્યાન ન પણ જાય એ બનવા જોગ છે પણ ત્રાહિત માણસ જે પ્રેક્ષક છે તેનું ધ્યાન વહેલું જાય છે.

આવો અતિરેક નીચેની બાબતોમાં બનતો હોય છે. બોલવામાં, ચાલવામાં, વાતચીતમાં, વસ્તુ લેવા મૂકવામાં, કોઇ પણ પ્રવૃત્તિ, ક્રિયા કે રમતગમતમાં. એટલું બધું ધીમું બોલવું ન જોઇએ કે જેથી બાળકને સાંભળવું કે સમજવું મુશ્કેલ પડે. બહુ જ મુશ્કેલીથી થોડું ચાલી શકાય એ પણ ચાલવાની આદર્શ રીત ન ગણી શકાય. વાતચીતના, વસ્તુ લેવા મૂકવાના કે પ્રવૃત્તિના નજીવા અવાજને મોટું રૂપ ન આપવું જોઇએ. કોઇ બાબતનો અશક્ય આદર્શ રજુ ન કરવો જોઇએ નહિતર પરિણામ ઉલટું આવવા સંભવ છે. કોઇપણ બાબત રજુ કરતી વખતે તો એ આદર્શ રીતે રજુ કરવી જોઇએ પણ બાળકો પાસેથી તેવા વર્તનની આશા કે કડકાઈ ન હોઇ શકે. કારણ એ બાબત ઉપર પ્રયત્નપૂર્વક કાબુ મેળવવાનું તેમને બાકી હોય છે. વાતચીત કે પ્રવૃત્તિ વખતે સહેજ મીઠો ગણગણાટ રહે તે સંભવિત છે. કોઇપણ પ્રવૃત્તિ કે ક્રિયામાં સ્વાભાવિકતા હોવી જોઇએ. કૃત્રિમતા ન આવવી કે લાગવી જોઇએ.

જેમ બોલવા ચાલવાનો તેમ જ પ્રવૃત્તિનો પણ અતિરેક ન થવો જોઇએ. પોતાના શોખના વિષયનો અતિરેક થવા સંભવ છે. સંગીત, ચિત્રકામ, માટીકામ, ગણિત, ભાષાશિક્ષણ, નૃત્ય, રમતગમત, ફરવું, બાગાયત, પશુપાલન વગેરે માંથી પોતાને ગમતા વિષય તરફ વધારે ઝોક આપાઈ જાય તો અતિરેક થઇ જાય છે. બરી

રીતે શિક્ષકે દરેક પ્રવૃત્તિ પ્રત્યે તટસ્થ વલણ દાખવવું જોઇએ. જરૂરી એવી કોઇ પણ પ્રવૃત્તિ પ્રત્યે અંગુલિનિર્દેશ અથવા જરૂરી વેગ આપી બસી જવું જોઇએ; નહિતર શિક્ષક જે બાબત ઉપર વધારે ઝોક આપે તે તરફ બાળકો સ્વતંત્ર પ્રવૃત્તિ તથા તેની પસંદગી કરતાં હોવા છતાં પણ અમુક વખત વધારે ઢળેલાં રહે છે–પ્રવૃત્તિના વેગમાં તણાયા સિવાય રહી શકતાં નથી. આમ કોઇપણ પ્રવૃત્તિને વધારે વજન મળતાં સ્વતંત્ર પસંદગી તથા અન્ય પ્રવૃત્તિને ધક્કો લાગે છે. શિક્ષકની ફરજ એટલી કે જરૂરી વિષયને યોગ્ય વખતે રજુ કરી છૂટવું એટલે અનુકૂલ વલણવાળાં બાળકો એ વિષયને ઝડપી લેશે. આમ કોઇપણ પ્રવૃત્તિ તટસ્થપણે રજુ કરવામાં આવે તો તેમાં અતિશયતા થવાનો સંભવ નથી.

દક્ષિણામૂર્તિ બાલમંદિર,
ભાવનગર.

હેમુભાઈ.

શિક્ષણપત્રિકાના નીચે લખ્યા જૂના અંકોની જરૂર છે. કોઇની પાસે વધારાના હોય તો કાર્યાલયમાં મોકલી આભારી કરે:–

વર્ષ ૧.	બધા અંકો
વર્ષ ૩.	૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૧, ૧૨.
વર્ષ ૪.	૧૧.
વર્ષ ૫.	૮, ૯.
વર્ષ ૬.	૧, ૮.
વર્ષ ૮.	૧.

વ્યવસ્થાપક

કોઇપણ દેશ, જાતિ, સ્ત્રી અથવા પુરૂષ, બનતાં સુધી વિદ્યાપીઠની તાલીમ પામેલ, અનુભવી અને લાયકાત ધરાવનાર મોન્ટીસોરી શિક્ષકની પૂરા સમયને માટે જરૂરીઆત છે. પૂરી વિગતો તથા શીખવવાના અનુભવ સાથે આખરી ફોટો સહિત લખો:—

મિસીસ મનોરમા સારાભાઈ,
ધી રિટ્રીટ: શાહીબાગ: અમદાવાદ.

અગત્યની સૂચના

આ માસિક દરેક મહિનાની વીશમી તારીખે ગ્રાહકોને રવાના કરવામાં આવે છે. ત્યાર પછીના પહેલા અઠવાડિયામાં જો અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહક નંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે.

સરનામાનો ફેરફાર તુરત જણાવવો.

પત્રવ્યવહાર લખતે ગ્રાહકનંબર અવશ્ય લખવો.

લવાજમના દર

દેશમાં	પરદેશમાં	બ્રહ્મદેશમાં
રૂ. ૧–૦–૦	શિ. ૨	રૂ. ૧–૪–૦

વ્યવસ્થાપક, **શિક્ષણપત્રિકા**

ઉમાસદન, હિન્દુ કોલોની, ૪ થી ગલ્લી
દાદર, **મુંબઈ ૧૪**

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઇ ૪
પ્રકાશક: શ્રી. તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલોની, દાદર.

શિક્ષણપત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

જે દુનિયાના મહારથીઓ, રાજાઓ, મહારાજાઓ અને આબાલવૃદ્ધ સૌ માલિકીમાં શક્તિ માને છે; માલિકી ખાતર, કબજા ખાતર, લાખો કરોડો જાનની બુવારી કરે છે અને કરાવે છે તે દુનિયામાં, બાલમંદિર, બાળકની સાચી જ્ઞાનની ભૂખ ઉઘાડવાના યત્નો કરવા નીકળે તે વખતે, આપણને ભૂખની બાતર કોણ બાય છે, બાઇએ નહિ તો બોટ જાય તે બાતર કોણ બાય છે, બીજો બાઇ જાય છે માટે કોણ બાય છે, એ બહુ જોવાનું મળે છે.

સ્વ. ગિજુભાઈ.

વર્ષ ૧૫ | ૧૯૬૬ | :: કાર્યાલય :: દાદર, મુંબઈ ૧૪ | અંક ૩ | વૈશાખ

ઇન્દુનું ફરાક

"ઇન્દુ, આજે નવું ફરાક પેહેરાવ્યું છે. કાલની જેમ બગાડીશ નહિ હોં. સમજી ને?"

"પણ બા, બગડશે તો? મારે રેતીમાં રમવું છે. મારે નવું ફરાક નથી પહેરવું. જૂનું પહેરાવ."

"જૂનાં ફરાક બધાં ધોબીને આપ્યાં છે. અને ત્યાં તો બધાં ઓફીસરોનાં છોકરાંઓ રમવા આવે છે. એમાં જૂનું પહેરીને જા તો કેવું ખરાબ લાગે? ફરવા જવા વખતે પહેરવા માટે જ આ ચાર ફરાક તારા માટે શીવડાવ્યાં છે. સંભાળીને રમીયે ને! ન બગડે એવી રીતે."

"અં અં અં."

"અં અં શું? આયા, બરાબર ધ્યાન રખના. કપડા બહોત મૈલા હોતા હૈ. તુમ બાબાલોક તરફ અચ્છા દેખતે નહિ હૈ."

"નહિ મેમસાબ, બરાબર દેખતી હું. બાબાલોક માનતે નહિ. ફ્રોકમેં મટ્ટી ભર લેતે હૈં. નહિ તો મટ્ટીમેં પાની ડાલકે ખેલતે હૈં."

"ના બા, આયા જુઠું બોલે છે: અમે રેતીના કિલ્લા બનાવીએ છીએ એટલે માટીમાં પાણી નાખીએ છીએ. આ આયા બહુ ખરાબ છે."

"નહિ ઇંદુ, એમ નહિ ચાલે. આયા શાની ખરાબ છે? તે કહે તેમ કરવું જ જોઇએ. સમજીને? આયા ફ્રોકકા ધ્યાન રખના. આજે નવું ફ્રોક પહેરાવ્યું છે."

× × ×

એક બાજુથી વકીલ સાહેબની વસંત અને મીના આવી. બીજી બાજુથી ડૉકટરની નાની છોકરી પણ દોડતી આવતી દેખાઇ. એમને જોઇને ઇંદુ પણ દોડી. એટલા જોરથી દોડી કે રેતીના ઢગલા પાસે જઈ અટકી શકી નહિ ને પડી ગઇ. તરત જ ઉઠી, ફરાક ઉપરની રેતી ખંખેરી નાખી. આયાયે પણ ફરાકને સરખું કર્યું. બંનેએ ફરાક તરફ જોયું. બહુ બગડયું નહોતું એટલે બંનેના મનનું સમાધાન થયું. આજ ઇંદુએ ફરાક ન બગાડવાનો નિશ્ચય કર્યો હતો અને આયા પણ બરાબર નજર રાખી જોઇ રહી હતી. આજ બાજુમાંથી બટલર આવે તો એની સાથે ગપ્પા સપ્પા ન મારવા અને કપ્તાન સાહેબની આયા આવે તેની સાથે પાન તમાકુ ખાવાની મજા ન ઉડાવવી એવો નિશ્ચય આયાયે કર્યો હતો. બંનેની કાળજીથી ફરાક એવું ને એવું જ રહેશે એમાં જરાયે શંકા ન હતી.

બાલુ કહેઃ "ચાલ ઇંદુ, આપણે સિંહગઢ બનાવીએ. મેં ગઢ ઉપર મૂકવા માટે તોપ આણી છે. તું સિપાઈ લાવવાની હતી ને?"

વસંત કહેઃ "આપણે આજે શિવાજીનો ભગવો ઝંડો ફરકાવીશું હોં."

ઇંદુને વસંત અને બાલુની વાત બરાબર સમજાતી નહોતી પણ તેને તે બહુ ગમતી હતી, બહુ સુંદર લાગતી હતી. સિપાઇ, તોપ, બંદુક, લડાઇ એ શબ્દો જ એને મોહક લાગતા હતા. વસંત બાલુ જરા મોટા હતા એટલે હમેશાં શિવાજીની લડાઇની વાતો કર્યા કરતા અને બાલુએ તો વળી હમણાં જ સિંહગઢનું ચિત્રપટ જોયું હતું એટલે સરસ વાત કરતો હતો.

હાં હાં કરતા સિંહગઢ મોટો થવા લાગ્યો. એક વકીલની છોકરી પાસે જ નાની ડોલ હતી. બીજાં બધાં ફરાકની ચાળમાં જ રેતી ભરીભરીને લાવતાં હતાં. ઇંદુ પહેલાં પહેલાં તો મુઠી ભરીભરી રેતી લાવવા માંડી પણ તેને લાગ્યું કે મુઠીમાં તો ઘણી થોડી રેતી આવે છે. મિનાએ એની ધાધરીમાં ખૂબ રેતી ભરી. તરત જ ઇંદુએ પણ ફરાકમાં

રેતી ભરવા માંડી અને બંને જણ બાલુ પાસે જઈ હસતાં હસતાં કહેવા લાગ્યાં, "આમ જો બાલુ, અમે કેટલી બધી રેતી આણી ! હવે તો સિંહગઢ પૂરો થશે ને ?" "નારે ના, આજ તો બૂબ મોટો કિલ્લો કરવો છે. હજી ઘણી રેતી જોશે. બાલુ, જા, તું આ ડોલમાં પાણી ભરી આવ. બીજાં બે ત્રણ બાળકો પણ પાણી લેવાં ગયાં. ઈંદુને પણ જવાનું મન થયું. તેણે વકીલની છોકરીને કહ્યું, "મને એક ડોલ લાવી દેને." હજી તો એ પૂરું બોલી નહિ ત્યાં આયાનો કરડો અવાજ સંભળાયો, "બાબાલોક, ફ્રાક બિગડતા હૈ. ઇધર આવ. બેંચ પર બૈઠ જાવ."

ઈંદુના પેટમાં ફાળ પડી. તેણે પોતાના ફ્રાક તરફ જોયું. બહુ બગડયું નહોતું. ઈંદુ એકદમ દોડતી આયા પાસે ગઈ. આયા પાસે ફ્રાક સાફ કરાવી લીધું. આયાએ રૂમાલથી ફ્રાક સાફ કરી દીધું. પણ હજી તો એ સાફ કરે છે ત્યાં કમિશ્નરનાં બાળકો ત્યાં રમવા આવ્યાં. તેની સાથે આજ નવો જ માણસ હતો. આયાના ગામનો. એક મહિનાની રજા ઉપર ગયો હતો તે આજે જ પાછો આવ્યો હતો.

આયાએ ઈંદુને સાફસૂફ કરીને બાંક પર બેસાડી તે જ વખતે ઈંદુના બા બાપા મોટરમાં બેસી બાગ પાસેથી કલબમાં જતાં હતાં. દીકરી શાંત બની ફ્રાક ન બગાડતાં બાંક પર બેઠી છે અને આયા બરાબર ધ્યાન રાખે છે તે જોઈ મા ખુશી થઈ; પોતાનો જૂનો સાડલો આયાને આપવાનું એણે મનમાં જ નક્કી કર્યું અને ઈંદુ માટે ચાર નવા ફ્રાક શીવવાનું પણ નક્કી કર્યું. પાસેનાં દરવાજામાંથી કમિશ્નરનાં બાળકોને આવતાં જોયાં ત્યારે તો એને બૂબ જ આનંદ થયો. એક ક્ષણમાં જ એણે કમિશ્નરની દીકરીના ફ્રોકની શીલાઈ જોઈ લીધી. શીલાઈ બહુ સરસ હતી. ઈંદુ માટે એવા જ ફ્રાક શીવવાનું એણે નકકી કર્યું. આજ બહુ જ ખુશી થતી તે કલબમાં ગઈ. કમિશ્નરનાં છોકરાંઓ સાથે ઈંદુ રમશે એ વિચાર પણ એને આનંદ આપતો હતો.

બગીચામાં ૫।૧૦ મિનિટ ઈન્દુની બાની કલ્પના પ્રમાણે ચાલ્યું. પણ થોડીવાર પછી આયા નવા નોકર સાથે વાતે વળગી અને ઈન્દુ કયારે પલાયન કરી બાલદી લઈ પાણી ભરવા લાગી તેની તેને ખબર જ પડી નહિ. ઇન્દુને પોતાને પણ ખબર ન પડી. બાલદીમાંથી થોડું થોડું પાણી શરીર ઉપર ઢોળાવા લાગ્યું અને ઉપર રેતી ને ધૂળના થર ચડવા લાગ્યા. આયા વાતોના રસમાં હતી ને ઇન્દુ રમતના રંગમાં હતી. પછી જોઇ લ્યો મજા. આયા પોતાના ગામના જરીયેજર ખબર પૂછતી હતી અને અહિં બધાં છોકરાં સિંહગઢની વાત ઉછળી. ઉછળીને કરતાં હતાં. ઈન્દુને આ વાત એટલી બધી ગમી કે તે આનંદથી રેતીમાં આળોટવા લાગી. પણ મજા એ હતી કે પોતે આળોટે છે એનું એને ભાન નહોતું. કમિશ્નરનાં બાળકો આ બધું જોવા લાગ્યાં. કિલ્લો તો એમને પણ બહુ ગમ્યો. બાલુની વાતમાં પણ એમને વગર સમજ્યે રસ પડયો. પણ બીજાં છોકરાંઓ સાથે રમવાની તેમની બાએ સખત મનાઈ કરેલી હતી એટલે મિઠાઈની દુકાન સામે જોઇ મોઢામાં પાણી છૂટતાં બાળકોની જેમ તેઓ ત્યાંથી આગળ નીકળી ગયાં.

બાલુના દુહા શરૂ થયા. બાળકો નાચવા લાગ્યાં. ઇન્દુ પણ નાચવા લાગી. પાણી ઢોળાવાને લઈને અને હમણાં જ ધૂળમાં આળોટવાથી ફ્રાકની શી દશા થઈ હતી તેની તેને ખબર જ નહોતી. તેની આંખો તો બાલુના વાત કરતા થતા હાવભાવ પર ચોંટી હતી; બીજાં બાળકો નાચતાં હતાં તેના ઉપર ચોંટી હતી. તેને જોઇ જોઇ પોતે ઉડતી હતી, હાથ હલાવતી હતી અને નાચતી હતી. આનંદની ટોચ ઉપર પહોંચી ગઈ હતી.

ત્યાં તો ગર્જના થઈ. વિજળી ચમકી. આકાશમાં નહિ, જમીન ઉપર !

"કેમરે ઇન્દુડી ! આ શું માંડયું છે? જોડ ઓડ વળગ્યું છે કે શું ? આયા, આવું જ ધ્યાન રાખે છે કે? જો આ શું કરે છે? એનું ફરાક જો."

આયા હેબકી ગઇ, ઇન્દુ પણ ગભરાઈ.

ઇન્દુએ પોતાના ફરાક તરફ જોયું. આયાએ ઇન્દુ તરફ જોયું.

ઇન્દુનું ફરાક નહિ પણ હાથ, પગ, મોં બધું જ ધૂળ ધૂળ ભર્યું હતું.

ઇન્દુ ગભરાઇ. હવે તો બા મારવાની જ. પોતાના ભાઇબંધો દેખતા જ. આ વિચારથી તે ગભરાઇ અને સામી દિશામાં દોડી. આયાએ એને પકડી. કમિશ્નરનો નોકર પણ તેની મંડળીને શોધવા લાગ્યો. પણ બીજો નોકર એની સાથે હતો એટલે ઠીક થયું નહિતર એની પણ ઇન્દુ જેવી જ દશા થઇ હોત.

ઇન્દુની બા આનંદથી આજ ત્રણ દિવ રમી હતી. તેને મનમાં થયું કે લાવને આજ ઇન્દુને મોટરમાં ફરવા લઈ જાઉં એટલે કોઈ દિવસ નહિ ને આજે જ તે બાગમાં આવી હતી. જુએ તો ઇન્દુના આ દીદાર ! તેને એટલો સંતાપ થયો કે ઇન્દુનો કાન પકડી તેને મોટર પાસે લીધી.

ઇન્દુ શરમ અને અપમાનથી જીવતી મરવા જેવી થઇ ગઈ. આટલીક નાનકડી એવી સાડાત્રણ વર્ષની છોકરી એને વળી અપમાન શું ?

ઇન્દુની બાને પૂછો જોઉં કે ઇન્દુ તે રાતે આટલી બધી શા માટે રડી ? રાતે ઉંઘમાં પણ તે હીબકાભરી રોતી શા માટે જાગી ઉઠતી હતી ? બીજે દિવસે એ બગીચામાં રમવા શું કામ ન ગઇ ? થોડા દિવસ સાવ બાઘા જેવી કેમ બની ગઇ ? અને પછી વધારે હઠીલી અને ચિડિયા સ્વભાવની કેમ બની ગઇ ?

ઇન્દુની બાએ ખાત્રીપૂર્વક અને કંટાળા ભરેલા અવાજે કહ્યું. "એનો સ્વભાવ જ એવો છે. કેટલાં લાડ લડાવીએ છીએ પણ એ સોગીઆ જેવી મટતી જ નથી. પરમ દિવસે જ તેને ઘણાં બધાં રમકડાં લાવી દીધાં છે. રોજ નવાં નવાં કપડાં લઇ આપું છું એમ કહું તોયે ચાલે. બાવા પીવાનું પણ સારું સારું જ આપું છું પણ એનું મોં આનંદી જણાતું જ નથી. એનું શું કરવું ? નશીબ મારા. બીજું શું ?

વાચક ! તને પણ શું એમ જ લાગે છે ?

તા.

સ્વ. ગિજુભાઇના પત્રો

ભાવનગર, તા. ૨૧-૧૨-૩૯

શ્રી તારાબેન

આપની પાંચમી શંકા નીચે પ્રમાણે છે:—

"કોઇ બાળક અમુક વસ્તુ લે છે. એ જ બીજું બાળક માગે. ન આપે તો આપણે આંચકો જઇએ ત્યારે મારે. એમાં લડાલડી થાય, અથવા રડારડી થાય ત્યારે કેમ કરવું ? દરેક વસ્તુ દરેક બાળકની સ્વતંત્ર સાખ્યની કે શું ?

બાલમંદિરમાં આવા બનાવો બનતાં મેં જોયા છે. એ સંબંધે હું મારો અનુભવ અને વિચાર આ પ્રમાણે ધરાવું છું. વસ્તુઓ માટે બાળકો અંદર અંદર લડે છે તે વખતે આપણે બે વિચારો કરવાના હોય છે: એક તો વસ્તુની કેળવણી વિષયક કિંમતનો અને બીજો બાળકની પોતાની મનોવૃત્તિ કે મનસ્થિતિનો.

બાલમંદિરમાં તેવી વસ્તુ જોઇએ કે જેને

આપણે સાધન કહીએ. સાધનની વ્યાખ્યા જેવું હું એક આગળના પત્રમાં લખી ગયો છું. જે વસ્તુના વપરાશ સાથે એટલે કે વપરાશની ક્રિયા વડે બાળક અજ્ઞાત દશામાંથી જ્ઞાત દશમાં જાય અને જેમ હોડી એક છેડેથી બીજે છેડે માણસને મૂકે છે અને માણસ જ્યાં હતો ત્યાંથી જ્યાં જવું હતું ત્યાં પહોંચે છે તેમ બાળક જે વસ્તુ વડે એક પારથી બીજે પાર જાય છે તેને સાધન કહેવામાં આવે છે. દરેક વસ્તુ માત્ર આકર્ષક હોવાથી કેળવણીનું સાધન બની શકતી નથી. જેમાં આપણે કેળવણી વિષયક કિંમત આરોપીએ તે વસ્તુ પણ સાધન બની જતું નથી. માત્ર તર્કથી કે ગણિતથી આપણે જે કોઇ વસ્તુને કેળવણી વિષયક ઠરાવીએ અને તેથી તે બાળકને વિકાસક નીવડશે એમ માનીએ તો તેમ ઠરાવવાથી કે મનાવવાથી તે વસ્તુ કેળવણી વિષયક બનતી નથી. તે તો બાળકના તે પ્રત્યેના આકર્ષણ વડે, તે વસ્તુ તે કેવી રીતે વાપરે છે તેના વડે, તે વસ્તુમાં જે આપવાની શક્તિ છે તેની પ્રાપ્તિ વડે અને એ પ્રાપ્તિને પરિણામે બાળકમાં જે પ્રસન્નતા અને શાંત આનંદ ઉપજે તે ઉપરથી આપણે કહી શકીએ. આ વસ્તુને બાલમંદિરમાં સાધનો કહેવામાં આવે છે. આ સાધનોવાળું જે બાલમંદિર હોય અને તેમાં સાધનોને યોગ્ય એટલી ઉંમરનાં બાળકો હોય અને આ સાધનો કેમ વપરાય તે શિક્ષકે યથાર્થ રીતે બતાવ્યું હોય તો બાળકો સાધનો ઉપર તલ્લીન થશે. સાધનોમાં રહેલ કેળવણી કે વિકાસક બળ વડે તે વિકસિત થવા માગશે. એટલે કે સાધન પરત્વે તેની સમગ્ર વ્યક્તિના આઘાત પ્રત્યાઘાતો અનુકુળ રીતે થવા માંડશે. તેનું એક લક્ષણ એ છે કે બાળક સાધનને વારંવાર વાપરશે; વાપરતી વખતે આનંદ વ્યક્ત કરશે; તે વાપર્યા પછી પ્રસન્ન થઇ તેને જે શક્તિ મળ્યાથી આનંદ થયો તે પ્રગટ કરશે અને તેમાં સાથ મેળવવાને મિત્રોને શોધશે અને જેણે આવાં સાધનો ત્યાં મૂક્યાં હશે તેના ઉપર જાણે કે ઉપકૃત બુદ્ધિથી જોશે અને તેના પ્રત્યે પ્રેમની સાંકળે સંધાશે. આ બધું હરકોઇ વસ્તુમાંથી ન નીપજે, સાધનમાંથી નીપજે. હવે જો તમારા બાલમંદિરમાં સાધનો ન હોય પણ વસ્તુઓ જ હોય તો બાળકોમાં એકાગ્રતા, પ્રસન્નતા, શાંતિ અને સહકારને બદલે વ્યગ્રતા, અશાન્તિ, મારામારી, લડાલડીના દેખાવો થાય તો તે બનવા જોગ છે. દેખીતી રીતે ઉપયોગી વસ્તુઓની અંદર વિકાસક તત્ત્વ ન હોય તો બાળકો તે લેશે, મૂકશે ને ઘડીકમાં કામધંધા વિનાનાં થઇ લડશે અને રડશે. અથવા તો એક બાળક લેશે તે બીજાં લેવા દોડશે. પેલું બાળક લીધેલું આપશે નહિ એટલે લડવાડ થશે, ખેંચાખેંચ થશે, રડવાનું ચાલશે. જે ચીજો બાલમંદિરમાં લડાલડી કરાવે, રડાવે તે ચીજો સાધનો છે કે નહિ તે પ્રથમ વિચારવાનું છે; પછી સાધનો બાળકોની ઉંમરનાં છે કે કેમ તે જોવાનું છે અથવા તો સાધનોનો શો ઉપયોગ છે તે બાળકો જાણે છે કે નહિ તે તપાસવાનું છે. ગમે તે વસ્તુઓનો ઢગલો બાલમંદિરમાં કરી દેવાથી તે શિક્ષણ વિષયક સાધનો બની શકશે નહિ. આ માટે તો ક્યાં સાધનો બાલમંદિરમાં રાખવાં અને શા માટે રાખવાં તેને માટે લાંબા પ્રયોગો કરવા પડ્યા છે અને પ્રયોગોને અંતે તેનો સ્વીકાર અસ્વીકાર કરવો પડે છે.

ધારો કે સાધનો તો વિચારકોએ અખતરા અને અનુભવને અંતે મૂકેલાં છે છતાં પણ સાધનોએ જે આઘાત પ્રત્યાઘાત કરવા જોઇએ તે સાધનો પરત્વે થતા નથી અને એક બાળક જે કંઇ ઉપાડે છે તે બીજું લેવા દોડે છે અને કોમકાજ અટકી પડે છે તો શું કરવું? બાલમંદિરમાં જે વખતે બીજાં બાળકો વ્યવસ્થિતપણે પોતાનું કામ સ્વયં

કર્યે જતાં હોય તે વખતે એકાદ બાળક કોઇની વસ્તુ લેવા દોડે, ખેંચાખેંચ કરે તો આપણે તેને તેમ કરવા દેવું નહિ. વસ્તુને પહેલેથી વાપરતાં બાળક પાસે રહેવા દેવી અને ખેંચનારને તેનાથી અલગ કરવું. આ અલગ બાળક બળવાન હશે તો ખેંચવા દોડશે, લડવા દોડશે અને નબળું હશે તો રડવા બેસશે. ગમે તેમ થાય તોયે ખેંચવાનો કે બીજાને ગડબડ કરવાનો હક નથી એટલે તેને છૂટું પાડવું જ જોઇએ. તે માગે કે તુરત તે વસ્તુ બીજા પાસેથી લઇને માગેલી વસ્તુ આપવી ન જોઇએ અગર તો આપણે તેને તેવી જ વસ્તુ તુરત પૂરી પાડવાની જરૂર નથી. ખરી રીતે અને ઉંડાણથી વસ્તુ, વસ્તુમાં રહેલ તત્ત્વ માટે નથી જોઇતી પણ વસ્તુ લેવા ખાતર જ લેવી હોય છે. તેની નજરમાં વસ્તુના રહસ્યનું આકર્ષણ નથી. જો તેમ હોતં તો તે વસ્તુને ખેંચત નહિ. નહિતર તે પોતાનામાં રહેલ આકર્ષણના જેવું જ આકર્ષણ તે બીજનામાં નજરોનજર અનુભવત, બીજના આકર્ષણને માન આપત, તેનામાં રસ લેત, તેને મદદ કરત, તેની ક્રિયા જોઇ આનંદ પામત. પરંતુ જ્યારે તે સાધનમાં સાધન નથી જોતું અને માત્ર વસ્તુ જુએ છે ત્યારે તે માત્ર બાહ્ય દ્રષ્ટિથી બીજાના હાથમાં છે તેથી જ તે પોતાના હાથમાં લેવા અને તે જેમ કરે છે તેમ કરવા દોડે છે અને તે વખતે તે બીજા પ્રત્યે અસન્માન, ક્રોધ, અધીરજ, લડાલડી, રૂદન વગેરે બતાવે તો તે સ્વાભાવિક છે કેમકે જ્ઞાનનું સાધન, કોઈ માણસની નજરમાંથી ખસી જઇ; કેવળ વસ્તુ બને છે ત્યારે તે માણસની દૃષ્ટિમાં અંધકાર પેદા કરે છે અને માણસની વિવેકબુધ્ધિ ભ્રષ્ટ થાય છે.

કોઇપણ વસ્તુની અંદર વિકાસક તત્ત્વ હોવું જોઇએ. વિકાસની ભૂખને તૃપ્ત કરનારું યોગ્ય સાધન મળે તો બાળક તે સાધન પરત્વે એકાગ્રતા તથા પુનરાવર્તન બતાવે છે અને પરિણામે વ્યવસ્થિતપણું અનુભવે છે; શક્તિના બધા પ્રદેશપર પ્રગતિ અને પ્રકાશની ઝાંખી કરે છે. ઉલટું ભૂખ વિના માત્ર કબજા ખાતર જ બાળક જ્યારે વસ્તુ લેવા દોડે છે ત્યારે તે વસ્તુના પરિગ્રહ સિવાય બીજું કરવા માગતું નથી અને એ વાત તો ઉઘાડી જ છે કે વસ્તુના માત્ર પરિગ્રહમાંથી સ્પર્ધા અને આખરે મહાયુદ્ધ જન્મે છે. વિકાસની ખાતર લેવામાં આવતી વસ્તુ પ્રત્યે બાળકની અભિમુખતા જ્ઞાનપિપાસુની હોય છે. તેનો હેતુ વસ્તુને સંગ્રહવાનો કે કબજે કરવાનો નહિ પણ તેમાં રહેલ તાકાદને લેવાનો હોય છે. તે વસ્તુ પ્રાપ્ત થતાં તે વસ્તુને છોડી દે છે કેમકે તે તેને નકામી સમજાય છે. નદી પાર કર્યા પછી કોઇ હોડીને ગળે બાંધી ઉંચકી નથી લેતું. વસ્તુ જ્ઞાન આપનારી હોય છે ત્યારે તેનો કબજો લેવાનું ગૌણ બને છે માત્ર તેનો ઉપયોગ કરવાનું તેને ગમે છે. તેની મૈત્રી કરી તેનાથી આગળ વધવું તેને પોસાય છે. એટલે જ બાલમંદિરમાં સાધનો વડે બાળકો રમતાં જાય છે ને રમ્યા પછી સાધનોને તેની જગા ઉપર મૂકતાં જાય છે. એટલે જ સાધનોને તે પકડી રાખતાં નથી પણ તેનાથી શક્તિ મળતાં તેનાથી સ્વતંત્ર બની જાય છે. એટલે જ પોતે જે જાતનો અનુભવ કરતાં હોય છે તે જાતનો અનુભવ બીજાં બાળકો કરે છે માટે જોની તોની વચ્ચે તેઓ પડતાં નથી. આત્માનુભવમાંથી તેઓ સંયમ અને વિવેક શીખે છે. તેઓ પોતાને જોઇતું સાધન બીજા પાસે દેખે છે તો પણ તે માટે રાહ જુએ છે અને તેમને ખાત્રી છે કે ઉપયોગ પૂરો થતાં તે સાધન તેમને માટે ખુલ્લું છે એટલે તેમની ધીરજ સંયમ રૂપે પરિપાકને પામે છે. સાધનો માલિકીની વસ્તુ નથી પણ વપરાશની વસ્તુ છે; ઉપભોગની વસ્તુ નથી પણ ઉપયોગની વસ્તુ છે; પરિગ્રહની વસ્તુ નથી પણ પરિચયની વસ્તુ છે એમ તેને સમજાયું હોવાથી તેને ભય નથી કે સાધનો તેના હાથમાં

આવશે જ નહિ. સાધનો હવા અંજવાળાં પેઠે સૌ માટે ખુલ્લાં છે એ જ્યાંલ બાલમંદિરમાં બાળકોને પરસ્પર વચ્ચે ખેંચતાણ, સ્પર્ધા અને લડાઇમાંથી બચાવે છે. આથી જ્યારે ઉલ્ટું બને ત્યારે તેને સુધારવા માટે સાધન કેળવણીવિષયક મૂકાવું જોઇએ અને બાળકની ભૂખ એને માટેની ઉઘડેલી હોવી જોઇએ તેનો વિચાર થવો જોઇએ.

પણ બાળકની ભૂખ મોટાંઓએ મારી નાખેલી હોય છે. મોટાંઓની વચ્ચે રહીને તે એમ જોઈ શકયું છે કે જે કાંઇ હોય તે એકઠું કરવા જેવું છે. ઉપયોગ કે તેના વિકાસક લાભનો વિચાર કર્યા વગર માત્ર ચીજો પાસે રાખવી એ કાંઇક યોગ્ય છે એમ બાળકના મનમાં ઘુસે છે અર્થાત મોટાંઓની અવિચારી પરિગ્રહવૃત્તિ અને વર્તનની છાપ તેના મન પર ચોંટે છે. ઉપલક આકર્ષણ તેને ખેંચે છે. અંદરથી કાંઇ ન જડે તો પણ તે પાસે રાખવા ખાતર પાસે રાખે છે અને ઢગલાબંધ ચીજો એકઠી થયાં છતાં તેમાં ઉમેરો કર્યે જાય છે. તેના દાખલા દરેક ઘરમાં છે. જે તેમના માબાપો કરે છે તે જ બાળક કરે છે. અહેતુક અનેક વસ્તુઓ કેમકે તેની બજાર કિમ્મત છે, કેમકે તે એકવાર ઘરમાં આવી છે, કેમકે તેનો કોઇવાર ઉપયોગ થશે, કેમકે તે લીધા પછી નાખી કેમ દેવાય એમ કરીને માબાપો તે રાખે છે. બાળકનું વર્તન તેનો પડઘો છે. જ્ઞાન કે શક્તિ વધારવાના સાધન રૂપે જ સમગ્ર વસ્તુ-સંચય હોઇ શકે તેવું ભાન બાળકને મળતું નથી. જ્ઞાન ન થાય તોપણ. વસ્તુ સંચયમાં માલીકીનું મમત્વ મૂકી, પરિગ્રહસંબંધે જે જ્ઞાનદૃષ્ટિ જોઇએ તે બાલ્યાવસ્થાથી જ આંધળી કરવામાં આવે છે. માણસજાતનાં અંધાપામાં ઉછરતું બાળક પણ આંધળું હોય અને તે પણ વસ્તુ જ ભેગી કરે, કુબજો કરવા દોડે તો આશ્ચર્ય નથી. જે દુનિયાના મહારથીઓ, રાજાઓ, મહારાજાઓ અને આખાલ-વૃધ્ધો સૌ માલીકીમાં શક્તિ માને છે, માલીકી ખાતર, કબજા ખાતર, લાખો, કરોડો જાનની ખુવારી કરે છે અને કરાવે છે, તે દુનિયામાં બાલમંદિર બાળકની સાચી જ્ઞાનની ભૂખ ઉઘાડવાના યત્નો કરવા નીકળે તે વખતે આપણને ભૂખની ખાતર કોણ ખાય છે, ખાઇએ નહિ તો પોટ જાય તે ખાતર કોણ ખાય છે, બીજો ખાઇ જાય છે માટે કોણ ખાય છે એ બહુ જોવાનું મળે છે.

બાલમંદિર પરિગ્રહ તરફનું વલણ કેવું જોઇએ તેનો વિચાર કરે છે. ઉન્નતિ માટે જ સાધન ગ્રાહ્ય છે, ઉન્નતિનો સાધનો થતાં સાધન સાપની કાંચળી પેઠે સરી પડે તેવું વલણ બાળકમાં મૂળે છે અને માણસમાં હોવું જોઇએ. તે દબાઇ ન જતાં ખીલી ઉઠે તે માટે બાલમંદિર અનુકૂલતા રચે છે.

માણસ જાતે જોઇએ તેથી વધારે કશું જ ન રાખવાનો પુરાણો સત્ય સિધ્ધાન્ત બહુ કાળથી છોડી દીધો. 'કોઇનું કંઇ ધન લેવું નહિ' 'તું તારા પાડોશીની ચીજનો લોભ કરીશ નહિ' એ વચનો ઉદ્‌ગારાયાં તે પહેલાંના કાળમાં માણસ પરિગ્રહની પીડા વિનાનો અને મુકત હતો. એ એક જ માર્ગ માણસને સુખ અને શાંતિ આપી શકે તેમ છે. પોતાને જરૂરી જેટલું જ રાખવું, વિકાસક હોય તેટલું જ લેવું, જરૂર પૂરી થએ છોડીને ચાલ્યા જવું એ આર્યોની ભાવનાનો પુનરુધ્ધાર પૃથ્વી માગે છે.

બાળકો માગે તેટલી વસ્તુઓ વસાવીને બાળકોમાં વ્યકિતપરિગ્રહવાદ અને વૃત્તિ ન જગાડીએ. ઉપયોગી સાધનો તો સૌ વારા ફરતી અગર બને તો ભેગાં મળીને ઉપયોગ કરે એ નિયમ આપણે અમલમાં રાખવો જોઇએ. વ્યકિતસ્વાતંત્ર્ય વ્યકિતગત મિલ્કતમાં નથી. વ્યકિતનું સ્વાતંત્ર્ય મિલ્કત સાથે બંધાતા વ્યકિતને પરાધીન બનાવે છે. વ્યકિતસ્વાતંત્ર્ય મિલ્કતને માત્ર તકાળ

ઉપકારક સાધન ગણી, સાધના પૂરી થતાં ત્યજી દેવાની શક્તિમાં છે. એવા પ્રકારની મનની સ્વતંત્રતામાં સ્વાતંત્ર્ય છે. જે માણસ મિલ્કતથી પર છે તે મિલ્કતનો સ્વામી થઇ શકે છે અને તેનો ત્યાગ પણ કરી શકે છે. બાળકોને મિલ્કતના માલિકો બનાવવા નહિ પણ તેમાં રહેલા જ્ઞાનના માલિક બનાવવા. માબાપોએ બાળકોને હમેશ એ દૃષ્ટિ આપવી કે કામ પૂરૂં થતાં વસ્તુ ત્યજી દેવા યોગ્ય છે. ઉપયોગ વિનાની દેખીતી કિમતી વસ્તુ નાખી દઇ માબાપે બાળકને વસ્તુની સાચી કિંમત પ્રબોધવાની છે. બાલમંદિર કે શાળામાં બોટાં સાધનો લાવી જ ન શકાય. નકામા સંગ્રહો માત્ર શોભા ખાતર કે સંગ્રહ ખાતર કરી ન જ શકાય.

જેઓ અપરિગ્રહના રહસ્ય સંબંધે અબૂજ છે તેઓ તો પરિગ્રહવૃત્તિને ઉપયોગી વૃત્તિ સમજે છે. બાળકમાં તે સહજ છે એમ પણ કહે છે. અને બાળકને પરિગ્રહ કરતું જોઇ રાજી થાય છે. એટલું જ નહિ પણ તેના પરિગ્રહને ઉત્તેજન આપે છે. પણ વાત એમ છે કે પરિગ્રહ વૃત્તિવાળો માણસ આજે એજ વસ્તુની હિમાયત કરી શકે, એજ એનું માનસશાસ્ત્ર હોઇ શકે, એજ એનું કેળવણીનું સાધન હોઇ શકે અને એજ આખરે સ્પર્ધા, દ્વેશ, વિગ્રહ અને વિનાશનો માર્ગ બની શકે. માનવજાતની દૃષ્ટિ બહુ કાળથી અંધ થઇ ગઇ છે તેનું આ ફળ છે. માનસશાસ્ત્રીઓ possessive instinct (એકઠું કરવાની વૃત્તિ, નો સ્વીકાર કરી, પછી બીજાની મિલ્કતના રક્ષણની વાતો કરે છે. Respect for property (મિલ્કત તરફ માનદૃષ્ટિ) નો વિચાર આચાર એ પણ પરિગ્રહ સંબંધીની બોટી દૃષ્ટિમાંથી ઉપજેલ છે.

આપણે આજે બાળકના collecting spirit (એકઠું કરવાની ઇચ્છા) ને ઉત્તેજીએ છીએ. બાળકોના સંગ્રહોને નિર્દોષ કહી તેના ઉપર કાવ્યો રચીએ છીએ. પણ તેમાં જ્ઞાન કે શક્તિ પ્રાપ્ત કરવાના આંતરહેતુ વિનાના અસંબદ્ધ એવા માત્ર વસ્તુ સંચયમાં કેવળ બોજો છે. તેમાંથી માલિકી, કજીઓ અને તકરાર સિવાય કંઈ નીપજતું નથી. તેના રક્ષણ માટે આપણે કાયદા અને આચારો ઘડવા પડે છે. એ બધું તેની સાચેસાચ બોટી કિંમત ઉઘાડી પાડે છે.

પણ બેન, આ તો જાણે કે કાગનો વાઘ કરી મૂક્યો. એક બાળકે, ચીજ બેંચી એમાં આટલું બધું લખાણ? પણ શું કરીએ? તાંતણો બેંચતાં તેની પાછળ કયાંનું કયાંય બેંચાઇ જવું પડે છે. અને અંતે એવી જગ્યાએ આપણે આવવું પડે છે કે આજની પરિગ્રહની આપણી દૃષ્ટિ આપણે બદલવી જોઇશે. એવી વસ્તુઓ જ ન સરજાવી જોઇએ કે જેનો વિકાસમાં સાચો ફાળો જ ન હોય અને એવી દૃષ્ટિ ઉઘાડવી જોઇએ કે જે માલિકી અને ઉપભોગની રજમાંથી નિર્મળ બનેલ હોય. જે બાળક બીજાનું બેંચે છે તેની દૃષ્ટિ નિર્મળ કરીશું, તેની વિકાસની ભૂખ કયાં છે તે તેને જોવા દઇશું, તેના મન ઉપર આપણે આપણી કિંમતો ચોંટાડીશું નહિ, ઉપયોગને માટે સૌ સરખાં સમાન છે અને ઉપયોગ વડે આગળ વધવા પૂરતાં જ સાધન, સામગ્રી, તમામ વસ્તુ, સૃષ્ટિની બધી સમૃદ્ધિ છે એવી સમજણ પેદા કરીશું ત્યારે જ માણસજાત બેંચતી, લડતી, રડતી અને એકબીજાની દુશ્મન થતી અટકશે. ત્યાં સુધી બાલમંદિરોએ કામ કર્યા કરવું પડશે.

તમે કહેશો કે પણ પ્રસ્તુત બાળક વિષે શું કરવું? એવા બનાવો બને ત્યારે શું કરવું?

જવાબ એ છે કે બાળકો તેટલાં સાધનો વસાવવાં નહિ. સાધનો વિકાસક હોય તેટલાં એક કે બે જોડી રાખવાં. સૌ મન ગમતાં સાધનો વારા ફરતી લે તેવી સમજણ ઉગાડવી. એટલાં સાધનો રાખવાં કે દરેક બાળકને કાંઇને, કાંઇ

કરવાનું મળી રહે. દરેક બાળકને એકી વખતે એ જ કામ કરવાનું મન થતું નથી. દેખાદેખીને કારણે અર્થાત સાચો અંદરનો પ્રવાહ ન વહેતો હોય તો જ બાળક કોઇનું જોઇ કરવા માગે અને બીજાનું પડાવી લેવા મહેનત કરે. તે વખતે તે મહેનત માગે છે, વિકાસ માગતું નથી. તે બાળકને અલગ બેસાડી બીજાંઓ કેવી રીતે પ્રવૃત્ત છે, પોતાને ગમતું કેવી રીતે લે છે, વાપરે છે અને પાછું મૂકે છે, એક જ સાધન હોય અને બીજાં કોઇએ લીધું હોય તો કેવી રીતે ને કયાં સુધી આદર પૂર્વક રાહ જોવી તે બધું બતાવવું. પણ જો આવું વાતાવરણ બાલમંદિર જમાવી શકયું ન હોય તો આપણે સમજવું કે આપણે સાધનોની કિંમત, ઉપયોગ પરત્વે, તે કેમ ધરવાં તે પરત્વે અને સાધનોની ફિલ્સુફી પરત્વે અને બાળકોની શુદ્ધ અને અશુદ્ધ વૃત્તિઓ સંબન્ધે ઘણું જાણવાનું છે.

પરિગ્રહ અને તેના ઉપયોગ સંબન્ધે આપણે જે વિચારો ધરાવશું તે પ્રમાણે બાલમંદિરમાં સાધનોના ઉપયોગનું વાતાવરણ થશે.

આપણે બાળકને જ્ઞાન પણ એકદમ આપી દેવા ન માગીએ. એટલા માટે સાધનોનો બંદોબસ્ત ઝંટઝટ કરવાનું પણ નથી. આપણે તો જ્ઞાનની પાછળ જીવનની એવી દૃષ્ટિ ઉઘાડવા માગીએ છીએ કે જે દૃષ્ટિ વડે જ્ઞાન અને જ્ઞાન મેળવવાના સાધનનું રહસ્ય તેને સમજાય.

લી.

આપનો ગિજુભાઈ.

Boys Town અથવા બાલનગર

(એક ચિત્રપટનું અવલોકન)

એકાદ ચિત્રપટ બે વખત જોઇએ તો પણ ગમે તો તે ખૂબ જ સરસ એવું મેં મારા માટે નક્કી કર્યું છે. બનતાં સુધી ચિત્રપટ ફરી વખત જોવાની મને ઇચ્છા જ નથી થતી અને થાય અને જોઉં છું તો બહુ ખાસ ગમતું નથી એવો મારા પૂરતો મારો અનુભવ છે. કારણ એટલું જ કે વસ્તુ સમજી લેવાની ઉત્સુકતા અને દૃશ્ય રચનાની નવીનતા મટી ગઇ હોય છે. આ કારણથી મન વધુ ટીકાકાર બને છે અને વધુ પૃથક્કરણ કરી તેમાંથી દોષો વધારે નજરે આવવા લાગે છે.

આજ સુધીમાં બે જ બોલપટો ફરી જોયા છતાં મને ગમ્યાં અને બીજી વખત તે વધુ સુંદર લાગ્યાં. એક ચાર્લી ચેપલીનનું 'મોડર્ન ટાઇમ્સ' અને બીજું 'બોયઝ ટાઉન'.

પહેલું જોતાં ચાર્લી ચેપલીન એ ચિત્રપટના જગતમાં ખરેખર અસાધારણ વ્યકિત છે એની ખાત્રી થાય છે. તેમાં ઘણું અદ્‌ભુત અને સરસ છે પણ શિક્ષણપત્રિકા એના ગુણગાન કરવાનું સ્થાન નથી એટલે તે છોડી દઉં છું.

બીજા 'બોયઝ ટાઉન'નું આપણે નિરીક્ષણ કરીએ. આ ચિત્ર મોડર્ન ટાઇમ્સ જેવું અદ્‌ભુત અને મૌલિક ન કહેવાય. તેમાંના લગભગ બધાં દૃશ્યો ખરા જીવનમાં જેવાં દેખાય છે તેવાં જ આવે છે. ખરા જગતમાં એકાદ દૃષ્ટા હોય છે. તેને એકાદ વાતનું મહત્ત્વ ખૂબ લાગે છે અને તે તેના મનમાં રમી રહે છે. તે દૃષ્ટિથી તે કામમાં લાગે છે. લોકોને આનું કામ રુચતું નથી તે મોટામાં મોટી અડચણ હમેશ આવે છે. બીજા કોઇ થોડાઓને તે કદાચ ગમે તો યે આ ગાંડીઆની જે કલ્પના અને સમજણ

હોય છે તેને અમલમાં લાવવાની વ્યાવહારિક અડચણો આડી આવે છે; તે અડચણો જેઓ તેને મદદ કરતાં હોય છે તેઓની આંગળ વધુ તીવ્ર સ્વરૂપે આવે છે અને તે મિત્રો અને મદદગારો જ આને પાછો ખેંચે છે. પૈસા ક્યાં છે? કામ કેટલું વધી પડશે? બધાને ખાવાનું ક્યાંથી આપીશ? બધાને રાખીશ ક્યાં?

આ બધું સામાન્ય જગતમાં જેમ બને છે તે જ રીતે ચિત્રપટમાં સરળ રીતે દેખાડેલ છે. તેમાં ચમત્કૃતિ ઉત્પન્ન કરનાર કે હસાવતાં હસાવતાં બાણની જેમ હૃદયમાં સત્યને સોંસરું ઉભારી આપે એવા પ્રસંગો નથી પરંતુ ખરા જગતના તાદૃશ્ય ચિતારો ઉત્તમ છે.

એક પાદરી (Monk) ગુન્હેગારોને મળવા જેલમાં જતો. તે કામ કરતાં કરતાં તેને ગુન્હેગારો ગુન્હો શા માટે કરે છે તે વિચાર સૂઝે છે. ગુન્હેગાર જન્મથી જ ખરાબ નથી હોતા; તેમની પરિસ્થિતિ તેમને ગુન્હાહિત કરે છે. તેમના જીવનમાં તેમને પ્રેમ નથી મળ્યો હોતો, તેમના જીવનની પ્રાથમિક જરૂરીઆતો પણ ઠીક રીતે પૂર્ણ નથી થતી તેના પરિણામે તેઓ પતનને માર્ગે જાય છે અને એકવાર ધસડાતાં ક્યાંના ક્યાં પહોંચે છે. આજ રીતે ભયંકર ગુન્હાઓ પણ બને છે એમ એના મનમાં ઊગ્યું.

આવો વિચાર મગજમાં ઘોળાતો હતો તેટલામાં એક દિવસે તેણે રસ્તામાં તોફાની છોકરાઓને રસ્તાપરની દુકાનનાં કાચનાં બારણાં ફોડી, અંદરની ખાવાની વસ્તુઓને ઉઠાવી જતા જોયા.

તેણે છોકરાઓને આશ્રય આપ્યો. કેસ થયો અને કોર્ટમાં વાત ગઇ. દુકાનદાર મોટો શ્રીમંત અને વજનદાર માણસ હતો. તે છોકરાઓનું આવું અયોગ્ય વર્તન કેમ સહન કરે? કોર્ટ તરફથી તે છોકરાઓને સગીર ઉંમરવાળાની જેલમાં જવાનું ફરમાન થતું હતું. તેટલામાં આ પાદરી ગૃહસ્થે, છોકરાઓ વતી પોતાને બે શબ્દ બોલવા દેવાની માગણી કરી અને તેઓને પોતાને કબ્જે સોપવાની વિનંતિ કરી. દુકાનદાર ભારે ગુસ્સામાં હતો. "આજ ગૃહસ્થ આવા છોકરાઓને ચડાવે છે. એટલે એને જરાય ઉત્તેજન ન મળવું જોઇએ!" એમ તેણે કહ્યું. પરંતુ પાદરીનું પૈસાનું વજન ન હતું પણ નૈતિક વજન તો કોર્ટમાં હતું જ. કોર્ટે તેની માગણીનો સ્વીકાર કર્યો. થયું, કામની અર્ધી તૈયારી થઇ ગઇ. છોકરાઓ મળ્યા, તેઓમાં કામ કરનાર કાર્યકર્તા મળ્યા. પણ તેટલાથી થોડું જ કામ થાય છે? ઘણાં સારા કાર્યો પૈસાને લીધે જ અટકી પડે છે. તે દુકાનદારની અને આ પાદરીની ઓળખાણ તો માત્ર છોકરાઓની મસ્તીને લઇને જ થએલી. એ ઓળખાણ વધુ દૃઢ થઇ જુએનાઇલ કોર્ટમાં. દુકાનદાર છોકરાઓની વિરૂદ્ધનો ફરયાદી અને પાદરી છોકરાઓના પક્ષનો વકીલ. આવી વિરોધભક્તિમાંથી જ વિશેષ જોરદાર ભક્તિ નિર્માણ થાય છે. આ દુકાનદાર જ તેનો પૈસાની મદદ કરનાર દાતા બન્યો! તે છોકરાઓને નાતાળના દિવસોમાં ખાવાનું અને રમકડાં લઇ પહોંચાડનાર પણ આ જ દુકાનદાર બન્યો. તેમને જોઇતી કેટલાક એકર જમીન અપાવનાર પણ આ જ માલિક નીકળ્યો. આ રીતે ફાધર ફ્લેનને પોતાના કાર્યથી બાળકોમાં મોટું પરિવર્તન આણ્યું અને એક લક્ષ્મીપુત્રનું અંતઃકરણ પણ બદલ્યું.

ફાધર ફ્લેનનની શાળા શિક્ષણવક્તાઓના મનમાં અનેક વિચાર જાગ્રત કરે એવી ચિત્રપટમાં છે. આ શાળાના અનેક દૃશ્યો દેખાય છે. વિશેષે કરીને નવા આવેલ એક છોકરાને ત્યાંનો જૂનો વિદ્યાર્થી બધી શાળા દેખાડે છે તે દૃશ્ય જોવા મળે છે. તે બધા દિગ્દર્શનમાં ક્યાંય પણ બાંકડા, પાટિયું શિક્ષક વર્ગ વગેરે દેખાતું નથી. તે કોઈ પણ

માસ્તરને આશ્ચર્યજનક લાગશે. ફ્રાંધર ફ્લેમ્નનના હાથ નીચેનો શિક્ષક કે વ્યવસ્થાપક સ્થિતિસ્થાપક જણાતો નથી. તે નગરમાં જાતજાતની ઉદ્યોગ શાળાઓ દેખાય છે. નિયામક મંડળની ચૂંટણી જોવા મળે છે. બાલક ન્યાયાધીશ દેખાય છે; બાળક નગરનો અધ્યક્ષ દેખાય છે; પણ શિક્ષક નથી જ દેખાતા. બાળકોનો મિત્ર અને દિશાસૂચક એ જાતની ફ્રાંધર ફ્લેમ્નનની ભૂમિકા દેખાય છે; ગુરૂ અથવા અધ્યાપકની નથી દેખાતી એ ધ્યાન ખેંચનારી વાત છે.

ફ્રાંધર ફ્લેમ્નને શિક્ષણ આપવાની શાળા કાઢીજ ન હતી. તેને તો બાળકોને જવાબદાર મનુષ્ય-પ્રાણી બનાવવાં હતાં. આત્મસન્માનવાળા બનાવવા હતાં. શિસ્ત અને નિયમન તેમના પર લાદેલું ન હતું; તે અંદરથી આવેલ હતું. શિસ્ત પાળવામાં અને પળાવવામાં પોતાના શહેરની પોતે વ્યવસ્થા કરવાની છે અને જે વ્યવસ્થા સહુને આવશ્યક લાગે તે રાખવી જોઇએ એ બધાની તેઓને સમજણ હતી. આ બધું તેમને સમજાયું હતું એમ દેખાતું હતું. સારાંશ કે એમના વિષે અવિશ્વાસ દેખાડવામાં આવતો નહિ. તે બાળકો ખરાબ હતાં એટલે એમને સુધારવાના મહા ભગીરથ પ્રયાસો ત્યાં થતા નહિ. તેઓને પોતાની વ્યવસ્થા અને નિયમન કરી શકનાર જવાબદાર વ્યક્તિઓ તરીકે સમજવામાં આવતા હતા. દરેક છોકરો પોતાને ગમે તે ઉદ્યોગ કરતો. ત્યાંનો દરેક છોકરો એ દાનધર્મ પર અવલંબીને રહેનાર પ્રાણી ન હતું પરંતુ પોતાની હુશિયારી અને મહેનત પર અવલંબીને રહેનાર સ્વતંત્ર મનુષ્ય હતો.

આજની પરિસ્થિતિમાં મનુષ્યના જીવન-વિકાસમાં આર્થિક સ્વાતંત્ર્ય એ મહત્વનું સ્થાન છે. મોટા શ્રીમંતનો છોકરો બાપની શ્રીમંતાઇ પર રપ વર્ષની ઉંમર સુધી ચેનથી શીખે છે છતાં તેમાં તે સ્વતંત્ર નથી હોતો. ફ્રાંધર ફ્લેગ્નને ગુન્હાહિત વલણ લેનાર છોકરાઓને જવાબદાર નાગરિક બનાવવામાં આ જ તત્ત્વનો ઉપયોગ કર્યો. આર્થિક સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવાની તેને સંધી આપી.

બીજી બાજુથી ઉદ્યોગધંધાની પ્રતિષ્ઠા વધારી. હજામતની દુકાન ચલાવે તે નગરવ્યવસ્થામાં મહત્ત્વનું સ્થાન મળવામાં નાલાયક ન ગણાતો. કુંભારકામ, વેણુકરનું કામ, બુકબાઇંડિંગ કામ કે ખેતીકામ, ગમે તે કામ કરે પણ તે કરીને સ્વચ્છ થયા પછી નગર નિયમનનું કામ ઉત્તમ રીતે કરવામાં આવતું. આ દર્શન આજના સમયે અતિ મહત્ત્વનું ગણાય. આજે બુદ્ધિજીવિત્વ વિશેષ પ્રતિષ્ઠિત અને શ્રમજીવિત્વ હલકું માનવામાં આવે છે. બી. એ. એલ.એલ. બી. કે એમ. એ. જેવા મોટા અભ્યાસક્રમો લઇ માબાપના પૈસા પર તે પૂરો કરી, પાટિયું લગાડી પ્રેક્ટિસ ન મળવાને પરિણામે અર્ધ ઉપવાસી રહેનાર અને કામ ન હોવાને લીધે બધો વખત પત્તાથી રમીને વીતાવનાર સુશિક્ષિત મંડળીને પ્રતિષ્ઠિત જીવન વીતાડવાનો સંતોષ મળે છે. ધંધો કે મજુરી કરવાની ઇચ્છા થતી નથી. આ બાલનગરમાં, આવો આપણા જગતનો પ્રતિષ્ઠિત બેકાર ગયો તો ત્યાંના પોતાના જોરે જીવનાર છોકરાઓ તેને તુચ્છતાની દૃષ્ટિએ જ જોશે તેમાં શંકા નથી.

ચારિત્ર્ય ઘડતરમાં ઉદ્યોગનું શું સ્થાન છે તે પણ આમાં દેખાઈ આવે છે. આ બધા ગુન્હા કરનારાં બાળકો હતાં. એનો અર્થ એમકે વિકૃત માનસ થવાની તૈયારીમાં લાગેલાં આ બાળકો આ કુમારનગરમાં સુધરી જતાં. આનું રહસ્ય ફ્રાંધર ફ્લેમ્નનની તેઓની સાથે વર્તવાની રીતમાં, તેમના સ્વભાવમાંના ઉત્તમ તત્ત્વો બહાર લાવવામાં, તેમની પર મૂકવામાં આવેલી જવાબદારી અને વિશ્વાસમાં અને તેઓને

સહકાર્યકર્તાઓ ગણવામાં તો છે જ પરંતુ તેઓને પોતાને મનગમતા ઉદ્યોગો પસંદ કરી આપવાની યોજનામાં પણ એની સફળતા છે. આપણા કેદખાનાઓમાં, રેફર્મેટરી શાળામાં અને અનાથગૃહોમાં અર્થોત્પાદક ધંધાઓ હોય છે પણ તેના ઉપયોગમાં અને કુમારનગરના ઉપયોગમાં જમીન આસમાનનો ફરક પડી આવે છે. અને આજ કારણે કુમારનગરમાં જે વાત ઉપકારક દેખાય છે તે બીજે તેવી નથી દેખાતી. એનું કારણ શું?

મુખ્ય કારણ ઉદ્યોગ દેનાર અને લેનારની વૃત્તિમાં ફેર. તુરંગમાં કામ શિક્ષા તરીકે લેવામાં આવે છે. તે કામ લેવામાં, બાવા આપીએ છીએ માટે એક ક્ષણ પણ નકામી ન જવી જોઇએ તે વૃત્તિ હોય છે. એટલે કે કામ દેવાની વૃત્તિમાં પણ તેનો પ્રતિધ્વનિ ઉઠે છે. શક્ય તેટલો ત્રાસ આપવો અને તે ભોગવાવવો એ વૃત્તિ ત્યાં સામેપક્ષે હોય છે. આને પરિણામે ઉદ્યોગની ચારિત્ર્ય પર કશી અસર થતી નથી. એથી ઉલટું ઉદ્યોગ તરફ અપ્રીતિ અને દ્વેશ અને ઉદ્યોગ આપનાર તરફ પણ તે જ વૃત્તિ ફકત જાગ્રત થાય છે. તેજ સ્થિતિ શાળામાંથી (Imposition) શિક્ષા તરીકે લખવા અથવા વાંચવાનું કહેવામાં આવે છે ત્યારે અને ઘરમાં શિક્ષારૂપે કામ કરવાનું કહેવામાં આવે છે ત્યારે બાળકના મનની થાય છે. અનાથાશ્રમોમાં પણ બાળકોનો દ્રવ્યોત્પાદનમાં ઉપયોગ કરી લેવો તે વૃત્તિ હોય જ છે. એટલે ત્યાં પણ ઉદ્યોગ એ માનસિક આરોગ્ય આપવામાં અસમર્થ નીવડે છે.

(અપૂર્ણ)

તા.

કેળવણીની નવી દિશા

[અમદાવાદમાં તા. ૭–૩–૪૦ ના રોજ મેડમ મોન્ટોસોરીએ આપેલું બીજું ભાષણ]

કોઇપણ સ્થાપિત સ્થિતિમાં ફેર થવાની જરૂર હોય તો તેને વ્યકત કરવા માટે નવા શબ્દોની પણ જરૂર ગણાય. જૂના ભાવો અને જૂની રીતિઓ એ માટે નકામી ગણાય. માત્ર આધુનિક શિક્ષણ કેમ બદલી શકાય એ સવાલ આપણી પાસે હોય એમ હું નથી માનતી. ભલે પછી તે શાળામાં હોય કે ઘરમાં. જે જરૂરી છે તે તો જીવનમાં નવાં દર્શનની છે. જો આટલું સમજી લઇએ તો પછી આપણે આપણા માત્ર શિક્ષણના ક્ષેત્રનો વિચાર કરીએ તેમાં સરળતા થશે. તેનું મંડાણ એવું છે અને હોવું જોઇએ કે જેને આપણે કાયમી ચોકસ (absolute) માનીને આગળ ચાલીએ. એમાં ફેરફારને અવકાશ જ ન હોઇ શકે. ઉપરાંત તે સર્વસામાન્ય હોવું જોઇએ. તો પછી કોઇ પૂછશે કે તેવું ચોકસ તત્ત્વ કોણ આપશે? કોણ એને માટે અનુરૂપ અભ્યાસક્રમાદિ આપશે? અલબત લોકો તે નહિ આપે પણ જીવન જ તે આપશે–બતાવશે. તેને માટે માણસના જીવનને માન આપવું જોઇશે અને તેને માટે પ્રેમ બતાવવો જોઇશે. અને આટલું કરવા માટે તેને માટે નવા વિજ્ઞાનની જરૂર પડવાની કે જે જીવન વિકાસનો રસ્તો સીધો સરળ બનાવી આપે. તેની શરૂઆત જન્મનાર બાળક અને તેની જરુરીઆતથી થવી જોઇએ. આ દોરેલી લીંટીને છેડે સમાજનું ધ્યેય અને અંત રહેવાં જોઇએ.

ત્યારે હવે આપણે જોઇએ કે આજે મનુષ્ય જાત શું કરી રહી છે? બધી પ્રવૃત્તિ અને

વિકાસનો અંત શું છે? કઈ જાતનું ભવિષ્ય આમાંથી ઘડાય છે? સાચી વાત એમ છે કે પરિસ્થિતિ જોતાં આપણે કાંઇક બીજું જ કરીએ છીએ એમ લાગે છે.

સાચી કેળવણી તો વહેતી માનવતાની નદીને મદદ કરે તેવી જોઇએ. જો એમ ન થાય તો આજની સ્થિતિ જેવીને તેવી જ રહેશે. માત્ર ઉદરપોષણ કરે તે જ કેળવણીનો આશય ન હોઇ શકે. એથી કંઇક વધુ મોટો તેનો હેતુ હોવો જોઇએ. જે રીતે ધાર્મિક શિક્ષણ આપવામાં ઉદર પોષણનો સવાલ નથી હોતો છતાં એ આપતાં જેમ જીવનમાં વિશાલદર્શન અને સહાય મળે છે તેવું જ સમગ્ર કેળવણી વિષે હોઇ શકે.

તો પછી જે રીતે અને જ્યાં આજે મનુષ્ય જાત પહોંચી છે તેનો વિચાર કરીએ. આજે જ્યાં એ પહોંચી છે ત્યાં દરેક વ્યકિતએ હવે પોતાનો ભાગ ભજવવાનો છે, દરેક દેશે પણ એ જ રીતે પોતાનો ભાગ ભજવવાનો છે. પોતે કયાં છે તેની દરેક પાસે દીર્ઘ દૃષ્ટિ હોવી જોઇએ. માણસને પોતાનું કર્તવ્ય પોતાની દૃષ્ટિ સમક્ષ હોવું જોઇએ–આ પણ વૈયકિતક દૃષ્ટિએ જોઇએ.

મનુષ્યજાતનો ઇતિહાસ તપાસતાં બે વસ્તુ બની દેખાય છે. પહેલી પરિસ્થિતિમાં માત્ર કેળવણીનો વિચાર ન હતો પણ માત્ર તેમાં મનુષ્ય-જાતની પ્રાપ્તિનો જ વિચાર ને ગણના હતી. તેમાં વ્યકિત કે ટોળાંઓના વિચાર કે કિંમત થતી ન હતી. માત્ર બાહ્ય વસ્તુઓની ભવ્ય પ્રાપ્તિની જ કિંમત હતી. કોઇ કાર્ય પૂર્ણ કરવા ગુલામી વપરાતી; વસ્તુના સંપાદન માટે લડાઇઓ થતી. મનુષ્ય એ બધામાં માત્ર હથિયાર જ બનતો. એમ કરતાં કરતાં તેણે પૃથ્વી, સમુદ્ર અને હવામાં પોતાના રસ્તાઓ કર્યા અને પૃથ્વીપર વિસ્તરીને પૃથ્વીને પોતાની બનાવી. આ એક બાહ્ય કાર્ય જ બન્યું.

આ બધું થવા માટે મોટી સંખ્યામાં મનુષ્યોની જરૂર પડતી અને સ્ત્રીનો ઉપયોગ પણ એને જ માટે ગણાયલો. "પૃથ્વીનું તળ બદલવા માટે તમારી શકિત ખર્ચી નાખો" એવા જૂના વાકય પ્રમાણે ચોરે તરફ વર્તાવ થતો. આ રીતે પૃથ્વી તળને હસ્તગત કરી ફેરવવાનો બાહ્ય હેતુ જ માત્ર કેળવણી પૂરતો પણ ગણાયો અને માણસને એ માટે હથિયાર બનાવવામાં આવ્યો.

પરંતુ હવે એ યુગ પૂરો થયો છે અને નવા યુગનું મંડાણ થયું છે. માણસ જાતે પૃથ્વી પરનો વિજય પૂરો કર્યો છે અને વિજેતા બની ગયો છે અને એ રીતે ખૂબ શકિતશાળી બનેલ છે.

હવે જો એ એજ સ્થિતિમાં રહેશે અને ગુલામી અને લડાઇઓને કાયમ કરશે તો તે પોતાના નાશને જ નોતરશે. અને એથી જ કેળવણીએ મનુષ્યને પોતાનું ભવિષ્ય બતાવવું જોઇએ. માત્ર તેણે ઉદરનિર્વાહ કરતાં શીખવવું ન જોઇએ પણ માણસની મુકિતનો માર્ગ બતાવવો જોઇએ. આમ થવામાં માણસની જીંદગીને કિંમતી ગણવાની શરૂઆત થવી જોઇએ. બીજા બાહ્ય હેતુઓને 'પૂરા કરવા માટે' માણસને હથિયાર બનાવવો ન જોઇએ પણ એની શકિતઓને બહાર લાવવી જોઇએ અને તેને વિકસિત થવા દેવી જોઇએ. જીવનનો દરેક બનાવ એ કિંમતી બનવો જોઇએ. આ માટે મનુષ્ય માનસના વિકાસના કાયદાનો અભ્યાસ પણ જરૂરી ગણાવો જોઇએ.

આ વસ્તુ તો જ સાધ્ય બને જો મૂળ–બાળકથી શરૂઆત થાય. આની ઝાંખી તો જરૂર માણસ-જાતને થઇ છે પણ તે આછી આછી. આપણો સૈકો એ લડાઇ અને નાશનો છે અને છતાં બાળકની જરૂરીઆતોનો વિચાર આજસુધી થયો તે કરતાં આજે વિશેષ થઈ રહ્યો છે. બાળકની શારી-

રિક અને માનસિક જરૂરિયાતોનો વિચાર થવાને પરિણામે જ બાલશાળાઓની પણ શરૂઆત છે. એની સંખ્યાઓ પણ આજે વધતી જોવામાં આવે છે. બાળકોની સાથે સ્ત્રીઓની કિંમત પણ વધી છે. તેઓ માત્ર બાળકોની જનેતા નથી રહી પણ ભાવિપેઢીની રક્ષણહાર બની છે. ભાવિના ઘડતરમાં એણે મોટો ભાગ ભજવવાનો છે અને એથી જ તેઓનું ઉન્નત બની છે. ભવિષ્યની મનુષ્યજાતની તે રખવાળ છે. આ વસ્તુ અહિં અને બધે અનુભવાય છે અને સમજાય છે. આ યુગના વાતાવરણમાં એ વસ્તુ મૂર્તિમંત દેખાય છે. માણસ જાતની ગણના ચોકસપણે થઈ રહી છે.

જૂના યુગમાં સોનાની ભાળ થતાં લોકો ત્યાં દોડતા. આજે કોઇ પ્રેમની વાત કરે છે તો લોકો ભેગા થઇ જાય છે. માનવજાતની આજે વધારે કિંમત છે. મહાત્મા ગાંધીજી આસપાસ દુનિયા એકઠી થાય છે કારણ કે એ પ્રેમની વાત કરે છે.

આપણા સમયનો સાચો વિજેતા બાળક છે. એ વિચિત્ર લાગે છતાં સાચી જ વાત છે કે માણસ દુનિયામાં મોટો જ નથી આવી ચડતો. બાળક તરીકે જ તે આવે છે. મોટો માણસ એ બાળકમાંથી બનેલ છે. સમાજમાં કાંઈપણ ફેરફારો કરવા હોય, કાયદાઓ કરવા હોય તો મોટેરાંઓનો વિચાર થાય એનો કશો અર્થ નથી. મોટાંઓ એ તો ન જાણેલું પ્રાણી છે–તે માત્ર હકીકતો અને ખામીઓથી ભરેલું પ્રાણી છે. એ બધું એમાં ઘર કરી બેઠેલું છે. અમુક અમુક ખાસીયતો એની અંદર ચોકસ બની બેઠેલી હોય છે. એમાં ફેર કરી શકાતો નથી. તો પછી એમાં કશો ફેરફાર કરવો હોય તો મૂળમાં બાળક પાસે જવું જોઇએ. એ વખતે જ માણસનું ઘડતર થતું હોય છે અને એમની પાસે જવું એટલે નવી જ સૃષ્ટિમાં જવાનું છે. આશ્ચર્ય લાગે છતાં એ હકીકત છે કે આજ સુધી કશું અજાણ્યું રહ્યું હોય તો તે મનુષ્યજાત છે. ડૉ. કેરલે આખા જીવનભર, માણસ જાતનો ખૂબજ અભ્યાસ કરીને એક પુસ્તક લખ્યું છે. 'The man unknown' અજ્ઞાત માણસ !

આવા એ બાળક પાસે આપણે નવી જ દૃષ્ટિ અને ભાવનાથી જઇએ અને એને પૂછીએ કે 'તું કોણ છે અને શું છે ? તું તારી જાતને અમારી પાસે વ્યકત કર.' આપણે એ નથી જ જાણતા કે એ માણસજાતને ઘડનાર છે. હજુ માણસને વિકસવાના નિયમોનું ઘણું રહસ્ય શોધવાનું છે. જે સામાજીક ફેરફારો આપણે કરવા છે તે બધા શું શકય છે અને તે કેમ કરીએ, તે તેને પૂછીએ. સ્વતંત્ર મનુષ્ય કેમ બનાવવો અને અમે પરસ્પરસ ચાહતાં કેમ શીખીએ તે પણ તેને પૂછીએ.

પ્રેમ અને સ્વાતંત્ર્ય વિષે આપણે કેટલુંય જાણીએ છીએ અને છતાં ગુલામીના ઉંડાણમાં પડયા છીએ અને એટલે જ એમ જણાય છે કે કાંઇક એવું ઘણું રહ્યું છે કે જેનાથી આપણે અજ્ઞાત છીએ. નહિતર શા માટે આટલી બધી વેદના, દ્વેષ અને લડાઇ હોય ? તો પછી આપણે જોઇએ કે બાળક એ મનુષ્ય જાતનો સાચો શિક્ષક અને દોરનાર બની શકે કે નહિ ? પણ આમ કરવામાં જો આપણે અંધ બનીને ચાલીએ અને એના ઉદ્ધારક બનવાના અભિમાનથી વર્તીએ તો કશું જ પ્રાપ્ત નહિ થાય. અને એથી તેની પાસે કેમ જવું એ પણ શીખી લઇએ.

સ્વાતંત્ર્ય એ શું છે તે તેને પૂછીએ. તે એક એવી વસ્તુ છે કે જે જન્મથી જ પોતાના જ વખતોવખતના પુરૂષાર્થથી પ્રાપ્ત થઇ શકે છે. માણસ જ્યારે પોતે પોતા પૂરતો બની રહે છે ત્યારે તે સ્વતંત્ર બને છે. સ્વાતંત્ર્ય એ બ્રહ્માંડના કાયદાઓ સાથે જોડાયલું છે. માત્ર મનુષ્ય મનુષ્ય વચ્ચે એ સંકળાયું નથી. એક વ્યકિત પોતે પોતાની જાતે સ્વાતંત્ર્યનો અનુભવ કરે છે ત્યારે તે બીજી વ્યકિતનો વિચાર કરે છે. સ્વાતંત્ર્ય એ

એક શક્તિ–બળ સાથે સંકળાએલું છે. ગુલામીમાં સપડાવું એ સહેલું છે કારણ કે પ્રમાદનું જોર એ પણ ઘણું બળવત્તર છે. સ્વતંત્ર રહેવા અને બનવા માટે પૂરી જાગ્રતિની જરૂર છે. એ માટે ગતિની જરૂર છે અને આ બધું બાળકો દેખાડે છે. જો માણસ એના બાળપણમાં ગુલામ હોય તો એ સાચા અર્થમાં સ્વતંત્ર મનુષ્ય ન બની શકે. કારણ સ્વાતંત્ર્ય એ તો એક નક્કર હકીકત છે: એ માત્ર લાગણીનો વિષય નથી. માણસના વ્યક્તિત્વનું એ એક અવિભાજ્ય તત્ત્વ છે. એ તત્ત્વની પ્રાપ્તિ એનાં ઘડતરના સમયમાં પ્રયત્નપૂર્વક સાધ્ય છે. મોટાંઓ તે પ્રાપ્ત ન કરી શકે. અને એજ રીતે પ્રેમ એ શું છે એમ પૂછીએ તો તેનો જવાબ એ આવે છે કે તે અલબત્ત એક ભાવના (Sentiment) છે પરંતુ તેનું પણ એકધારી રીતે ચોકસ રીતે ઘડતર જ થઇ શકે.

આ બધાના પરિણામે અમુક જાતની એકતા જન્મે છે. એકાદ એના વિભાગમાં વિકાસ ન થાય તો એકતા જન્મતી નથી અને પરિણામે સાચુ ઘડતર નથી થતું.

મનુષ્યજાત પહેલેથી જ આંધળી હોય તો દેખતા થવાનો કાયદો કર્યે એકાએક તે દેખતી નજ થઇ શકે. જોઇ શકવાની શક્તિને માટે તો બાળપણથીજ આંખોની ભાળ લેવી જોઇએ. જે વાત આ સ્થૂળ વાતોમાં બને તેજ વાત મનુષ્ય-જાતના નૈતિક વિકાસમાં પણ સાચી છે. બાળકના બાલ્યકાળના ઘડતર પર જ જીવનનાં સાચાં મંડાણ થઇ શકે.

અનુ. ચંદુલાલ વ. ભટ્ટ

સ્વ. ગિજુભાઇ સ્મારક ફાળાના મથકો.

ફાળો ઉઘરાવવા માટે ગામેગામથી સ્વ. ગિજુભાઇ બધેકાના વિદ્યાર્થીઓ અને બાલશિક્ષણ પ્રેમીઓ તરફથી માગણી આવ્યા કરી છે તે મુજબ નીચેનાં મથકોએ કામ શરૂ કરવામાં આવ્યું છે અને તે પ્રમાણે તે તે સ્થળોએ નાણાં ભરી પહોંચ મેળવી શકાશે. મથક ખોલી કામ શરૂ કરવા ઇચ્છનારે મંત્રીઓ; સ્વ. ગિજુભાઇ સ્મારક સમિતિ, રંગીનવાલા બિલ્ડીંગ, ભદ્ર, અમદાવાદને લખી સાહિત્ય અને પ્રમાણપત્ર મંગાવી લેવા વિનંતિ છે.

(૧) શ્રી. વજુભાઇ દવે શિશુવિહાર, એલીસબ્રીજ **અમદાવાદ**
(૨) ,, રેવાશંકર મહેતા નવી ગુજરાતી શાળા, સારંગપુર **અમદાવાદ**
(૩) ,, નટુભાઇ બરાનપુરીયા, આચાર્ય બાલમંદિર **ડભોઇ**
(૪) ,, પ્રભુલાલ પટેલ, આચાર્ય સ્વ. વિઠ્ઠલભાઇ ઝવેરભાઇ બાલમંદિર **ભાદરણ**
(૫) ,, ગંગારામ વરૂ, નિયામક, લોહાણા કેળવણીખાતું, **પોસ્ટ વાંકુ** (કચ્છ કોઠારા)
(૬) ,, ડાહ્યાભાઇ રામદાસ પટેલ **અણસ્તુ** (તા. કરજણ)
(૭) ,, પ્રભુલાલ ઉપાધ્યાય આદર્શ બાલમંદિર, **ખાર** (મુંબઇ)
(૮) ,, આશાભાઇ પટેલ આચાર્ય, બાલમંદિર **નાર**
(૯) ,, ગિરધરભાઇ પટેલ c/o સાબરમતી વિદ્યામંદિર, રાંધેજા, **સાબરમતી**
(૧૦) ,, સૂર્યકાન્ત ગોપાળદાસ દેસાઇ; સત્યાગ્રહ છાવણી, **બોરસદ**
(૧૧) ,, કાનજી મોરાર રાઠોડ; c/o હરદાસ બ્રધર્સ, **મહેસમંડ** (સી. પી.)
(૧૨) ,, નલીનકાન્ત દ્વારકાદાસ સરવૈયા ૮૨, મુરા **સીકંદરાબાદ** (ડેક્કન)
(૧૩) ,, ભાલચંદ્ર-ન. પંડયા શેઠ શેરી **સંખેડા**
(૧૪) ,, એ. ડી. કુપર લેડી, સુપ્રી: વાડીયા ગર્લ્સ હાઇ સ્કુલ **ભરૂચ**
(૧૫) ,, પોપટલાલ ચુડગર, બાર-એટ-લો. **રાજકોટ સદર**

(૧૬) ,, રામજી હંસરાજ, ગિલબર્ટ બિલ્ડીંગ, બાબુલનાથ (મુંબઇ)
(૧૭) શ્રી. નાનાભાઇ ભટ્ટ શ્રી. દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન, ભાવનગર
(૧૮) ,, તારાબેન મોડક, હિંદુ કૉલોની ઉમાસદન, દાદર (મુંબઈ)
(૧૯) ,, શંકરભાઇ ર. શાહ. વિઠ્ઠલ કન્યા વિદ્યાલય નડિયાદ
(૨૦) ,, ઉમીયાશંકર જોશી બાલમંદિર, પાલણપુર,
(૨૧) ,, નટવરલાલ રાવળ, ડૉ. પંડ્યા અભ્યાસગૃહ પાટણ

સ્વ. ગિજુભાઇ સ્મારક ફાળો

રૂા. ૧૨૨૩૩—૦—૦	અગાઉ ભરાએલ.		
૪—૦—૦	શ્રી. સુંદરલાલ પરીખ	કરાંચી	
૪—૦—૦	,, રમણલાલ એમ. શાહ	મુંબઇ	
૩—૦—૦	,, ઇન્દુભાઇ પટેલ	રાજકોટ	
૨—૦—૦	,, ગજીભાઇ ડાહ્યાભાઇ	પીજ	
૨—૦—૦	,, બાબુલાલ જે. પટેલ	વસો	
૨—૦—૦	,, ચુનીલાલા ચતુરભાઇ	વાઘોડીઆ	
૨—૦—૦	,, મોહનલાલ નગીનદાસ		
૨—૦—૦	,, લવજી અ. રાઠોડ	કત્રાસગઢ	
૨—૦—૦	,, ભોગીલાલ જે. ઠક્કર	સુરત	
૨—૦—૦	,, નેમચંદ હુંગરશી શાહ	અમદાવાદ	
૨—૦—૦	,, આર. જે પટેલ	કોલંબો	
૧—૦—૦	,, જયસુખલાલ ડી. શ્રોફ	જલાલપોર	
૧—૦—૦	,, મણિલાલ ઉજમશી	અમદાવાદ	
૧—૦—૦	,, જગમોહનદાસ નાલાવાલા		
૦—૮—૦	,, વૃજાંગ માવજી પરમાર		
૧૦—૦—૦	શ્રી. દીનાબાય ફ. જીનવાલા	ભરૂચ	
૫—૦—૦	,, પીરોજ હો. દસ્તુર	,,	
૧—૦—૦	,, લીલાવતી ઠાકોર	,,	
૩—૦—૦	,, લીલાવતી કીકાભાઇ દલાલ	,,	
૦—૮—૦	,, શશીકાન્તા શાહ	,,	
૨—૦—૦	,, ગુલબાઇ ન. કાપડીઆ	,,	
૫—૦—૦	,, દી. બા. અંબાશંકર ઉત્તમરામ ભલજી	,,	
૧—૦—૦	,, કમળાબેન ઠા. ગુંદરીઆ	,,	
૧—૦—૦	,, જયાગવરી નરહરીલાલ દેસાઇ	,,	
૧—૦—૦	,, ખુરશેદબાનું ફરકુંવરજી હોમાવાલા	,,	
૧૦૦—૦—૦	,, એક સ્વ. ગિજુભાઇ પ્રેમી સદ્‌ગૃહસ્થ હસ્તે પ્રભુલાલ ઉપાધ્યાય	મુંબઇ	
૧૦—૦—૦	,, શિરીષભાઇ મ્હેતા	,,	
૫—૦—૦	,, બાબુભાઇ ઠાકોરદાસ મારફતીઆ	,,	
૩. ૧૨૪૦૮—૦—૦	વધુ હવે પછી.		

શિશુવિહાર બાલઅધ્યાપનમંદિર

ગયા અંકમાં જાહેર કર્યામુજબ જુન ૧૯૪૦થી શિશુવિહાર મંડળના આશ્રય હેઠળ બાલઅધ્યાપનમંદિરની શરૂઆત થશે. વર્ગ તા. ૨૨–૬–૪૦ના રોજ શરૂ થશે તો દાખલ થનાર મરાઠી કે ગુજરાતી ભાઇબહેનોએ મોડામાં મોડી તા. ૧૫–૬–૪૦ સુધીમાં અરજી કરવી.

બાલઅધ્યાપનમંદિર, શિશુવિહાર, દાદર, મુંબઇ ૧૪.

મુદ્રક : કૃ. ના. સોપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઇ ૪.
પ્રકાશક: શ્રી. તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલોની, દાદર.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

સ્વ. ગિજુભાઈની આકાંક્ષા

આપણી સામે લાખો બાળકોનો પ્રશ્ન છે. અને તે મોટા પાયા પર ઉકેલવો જોઈએ.

આ પ્રશ્ન બાનગી માણસનો નથી; માત્ર એક શ્રીમંતનો નથી; એકાદ કલ્પક શિક્ષકનો નથી; એકલા કેળવણી ખાતાનો પણ નથી. આ પ્રશ્ન એક બાજુથી સઘળાં રાજ્યોનો અને બીજી બાજુથી આખી પ્રજાનો છે. અને તે આ રીતે ઉકલી શકે.

આપણે સ્થળે સ્થળે 'બાલક્રીડાંગણો' સ્થાપવાં જોઈએ. 'બાલ-ક્રીડાંગણો' બાળકોને વિકાસક એવી ક્રીડાઓ આપે. બાલક્રીડાંગણો દરેકેદરેક ગામમાં જોઈએ. મોટું શહેર હોય ત્યાં દરેકેદરેક લત્તામાં જોઈએ.

આવાં ક્રીડાંગણો દરેક ગામની ભાગોળે ને ગામડું હોય ત્યાં પાદરે સ્થાપવાં જોઈએ.

વર્ષ ૧૫ :: કાર્યાલય :: અંક ૪

૧૯૯૬ દાદર, મુંબઈ ૧૪ જેઠ

સ્વ. પૂજ્ય ગિજુભાઈ

આજે સ્વ. ગિજુભાઇનું પુણ્યસ્મરણ કરીએ આપણી ભાવભરી શ્રદ્ધાંજલિ તેમને ચરણે અર્પીએ

ગયે વર્ષે જૂનની ૨૩મીએ મુંબઇમાં જ તેમણે દેહ છોડ્યો. ક્રમકે તેમની આકાંક્ષાઓ, તેમની કાર્યશક્તિ, તેમની ઝડપ, એ બધાં માટે તેમનું કૃશ શરીર નકામું થયું હતું. તેમના આત્માને–તેમનાં મંથનોને સમાવી શકે તેવું એ શરીર રહ્યું ન હતું.

છેલ્લા કેટલાયે દિવસોથી તેઓ શરીરથી નહિ પણ આત્મબળથી જ જીવતા હતા. રાજકોટનું અધ્યાપનમંદિર તેમણે આત્મબળથી જ ચલાવ્યું અને પૂરું કર્યું. જ્યોત જતાં જતાં છેલ્લી છેલ્લી જેમ જરા અધિક તેજસ્વી થઈ જાય છે તેમ જ રાજકોટના તેમના કામ વિષે કહી શકાય. પહેલાં કર્યું હતું તેથી કેટલાયે ગણું વધારે કામ તે છેલ્લા વર્ષમાં તેઓ કરી ગયા. તે કદી ન ભુલાય તેવું હતું.

પણ ખરું જોતાં પહેલેથી પણ તેમની કાર્યપદ્ધતિ તો એવી જ હતી કે જાણે તેમને આગળના ભણકારા થતા હોય. જાણે તેઓ જાણતા હોય કે તેમને જલદી અટકી પડવાનું છે. એટલે કાંઈ પણ રહી ન જાય એ ભયથી જાણે તેઓ પહેલેથી જ ખૂબ ઝડપથી કામ લેતા હતા. અને તેથી જ તેઓ વીશબાવીશ વર્ષના ગાળામાં કેટલું બધું કામ કરી ગયા. જાતે કરી શકાય તેવાં કામનાં ગાડાં ઢસરડાં એક વાર સહેલાં છે, પણ એકાદ નવા વિચારનો પ્રચાર કરવો, લોકમત કેળવવો, લોકોમાં જાગૃતિ આણવી એ સૌથી અઘરું કામ છે.

ગિજુભાઈ એ કેટલુંયે સાહિત્ય લખ્યું; કેટલાયે કલાકો બાલમંદિર, અધ્યાપનમંદિર વગેરેનું કામ તો કર્યું જ. પણ સૌથી અઘરું કામ જે લોકમત કેળવણીનું તે પણ એટલી ઝડપથી કર્યું કે તેથી તે અસાધારણ કાર્યકર્તાની કોટિમાં ગણાયા.

ગુજરાતમાં ને બૃહદ્ ગુજરાતમાં ફરીએ ત્યારે તેમના આ કામની ખરી કલ્પના આવે છે. તેમની આકાંક્ષા ઘણી જ મોટી હતી છતાં તે થોડા પ્રમાણમાં તો તેઓ જરૂર સિદ્ધ કરી ગયા કહેવાય. આજે ગુજરાતમાં બાળકો તરફ જોવાની દૃષ્ટિ થોડી ઘણી તો જરૂર બદલાઈ છે એમાં શંકા નથી. કેટલાયે જુવાન કાર્યકર્તાઓ આ કાર્યક્ષેત્ર તરફ આકર્ષાય છે તે પણ તેમની જ મહેનતનું ફળ છે.

ગિજુભાઈ એટલા બધા કાર્યપરાયણ હતા છતાં તેમની દૃષ્ટિ અંતર્મુખ હતી. બધું કરતા છતાં, બધે મચી રહ્યા છતાં તેઓ જાણે તે બધા કામથી થોડા દૂર જ રહેતા, થોડા બહાર જ રહેતા. પ્રવૃત્તિમય છતાં નિવૃત્તવૃત્તિના તેઓ હતા. એ વાત ઘણા જ થોડા જણ જાણતા. પાસેના મિત્રોને ઘણી વાર તેઓ જનકરાજાની વાર્તા કહેતા. ખૂબ રંગાઈને વાત કહેતા કે જનક રાજાની નગરીને આગ લાગી તોપણ કેવા સ્વસ્થ ચિત્તથી અષ્ટાવક્ર ઋષિનું પ્રવચન તે સાંભળતા હતા. ગિજુભાઈનું પોતાનું પણ કાંઈક એ જ જાતનું હતું.

તેઓ તો પોતાને કરવું હતું તેટલું કરીને ગયા. દસ માણસોનું કામ એકલા કરી ગયા. કાયાનું બધી રીતે કલ્યાણ કરતા ગયા.

હવે પાછળ રહેનારને માથે તેમનું કામ આગળ ચલાવવાનું છે. સદ્‌ગતનો આત્મા આ કામને બળ આપતો રહેશે, ને તેમણે કરેલી જાગૃતિથી બાલ-શિક્ષણનું કાર્ય સદાયે આગળ ને આગળ ધપશે.

સ્વ. ગિજુભાઈને અમારાં વંદન છે.

Boys Town અથવા બાલનગર

(એક ચિત્રપટનું અવલોકન-ચાલુ)

ફ્રાંધર ફ્લેગ્નનનો મોટો વિદ્યાર્થી મિકી રૂની (ચિત્રપટમાંનું નામ ભૂલી ગઈ છું) ભારે હોશિયાર. પણ તેની હોશિયારીએ વિચિત્ર રૂપ પકડ્યું. તેને ત્યાંનું સંડળ 'તને ગમે તે કામ લે' એમ કહી શાળા જોવા લઈ ગયું તે વખતે તે દરેક ઉદ્યોગ તરફ તુચ્છતાથી જોતો જોતો એક સભ્ય ગૃહસ્થની જેમ ચાલતો. સભ્ય એટલે અસભ્ય જ ને! તેને શ્રીમંત અને ઉદ્યોગધંધા ન કરનારા લોકોની જેવા પોતે પણ દેખાવું એવું લાગતું હોવાથી બીજા છોકરાઓ પર પોતાની છાપ પાડવા તે બીસામાં હાથ નાખી, ગાલ ફુલાવી ચાલતો. માણસોની વર્તવાની ઘણીય વિચિત્રતા અને ઘણા ગુનાઓ સ્વરક્ષણ અને આત્મ-પ્રસ્થાપનાના જ ઉદ્દેશથી થતા હોય છે. અસ્તુ.

તે જ સભ્ય ગૃહસ્થ ખુલ્લી હવામાં, ખુલ્લા ખેતરોમાં જતાં જ પોતાની પ્રયત્નપૂર્વક ધારણ કરેલ ભૂમિકા ભૂલી જઈ પોતાના ખરા સ્વભાવ પર જાય છે: ત્યાં તેનો ખરો આત્મા પ્રગટે છે. કૃત્રિમપણે વર્તવાની રીત જઈ સ્વાભાવિકતા આવે છે. બચપણમાં સાંભળેલ ગાયનો અને ખેડૂતોનાં ગીતો તે ગાવા લાગે છે. આ નાના એવા દૃશ્યમાં ઉદ્યોગ એ મનુષ્યના આત્માના આવિષ્કરણમાં કેટલો ઉપકારક છે તે સુંદર રીતે બતાવેલું છે. આ ઉદ્યોગોમાં અને પરાણે કરાવવામાં આવતા ઉદ્યોગોમાં કેટલું મોટું અંતર છે તે દેખાઈ આવે છે.

આ વાર્તાનો નાયક જ મિકી રૂની છે. એક અત્યંત તેજસ્વી અને શક્તિશાળી છોકરો બગડવાની તૈયારીમાં હતો. તેને શિક્ષણ લેવાનો પ્રસંગ પ્રાપ્ત થયો ન હતો. તેને સભ્ય અને શ્રીમંત કુટુંબમાં જન્મ મળી જન્મથી સંસ્કાર અને વિદ્યા મળવાનું ભાગ્ય પ્રાપ્ત થયું ન હતું. એટલે તેનામાં પોતે મોટા માણસ જેવા થવું અને પોતાને તેવું જ માન બીજાઓ આપે એવી મૂળ ઇચ્છા તેને હતી. એટલે મોટા માણસોની જેમ બીડીઓ ફૂંકવી, ટેબલ ઉપર પગ ટેકવી બેસવું, બેપરવાઈથી વર્તવું વગેરે આદતો તેણે પાડી હતી. પોતામાં હોશિયારી તો ખૂબ હતી પણ તેને યોગ્ય રસ્તો મળ્યો ન હતો કારણકે તેનો ભાઈ ચોરીના ધંધા કરતો. આથી કરીને લોકોને ફસાવવા વગેરે વિપરીત માર્ગોમાં હોશિયારી વાપરવાનું તે શીખ્યો હતો.

ફ્રાંધર ફ્લેગ્નન પોતાની હમેશની રીત પ્રમાણે તુરંગમાં કેદીઓને મળવા ગયા ત્યારે રૂનીના ભાઈએ તેને કહ્યું: "મને બચાવવાનો પ્રયત્ન હવે રહેવા દો. પણ મારા ભાઈને અનીતિને રસ્તેથી પરાવૃત્ત કરવાનું શક્ય હોય તો તેને બચાવો."

આ પ્રમાણે ફ્રાંધર અને રૂનીનો ભેટો થયો. અને પછી ફ્રાંધરના નગરમાં રૂનીના ચારિત્ર્યમાં કેમ ફેરફાર થયો તે ચિત્રપટની મુખ્ય કથા આવે છે.

એક વાર ભટકીને ફાવે તેવી રીતે વર્તીને અને ગમે તે રસ્તે પોતાની ભૂખ્તરસ મટાડવાની આદત પડેલ છોકરાને નિયમન-શિસ્ત વગેરે સ્વાભાવિકપણે જ ગમે નહિ. મૂળ માર્ગ જ ખોટો મળ્યો એટલે મનોનિયમન અને વ્યવસ્થિત જીવનનો મેળ ખાય જ નહિ. આ પ્રમાણે રૂની બધું જોઈને આમાંથી કશું પોતાને ફાવશે નહિ એમ ધારી ચાલતો થયો. એટલામાં જમવાના ઘંટથી તેના પગ બાલનગર તરફ ખેંચાયા. બિચારાને કેટલાય દિવસોથી સ્વસ્થપણે, કોઈ પણ જાતની

ભીતિ વગર આવાનું નહિ મળ્યું હોય. જેમાંથી મન પાછું હઠતું હોય એવાં કેટલાંય સારાં નરતાં કામો, માણસને પોતાનું પેટ કરાવે છે. આ સિદ્ધાંતોનો ફ્રાંધર ફ્લેઝને રૂનીને નગર તરફ વાળવામાં ઉપયોગ કર્યો.

ધીરેધીરે રૂનીની છોકરાઓ સાથે દોસ્તી જામી. મિત્રોની ગણતરીમાં તે જરા જડબુદ્ધિ હતો તેમ કહીએ તો ચાલે. માત્ર ડોળ કરી હરવુંફરવું એ એનામાં હતું. આમ હોવાથી એક વાર એક મિત્ર તેની મશ્કરી કરે છે. તે પોતાના એક મિત્રના હેરકટીંગ સલુનમાં જઈ વાળ કપાવવાનું કહે છે. રૂની ત્યાં જાય છે. હજામ તેનો એકેય વાળ કાપતો નથી અને ઉપરઉપરથી માત્ર કટકટ કરે છે. તોપણ આ બડાલોક પ્રમાણે બેસનારને તેનો પત્તો લાગતો નથી. તેલને બદલે તેના માથા પર તે મેશ ચોપડે છે.

ગમ્મતના બધા પ્રસંગોમાં ઘણી મહત્ત્વની વાતો દેખાડવાનો તેમાં પ્રયત્ન થયો છે. માત્ર ડોળ કરી મોટાપણું દેખાડનારની મશ્કરી કરવાની બુદ્ધિ સમાજમાં કેવી સ્વાભાવિક રીતે જન્મ પામે છે તે પણ જોવા જેવું છે.

પછીની ન્યાયકોર્ટ વગેરે બધું જોવા જેવું છે. બાળકોનો નાનો એવો બનાવ ને ગમ્મત મોટાઓને ક્ષુદ્ર લાગે તોપણ બાળકોને તેને અંગે માનાપમાન મોટાં હોય છે. એટલે જ તે બાબતોનો ન્યાય ગંભીરપણે થવો જોઈએ અને ફરિયાદીને પૂરો સંતોષ મળવો જોઈએ એ તત્ત્વ લક્ષમાં લેવા જેવું છે.

ત્યાર બાદ રૂનીના ડોળીપણાને બીજો ધક્કો લાગે છે. ચૂંટણી વખતે. બેંડ વગેરે તથા ગર્વભર્યું ભાષણ વગેરેનું કેટલું મોટું પ્રદર્શન! આપવડાઈનું જ તે પ્રદર્શન. મોટા માણસ કહેવડાવી એ ભૂમિકા પ્રયત્ન કરી સ્થાપિત કર્યે કાંઈ મોટાપણું આવી જાય છે? ચૂંટણીમાં હારતાંની સાથે જ તે પહેલાંના રસ્તે જઈ મારામારી પર આવે છે. બાળકોને સંસ્કારિતાનું શિક્ષણ (Good-breeding) નથી મળ્યું એ વાત પુષ્કળ પ્રસંગવિશેષે દેખાઈ આવે છે.

છોકરાઓમાં અંદરઅંદરની લડાઈ થઈ હોય તે દ્વંદ્વ દ્વારા પતાવી લેવી એ વિચારમાં, પણ ઊંડો અર્થ છે. નાનપણના લાગતા અન્યાયો, દ્વેષ, ગુસ્સો વગેરે મનના મનમાં દબાવી રાખવા કરતાં લડી નાખવા સારા.

આવાં દ્વંદ્વ થાય તેમાં રૂનીને ખૂબ લાગ્યું. એક તો ચૂંટણીમાં હારવાનું અપમાન અને તેના ઉપરાંત દ્વંદ્વમાં માર પડ્યો એથી તેને જીવવું અકારું થઈ પડ્યું. તેની જેવા અત્યંત અભિમાની માણસને સામાજિક હાર સહન કરવા કરતાં મૃત્યુ વધુ પસંદ પડે એ સહજ છે. તે બાલનગર છોડી જવા તૈયાર થયો હતો. તેના નાના મિત્રને મોટરનો અકસ્માત થતાં એક વાર તે જતાં પાછો વળે છે. છતાં તે મિત્ર મૃત્યુના મુખમાંથી બચી ગયો એમ જાણ્યા પછી તે ભાગે જ છે. પ્રતિષ્ઠાહાનિનો જખમ હજી વહેતો જ હતો.

બહાર જાય છે ત્યાં આકસ્મિક રીતે જ્યાં તેનો ભાઈ બેંક તોડવા જાય છે ત્યાં જ તે પહોંચે છે. પોલીસો ગોળીઓ છોડે છે તે ભૂલથી રૂનીને જ લાગે છે. તેનો ભાઈ પોતે ચોર હોવા છતાં રૂનીએ તો સન્માર્ગે જ રહેવું એવું ઇચ્છનાર હોય છે. એટલે એક ચર્ચમાં પોતાના ભાઈને મૂકી, ફ્રાંધર ફ્લેઝનને ફોન કરી તેને લઈ જવાનું કહી; ટેલીફોન છોડી પોતે ભાગી જાય છે.

આ બાજુ રૂની પર બેંક તોડવામાં સામેલ હતો એ જાતનો આરોપ આવે છે. એકંદરે બાલનગર પર આફત આવે છે. ગુનેગાર છોકરાઓને ભેગા કરી આ પાદરી કાંઈ પણ કરી રહ્યો છે એવું ઘણાને લાગવા માંડે છે.

ફ્રાધર ફ્લેગ્નનને અપાર દુઃખ થાય છે. સંસ્થાની પ્રતિષ્ઠા ગયાનું દુઃખ પણ છે. રૂની સન્માર્ગે ચડેલો છોકરો પાછો ચોરી તરફ કેમ વળ્યો તે માટે પણ તેને ખૂબ ખેદ થાય લાગે છે. છતાં ન ચીડાતાં, ન ગભરાતાં, પોતાનો આત્મવિશ્વાસ લગીરે ન ગુમાવતાં મોટા પુરુષને છાજે તેવું જ તેનું સ્થિર વર્તન રહે છે.

રૂની સાથે તે જે કાંઈ બોલે છે તેની રૂની પર ખૂબ અગર થાય છે. માનહાનિ થઈને તે સંસ્થા છોડી જતો હતો છતાં તેના જીવનમાં સંસ્થાનો સ્પર્શ થયો હતો. આ વખતે ફ્રાધરનો એક એક શબ્દ તેના હૃદયસોંસરો ઊતરી જાય છે, અને તેને બધું જ ખરેખરું કહી નાખવું એમ તેના મનમાં થાય છે. પરંતુ કંઈ ન કહેવાનું પોતાના ભાઈને તેણે વચન આપ્યું હતું.

આ વખતે તેના મનમાં ખરેખર નૈતિક યુદ્ધ શરુ થયું. એનો જ અર્થ એ કે તેનું મન નૈતિક વિચાર ગ્રહણ કરવા જેટલું સંસ્કારક્ષમ થયું હતું. એટલે જ ગુનાહિત માનસ (criminal mind) બનવાની તૈયારીમાં આવેલ છોકરો જ અહીં બદલાયો હતો.

છતાં આગળની લપાડી કરવાની હોશિયારી તો હતી જ. તેનો જ ઉપયોગ કરી ત્યાંથી તે ભાગી જાય છે અને પોતાના ભાઈને ઘેર પહોંચે છે. ત્યાં જઈ ભાઈને વીનવે છે કે બધી વાત મને ફ્રાધરને કહી દેવા દે. તેના ભાઈને પણ તેમ કરવા દેવાનું મન થાય છે. પરંતુ જો તેમ થાય તો પોતે અને બધા મિત્રો પકડાય અને પોલીસમાં એમનાં નામ જાય.

દરમિયાન રૂનીના બે સાથીદારોએ રૂની ક્યાં અને કઈ તરફ ગયો તે જોયું અને તત્કાળ આખું બાલનગર ફ્રાધર ફ્લેગ્નનની સાથે તેના ભાઈને ઘેર પહોંચ્યું. શસ્ત્રનું યુદ્ધ નહિ તો માનસયુદ્ધ તો ત્યાં જઈ ફ્રાધર જીતી આવે છે. પિસ્તોલ મારવા તૈયાર થયેલાના હાથમાંથી પિસ્તોલ સરી પડે છે. રૂની પણ સત્યના પક્ષમાં આવે છે. રૂનીના મનની સત્ અને અસત્ની લડાઈની આ કથા છે. આ પછી ફરી ચૂંટણી થાય છે. રૂનીને બધાઓ સર્વાનુમતે નગરાધ્યક્ષ ચૂંટે છે. પહેલાંની અભિમાનની ભાષા ક્યાં અને આજની નમ્રતા ક્યાં? પહેલાં શરીરમાં માય નહિ એટલું અભિમાન એ જગતની સામે ધરવાનું તેનું એક હથિયાર હતું. જેમ શરીરરક્ષણને માટે ચોર પિસ્તોલ રાખે તેમ રૂની પોતાને કોઈ ખરાબ ન કહે તે માટે આ માનસિક શસ્ત્ર રાખતો. આજ તે ચોરની જમાતમાંથી સત્પુરુષોના સંગમાં આવ્યો હતો. તેનું શસ્ત્ર ગળી ગયું હતું. બોલવું જ જોઈએ એટલે તે ઊભો હતો. એ એટલી પૂરી રીતે જીતાયો હતો કે ફ્રાધરની છાતી પર માથું મૂકીને રડવા સિવાય બીજી કશું તે બોલી ન શક્યો. તેના અત્યાર સુધીના અસ્વસ્થ અને અશાંત મનને તે ક્ષણે શાંતિ અને સ્વસ્થતા મળી. તેના શુદ્ધ મનને ફ્રાધરની છાતી પર ખરો વિસામો મળ્યો.

'There is no bad boy in the world.' 'જગતમાં ખરાબ છોકરો હોતો જ નથી.' એ ફ્રાધરના વાક્યથી ચિત્રપટ પૂરું થાય છે.

ખરેખર ચિત્રપટ સૃષ્ટિમાં આ એક બહુમોલ ચિત્રપટ છે. ગુનેગાર માનસ કેમ બને છે અને તેમાંથી સારી બાજુ તરફ કેમ લાવી શકાય તે આ જાતના માનસયુદ્ધનું ચિત્રપટ જોવાથી સમજાય છે. શાસ્ત્રીય શોધોનો અધમ ઉપયોગ પણ થાય અને ઉત્તમ ઉપયોગ પણ થાય, એ દેખાય છે. બીજી પણ ઘણી નાની નાની વાતો મજા પડે તેવી અને વિશેષ ધ્યાન ખેંચે તેવી પણ છે.

બાલનગરમાંનું નાનામાં નાનું બાળક પણ ઉપનાયક જેવું કામ કરે છે.

એક વાર બાલનગર અત્યંત આર્થિક સંકડામણમાં આવે છે ત્યારે તેનો નિકાલ કરવા માટે બધા બહુ ગંભીરપણે વિચાર કરવા એકઠા મળે છે. સંસ્થાની મિલ્કત ગીરો મૂકવી કે સંસ્થા બંધ કરવી એવો સમય આવી પહોંચ્યો હતો. તેમાંથી રસ્તો કાઢવા માટે સંસ્થાના હિતચિંતકો અને કાયદાના પંડિતો આવ્યા હતા. છતાં બાલનગરમાં પ્રથમ મહત્ત્વ નાનામાં નાનાં બાળકને જ આપવામાં આવતું હોઈ, તેઓને અટકાવી ફાધર નાનાં બાળકો સાથે વાતો કરે છે તે ફાધરને ખરેખર ધન્ય છે.

ફાધરનું એક તત્ત્વ ખૂબ વિચાર કરવા જેવું છે. બાળકોને પૂરો પ્રેમ અને સહાનુભૂતિ મળતાં નથી ત્યારે તે વિકૃત માનસવાળાં બનવા લાગે છે.

એક પણ સ્ત્રીપાત્ર ન હોવા છતાં, જાતીય તત્ત્વ (Sex element) એક બિંદુમાત્ર ન હોવા છતાં, નીતિશાસ્ત્ર અને માનસશાસ્ત્ર પર રચેલું અને બગડેલાં બાળકોનો પ્રશ્ન કેમ હાથ ધરવો એવા ચાલુ સળગતા પ્રશ્ન પરનું આ બોલપટ, નાનાંથી મોટાં સૌને ગમે તેવું અને સામાન્ય જનતાને પહેલેથી છેવટ સુધી મજા પડે તેવું હોવાથી આર્થિક દૃષ્ટિથી પણ યશસ્વી નીવડેલું હોઈ આ ખરેખર કળાનો જયજયકાર કરાવવા યોગ્ય છે.

અંગ્રેજી અથવા પરભાષામાંથી ઉત્તમ ગ્રંથોનું જેમ ભાષાંતર કરવામાં આવે છે તેમ ચિત્રપટો હિંદુસ્તાની ભાષામાં ઉતારવામાં આવતાં હશે? ટ્રેસી અને મિકી રૂની જેવા ફાધર ફ્લેગ્નન અને તેના પટ્ટશિષ્યોનું કામ કરનાર નટો મળવા કઠિન છે.

કાંઈ નહિ તો ફ્રેન્ચ બોલપટો પર જેમ અંગ્રેજી વાક્યો લખી દેખાડવામાં છે, તેમ આપણી ભાષાનાં વાક્યો ટાંકી આ પટ દેખાડવામાં આવે તોપણ ખૂબ લાભકારક થાય.

આ ચિત્રપટ જોઈને એમ લાગે છે કે આપણા ચેંબુરની વસાહતમાં કોઈ ફાધર ફ્લેગ્નન મળે તો એક સુંદર બાલનગર થઈ શકે. બાળકની ગમ્મત સમજી શકનાર, તેમનો મિત્ર બની શકનાર, તેમની સાથે સાથે ફ્લેગ્નનની જેટલી આધ્યાત્મિક મહત્તા (Spiritual greatness) વાળો નેતા મળવો એ મુશ્કેલ છે, એ જ દુઃખની વાત છે.

તા.

કૃપા કરી નોંધ લેશો

આ માસથી ગ્રાહકોના નંબરો બદલાયા છે. કૃપા કરી પત્રવ્યવહાર કરતી વખતે આ નવો નંબર લખવા ચૂકશો નહિ.

વ્યવસ્થાપક

સ્મરણાંજલિ ગ્રંથ

સ્વ. ગિજુભાઈ :સ્મારકગ્રન્થ એમની પુણ્યતિથિ તા. ૨૩મી જૂનના રોજ પ્રસિદ્ધ કરવાની અમારી જાહેરાત અને ઉમેદ પૂરી થઈ શકે એવું નથી. ધારેલી રીતે ગ્રન્થને સમૃદ્ધ કરવાનું કાર્ય થતાં હજુ વિલંબ થશે એટલે ગ્રાહક તરીકે નોંધાઈ ગયેલાં અને બીજાં ભાઈબહેનો સૌને ધીરજ ધરવા અમે વિનંતિ કરીએ છીએ.

મંત્રીઓ,
સ્મરણાંજલિ

સ્વ. ગિજુભાઈના પત્રો

ભાવનગર તા. ૨૩–૧૨–૩૮

શ્રી. બેન તારાબેન,

મારા આગળના પત્રો પહોંચ્યા હશે. તમને આમ તો નથી થયું ના કે આ તો નમાજ પઢતાં મસીદ કોટે વળગી? પણ હવે તો આ છેલ્લો પ્રશ્ન છે અને તેનો જવાબ પણ અલબત્ત છેલ્લો જ તો. મારું લખાણ તમને કેટલું ઉપયોગી થશે તે હું જાણતો નથી, પણ મને પોતાને પ્રશ્નોનો ઉત્તર આપ્યાનો સંતોષ છે, અને તેમાં મારું સમાધાન છે. તમને કંઈક જાણવાનું મળ્યું છે એમ જાણવાથી, અલબત્ત હું રાજી તો થઈશ જ.

તમારો સાતમો પ્રશ્ન "બાળકોને રમતનાં કામમાં દોરવણી આપવી કે એમને એમની કલ્પના પ્રમાણે કરવા દેવું?"

ત્યાં કેવું વાતાવરણ છે અને કામનાં તથા રમતનાં સાધનો કયાં કયાં છે તે જાણ્યા જોયા વિના અભિપ્રાય આપવો એ કેવા પ્રકારની દોરવણી કહેવાય તેનો મને વિચાર થાય છે. આ બાબતમાં મારે પણ એક પ્રકારની કલ્પનામાં જ ઊડવાનું રહ્યું.

એમ છે કે જો તમારી પાસે કોઈ પદ્ધતિનાં સાધનો હોય અને તે ત્યાં વપરાતાં હોય તો જરૂર તમે તે પદ્ધતિનાં સાધનો જે રીતે વાપરવાનું પદ્ધતિમાં વિધાન હોય તેમ જ વાપરો; કેમકે નક્કી કરેલ વિધાનમાં જે રહસ્ય હોય તેને શોધવામાં અને તેનું દર્શન કરવામાં જ ખરો લાભ મળે છે. મોન્ટીસોરી પદ્ધતિનાં સાધનો નિશ્ચિત ઉપયોગ માટે જ છે. તેમાં બાળકોની કે શિક્ષકોની કલ્પના કે તરંગને અવકાશ નથી. તે સાધનોનો ઉપયોગ કેમ થાય તે શિક્ષકે બાળકને બતાવવાનું છે અને પછી બાળકે તેનો ઉપયોગ સાધનનિર્મિત હેતુ પાર પાડવા માટે કરવાનો છે. પણ કિન્ડરગાર્ટનનાં સાધનોમાં તરંગને ઘણો અવકાશ છે, સ્વચ્છંદને ઘણો અવકાશ છે; એથી તે સાધનો વપરાતાં હોય તો તેમ થવા દેવું. કઈ પદ્ધતિનાં સાધનો સારાં અને શા કારણે તેની વાતમાં અહીં નહિ ઊતરું તે માટે બીજો વખત જોઈએ.

હવે સામાન્ય વિચારો. બાળકો પોતાની ઇચ્છાથી–સ્વયંસ્ફૂર્તિથી સત્પ્રવૃત્તિમાં પડ્યાં હોય અને પ્રવૃત્તિ પોતે જ તેમને માર્ગ બતાવતી હોય તો આપણી દોરવણીની જરૂર નથી રહેતી આપણું કામ તો બાળકોના કામમાં કાંઈ વિઘ્ન ન પડે, તેઓ જે કાંઈ વિકાસક ઉપકારક અને સત્ કરે તેમાં જરૂર પડે ત્યારે મદદ આપવાનું, અને નહિતર પ્રેરણા અને પ્રેમના પ્રકાશના વાતાવરણમાં હાજરી આપવાનું છે. બાળકો અંદરઅંદર લડે તો આપણે તેમ ન થવા દઈએ; બાળકો અંદર-અંદર એકઠાં થઈ વાતો કરે કે વાર્તા કરે તો આપણે વચ્ચે ન આવીએ.

બીજું માટીકામ, ચિત્રકામ વગેરે સર્જનાત્મક કામો બાળકો ભલે પોતાની આપબુદ્ધિથી કરે. તે કામમાં સાધનની સગવડ આપવાનું, કામમાં હરકતો આવે તે દૂર કરવાનું, તે કામમાં વ્યવસ્થા કેવી હોય, સફાઈ કેવી હોય તે બતાવવાનું કામ આપણું છે. પણ શું બનાવવું, કેવું બનાવવું તે કામ તેમનું છે. આપણે સર્જનો કયાં કરવાં, કયા ક્રમમાં કરવાં તે બતાવવા બેસી જવાનું નથી. દરેક સર્જન કેવી રીતે થઈ શકે તેના પાઠ ઉપર ધ્યાન ખેંચવું કે સ્પષ્ટ કરવું તે આપણે ઓળખી શકીએ છીએ; આથી વધારે દોરવણીની જરૂર નથી. આપણે અત્યાર સુધી તો બાળકની પાસે આપણી અને અભ્યાસક્રમની ઇચ્છા પ્રમાણે

સમયપત્રકનાં ચોકઠાં વરસોથી કરાવતાં આવ્યાં છીએ. આમાંથી બાળકો જ આપણને છોડાવવાનાં છે. "આમ કરો, આ રીતે કરવું જોઇએ, આમ નહિ પણ આમ." આવી દોરવણી સારી નથી; એ દોરવણી નથી પણ હાંકણી છે. હાંકણી ઢોરને માટે છે, દોરવણી આંધળાને માટે છે. આપણે તો દર્શન કરાવીએ; પછી બાળકો દોડ્યાં જાય. જૂનો વિચાર તો driving children નો છે. ફ્રોબેલ વગેરેનો વિચાર leading children નો છે; નવો વિચાર demonstrating to children નો છે.

બાળકો જો કોઈ પણ કામમાં લાગતાં જ હોય તો પછી આપણે તો એ કામ સારું કેમ થાય તે બતાવવું જોઇએ. કક્ષા પછી કક્ષાએ બાળકને કેમ આગળ વધાય તે પણ બતાવવું જોઈએ જ. પણ જેમ આપણે શબ્દને બદલે ક્રિયાને માગીએ છીએ, મગજની કેળવણી પહેલાં હાથપગની કેળવણી માગીએ છીએ, તેમ જ આપણે શીખવવાને બદલે જાતે કરવા દેવાને પણ માગવું જોઇએ. શબ્દને હઠાવી ક્રિયાને દાખલ કરવાની નવી કેળવણીને ફતેહ આપવી હોય તો આપણે આ ક્રિયા કરાવવી નહિ પણ કરવા દેવી. જેમ શબ્દ તૈયાર આપવાથી શબ્દની કેળવણી દૂષિત થાય, એમ જ ક્રિયામાં બાળક પોતે શોધખોળ કરતું સ્વયં પ્રવૃત્ત થઈ સર્જનો ન જ કરે તો કહ્યા પ્રમાણે ને માત્ર દોર્યા પ્રમાણે કામ કર્યે જશે; પછી ભલે તેમાં હાથપગ ચાલતા હોય તોપણ ક્રિયાની કેળવણી, ઉદ્યોગ દ્વારા કેળવણી પણ દોષને આપશે. દોરવણીનો તમે કેવો અર્થ અને વ્યવહાર કરો છો તે હું જોઈ શકતો નથી તેથી આગળ કહ્યું તેમ જવાબ અનુમાને આપું છું; આપને ઠીક લાગે તેમ સ્વીકારશો.

આપનો આઠમો પ્રશ્ન સારમાં એ છે કે પૂજા-સમયે બાળક ગડબડ કરે, પૂજાને સ્થળે રમવા માગે, સામાન માગે, તો શું કરવું? તેને તેમ કરવા દેવું કે બહાર લઈ જવું? બહાર લઈ જઈએ તો બાળક નારાજ થાય તેનું શું કરવું?

પ્રશ્ન એટલું તો બતાવે છે કે આપ બાળકોને માટે પરવા કરો છો; તેમની લાગણીની આપને દરકાર છે. બાલશિક્ષણમાં કે હરેક કામમાં આવી રીતે મૂંઝવણ થાય તેજ સારું છે.

પૂજાનું સ્થળ પૂજા માટે જ હોય, નક્કી સમય પૂજા માટે જ હોય, પૂજાનાં સાધનો પૂજામાં જ વાપરવા માટે હોય, અર્થાત્ એ પરિસ્થિતિ વ્યવસ્થિત અને સ્થિર રાખવાની હોય, અને તે હંમેશ રાખવી હોય તો બાળકોને ત્યાં રમવા દેવાનું, સાધનો માગવાનું, ગડબડ કરવાનું નામંજૂર છે. ત્યાં ગડબડ, રમત, માગણી ન પોસાય; તે મંજૂર ન રહે. તેમને માટે પૂજા સિવાયની બીજી પ્રવૃત્તિ અને બીજું સ્થળ જોઇએ; અને ત્યાં તેમણે કામ કરવાનું છે તે તેમને જણાવવું અને બતાવવું. અને તેમ છતાં ન જતાં પૂજામાં રસ ન લેનારને, પૂજાને વિક્ષેપક થનારને ત્યાંથી નિરાંતે અને શાંતિથી બીજી પ્રવૃત્તિને સ્થળે પહોંચાડવું.

કોઈ પણ માણસ અને પ્રવૃત્તિ હમેશ સન્માનિત અને સુરક્ષિત જોઈએ. પ્રત્યેક વ્યક્તિનો સામાજિક ધર્મ છે કે તેણે કોઈ પણ પ્રવૃત્તિને ગડબડ ન કરાય, તેમાં કોઈ પણ જાતનો ભંગ ન પડાય. પોતાની પ્રવૃત્તિથી તેને કંઈ પણ અડચણ થાય તો પોતે પોતાની પ્રવૃત્તિને સંભાળીને અગર સંકોચીને કરવી જોઇએ.

સન્માન, સંરક્ષણ અને તે માટે સંકોચ અને સંયમ સામાજિક જીવન માટે અનિવાર્ય છે. તેનું ભાન અને સક્રિય અનુભવ બાલ્યાવસ્થાથી જ થવાં જોઈએ. એટલે જ હરેક રમતગમતમાં અને હરેક પરિસ્થિતિ કે સામગ્રી પરત્વે સરખા જ હકો જોઇએ. એટલા જ માટે કોઈ પણ બાળકના

વ્યક્તિત્વ, શરીર અને તેની પ્રવૃત્તિમાં કોઈ બાધા નાખી ન શકે. સૌ પોતપોતાની મર્યાદામાં રહી પોતાનો વિકાસ સાધે એ ધોરણ જીવનનું અને નિશાળનું જોઇએ. કોઈ કોઈને દબાવી ન જાય કે કોઈ કોઇથી દબાય નહિ એવી વ્યવસ્થા જોઇએ.

બાળકની ગમે તે પ્રકૃતિ હોય કે તેને ગમે તેટલું મન થાય તોપણ પૂજા એટલે પૂજા હોય, તેનું અમુક વાતાવરણ હોય, તેની અમુક વ્યવસ્થા હોય, તેની અમુક શાંતિ હોય, તો તે આદર, માન, અને સુરક્ષણને પામે છે. એમ જ હરકોઈ બાબતમાં છે. તેમાં કોઈ ગડબડ કરે કે ચીજને લે કે લેવા કરે તો તે સ્વીકારાય નહિ. કારણકે તે રડે છે, બૂમો પાડે છે, તોફાન કરે છે, ગડબડ મચાવે છે, અશાંત રહે છે માટે તેને શાંત પાડવા, તેને સમજાવી લેવા, તેને આધીન થવું તે બરાબર નથી. એમ કરવા જતાં સ્વાતંત્ર્યના હકકો ઉપર તરાપ પડે છે અને સ્વચ્છંદને અવકાશ મળે છે. પૂજાની શાંતિમાં શાંતિ ઉમેરવી એમાં સ્વાતંત્ર્ય છે કેમકે તેમાં સંયમ છે; પણ તેમાં ખલેલ નાખવી તે સ્વચ્છંદ છે.

કેટલાંક બાળકો આવું ઊલટું વર્તન કેમ કરે છે તેનો વિચાર અત્રે આપણે નથી કરતાં. એનો વિચાર તો કર્યે જ છૂટકો છે. પૂજા કરતાંયે પૂજામાં ગડબડ કરનારનો વિચાર વધારે મહત્ત્વનો છે કેમકે પૂજામાં બેઠેલાં બાળકો તો સાજાં છે જ્યારે ગડબડ કરનારાં તો એક પ્રકારે માંદાં છે; અને આપણે માંદાની સારવારે તો પ્રથમ જ દોડી જવું જોઇએ.

પૂજા વખતે ગડબડ કરનારાં બાળકોને શાંતિથી અન્ય સ્થળે લઈ જવાં અગર લેવરાવી લેવાં. આપણા મનમાં કે મોં ઉપર તે માટે ગુસ્સો ન જોઇએ. દાક્તરો દરદીનો ઉપચાર કરતાં ગુસ્સો નથી કરતા. આપણામાં દૃઢતા અલબત્ત હોવી જ જોઇએ. પૂજાના સ્થળથી કે પ્રવૃત્તિના સ્થળથી દૂર કરેલા બાળકને કોઈ અન્ય પ્રવૃત્તિના સ્થળે પહોંચાડવું. આવા બાળકને શાંતિથી કહી શકાયઃ "તમે પૂજાના સ્થળે આવી શકો છો; ભલે આવો. પણ ત્યાં તો જેમ પૂજા થાય તેમ થાય ના? જમવાની જગાએ જમવાનું અને પૂજાની જગાએ પૂજા કરવાનું. પૂજાનો નિયમ પણ છે; અને તે એ કે પૂજામાં આવે તે ગડબડ ન કરે, જે તે લે કે માગે નહિ. આપણા મનમાં આવે તેમ કાંઈ થોડું ચાલે? બીજાની મરજીને આપણે તોડી નાખી ન શકીએ. આપણને ગમે તો પૂજાના સ્થળે રહીએ અને ન ગમે તો ત્યાંથી ચાલ્યા જઇએ. એમાં તો આપણી મરજીની વાત છે. પણ ત્યાં રહેવું અને ગડબડ કરવી, અડચણ કરવી, એ તો ઠીક નહિ. એ કેમ ગમે? એ કેમ પાલવે? એ ચાલી જ ન શકે. અને એટલે જ તમે રાજીખુશીથી ન જાઓ તો તમને લઈ જવાં પડે, તો શું થાય? પછી તમે રડતાં નહિ. પછી તમે રડો તો શું થાય? એમ રડીને કાંઈ બીજાને ગડબડ કરવા જવાય? એમ તો ન જ કરાય. જુઓ, તમને ગમે તે તમે કરી શકો. ત્યાં તમને ગમે તે તમે બનાવો, રમો, વગેરે. તમને અમે કયાં રોકીએ છીએ? પણ પ્રાર્થનામાં કે પૂજામાં કે વાર્તામાં કે ચાલતી સભામાં કે ગમે ત્યાં આવીને ગડબડ તો ન જ કબૂલ કરાય."

આમ કહેવા છતાં બાળક નારાજ થાય તો તે થાયઃ તેમાં વાંધો નહિ. અયોગ્ય બાબત નામંજૂર કરીએ ત્યારે કોઇ નારાજ થાય કે રડે તેમાં વાંધો નથી. તેની નારાજી આપત્તિ નથી કે તેનાં આંસુ સોનાનાં નથી.

હવે તમારો નાનો એવો અને છેલ્લો પ્રશ્ન. શિક્ષક માંદો હોય ને તે કારણે બાળકોને કહે કે "મને ઠીક નથી માટે તમે ખેંચતાણ ન કરો;

મારાથી સહન ન થાય.” વગેરે. શિક્ષક માંદો હોય કે તેને ઠીક ન હોય ત્યારે તે શાળામાં જ ન હોય. પણ ધારો કે હોય તો તેણે બાળકોને કહેવું જ ન પડે કે બાળકોએ ગડબડાટ તોફાન ખેંચતાણ વગેરે ન કરવાં. નિશાળ બાળકોનું અને શિક્ષકનું ઘર છે. ત્યાં અસ્વસ્થ શિક્ષક બેસે, આરામ લે અને પડ્યો પડ્યો પણ વ્યવસ્થા વગેરે ઉપર દેખરેખ રાખે અને બાળકોનાં કામને પ્રેરણા અને ઉત્સાહ આપ્યા કરે. બાળકો પણ શિક્ષકને ન ગમે તેવું કંઈ ન કરે અને શિક્ષકની કાળજી રાખે. પણ આવું ક્યારે બને? જ્યારે શાળાનું તંત્ર સાચી રીતે આપણે ગોઠવ્યું હોય. મૂળે ખેંચતાણ થાય તેવું વાતાવરણ હોય, તે વાતાવરણ દૂર કરવા અને શાંત સ્વસ્થપણે શિક્ષણનું કામ ચાલ્યા કરવા માટે આપણે યોગ્ય કર્યું ન હોય; તો જ ખલેલ, ખેંચતાણ, વગેરે થાય; અને તો જ માંદા શિક્ષકે કેમ વર્તવું કે નબળા શરીર કે નબળા જ્ઞાનતંતુવાળા શિક્ષકે શું કહેવું કરવું તે સવાલ થાય છે. પણ પરિસ્થિતિ જ સુંદર હોય તો આ પ્રશ્ન ઊકલી જાય છે. એટલે સવાલ શિક્ષકની નાદુરસ્તીનો છે તે કરતાં વાતાવરણના સ્વાસ્થનો છે. અને અલબત્ત શિક્ષકનું અસ્વાસ્થ્ય કે નાદુરસ્તી બાળકમાં તેવું વલણ પેદા કરે એ સંભવિત છે. તેટલા પૂરતું શિક્ષકે તાજા રહેવું, કસરત કરવી, ખાવુંપીવું અને તંદુરસ્ત બની શાળામાં આવવું જરૂરનું છે.

પણ આ પ્રશ્નનાં જવાબને અહીં જ હદ છે. આ બધા ઉત્તરો ઉપર આપ વિચાર અને અનુભવ ઠાલવજો અને પછી યોગ્ય સમન્વય અને લાગે તેમ કરશો.

પછી અવકાશે લખશો. હવે પછીથી આટલા લાંબા જવાબો નહિ આપું.

લી. આપના
ગિજુભાઈના
નમસ્કાર.

ચિત્રકામ

“અમારું બાળક આટલા દિવસથી શાળામાં આવે છે પણ પ્રમાણમાં કશી પ્રગતિ જણાતી નથી. પાંચ વર્ષ તો પૂરાં થવા આવ્યાં પણ હજી થોથરાતાં થોથરાતાં વાંચે છે.”

“હા, પણ તે ચિત્રો ખૂબ કાઢે છે, ને હમણાં તેનું લક્ષ ચિત્ર તરફ વધારે છે એટલે લખવા-વાંચવામાં પાછળ દેખાય છે. વાંચવાલખવાનું તે આગળ ઉપર કરશે જ. ચિન્તા કરવાની કાંઈ જરૂર નથી.”

“હા હા, ચિત્રો તો ઘેર પણ કાઢે છે. પણ આખો દિવસ ચિત્રો જ કાઢ્યા કરવાથી શો ફાયદો? કાંઈ લખવુંવાંચવું વગેરે અભ્યાસ પણ કરવો જોઈએને હવે? આટલા દિવસ તો નાનું હતું એટલે જાણે કે ઠીક.”

“પણ ચિત્રોમાં તેને કેટલો રસ છે? જો તે કંઈ જ ન કરતું હોત તો તો મને પણ ચિન્તા થાત, પણ તે ચિત્રમાં ખૂબ જ એકાગ્ર થાય છે અને નવી નવી કલ્પનાઓ દોરે છે.”

“પણ તેને કાંઈ ભણતર કહેવાય? લખવું, વાંચવું, વગેરે ન આવડવું જોઈએ?”

“આવડવું જોઈએ. પણ બે મહિના મોડું થાય તો એમાં શું બગડી જવાનું હતું?”

આ જાતની ચર્ચા બાળકોનાં માબાપો સાથે અનેક વાર થાય છે.

શાળા જોવા આવનારાંઓ પણ ઘણાં એમ કહે છે કે અહીં ચિત્રો ઉપર વધારે ભાર મુકાતો જણાય છે; ઘણાં બાળકો ચિત્રો કાઢતાં દેખાય છે.

બાલજીવનમાં ચિત્રોને શું સ્થાન છે અને બાલશિક્ષણમાં તેનું શું મહત્ત્વ છે તેને વધારે સ્પષ્ટ કરવાની જરૂર છે. કોઈ કહે છે ને કોઈ નથી કહેતું, પરંતુ બધાં માતપિતાઓના મનમાં આ જ શંકા ઉદ્‌ભવે છે. તેથી અમારી શાળામાં અમે ચિત્રોનું શું મહત્ત્વ સમજીએ છીએ તે આ લેખ દ્વારા સ્પષ્ટ કરવાનો પ્રયત્ન છે.

પહેલી વાત એ છે કે ચાર સવાચાર વર્ષની ઉમ્મરે બાળક પ્રાથમિક ઇન્દ્રિયવિકાસની રમતોમાંથી આકાર, રૂપ, રંગ વગેરે સંબંધેની પોતાની કલ્પના પાકી કરીને આગળ વધવા ઇચ્છે છે. તે વખતે અમે આકારની આગળની કક્ષા પ્રમાણે તેની પાસે જુદા જુદા અક્ષરના આકારો મૂકીએ છીએ; અને સાથે સાથે ભૌમિતિક આકૃતિની મદદથી ચિત્રકામની શરૂઆત કરીએ છીએ.

ભૌમિતિક આકાર ઉપર આંગળીઓ ફેરવી આકારની કલ્પના પાકી કરવાની તક બાળકને મળે છે. તેને લક્ષને અક્ષરના આકાર ઉપર આંગળી ફેરવી આકાર ગૃહણ કરવાનું તેને સરળ અને મનોરંજક લાગે છે અને અમુક આકારનું અમુક નામ છે એ યાદ રહે છે. એટલે અક્ષરો વાંચતા આવડતા પહેલાં જ લેખનની શરૂઆત થતી હોય છે.

પરંતુ લખવામાં માત્ર આકાર લક્ષમાં રહેવાથી કામ ચાલતું નથી. હાથમાં પેન્સિલ, હોલ્ડર કે ખડી લઈ તેની મદદથી કાગળ કે પાટી ઉપર તે આકાર કાઢતાં આવડવો જોઈએ. પેન્સિલ પકડી ત્રણ આંગળીઓનાં સ્નાયુની બારીકમાં બારીક હિલચાલથી પેન્સિલનો ઉપયોગ કરતાં આવડવું જોઈએ. બાળકને આ સૂક્ષ્મ હિલચાલ શીખવવી જોઈએ છીએ. જેમ હાલવું, ચાલવું, મૂકવું, ઉપાડવું વગેરે અનેક ક્રિયા બાળકને બતાવવામાં આવે છે, અને સ્નાયુ ઉપર કાબૂ મેળવી તે ઉત્તમ રીતે અને સફાઈપૂર્વક કરવા દેવાની બાળકને તક આપવાની આવશ્યકતા છે, તેમ જ આંગળીના સ્નાયુનું છે. હાથમાં પેન્સિલ પકડીને વાંકાચૂંકા નહિ પણ પોતાની ઇચ્છા પ્રમાણે બરાબર ફેરવતાં આવડવાની બાળકને તાલીમ મળવી જોઈએ.

આ જ હેતુથી તેને આ ઉંમરે કાગળ, આકૃતિ અને પેન્સિલ આપવામાં આવે છે અને લોઢાની ભૌમિતિક આકૃતિની મદદથી સફાઈદાર આકૃતિ કાઢી તેમાં છૂટા હાથથી આડી ઊભી કે ત્રાંસી રેખાઓ કાઢવાનું બતાવવામાં આવે છે.

ઘણાં બાળકોને આ ચિત્રકામ ગમે છે અને તેમાં તલ્લીન બની ગયાં દેખાય છે.

તેથી સ્વાભાવિક રીતે જોતાં નાના કે મોટા વર્ગમાં ઘણાં બાળકો ઘણા વખત સુધી ચિત્રો જ કાઢતાં દેખાય છે.

અર્થાત્ સાચી રીતે જોતાં તેઓ ચિત્રકામ ન કરતાં લેખનકાર્ય જ શીખે છે એમ કહેવું જોઈએ. ત્રણ આંગળીઓમાં પેન્સિલ પકડીને તે પોતાને મન ગમતી રીતે વાળતાં તેઓ શીખે છે.

તેથી શાળામાં ચિત્રકામને ઘણું સ્થાન છે અને લેખનવાચનને ઓછું છે એવી પ્રથમ દૃષ્ટિએ છાપ પડે તોપણ તેમાં ભૂલ છે, તે સહજ સમજાય તેવી વાત છે.

પ્રથમ શરૂઆતમાં લેખનની પૂર્વતૈયારી જોકે ચિત્રકામની શરૂઆતથી થાય છે તોપણ તે ચિત્રકામની શરૂઆત પણ છે જ.

તેનાથી હાથમાં પેન્સિલ લઈને તેની મદદથી જાતજાતના આકારો કાઢવાની શક્તિ બાળકમાં આવે જ છે.

એટલે આ જ કામમાંથી ચિત્રકામ પણ જન્મે છે. તૈયાર થયેલા હાથનો ઉપયોગ કોઈ લેખનમાં

કરે છે તો કોઈ ચિત્રમાં કરે છે. આ પ્રમાણે આ સમયે અમારે ત્યાં બે વર્ગ પડે છે; એક લેખકનો ને બીજો ચિત્રકારનો. કોઈનું વલણ બંને બાજુ પણ દેખાય છે.

એનો અર્થ એમ નથી કે અત્યારે જે ચિત્રકાર દેખાય છે તે ભવિષ્યમાં મહાન્ ચિત્રકાર જ થશે. પરંતુ તાત્કાલિક તો તેને લેખન કરતાં ચિત્ર વધારે પસંદ છે અને ભવિષ્યમાં ચિત્રકામ તરફનું વલણ કાયમ રહેવા સંભવ છે, એટલું જ.

આ રીતે શરૂઆત થયા પછી કેટલેક દિવસે બાળકોના અક્ષરો પૂરા થાય છે અને લખવા માટે હાથ તૈયાર થાય છે. એટલે કે લેખનવાચનની તૈયારી થાય છે.

લખતાવાંચતાં આવડ્યા પછી પણ ઉપર કહ્યા પ્રમાણે કેટલાંક બાળકો ચિત્રમાં વધુ મગ્ન બને છે તો કેટલાંક લેખનમાં વધુ એકાગ્ર દેખાય છે.

આનું કારણ શું ?

મારા મત પ્રમાણે લેખનવાચનનું મોટેરાંની દૃષ્ટિએ જે મહત્ત્વ છે તે બાળકને મન નથી. તેની જ્ઞાનપિપાસા અત્યંત તીવ્ર હોય છે; તે પ્રમાણે પોતાના મનની ભાવના અને વિચાર વ્યક્ત કરવાની પણ તેટલી જ તીવ્ર જરૂર છે.

જ્ઞાન મેળવવાની અને પોતાના વિચાર અને ભાવના વ્યક્ત કરવા માટે સાધનની તેને જરૂર છે.

ભાષા એ એક સાધન તેને મળેલું છે. તોપણ કેટલાંકને શબ્દ કરતાં પ્રત્યક્ષ આકાર, રંગ વગેરે અધિક હૃદયસ્પર્શી લાગે છે. તેમના મનને બિલાડી કે પોપટ એમ લખવાથી શાંતિ થતી નથી. તેમણે પોપટ જોયો હોય તો તેનું ફરીફરીને સ્મરણ કરી પોપટ સંબંધેની કલ્પના દૃઢ કરવા માટે પોપટનો પાઠ વાંચવા કરતાં પોપટનું ચિત્ર જોવું જ તે વધારે પસંદ કરે છે; અને પોપટની ચાંચ લાલ છે અને પાંખ લીલી છે એમ લખવા કરતાં લાલ ચાંચ અને લીલી પાંખનું પક્ષી ચીતરવામાં જ એમના મનને વધારે સંતોષ થાય છે. કદાચ આ બે માનસમાં એવો ફરક હશે કે એકને પોતાની કલ્પનાશક્તિ ઉપર વધારે આધાર હશે; માત્ર મનઃચક્ષુ સામે ચિત્ર ઊભું થતાં તેને સંતોષ થતો હશે. જ્યારે બીજાને તે ચિત્ર ચર્મચક્ષુ સામે ઊભું ન થાય ત્યાં સુધી ચેન જ પડતું નથી. અર્થાત્ ભાષાપ્રધાન બાળકને પોપટનું ચિત્ર મનમાં અસ્પષ્ટ હોય તોપણ ચાલે છે. લેખકોમાં આ ફેર આપણને હંમેશાં જોવામાં આવે છે. કોઈ લેખક શબ્દો દ્વારા તાદૃશ્ય ચિત્ર આપણી સામે રજૂ કરે છે; એટલે કે કલ્પનાચક્ષુ સામેનું પોતાનું ચિત્ર તે પ્રત્યક્ષ જ જોતો હોય છે. તેને લઈને જ 'શબ્દચિત્ર' એ પ્રયોગ ભાષામાં રૂઢ થયો છે. લેખક જ્યારે શબ્દોની સહાયથી પોતાનું ચિત્ર બહુ કરે છે ત્યારે તે રૂપરંગ જ જુએ છે અને બતાવે છે.

એથી ઊલટું કોઈ ચિત્રકાર એવો હોય છે કે રંગ અને છાયાની મદદથી તાદૃશ્ય ચિતાર પોતાની આગળ રજૂ કરવાને બદલે કંઈ વિચાર, કંઈ તત્ત્વ, કંઈ ભાવ, વગેરે પ્રત્યક્ષ ચિત્ર કરતાં કાંઈ વિશિષ્ટ, કંઈ જુદું જ કાઢે છે.

આ વિષયમાં અહીં બહુ ઊંડા ઊતરવાની જરૂર નથી. પરંતુ આ ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે મનુષ્યનું આ બાબતમાં નિરાળું નિરાળું વલણ હોય છે. કોઈને ભાષાનું સાધન વધારે ઉપયોગી થાય છે તો કોઈને ચિત્ર અધિક પસંદ પડે છે. કોઈ ચિત્ર દ્વારા ભાષા વ્યક્ત કરે છે, કોઈ ભાષા દ્વારા ચિત્ર વ્યક્ત કરે છે. આ જાતનો મનુષ્ય મનુષ્યમાં ફેર હોય છે. તે ન સ્વીકારતાં માત્ર લેખન-વાચનને જ જ્ઞાન મેળવવાના સાધન તરીકે માની લેવામાં આપણી મોટી ભૂલ થાય છે.

બીજું એ પણ લક્ષમાં રાખવું જોઈએ કે ચિત્ર મારફત બાળક પોતાનું જ્ઞાન પાકું કરવાનું જ કામ કરે છે.

અહીંના જ એક ચિત્રનો દાખલો લઈએ. એક બાળક લગભગ સાડાત્રણ વર્ષની ઉંમરે હાથમાં પેન્સિલ લઈ કાગળ ઉપર માત્ર ગોળ ચકરડાં કાઢવા લાગ્યું. તે વખતે તો તેનું એ કાર્ય લક્ષમાં આવ્યું નહિ; રોજ ને રોજ ગોળ ચકરડાં જ દેખાવા લાગ્યાં. કેટલાક દિવસ પછી આ ગોળ ચકરડાંનો આગગાડીના પૈડા તરીકે ઉપયોગ થવા લાગ્યો. હળવે હળવે તે આગગાડીને ડબા દેખાવા લાગ્યા, એન્જિન દેખાવા લાગ્યું અને ડબામાં માણસો પણ દેખાવા લાગ્યાં. એન્જિનમાં આગળ કોલસા દેખાવા લાગ્યા, ગાડીના પાટા દેખાવા લાગ્યા, રાતો સિગ્નલ દેખાયો, વગેરે કઈક વસ્તુઓ દેખાવા લાગી.

દોઢ વર્ષની ઉમ્મરે આગગાડી વિષે તેની પોતાની કલ્પનામાં કેટલું જ્ઞાન ભર્યું હતું તે ચિત્રભાષા ઉપરથી દેખાઈ આવે છે. તે બાળકે લગભગ સો ચિત્રો કાઢ્યાં: તેમાં પહેલાંમાં તો માત્ર વાંકાંચૂકાં ગોળ ચકરડાં જ હતાં. છેલ્લે ચિત્રમાં એન્જિન, ડ્રાઇવર, ધરી, સિગ્નલ, આકાશ, ઢગલા, પક્ષીઓ, વિમાન, વિમાનમાંથી આગગાડી ઉપર પડનારા બોંબ, આગગાડીની બારીઓ, અંદર માણસો, નદીના પૂલ ઉપરથી જતી ગાડી, એવી અનેક વિગતો દેખાવા લાગી.

આ બાળકનું અવલોકન અનઘ જણાય છે. ચિત્રો કાઢીને તે પોતાની અસ્પષ્ટ કલ્પના કેવી રીતે સ્પષ્ટ કરતું ગયું તે જોઈને કોઈની પણ ખાતરી થાય કે આ બાળકે ચિત્રકામમાં વખત બગાડ્યો નથી પણ જ્ઞાન મેળવવાનું જ કામ કર્યું છે.

ટૂંકમાં કહીએ તો જ્ઞાનાર્જન અને આત્મા-વિષ્કારનું સાધન માત્ર લેખનવાચનને જ ન સમજતાં ચિત્રને પણ તે સ્થાન આપવું જોઈએ. શબ્દ એ ચિહ્ન છે. આ ચિહ્નોની સહાયથી મૂળ વસ્તુની કલ્પના લેવાની છે. માંજર કહો, બિલાડી કહો કે, કૅટ કહો; તે અક્ષર સમૂહમાં દર્શાવેલી વસ્તુ લક્ષમાં આવવી જોઈએ. બિલાડી એ અક્ષરોમાં કાંઈ જ જાદુ નથી; તેમાં બાળકને ગમવા ન ગમવા જેવું કાંઈ જ જાદુ નથી. પણ બિલાડી બાળકને ગમે છે, અથવા કોઈને નથી ગમતી. સારાંશ ભાષા પાછળ જગત છે, અને તેનો પરિચય બાળકને કરાવવાનો છે. બિલાડી એ ત્રણ અક્ષરો કરતાં બિલાડીના ચિત્રથી તે કોઈ વાર વધારે થશે, અને ચિત્ર કરતાં પ્રત્યક્ષ બિલાડી જોવાથી એ કરતાં પણ વધારે થશે. સગવડની દૃષ્ટિએ પ્રત્યક્ષ કરતાં નમૂનો સારો, નમૂનો કરતાં ચિત્ર સારું, ને ચિત્ર કરતાં શબ્દ સારો. બાળકની પાસે આ જ ક્રમ હોવો જોઈએ.

શબ્દભાષા અને ચિત્રભાષામાં તુલના કરીએ તો શબ્દભાષા દેશ દેશ, પ્રાંત પ્રાંત પ્રમાણે જુદી પડશે. પરંતુ ચિત્રભાષા સર્વદેશીય છે. આ દૃષ્ટિથી બાળકો તે વધારે પસંદ કરે તો તેમાં કાંઈ વાંધા જેવું નથી.

સારાંશ એ કે ચિત્ર એ જ્ઞાનાર્જનનું એક સુંદર સાધન છે. પાંચ છ વર્ષનું બાળક વાંચવાલખવા કરતાં ચિત્ર કાઢવાનું ને ચિત્ર જોવાનું વધારે પસંદ કરે તો તેમાં માબાપોએ કે શિક્ષકોએ ચિંતા કરવાનું કશું જ કારણ નથી.

ચિંતા થાય છે એનું કારણ એ જ છે કે આપણી શિક્ષણ સંબંધેની કલ્પના બૂબ જ સંકુચિત છે. બાળકમાં જ્ઞાન લેવાની ઇચ્છા છે કે નહિ, જ્ઞાન મેળવવા પાછળ મહેનત કરે છે કે નહિ, વિચાર અને ભાવ વ્યક્ત કરવા માટે તેની પાસે સાધન છે કે નહિ, તે જોઈને જો તે ન હોય તો ચિંતા કરવી જોઈએ. તેને બદલે બાળક હજુ લખતું કાં નથી, વાંચતું કાં નથી, આ જાતની બોટી ચિંતા માબાપો કરે છે.

બાળકનો સર્વાંગી અને અસ્ખલિત વિકાસ એટલે શું તે હવે આપણે સમજી લેવું જોઈએ; ક્યાં સુધી આપણે આ અજ્ઞાન રાખીશું ?

'જૂનું તે સોનું' એ વિચારસરણી બાલ-શિક્ષણના ક્ષેત્રમાં કયાં સુધી રહેશે દૈવ જાણે.

તા.

બાળકો અને ભય

બાળકોમાં સુસંસ્કારો રોપવા, તેમને શિક્ષિત કરવા અથવા ધાર્મિક બનાવવા ભયની પદ્ધતિનો ઉપયોગ સમાજમાં ચાલે છે. બાળકોની ભૂલો માટે શિક્ષકો યા માતપિતાઓ તેમને સુધારવા ડરાવે છે, ધમકી આપે છે, તેમના ઉપર વારંવાર ચિડાય છે અને તેમને મારતાં પણ અચકાતાં નથી. આ વિષે જરા વિશેષ ગંભીરતાથી વિચારીએ તો જણાશે કે જે જે પરિણામો નિપજાવવા ભયની પદ્ધતિ પ્રવર્તે છે, તે પરિણામો અને ભયની પદ્ધતિ એ બન્ને વચ્ચે કાંઈ મેળ છે ખરો?

બાળકોનું જીવન અનુકરણશીલ છે. તેઓ બોલતાંચાલતાં, ખાતાંપીતાં અને બીજી બધી પ્રવૃત્તિઓમાં ઘરનું જ અને ખાસ કરીને માતપિતાનું અનુકરણ કરી તે તે પ્રવૃત્તિઓ શીખે છે. હવે જ્યારે આપણે તેમને સુસંસ્કારી, વિનયી, ધાર્મિક અને સદાચારી બનાવવાં છે, તો ઘરમાં કેવું વાતાવરણ હોવું જોઈએ એ વિષે વિચારવું આવશ્યક નથી?

માતા ઘડીએ ઘડીએ બાળકો તરફ ગાળો કાઢતી હોય, પિતા ઘડીએ ઘડીએ માતા ઉપર ચિડાતો હોય અને ઉદ્ધતપણે વર્તતો હોય, ત્યાં બાળકોને હુન્નર ભયોથી બિવડાવીએ વા મારકૂટ કરીએ તોપણ તેઓ કદી સુસંસ્કારી વા વિનયી થવાનાં નથી. બાળકોને બિવડાવનાર માતપિતા કે સમાજ પૂછશે કે બિવડાવવામાં હિંસા શી થઈ? જોકે આ પ્રવૃત્તિમાં ચોખ્ખી બાલહત્યા છે; છતાં વિશેષ સ્પષ્ટીકરણ માટે એ ભયની પદ્ધતિનું જરા વિશેષ પૃથક્કરણ કરીએ.

બાળક રડે, હઠે ચડે વા કહ્યું ન માને તો બાળકના હિતેચ્છુઓમાં સૌથી પહેલાં બાળકો તરફ આવેશ આવે છે; આવેશ આવતાં જ મુખથી ગાળોની વૃષ્ટિ વરસે છે; હાથ વગેરેના મારથી બિચારાં અણસમજુ બાળક ઉપર હલ્લો કરવામાં આવે છે. આમાં આવેશવૃત્તિ, આવેશવૃત્તિથી થતાં ગાલિપ્રદાન અને દંડ એ બધું પ્રત્યક્ષ હિંસારૂપ છે.

આવેશ આવતાં આવેશી મનુષ્ય સારાસારનું ભાન ભૂલી જાય છે. એ ભાન જતાં, ભાષાનો વિવેક ખતમ થાય છે, અને સાથે જ ઊગતા છોડને છૂંદવા પણ દોડી જવાય છે. વળી વધારામાં આ પ્રવૃત્તિથી બાળકને તો લાભને બદલે હાનિ જ થાય છે. બાળક ગાળો કાઢતાં શીખે છે; બીજાને બિવડાવતાં કે મારતાં શીખે છે; અને ભયભીત બાળકનું મગજ કેટલીક વાર ભયથી એવું બહેર મારી જાય છે કે પછી તે હમેશને માટે ઘીટ બને છે. અને એ ઘીટપણામાંથી બીજા અનેક દુર્ગુણો બાળકમાં પેદા થાય છે. આ રીતે બાળકની આખી જિંદગી બરબાદ જાય છે. શું આ બધું હિંસારૂપ નથી?

આવેશનો ત્યાગ કરવો; બાળકની પરિસ્થિતિ સમજવી અને તેની મનોદશાનો અભ્યાસ કરી તેને સુધારવા ઘરમાં સુંદર વાતાવરણ ઊભું કરવું, જેથી માતાપિતા અને બાળક એ બધાં શાંતિથી જીવનનો વિકાસ કરી શકે અને નિશ્ચિત ધ્યેયને પાર પાડી શકે. ઘણાંખરાં માતપિતા પોતાની ભૂલોને લીધે એવું નથી કરી શકતાં એટલે જ તેઓ ડરામણી અને મારફાડના પ્રયોગોથી ટેવાયેલાં હોય છે. તેઓ શાસ્ત્રના આ વાક્યથી સમજી લે કે તેમની એ પ્રવૃત્તિ ચોખ્ખી હિંસારૂપ છે. અને તેથી તેમનો કે બાળકોનો વિકાસ થવાનો સંભવ નથી. કેટલીક વાર ભય બીજાના પ્રાણનો પણ નાશ કરે છે. આજે એવાં અનેક ઉદાહરણો આપણી સામે દિનપ્રતિદિન આવ્યાં કરે છે, જેમાં માણસોએ માત્ર ભયને લીધે પોતાના પ્રાણ ગુમાવ્યા હોય.

બિવડાવનાર વા બિનારના અંતરંગ વા બહિરંગ મમ ઉપર ભય આમ અનેક રીતે ઘા કરે છે. માટે હવે એ હિંસારૂપ છે કે કેમ એ પ્રશ્ન જ ઊઠતો નથી. જે પ્રાણી આત્મગુણનો ઘાત થાય એવી પ્રવૃત્તિ કરે તેને જૈનાગમ હિંસક કહે છે. ધૈર્ય ગુમાવી, ઉતાવળ કરી બિવડાવીને કાય સાધવા જતાં કદાચ તે થઈ જતું જણાય તોપણ તેની પાછળ અનેક આત્માઓના ચૈતન્યને બહેરુ કરવારૂપ વા નાબૂદ કરવારૂપ હિંસા છુપાયેલી છે.

કુતૂહલ, મશ્કરી, હાસ્ય કે એવા બીજા કોઈ શોખ માટે બિવડાવવાની પ્રવૃત્તિનાં પરિણામ પણ ઘણાં નઠારાં આવે છે. એટલે કોઈ પણ હેતુથી કોઈ પણ જાતની બિવડાવવાની પ્રવૃત્તિ હિંસાથી ઊતરતી નથી. શાસ્ત્રકારે ભયને મોહનું સ્વરૂપ બતાવીને ભાવહિંસાની કોટીનો તો બતાવેલો જ છે. અને ઉપર્યુક્ત રીતે તે દ્રવ્યહિંસા–સ્થૂલ હિંસાનો જનક છે. માટે તે હિંસારૂપ છે કે નહિ તે વાચકો પોતે જ વિચારી લેશે.

"પ્રબુદ્ધ જૈન"માંથી. **બેચરદાસ દોશી.**

શિશુવિહાર
બાલઅધ્યાપનમંદિર, દાદર

સન ૧૯૪૦ની પરીક્ષાનું પરિણામ. (વર્ષ બીજું)

આ પરીક્ષામાં એકંદરે ૧૪ વિદ્યાર્થી શિક્ષક ભાઈબહેનો બેઠાં હતાં. તેમાં યશસ્વી નીવડનારાં ભાઈબહેનોનાં નામો અનુક્રમે નીચે પ્રમાણે છે:—

૧ શ્રી. કિશોરભાઈ મહેતા
૨ ,, અ. રા. ઢવળીકર
૩ ,, સુશીલા જાગીરદાર
૪ ,, પ્રમિલા જોશી
૫ ,, રાધાબાઈ ચિત્તાર
૬ ,, શશિકલા કોઠારી
૭ ,, ઇન્દુમતી ન્હેગળેકર
૮ ,, ય. દ ગોરે
૯ ,, વિજયા દેવ
૧૦ ,, સરલા નામલે
૧૧ ,, ભાનુમતી મિત્ર

તારાબેન મોડક, પ્રિન્સિપાલ

શિશુવિહાર
બાલઅધ્યાપનમંદિર, દાદર
વર્ષ ત્રીજું
(સરકારે માન્ય કરેલ)

નવીન બાલશિક્ષણ પદ્ધતિ પ્રમાણેના શિક્ષક શિક્ષિકાઓની તાલીમ માટેનો વર્ગ (Teachers' Training Class) એટલે શિશુવિહાર બાલ-અધ્યાપનમંદિર.

આ વર્ગ તારીખ ૨૨–૬–૪૦ ના રોજ ઊઘડશે. તા. ૨૦–૬–૪૦ ના રોજ સવારે ૮ થી ૧૦ સુધી દાખલ થનાર વિદ્યાર્થીઓની પ્રવેશપરીક્ષા લેવાશે. ગ્રેજ્યુએટ અથવા અન્ડરગ્રેજ્યુએટને આ પરીક્ષા આપવાની જરૂર નથી.

...દાખલ થવા ઇચ્છનાર ગુજરાતી તથા મરાઠી વિદ્યાર્થીઓએ તા. ૧૫–૬–૪૦ સુધીમાં અરજી નીચેની સરનામે કરવાની હતી. પરંતુ યોગ્ય કારણને અંગે જેઓ આ તારીખ સુધીમાં અરજી કરી શકયાં નહિ હોય તેમની અરજીઓનો વિચાર હજુ અરજી આવેથી તા. ૧–૭–૪૦ સુધી કરવાનું ઠરાવ્યું છે. જરૂર જણાશે ત્યાં તેમની પ્રવેશપરીક્ષા પણ લેવામાં આવશે.

આ અધ્યાપનમંદિરના ગુજરાતી વિભાગનાં વિદ્યાર્થીઓની પ્રેક્ટીસિંગ સ્કૂલ તરીકે માટુંગામાં હમણાં જ શરૂ થયેલ 'નૂતન વિદ્યાલય' ના શિશુવર્ગનો ઉપયોગ કરવાની અનુકૂળતા તે શાળાના મંડળ તરફથી આપવામાં આવી છે.

એ શાળાના બાલવર્ગનું અધ્યાપનકાર્ય હાલ નીચેનાં ભાઈબહેનોના હાથમાં છે:—

શ્રી. ચંદુલાલ ભટ્ટ
,, મોંઘીબેન બધેકા
,, મનોરમાબેન ભટ્ટ
,, સૂર્યબેન પારેખ

તારાબેન મોડક, પ્રિન્સિપાલ

સ્વ. ગિજુભાઈ સ્મારક ફાળો

૧૨૪૦૮-૦-૦ અગાઉ સ્વીકારાયેલા
૫—૦—૦ ,, ગંગારામ ખેચરભાઇ વરૂ વાંકુ
૫—૦—૦ ,, પોપટલાલ ર. ઠાકર ,,
૨—૦—૦ ,, વાગજી જદવજી કોટક ,,
૨—૦—૦ ,, શાંતિલાલ ભ. છાયા ,,
૩—૦—૦ વાંકુ શાળાના વિદ્યાર્થીઓ ,,
૧—૦—૦ શ્રી. વેલજી જી. કારીઆ ,,
૧—૦—૦ ,, પોપટલાલ વી. કેશરીયા ,,
૧—૦—૦ ,, કશનજી કે. કારાણી કેરા
૧—૦—૦ ,, ચંદુલાલ કાનજી જોશી વાંકુ
૧—૦—૦ ,, વૃજલાલ દેવશંકર ધોળકીયા ભુજ
૫—૦—૦ ,, ધર્મસિંહ ગંગારામ રૂપારેલ રાપર
૧—૦—૦ ,, મંગળજી લધાભાઈ ઠક્કર, વીજપાશર
૨—૦—૦ ,, પીતાંબર ગો. જોશી સંગઢ
૦—૪—૦ સંગઢ શાળાના વિદ્યાર્થીઓ
૧—૦—૦ શ્રી. કલ્યાણરાય દેવજી મહેતા કોનીચોરા
૧—૦—૦ ,, કૃષ્ણદાસ રતનસિંહ સોમૈયા. રામપુર
૧—૦—૦ ,, હીરાલાલ લ. પંડ્યા ફિદાણા
૨—૦—૦ ,, વિશરામ ગો. ઠક્કર વમોટી
૦—૧૨—૦ ,, વલ્લભજી ના. ઠક્કર. ,,
૦—૧૨—૦ વમોટી શાળાના વિદ્યાર્થીઓ ,,
૨—૦—૦ શ્રી. ખરાશંકર ઈ. ઠાકર મીઠીરોહર
૩—૯—૦ મીઠીરોહર શાળાના વિદ્યાર્થીઓ
૫—૦—૦ શ્રી. દેવશંકર મહાદેવ રાજગોર ભરૂડીઆ
૧—૦—૦ શ્રી. મણુબેન ર. રાજગોર ભરૂડીઆ
૧—૦—૦ ભરૂડીઆ શાળાના વિદ્યાર્થીઓ.
૧—૦—૦ શ્રી. સુંદરજી કાનજી ઠક્કર વરલી
૨—૦—૦ વરલી શાળાના વિદ્યાર્થીઓ
૧—૦—૦ શ્રી. નાનાલાલ શિવજી પંડ્યા અઇડા
૧—૦—૦ ,, વિશનજી માવજી ગોર ગોએલા
૦—૮—૦ ગોએલા શાળાના વિદ્યાર્થીઓ
૧—૦—૦ ,, વેલજી મૂળજી કનીશદિવાન સતાપુર
૧—૦—૦ ,, રામજી હેમજી ઠક્કર માથેલ
૨—૦—૦ માથેલ શાળાના વિદ્યાર્થીઓ ,,
૧—૦—૦ શ્રી. જયંતીલાલ ભવાનીશંકર ત્રિવેદી કોરીયાની
૫—૦—૦ ઢોરી લોહાણા મહાજન ઢોરી
૧—૪—૦ ઢોરી શાળાનાં બાળકો ,,
૧—૦—૦ શ્રી. શિવશંકર ના. ઉપાધ્યાય ,,
૧—૦—૦ ,, સરસ્વતીબેન લ. વ્યાસ ,,
૪—૦—૦ ,, બાલુભા કેશરીસિંગ જાડેજા રતનાળ
૨-૧૨—૦ રતનાળ શાળાના વિદ્યાર્થીઓ
૬—૮—૦ રતનાળ શાળાનાં બાળકોનાં વાલીઓ
૧—૦—૦ શ્રી. નિર્ભયશંકર કાલીદાસ ગોર બીટ્ટાવલા ડિપો

૩. ૧૨૪૮૯-૫-૬

વધુ હવે પછી

મુદ્રક : કૃ. ના. સાંપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઇ ૪.
પ્રકાશક: શ્રી. તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલોની, દાદર.

શિક્ષણપત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

બાળકોના સ્વભાવો જાણવા એ શિક્ષણની સફળતાની ચાવી છે.

પણ એ પહેલાં મનુષ્યના સ્વભાવો જાણવાની જરૂર છે, અને તેથીયે પહેલાં પોતાનો સ્વભાવ જાણવાની જરૂર છે.

શિક્ષક જો હંમેશ પોતાનું પૃથક્કરણ કરી પોતાના વિવિધ સ્વભાવોનું વર્ગીકરણ કરે અને તેનાં મૂળને શોધે, તેમ જ તેના ગુણદોષની પરીક્ષા કરી તેને વધારવા ઘટાડવા કેમ તેનું પોતાના અંતરમાં મંથન ચલાવી પ્રયોગો કરી નિર્ણય ઉપર આવે, તો જ બાળકોના સ્વભાવનો અભ્યાસ અને તે ઉપરથી બાળકોને તેમના વિકાસમાં કરવાની મદદ શક્ય બની શકે.

૨૮-૩-૩૭

ગિજુભાઈ

વર્ષ ૧૫ :: કાર્યાલય :: અંક ૫

૧૯૯૬ દાદર, મુંબઈ ૧૪ અશાડ

નોંધ

શિશુવિહાર બાલઅધ્યાપન મંદિર

આ વર્ષે બાલઅધ્યાપનમંદિરની શરૂઆત તા. ૨૨-૬-૧૯૪૦ થી થઈ ચૂકી છે. આ વખતે ૯ બહેનો અને ૨ ભાઈઓ મળી ૧૧ વિદ્યાર્થીઓ દાખલ થયેલ છે; -કેટલીએક બીજી અરજીઓ આવી છે પણ તેઓ હાજર થયેલ નથી; સંભવ છે કે મહાયુદ્ધની આજની પરિસ્થિતિનું પણ એ પરિણામ હોય. સિવાય અધ્યાપન-મંદિરના વિદ્યાર્થીઓ માટે ગૃહવિભાગ ન હોવાથી કેટલીએક બહેનો તથા કોઈ કોઈ ભાઈઓ આવી શક્યાં નથી એકંદરે ગયા વર્ષ કરતાં આ વરસે સંખ્યા જરા ઓછી ગણાય તોપણ આવેલ સંખ્યા નિરાશજનક તો ન જ કહેવાય.

આ વખતે આવેલ બહેનો પૈકી બે બહેનો જી. એ. (કર્વે વિદ્યાપીઠની સ્નાતિકાઓ) થયેલી છે. વિદ્યાર્થીઓમાં ઉચ્ચ અભ્યાસ કરી આવેલાની સંખ્યા સારી હોય ત્યારે એકંદરે અધ્યાપનમંદિરના અભ્યાસનું ધોરણ પણ ઊંચું જ રહે છે, તેમ જ વારંવારની ચર્ચાઓ અને વાદવિવાદનું સ્વરૂપ સિદ્ધાંતોનો વધારે ઊંડાણભર્યો અભ્યાસ પ્રેરે છે.

આ વર્ષે પણ બહેનોની સંખ્યા વધારે છે. જે બે ભાઈઓ આવ્યા છે તેઓ ગુજરાતી છે ને બહેનો બધી મહારાષ્ટ્રી છે. એમ અનુમાન કરવાનું મન થઈ આવે છે કે મહારાષ્ટ્રમાં હજુ બાલશિક્ષણ પ્રત્યે પુરુષવર્ગનું વલણ ઓછું છે. ગુજરાતમાં તો સ્વ. ગિજુભાઈએ બાલશિક્ષણનું કામ ઉપાડ્યું ત્યારથી પુરુષોએ જ વધારે પ્રમાણમાં એ વિષે અભિરુચિ બતાવી છે, એટલે ગુજરાતમાંથી પુરુષો બાલશિક્ષણનો અભ્યાસ કરવા આવ્યા છે તે નવાઈ જેવું નથી. એક ભાઈ તો ઠેઠ આફ્રિકાથી અભ્યાસ કરવા અહીં આવવાના છે. મહારાષ્ટ્રનો પુરુષવર્ગ આ વિષે આટલી ઉદાસીનતા કાં સેવે છે તે સમજી શકાતું નથી. પ્રાથમિક કેળવણીમાં એમ તો મોટો ભાગ પુરુષોનો જ છે. ત્યારે એમ તો નથી કે પૂર્વપ્રાથમિક કેળવણીનું કામ સ્ત્રીઓ જ કરે એમ પુરુષવર્ગને લાગ્યું હોય? હજુ પણ ઘણા વિદ્વાન લોકો એમ જ માની બેઠા છે કે પ્રાથમિક કેળવણીની બધી જવાબદારી સ્ત્રીઓએ જ ઉપાડી લેવી જોઈએ. ખરું જોતાં પ્રાથમિક અને પૂર્વપ્રાથમિક કેળવણી તો શું, પણ તે પહેલાંનાં બાલસંગોપનકાર્યમાં પણ સ્ત્રી અને પુરુષ ઉભય તત્ત્વોના સંમિશ્રણની આવ-શ્યકતા છે. માત્ર સ્ત્રીઓ વચ્ચે ઊછરતાં બાળકોમાં એક જાતની ઊણપ રહી જાય છે. સ્ત્રીઓ તેમ જ પુરુષોનો બાળકો પ્રત્યેનો વર્તાવ સ્વભાવતઃ ભિન્ન સ્વરૂપનો રહે છે; વિચારોમાં તેમ જ નિર્ણયોમાં પણ આ ભેદ દેખાઈ આવે છે. એટલે વાસ્તવિક રીતે જોતાં બાળકેળવણીમાં ઉભય વર્ગની જરૂરિયાત અનિવાર્ય ગણાય. સ્વાભાવિક વિકાસની દૃષ્ટિએ શાળામાં છોકરાઓ તેમ જ છોકરીઓ સાથે ભણે તે જ રીતે શિક્ષકવર્ગમાં પણ પુરુષો અને સ્ત્રીઓ સાથે કામ કરે એ સ્થિતિ જ હિતાવહ છે. બેશક આ જાતની માન્યતાનો સ્વીકાર કાળે કરીને જ થશે. આપણે ઇચ્છીએ કે આ સમય બહુ વહેલો આવે.

બાલમંદિરોના શિક્ષકોને

'શિક્ષણ પત્રિકા'ના થોડાએક વધારાના અંકો મફત વહેંચવા સારુ અમારી પાસે પડ્યા છે. બાલમંદિરના આચાર્યો તથા શિક્ષકોને પોતાનાં બાળકોના માબાપોને આપવા સારુ જોઈતા હોય તેમણે તેની જોઈતી નકલો માટે અમને લખવું. ૫૦ નકલોનું ટપાલ ખર્ચ ૦-૧૨-૦ થશે. તે પ્રમાણેની રકમ ટિકીટો અથવા મનીઓર્ડરથી મોકલી આપવી. સરનામું નીચે પ્રમાણે કરવું:—

વ્યવસ્થાપક "શિક્ષણપત્રિકા"
હિંદુ કૉલોની, દાદર.

સ્વ. ગિજુભાઈની પુણ્યતિથિ

બાલશિક્ષણના પિતા સ્વ. ગિજુભાઇની પુણ્યતિથિ ઊજવવા નવીન બાળશિક્ષક સંઘના આશ્રય હેઠળ તા. ૨૩–૬–૪૦ ને રવિવારે સાંજે ચાર વાગે બાળ કેળવણીકાર શ્રીમતી તારાબેન મોડકના પ્રમુખપદે દાદર શિશુવિહારમાં દક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓની એક સભા મળી હતી.

શરૂઆતમાં શ્રી. ધનુબેન ઉપાધ્યાયે પ્રાર્થના ગીત ગાયા બાદ સંઘના મંત્રીએ સભાનો હેતુ જણાવી સ્વ. ગિજુભાઇની કાર્ય અને શક્તિનું ટૂંક બ્યાન કરી સ્વ. ગિજુભાઇને અંજલિ અર્પી હતી.

પ્રમુખ શ્રી તારાબેને પ્રવચન કરતાં જણાવ્યું કે મને તો ગિજુભાઈ મોટા પ્રચારક તરીકે જણાયા છે. પ્રચારક એટલે તીવ્ર લાગણીને કૃતિમાં મૂકનાર. બાળકો માટે તેમને લાગણી થઇ. તેમણે વકીલાત છોડી; શિક્ષક થઇ બાલમંદિર, બાળસાહિત્ય અને ખાસ કરીને શિક્ષણપત્રિકા તથા બાલઅધ્યાપનમંદિર દ્વારા તેમણે બૃહદ્ ગુજરાત અલ્કે હિન્દના કેળવણીના ક્ષેત્રમાં બાળકેળવણીને પ્રચંડ વેગ આપ્યો–પ્રચાર કર્યો. મને કહેવા દો કે મોંટીસોરી પદ્ધતિના મુખ્ય સિદ્ધાંતોની સાથે આપણી રાષ્ટ્રીય દૃષ્ટિ લક્ષમાં રાખીને તેમણે કાર્ય કર્યું છે. ડૉ. મોન્ટીસોરી પરદેશી હોવાને કારણે આપણી રાષ્ટ્રીય દૃષ્ટિ લક્ષમાં ન રાખે એ બનવા જોગ છે. અને એટલે અંશે પૂ. ગિજુભાઈ અને ડૉ. મોન્ટીસોરીમાં ફરક જણાશે. આપણે પણ રાષ્ટ્રીય દૃષ્ટિને લક્ષમાં રાખી આપણી કૂચ આગળ વધારવી જોઇએ. આજના પવિત્ર પ્રસંગે એ મહાપુરુષના કાર્યને પાર પાડવા સૌભાઈબેનોને એકત્રિત થઇ કાર્ય કરવા આગ્રહ કરી વિરમું છું.

મુ. ગોપાળરાવ વિદ્વાંસે સ્વ. ગિજુભાઈને કેળવણીકાર; રાજયોગી અને પ્રેમી પિતા તરીકે વર્ણવી તેમણે જે કાર્ય હાથ ધર્યું હોય તેની પાછળ સતત્ મંડ્યા રહી પાર પડવાની 'પકડ' નો ઉલ્લેખ કરી તેમના એ જીવનપ્રસંગો જણાવી શ્રદ્ધાંજલિ આપી હતી.

અંતમાં મોંઘીબેને ગિજુભાઈને ગમતાં ભજનો હું તો હલકે હાલી જાઉં રે – રે શિર સાટે નટવરને વરીએ – ગાયાં હતાં. બાદ વંદેમાતરમ્ ગવાઇ રહેતાં સભા વિસર્જન થઈ હતી.

પ્રભુભાઈ ઉપાધ્યાય,
મંત્રી, નવીન શિક્ષક સંઘ, મુંબઈ

બાળકોના દોષો

અનેક વાર બાળકોમાં નાના મોટા દોષો અથવા ખામીઓ નજરે પડે છે. તેમાંયે છોકરીઓ કરતાં છોકરાઓમાં કેટલાક દોષો વધારે હોય છે. આવા કેટલાએક દોષો નીચે બતાવ્યા છે.

(૧) બડાઈ હાંકવી.—બે ચાર બાળકો સાથે મળી વાતોનાં ગપ્પાં હાંકે ત્યારે તેમાં એકાદ છોકરો એવો નીકળી આવે છે કે જે બડાઈ હાંકતો હોય. શરૂઆતમાં બીજા બાળકો એની વાતો સાચી માની લે છે ને એનાથી અંજાઈ જાય છે. પણ ધીમે ધીમે એ બધાંને સમજાય છે કે આ તો માત્ર બડાઈ છે, એટલે એનાં એ જ બાળકો એને બનાવવા લાગે છે. આખરે એની આ કુટેવથી બધાં બાળકો સાવધગાર થઈ જાય છે અને એનું નામ જ બડાઈખોર ઠરાવી દેવામાં આવે છે; બાળકો પછી તેની વાતો તરફ ઉપેક્ષા રાખતાં થઈ જાય છે, એટલે આપોઆપ એ બાળકની આ કુટેવમાં અંતરાય ઊભો થાય છે. છતાં કેટલાંએક બાળકોમાં આ કુટેવ એવું ઘર કરી જાય છે કે તે જતી જ નથી.

(૨) આત્મશ્લાઘા.—કેટલાંએક બાળકોને પોતાનાં જ વખાણ કરવાની ટેવ હોય છે. ઘણી વાર તેમાં તથ્યાંશ પણ હોય છે. છતાં એવા દાખલા પણ ઘણા હોય છે જેમાં જૂઠી હકીકતો દ્વારા પોતાનાં વખાણ કરવાની ટેવ પડી ગઈ હોય. "હું પહેલે નંબરે આવ્યો. પેલો દાખલો મેં આ રીતે ગણી આપ્યો; માસ્તરને પણ આવડતો નહોતો! તેમણે મને પૂછ્યું અને પછી મેં એક

મિનિટમાં તે ગણી આપ્યો.” ટૂંકમાં મેં આમ કર્યું ને મેં તેમ કર્યું એમ જ તે કહ્યા કરે છે. પોતાના વખાણમાંથી પોતાની વડાઈ ગાવા તરફ સહેજે ઢળી જવાય છે. આવી વડાઈ કરવા જતાં પોતે કોઈ મહાન્ વ્યક્તિ છે એમ ધીમે ધીમે મનમાં થતું જાય છે—અન્યને તેવું બતાવવાની ઇચ્છા પ્રગટે છે, અને એ રીતે બાળક આપવડાઈ તરફ દોરવાઈ જાય છે.

(૩) મોટાઈનો ડોળ:—આપવડાઈમાંથી જ આગળનું પગલું મોટાઈના ડોળનું છે. પોતાનો પૈસો, પોતાની કુલીનતા, પોતાની કામ કરવાની આવડત વગેરે અનેક બાબતો વિષે મોટાઈ બતાવવાની ટેવ ઘણાને હોય છે. બીજી રીતે આવાં બાળકો માત્ર પોતાની મોટાઈની વાતો કરીને જ અટકતાં નથી, પણ એમ કરતાં કરતાં એમને એવી ટેવ પડી જાય છે કે પોતે કોઈ મહાન વ્યક્તિ છે, અને એ રીતે જ હમેશાં તેઓ વર્તતાં થઈ જાય છે. બાળકો જ આવાઓની સાન ઘણું ખરું ઠેકાણે આણે છે. જુવાનોમાં ખાસ કરી હાઇસ્કૂલ-કૉલેજોમાં આ કુટેવનો કડવો અનુભવ કેટલાયને કરવો પડે છે અને તેઓ આનો વિરોધ પણ સારી કરે છે; અને ઘણી વાર આવી વ્યક્તિ સહુના ઉપહાસને પામે છે.

(૪) અહંતા.—મોટાઈનો ડોળ કરતાં કરતાં સહેજે એક જાતની અહંતા ઉત્પન્ન થાય છે. અહંતા એટલે મોટાઈનું અભિમાન કહેવાય. આવાં બાળકો બીજાં બાળકો સાથે બહુ હળતાં-ભળતાં નથી, બીજાંને પોતાથી ઊતરતાં ગણે છે, તેમની ઉપેક્ષા કરે છે અને એ રીતે પોતાની અહંતા પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કરે છે. એક રીતે કહીએ તો આવી અહંતાના પ્રદર્શન સારુ એમને પોતાથી ઊતરતાં ગણી શકાય એવાં બાળકોના સમાજની આવશ્યકતા હોય છે. જેમકે બધાં બાળકો પગે ચાલતાં નિશાળે જતાં હોય તો આવું બાળક ખાસ મોટરમાં બેસીને જ શાળાએ આવે અને બધાંની વચ્ચે જ રોફથી મોટરમાંથી ઊતરે, અને એ રીતે પોતાનું અભિમાન બતાવી સંતોષ પામે. તેઓ કદી પગે ચાલનારાં અન્ય બાળકો સાથે ચાલતાં જતાં જ નથી. આવી જાતનો મોટાઈનો ડોળ અને અહંતા મોટે ભાગે છોકરીઓમાં વધારે પ્રમાણમાં દેખાય છે.

(૫) સામે બોલવું:—જે બાળકો પાસે આમ પોતાની મોટાઈ બતાવવાનાં અન્ય સાધનો ન હોય તેમને પોતાની મોટાઈ બતાવવામાં જીભની મદદ લેવી પડે છે. જરાક કોઈ બોલે કે સામે તડ જવાબ દીધો જ છે, એવી એમને ટેવ હોય છે. દાખલા તરીકે કોઈ કહે: “મૂરખ છો” તો તુરત સામે કહી જ દેવાનાં “તમે મૂરખ છો.” આવાં બાળકો મોટેરાંની પણ સામે બોલે છે. તેઓ કદી કોઈનું કાંઈ સાંભળીને સહી શકતાં નથી. બીજાને સંભળાવવા જેટલું મોટેથી બોલાય તેવી સ્થિતિ ન હોય તો છેવટ મનમાં પણ તેઓ બબડવાનાં તો ખરાં જ.

(૬) વાચાળતા:—આમાં પણ જીભનું જ જોર ચાલે છે. પોતાથી કાંઈ થઈ ન શકે તેવું હોય તોય આવાં બાળકો મોઢેથી હાંકયે રાખે છે; ગમે તેવાં ગપ્પાં લગાવે રાખે છે. આવાં ગપ્પાં હાંકવામાં તેમનો ઇરાદો જૂઠું બોલવાનો નથી હોતો, પરંતુ હરકોઈ રીતે પોતાની મોટાઈ સ્થાપિત કરવાનો હોય છે. આમ કરવામાં તેમને પછી જૂઠું બોલવાનો વારો આવે જ છે.

આવી અનેક કુટેવો બાળકોમાં પડી જાય છે. આપણે તે સઘળી અયોગ્ય માનીએ છીએ. બાળ-સમાજ આવાં બાળકોની આ કુટેવોને તેમની મશ્કરી દ્વારા અથવા સ્પષ્ટ રીતે તેમને કહીને દૂર કરવાનો પ્રયત્ન કરે જ છે, છતાં કેટલાંએક બાળકોમાં આવી કુટેવો ઘર કરી જાય છે; અને પરિણામે મોટી ઉંમરે પણ આપણને આવી કુટેવો ઘણે સ્થળે દર્શન દે છે.

આવી કુટેવો શાથી પડે છે?

ખરું જોતાં આ કુટેવો કોઈ અયોગ્ય બનાવોના પ્રતિકાર રૂપે માનવમને અન્ય દિશામાં બતાવેલાં જુદાં જુદાં દર્શનો જ છે. હરેક વ્યક્તિને પોતાનું મંડળ હોય છે અને એ મંડળમાં તે પોતાનું વિશિષ્ટ

સ્થાન મેળવવા પ્રયત્ન કરે છે. કેટલાંક બાળકો સ્વભાવે એવાં હોય છે કે તેઓ પોતાનું અસ્તિત્વ સરખું બતાંવવાની બાએશ રાખતાં નથી. કોઈનું ધ્યાન પોતા તરફ ન ખેંચાય, કોઈ પોતાને જુએ પણ નહિ એવી તેમની ઇચ્છા હોય છે. એથી ઊલટું કેટલાંએકને પોતાની જાણ પ્રતિક્ષણે બીજાને કરાવી આપવાની તીવ્ર લાલસા હોય છે. આ બીજી કોટિનાં બાળકો ઉપર ગણાવી તેવી કુટેવોનાં ભોગ બને છે. પોતાની જાતની પ્રતિષ્ઠા અથવા વડાઈ બતાવવાની તેમના મનમાં તીવ્ર ઇચ્છા હોય છે, પરંતુ પરિસ્થિતિ અનુકૂળ હોતી નથી. પરિણામે ઉપર જણાવી તેવી કોઈ એકાદ કુટેવ તેમનામાં જન્મ પામે છે.

ઉપર ગણાવી તે બધી કુટેવોમાં મુખ્ય લક્ષણ પોતે કંઈક છે એ બતાવવાનું રહ્યું છે. માણસ પોતે કનિષ્ઠતા કે લઘુતાનો અનુભવ કરે ત્યારે સહેજે તેને પોતાની મોટાઈ બતાંવવાનું મન થઈ આવે છે; આવે કાળે આવો કોઈ માર્ગ તેને જડી આવે તો બધું ઠીક થઈ રહે છે. દાખલા તરીકે કોઈ બાળક ભણવામાં બુદ્ધિશાળી ન દેખાતું હોય પણ જો રમતમાં કોઈ તેની બરોબરી કરી શકે તેવું ન હોય તો તે પોતાની ભણતર પરત્વેની નબળી બાજુ સંબંધે ઉપેક્ષા સેવી શકે છે, અને તે વિષે તેની લાગણી ઘવાતી નથી; રમતને બદલે કોઈ ચિત્રકલામાં વિશેષ હોશિયાર હોય તો કોઈ હસ્તવ્યવસાયમાં હોય, કોઈ ગાવામાં હોશિયાર હોય તો કોઈ ત્રીજી બાબતમાં હોય; આ રીતે એકાદ ક્ષેત્રમાં પોતાની હોશિયારી બતાવી શક્યાતો સંતોષ મળતો હોય તો અન્ય ક્ષેત્રની ઊતરતાપણાની અસર તેના મન પર થતી નથી. પરંતુ જે બાળકને પોતાની પ્રતિષ્ઠા સ્થાપવા માટેનો આવો કોઈ માર્ગ મળતો નથી તેને ઉપર બતાવ્યા કોઈ વિકૃત માર્ગનું અવલંબન લેવું પડે છે, કેમકે તેનું અંદરનું મન તો કોઈ ઉપાયે પોતાના અહંનો સંતોષ માગે જ છે.

કેટલાંએક બાળકો એવાં કમનસીબ હોય છે કે તેમની આવડતની કદર કોઈ રીતે થઈ શકતી નથી—અવકાશ મળતો નથી. સાધારણતઃ બધી રીતે બિનઆવડતવાળું બાળક ભાગ્યે જ હોય છે; કોઈ એકાદ બાબતમાં તો તે પ્રવીણ હોય જ છે. પરંતુ કેટલાંક બાળકો એવાં કમનસીબ હોય છે કે જેમને પોતાની હોશિયારી બતાવવાની કોઈ સંધિ જડતી નથી. ગરીબાઈને લીધે, અનાથપણાને કારણે, સાવકી માતાની માત્ર દોષો જ જોવાની ટેવને અંગે અથવા પોતાની જ કોઈ શારીરિક ખોડ અથવા બદસૂરતીને લઈને કોઈ કોઈ બાળક કોઈ પણ જાતનું પ્રતિષ્ઠિત સ્થાન મેળવી શકતું નથી. અને છતાં તેનું મન તો કાંઈક પોતે છે એવું દેખાય એમ ઇચ્છતું જ હોય છે. આવી ઇચ્છાને દાબવાથી દબાવી શકાતી નથી, એટલે તેને પ્રદર્શન માટે આવો કોઈ માર્ગ શોધી લેવાની જરૂર ઊભી થાય છે. ખરું જોતાં એ સ્થિતિ શારીરિક માંદગીની પેઠે માનસિક માંદગીની જ છે. અને જેમ શારીરિક માંદગી તેનાં મૂળ કારણો દૂર કરવાથી જ કાઢી શકાય છે, તેમ આવી માનસિક કુટેવો રૂપી માંદગીની સ્થિતિનો ઉપાય પણ તેનાં મૂળ કારણો દૂર કરવાં તે જ છે.

નાનાં બાળકો સંબંધમાં આવી પરિસ્થિતિમાં ધ્યાન રાખવાની જવાબદારી સ્વાભાવિક રીતે મોટેરાંની જ ગણાય. સામે બોલનાર બાળકને "બરબરિયાં ન કર!" એમ કહેવાથી તેની કુટેવ છોડાવી શકાતી નથી, અથવા તો ગપ્પીદાસની વાચાળતાને રોકી શકાતી નથી. પરંતુ આવે પ્રસંગે આમ સામે બોલનાર અથવા તો શેખીખોર બાળકનો અહં કોઈક સ્થળે દબાયેલ છે ને તેને

યોગ્ય રસ્તો નથી મળ્યો એટલે આ અયોગ્ય રસ્તે તે માર્ગ કરે છે, એટલું જો મોટેરાંઓ સમજી જાય, તો પછી ખરેખર કયાં સુધારો કરવાની જરૂર છે તે પણ તેઓ સમજી શકશે.

એક છોકરાની વાત છે. કમનસીબે છેક નાની ઉમરે તેનો બાપ ગુજરી ગયો. માને માથે બીજાઓનાં ઘરકામ કરવાનું આવી પડયું. છોકરાને પણ બીજાઓને ત્યાં એકેક દિવસ વારા પ્રમાણે જમવા જવાના દિવસો આવ્યા. ગમે તેમ કરી ગુજરાન પૂરું કરવાના દહાડા આવ્યા. પરિણામે આ બાળકમાં ધીરેધીરે સામે મોંએ બોલવાની ટેવ પડવા માંડી. દરકોઈ મોટેરા અથવા સારા માણસને તે તડ દઈને જવાબ દેતો અને પરિણામે તેનું પોતાનું જ અપમાન થતું. પૈસાદારને ઘેર 'વારો' આવે તે પ્રમાણે જમવા જવાનું આવતું; પણ ત્યાંયે તેની ઇચ્છા પૈસાદારના છોકરાના બરોબરિયા તરીકે પોતાને વર્તાવ મળે તેવી થતી. પણ એ તો શી રીતે બની શકે? કેટલાએક તેનામાં સારા ગુણો હતા ને કેટલીએક બાબતમાં તે મૂરખ પણ હતો. પરંતુ તેના સારા ગુણોની કદર કરનારું કોઈ હતું નહિ; ઊલટું મૂરખાઈ ઓ સંબંધે તેને ટીકાઓ માત્ર સાંભળવી પડતી. આવી પરિસ્થિતિમાં તે શી રીતે ચલવી શકે? તેનું આંતર મન બળવો કરી ઊઠતું. હર કોઈ રીતે પોતાની મોટાઈ–આવડત બતાવવા તે તલસ્યા કરતો. આવા બાળકમાં પછી ગમે ત્યારે અને ગમે તેમ બોલવાની ટેવ સાથે વાચાળતા આવે એમાં નવાઈ નથી. કેમકે ડોળ ઘાલવો, દંભ રાખવો, વગેરે બાબતો દ્વારા તો માત્ર શ્રીમંત બાળકો જ આત્મસંતોષ મેળવી શકે. ગરીબ માબાપના ગરીબ છોકરાને તો પોતાની વડાઈ માત્ર ખોટાં ગપ્પાં મારીને અથવા મોંફાટયું બોલીને જ બતાવી શકવાનો માર્ગ રહે છે.

એટલે જ્યારે બાળકોમાં આવી કુટેવો દેખાય ત્યારે ખરું જોતાં તેમનો આંતર જીવનપ્રવાહ કોઈક સ્થળે કુંઠિત થયેલ છે એમ ચોક્કસ સમજવું. જરા સરખા વિચારને અંતે એનું મૂળ કારણ જડી આવે છે, અને એ રીતે એનો ઉપાય પણ યોજી શકાય છે. આપણે એ બાબત સહેજ ધ્યાન આપવું જોઈએ.

તા.

ફેરબદલી

મેં એક શિક્ષકને કહ્યું કે "ભાઈ! તમે કામ કરી બતાવો નહિ તો પછી તમારી કદર કોણ કરે?"

શિક્ષકે નિશ્વાસ નાખી કહ્યું: "તમે પણ જબરા. કામ તે અમારે કેવી રીતે બતાવવું? વારંવાર જો અમારી ફેરબદલી થયા કરે તો પછી કામ થાય જ કેમ? એક ઠેકાણે અમે ગયા, ત્યાંનું કામ માંડમાંડ હાથમાં લીધું, બાળકો અને ગામલોકોના પરિચયમાં આવ્યા અને કંઈક ચાલતું કર્યું, ત્યાં જો ફેરબદલી થાય તો પછી શું થાય? અમારા પહેલાંનો માણસ ગમે તેવું કરી છૂટી ગયો હોય; અમે જેવું કામ કરીએ (સારું કે નરસું) તેની જવાબદારી ભોગવવાની રહી વળી નવા આવનારની; નવા આવનારે એમ કહીને આખરે છૂટી જવાનું કે 'શું કરું? હજી ચાલ્યો જ આવું છું. આગલા શિક્ષકે કંઈ જ કર્યું નથી. મારે બધું નવેસરે કરવું પડશે.' વળી અમારા જેવો શિક્ષક

પણ એ જ રીતે વર્તે. તે નવે સ્થળે જઈને કહે કે 'આમાં મારે શું કરવું ? આ તો બધું કાચું છે.' આમ કોઈ પણ શિક્ષકને માથે ખરી જવાબદારી રહેતી નથી. અને પરીક્ષા વખતે જે છેલ્લો હોય છે તેને પરીક્ષક પણ કંઈ વધારે કહી શકતો નથી કેમકે તે સમજી શકે છે કે છેલ્લો શિક્ષક કેવી રીતે બધા કામને પહોંચી શકે ?"

આમાં એક તો બગડે છે ભણનારનું, બીજું બગડે છે શિક્ષકોનું, અને ત્રીજું બગડે છે ફેરબદલી કરનારાઓનું. ખરી રીતે આપણે વિદ્યાર્થીઓનું ભણતર સાચું અને પાકું માગીએ છીએ. તે એકધારું થવું જોઈએ. તે માટે કંઈ નહિ તો આખું વર્ષ બધું કામ એક શિક્ષકના હાથમાં જોઈએ. એને બદલે આપણે જ આપણો હેતુ ફેરબદલી કરીને નિષ્ફળ કરીએ છીએ. અને પરિણામ માટે આપણે તેમને કંઈ ન કહી શકીએ તેવી સ્થિતિમાં આવીએ છીએ. અથવા પરિણામ માટે આગ્રહ રાખીએ તો કાં તો શિક્ષકોએ મારી-તોડીને ગમે તેમ કરીને છોકરાઓને ભણાવી દેવા-ગોખાવી દેવા-જોઈએ અગર તો પરીક્ષકોએ રહેમદિલી રાખતાં શીખવું જોઇએ.

આ સ્થિતિ ટળવી જોઇએ. ફેરબદલી જુદાં જુદાં કારણોને લીધે હોવી જોઇએ. પાણી ફાવતું ન હોય તેવા શિક્ષકને સારે સ્થળે મોકલવો જોઇએ, ખટપટમાં પડી ગયેલ શિક્ષકને જામી ગયેલ સ્થળ-માંથી કાઢવો જોઇએ, વગેરે જાતની અનુકૂળતા કરી આપી જોઈએ અગર પ્રતિકૂળતા દૂર કરવી જોઇએ. પણ એને લીધે થોડામાં થોડા શિક્ષકોને તેની અસર થવી જોઈએ. એક ચક્કર ફેરવતાં બધાં ન ફરવાં જોઈએ. વળી ફેરબદલીનો વિચાર દર વર્ષની શરૂઆતમાં થઈ જાય તો સારું. તમામ ફેરબદલીવાળા શિક્ષકોની અરજીઓ લઈ તેમને જ આમનસામન ગોઠવી દેવા એ ઠીક છે. આમનસામન ગોઠવણમાં બન્નેએ બન્ને શાળાની જવાબદારી આપસમાં લેવી જોઈએ ને તેઓ તેવી ખાતરી આપે તો જ તેમને ફેરવવા. વારંવાર ખરાબ સ્થળ અને ઠોઠ છોકરાને મૂકીને ભાગનાર શિક્ષકને 'ખાતામાંથી જ ભગાડવો ઠીક છે. બિચારા ગરીબ શિક્ષકોને ખરાબ જગાએ કે દૂરની જગાઓએ મોકલી આપવા તેમાં વિશાળ દૃષ્ટિ અને સારી લાગણીની ખામી છે. કદાચ બીજા ખાતામાં શિક્ષા ચાલી શકે પણ શિક્ષકને શિક્ષા કરવા ખાતર જે તેને ખરાબ જગાએ કે ખરાબ લોકો વચ્ચે મોકલવામાં આવે તો શિક્ષક પુનઃ એ જ ધોરણ શીખનાર માટે લાગુ કરશે. આવા શિક્ષકોની સાથે માથાફોડ કરવી તેના કરતાં તેમને બીજે કયાંઈ માથાં ફોડવા મોકલી આપવા. અને ખાતાએ શિક્ષકોને હેરાન કરવા ખાતર જ્યાં ત્યાં તેમને રઝળાવવા કરતાં ખાતાની રીતિ-નીતિમાં સારા સુધારા કરવા એ જરૂરનું છે.

વાત તો એમ છે કે શાળાને સફળ કરવા માટે શિક્ષકો અને ઉપરીસત્તા છે. આ બન્ને વચ્ચે પૂરેપૂરો મેળ જોઈએ. ખાતું અને શિક્ષકો બે વર્ગો નથી અને ન હોઈ શકે. ખાતું સમગ્ર હિતની દૃષ્ટિએ શિક્ષકને ગમે ત્યાં અને ગમે ત્યારે ફેરવી શકે છે, અને શિક્ષક ખાતાનો સદ્‌હેતુ પાર પાડવાનો પણ છે જ.

ગિ.

સ્વ. ગિજુભાઈ સ્મારક ફાળો

સરનામું બદલાયું છે.

સ્વ. ગિજુભાઈ સ્મારક ફાળા અંગે પત્ર-વ્યવહાર માટે હવેથી નીચેના નવા બદલાયેલા સરનામે પત્રવ્યવહાર કરવા વિનંતિ છે.

ઈંદુમતી ભટ્ટ,
સહમંત્રીઃ ગિ. સ્મા. સમિતિ,
નવું સરનામું:—વલ્લભવાડી, એલિસબ્રીજ,
અમદાવાદ.

સમાજમાં બાળકનું સ્થાન

[ગયા વર્ષના પાના ૧૯૪ થી ચાલુ]

[તા. ૧૦–૧૨–૩૯ ના રોજ મદ્રાસ–રેડિયો સ્ટેશન પરથી બ્રોડકાસ્ટ થયેલું ભાષણ. મૅડમ મોન્ટીસોરી તથા મદ્રાસ રેડિયો સ્ટેશન ડાયરેકટરના સૌજન્યથી.]

આ રીતે કેળવણીની સુધારણાના સિદ્ધાંતોમાં કેળવણીને મધ્યબિંદુ તરીકે લેવાને બદલે, વિકાસના નિયમોવાળી મનુષ્યવ્યક્તિ અને તેની જરૂરિયાતોની વિચારણા થવી જોઈએ. માણસ માત્ર રોટીથી નથી જીવતો તેમ જ એના જીવનના નિયમો પણ શરીરશાસ્ત્રના નિયમોથી જ માત્ર પરિમિત નથી. માણસનું જીવન એક અખંડ વહેતો ઝરો છે. એમાં આત્મા છે. એ આત્મા એ એની ખાસિયત છે. કારણ એનાં બધાં કાર્યો, બુદ્ધિ અને ક્રિયાશક્તિનાં દ્વાર્યા દોરવાય છે. માણસ જ એક વધુમાં વધુ સામાજિક પ્રાણી છે કારણકે એ બોલે છે અને કામ કરે છે; અને ભાષા અને કાર્યનું મંડાણ એકઠાં થવામાંથી છે. મનુષ્યની હસ્તીનું મંડાણ અંદરઅંદરની સમજણ પર અવલંબે છે. આ સમજણ બે પ્રકારની છે. એક વિભાગ કાર્ય પર અવલંબે છે અને એથી બાહ્ય સામાજિક રચના પર એનો આધાર છે; બીજો ભાગ મમતા, પ્રેમ અથવા તો આધ્યાત્મિક ભાવ પર અવલંબે છે, જે સમાજના તંતુઓને સાંધે છે.

આથી ફરીને જ્યારે આપણે એમ કહીએ કે કેળવણીએ મનુષ્યજીવનને મધ્યમાં રાખવું જોઈએ, ત્યારે ત્યારે જીવનનો અર્થ બૌદ્ધિક (intelligent) પ્રેમ અને બૌદ્ધિક પ્રવૃત્તિ એવો કરવો જોઈએ. કારણ માણસને માત્ર સ્થૂળ ખોરાકની જ જરૂર નથી પણ બૌદ્ધિક પ્રવૃત્તિઓ અને પ્રેમની પણ જરૂર છે. એટલે એના ખોરાકમાં શિક્ષણ-જ્ઞાન (culture) તથા સામાજિક અને નૈતિક તૈયારી આવી જાય છે. આ બધું માત્ર મનુષ્યના વિકાસમાં મદદરૂપ હોવું જોઈએ. બહારથી એ પ્રયત્નપૂર્વકનું લાદેલું ન હોવું જોઈએ. એ કૃત્રિમતાથી અને ગમે તેમ પણ ન અપાવું જોઈએ.

આજે શિક્ષણ એ ફરજિયાત મંજૂરી તરીકે પરિમિત બની ગયું છે. ભલે પછી એ કળાનું શિક્ષણ હો, ધંધાદારી કાર્યકરોની કળાનું હો કે પ્રોફેસરોની બૌદ્ધિક કળાનું હો. ખરી રીતે જેમ ખોરાક એ શરીરના પોષણ માટેની મદદ છે, તેમ કેળવણી એ આધ્યાત્મિક જીવનના વિકાસ માટેની મદદ હોવી જોઈએ. કારણ શિક્ષણ સિવાય બુદ્ધિનો વિકાસ શી રીતે થાય? આધ્યાત્મિક જરૂરિયાતોનો જવાબ માણસ ધર્મ અથવા પ્રેમથી ન આપે તો શી રીતે આપી શકે? માણસ જ્યારે માણસને વિકસવા દેવા ઇચ્છે છે ત્યારે બધું એમાં સમાવિષ્ટ થાય છે. કોઈ માણસ સમાજ બહાર કે સુધરેલ વાતાવરણ બહાર વિકસી ન શકે. ફેરફાર એની વિગતોમાં નથી પણ જે રીતે એ આપવામાં આવે છે તેમાં છે. આજે કેળવણીનો વિચાર બાહ્ય રીતે થાય છે. જ્ઞાન (culture) અને નીતિનું સિંચન કૃત્રિમ રીતે સ્મૃતિ અને બળજબરીથી કરવામાં આવે છે. બાળકો અને જુવાનોને અરસિક રીતે, કષ્ટસાધ્ય રીતો વડે અને બુદ્ધિ સિવાય માત્ર યાદદાસ્તની મદદ વડે શાળાઓમાં શીખવવામાં આવે છે. શિક્ષા અને પરીક્ષાની બીકની બળજબરી એ બધા પાછળ હોય છે. આને પરિણામે વ્યક્તિનું ચારિત્ર્ય માનસિક દશામાં નીચી ભૂમિકાનું અને વ્યક્તિત્વ ગુલામી-ભર્યું રહે છે.

કેળવણી જો વ્યક્તિત્વની અંદરની જરૂરિયાતનો વિચાર કરે તો જ્ઞાન–શિક્ષણ એ ઉત્સાહભરી ચેતના આપતું દેખાવું જોઇએ, ઉત્પાદક શક્તિને પ્રેરણા આપવા માટેનું હોવું જોઇએ, અને સત્યને ધીરે ધીરે બહાર લાવે તેવું હોવું જોઇએ. મનુષ્ય જીવ જ્ઞાન લેવા માટે આતુર અને પ્રવૃત્ત રહે છે. તો પછી આપણે એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરીએ કે જે મનુષ્ય જીવને પ્રવૃત્ત રાખે અને પરિણામે જ્ઞાન–શિક્ષણ આપોઆપ જ લેવાય. આમ થશે તો સાધારણ શાળાનું શિક્ષણ પણ આશ્ચર્ય પમાડે તેમ પ્રગતિ કરતું દેખાશે.

માણસની પ્રવૃત્તિઓ ઘણી અને વિવિધ છે. તેમાંની જે જે સમાજમાં જરૂરની હોય તેનો સ્વીકાર કરી વિસ્તારી શકાય.

જો આપણે બાહ્ય દૃષ્ટિબિંદુથી કેળવણીનો વિચાર કરીએ, અથવા તો બાહ્ય સામાજિક પરિસ્થિતિ પરથી વિચાર કરીએ, અથવા તો કોઇ કાર્યવિશેષ માટેની તૈયારી રૂપે વિચારીએ તો તરત જ ગરીબ અને તવંગરનો ભેદ જોવાની જરૂરિયાત ઊભી થશે. સાધારણ રીતે ગરીબ લોકો શારીરિક મજૂરી શીખવા માટે જન્મ્યા મનાય છે, ને પૈસાદાર લોકો બૌદ્ધિક મજૂરી શીખવા માટે ગણાય છે. બુદ્ધિશાળી લોકોને પણ આપણે મજૂરો તો કહી જ શકીએ; કારણકે કોઈ પણ ધંધાનું ધ્યેય માત્ર પોતાના ઉદરનિર્વાહ પૂરતું જ બની આવે ત્યારે એ મજૂરી નહિ તો શું હોય? એટલે આજે આપણે માણસજાતને બે વર્ગમાં વહેંચાયેલી જોઇએ છીએ. એક વર્ગને હાથ છે પણ બુદ્ધિ નથી. તેઓ માત્ર શારીરિક મજૂરી કરી શકે છે; સમાજના પ્રશ્નો તેઓ બુદ્ધિપૂર્વક સમજી શકતા નથી. બીજા વર્ગને બુદ્ધિ છે પણ હાથ નથી. આ વર્ગ પોતાના હાથથી ખાવાપીવા અને પોતાની જાતને માત્ર સંભાળવા સિવાય બીજું કશું કરી શકવાને અસમર્થ છે; સામાજિક દૃષ્ટિએ તેઓના હાથની હસ્તી જ નથી. એનો અર્થ એ થયો કે બન્ને વર્ગો પાંગળા અને સ્વાર્થી છે. બન્ને ઓછામાં ઓછું આપીને, સમાજને ભોગે વધુમાં વધુ મેળવવા યત્ન કરે છે. દરેક પોતે અહંકારી છે અને બીજાના ભોગે પોતાનો રસ્તો કર્યે જાય છે. એમના જીવનપુરુષાર્થમાં રહેલું ચેતન હરીફાઈ પર નિર્ભર છે. સમાજ માટે આ કેવી જબરી જવાબદારી છે? કેળવણી દ્વારા જ આપણે મનુષ્યજીવનને તોડી પાડીએ છીએ, માણસના આત્માને ગુલામીની સપાટીએ લાવી મૂકીએ છીએ અને માણસને ઈર્ષા અને લડાઈ માટે તૈયાર કરીએ છીએ! જો સામાજિક જીવનની તાલીમ આ જ હોય તો સમાજજીવન આજે છે તેનાથી અન્યથા કઈ જાતનું બની શકે? લોકો મને પૂછે છે કે તમે શું કરવા ધારો છો? મજૂરી કરનાર વર્ગનો નાશ કરવો છે? મારો જવાબ ના છે. એ સાચી વાત છે કે મહેનત કરનાર માણસની પણ સમાજને જરૂર છે જ. બુદ્ધિ અને શરીર બન્નેની મજૂરી–મહેનત કરનારની જરૂર છે. પરંતુ એમ શા માટે થાય છે કે એ બન્ને વર્ગો એકબીજાના કાર્યો પૂરતા પાંગળા બને? જે શરીરની મહેનત કરનાર છે તેને આપણે શક્ય હોય તેટલું બૌદ્ધિક જીવન આપીએ, અને બુદ્ધિશાળી વર્ગને એવી સગવડતાઓ આપીએ કે જેથી તેઓ જીવનની જરૂરી શક્તિઓ પોતાના બળે પ્રાપ્ત કરી શકે. અને આ જાતનો પુરુષાર્થપ્રવૃત્તિ કરવી એ બાળકોનું કુદરતી વલણ જ છે. તો પછી આપણે દરેક વ્યક્તિને સામાજિક જીવનની તાલીમ લેવા દઈએ. આ રીતે ગરીબ તવંગર સૌ પૂર્ણ મનુષ્ય બની શકશે.

કોઈ પણ એમાં પ્રશ્ન ઉઠાવવું જ નથી કે સામાજિક જીવનમાં એની તો જરૂર છે જ કે દરેક

એવું કામ પસંદ કરે કે જેથી માણસ પોતાની આર્થિક જરૂરિયાતો પૂરતું પ્રાપ્ત કરી શકે. એ તો એક નજર હકીકત તરીકે સ્વીકારાયું છે. જો આનો જ વિચાર ન થતો હોય તો પછી આપણે કેવી જાતના માણસો તૈયાર કરી શકીએ? માત્ર બીજા પર આધાર રાખી જીવનારા અને બેકાર જ ને?

અને છતાં માણસે, માત્ર આ સ્થૂળ જીવનની વિચારણા પૂરતું જ પોતાનું ધ્યેય આ જગતમાં રાખવાની જરૂર નથી—એમ સમજીને કે જીવવું એટલે માત્ર લાલસાભરી અને શંકાશીલ દૃષ્ટિથી હરીફાઈની સામે માત્ર જીવનમરણનો સોદો જ કરવાનો છે.

આ જીવનની અટપટી પ્રવૃત્તિઓમાં દરેક પ્રાણી જે કોઈ કામ કરે તે પવિત્ર ગણાવું જોઈએ. બધાની સેવામાં અને જીવન સમગ્રના પુરુષાર્થના સુમેળમાં શારીરિક મહેનત—કામ એ દરેકનો હેતુ હોવો જોઈએ. હકીકત તરીકે વસ્તુસ્થિતિ એવી જ છે. આખો સમાજ એક મોટો એકમ છે. દરેક વ્યક્તિની દરેક પ્રવૃત્તિ એને ચલાવે છે. માણસો ભલે ઉદરનિર્વાહ માટે કામ કરે છે છતાં જે તેઓ ઉત્પન્ન કરે છે તે ખરીદનારાઓ માટે જ હોય છે. એ જ રીતે બુદ્ધિશાળી લોકો પણ પોતાના કાર્યથી આખા સમાજના વિકાસમાં મદદ કરે છે. આ સત્ય હકીકત છે. તો પછી આ જરૂરી અને સમગ્ર સાથવાળા પુરુષાર્થને, વ્યક્તિ વ્યક્તિ વચ્ચેની હરીફાઈનું સ્વરૂપ શા માટે આપવું? હું માનું છું કે વિકાસમાં આડે આવવામાં ગેરસમજો, અધૂરી દૃષ્ટિ અને ઘણી વાર ઊલટાં મૂલ્યાંકનો જ કારણભૂત બને છે.

આજે કોઈ મોટામાં મોટો સામાજિક ફેરફાર કરવાનો હોય તો તે એ છે કે કેળવણીને માનવતાના પાયા પર મૂકવી જોઈએ, અને ઈશ્વરના કાયદાને અધીન વર્તીને પછી જ પોતાની જાતિ અને દેશની જરૂરિયાતોને અનુકૂળ રીતે તેને બંધબેસતી કરવાના વિચારો થવા જોઈએ.

આ માટે બાળક પાસેથી મોટી મદદ મળે છે કારણકે તેઓ મનુષ્યમનના જે કાયદાઓમાંથી માણસનું ઘડતર થાય છે તેનું દર્શન કરાવે છે. તેઓમાં જ એવી અદ્‌ભુત શક્તિ રહેલી છે કે જેના વડે તેઓ પોતાના વાતાવરણ અને પરિસ્થિતિને અનુકૂળ બની પોતાની જાતને બદલી શકે છે. કોઈ પણ રાજદ્વારી નેતાની વિચારસરણીને સંતોષવા માટે બાળકોને અમુક ખાસ કળા, કાર્ય કે રચનાવાળી કેળવણી અપાવી ન જોઈએ. બાળકોમાં એથી અનેક ગણી ઉન્નત શક્તિ અને ઉન્નત ભાવિ છૂપાયેલાં પડ્યાં છે. એટલે બાળકોને હમેશાં રાજદ્વારી વિચારોથી પર રાખવાં જોઈએ.

અનુ. ચંદુલાલ ભટ્ટ

સ્વ. ગિજુભાઈના પત્રો

રાજકોટ, સેવાફલમ્, જગનાથ પ્લોટસ,
તારીખ ૯–૧–૩૯.

બેન તારાબેન,

તમારો પત્ર મળ્યો. મને તિરાંત થઈ કે બધા પત્રો તમને મળ્યા તો ખરા, અને તમને હું કંઈક ઉપયોગી પણ થયો.

વાત એમ છે કે ૮–૧૦ દિવસ કોઈ બાલમંદિર જોવાથી બરાબર કામ સમજાશે નહિ. છતાં તમારી પાસે એટલો જ વખત હોય તો નાનો એવો પ્રવાસ ગોઠવો અને બેચાર બાલમંદિરો જોઈ નાખો તો ઠીક.

આ બાજુ આવો તો એકાદ બે મુંબઈનાં, એકાદ નડિયાદનું, બેત્રણ અમદાવાદનાં, અને ભાવનગરનું દક્ષિણામૂર્તિ બાલમંદિર જુઓ. અહીં સુધી આવો તો વાતો પણ થાય. તમારી જેવી ઇચ્છા.

તમે પૂછ્યો તે પ્રશ્ન આ પ્રમાણે છે. "બાળક જ્યારે પાણી ને માટી આમતેમ નાખે, છાંટે, ઢોળે અને ગેલ અથવા બૂમો પાડે ત્યારે એ પણ એના આનંદ માટે આવશ્યક ગણી છૂટથી કરવા દેવું?"

જવાબ ના છે. પણ હવે વિચારીએ કે ના શા માટે છે. તમે એવું વિધાન ગર્ભિત રીતે કરો છો કે બાળક એમ કરે છે એમાં તેને આનંદ તો આવે છે, અને જો તેને આનંદ આવે છે તો આનંદ ખાતર તે આવશ્યક ગણવું, અને આવશ્યક ગણાય પછી તો તે છૂટથી કરવા દેવું.

પણ વાત એમ છે કે બાળક આનંદમાં છે તેથી તે પાણી છાંટે છે વગેરે કરે છે તેમ નથી. ઊલટું તેની પાસે સાચો આનંદ નથી તેથી તે તેમ કરે છે. બાળકને જ્યારે સાચો આનંદ મળે છે ત્યારે તે બૂમો નથી પાડતું પણ શાંત અને સ્વસ્થ તથા પ્રસન્ન બને છે; તે એકાગ્ર બને છે અને વ્યવસ્થિત પણ બને છે. માટી વગેરે આમતેમ નાખી દેવી, છાંટવું, ઢોળવું એ કાંઇ વ્યવસ્થિતપણાનાં લક્ષણો નથી; આ લક્ષણો તો અસંતુષ્ટ બાળકનાં છે. અગર તો જે બાળકને વ્યવસ્થિતપણાની સામાજિક તાલીમ નથી મળી તેનાં છે. અલબત્ત પ્રવૃત્તિ વિનાનું બાળક આવું કરે છે. એમ લાગે ત્યાં તેને લાયકની પ્રવૃત્તિ આપવી. લાયકની પ્રવૃત્તિ શોધી કાઢવી એ અઘરું છે. તેનું ભાન તો બાળકને વધુ ને વધુ ઓળખવાથી થાય. એ ઓળખાણ બાળકની પાસે રહીને અને તેને ક્રિયા કરતું, રમતું વગેરે પ્રવૃત્તિમાં હોય ત્યારે જોવાથી થાય. એટલે કઇ પ્રવૃત્તિ આપવાથી આ બાળક વ્યવસ્થિત થશે તે હું કહી શકું નહિ. પણ જે પ્રવૃત્તિમાં બાળક સ્વતઃ એકાગ્ર થાય તે પ્રવૃત્તિઓ તેને વધારે દેવી. બાળક કાં તો એકાગ્ર હોય, કાં તો વ્યગ્ર હોય અને કાં તો બેપરવા હોય. બરાબર સાચું કામ ન મળે ત્યારે તે વ્યગ્ર બને છે. કામ શું કરવું તે જાણતું ન હોવાથી અગર કેમ કરવું તે તે જાણતું ન હોવાથી તે પ્રત્યે બેદરકાર બને છે. માટે પ્રથમ એકાગ્રતા આવે તેવી પ્રવૃત્તિઓ શોધો. બાલમંદિરો જોવાથી આ વાત સમજાશે અને રસ્તો પણ દેખાશે. બાકી એકાગ્રતાને લીધે આનંદ આવે છે. બાળક જે કંઇ કરે તે તેને ગમતું છે માટે તે કરે છે તેમ ન સમજવું. તેને કંઈ ગમતું નથી હોતું ત્યારે તે પોતાને ગમે તેમ કરે છે. વળી જ્યારે તેને મળતું કામ ગમતું નથી હોતું ત્યારે પણ તે ગમે તેમ કરે છે. ગમે તેમ કામ કરે છે એટલે ગમે તેમ મનસ્વીપણે વર્તે છે. પણ આમ વર્તવા દેવાથી બાળકને આનંદ આવ્યો, તેને સ્વતંત્ર વર્તવા દીધું એમ ન કહેવાય. બાળક પ્રવૃત્તિ વિના અગર પ્રવૃત્તિની સમજણ વિના વ્યગ્ર કે બેદરકારીને લીધે કંઇક વ્યવસ્થિત પ્રવૃત્તિ કરવાને બદલે અસામાજિક રીતે, અવ્યવસ્થિત રીતે જે તે કરે, ત્યારે તેને તેમ કરવા દેવું ન જોઈએ. એવાં અસામાજિક અગર બેપરવાઇથી થતાં, અગર વ્યગ્રતાથી થતાં અને કંઈ લાભ ન આપતાં પણ ઊલટાં હાનિકર્તા કામોમાંથી તેને રોકવું જોઈએ. તેમાં તેની છૂટ લેવાઈ જતી નથી; તેમાં તે આનંદમાં નહિ પણ કંટાળામાં હોતું તેથી તેનો આનંદ ઝૂંટવાઈ લેવાતો નથી. કારણકે જ્યારે બાળક અસામાજિક અગર બેદરકાર સ્થિતિમાં હોય છે ત્યારે તે કંટાળામાં હોય છે; એ આનંદવાળી સ્થિતિ હોતી નથી.

હું ધારું છું કે તમે આ વાત બરાબર સમજશો.

લિ. શુભેચ્છક

ગિજુભાઈના નમસ્કાર.

બાલમંદિરમાં બાળકને દાખલ કરવાના નિયમો

૧ ઉંમર-૨॥ થી ૪॥ અને વધારેમાં વધારે પાંચ.
૨ અભેદ–કોઇ પણ નાત કે જાતને દાખલ કરવામાં આવે.
૩ વેશ–ખાદીની ચડ્ડી અને પેરણ અગર તો પોલકું.
૪ સાથે લાવવાનું–રૂમાલ, દાંતિયો, પ્યાલો. દરેક ઉપર બાળકનું નામ જોઇએ.
૫ દાખલા ફી–ઠીક લાગે તે. એક રૂપિયો ઠીક છે.
૬ નાસ્તા ફી–દર માસે આઠ આના ઠીક છે.
૭ ભણતર ફી–સંજોગો પ્રમાણે દર માસે કે સત્રે જેમ ઠીક લાગે તેમ.
૮ સાહિત્યોની ફી–સંજોગો પ્રમાણે ઠીક લાગે તે.
૯ પાઠ્યપુસ્તકોની ફી–સંજોગો પ્રમાણે ઠીક લાગે તે.
૧૦ મોટર કે ઘોડાગાડી કે તેડાગરની ફી–ઠીક લાગે તે, સંજોગો પ્રમાણે.
૧૧ અનામતની ફી–એક રૂપિયો ઠીક છે.
૧૨ બાળકને લઈ જવા મૂકવા માટેના સંજોગો પ્રમાણે નિયમો કરવા.
૧૩ કપડાંનાં બુતાન આગળ જોઇએ.
૧૪ પેરણ તથા ખમીસની બાંયો કોણીથી કાપેલી જોઇએ.
૧૫ પટ્ટાવાળાં પાટલૂન ચાલશે નહિ.
૧૬ કપડાં પર બાળકનું નામ નખાવવું.
૧૭ બાળકને નવરાવીને સ્વચ્છ કપડાં પહેરાવીને મોકલવું.
૧૮ બાળકને પરાણે બાલમંદિરમાં મોકલવું નહિ.
૧૯ બાળકને મારવું નહિ કે ડરાવવું નહિ.
૨૦ બાળકને લાલચ આપી બાલમંદિરે મોકલવું નહિ કે તેની પાસેથી કામ લેવું નહિ.
૨૧ બાળકને ઘેર ભણાવવા માટે ટ્યૂશન રાખવું નહિ.
૨૨ બાળકની સાથે પાઈ પૈસો આપવાં નહિ.
૨૩ બાળકની સાથે ખાવાનું આપવું નહિ.
૨૪ બાળકનાં વાળ સ્વચ્છ અને નખ ઉતરાવેલા જોઇએ.
૨૫ બાળકને ઘરેણાં પહેરાવવાં નહિ.
૨૬ ઘરમાં કે આજુબાજુ ચેપી રોગ હોય ત્યારે બાળકને મોકલવું નહિ.
૨૭ બાળકની કોઈ પણ ચીજ ખોવાય તો તુરત બાલમંદિરમાં જાહેર કરવું.
૨૮ બાળકને પ્રવાસે મોકલતી વેળા ભાતું સ્વચ્છ અને ઘરનું મોકલવું.
૨૯ દર અઠવાડિયે બાળકના નખ ઉતરાવવા.
૩૦ બાળકને શેરીમાં જ્યાંત્યાં રખડવા દેવું નહિ.
૩૧ બાળકની ટીકા કરવી નહિ; તેની નિંદા કરવી નહિ.
૩૨ બાળકનાં વખાણ કરવાં નહિ.
૩૩ ઋતુ પ્રમાણે બાળકને છત્રી, જોડા વગેરે આપવાં.
૩૪ કોઈ ચીજ બાલમંદિરમાંથી બાળક ઘેર લાવે તો તુરત બાલમંદિરમાં પહોંચાડી દેવી.
૩૫ બાલમંદિરના આચાર્યને બાળક સંબંધે કોઈ પણ મુશ્કેલીની બાબતમાં મળવું.
૩૬ કોઈ પણ શિક્ષણ વિષયક પત્ર જોવાં કે શિક્ષણ પત્રિકા, સૌરાષ્ટ્ર શિક્ષક વાંચવાં.
૩૭ બાલમંદિર અને તેના કાર્યકર્તાઓમાં શ્રદ્ધા ન હોય તો બાળકને મોકલવું નહિ.
૩૮ બાળકનું કદિ અપમાન કરવું નહિ, તેમ તેને ધિક્કારવું નહિ. એવું માલમ પડે તો બાલમંદિરમાંથી તેને રજા આપવી.
૩૯ બાળકને બાલમંદિરના શિક્ષકની બીક બતાવવી નહિ.
૪૦ બાળકને શું ભણ્યું એમ વારંવાર પૂછવું નહિ.

ગિ.

બાળકો અને ઈશ્વર

એક વિચારક માતાએ મને એક વાર પ્રશ્ન પૂછ્યો: "બાળકોને ઈશ્વર વિષે શું કહેવું?" મેં જવાબ આપ્યો. "તમારે ઘેર જે દેવપૂજા ચાલુ હોય તેટલું પૂરતું છે. બીજું વધુ ઊંડાણમાં ઊતરવું નહિ."

"પણ બાળકો જ ઊંડે ઊતરે છે તેનું શું કરવું? મારી છોકરીને મેં કહ્યું. 'આમ ન કરીએ, દેવ ગુસ્સો કરે.' તો તે બોલી: 'જેને હલતાંય નથી આવડતું તે મને શું કરશે?"

થોડા સમય પહેલાં એક પિતાએ પણ આવી એક વાત લખી મોકલી હતી. તેમના બાળકને તેમના નોકરે કહ્યું: "આ કરવાથી પાપ લાગે છે." તો તે બાળકે જવાબ આપ્યો: "તો તો મારે તે કરવું જ છે. કારણ પાપ કેમ લાગે છે તે મારે જોવું છે."

ઘણાં બાળકોના આવા વિચારો હોય છે ખરા. બાળકોનું મન સ્વાભાવિક રીતે વિશ્વાસ મૂકે (credulous) એવું નથી હોતું. ચાલતા આવેલ રૂઢ વિચારોની છાપ એમના પર એકાએક નથી પડતી. તેઓ શાસ્ત્રીય વૃત્તિનાં હોય છે. પ્રયોગ કરીને જોવું એમ તેમને લાગે છે. વિચાર અને વિવેકબુદ્ધિને ગમે એટલું જ કહેવું તેઓ સ્વીકારે છે, બાકીની વાતો તરફ તેઓ દુર્લક્ષ કરે છે અથવા તો અશાસ્ત્રીય ગણી તેનો વિરોધ પણ કરે છે.

આપણી ધાર્મિક ભાવના, વિચાર અને આચાર એટલે તાત્ત્વિક આધ્યાત્મિક શાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, નીતિશાસ્ત્ર, ધર્મઘેલાપણું, અજ્ઞાનમૂલક સમજણ, સામાજિક રૂઢિ, ભાવનાના પ્રવાહો-ગમે તે વાતનો તેમાં સમાવેશ થાય છે. "કીડીને મારવી નહિ; પાપ લાગે." એ પણ ધાર્મિક શિક્ષણ; "ચોરીને ખાવું નહિ, દેવબાપા ગુસ્સો કરે." એ પણ ધાર્મિક શિક્ષણ; "હરિજનને અડવું નહિ" અને "પરધર્મી બધા વટલાયેલા" એ પણ ધાર્મિક શિક્ષણ. આ સિવાય 'ગ્રહણનું સ્નાન કરવું જ જોઇએ અને તેનો 'વેધ' શરૂ થાય તે પહેલાં જમવાનું આટોપી લેવું જોઈએ." એ પણ ધાર્મિક શિક્ષણ. "અમુક ભાઇની નજર લાગે છે એટલે તેની સામે આવું નહિ." તે અને "હનુમાનની માનતા માનવી કે પરીક્ષામાં પાસ થઈશ તો સવા પૈસાની સાકર વહેંચીશ." એ પણ ધાર્મિક શિક્ષણ! જગતમાં હયાતી ધરાવતાં અને ન ધરાવતાં બધાં શાસ્ત્રો, વિજ્ઞાન અને અજ્ઞાન બધું જ ધર્મમાં આવે છે. તેવે સમયે બાલશિક્ષકોની સામે ધાર્મિક શિક્ષણનો પ્રશ્ન ભારે વિકટ અને ગંભીર સ્વરૂપનો ગણાય.

નાનપણથી કોઈ પણ એક પ્રકારની ધર્મભાવનાની મન પર સતત અને ઊંડી છાપ પડે તો તેની મન પર એટલી અસર થાય છે કે ધર્મભાવના તે એક મોટી અને નાજુક વાત બની આવે છે. એકબીજા લોકડી લઈ મારામારી કરે તોપણ જે દુઃખ ન અનુભવાય તે પેલી નાજુક ધર્મભાવના ઘવાતાં અનુભવાય છે. એને જ પરિણામે ઉત્તમ મિત્રો શત્રુ બને છે, અને એને જ પરિણામે જાતિ જાતિ વચ્ચે લડાઈ થાય છે, કારણ ધર્મની સમજણ એ માનસિક બળ આપનારી વાત ન રહેતાં નાની નાની વાતોમાં અસહ્ય વેદના ઉત્પન્ન કરનારી અને હૃદયમાં જખમ કરનારી વાત બની રહે છે. આથી કલ્પી ન શકાય તેવું બળ અને જનૂન અથવા તો પ્રખર શૌર્ય પણ એક બીજી મંડળીઓમાં ઉત્પન્ન થાય છે. લડાઇઓ અને હજારો લોકોનો રક્તપાત પણ થાય છે. એક બીજા ભાઈઓ બની રહેનારા પાડોશી સજ્જનો

એક ક્ષણમાં એકબીજાના શત્રુ બને છે. ધર્મ-સંસ્કારને પરિણામે દયા, ક્ષમા, પ્રેમ વગેરે ભાવનાઓ જાગ્રત થવાને બદલે દ્વેષ અને ખૂનીવૃત્તિ પોષાય છે. તો પછી ધાર્મિક શિક્ષણને નામે ગમે ત્યારે આપદા ઊભી કરનાર અને ફેલાવનાર જોર ઉત્પન્ન કરાવવું કે નહિ તે મોટો પ્રશ્ન છે.

બીજી વાત એમ છે કે બાળકો અશાસ્ત્રીય, અવૈજ્ઞાનિક વાતો સામાન્યતઃ સ્વીકારવા તૈયાર નથી હોતાં. અલબત કેટલાંક એવાં હોય છે કે જેઓ ગમે તે વાત પર તુરત જ વિશ્વાસ મૂકવા તૈયાર હોય છે. તેઓની આ અશાસ્ત્રીય વૃત્તિ પોષવી કે તેમને શાસ્ત્રીય દૃષ્ટિએ વિચાર કરવાનું શીખવવું એ પણ એટલો જ ગંભીર પ્રશ્ન છે. ઘેલછાવાળી કલ્પના, અદ્‌ભૂતતા અને ચમત્કાર પર જલદી વિશ્વાસ બેસવો, ને કોઇ કાંઈ કહે તેને તાર્કિક વિચારની કસોટી પર ન ચડાવતાં તે સ્વીકારવા તૈયાર રહેવું તે માનસિક વિકાસની આડે આવનાર વાત છે. એટલે એનું પોષણ કરવું એ યોગ્ય ઠરતું નથી. ઊલટ પક્ષે ધાર્મિક બાબતો, રૂઢિઓ અને આચારવિચારો તાર્કિક કસોટીએ ચડાવતાં તે ટકતાં નથી એટલે એક પ્રકારની નાસ્તિકતા ઉત્પન્ન થાય છે. જે વાતોમાં આદર અને પવિત્રતાની ભાવનો અને અત્યંત ગંભીરતા લાગવી જોઇએ તે હાસ્યાસ્પદ લાગે છે. ધાર્મિક ભાવના પોષવા માટે ગણપતિઉત્સવ કરવો, તે સાથે બુદ્ધિની કસોટીએ કસી જોનાર બાળકો તેની સૂંઢને હસે અથવા "દેવ કાંઇ ખાતા નથી; નકામો તેમની આગળ લાડુ અને પ્રસાદ શું કામ મૂકવો?" એમ વિચારવું અને મનમાં સમજી લેવું, વગેરે થાય ત્યારે આપણો ધાર્મિક શિક્ષણનો હેતુ સરતો નથી.

ત્રીજો પ્રશ્ન એ આવે છે કે દેવ અને ધર્મના સંબંધે મોટામોટા તત્ત્વવેત્તાઓ અને અધ્યાત્મવેત્તાઓ એકમત થતા નથી. ઈશ્વર છે કે નહિ ત્યાંથી જ મતભેદની શરૂઆત છે. હોય તો તેનો અને આપણો કયા પ્રકારનો સંબંધ છે, વગેરે અનેક પ્રશ્નો મતભેદના છે. આ મતભેદો સૈકાંઓથી ચાલતા આવ્યા છે અને હજુ સુધી તેનો સંતોષકારક અને સર્વમાન્ય એવો નિકાલ આવ્યો નથી. વિશિષ્ટ ધર્મોની વિશિષ્ટ ધર્મમાન્યતાઓ (dogmas) 'બાબા વાક્યં પ્રમાણં' એ તત્ત્વ પર રૂઢ થયેલી હોય છે. એટલે એને તર્કની કસોટી લગાડ્યે ચાલે તેવું નથી. તે છે તેવી જ સ્વીકારવી જોઇએ. વળી જેમ ધર્મો અનેક તેમ ધર્મમાન્યતાઓ પણ અનેક. સર્વ ધર્મોને માન્ય અને મનુષ્યમનને સહજમાં ગળે ઊતરે એવાં સામાન્ય તત્ત્વો કાઢીને શીખવવાનું કહીએ તો તેથી ધર્મશિક્ષણ હોવું જોઇએ એમ કહેનારાઓને સંતોષી શકાતા નથી. તેમાં 'અમુક ધર્મનું' શિક્ષણ થયું એમ લાગતું નથી. કારણ રૂઢ ધર્મની માન્યતા સિવાય ધર્મશિક્ષણ શાનું?

ધર્મની સાથે સાથે નીતિશિક્ષણનો સવાલ આવે છે. ઘણાઓને એમ લાગે છે કે ધર્મતત્ત્વોમાં મતભેદ હોય પણ નીતિતત્ત્વો તો સહુને સરખી જ રીતે માન્ય હોય છે. ઉપર ઉપરથી જોતાં એવું લાગે છે. પરંતુ નીતિ-વિષયક કલ્પનાઓ પણ દેશકાળથી પર નથી. કાળ કાળે તે ફરતી રહે છે અને દેશદેશમાં તે ભિન્ન હોય છે. એટલે નીતિશિક્ષણનો પ્રશ્ન પણ લાગે છે તેટલો સરળ નથી.

ઉપરાંત નવીન માનસશાસ્ત્ર અને માનસપૃથક્કરણશાસ્ત્ર નૈતિક આચારવિચારો પર પણ ખૂબ જ નવો પ્રકાશ પાડે છે. ચોરી કરવી અથવા ખોટું બોલવું એવા સર્વમાન્ય અનૈતિક ગુનાઓનાં તે શાસ્ત્રો જુદાં જ કારણો બતાવે

છે, અને અનૈતિક વર્તન માટે શિક્ષા કરવાના વિચારને અશાસ્ત્રીય ઠરાવે છે એટલું જ નહિ પણ તે હાનિકારક છે એમ પણ તે શાસ્ત્રો કહે છે. એટલે ધર્મશિક્ષણ કરતાં પણ નીતિશિક્ષણનો પ્રશ્ન અધિક વિકટ છે. આ બધું જોતાં નાનાં કુમળાં બાળકો વચ્ચે રહેનારનું કામ વધુ જવાબદારીભર્યું બને છે.

આ બધા વિચારોને અંતે એમ દેખાય છે કે બાલશિક્ષકોએ આ બન્ને વિષયોથી જેટલા દૂર રહી શકાય તેટલા દૂર રહેવું એ જ ઠીક છે. પરંતુ સમાજમાં રહેનાર, પોતાનો સ્વતંત્ર મત ધરાવનાર, લાયક શિક્ષક દૂર રહી શકે ખરો? શિક્ષકનું વ્યક્તિત્વ, તેના સમગ્ર જીવનની છાપ બાળકો પર પડ્યા સિવાય રહેવાની નથી. તે સિવાય જે સમાજમાં–જે ધર્મના લોકોની શાળા હશે તે સમાજમાં રૂઢ એવી નીતિરીતિ અને ધાર્મિક તથા નૈતિક માન્યતાની છાપ બાળકો લઈને જ આવવાનાં અને તે થોડેઘણે અંશે એકબીજાને આપવાનાં. સારાંશ ખાસ નહિ તો સાહજિક રીતે પણ કંઈક પરિણામ તો થવાનું જ. એટલે આવી પરિસ્થિતિમાં શિક્ષકના આ બાબતોના વિચારો સ્પષ્ટ અને દૃઢ ન હોય તો પ્રસંગે અયોગ્ય વલણને યોગ્ય દિશા આપવાનું કામ તેનાથી સાચી રીતે થઈ શકે નહિ.

આવી પરિસ્થિતિમાં મારા મતે બાલ શિક્ષકનું ધોરણ ધર્મ, ઈશ્વર વગેરે બાબતોમાં નીચે પ્રમાણેનું હોય તો સારું.

૧. મૂર્તિપૂજા અથવા દેવસ્થાપના અને તેના પૂજન વગેરેની બાબતમાં શિક્ષકે તટસ્થ રહેવું. બાળકોને ઘેર, સમાજમાં અને મંદિર વગેરેમાં જે થાય તેમાં બાળકોને જે વલણ અને છાપ મળે તે બસ છે. શિક્ષકોએ એ બાબતોમાં વધુ દૃઢ છાપ પાડવાનો પ્રયત્ન કરવાની જરૂર નથી; તે જ પ્રમાણે ઘેરથી અથવા બહારથી પડતી છાપ કાઢી નાખવાનો પ્રયત્ન કરવાની પણ જરૂર નથી. દાખલા તરીકે બાળક મોટીમા આગળ બેસી દેવ પર ફૂલ ચઢાવે, ભાવપૂર્વક હાથ જોડી નમસ્કાર કરે અથવા જોરજોરથી તાળીઓ પાડી આરતિ કરે ત્યારે મૂર્તિપૂજાની મશ્કરી કરી "પથ્થર અને પિત્તળના દેવની પૂજા શી કરવી? તેને નમસ્કાર શા કરવા?" એવા અંદેશા એના મનમાં ઉપસ્થિત કરવાથી બાળક વધુ શાસ્ત્રીય પદ્ધતિથી વિચાર કરવા લાગશે એવું નથી. મોટી મોટી તત્ત્વજ્ઞાનની વાતો કરી પોતાની ધાર્મિક માન્યતા ઘડવાની તેમની ઉંમર નથી. તેઓ કાંઈ પણ છાપ લેતાં હોય છે તે લેવા દેવાની તે ઉંમર હોય છે. કેટલીક વ્યક્તિઓ બુદ્ધિ અને તર્કના શાસ્ત્રશુદ્ધ વિચારો પર જ પોતાનું જીવન ચલાવે છે તો કેટલીકના જીવનનો પાયો શ્રદ્ધા, ભાવ, ભક્તિ એ જ હોય છે. પહેલા પ્રકારનાં બાળકો મોટીમા કરાવે તેટલી પૂજા કરાવશે તોયે પૂજાનો માત્ર બાહ્ય વિધિ કરી અળગાં થશે. બીજા પ્રકારનાં બાળકો પોતાને ઘેર તેવું વાતાવરણ નહિ હોય તો બીજાને ઘેર જઈ પોતાના ભક્તિપ્રધાન હૃદયની ભૂખ શાંત કરશે. એટલે શિક્ષકનું કાર્ય એ છે કે જે ઘરમાં અને કુટુંબમાં બાળકે જન્મ લીધો અને જે સમાજનું તે અંગ છે અને જ્યાં તેનું માનસ ઘડાય છે, ત્યાંની જ છાપ તેને લેવા દેવી. તે ભૂંસી નાખવાની કે તેને વધુ દૃઢ કરવાની કશી જરૂર નથી. ખાસ કરીને આ ઉંમરે મન દ્વિધા થાય, શંકાસ્પદ બને, આ ખરું કે તે ખરું એવી શંકા ઉત્પન્ન થાય, એવા વિચારો તેમની આગળ ન મૂકવા. આમે પણ ન કરવું તેમ જ આ ઉંમરે ધાર્મિક બાબતોમાં તાર્કિક વિચારો ઘુસાડવાના પ્રયત્નો પણ ન કરવા. કારણ તેમાં ઘણી વાતો તર્કને ન રુચે એવી હોઈ બાળકની ઉંમર પણ તે બધાનો વિવેક કરવા

જેવડી હોતી નથી. એટલે એથી ખરો લાભ ન થતાં એક પ્રકારનો દંભ આવે છે, અથવા તો નાસ્તિકતા આવવાનો સંભવ છે.

૨. જ્યાં અશાસ્ત્રીય ધર્મઘેલછાની ભાવનાનું જોર હોય ત્યાં બાળકોના મનને એવી ખોટી વાતોમાંથી છોડાવવાં જોઈએ. ભૂતપિશાચની વાતો અથવા બિલાડી આડી ઊતરવી વગેરે માન્યતાઓ, અને જેનાથી ધર્માભિમાનને પરિણામે જાતિદ્વેષ વધે તેવી વાતોનો વિરોધ કરવો જ જોઈએ. હિંદુ મુસલમાનની મારામારી થઈ હતી ત્યારે એક છોકરી બોલેલીઃ "આજે અમારા લત્તામાં એક મુસલમાનને લગાવ્યો. એમ જ લગાવવો જોઈએ." એવે પ્રસંગે તટસ્થ રહ્યું પાલવે નહિ. શિક્ષકે તે વખતે કહેવું જ જોઈએઃ "શા માટે મારવો? હિંદુને પણ મારવો નહિ ને મુસલમાનને પણ મારવો નહિ. બધાં જ માણસો છે, સૌમાં જીવ છે."

અસ્પૃશ્યતા, જાતિભેદ વગેરે જે જે સામાજિક અન્યાયો અથવા તંકે બહારના આચારો ધર્મના નામે ચાલુ છે તેનો પણ વિરોધ શિક્ષકોએ સ્પષ્ટ શબ્દોમાં કરવો જોઈએ. પણ તેમાં વધારા પડતી ચર્ચા કરવાને બદલે તેનો નિર્દેશ કરી છોડી દેવું જોઈએ. એક બ્રાહ્મણ જ્ઞાતિનો ખૂબ અભિમાની છોકરો હતો. તે એક વાર બોલ્યોઃ "હું બ્રાહ્મણ છું. બીજાના હાથનું પાણી હું નહિ પીઉં." માસ્તર બ્રાહ્મણ જ હતા; પેલા છોકરાની જ્ઞાતિના જ હતા. તે બોલ્યાઃ "હું પણ બ્રાહ્મણ છું; હું ચોખ્ખું પાણી પીશ. કૂતરાએ મોઢું બોળેલું પાણી નહિ પીઉં. સરસ ચોખ્ખા માટલામાં ગળેલું પાણી હું પીશ. ગમે તે જ્ઞાતિનાએ ભર્યું હોય તેથી શું? સ્વચ્છ હશે તો પીશ." આટલું બોલી તેમણે નોકરના હાથનું પાણી મગાવીને પીધું. બધાં છોકરાંઓ જોઈ રહ્યાં.

સામાન્ય ધોરણ ધાર્મિક બાબતોનો ઉપહાસ કરવાનું ન હોય, એની મશ્કરી કરવાનું ન હોય અને એ રીતે એનું મહત્ત્વ કમી કરવાનું ન હોય. ઊલટ પક્ષે ધાર્મિક બાબતોનું વાતાવરણ બિલકુલ જડ કરી નાખવાથી ધાર્મિકતાનો પ્રચાર નથી થતો તે ધ્યાનમાં રાખવું જોઈએ. ધાર્મિક અને નૈતિક આચારવિચારમાં કડક ધોરણ રાખીને જે તેને પળાવાય તો તેની સામે પ્રતિક્રિયા થવાનો સંભવ છે એ પણ ધ્યાનમાં રાખવાનું છે.

આ રીતે ધાર્મિક રૂઢ કલ્પનાનો બોજો બાળકોના માથા પરથી જેટલો કમી થાય તેટલો કરવો. તે જ પ્રમાણે આદર, પ્રેમ, ન્યાય, ભક્તિભાવ, પાવિત્ર્ય, શ્રદ્ધા, સહિષ્ણુતા, વગેરે ગુણે વધે તેવું સામાન્ય વાતાવરણ ઊભું કરવા ચૂકવું નહિ. બાકી તાત્ત્વિક વાદમાં પડવું નહિ. માત્ર અંધશ્રદ્ધા અને ધર્મઘેલાપણાને તો ધક્કો મારવો જ જોઈએ. તા૦

સસ્તી કિંમતે ફાઇલો મળશે

"શિક્ષણ પત્રિકા" નાં આગલાં વર્ષોની નીચે પ્રમાણેના પૂરા અંકોની ફાઇલો સસ્તી કિંમતે આપવાનું ઠરાવ્યું છે.

વર્ષ ૨ જું; વર્ષ ૧૦ મું;
વર્ષ ૧૧ મું; વર્ષ ૧૨ મું.

ચારે ફાઇલો પોસ્ટેજ સાથે રૂ. ૨॥ માં મળશે.

તેરમા વર્ષની ફાઇલો નથી. ચૌદમા વર્ષની કિંમત એક રૂપિયો; પંદરમું વર્ષ ચાલે છે.

વ્યવસ્થાપકઃ—શિક્ષણ પત્રિકા કાર્યાલય,
હિંદુ કૉલોની, દાદર.

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઈ ૪.
પ્રકાશકઃ શ્રી. તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલોની, દાદર.

શિક્ષણપત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

○

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

○

ખરું જોતાં બાળકની સ્વયંવિકાસ માટેની શક્તિઓને રૂંધી શકાતી જ નથી. જે પરિસ્થિતિમાં બાળક મોકળા દિલથી પોતે ધારેલા કામમાં એકાગ્ર થઈ શકતું નથી – તન્મય બની શકતું નથી, જ્યાં જ્યાં બાળકને લાગે છે કે એ પ્રવૃત્તિ દ્વારા પોતાનો આત્મા સંપૂર્ણપણે ખીલી ઊઠવાનો નથી, ત્યાં ત્યાં આખરે ઉક્ત પ્રવૃત્તિ પૂરતું અને શિક્ષક માગે તેટલું જ ધ્યાન રોકવાની અનાયાસીભરી આવડત કેળવતાં બાળક શીખે છે; બાકી પોતાની સાચી શક્તિને તો પોતાના સ્વાભાવિક વિકાસને માર્ગે જ ખરચવા માટે તે અનામત રાખે છે. પણ એક વાર આ રીતે બાળકની એકાગ્રતા વિભક્ત થઈ એટલે એનું આખુંય ઘડતર–આખુંય જીવતર ચૂંથાયું સમજવું. અને છતાં આ પરિસ્થિતિ આજે એટલી તો સર્વસામાન્ય થઈ પડી છે કે આવી જાતના શિક્ષણથી ત્રાસી ઊઠાય છે.

જહોન ડ્યૂઈ

વર્ષ ૧૫ | ::: કાર્યાલય ::: | અંક ૬
૧૯૬૬ | દાદર, મુંબઈ ૧૪ | શ્રાવણ

નોંધ

નૂતન બાલશિક્ષકોનું સંમેલન

ઑક્ટોબર માસમાં ભાવનગરમાં શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરમાં ગુજરાત–મહારાષ્ટ્રના નૂતન બાલશિક્ષકોનું એક નાનુ એવું સંમેલન કરવાનો વિચાર આપણા સંઘે કર્યો છે.

ઘણા દિવસ થયાં આપણે એકબીજાંને મળ્યાં નથી, વિચારની આપલે કરી નથી, એકબીજાંના કામ સંબંધે પૂછપરછ કરી નથી; આપણે જે દિશામાં, જે ઢબે, જે સાધનસામગ્રીએ કામ કરીએ છીએ તેમાં કોઈ પણ જાતનો ફેરફાર કરવાની જરૂર છે કે કેમ તેનો વિચાર કર્યો નથી. હું ધારું છું કે અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓનું છેલ્લું સંમેલન ૧૯૩૭ માં ભાવનગરમાં મળ્યું હતું.

તે પછી તો આપણા મંડળમાં એક મોટામાં મોટો ખાડો પડ્યો છે, એક મોટામાં મોટી ખોટ ગઈ છે. આપણે આપણા નેતાને ખોયા છે. આપણા માર્ગદર્શક આપણને છોડીને પરલોક સિધાવ્યા છે. આ વખતે તેમના મૃત્યુ પછી સવ્વા વર્ષે જ આપણે તેમનું શ્રાદ્ધ કરવા ભેગાં થઈશું; તેમની જ કાર્યભૂમિમાં આપણે ભેગાં મળીને તેમના વિયોગનું દુઃખ એકબીજાં પાસે ઠાલવશું, આપણું મન જરા હળવું કરીશું. ત્યાંની એકેએક જગ્યાએ આપણે આપણા ગિજુભાઈને જ જોઈશું. તેમનાં સ્મરણો જે આપણા મનમાં તો તાજાં જ છે તે ત્યાં પ્રત્યક્ષ કરીશું. એક રીતે એ ભૂમિમાં મળવું આપણા બધાને માટે ખૂબ આકરું પડવાનું છે, ખૂબ ભારે લાગવાનું છે. છતાં આપણે તે કરીએ કારણ આપણે આગળના કામ માટે પ્રાણ મેળવવો છે, જુસ્સો ને ઉત્સાહ મેળવવો છે. આપણ બધાંને સાંધનાર આપણા ગુરુને ચરણે બેસીને જ આપણે એ કામ કરીએ તે સારું થશે.

જુદી જુદી જગ્યાએ આપણા દેશમાં યાત્રાનાં સ્થળો આવી જ રીતે નિર્માણ થયાં હશે. શ્રીદક્ષિણામૂર્તિ સંસ્થા ધમધોકાર ચાલતી હતી ત્યારે જ એ જગ્યા ઘણાંઓને મન યાત્રાનું ધામ થઈ ગયું હતું. આજે તે પહેલાંની સ્થિતિમાં નથી, લગભગ બંધ છે, માટે યાત્રાધામ થવા વધારે પાત્ર બની છે. જ્યાં મુ. નાનાભાઈ અને સ્વ. પૂજ્ય મોટાભાઈએ ઊગતી પ્રજા માટે અનેક જાતનાં ઊંચાં સ્વપ્નાં સેવ્યાં અને તનતોડ મહેનત કરી તે મૂર્ત સ્વરૂપમાં આણ્યાં, જ્યાં પૂજ્ય ગિજુભાઈએ આપણી અસાધારણ કામગિરી કરી બતાવી, જેને શ્રી. હરભાઈ, શ્રી. ગિરીશભાઈ, શ્રી. ગોપાળભાઈ અને શ્રી. માધવજીભાઈ એ કાર્યક્ષેત્ર બનાવી જ્યાં પોતાની બધી બુદ્ધિશક્તિ રેડી તેને સારાયે ગુજરાત ને બૃહદ્ગુજરાતની એક આદર્શ સંસ્થા બનાવી, ત્યાં આપણે મળીશું; ત્યાં આપણામાં રહેલી બધી ભાવનાઓ ઉત્કટતાએ અનુભવીશું; ત્યાં એ ઉત્કટતામાંથી આપણે હવે પછીના કામ માટે પ્રાણબળ મેળવીને પાછાં ફરીશું.

આપણી આગળ કઈ જાતનું કામ છે? આપણે તે જ વિચારવાનું છે. બાલશિક્ષણ–નૂતન બાલશિક્ષણ એ આપણા કાર્યનો વિષય છે એ આપણે જાણીએ છીએ. પણ તેમાંથીયે પૂર્વપ્રાથમિક શિક્ષણ એટલે શિશુશિક્ષણનો ભાગ આપણે આપણા કાર્યક્ષેત્ર તરીકે મર્યાદિત કરીએ તો આપણને કાર્યની વધારે સૂઝ પડે.

પહેલું કામ તો આપણે એ કરવું પડશે કે અત્યારે સુધી ગયાં પંદરેક વર્ષમાં આપણે કઈ

દિશામાં ને કેટલે સુધી પ્રગતિ કરી તેનું સિંહાવલોકન કરવું જોઈએ. તેમાંથી કેટલું બાકી છે તેની કલ્પના આવશે. કદાચ આપણે લગભગ બધું જ બાકી છે એમ કહેવું પડશે. તેનું કારણ આપણે થોડું કર્યું એમ નથી, પણ કામ એટલું મોટું છે કે આપણે મોટા સાગરમાંથી સો ઘડા ઉલેચીએ તે કાંઈ હિસાબમાં લેવાજેવા લાગતા જ નથી.

બીજું એ જોવાનું કે આપણે અત્યાર સુધી જે રીતે અને જે ઢબે કામ કર્યું તેમાં કોઈ ફેરફાર કરવાની જરૂર છે કે કેમ. કોઈ પણ દૃષ્ટિએ ફેરફારની જરૂર હોય તો આપણે વિચારીને તે કરી નાખીએ.

ત્રીજું આપણું કાર્યક્ષેત્ર મુખ્યત્વે કયું હોઈ શકે, ને આજે આપણે ત્યાં જ છીએ કે નહિ તે જોવાનું છે. ને આપણને વિચાર કરતાં જે ફેરફારો સૂઝે તે તરત કરી નાખીએ.

આ રીતે ત્રણ વર્ષે આપણે પાછાં ભાવનગરમાં મળીશું; પરોઢિયાના જીવનમંદિરથી રાતના દાડિયારાસ ગરબા સુધીનો બધો કાર્યક્રમ પહેલાંની જેમ જ હોંશેહોંશે કરીશું; ગયેલ આત્માને બધી રીતે સંતોષ થાય તેવું કરીને છૂટાં પડીશું ને નવા જોમે, નવા ઉત્સાહે કામે લાગીશું.

તા.

આપણું બંધારણ

આ અંકમાં આપણું બંધારણ સૌના વિચાર માટે આપ્યું છે. સૌ તે પર વિચાર કરી સલાહ-સૂચનો અમારા તરફ મોકલી આપે. એટલે બંધારણ આખરી પસાર કરતા પહેલાં બધી સૂચનાઓ ધ્યાનમાં લેવાય.

આપણા સંઘનું કામ વગર બંધારણે ચૌદ વર્ષ ચાલ્યું; હવે બંધારણ ઘડીએ છીએ તેનું કારણ શું? એ બંધારણ ઘડવા જેમનો કિમતી વખતની સાથે કિંમતી સલાહ અમે લીધી તેઓ ઑન. શ્રી. મંગળદાસ પકવાસાના શબ્દોમાં જ આનું કારણ સ્પષ્ટ થાય છે. તેમણે અમને કહ્યું: "આ બધું બંધારણ કર્યું એનો અર્થ એ કે હવે તમારે આ કામની મશિનરી – યંત્ર ઊભું કરવાનું છે. તમે પોતે જ મશિન –યંત્ર ના બની જતાં, કે મશિન બંધ પડે કે બધું કામ અટકે. તમારે સંસ્થાના કામનું તંત્ર ઊભું કરવાનું છે કે જેને લીધે માણસો આવે ને જાય તોપણ કામ ચાલ્યા કરે. નહિ તો બ્રહ્મજ્ઞાની નાણાં સાચવ્યા કરે, પ્રમુખ પ્રમુખ રહે ને કામ કરનારું કોઈ નહિ એવી સ્થિતિ ન થવી જોઈએ."

સંઘના બધા સંધીઓ આ તંત્ર ઊભું કરવામાં મને મદદ કરે. સહાનુભૂતિ ને લવાજમથી માંડીને કાર્યકર્તાના મંડળમાં જોડાવા સુધી તેમની પાસે હું આશા રાખું છું. આપણા કાર્યમાં મુ. ગિજુભાઈના અવસાનથી જે ધક્કો પહોંચ્યો છે તેથી જાગીને એ કાર્યકર્તાઓનું મંડળ ઊભું કરીએ છીએ કે એક પાછળ એક કાર્યકર્તાઓની હારમાળા તૈયાર થાય, ને આપણું બાલસેવાનું કામ અબાધિત ચાલ્યા કરે.

સૌ સંધીઓ આ બરડા પર વિચાર કરે, અને યોગ્ય લાગે તે સૂચનાઓ અવશ્ય મોકલે.

ઑક્ટોબર પહેલી સુધી જેમને જે સૂચનાઓ મોકલવી હોય તે તેમણે "મંત્રી, નૂતન બાલ-શિક્ષણસંઘ, દાદર" એ સરનામે મોકલવી.

મંત્રીઓ.

તેરમા વર્ષનો હિસાબ

આ અંકમાં "શિક્ષણ પત્રિકા" ના તેરમા વર્ષનો હિસાબ પ્રગટ કરીએ છીએ. આ હિસાબ સ્વ. ગિજુભાઈની હયાતીમાં છપાવા માટે તેમણે તૈયાર કરાવેલો પરંતુ તેમની માંદગીને કારણે એ રહી ગયેલો, અને અધવચ્ચમાં તેમનું દુઃખદ અવસાન થયું.

ચૌદમાં વર્ષનો હિસાબ હવે પછી આગળ ઉપર પ્રગટ કરવામાં આવશે.

નૂતન બાલશિક્ષણસંઘનું બંધારણ

[ઈ. સ. ૧૮૭૦ ના રેજીસ્ટ્રેશન કાયદા તળે રજીસ્ટર કરવાનું]

નામ

(૧) આ સંઘનું નામ "નૂતન બાલશિક્ષણ સંઘ" રહેશે.

કાર્યાલય

(૨) આ સંઘનું કાર્યાલય મુંબઈમાં અથવા વખતોવખત સંઘ હવે પછી ઠરાવે તે સ્થળે રહેશે.

ઉદ્દેશ

(૩) આ સંઘનો ઉદ્દેશ હિંદુસ્તાનમાં બાળકેળવણીનો અભ્યાસ તથા પ્રત્યક્ષ પ્રયોગ વધારવાનો, એ પ્રદેશમાં નવી શોધખોળો કરવાનો, બાળકેળવણી વિષયક નવા સિદ્ધાંતોનો પ્રચાર કરવાનો તેમ જ હિંદની પરિસ્થિતિને અનુકૂળ થાય તેવી બાળકેળવણીને લગતી નવી પદ્ધતિ અથવા પદ્ધતિઓને દાખલ કરવાનો રહેશે.

કાર્યપ્રદેશ

(૪) આ સંઘનો કાર્યપ્રદેશ નીચે પ્રમાણે રહેશેઃ—

ક જે જે વ્યક્તિઓએ બાળકેળવણીમાં પ્રત્યક્ષ કામ કર્યું હોય અથવા તેને અંગે વાંચ્યું-વિચાર્યું હોય તેમની પાસે, પોતાના અનુભવ અભ્યાસ અને વિચારણા ઉપર જેમનું મંડાણ હોય એવાં, મૌલિક પુસ્તકો લખવા ઉત્તેજન આપવું.

ખ આપણા દેશની ભાષાઓમાં બાળકેળવણીને લગતું સાહિત્ય બહુ નથી તેથી સંઘે અન્ય ભાષાઓમાંથી બાળકેળવણી વિષયક પ્રમાણભૂત ગ્રંથોનું ગુજરાતી, મરાઠી, હિંદી અથવા હિંદની અન્ય ભાષાઓમાં ભાષાંતર કરવાનું ઉત્તેજવું.

ગ નૂતન કેળવણીના સિદ્ધાંતો માબાપો પણ સમજી શકે એવી સરલ ભાષામાં નાની નાની પુસ્તિકાઓ તૈયાર કરાવવી અને એ પુસ્તિકાઓને મફત અથવા તો નામની કિંમતે વેચવી.

ઘ માબાપો અને શિક્ષકોને માટે લોકભોગ્ય વ્યાખ્યાનો યોજવાં.

ઙ બાળકેળવણી વિષયક નૂતન સિદ્ધાંતો પરત્વે શિક્ષકો અને માબાપોને માર્ગદર્શક થાય, તેમ જ આ ક્ષેત્રમાં કામ કરી રહેલાંઓના અનુભવોની નોંધ રહે તે સારુ કોઈ નિયતકાલિક ચલાવવું.

ચ નૂતન પદ્ધતિએ ચાલતી બાલશાળાઓ માટે તાલીમ પામેલા શિક્ષકો મળી શકે તે સારુ નૂતન શિક્ષણપદ્ધતિઓની તાલીમ આપનારું અધ્યાપનમંદિર ચલાવવું, અથવા એવી જાતનાં અધ્યાપનમંદિરો ચલાવનારાઓને સહાય આપવી.

છ આજની પ્રાથમિક શાળાઓમાં કામ કરી રહેલા શિક્ષકો સારુ અધ્યાપનમંદિર શરૂ કરવું, નૂતન કેળવણીની તેમને તાલીમ આપવી અને નૂતન કેળવણીના સિદ્ધાંતોની દૃષ્ટિએ તેઓ પોતાની શાળાઓમાં કેવી જાતના અગત્યના ફેરફારો દાખલ કરી શકે તે સંબંધે તેમાં ભારપૂર્વક સમજાવવું.

જ બાળકેળવણીના ક્ષેત્રમાં પરદેશોમાં તેમ જ આપણા દેશમાં ઉક્ત પ્રકારની શાળાઓને ઉપયોગી થાય તેવાં નવાં પ્રગટ થયેલાં પુસ્તકો અથવા યોજાયેલાં કેળવણી વિષયક સાધનોને અંગે ભિન્ન ભિન્ન તરેહની અદ્યતન માહિતી પૂરી પાડે તેવું માહિતીકેન્દ્ર સ્થાપવું.

ઝ આપણા આ વિશાળ પણ ગરીબ દેશની જરૂરિયાતોને પહોંચી વળી શકે તેવાં સસ્તાં છતાં શાસ્ત્રશુદ્ધ સાધનો બને તે માટે ઉત્તેજન આપવું, તથા તેના પ્રચારને અનુકૂળતા કરી આપવી.

ઞ ઉક્ત ધોરણે ચાલતી શાળાઓના નિરીક્ષણ અને માર્ગદર્શન સારુ નિરીક્ષકમંડળ નીમવું.

ટ કેળવણીની નૂતન પદ્ધતિઓના અભ્યાસ અર્થે યોગ્ય વ્યક્તિઓને તેમનો અભ્યાસ વધારવા સારુ સહાય આપવી.

ઠ હિંદની તેમ જ પરદેશની ભાષાઓનું બાળકેળવણી વિષયક સાહિત્ય તેમ જ બાલસાહિત્યવાળું ફરતું પુસ્તકાલય રાખવું.

ડ દશ વર્ષથી નીચેની વયનાં બાળકોના માનસિક વિકાસનો અભ્યાસ કરવા તેમ જ તેમના ઉપર પ્રયોગ કરવા સારુ માનસશાસ્ત્ર વિષયક સંશોધનમંદિર સ્થાપવું, અથવા આવી જાતના ચાલુ ખાતાને મદદ કરવી.

ઢ નૂતન બાલશિક્ષણના કાર્યને આગળ ધપાવવા તથા પ્રચાર કરવા અર્થે કેળવણી વિષયક સંમેલનો ગોઠવવાં.

ણ બાલશિક્ષણના કાર્યને નવી રીતિ અને પદ્ધતિ અનુસાર આગળ ધપાવવા બધાં જરૂરી પગલાં ભરવાં.

ત આ અથવા આવી જાતની બાળકેળવણીને આગળ ધપાવવાના જે જે મંડળોના હેતુઓ અને કાર્યો હોય તેમની સાથે સહકાર કરવા.

સભાસદ

(૫) આ સંઘના સભાસદોનાં ત્રણ વર્ગો રહેશેઃ— (ક) આજીવન સભ્યો; (ખ) સહાયક સભ્યો; (ગ) સામાન્ય સભ્યો.

(ક) આ સંઘનો ઉદ્દેશ અને કાર્ય જેને માન્ય હોય એવી વ્યક્તિ એકીસાથે રૂપિયા ૫૦) કે તેથી વધારે ફાળો આપીને સંઘના **આજીવન સભ્ય** થઈ શકશે.

(ખ) જે સંસ્થા પોતાના સંચાલનમાં સંઘની સલાહ લેવાની ઇચ્છા રાખતી હશે તે વાર્ષિક રૂપિયા ૬) નો ફાળો આપી સંઘના **સહાયક સભ્ય** થઈ શકશે. આ જાતના સહાયક સભ્યનું પદ સંસ્થાએ પોતે પોતાના પ્રતિનિધિ તરીકે પસંદ કરેલી વ્યક્તિને મળશે.

(ગ) જે વ્યક્તિને આ સંઘનો ઉદ્દેશ અને કાર્ય માન્ય હશે તે વાર્ષિક રૂા. ૧–૮–૦ આપીને સંઘના **સામાન્ય સભ્ય** થઈ શકશે.

સંઘના ઉપર લખ્યા બધા સભ્યોને નીચે લખ્યા હકો અને અધિકારો મળશેઃ—

(ક) સંઘની સામાન્ય મંડળની બેઠકમાં મત આપવો.

(ખ) સંઘના વાર્ષિક હિસાબો મેળવવા અને મંજૂર કરવા.

(ગ) સંઘ તરફથી પ્રગટ થતું સામયિક મફત મેળવવું.

(૬) આ સંઘની બધી વ્યવસ્થા વ્યવસ્થાપકમંડળ નામે ઓળખાતા મંડળને અધીન રહેશે.

(૭) વ્યવસ્થાપકમંડળ સંઘમાં નીચે જણાવ્યા પ્રમાણેનું પદ ભોગવતા પાંચ સભ્યોનું બનશે. આ સભ્યોની પસંદગી દર પાંચ વર્ષે સહાયક સભ્યો પોતામાંથી અથવા તો સંઘ બહારની વ્યક્તિઓમાંથી કરશે.

(ક) એક પ્રમુખ.

(ખ) એક ઉપપ્રમુખ.

(ગ) બે સહમંત્રીઓ.

(ઘ) એક બજાનચી.

(૮) વ્યવસ્થાપકમંડળની સત્તા નીચે લખ્યા પ્રકારની રહેશેઃ—

(ક) સંઘના સામયિકનું લવાજમ ઠરાવવું.

(ખ) કાર્યાલયના કામગારોની નિમણૂક તેમ જ બરતરફી કરવી, તેમનું કામ નક્કી કરી આપવું, તેમને આપવાનો ચોક્કસ પગાર ઠરાવી આપવો, તથા તેમની રજાઓ મંજૂર કરવી.

(ગ) સંઘના ઉદ્દેશને પાર પાડવા માટે બધાં જરૂરી પગલાં લેવાં.

(ઘ) સંઘની વાર્ષિક આવકજાવકનાં અંદાજપત્રકો મંજૂર કરવાં.

(ઙ) દાનો અને મદદો મેળવવી.

(ચ) આ રીતે મળેલાં દાનો અને મદદો સાચવવા, રોકવા અને ખર્ચવા માટેના નિયમો અને પેટાનિયમો રચવા.

(છ) બૅન્કના હિસાબો રાખવા માટેના નિયમો રચવા.

(જ) આ સંઘના હિતાર્થે કાયદાની સલાહ લેવી તેમ જ કાયદેસર પગલાં લેવાં, અને સંઘને અંગે દાવો કરવા માટે અથવા તો કાયદેસરના મુકદ્દમામાં બચાવ કરવા માટે પોતાનામાંથી એક વ્યક્તિને નિયુક્ત કરવી.

(ઝ) વ્યવસ્થાપકમંડળના સભ્યનું પદ કોઈ વખતે ખાલી પડે ત્યારે એ સ્થાન નવી નિમણૂકથી પૂરવું.

(ઞ) દરેક વર્ષને માટે એક હિસાબતપાસનીસ નીમવો.

(૯) વ્યવસ્થાપક મંડળ પોતાને યોગ્ય લાગે તો સંઘના કોમને આગળ ધપાવવા માટે એક કાર્યકર્તા મંડળ નીમશે, અને એના સભ્યોની નિમણૂક સહાયક સભ્યોમાંથી અથવા તો સંઘ બહારની વ્યક્તિઓમાંથી પણ કરશે.

(૧૦) કાયકર્તા મંડળનું કામકાજ નીચે પ્રમાણે રહેશે:—

(ક) વર્ષ દરમિયાન કરવાના કામકાજની યોજના કરવી અને પોતાના મંડળના જુદાજુદા સભ્યોને કરવાનું કામ સોંપવું.

(ખ) કરવાના કામકાજ માટે જોઈતી રકમનું અંદાજપત્રક તૈયાર કરવું અને કામ શરૂ કરતા પહેલાં વ્યવસ્થાપક મંડળ પાસેથી તેની મંજૂરી મેળવવી.

(ગ) સંઘના તંત્રને અંગે તેમ જ સંઘની કાર્યનીતિ સંબંધે કરવા યોગ્ય સૂચનાઓ વિચારવી અને વ્યવસ્થાપક મંડળ પાસે વિચારણા માટે રજૂ કરવી.

(ઘ) કાર્યકર્તા મંડળ ઓછામાં ઓછું વર્ષમાં એક વાર મળશે જ અને આખા વર્ષ દરમિયાન કરવાના કામકાજની યોજનામાંથી કેટલાનો અમલ થઈ શક્યો છે તે જોશે, તેમ જ પોતે કરેલા કામનો વાર્ષિક અહેવાલ વ્યવસ્થાપક મંડળ આગળ રજૂ કરશે.

(૧૧) સંઘનું વર્ષ ઈસવી સનના જાનેવારીથી ડિસેમ્બર આખર સુધીનું ગણાશે.

(૧૨) આ સંઘના બંધારણમાં ફેરફાર કરવો હોય તો સામાન્ય મંડળની બેઠકમાં કરી શકાશે; આવી બેઠક માટેની વિધિસરની જાહેરાત બેઠકના દિવસ અગાઉ પંદર દિવસે ફેરફારોની સંપૂર્ણ વિગતો સાથે મંડળના દરેક સભ્યને આપવી જોઈશે.

(૧૩) બંધારણમાંના ફેરફારો તે માટેની સામાન્ય મંડળની બેઠકમાં હાજર રહેલા સભ્યોના ⅔ સભ્યોની બહુમતિ સિવાય મંજૂર થયા ગણાશે નહિ, તેમ જ તેનો અમલ થઈ શકશે નહિ.

(૧૪) આ સંઘના પ્રમુખ અને ખજાનચી સંઘના મંત્રીઓ દ્વારા સંઘને મળેલાં દાનો, તેનાં મકાનો, પ્રોવિડંડ અને અનામત ફંડો

તેમ જ સંઘની સ્થાવર જંગમ તમામ પ્રકારની મિલકતો સંભાળશે. પ્રમુખ અને ખજાનચી સંઘનાં બધાં ફંડો અને રોકાણો તેમ જ બીજી માલમિલકત સંઘના સંરક્ષકો તરીકે પોતાને સંયુક્ત નામે રાખશે. આમ કરવું જ્યાં કાયદેસર મંજૂર નહિ હોય ત્યાં તેઓ પોતાને સંયુક્ત વ્યક્તિગત નામે રાખી શકશે.

(૧૫) વ્યવસ્થાપક મંડળનો દરેક સભ્ય તેમ જ અધિકારી સંઘના અધિકારના પદે હોય તે દરમિયાન પોતાની કામગરી બજાવતાં જે નુકસાન ભોગવે અથવા ખર્ચ કરે તે સઘળું મંડળના કાર્યાલયમાંથી ભરપાઈ કરશે, સિવાય કે એવું ખર્ચ અથવા નુકસાની તે વ્યક્તિની ઇરાદાપૂર્વકની ગફલત અથવા કસૂરને લઈ ને થયાં હોય; સંઘના કામકાજ કરતાં દરમિયાન ખરેખર ભેળી રકમો માટે જ દરેક વ્યક્તિ ફક્ત જવાબદાર ગણાશે; દરેક વ્યક્તિ ફક્ત પોતાનાં જ કામો, ગફલતો અથવા કસૂરો માટે જવાબદાર ગણાશે, પણ અન્ય વ્યક્તિની જવાબદારી તેની ગણાશે નહિ; સંઘને મળનારી રકમોની અથવા જામીનગીરીઓની અપૂર્ણતા માટે તે જવાબદાર ગણાશે નહિ; તેમ જ વ્યક્તિની પોતાની ઇરાદાપૂર્વકની ગફલત અથવા કસૂરને અંગે સંઘને થયેલી ખોટ અથવા નુકસાની સિવાયની બીજી કોઈ નુકસાની અથવા ખોટ માટે તે જવાબદાર રહેશે નહિ.

નૂતન બાલશિક્ષણસંઘ

બીજા નિયમો ઉપરાંત સંઘના નિયમો તથા પેટાનિયમોમાં નીચે લખ્યા નિયમોનો પણ સમાવેશ થશેઃ—

(૧) સંઘનાં વ્યવસ્થાપક મંડળની બેઠકો દરેક વર્ષમાં ઓછામાં ઓછી બે અને જરૂર પડે તો વધારે ભરવામાં આવશે. વ્યવસ્થાપક મંડળની આવી દરેક સામાન્ય બેઠકની જાહેરાત જાતે અથવા ટપાલ દ્વારા બેઠકની તારીખ પહેલાં એક અઠવાડિયે દરેક સભ્યને કરવામાં આવશે.

(૨) ત્રણ સભ્યોનું કોરમ (કાર્યસાધક સંખ્યા) થયું ગણાશે. એક વખત મુલતવી રહેલી બેઠક માટે કાર્યસાધક સંખ્યાની હાજરી આવશ્યક ગણાશે નહિ.

(૩) અસાધારણ પ્રસંગે પ્રમુખની અગાઉથી મંજૂરી લઈ ને જરૂરી કામકાજનો નિકાલ પરિપત્રથી કરી શકાશે. અને આ રીતે પરિપત્રથી નિકાલમાં આણેલું કામકાજ વ્યવસ્થાપક મંડળની તે પછીથી મળનારી બેઠકમાં બહાલ રાખવામાં આવશે.

(૪) અસાધારણ પ્રસંગે જો કોઈ ખર્ચ કરવાની જરૂર જણાશે તો પ્રમુખની મંજૂરીથી થઈ શકશે, પરંતુ એવા ખર્ચો વ્યવસ્થાપક મંડળની તે પછીથી મળનારી બેઠકમાં મંજૂરી માટે રજૂ કરવા પડશે.

(૫) વ્યવસ્થાપક મંડળની બેઠકોમાં બધા પ્રશ્નોનો નિકાલ બહુમતિથી કરવામાં આવશે. પરંતુ બેઠકમાં સરખા મતો પડે ત્યારે તે બેઠકના પ્રમુખને એક વધારાનો મત આપવાનો અધિકાર રહેશે.

(૬) વ્યવસ્થાપક મંડળના મંત્રીઓ સંઘના પણ મંત્રીઓ ગણાશે.

(૭) પ્રમુખની મંજૂરીથી મંત્રી વ્યવસ્થાપક મંડળ આગળ રજૂ કરવાનાં કામકાજની યાદી તૈયાર કરશે, બેઠકો બોલાવશે, કામકાજની નોંધ લેશે અને યોગ્ય રીતે તેને દફતરમાં લખશે.

(૮) સંઘનું દફતર અને બીજા કાગળો મંત્રી પાસે રહેશે, તથા તેની સંભાળ અને સંપૂર્ણ સંરક્ષણ માટે તે સંપૂર્ણપણે જવાબદાર ગણાશે.

શાળાનો બાગ

દરેક બાલમંદિર પાસે બગીચો હોય એ અનેક દૃષ્ટિએ ઉપયોગી છે. બાળક નવા નવા ને જાત-જાતના ફૂલછોડ તથા ઝાડોને ઓળખતાં શીખે છે. ઋતુએ ઋતુએ નવાં નવાં ને ભાતભાતનાં ફૂલફળ આવે છે. નવાં પલ્લવો ને કૂંપળો નિત્યનવાં દૃશ્યો રજૂ કરે છે. કળી બેસે છે, વિકસે છે ને ફૂલ ખીલે છે. નવાં કૂંપળ ફૂટ્યા પછી કેટલીયે જાતના ઘેરાઆછા નવા નવા રંગો જન્મે છે. કુદરત સ્વયંશિક્ષણ આપનાર છે, રંગની દૃષ્ટિ કેળવે છે તે રસિકતા આપે છે.

છોડ ને ઝાડ વધે છે. સૌની વર્ધનની ને ફાલ-વાની રીત જુદી જુદી હોય છે. છોડ કે ઝાડને ક્યારા કરવા જોઈએ, ખાતર જોઈએ, માટી જોઈએ, પાણી જોઈએ, ગોડ જોઈએ. આમ બાળક અવલોકન કરતું, કામ કરતું, વનસ્પતિ-જીવનનો અભ્યાસ કરતું ને ઉલ્લાસ અનુભવતું થાય છે. કુદરત પોતે જ અદ્‌ભુત છે, મહાન શિક્ષક છે. વનસ્પતિસૃષ્ટિ ભવ્ય છે, આહ્‌લાદક છે. બાળ-કને કુદરતનો પરિચય જરૂરી છે, ઉપયોગી છે ને આનંદદાયક છે.

ઘણી સંસ્થાઓને આંગણે કે આસપાસ બાગ હોય છે. પણ માત્ર બાગ હોય એટલું જ બસ નથી. હા, એટલું ખરું કે બાગ હોય તો લીલો-તરી નિહાળવા મળે, રંગબેરંગી ફૂલો ને પાન જોવા મળે ને તેની સુવાસનો પણ લાભ મળે. પણ બાલમંદિર કે કોઈ પણ શિક્ષણસંસ્થાને માટે આટલું બસ નથી. બાળકોને બગીચામાં અનુ-કૂળતાએ કામ કરવાની છૂટ જોઈએ. કામ કરવાનાં અનુકૂળ સાધનો જેવાં કે નાની કોદાળી, પાવડો, ત્રીકમ, કોશ, ખુરપી, ઝારી, બાલદી વગેરે પણ જોઈએ. બાળકોને જાતજાતનાં ફૂલછોડ ને ઝાડથી પરિચિત કરવાં જોઈએ. કયું ઝાડ ડાળી ચોપવાથી થાય છે, કયું ઝાડ રોપથી એટલે બી વાવવાથી થાય છે, કયું ઝાડ કલમથી થાય છે, કયા કયા ઝાડની કલમ થઈ શકે છે, કલમ કેમ થાય, કયા કયા ફૂલછોડ કે ઝાડ કટીંગથી ડાળી ચોપવાથી થાય છે, કયા ઝાડને ક્યારે ફૂલ કે ફળ આવે છે, કયી ઋતુમાં આવે છે, વરસમાં કેટલી વાર આવે છે, કેટલાં વર્ષે આવે છે, કયા ફૂલછોડ કયી ઋતુમાં ખીલે ફૂલેફળે છે ને કયા બાર માસના છે, કયા ફૂલછોડ ને પાન શોભાનાં છે, કયાં સુવાસિત છે, વગેરે જ્ઞાન વાતવાતમાં બોલતાં, કામ કરતાં ને પાણી પાતાં કરી શકાય. કોઈ વાર ધ્યાન ખેંચીને, બતાવીને તો કોઈ વાર અનુકૂળ પ્રસંગે વાત કરી શકાય. આમાં બાળકને કશું ગોખવાનું કે ગોંધવાનું હોતું નથી. અહીં મુદ્દાસર ગંભીર મુદ્રા કરીને ભાષણો આપવાનું હોતું નથી તેમ વનસ્પતિશાસ્ત્રનું જ્ઞાન આપવાનો બોજો લઈ ફરવાનું નથી તેમ તેવો ઇરાદો પણ નથી. આ તો સહેજે વિના પ્રયત્ને જેમ આપણે હવા લઈએ છીએ, જોઈએ છીએ ને સાંભળીએ છીએ એ જ રીતે વાતાવરણ હોય તો બાળકોને આપોઆપ એ જ્ઞાનનો લાભ મળે તેમ છે.

આના અવાંતર લાભ તો કેટલાયે છે. આમાં રંગની કેળવણી, ગંધની કેળવણી, આકાર–દૃષ્ટિની કેળવણી, વનસ્પતિ સંબંધી જ્ઞાન મળે. કામ કરતાં સ્નાયુને શરીરની કેળવણી મળે–સમતોલન આવે. આંગળામાં કાબૂ આવે જે લેખન અને ચિત્રમાં ઉપયોગી થઈ પડે છે. બગીચાના ક્યારાના આકાર ઘાટ વગેરેથી ગણિત ને ભૂમિતિનું જ્ઞાન મળે છે ને તાત્ત્વિક રીતે લીધું હોય તો અહીં પ્રત્યક્ષ ઉપયોગ કરવાની તક મળે છે. ચિત્રકલાને માટે પણ

બાગાયત ઘણું જ ઉપયોગી છે. પ્રત્યક્ષ પરિચયથી આકાર, રૂપરંગ, તેજ, છાયા, વગેરેનું જે જ્ઞાન મળે છે એ બીજી કોઈ રીતે નથી મળી શકતું. જે બાળક અસ્થિર હોય, જેનો વિકાસ બૌદ્ધિક વિશેષ ને ક્રિયાત્મક ઓછો થયો હોય, જે વધારે જડ અથવા મંદબુદ્ધિનું હોય એવાં બધાં બાળકોને બાગાયતનું કામ શરીર, મન અને બુદ્ધિના વિકાસ માટે ભારે ઉપકારક છે. આ બધું સ્વાભાવિક રીતે થવું જોઈએ.

માત્ર બાલમંદિરો જ નહિ પણ બાળશાળાઓ, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ ને હાઈસ્કૂલો પાસે બગીચો હોય એ જરૂરી છે ને ઇચ્છવા યોગ્ય છે. આપણો દેશ ખેતીપ્રધાન હોઈ ખેતી કે બાગાયતનું પ્રાથમિક જ્ઞાન મળે એ ભારે અગત્યનું છે. લીલોતરીથી આંખો ઠારે, વિધવિધ આકાર ને રંગનાં દર્શન કરે ને સહેજે મળતી સુગંધનો લાભ લ્યે એ પણ ઘણું છે. જાપાનની હરેક શાળાઓ પાસે નાનો કે મોટો બગીચો હોય છે. કંઈ નહિ તો છેવટે થોડા ફૂલછોડ, કૂંડાં ને વેલીઓ હોય છે. આથી બાળકોની રસવૃત્તિ ખીલશે, કામ કરવાની ઇચ્છા થશે ને પરિણામે જ્ઞાન મળશે. આળસ ને મિથ્યાભિમાનમાંથી છૂટવાનું શિક્ષણ આપણા દેશ માટે ભારેમાં ભારે મહત્ત્વનું છે. જ્યાં જ્યાં આપી શકાય ત્યાં હરેક શાળાને નળ કે કૂવાની સગવડ આપવી જોઈએ. બગીચો ન થઈ શકે તેમ હોય ત્યાં કૂંડાંમાં ફૂલછોડ રોપી શકાય. વેલીઓ તો શોભામાં અનેરો વધારો કરે છે જ. રાજ્યના બગીચાઓમાં અને ગાર્ડનખાતામાં કેટલીયે ફૂલમો ને રોપ વધારાના હોય છે ને ચોમાસામાં તો ઢગલાબંધ આપોઆપ ઊગી નીકળતા હોય છે. બગીચો હોવાથી વિદ્યાર્થીઓને શાળાનું આકર્ષણ થશે, મમત્વ વધશે ને પોતાની શાળા માટે અભિમાન લેતા થશે.

બગીચો હોવાથી શરીરમહેનત માટે સીધું ને આડકતરું ઉત્તેજન મળશે. ઘણા પૈસા ખર્ચવાની ને ખાસ માળી રોકવાની જરૂર નથી કારણ એમ કરવાનું નાની ને ઘણી ખરી સંસ્થાઓને ન પોસાય. શાળામાં કોઈને કોઈ બગીચાનો શોખીન શિક્ષક જરૂર મળી આવશે. એક વાર વાતાવરણ ઊભું કરવું જોઈએ. પછી તો વિદ્યાર્થીઓ નવાનવા છોડ, રોપ, બિયાં વગેરે પોતાને ઘેરથી લાવવા માંડશે. પટાવાળા, બાઈ, રસોયો, વગેરેનો પણ ઉપયોગ લઈ શકાય. શિક્ષકો શેઠની જેમ હાથ જોડી ઊભા રહે ને માત્ર હુકમ કરે તો વાતાવરણ ન જામે, રસ પેદા ન થાય, માબાપોને ગમે નહિ ને બગીચાનું કામ અકારું ને વેઠરૂપ બની જાય. પણ શિક્ષકો સાથે ભળીને કામ કરે તો વિદ્યાર્થીઓના સંસર્ગમાં આવવાથી તેમની એકતા ને પ્રેમ વધે. શાકના છોડ વેલા પણ વાવી શકાય. જાતજાતના કઠોળધાન્ય પણ કૂંડાં ને શંકોરાંમાં વાવી શકાય. આથી કઠોળ, ધાન્ય, પથ્થર, રેતી, પતંગિયું, જીવડાં, કીડી, ઘાસ વગેરેના નજીવા પદાર્થપાઠને બદલે જીવન્ત પદાર્થપાઠો રસદાયી થઈ પડશે. કંઈ નહિ તો છેવટે એરંડા, મેંદી, અમરવેલ, મધુમાલતી વગેરેમાંથી કંઈકને કંઈક નાખી શકાય. અનેક જાતના ચિત્રા (ક્રોટન) વેલો, લારમ, અબેડી વગેરે ડાળોથી થઈ શકે તેવા છોડ સહેજે ઉછેરી શકાય. ગુલાબ, મોગરો, તગર, જાસુ, વગેરે ફૂલછોડ ડાળી નાખવાથી ચોમાસામાં થઈ શકે છે. ચંપેલી, મોગરાવેલ, જુઈ વગેરે પણ ડાળીથી થાય છે. ચોમાસામાં ઝીણિયાં, ગલગોટા ને ગલ સહેલાઈથી થાય છે. બારમાસી, પીળીકરેણ તથા બીજી કરેણો, પાણકંદા, ચિત્રા, મેંદી ને ધસમામિયાની ઓછામાં ઓછી માવજત કરવી પડે છે છતાં બારે માસ શોભા આપે છે. આમ શોખ હોય એમાં પ્રોત્સાહન મળે, થોડી સગવડ મળે, તો શાળાઓ પાસે બગીચા થવાનું મુશ્કેલ નથી.

જગ્યા તથા પાણીની પૂરી સગવડ હોય તેમણે બાલમંદિર પાસે શિરીષ, ગુલમોર, આંબા, જાંબુડા ચીકુ, પીપળા, કેસીઆ, પીંપર, બીલી, કંણુજી, દેવદાર, જાુરી, કોઠી, આમલી, ગૂંદો, ગૂંદી, બૂચ એમ બને તેટલી વિવિધતાવાળાં, ફળાઉ, ફૂલવાળાં ને છાંયડો આપનાર ઝાડો યોજનાપૂર્વક રોપાવવાં જોઈએ. ચોમાસાનો લાભ તો સૌ કોઈ લઈ શકે તેમ છે. કાયમ માટે થોડું ઘણું કંઈક તો કરી શકાય, કરવું જોઈએ ને કરવું જરૂરી છે.

૯-૭-૪૦ હે૦

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર

બાલમંદિરમાં બાળક અને શિક્ષક

ભાઈઓ અને બહેનો,

આજે મુ. ગિજુભાઈએ મને તમારી સમક્ષ બાલમંદિરના અંતર્ગત કામના એક ઘણા જ આળા પ્રશ્નને છેડવાની આજ્ઞા કરી છે. બાલમંદિરમાં બાળક અને શિક્ષકનો સંબંધ કેવો હોવો જોઈએ, એ વિષે આપણે વિચાર કરશું. એટલી તો વાત ચોક્કસ છે, અને એ તો તમે પણ હવે સમજો છો, કે જૂની શિક્ષણપદ્ધતિનો ડાધિયો શિક્ષક અને ત્રાસતું બાળક એ પરિસ્થિતિમાંથી તો બાલમંદિર શબ્દ જ આપણને ઘણે દૂર લઈ જાય છે. પણ આપણે ધારીએ કે કલ્પના કરીએ એટલું સહેલું કામ બાલમંદિરના શિક્ષકનું નથી. જો, ગમે તેવા સારા શિક્ષકની પાસે પોતાની જવાબદારીઓનું વૈજ્ઞાનિક (માનસશાસ્ત્રના દૃષ્ટિકોણથી જોવાયેલું) જ્ઞાન ન હોય તો ઉત્તમ વાતાવરણમાં પણ બાળકો સાથે કામ પાડતાં ભૂલ ખાઈ જવાય છે.

ત્યારે શરૂઆતમાં આપણે બાલમંદિરમાં આવતા બાળકનું માનસિક વાતાવરણ જોઈએ. બાળકના ઘરના વાતાવરણમાં ઘણી વસ્તુઓ ખૂટે છે. શરીર અને મન બન્નેની પ્રવૃત્તિઓ વિષે બાળક ભૂખ્યું યા અર્ધ સંતોષાયેલું છે. અને તેનું લાગણી વિષયક વાતાવરણ પણ એટલું જ સૂકું માલૂમ પડેલું છે. તમે કહેશો કે એને ઘેર મા છે, બાપ છે, શું તેઓ તેને પ્રેમ નહિ કરતાં હોય? વાત બરાબર છે. પણ તમે જો જરાક વધુ અવલોકનશાળી બનશો તો તમારા ખ્યાલમાં તુરત જ આવશે કે માબાપો જે 'પ્રેમ' બાળકો તરફ ઢોળે છે, તે બાળકો માટે તો એક રૂપમાં યાતના જ હોય છે. અને તેથી જ બાળકોનો અણસંતોષાયેલો પ્રેમ સહેજે શિક્ષક તરફ ઢળે છે. બાલમંદિરનો શિક્ષક બાળકની શારીરિક ક્રિયાઓને માટે વાતાવરણ રચે છે, અને માનસિક વિકાસ માટે સાધનો બાળક પાસે મૂકે છે. પરિણામે બાળક શિક્ષક તરફ એક ઊંડા આભાર અને પ્રેમની દૃષ્ટિથી જોતું થાય છે. આ વિષે કોઈ પણ સારા બાલશિક્ષકને દાખલાઓ આપીને ખાત્રી કરાવવાનું રહેતુ નથી; ઘણાના સ્વાનુભવની આ વાત છે.

ત્યારે શિક્ષક પાસે અહીં કોયડો ઊભો થાય છે કે એ જાતના સ્વયંસ્ફુરિત પ્રેમનો જવાબ શિક્ષકે કઈ રીતે આપવો? અનેક રીતે બાળક એ પ્રેમ દર્શાવવા પ્રયત્ન કરે છે. શિક્ષકનું કામ કરી દઈને, એની સાથેસાથે આખો વખત ફર્યા કરીને, એના શરીર ઉપર ટીંગાઈને, બાળકનો પ્રેમ વ્યક્ત થાય છે. આ પરિસ્થિતિમાં શિક્ષકે શું કરવું? એવી રીતે બાળકને વર્તવા દેવું કે નહિ? બાળકના એ જાતના આવિષ્કરણને કઈ રીતે સમજવું અને

કયા રસ્તામાં બાળકનું શ્રેય છે તે વિચારીને તેને યોગ્ય રસ્તે લઈ જવું?

અહીં નવીન બાલશિક્ષકે આચારમાં મૂકવાના કેટલાએક સામાન્ય માનસશાસ્ત્રના સિદ્ધાંતો રજૂ કરવાની જરૂર છે. સૌથી મુખ્ય બાળકને લાડ ન કરવાનો છે. આપણો પોતાનો ઉછેર અને સમાજ ઘણીયે વાર આપણને ભુલાંવામાં નાખી દે છે. બાળક આપણી તરફ માયા કે મમતા દેખાડે ત્યારે આપણે તેની પીઠ થાબડીને, ગાલે હાથ ફેરવીને, આપણને વળગવા દઈને, તેડીને વગેરે લાડ કરીએ છીએ અને બાળકને વધુ લાડ કરવાની તક આપીએ છીએ. આ ભૂલ બાલમંદિરના શિક્ષકને કરવી પોસાય નહિ. આપણે તો બાળકનું વલણ આપણી તરફ ઢળતું જોવા છતાં આપણી પૂર્વવત્ સ્થિતિ જ એટલે કે માત્ર વૈજ્ઞાનિક રીતનું વર્તન જ ચલાવવું જોઈએ. એ જ વિચારસરણીની સાથે આપણે ઘણા જ જાગ્રત રહીને પક્ષપાત કરવાના મહાદોષમાંથી બચવું જોઈએ. એક બાળકને આપણા પ્રત્યે મમતા છે, એ જાણ્યા છતાં એની સાથેનું અને બીજા કોઈ પણ બાળક સાથેનું વર્તન તદ્દન નિષ્પક્ષપાતી હોવું જોઈએ. પક્ષપાતથી બન્ને બાળકોને ગેરલાભ થાય છે; એકનો અહં વધે છે અને બીજાની લઘુતાગ્રંથિ વધે છે. આ બાબતમાં આપણી જરા જેટલી ભૂલ પણ બાળકના લાગણીના વિકાસને હાનિકર્તા છે.

જુદી જુદી પ્રકૃતિનાં (Types) બાળકો જુદી જુદી રીતે આ લાગણીઓ વ્યક્ત કરે છે. કેટલાંએક બાળકો આપણી સાથે લાગણીના ક્ષેત્રમાં બંધનમાં આવી જાય છે. માનસશાસ્ત્રમાં આને Fixation કહે છે. આપણી હાજરી વિના કામ ન કરી શકે, આપણી સૂચનાઓ વિના કામ સૂઝે નહિ, આપણાથી વિખૂટા પડવાની અનિચ્છા દર્શાવે, એ જાતનું બાળક આવા બંધનથી આપણી સાથે જોડાયું છે એમ આપણે સમજી શકીએ. એમ કરવામાં એણે એની સ્વતંત્રતા અને કેટલેક અંશે વ્યક્તિત્વ આપ મેળે જ ગુમાવેલું હોય છે. કામને ખાતર કે પોતાના વિકાસને ખાતર એને કામમાં રસ રહેતો નથી; આપણી હાજરી ખાતર, આપણા સાંનિધ્યમાં રહેવા ખાતર એ કામ કરે છે ખરું, પણ કામ એને મન ગૌણ છે. આવા બાળકનું વલણ આપણે અટકાવવું જોઈએ અને તેને પોતાની સ્વતંત્ર લાગણી વિષયક જિંદગી જીવતું કરવું જોઈએ. આને માટે આપણે બુદ્ધિપૂર્વક ઉપાયો યોજી શકીએ; એની લાગણીઓને ધક્કો ન પહોંચે તેમ આપણાથી દૂર રાખીને એને કામમાં પ્રવૃત્ત કરવું જોઈએ; એની સાથેના આપણા વર્તાવમાં આપણે બહુ જ સાવધ રહેવું જોઈએ; એના ભલાની ખાતર પણ એ પ્રેમસંબંધના જોરે આપણે કશું કામ એની પાસેથી લેવું ન જોઈએ.

આટલી વાત ઉપરથી તમને થોડો ઘણો ખ્યાલ આવ્યો હશે કે નવીન શિક્ષકનું કામ કેટલું મુશ્કેલ છે. માર અને લાલચનાં દુષ્ટ તત્ત્વોમાંથી આપણે મુક્તિ મેળવીએ છીએ એ વાત સાચી; પણ એની સાથે સાથે જ બાલમંદિરના વાતાવરણમાંથી ઊભાં થતાં લાગણી વિષયક ને ભુલાવામાં નાખી દે તેવાં તત્ત્વોથી આપણે હંમેશ સચેત રહેવું જોઈએ. ટૂંકમાં કહીએ તો શિક્ષકનું કામ બાળકના પ્રેમને પોતાને વળગવા દીધા વિના સજીવન રાખવાનું છે બાળકનું લગ્નમણી જેવું મન બહુ જ સંભાળપૂર્વક સમજીને તેને યોગ્ય માર્ગ આપવાનું કામ આપણું નૂતન શિક્ષકોનું છે.

આ વિષે ભાષણ ઘણું કરી શકાય, ઉપદેશ પણ ઘણો આપી શકાય, પણ હું તેમ કરતો નથી. સાકરના રસાસ્વાદ વિશે કલાકો સુધી હું તમારી પાસે બોલું તોપણ મારી ખાતરી છે કે, જો તમોએ

સાકર ન ચાખી હોય તો તમને મારા ભાષણનો એક લક્ષાંશ ભાગ પણ રસ ન ઉત્પન્ન કરે. એ તો અનુભવની વાત છે; મેં આજે તમારી સમક્ષ જે વાત રજૂ કરી છે, તે અનુભવગમ્ય જ છે. જો તમે બાલમંદિરમાં કામ કરશો તો વહેલી યા મોડી મારી વાતની તમને પ્રતીતિ થયા વિના રહેશે નહિ. અને ત્યારે બાળકોના તમારા તરફ ઉત્પન્ન થયેલા પ્રેમને વિષે મેં જે થોડીએક માર્ગદર્શક સૂચનાઓ રજૂ કરી છે તે તમોને ઉપયોગી થશે એમ હું માની લઉં છું.

નરેન્દ્ર ગિ. બધેકા.

[રાજકોટ બાલઅધ્યાપનમંદિર સમક્ષ ૧૯૩૯ માં અપાયેલું ભાષણ]

છોકરાઓ અને છોકરીઓ

આજે જુવાન છોકરા અને છોકરીઓ વચ્ચેના વર્તાવનો પ્રશ્ન ઘણે અંશે તીવ્ર બન્યો છે. વિચારક માણસોના મનમાં સહશિક્ષણ હોવું જોઈએ કે નહિ તે વિચાર ઘોળાય છે. સનાતની લોકો જોરથી વિરુદ્ધ મત આપે છે અને સુધારક લોકો તેમાં શી હરકત છે એમ કહે છે. દરમિયાન ઠેકઠેકાણે સહશિક્ષણ તો ચાલુ થઈ જ ચૂકેલ છે. એટલું જ નહિ પણ સમારંભોમાં, નાટકસંવાદમાં, ફંડ વગેરે એકત્રિત કરવામાં, કાયદાભંગની ચળવળમાં, ભોજનસમારંભોમાં અને એવા અનેકાનેક પ્રસંગે છોકરાછોકરીઓનું હળવુંમળવું મોટા પ્રમાણમાં શરુ થયું છે. અને એથી સમાજની સામે ઘણા સળગતા પ્રશ્નો ઊભા રહેવા લાગ્યા છે.

અમારી બાળશાળામાં ઉપરના પ્રકારના પ્રશ્નો અમારી સમક્ષ ઊભા થવાની જરૂર નથી. અમારે ત્યાં છોકરાઓ અને છોકરીઓ ખૂબ જ છૂટથી એકસાથે બેસે છે, ઊઠે છે, રમે છે. એટલે જ અમારે ત્યાં કેટલીક વાતો જોવામાં આવી છે તે ગમ્મત માટેની જ હોવા છતાં વિચારપ્રેરક છે.

ઉપર કહ્યું જ છે કે શિશુવિહારમાં પૂરી છૂટથી છોકરાંછોકરીઓ હરે છે, ફરે છે, રમે છે, અને શીખે છે. તેમાં કોઈ પણ પ્રકારનો ભેદ કરવામાં આવતો નથી કે દેખાડવામાં આવતો નથી. તેઓને જુદાં પાડવામાં કે બેસાડવામાં આવતાં નથી. આમ હોવા છતાં કેટલીક બાબતોમાં ભેદ પાડી મંડળીઓ રચવાનું તેમણે જ ચાલુ કર્યું છે એ જાણી આશ્ચર્ય થાય છે. આના મૂળ કારણમાં સ્વભાવભેદ જ છે કે બાળકોના મન પર ને કળાય તે રીતે પડતી સમાજની છાપ છે તે નક્કી કરવું મુશ્કેલ છે.

(૧) લડાઈ તથા કૂચ કરવામાં બધાં છોકરાંઓ સાથે જ ઊભાં રહે છે. કૂચમાં બરાબર ઊંચાઈ પ્રમાણે ઊભાં રહી હારબંધ ચાલે છે. પરંતુ લડાઈ શરુ થતાં જ બધી છોકરીઓ બાજુમાં ખસી જાય છે અને છોકરાઓ બહાદુરીથી લડે છે. છોકરીઓ આવે તો છોકરાઓ તેમની સામે જઈ લાકડી ફેરવે છે અને તેમને બીવરાવે છે તથા છોકરીઓ પણ બીને નાસે છે. છોકરાઓને કાઢી નાખીએ તો છોકરીઓ વળી પાછી આવી ધીરેધીરે લડાઈ કરે છે અને લડાઈ કરવાનો સંતોષ મેળવે છે. છતાં છોકરાઓમાં સ્વાભાવિકપણે આવતી લાકડી ફેરવવાની છટા છોકરીઓના હાથમાં દેખાતી નથી. આ ફરક ૫–૬ વર્ષનાં છોકરાછોકરીઓમાં દેખાય છે. અપવાદ તરીકે માત્ર એકાદ છોકરી લડવા માટે છોકરાઓ સાથે જાય છે.

(૨) તોફાનમસ્તી બન્નેને કરવાં હોય છે, અને તેને માટે છૂટ પણ હોય છે. બન્નેને ફાવે તેવાં

તોફાનમસ્તી એકઠાં મળી તેઓ કરતાં પણ હોય છે. તેમાં આ છોકરો અને આ છોકરી એ વિચાર જ એમના મનમાં આવતો નથી. કુસ્તી કરવાનો સમય આવે કે બધા છોકરાઓ આગળ આવે છે અને છોકરીઓ માત્ર જુએ છે. એકાદ છોકરી કુસ્તી કરનારી નીકળે છે, પણ તેની તે વૃત્તિ તે કેટલાં વર્ષની થતાં સુધી ટકે છે તે જોવું જોઈએ.

(૩) અભ્યાસને વખતે પણ માત્ર છોકરાઓ જ એકઠા બેસીને વાંચવા લખવાનું પસંદ કરે છે. છોકરીઓ પોતાની મંડળી જમાવે છે. છોકરીઓમાં છોકરાઓને બેસવા સામે કશી જ હરકત નથી હોતી, છતાં ગમવું ન ગમવું, ગપ્પાસપ્પા વગેરે ઘણું જુદું પડતું હોઈ તેઓને જુદાં પડવું જ ગમે છે. અને તેથી જ આનું કારણ આજના સમાજની અંદરની પ્રચલિત અને બહારથી લાદેલી વસ્તુ આ નથી જણાતી પણ મૂળ સ્વભાવભેદ જ છે એની ખાતરી થાય છે.

(૪) ઉપરાંત કોઈ બાબતોમાં સામાજિક વ્યવહાર પણ કારણભૂત બને છે અને વિકૃતિ કરે છે એ પણ દેખાઈ આવ્યું છે. પ્રાર્થના કરવા ઊભા રહેવાનું હતું; છસાત છોકરીઓ હતી. ગાયન ગાઈ શકે તેવા બે જ છોકરાઓ હતા. તેઓને ઊભા રહેવા જણાવ્યું. તેમાંનો ચાર વર્ષનો એક છોકરો પોતાની મોટી બેન પાસે જઈને ઊભો રહ્યો, પરંતુ બીજો છ વર્ષનો છોકરો બોલ્યોઃ "છી, છોકરીઓમાં કોણ ઊભું રહે?" પાંચ છ છોકરીઓ અને પાંચછ છોકરાઓ હોય તો આ છોકરો આવીને ઊભો રહેતો, અને હજી પણ તે રીતે ગાતો. પરંતુ ઘણી છોકરીઓમાં એકલા છોકરા તરીકે તેને ન ગમ્યું. આટલી નાની ઉંમરમાં જુવાનીનો (adolescence) ભાવ આવવાનો સંભવ નથી. એટલે આને સામાજિક અસર જ ગણવી જોઈએ.

(૫) બાકી જુવાનીનો ભાવ ન ગણીએ તોયે તેની ઝાંખી છાયા તો ક્યારેક ક્યારેક દેખાઈ જ આવે છે. ત્રણચાર વર્ષની ઉંમર; સરસ આનંદી અને રમતિયાળ સ્વભાવ; બધાં સાથે કુસ્તી, મસ્તી, કામ, રમત જોરથી કરનારો; પરંતુ તેને પોતાની જ ઉંમરની સુંદર છોકરીઓ ખૂબ ગમતી. તેણે એકબે છોકરીઓને ભિન્ન તરીકે પસંદ કરેલી. વાર્તા સાંભળવા બેસે તોયે આ બેત્રણ છોકરીઓમાંની કોઈની પાસે; કૂચમાં બે જણાએ હાથ પકડીને ચાલવાનો કે નાચવાનોપ્રસંગ આવે તોયે આમાંની કોઈની સાથે; ફરવા જતાં પણ તેમની સાથે જ. પ્રથમ પ્રથમ તેમાં કાંઈ ખાસ વિશેષ જણાયું નહિ. પણ થોડા જ દિવસોમાં જણાઈ આવ્યું કે બીજાં છોકરાછોકરીઓની વચ્ચેની નિર્વ્યાજ દોસ્તી જેવી આ દોસ્તી ન હતી. અને મુખ્ય વાત તો એવી બની કે બીજા છોકરાઓ સાથે સ્વાભાવિકપણે બેસનાર તે ત્રણત્રણ ચારચાર વર્ષની છોકરીઓ આ છોકરા સાથે બેસવાનું ટાળવા લાગી. એટલું જ નહિ પણ એ આવશે અને પાસે બેસશે એવી જાણે કે એમને બીક લાગવા લાગી, અને જ્યારે છોકરાછોકરીઓને એકઠાં બેસવાનો પ્રસંગ આવે ત્યારે આ છોકરીઓ કોઈનો આશ્રય લઈને બેસવા લાગી. આ નાનાં બાળકો તરફ ધ્યાન રાખનાર ઉંમરલાયક બાઈના બોળામાં જઈ એ છોકરીઓ બેસવા લાગી. એકબે માસમાં તો તે છોકરો પછી આવતો બંધ થયો.

આ છોકરીઓ આવતી જ રહી અને પછી એ છ વર્ષની થઈ. બીજા છોકરાઓમાં તેઓ છૂટથી ઊઠતીબેસતી. પહેલાંનો ભેદ તે પછી તેમણે બીજા કોઈ પણ છોકરા પરત્વે આજ સુધી દેખાડ્યો નથી. બારીક નજરથી જોનારને એ મોટું આશ્ચર્ય જ દેખાય તેવું હતું. ગમે તેમ છતાં કોઈને પણ સ્પષ્ટ દેખાય તેવું એ હતું કે પેલા

છોકરાની દોસ્તીમાં ખૂબ જ ઝાંખી એવી પણ જાતીય ભાવના (sex-element) કામ કરતી હતી, અને સંસ્કારક્ષમ છોકરીઓની ઉપજતબુદ્ધિને તે અસહ્ય જણાતી હતી.

(૬) બીજી એવી જ હકીકત એટલા તીવ્ર પ્રકારની ન હતી. સામાજિક જીવનને પરિણામે જ આવેલી હતી. કોઈ પણ છોકરાછોકરીનું નામ સાથે આવે કે એક છોકરી 'વરવહુ' કહેતી તથા પોતે કોઈ પણ છોકરાની જોડીદાર બનવાનું પસંદ કરતી નહિ. તે જ રીતે શાળામાં એક મોટો છોકરો હતો જેને માટે તે બધી જ છોકરીઓને કહેતી " તે તારો વર છે." વગેરે. આમાં પણ ભિન્ન જાતિનું ભાન અને સમાજમાં સ્ત્રીપુરુષનો સંબંધ એ કાંઈક વિશેષ ચમત્કારિક છે એવી સમજણ તેનામાં ઉત્પન્ન થયેલી હોવી જોઈએ. એટલે જ તે આમ બોલતી હોવી જોઈએ. (અપૂર્ણ)

તા.

રાંગોળી

બાલમંદિર, ગૃહમંદિર, જીવનમંદિર અને પ્રભુમંદિર – મંદિર માત્ર સુશોભન માંગે છે. આંતરબાહ્ય રંગોથી પૂરેલી રાંગોળીઓ સુશોભનનો એક પ્રકાર છે. રાંગોળીનાં આ સર્જનો મંદિરોનાં આંગણાં, ઉંબરાઓ અને ઓરડાઓ શોભાવશે અને તેની શોભાને ખીલવશે.

દેવમંદિરના પૂજારીઓ આ રાંગોળીઓ અબીલ, કંકુ અને ગુલાલથી પૂરશે. ગૃહમંદિરના ગૃહસ્થો નવાં નવાં રંગેલાં ધાન્યોથી ભરી શકશે. બાલમંદિરના ઉપાસકો ભિન્નભિન્ન રંગોમાં બોળેલી પીંછીઓ વડે આ રાંગોળીને રંગી દેશે.

ચિત્રકાર તેને ભીંતો પર, ગૂંથનાર તેને કપડાં પર, શિલ્પી તેને પથ્થર અને લાકડા પર આલેખશે. અને રંગ પૂરવા માટેની આ ઘટનાઓને બાળકો રંગબેરંગી પેન્સિલો કે પીંછીથી ભરી દેશે.

કલારસિક શિક્ષણપ્રિય મનુષ્યો તેના નિત્ય જીવનની વિવિધરંગી રેખાઓમાં આ થોડી-એક રાંગોળીઓ પણ ઉમેરે. રાંગોળીની કોમળ સુંદર સફળ કૃતિઓની કદર તો કલાપ્રિય અને જીવનરસિક માણસોને સોંપી દેવામાં જ આ સર્જનની કદર છે.

'રાંગોળી'ના પ્રવેશક તરીકે] ગિ૦

સસ્તી કિંમતે ફાઈલો મળશે

"શિક્ષણ પત્રિકા"ની આગલાં વર્ષોની નીચે પ્રમાણેના પૂરા અંકોની ફાઈલો સસ્તી કિંમતે આપવાનું ઠરાવ્યું છે.

વર્ષ ૨ જીનું; વર્ષ ૧૦ મું;
વર્ષ ૧૧ મું; વર્ષ ૧૨ મું.

ચારે ફાઈલો પોસ્ટેજ સાથે રૂા. ૨॥ માં મળશે.

તેરમા વર્ષની ફાઈલો નથી. ચૌદમા વર્ષની કિંમત એક રૂપિયો; પંદરમું વર્ષ ચાલે છે.

વ્યવસ્થાપકઃ—શિક્ષણ પત્રિકા કાર્યાલય,
હિંદુ કૉલોની, દાદર.

વિદ્યાર્થીઓને અગત્યનું

[બાલ અધ્યાપનમંદિર]

બાલ અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓની પૂરાં સરનામાંવાળી એક યાદી ૧૯૩૫ માં થયેલી છે. ત્યાર પછી ઘણાં ભાઈબહેનોનાં સરનામાં બદલાયલાં હોવાથી તેમને મોકલાતા પત્રો પાછા આવે છે. હવે આપણું સંમેલન થવાનું છે તો તે માટે બધાનાં છેલ્લામાં છેલ્લાં સરનામાંની જરૂર છે. " આપણું સરનામું તો ત્યાં છે જ " એમ માની લેવા કરતાં **બધાં ભાઈબહેનો** પોતાનાં છેલ્લાં સરનામાં આ અંક વાંચે એટલે તુરત જ " શિક્ષણ પત્રિકા કાર્યાલય, હિંદુ કૉલોની, દાદર " માં પત્રથી મોકલી આપી સંમેલનના કામમાં મદદ કરે.

શિક્ષણ પત્રિકાના વર્ષ તેરમાની જમાખરચની તારીજ

જ	
૩૨૯૨–૧૨–૦	આજીવનસભ્યના લવાજમ ખાતે
૩૬૨—૦–૦	બારમા વરસના લવાજમ ખાતે
૩૪૯૩—૮–૬	તેરમા વરસના લવાજમ ખાતે
૪૨૦–૧૩–૩	જૂના અંકોના વેચાણ ખાતે
૧૦૯૫૫—૧–૨	શ્રી નફા ખાતે જમા
૮૨૭—૫–૦	ચૌદમા વરસના લવાજમ ખાતે
૧૨–૧૪–૦	પંદરમા વરસના લવાજમ ખાતે
૫—૮–૦	સોળમા વરસના લવાજમ ખાતે
૨—૦–૦	સત્તરમા વરસના લવાજમ ખાતે
૨૧૪–૧૩–૦	વ્યાજવટાવ ખાતે જમા
૩૦૦—૦–૦	ભેટ અંક મદદ ખાતે જમા
૧૩–૧૩–૩	બાલ અધ્યાપનમંદિર રાજકોટ ખાતે
૧—૦–૦	કેશુભાઈ દોશીના ખાતે જમા
૧૦૦—૦–૦	રામદાસ કરસનદાસના ખાતે જમા
૧૦૧૧—૨–૬	ટ્રસ્ટી; વસંત બાલશિક્ષણ પ્રચારમાળાના ખાતે જમા
૨—૭–૦	બાબુભાઈ શિલ્પીના ખાતે જમા
૨—૦–૦	ઈશ્વરલાલ આચાર્યના ખાતે
૬—૬–૦	શંકરલાલ રતિલાલ શાહના ખાતે
૦—૨–૩	કનૈયાલાલ કે. વ્યાસના ખાતે
૦–૧૨–૩	ગાંધી ભારત વિદ્યાલયના ખાતે
૧૦—૦–૦	પટાવાળા નાનજી નીગાને ખાતે
૫—૦–૦	ભગવાનજી ભીમજીને ખાતે
૨—૦–૦	રતિલાલ નાજરના ખાતે જમા
૧–૧૨–૦	કેશવપ્રસાદ રણછોડજીને ખાતે
૨૧૦૪૩—૨–૨	

ઉ	
૧૨૩૧–૧૩–૩	ભા. દ. સેવિંગ્સ બૅન્ક ખાતે
૧૨૧૪૫—૦–૦	ભા. દ. ફિક્સડ ડિપોઝીટ ખાતે
૧૪૭૪–૧૧–૩	છપામણી ખરચ ખાતે ઉધાર
૧૭૧—૩–૬	પરચુરણ ખરચ ખાતે ઉધાર
૧૧૬૦—૮–૬	પોસ્ટેજ કન્ટીજન્ટ ખરચ ખાતે
૭૧૬—૦–૦	પગાર ખરચ ખાતે ઉધાર
૪૬૭—૮–૦	પુસ્તક ખરીદી ખાતે ઉધાર
૩૯—૩–૦	કમિશન ખાતે ઉધાર
૬૨–૧૩–૦	સાધન ખરચ ખાતે ઉધાર
૧૬—૦–૦	મકાન ભાડા ખાતે ઉધાર
૧૬૯૩—૭–૯	હિન્દી શિક્ષણ પત્રિકા ખાતે
૭૧૧–૧૪–૬	મરાઠી શિક્ષણ પત્રિકા ખાતે
૫૫—૦–૦	ભા. દ. બૅન્ક ઉઘળક ખાતે ઉધાર
૧૦૪—૦–૦	પોસ્ટેજ ઉઘળક ખાતે ઉધાર
૪૫૯–૧૨–૦	ગિજુભાઈ બધેકા ખાતે ઉધાર
૧૫—૦–૦	પ્રવાસ ઉઘળક ખાતે ઉધાર
૧૭૩—૩–૦	મોન્ટેસોરી પ્રચાર માળા ખાતે
૧૭–૧૨–૦	પ્રચાર ખરચ ખાતે ઉધાર
૧૬—૧–૬	પ્રવાસ ખરચ ખાતે ઉધાર
૦—૬–૬	હરમાનભાઈ એલ. પટેલના ખાતે
૧૧—૦–૦	જમનાબાઈ મકોડના ખાતે ઉધાર
૦–૧૦–૦	મોંઘીબેન મણિશંકરના ખાતે
૨—૯–૦	જામનગર બાલમંદિરના ખાતે
૩—૦–૦	મોહનલાલ ભૂતાના ખાતે ઉધાર
૮—૨–૩	ત્રિવેણીબેન રામજીના ખાતે
૨—૦–૦	કાંતિલાલ શેઠના ખાતે
૨૦૭૫૮–૧૧–૦	
૨૮૪—૭–૨	શ્રી સિલિક
૨૧૦૪૩—૨–૨	

શિક્ષણ પત્રિકાના વર્ષ તેરમાનું સરવૈયું (૧૯૩૮–૩૯)

જ

૪૭૯૧–૨–૯ શ્રી ઉપજ ખાતે જમા
૩૬૨—૦–૦ બારમા વરસનું લવાજમ
૩૪૯૩—૮–૬ તેરમા વરસના લવાજમના
૪૨૦–૧૩–૩ જૂના અંકોના વેચાણના
૨૧૪–૧૩–૦ વ્યાજવટાવનાં આવ્યા
૩૦૦—૦–૦ ભેટ અંક મદદના આવ્યા તે

૪૭૯૧—૨–૯

૪૭૯૧—૨–૯

ઉ

૪૧૪૧–૧૨–૯ શ્રી ખરચ ખાતે ઉધાર
૧૪૭૪–૧૧–૩ છપામણી ખરચ ખાતે
૧૭૧—૩–૬ પરચુરણ ખરચ ખાતે
૧૧૬૦—૮–૬ પોસ્ટેજ કન્ટીજન્ટ ખાતે
૭૧૬—૦–૦ પગાર ખરચ ખાતે ઉધાર
૪૬૭—૮–૦ પુસ્તક ખરીદી ખાતે ઉધાર
૩૯—૩–૦ કમિશન ખાતે ઉધાર
૬૨–૧૩–૦ સાધન ખરચ ખાતે ઉધાર
૧૬—૦–૦ મકાન ભાડા ખાતે ઉધાર
૧૭–૧૨–૦ પ્રચાર ખરચ ખાતે ઉધાર
૧૬—૧–૬ પ્રવાસ ખરચ ખાતે ઉધાર

૪૧૪૧–૧૨–૯

૬૪૯—૬–૦ શ્રી નફા ખાતે

૪૭૯૧—૨–૯

સમાચારો

—તા. ૨૮–૫–૪૦ ના રોજ અમદાવાદ 'બાલકુંજ'માં સ્વ. ગિજુભાઈનું તૈલચિત્ર શારદા-મંદિરવાળા શ્રી. ભોગીલાલ ઠાકરને હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

માત્ર બાળકોના ઉત્સાહ અને પ્રયત્નથી સ્વર્ગસ્થનું આવું સ્મારક કદાચ ગુજરાતભરમાં પહેલું જ હશે. શ્રી. ગોવિંદભાઈ ઠાકર તથા તેમના 'બાલકુંજ' નાં બાળકોને એ માટે અમે ધન્યવાદ આપીએ છીએ.

દુઃખદ અવસાન

—અધ્યાપનમંદિરનાં એક જૂનાં વિદ્યાર્થિની ગોમતી બેનનું નાની વયમાં સદનવાડી–કચ્છ મુકામે તા. ૧૨–૭–૪૦ ના રોજ ટાઈ ફોઈડથી અકાળે અવસાન થયું છે. શ્રી. દેવરામ ડાહ્યાભાઈ વરુનાં એ પત્ની થાય. શ્રી. દેવરામ ભાઈને સ્વ. ગિજુભાઈના મંત્રી તરીકે ઘણું ઓળખતાં હશે. કુટુંબીજનોને આ દુઃખ સહન કરવાનું પરમાત્મા બળ આપો. સદ્‌ગતના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઈ ૪.
પ્રકાશક: શ્રી. તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલોની, દાદર.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

પૂર્વતૈયારી પોતે શિક્ષણ નથી પણ શિક્ષણને સફળ કરવા માટેની એક જાતની સામગ્રી છે. શિક્ષક પણ એ જ રીતે શિક્ષણ નથી પણ શિક્ષણને સફળ અને શક્ય કરવાની બીજી જાતની સામગ્રી છે. અર્થાત્ જેમ બીજી વસ્તુઓની પૂર્વતૈયારીની આવશ્યકતા છે તેમ શિક્ષકના શરીર, મન અને આત્માની તૈયારીની પણ આવશ્યકતા છે. શિક્ષકની પૂર્વતૈયારી એટલે બહારથી સ્વચ્છ અને વ્યવસ્થિતપણું તથા અંદરથી પ્રસન્નતા અને અભિમુખતા છે. બાલમંદિરમાં આવીને શિક્ષકે આ બંને પ્રકારની પૂર્વતૈયારી કરી મૂકવાની છે. આ પૂર્વ-તૈયારી જેટલી પૂર્ણ તેટલું વાતાવરણ જામવાનું; જેટલી અપૂર્ણ તેટલું કામ નબળું પડવાનું.

સ્વ. ગિજુભાઈ

પ્રેમપૂર્વક આમંત્રણ

અગાઉ જણાવ્યા પ્રમાણે આપણું "નૂતન બાલશિક્ષક સંમેલન" ભાવનગરમાં આવતા ઑક્ટોબર (૧૯૪૦) ની તારીખ ૧૯–૨૦–૨૧ શનિ, રવિ, સોમના દિવસોમાં ભરવાનું ઠરાવ્યું છે. આ દિવસોનો સામાન્ય કાર્યક્રમ નીચે પ્રમાણે રાખ્યો છે:—

તા. ૧૯ મી ઑક્ટોબર, શનિવાર.

રાત્રે. આવેલ ભાઈબહેનો સાથે વિચારવિનિમય અને કામની વિચારણા.

તા. ૨૦ મી ઑક્ટોબર, રવિવાર.

સવારના ૫–૩૦ 'જીવનમંદિર'—
પ્રાર્થના–પ્રવચન.

,, ૮–૩૦ થી ૧૧–૦ સંમેલનની પહેલી બેઠક

બપોરના ૨–૦ થી ૪–૦ બીજી બેઠક

બની શકે તો તે દિવસે સાંજે, શ્રી. નાનાભાઈ બેઠા છે તે ગામડામાં–આંબલા જવાનું અને રાત્રિનો કાર્યક્રમ ત્યાં ગોઠવવાનો.

તા. ૨૧ મી ઑક્ટોબર, સોમવાર.

સવારમાં આંબલાના કામનું નિરીક્ષણ–ગામડાનું અવલોકન, વગેરે.

,, ૧૦–૦ થી ૧૧–૦ શ્રી. નાનાભાઈ કા. ભટ્ટ સાથે વાર્તાલાપ અને પ્રશ્નોત્તરો.

બપોરના ૨–૦ થી ૪–૦ સંમેલન અંગે કરવાના વિચારોનો અને કામનો આખરી નિર્ણય.

સાંજે મહેમાનોને વિદાય.

× × ×

આ સંમેલનનું કામ મુખ્યત્વે આપણી સામે પૂર્વપ્રાથમિક કેળવણીનો પ્રશ્ન ઊભો છે તેની વિચારણા કરવાનું અને સંઘ તરફથી એ માટે શાં અને કેવાં પગલાં લેવાં અને કામને કઈ રીતે વધારે વેગ આપવો તે વિચારવાનું છે. એટલે આ સંમેલનનાં પ્રમુખ શ્રી સરલાદેવી સારાભાઈને રાખવાનું યોજ્યું છે. આપણા નૂતન બાલશિક્ષણ સંઘનાં આજે વર્ષોથી તે પ્રમુખ છે એટલે હવે પછી કરવાના કામમાં તેમના પ્રમુખપણા તળે સંઘ આગળ પગલાં માંડે તે સહુ કોઈ વધાવી લેશે જ. બાળકેળવણીને અંગેની તેમની ધગશ કેટલી છે તેની ઓળખાણ ગુજરાતને આપવાની અવશ્યકતા છે નહિ.

× × ×

આ સંમેલન માત્ર નૂતન બાલશિક્ષકોનું જ છે એવું નથી. બાલકેળવણીમાં રસ લેનાર હરકોઈ ભાઈબહેનને ભાવનગર આવવાનું અમારું સપ્રેમ આમંત્રણ છે. નૂતન બાલશિક્ષણમાં જેઓ સીધી રીતે કામ ન કરતાં હોય છતાં એ પ્રશ્નનો જેઓ અભ્યાસ કરતાં હોય, એ સંબંધે વિચારતાં હોય અને એના પ્રચાર માટે જેમનાં દિલમાં ઊંડી ધગશ હોય એવાં બધાં જ શિક્ષક–ભાઈબહેનો અને માબાપોને આ પ્રશ્નની વિચારણામાં હાજર રહેવા અને બનતી મદદ આપવા સપ્રેમ આગ્રહપૂર્વક નિમંત્રણ છે.

મંત્રીઓ
નૂતન બાલશિક્ષણ સંઘ.

સમાચાર

ખુશી થવાનું કે તારાપોર (ખંભાત રાજ્ય) માં તા. ૧૩–૯–૪૦ ના રોજ એક બાલમંદિર શરૂ થયું છે. શ્રી શિવાભાઈ હરિભાઈ પટેલ તેના આચાર્ય નિમાયા છે. આપણા કાર્યનું બળ આમ ને આમ વધતું જજો!

નીતિશિક્ષણમાં ઉપદેશનું સ્થાન

એક કાળ એવો હતો કે બધાં મંદિરોમાં ધર્મ-ગુરુઓ ઉપદેશપર પ્રવચનો કરતા ને લોકો તે સાંભળવા ભાવપૂર્વક જતા. જૈનોનાં મંદિરોમાં શું, કે હિંદુનાં મંદિરોમાં કે ખ્રિસ્તીઓનાં દેવળોમાં, બધા ધર્મના લોકો પૂજાસ્થાને જતા ને અત્યંત ભાવથી પોતાનાં ધર્મકૃત્યો કરતા. ધર્મગુરુનો ઉપદેશ સાંભળવો એ પણ હમેશનાં ધર્મકૃત્યોમાંનું જ એક કામ રહેતું. પછી તે રવિવારને દિવસે આપેલાં સર્મન્સ હો, કે ખાસ ખાસ તહેવારોને દિવસે કરેલી કથાઓ, પુરાણો, કીર્તનો કે પ્રવચનો હો. બધે ઉપદેશકો હતા ને ઉપદેશને સાંભળનારાં હતાં–ભાવથી સાંભળનારાં હતાં. ને એમાંનાં ઘણાંઓ તે આચરણમાં મૂકવાનો પ્રયત્ન કરનારાં પણ હતાં.

આ બધું ભૂતકાળમાં બોલવાનું કારણ આજે એ પ્રથા નામશેષ થતી જાય છે. હજી ખ્રિસ્તીઓનાં રવિવારનાં સર્મનો ચાલે છે પરંતુ તે સાંભળનારની સંખ્યામાં સારો એવો ઘટાડો થયો છે. મોટે ભાગે એ સંસ્થા અભણ ભાવિક શ્રદ્ધાળુ સ્ત્રીઓને મોટેની ગણાય છે. હિંદુનાં મંદિરોમાં થતાં કથાપુરાણોની પણ એ જ અવસ્થા છે. સ્ત્રીઓ ને તેમાં પણ ઘરડી સ્ત્રીઓનું રોજ બપોરે બે કલાક જઈને બેસવાનું ને વાતો કરવાનું તે સ્થાન થયું છે. જૈનમંદિરોની સ્થિતિ હું બરાબર જાણતી નથી. કદાચ ત્યાંનાં પ્રવચનો સાંભળવા સારી સંખ્યામાં સ્ત્રીપુરુષો એકઠાં થતાં હશે. છતાં આખી દુનિયામાં એ બાબતમાં ઉદાસીનતાનો જે પવન વાય છે તેની અસર એ ધર્મના અનુયાયીઓ ઉપર પણ થોડા ઘણા પ્રમાણમાં થઈ તો હશે જ.

આજની આ પરિસ્થિતિ આપણને વિચારમાં નાખે છે—વિચાર કરાવે છે, કે શું એક વખત મનુષ્યજીવનમાં ઉપદેશામૃતપાનનું સ્થાન હતું ને હવે એ રહ્યું નથી?

મને લાગે છે કે તમામ માનવી સંસ્થાઓનું આવું તો ચાલ્યા જ કરવાનું છે. એક વાર એક બાજુએ ખૂબ ઢળે ને પાછું સમતોલપણું મેળવવા માટે બીજી બાજુએ બીજે છેડે જાય; પાછું તે પણ આત્યંતિક (extreme) દેખાય એટલે ઊલટી દિશામાં ઢળવા લાગે. એટલે જીવનનું સમતોલપણું મેળવવાના આ મનુષ્યના પ્રયત્નો છે. એટલે આજે ખાલી પડેલાં મંદિરો ને દેવળો બધાં સો વર્ષ પછી પાછાં ભરાઈ જાય ને બીજાં નવાં ચણવાં પડે તો કશી નવાઈ નથી. તે ઉપરથી ઉપદેશનું મનુષ્ય-જીવનમાં સાચું સ્થાન શું છે તે નક્કી થઈ શકે નહિ. આજે માણસો મંદિરોમાં કે ચર્ચમાં ઉપદેશ સાંભળવા નહિ જતાં હોય તોયે વ્યાખ્યાનો સાંભળવા જાય છે, પરિષદોમાં જાય છે; અમુક પ્રકારનું વડીલો પાસેથી, અધિકારીઓ પાસેથી-એટલે કે ઉપદેશ કરવાનો અધિકાર ધરાવનારાઓ પાસેથી દિશાસૂચન તો મેળવી જ લે છે. એટલે એક યા બીજા રૂપમાં ઉપદેશ અથવા બીજાઓના માર્ગદર્શનની જરૂર મનુષ્યને ભાસે છે.

મોટા માણસો પોતાને જરૂર હોય ત્યારે, પોતાને માફક આવે તે રીતે, પોતાને જરૂરનું હોય તે બાબતમાં, પોતાને ગમતા માણસ પાસેથી ઉપદેશ મેળવી લે છે, જ્યારે બાળકો ઉપર ઉપદેશ વર્ષાવવામાં આવે છે.

શિક્ષણમાં એક વખત ઉપદેશનું સ્થાન અત્યંત મહત્ત્વનું હતું.

એક વખત શિષ્યની અનેક રીતે પરીક્ષા કરી, કસોટી કરી આખર ગુરુમંત્ર દેવો ને જીવન સાર્થક કરવાનો રસ્તો ગુરુએ બતાવવો એ જ મુખ્ય શિક્ષણ હતું.

આજ સુધી એ ઉપદેશની પ્રથા એક યા બીજા રૂપમાં ચાલતી આવી છે. શિક્ષક, માબાપો ને વડીલો બધાંએ બાળકોને બોધામૃત પાયા જ કરવું જોઈએ. 'આમ કરાય' ને 'આમ ના કરાય' એવી શિખામણ બાળકને ડગલે ને પગલે મળ્યા જ કરે છે.

આજે નવું શિક્ષણશાસ્ત્ર આ પ્રથાનો વિરોધ કરે છે. તેનું કારણ એ કે આ પ્રથામાં બાળકને જાતે વિચાર કરવાને અવકાશ જ રહેતો નથી; જાતે તારતમ્ય શોધી કાઢવાને અવકાશ હોતો નથી; તેમ જ જાતે નિર્ણય કરવાને અવકાશ હોતો નથી અને જાતે નક્કી કરી તે પ્રમાણે આચરણ કરવાનેય અવકાશ રહેતો નથી.

બધું તૈયાર રૂપમાં—આમ કરવું જોઈએ ને આમ ન કરવું જોઈએ—તેની આગળ રોજેરોજ મૂકવામાં આવે છે.

પરિણામે બાળક માનસિક રીતે પરાવલંબી બને છે. દરેક પગલું મૂકતી વખતે તે પોતે કશું નક્કી કરી શકતું નથી. તેને લીધે માનસિક ગુલામી આવે છે. કેમકે પોતાને યોગ્ય લાગે તે કરી નાખવાની હિંમત પણ રહેતી નથી. વડીલો શું ધારે છે તે જાણવું ને તે પ્રમાણે કરવું એ વૃત્તિ આવી જાય છે.

તે ઉપરાંત ઉપદેશમાં હમેશ ઊંચા આદર્શો મૂકવામાં આવે છે. "છોકરા! તારે કદીપણ ખોટું બોલવું નહિ; સત્યને જ વળગી રહેવું." હંમેશ બધાં એના જેવી શિખામણ આપે. છતાં ઉપદેશમાં આમ આમ કરવું એમ કહેવું સહેલું છે, પણ તે સાધ્ય થતાં જન્મ જાય એટલી અઘરી વાત તે હોય છે. ઉપદેશ કરીએ કે તરત બની શકતું નથી. તેથી જે બાળકો સાચેસાચ ઉપદેશને વળગી રહેવાનો પ્રયત્ન કરે છે તેમને ખૂબ અઘરું થઈ પડે છે; ને તે મોટે ભાગે પોતાને ધિક્કારતાં (self-condemned) હોય છે. પોતાની ભૂલો જોવાની એટલે હમેશાં આત્મનિરીક્ષણ કરવાની ટેવ પડે એ તો એક મહાન્ સાધ્ય કરવા જેવો ગુણ છે; તેનાથી જ મનુષ્ય આગળ વધે છે. પરંતુ બહુ નાની ઉંમરમાં તે ઘણી વાર નિરાશાનું રૂપ પકડે છે. કેટલાયે છોકરાઓ હમેશ જાત માટે હલકો અભિપ્રાય રાખતા થઈ જાય છે. કેમકે, જ્ઞાન વધે તે પ્રમાણમાં ક્રિયાશક્તિ જો વધે નહિ તો આ પરિણામ આવે.

આમ ઘણી વાર માનસિક પરાવલંબન ને અશક્તિ જન્મે.

મોટે ભાગે તો ઉપદેશ ઊંધા ઘડા પર પાણી જ થાય છે. સૈકાઓના સૈકાઓ નહિ, યુગાનુયુગ ઉપદેશ આપવાનું કામ ચાલ્યા જ કરે છે, છતાં બાળકો એવાં ને એવાં નઠારાં રહ્યાં છે. એવા ને એવા ખોટા ઉધમાતો, ખોટા ચાળા, ખોટા આચારવિચારો કર્યા જ કરે છે; ને મોટપણમાં પણ નૈતિક દૃષ્ટિએ બહુ સુધરી ગયા હોય તેમ દેખાતું નથી. નાનાંથી માંડીને મોટાં સુધી જે જે દુર્વર્તન ને દુર્ગુણો દેખાય છે, તે શું ઉપદેશને અભાવે? કે પરિણામે? કે ઉપદેશને તરછોડીને?

આમ ઉપદેશ ઘણે ભાગે નિરર્થક જ માલૂમ પડે છે. મોટાંઓનું પણ શું છે?

માણસો નાનપણથી સુબોધવચનો સાંભળવાનું શરૂ કરે છે તે ઘડપણ સુધી સાંભળ્યા જ કરે છે. છતાં મનુષ્યવ્યવહારમાં બહુ ફેર પડ્યો હોય એમ દેખાતું નથી.

કેટલાંએક તો વ્યવહાર જુદો ને ધર્મ જુદો એમ જ પોતાને સમજાવી મનને સંતોષ આપે છે, અને ધાર્મિક પ્રવચનો વખતે સાંભળેલી વાતો પોતાનો ધંધો કરતી વખતે આવવા જ દેતાં નથી. તો કેટલાંએકને સાંભરે છે ખરી પણ આપણાથી નથી બની શકતું, આપણે તો સામાન્ય માણસો,

એમ કહી પોતાના વ્યવહારો ચલવે છે; તો કેટલાંએક તે આચરવાનો થોડોક પ્રયત્ન કરે છે ને વ્યવહારમાં પઢતમૂર્ખ અથવા ભણ્યા પણ ગણ્યા નહિ એમ કહેવડાવે છે.

આ રીતે આપણે જોયું કે ઉપદેશ મોટે ભાગે નિરર્થક નીવડે છે. ને જ્યાં અસરકારક નીવડે ત્યાં માનસિક પરાવલંબન આવે છે, અને જાત વિષે ઘણાને નિરાશા પણ આવે છે. એકંદરે ઉપદેશ દેવાના આટઆટલા પ્રયોગો થયા તેને પરિણામે મનુષ્યો કે મનુષ્યજીવન સુધર્યું નહિ.

ખરી રીતે તો શરીર જેમ અંદરથી જ વધે છે તેમ નૈતિક ભાવના પણ અંદરથી જ ઊગે છે ને વધે છે. શરીરને 'વધ' કહેવાથી તે વધતું નથી; સારો ખોરાક, કસરત વગેરેથી તે વધે છે પણ ઊંચા થવું જોઈએ, પહોળા થવું જોઈએ, એમ વારંવાર ઉપદેશવાથી નહિ. આપણા ગિજુભાઈનો હમેશનો દાખલો હતો કે બાળકને 'તારે મૂછો ઉગાડવી જોઈએ' એમ ઉપદેશ કરવાથી તે મૂછો ઉગાડી શકતો નથી. તેમ જ નૈતિક બાબતોનું પણ છે.

મનુષ્ય જેમ વધે છે તેમ જ નૈતિક જીવન પણ વધે છે.

નૈતિક આચરણની શક્તિ ઓછી યા વત્તી તેનામાં આવે છે. પછી પાછળથી કોઈ પ્રસંગથી, કોઈના સહવાસથી, કોઈના વિચારથી અથવા પોતાના વિચારથી સુધારો ન જ થઈ શકે એમ નથી. પણ મોટે ભાગે માણસનું કદ જેમ ઉમ્મર લાયક થતાં અમુક ચોક્કસ થઈ જાય છે, તેમ જ નૈતિક શક્તિનું કદ આવી જાય છે. તેથી આપણે અમુક બહુ સારો માણસ છે, અમુક ઊંચી નીતિવાળો છે, વગેરે કહી શકીએ છીએ.

ત્યારે જેમ શરીરવિકાસ માટે ઉપદેશ નકામો પણ ખોરાક, કસરત વગેરે જરૂરનાં છે, તેમ જ નૈતિક વિકાસ માટે પણ તે દિશામાં બોળકો અંદરથી વધે તેમ કરવાની જરૂર છે.

નૈતિક બળ એટલે ક્રિયાશક્તિનું બળ—આચરવાનું બળ આવવું જોઈએ. નૈતિક આદર્શો ગમે ત્યાં મળી શકે. એટલે મારું કહેવું એમ છે કે નૈતિક યુદ્ધ જે ઉત્પન્ન થાય છે તે જેવું ટકા શું કરવું યોગ્ય છે તે નક્કી કરવાની મુશ્કેલીને લીધે હોતું નથી; નિર્ણય કરવાના પ્રશ્નો દસ ટકા પણ સાચેસાચ હશે કે નહિ મને શંકા છે. કેમકે ઘણી વાર નૈતિક પ્રશ્ન તરીકે મૂકવામાં આવે છે તે મનનું અનૈતિક રસ્તો લેવાનું જે વલણ હોય છે તેનું સમર્થન કરવાને માટે જ હોય છે. ખરો પ્રશ્ન તો મનને જે યોગ્ય દેખાય છે તે પોતાથી બનતું નથી તે છે. **આચરણમાં મુકાતું નથી તેનું શું કરવું?** આ પ્રશ્ન મુખ્ય હોય છે. પછી માણસને એ ઢૂંઢ છોડી દેવું પડે છે: વિચાર કરવો જ નહિ. ને કાં તો વિચારથી ગોઠવવું પડે છે કે વ્યવહારમાં તો આમ જ હોય; અથવા આપણે સામાન્ય જન છીએ, આપણાથી બહુ ઊંચા આદર્શોને ન જ પહોંચી વળાય; અથવા રોજ નિર્બળતાને વશ થવાનું, રોજ તેનો પશ્ચાત્તાપ કરવાનો; અથવા એક વાર ધર્મનું કોઈ મોટું કૃત્ય કરી નિર્બળતાને ધોઈ નાખવાનો પ્રયત્ન કરવાનો.

નૈતિક શિક્ષણ સાચેસાચ કઈ રીતે મળી શકે તે જોવું જોઈએ. ઉપદેશ એટલે આદર્શોના માત્ર કથનથી તે કામ થતું નથી.

નૈતિક કૃત્યનાં ત્રણ પગથિયાં હોય છે.

પ્રથમ બુદ્ધિથી સમજવું ને નિર્ણય કરવો કે સારું શું, નરસું શું? સ્વચ્છ શું, ગંદું શું? હીન શું, ઊંચું શું? લાયક શું, નાલાયક શું? વગેરે. ઘણાંઓને—ઘણાં નૈતિક જીવન ગાળવાવાળાંઓને પણ નૈતિક ભાવના (moral sense) હોતી નથી. તેઓ નૈતિક-માર્ગ ઉપર રહે છે તે કાં તો અનૈતિક થવાની હિંમત હોતી નથી, અથવા તો તેમના

જીવનમાં પ્રસંગ જ ઊભો થયો હોતો નથી, એટલે તેમની ભાવના નિષેધાત્મક–negative morality હોય છે, અથવા ભીરુતા હોય છે. સારા માણસો કહે છે માટે તેમ આચરવું એમ ચાલી આવતી નીતિને વળગેલા તેઓ હોય છે. પરંતુ સાચેસાચ જેમની નૈતિક ભાવના વિકાસ પામી હોય એવા માણસો બહુ જ થોડા હોય છે. જેમ દુર્ગંધ આવે તો બબર જ પડે, સુંદર ચિત્ર ઉપર આડાઅવળા લીંટા કર્યા હોય અથવા ડાઘા પાડ્યા હોય તો તે અસુંદર જ લાગે, તે રીતે આ સારું લાગે છે ને આ બરાબ લાગે છે એવી moral sense અથવા નૈતિક ભાવના જાગ્રત થયેલા માણસો બહુ જ થોડા હોય છે.

બીજું પગથિયું તે મનનો નિશ્ચય, કે સારું છે તે જ મારે કરવું છે.

ને ત્રીજું પગથિયું તે વાત પ્રત્યક્ષ આચારમાં મૂકવી.

આ ત્રણે વાતો એકાએક આવી જતી નથી. મન બુદ્ધિથી તોળીને આ સારું કે આ બરાબ એવો વારંવાર નિર્ણય કરતું હોય તો જ નિર્ણય કરવાની શક્તિ આવે. આ શક્તિ ઉપદેશથી મારી જાય છે. કેમકે ઉપદેશમાં આપણે તૈયાર નિર્ણય બાળકો આગળ મૂકી દઈએ છીએ. તેમને વિચાર કરી નિર્ણય કરવાની સંધિ–તક જ આપતાં નથી. સ્વતંત્ર રીતે વિચાર કરવા નીકળીએ એટલે એક વાર બરાબ હોય તેને સારું ગણીએ તો કેમ, એવો પણ વિચાર કરી જોવાય. જેમ "ચોરી કરવી સારી; શા માટે સારી નહિ? આપણે જોઈતું હોય ને પાસેના છોકરાનું રબર રેઢું પડ્યું હોય ને ઉપાડી લીધું તો તેમાં શું બોટું?" એ રીતે વિચાર કરીને નિર્ણય પર આવવામાં સાચું વિચારબળ ને નિર્ણયબળ મળે છે. ઓછા જ્ઞાનને લીધે કે બીજે કારણે કદાચ વિચારવામાં ભૂલ પણ થઈ જાય, તોપણ તે ટેવ માણસને આખરે સાચું શું ને બોટું શું તે બતાવી દેવામાં કામ આવે.

બીજું પગથિયું તે નિશ્ચયનું. પોતાની દરેક બાબતમાં પોતે નિશ્ચય કરી કામે લાગવાની ટેવ પડવા દેવી જોઈએ. ઘણે ભાગે બાળક નિશ્ચયથી કામ લે છે; ને મોટાંઓના કાર્યક્રમમાં તે બંધ બેસતું ન આવતું હોય એટલે તેઓ તેને મૂકી દેવાનું કહે છે. કેટલીએક વાર મોટાંઓને બાળકોનું અયોગ્ય લાગે, કેટલીએક વાર પરિસ્થિતિ, કોઈ વાર કાંઈને કોઈ વાર કાંઈ. આમ પોતાનો નિશ્ચય છોડવાના પાંચ દસ પ્રસંગો આવી જાય કે બાળકનું નિશ્ચયબળ ઓછું થઈ જાય છે. આમ ઉપદેશથી નિર્ણયબળ ઓછું કરીએ છીએ, તેમ આપણા 'હા ના' પાડવાના અધિકારથી પણ તેમનું નિશ્ચયબળ ઓછું કરીએ છીએ; ને આદર્શ તો બાળકનું ચારિત્ર્ય ઘડવાનો રાખીએ છીએ!

ત્રીજું પગથિયું તે ક્રિયાશક્તિના વિકાસનું. બીજું ને ત્રીજું સાથે સાથે જાય છે. મનનો નિશ્ચય ને હાથેથી કામ એ એક જ વસ્તુની બે બાજુઓ છે એમ કહીએ તો ચાલે. પરંતુ માનસિક નિશ્ચયના જોર વગર માત્ર આચરણ ઘણી વાર કર્યે જઈએ તેમાં આચરણનું બળ વધતું નથી. તેમ જ કોઈના કહેવાથી કે સોટીની બીકથી કે ઉપરીશક્તિ કરાવી લે છે માટે (જેલમાં બને છે તેમ) માત્ર કામ કરવાથી ક્રિયાશક્તિ વધતી નથી. ઇચ્છાશક્તિ ને ક્રિયાશક્તિ બન્ને સાથે હોવાં જોઈએ. નિશ્ચય ને પછી તેને પરિણામે ક્રિયા (volitional act) થાય તો જ ક્રિયાશક્તિ વધે. આચરણમાત્રની ચાવી will power માં છે. ક્રિયાશક્તિમાં 'કરવાની' ને 'ન કરવાની' બન્ને શક્તિ બોલે છે. Inhibition એટલે કાર્ય ન કરવું, અથવા

આવેશનો અવરોધ કરવો, તેમાં વધારે બળ વાપરવું પડે છે.

શિક્ષણમાં મારા મત પ્રમાણે નીતિશિક્ષણને અવશ્ય સ્થાન છે; નહિ, એ જ શિક્ષણનું મુખ્ય ધ્યેય ને અંગ હોવું જોઈએ. પરંતુ નીતિશિક્ષણ એટલે ઉપદેશ નહિ પરંતુ નૈતિક જીવન વિકાસ પામે તે જાતની ગોઠવણ. એટલે યોગ્ય પ્રમાણમાં નિર્ણય, નિશ્ચય ને ક્રિયાને વાપરવાનો પૂરતો અવકાશ.

ઉપદેશનો પ્રયોગ વર્ષોથી થયો છે. તેથી માનવ જીવન બહુ નૈતિક બની ગયું હોય તેમ લાગતું નથી; ઊલટી નિર્બળતા અને દંભ એ બે વાતો વધી છે. જાતછેતરામણી પણ પુષ્કળ થાય છે.

દિશાસૂચન, માર્ગદર્શન, તેમ જ જરૂર પડે ત્યાં મોટાંઓની મદદની આવશ્યકતા રહે એ વાત જુદી છે; ને ઉપદેશ કરી 'આમ જ કરાય' ને 'આમ ન જ કરાય' એમ સતત કહેવું એ જુદું છે. અર્થાત્ હવે એ માર્ગ નિષ્ફળ સમજી બીજો રસ્તો વિચારવો એ ડહાપણનું છે. તા.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય તળે તા. ૪-૯-૪૦ બુધવારના રોજ હિરાબાગમાં પર્યુષણ વ્યાખ્યાનમાળામા અપાયેલું વ્યાખ્યન.

નવી કેળવણી એટલે સ્વાધીનતાને માટે મુક્તિ

પ્રચલિત શિક્ષણમાં અનેક ત્રૂટીઓ છે અને બદીઓ છે. જ્યાં સુધી એ બદીઓ જશે નહિ ત્યાં સુધી નવું શિક્ષણ સફળ થશે નહિ.

ઘણી બદીઓમાંની મુખ્ય બદીઓ આટલી તો છે જ. શિક્ષા, ઈનામ, સ્પર્ધા, અપમાન, પરાણે ભણવું; ભયથી શિસ્ત, ચોપડીનું ગોખણિયું જ્ઞાન, ભણતરમાં નકામા વિષયો, હાથપગની કેળવણીનો અભાવ, જડ વર્ગશિક્ષણ, લોખંડી ચોકઠા જેવો અભ્યાસક્રમ, જૂની શિક્ષણપદ્ધતિ, પરીક્ષાનો ત્રાસ, પક્ષપાતનું વાતાવરણ, રમત-ગમતનો અભાવ, શિક્ષક અને ભણનાર વચ્ચે અંતર, શિક્ષકની સામાજિક તથા આર્થિક દરિદ્રતા, શિક્ષકની માનસિક અપૂર્ણતા અને આત્મિક નિર્બળતા, પાઠ્યપુસ્તકોનો નકામો ખર્ચ અને તે ભણવાનો બોજો, હુન્નરઉદ્યોગની કેળવણીનો અભાવ, સભ્યતા નાગરિકપણું સમાજજીવન અને સામાન્ય જ્ઞાનનો અભાવ.

× × ×

નવી કેળવણીનું કામ વિશાળ છે. તે ઘણો પરિશ્રમ માગે છે. જૂની કેળવણીમાં સુધારા-વધારા શક્ય નથી. જૂના ચણતર પર નવું મકાન ચણી શકાશે નહિ. નવો જ પ્લાન અને નવાં જ સાધનો વડે નવી કેળવણી ઊભી થશે.

જેઓ જૂના શિક્ષકો વડે અને જૂના સામાનથી નવી કેળવણી રચવા માગશે તેમના હાથમાં એની એ જ વસ્તુ આવીને ઊભશે.

વર્ધા કેળવણી જૂની કેળવણીને બદલે બેસનારી નવી કેળવણી છે. તેનો પાયો જ નવો છે. તેનું ચણતર નવી સામગ્રીથી છે. વર્ધા કેળવણી જૂની કેળવણીમાં સુધારો માત્ર નથી. વર્ધા કેળવણીની કૂતેહ જૂની કેળવણીની શિક્ષણ આપવાની પદ્ધતિથી ચેતવામાં છે.

જૂની કેળવણીના આંતર દેહનાં ઝેરો શિક્ષા, ઈનામ, સ્પર્ધા, હરીફાઈ, અપમાન છે. એના સંપૂર્ણ ત્યાગમાં વર્ધા એટલે અહિંસાની કેળવણી છે.

નવી કેળવણીનું વિધાન વિચારનારે હમેશાં કેળવણીનાં સર્વ દૃષ્ટિબિંદુઓનો વિચાર કરવાનું છે. કેન્દ્રમાં ભણનારને મૂક્યા વિના નવી કેળવ-

ણીનો આરંભ જ અશક્ય છે. કેન્દ્રમાં ભણનાર રાખી તેની આસપાસ શિક્ષણની પદ્ધતિ, સામગ્રી, શિક્ષણનું સ્થળ, કાળ, શીખવનાર, વગેરે યોજવામાં આવશે ત્યારે તે નવીનતાને પામશે.

ભણનારને માટેના અનેક હેતુઓમાંનો જગત્‌માન્ય અને કાલાતિત હેતુ મુક્તિ છે. અને શિક્ષણની ઉત્તમ પદ્ધતિ સ્વાધીનતા છે. સ્વાધીનતાને માટે મુક્તિ—સર્વ પ્રકારનાં બંધનોમાંથી મુક્તિ તેનું નામ નવી કેળવણી.

સ્વાધીનતાનો પ્રાણ પ્રવૃત્તિ—સ્વયં પ્રવૃત્તિ છે, સ્વતંત્ર ક્રિયા છે. બાળક પોતાના થકી જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયની ક્રિયાત્મક પ્રવૃત્તિ કર્યા જ કરે તેમાં સ્વાલંબનની સિદ્ધિનું ભણતર છે. હુન્નર-ઉદ્યોગની કેળવણી એ એક એવું ભણતર છે.

સ્વ. ગિજુભાઈ

છોકરાઓ અને છોકરીઓ

[અનુસંધાન અગાઉનું પાનું ૯૪]

(૭) છોકરાંઓને પોતાના અવયવો સંબંધી જિજ્ઞાસા હોય છે. મુંબઈના જીવનમાં જ્યાં બાળકો કદી ઉઘાડાં દેખાતાં જ નથી ત્યાં આ જિજ્ઞાસા વધુ તીવ્ર હોય છે. તેના પણ દાખલાઓ દેખાઈ આવ્યા; પરંતુ તેમાં શુદ્ધ જિજ્ઞાસા સિવાય બીજાં જાતીય તત્ત્વો નહોતાં તે સ્પષ્ટ દેખાઈ આવ્યું. એક વાર ચારપાંચ છેકનાની છોકરીઓ ઓરડાનો દરવાજો બંધ કરી બધાં કપડાં કાઢી નાખી નગ્ન થઈને એકબીજી તરફ જોવા લાગી. તેમાં કાંઈક ચોરટાપણું તેમને લાગતું હતું; પરંતુ તેનું કારણ જાતીય ભાવના કરતાં કપડાં સિવાય બા કદી બહાર આવવા દેતી નથી એ સામાજિક રીત વધુ કારણભૂત હતી. "ના, આમ નથી આવવાનું." એમ બા કહે, એટલે એમાં કાંઈક ન કરવા જેવું હોઈ તે આપણે કરીએ છીએ એટલા પૂરતી ગુનાની સમજણ હોઈને ચોરટાપણાનો અનુભવ થતો હતો. તેઓ કુતૂહલથી જોતી હતી; થોડી ગભરાયેલી હતી; જરા ગમ્મત કરી લીધાના વિચારથી હસતી હતી. એટલામાં ત્યાં એક શિક્ષિકાબેન ગયાં. છોકરીઓને પોતે કાંઈક ખરાબ કર્યું છે એવું લાગ્યું; પણ તેમના કરતાં પણ તે શિક્ષિકાબાઈને વધારે ખરાબ લાગ્યું. તેમને તો અંધારાં આવી જવા જેવું જણાયું. અને તેનું પરિણામ છોકરીઓ પર વધારે થયું કે તેઓને પોતાની જાત વળી વધુ ગુનાહિત જણાઈ.

એક વાર એક છોકરાને પેસાબની ઇન્દ્રિય પરની ચામડીનું ઑપરેશન કરેલું. સારો થઈને એ નિશાળે આવ્યો ત્યારે પોતાને શું થયું હતું તે તે પોતાની મિત્રમંડળીને બતાવતો માલૂમ પડ્યો; પરંતુ તેમાં ગુનાહિતપણું જરાય દેખાયું ન હતું. માત્ર એટલું જણાયું કે તે પોતાની સાથેના છોકરાઓને જ દેખાડતો હતો—છોકરીઓથી જરા દૂર જઈને. એટલે કે સજાતીય મોટા લોકોમાં જે રીતે બહુ શરમ ન હોય એવી જાતનું વલણ તેનું જણાયું.

(૮) બીજી એક બે ગમ્મતની વાતો દેખાઈ. બે ત્રણ વર્ષનાં બાળકો હતાં. છોકરી જરા ઉચ્ચ કુટુંબની અને સંસ્કારી; છોકરો પૈસેટકે ઠીકઠીક, સંસ્કારથી એનો દરજ્જો કમી. તે છોકરો આ છોકરી પાસે બેઠો. તેને આ છોકરી ખૂબ ગમી હોવી જોઈએ. તેણે આ છોકરીને બચ્ચી ભરી. છોકરીને આ કામ અત્યાચાર જેવું લાગ્યું. તેણે ધડ દઈને એક થપાટ પેલા છોકરાના મોં પર ચોડી

દીધી. તે જરા ભોંઠો પડી બાજુ ખસી ગયો. પાસે જે બીજાં બાળકો હતાં તે નિર્વિકારપણે જોતાં હતાં; બીજી જ ક્ષણે પોતપોતાના કામમાં ગરકાવ થઈ ગયાં. તે છોકરો પણ પોતાને કામે લાગ્યો. બિચારાને કોઈના વિષે કંઈ ભાવ થાય તો તે મનમાં મનમાં દાબવો જોઈએ, અને પ્રતિપક્ષી તરફથી પોતાની ભાવનાને અનુકૂળ ઉત્તર મળતાં સુધી તે વ્યક્ત ન કરવો જોઈએ, તેનો સીધો સરળ પાઠ તેને સહજ રીતે મળી ગયો. છોકરીએ સ્વસંરક્ષણ કેટલું સરળતાથી કર્યું તે જોઈને આશ્ચર્ય થયા સિવાય રહેતું નથી. જોકે આ બન્નેના કાર્યમાં બહુ ઊંડો અર્થ ન હતો તે તો સ્પષ્ટ જ છે.

આથી ઊલટો જ એક બીજો પ્રસંગ બન્યો. ગાયન અથવા તો વાર્તા સાંભળવા બધાં બાળકો એકઠાં બેઠાં હતાં. એક પાંચ વર્ષના છોકરા પાસે ત્રણ વર્ષની છોકરી બેઠી. તે છોકરાએ તે છોકરીને બેસવા જગ્યા કરી આપી. તેના આ વિવેકથી ખુશ થઈને કહો કે કોઈ બીજા કારણે તે છોકરીએ છોકરાને બચ્ચી ભરી. છોકરાએ તેના તરફ આશ્ચર્યથી જોયું ને ફરી પાછો ગાયન સાંભળવા લાગ્યો. તે વખતે કાંઈ પણ વિશેષ બન્યાનો ભાવ તેના મોઢા ઉપર ન હતો. પણ એટલામાં સામે બેઠેલાં શિક્ષિકા તરફ તેનું ધ્યાન ગયું અને તેણે આ બનાવ જોયો હશે એવું તેના ચહેરા ઉપરથી તેને જણાયું. તરત જ તે શરમાઈ ગયો, અને હળવેથી પેલી છોકરીથી સહેજ જરા ખસીને દૂર બેઠો અને ગાયન ગાવા લાગ્યો.

એક જ પ્રકારનો પ્રસંગ ભિન્ન જાતિની વ્યક્તિ પર આવ્યો ત્યારે બન્નેએ કેટલી જુદી રીતે તેનો પ્રતિકાર કર્યો તે જોઈને આનંદ થાય છે. છોકરીમાં ઉપજત સ્વરક્ષણની બુદ્ધિ હોઈ પોતાની શક્તિ ઓછી હોવાની સમજણે અત્યાચારની નાની એવી કૃતિને પણ અસહ્ય બનાવી. આવી એક વાત જો સહન કરી તો આ કરતાં વધારે આકરો પ્રસંગ આવવાનો સંભવ હોવાનું તેની ઉપજતબુદ્ધિથી તેને સૂઝયું; એટલે ધડ દઈને મોઢા પર મારવું તે તેની શક્તિનું કાર્ય ન હતું પણ અશક્તિનાં ભાનનું લક્ષણ હતું. છોકરાએ આ જ વાત તરફ કેટલી જુદી રીતે જોયું? જરા આશ્ચર્યથી જોયું અને જાણે કાંઈ જ બન્યું ન હતું એ રીતે પોતાને કામે લાગ્યો. તેનામાં ભય ઉત્પન્ન ન થવાથી મારવાની વાત તો બાજુએ રહી, પરંતુ ગુસ્સો કરીને નિષેધ બતાવવાની જરૂર પણ તેને ન રહી. કેવળ ઉપેક્ષા કરીને તેણે તે વાત ત્યાં જ પૂરી કરી.

આ પ્રમાણે સ્ત્રીપુરુષ સંઘટનાના અનેક પ્રશ્નોની છાયા આ બાલજગતમાં દેખાય છે. તે જ પ્રમાણે તેની જુદાઈ, સામ્ય, એકબીજા સાથે મેળ મેળવી લેવો, સહકાર કરવો, દૂર રહેવું વગેરે અનેક પ્રકારો દેખાઈ આવે છે. અને અનેક પ્રકારના વિચારોને જાગ્રત પણ કરતા જાય છે. તા.

સસ્તી કિંમતે ફાઈલો મળશે.

"શિક્ષણ પત્રિકા" ની આગલાં વર્ષોની નીચે પ્રમાણેના પૂરા અંકોની ફાઈલો સસ્તી કિંમતે આપવાનું ઠરાવ્યું છે.

વર્ષ ૨ જું; વર્ષ ૧૦ મું;
વર્ષ ૧૧ મું; વર્ષ ૧૨ મું.

ચારે ફાઈલો પોસ્ટેજ સાથે રૂા. ૨॥ માં મળશે.

તેરમા વર્ષની ફાઈલો નથી. ચૌદમા વર્ષની કિંમત એક રૂપિયો; પંદરમું વર્ષ ચાલે છે.

વ્યવસ્થાપકઃ—શિક્ષણ પત્રિકા કાર્યાલય,
હિંદુ કૉલની, દાદર.

રમકડાં શા માટે નહિ

થોડા દિવસ પહેલાં અમારા અધ્યાપનમંદિરમાં અભ્યાસ કરી ગયેલા એક શિક્ષક અને એક જૂના શિક્ષક બંને મળી પોતાના બાલમંદિર માટે થોડાંએક કેળવણી વિષયક સાધનો લેવા માટે મુંબઈ આવેલા. જૂના શિક્ષક એમ કાંઈ સાવ જૂની ઘરેડવાળા હતા એમ તો ન કહી શકાય. મહારાષ્ટ્રમાં બાલકેળવણીને અંગે જે જે વિચારો ચાલી રહ્યા છે તેથી તે સારી રીતે પરિચિત હતા. પ્રચલિત માન્યતા એવી છે કે નાનાં એટલે કે બેચ્યઢી વર્ષનાં બાળકોને શાળામાં આણી ૩।૪ કલાક તેમને પ્રવૃત્તિ આપવી હોય ત્યારે સહેજે તેમને રમવા સારુ થોડાંએક રમકડાં આપીને, નાસ્તો કરાવીને તેમ જ આયા પાસે સચવાવીને સાથે સાથે થોડું ભણાવવું.

પેલા જૂના શિક્ષક અને અમારે ત્યાં તાલીમ પામેલા નવા શિક્ષક મુંબઈના ચોમાસામાં સાધનો ખરીદવા માટે દુકાને દુકાને ફરતા હતા. નવા શિક્ષકને સાધનોની પસંદગી કરવામાં ઘણો વખત જતો હતો; ખરું પૂછો તો તેમને મનપસંદ સાધનો બહુ મળતાં જ નહોતાં. પણ પેલા જૂના શિક્ષકને નવાઈ એ થતી હતી કે આવી જગાએ બાળકો માટેનાં સાધનો કયાંથી મળશે?

નવા શિક્ષક નાની સાવરણીઓ, નાનાં બ્રશ, નાની નાની સૂપડીઓ વગેરે ક્યાં મળશે તેની તપાસમાં હતા. પેલા જૂના શિક્ષક તેમને રમકડાંવાળાની દુકાન બતાવતા હતા અને કહેતા હતાઃ "ચાલોને અહીંથી થોડી ઢીંગલીઓ અને બીજાં જાતજાતનાં રમકડાં લઈએ?"

નવા શિક્ષક કહેતા હતાઃ "અરે ભાઈ! એનું શું કામ છે? એ તે શું કાંઈ કેળવણી વિષયક સાધનો છે?"

"અરે ભલા માણસ! ત્યારે બે વરસનાં રોતાં કકળતાં નાનાં ટાબરિયાંને વળી બીજું શું જોઈએ?"

"માફ કરો ભાઈ! આપણી શાળામાં પડ્યાં છે તે રમકડાં જ કઈ જગ્યાએ સંતાડી દેવાં તેનો હું તો વિચાર કરી રહ્યો છું."

આમ બંને શિક્ષક ભાઈઓની ખરીદી ભારે ગમ્મતભરી રીતે પૂરી થઈ.

નવા શિક્ષકે ખરીદેલાં સાધનોમાં ભોંયતળિયું લૂછવાનાં બ્રશ, કચરો નાખવાની ટોપલીઓ વગેરે હતાં. પેલા જૂના શિક્ષકભાઈએ આ ખરીદી સંબંધે પોતાનો અભિપ્રાય ન બતાવવામાં જ ડહાપણ માન્યું.

અમારી શાળાની મુલાકાતે આવનારાઓ સંબંધે અમારો અનુભવ પણ કાંઈક આ જ પ્રકારનો છે. મુલાકાતે આવનારાઓ અમને સલાહ આપે છેઃ "તમે થોડાં પાનાં રાખો; સારાં સારાં રમકડાં વસાવો; તમારે ત્યાં તો આવાં કાંઈ સાધનો દેખાતાં નથી! ત્યારે બાળકોને ગમે છે શી રીતે?"

ખરું જોતાં બે વર્ષના બાળકની કેળવણીમાં કઈ ચીજો અગત્યની છે તેનું જ્ઞાન ન હોવાથી તેમને રમકડાં આપવાં અથવા બાવાનું આપવું વગેરે વિચારો આવા લોકોને સૂઝે છે.

હાલમાં બાલમંદિરો, વિહારો, ઉદ્યાનો વગેરેનું એક મોજું આવ્યું છે. દરેક શાળાને પોતા સાથે જ જોડેલ આવો એકાદ વિભાગ રાખવાની હોંશ થઈ આવી છે. નવી જાતનું એક આકર્ષણ એ પણ એનું મૂળ કારણ છે. ઘણાંઓ આ બહુ સહેલો ધંધો છે એમ માનીને પણ બાનગી બાળશાળાઓ જેવું ચાલુ કરે છે. પોતે રહેતાં હોય તે મકાનને બારણે એક પાટિયું ચોડયું કે ૫–૧૦ બાળકો સહેજે આવવાનાં જ. સવારે બેસવા ઊઠવા માટે તથા રાત્રે સૂવા કારવવા માટે વપરાતી

ઓરડીનો બપોરના વખતે આવો સુંદર સદુપયોગ શા માટે ન કરી લેવો? ઘરમાં પોતાનાં જ બાળકો સારુ થોડાંઘણાં રમકડાં વસાવવાં જ પડે છે; એટલી જ સાધનસામગ્રીમાં બીજાં ૫–૧૦ બાળકો સહેજે રમી શકે. અર્થાત્ બાળક દીઠ બબ્બે રૂપિયા જ મળે તોપણ ઘરખર્ચમાં એટલી મદદ સહેજે મળી જાય.

ખરું જોતાં દરેક લત્તામાં અને શેરીએ શેરીએ આવી બાળશાળાઓ હોય તેથી વધારે રૂડું બીજું શું હોઈ શકે? પણ મુદ્દાની વાત એ વિસરાઈ જાય છે કે બાળકોની કેળવણીમાં પૂર્વપ્રાથમિક કેળવણી આપવા સારુ પણ તાલીમની જરૂર છે. સામાન્ય જનસમાજને બધી શાળાઓ સરખી જ દેખાય છે. એના મૂળમાં એવી માન્યતા રહેલી છે કે છેક નાની ઉંમરે બાળકો શું ભણી નાખવાનાં છે? એ ઉંમરે તો બાળકોને રમવાનું જોઈએ, એટલે કોઈ રમાડનાર મળે તો પત્યું. આવા માણસો શાળામાં રમકડાં જુએ ત્યારે વધારે ખુશી થાય છે. કેટલાક શિક્ષકો પણ એવું માનનારા છે કે પાંચ વર્ષથી નાની ઉંમરનાં બાળકોની શાળામાં ભણાવવાનું તે શું હોય? અને પરિણામે એવું બને છે કે જૂના જમાનામાં જેમ હન્મમ પાસે ઑપરેશન કરાવવામાં સંતોષ મનાતો, તેમ આજે રમકડાં અને નાસ્તાની યોજના ઉપર ચાલતી બાલશાળાઓ ઠેકાણે ઠેકાણે ઊગી નીકળી છે.

છ મહિના પહેલાં એક બહેન પોતાની એક વર્ષની નાની દીકરીને લઈ મારે ત્યાં મહેમાન થયાં હતાં. બાળાનો માનસિક વિકાસ સારો થયો હતો. એક વર્ષના બાળકનું મન રંગ અને અવાજ તરફ વધારે આકર્ષાય છે તેથી તેને સેલુલૉઇડનો એક ઘૂઘરો રમવા આપ્યો, અને દાબતાંવેંત મિયાંઉ મિયાંઉ અવાજ કરે એવી રાતા રંગની એક બિલાડી પણ આપી.

થોડાએક વખત આ સાધનોથી તે બાળા ઉત્સાહપૂર્વક રમી, ને પછીથી ચીડાઈને ફેંકી દેવાનું શરૂ કર્યું. એ જ બાળા મોંએ છાંટવાના પાઉડરની ડબીનું ઢાંકણું વાસવામાં કેટલોય વખત મગશૂલ રહેતી. એ જોઈ મેં તેને બાલમંદિરમાંથી દડાપેટી આણી આપી, (મૉન્ટીસોરી પદ્ધતિનું પહેલું સાધન) અને નવાઈની વાત છે કે કુશાય રંગના આકર્ષણ વિના, અવાજની કોઈ નવીનતા વિના કે જાતજાતનાં ચિતરામણો વિના એ સાવ સાદા દેખાતા દડાપેટીના સાધન ઉપર તે બાળાએ અરધો પોણો કલાક રમ્યા કર્યું. એટલું જ નહિ પણ રમવામાં એક જાતની તૃપ્તિ મળી હોય તે રીતે તરત તે સૂઈ ગઈ, અને જાગ્યા પછી પણ દડાપેટી જ માગવા લાગી. મારે ત્યાં પેલાં બહેન બે દિવસ રહ્યાં. એ બન્ને દિવસો દરમિયાન આ બાળા દડાપેટી ઉપર કેટલાય કલાકો સુધી રમી હશે; એટલું જ નહિ પણ જ્યારે તેને પેલી બિલાડી કે ઘૂઘરો આપવામાં આવતો ત્યારે ચીડાઈને તે ફેંકી દેતી અને દડાપેટી જ માગી લઈ તે વડે રમતી.

આવા તો અનેક દાખલાઓ છે. આવાં દર્શનોથી બાળકેળવણી સંબંધે બાંધેલા વિચારો વધારે દૃઢ થાય છે એટલું જ નહિ પણ કોઈ કોઈ વાર ચલબિચલ થતી મનોવૃત્તિમાં આવાં ધન્ય દર્શનો ફરી સ્થિરતા આણે છે.

અમારી નિશાળમાં એક પ્રદર્શન જેવો કબાટ રાખ્યો છે. તેમાં પક્ષીઓ, જનાવરો, વહેવારનાં વાહનો, વગેરે દૃષ્ટિએ ઘણાં રમકડાં સંગ્રહ્યાં છે. મોટાં બાળકો આ રમકડાંનો ઉપયોગ જુદી રીતે કરે છે. પરંતુ નાનાં બેઅઢી વર્ષનાં બાળકો પહેલી વાર આવે ને રડવા માંડે ત્યારે તેમને આ કબાટ પાસે લઈ જઈએ ને બિલાડી, કૂતરો, રેલગાડી વગેરે બતાવીએ કે તુરત છાનાં રહી જાય છે. પણ એ જ બાળકો એક વાર બીજાં બાળકોમાં ભળી

જાય અને બાલમંદિરની પ્રવૃત્તિમાં રોકાય એટલે આ કબાટને કદી પણ સંભારતાં નથી. કોઈ વાર મનગમતાં કામો કરી એમાં તૃપ્તિ મેળવ્યા પછી વિવિધતા ખાતર આ કબાટ પાસે આવી રમકડાં જુએ છે, પણ આવું બહુ બનતું નથી. શાળાની મુલાકાતે આવનારાંઓને એમ લાગે છે કે બાળકો આ કબાટ પાસેથી ખસતાં જ નહિ હોય; પરંતુ એવું બનતું જ નથી. બેશક પહેલી જ વાર જોતાં આવાં રમકડાં તેમના રૂપ, રંગ વગેરે કારણે બાળકને જરૂર આકર્ષે છે; પણ વસ્તુતઃ એવું બને છે કે પોતાપોતાના ખોરડાઓમાં પડેલાં રંગની દૃષ્ટિએ ખાસ આકર્ષક ન દેખાય એવાં છતાં સાચી પ્રવૃત્તિ આપનારાં સાધનોમાં જ તેઓ વધારે મચ્યાં હોય છે.

આનું કારણ શું?

કારણ એ છે કે બાળકોને આ ઉંમરે બુદ્ધિને પોષણની જરૂર હોય છે. જેમ ભૂખ લાગે ત્યારે ચૉકલેટ કે પેપરમીટની ગોળીઓથી પેટ નથી ભરાતું પરંતુ દૂધ અથવા કોઈ ખોરાકની જ જરૂર હોય છે, એ જ રીતે બાળકોને પણ આ ઉંમરે બુદ્ધિની ભૂખને તૃપ્ત કરે તેવાં સાધનો આવશ્યક હોય છે.

પેલાં અતિથિમહેનની નાની દીકરી ઢીંગલી અને ધૂધરો ફેંકી દઈને દફ્તાપેટી ઉપર કલાકો સુધી રોકાયેલી રહેતી હતી તેની પાછળનું કારણ પણ એ જ હતું કે દફ્તાપેટી એ બાળાની બુદ્ધિને પ્રવૃત્તિ આપતી હતી; દફ્તાપેટી એના નાના મગજમાં અનેક વિચારોની પરંપરા જગાડતી હતી અને એ જ કારણે તે વારંવાર દફ્તાપેટી લેતી હતી; વળી એ પેટી એના હાથના નાના અને વિકસી રહેલા સ્નાયુઓને પણ કામ આપતી હતી, અને તેથી જ બાળા પેલા દફ્તાઓ વારંવાર કાઢવા અને નાખવાનું કરતી હતી; એ જ કારણે એને એનાં પુનરાવર્તનોમાં કંટાળો નહિ પરંતુ ઉત્સાહ આવતો હતો.

કૂંચરો સાફ કરવો, લૂછવું, પાટિયા પર ચાલવું, માટીકામ કરવું, કાગળ કાપવા, પારાઓ સળીમાં પરોવવા, બટન બીડવાં અને ઉઘાડવાં, વસ્તુઓ બીંતી પર ટીંગાડવી, જોડા અને ચંપલ હારમાં ગોઠવવા, વગેરે જે અનેક રમતો અથવા સાચું કહીએ તો પ્રવૃત્તિઓ બાળક કર્યા કરે છે, જેમાં તે સ્થિર અને મગ્ન બને છે, તેનું કારણ આવું જ છે. આવાં કામો એના મગજને વિકાસ અર્થે જોઈતા બૌદ્ધિક વ્યાપારો પૂરા પાડે છે–એની ભૂખને ખોરાક આપે છે તેમ જ ક્રિયા કરવા અર્થે તલસી રહેતા નાના હાથપગોને હિલચાલ કરવાનું સાધન પૂરું પાડે છે, અને આમ બન્ને રીતે તેના વિકાસમાં સહાયરૂપ બને છે.

એક તાજું ઉદાહરણ લઈએ. થોડા દહાડા પહેલાં અમારી શાળામાં બે નવાં બાળકો દાખલ થયાં; એકની ઉંમર સાડાચાર વર્ષની અને બીજાની અઢી વર્ષની હતી. પેલું નાનું બાળક તો બીજે જ દિવસે બીજાં બાળકોમાં ભળી ગયું અને બધાંની સાથે જાતજાતની પ્રવૃત્તિઓ–લપસવાનું, ચાલવાનું વગેરે કામોમાં લાગી ગયું. પણ તેનો મોટો ભાઈ જાણે પેલા નાના બાળકને સાચવવા આવ્યો હોય, અને એની બધી જવાબદારીનો ભાર પોતાને માથે જ હોય તેમ તે નાના બાળકની પાછળ પાછળ ફર્યા કરતો. એમ કરતાં લગભગ એક મહિનો થયો. મોટો ભાઈ બાલમંદિર તો રોજ આવતો પરંતુ તેનું મન કશામાં પરોવાતું હોય એમ લાગતું નહોતું. તેની ઉંમરના પ્રમાણમાં તેણે જે કામ અને સાધનો તરફ જવું જોઈએ એ બાજુ એ નજર પણ નાખતો નહોતો. નાની બેનને એકલી મૂકી બીજા ઓરડામાં જવું તેને ગમતું નહોતું. અમને એમ થતું હતું કે ઘેરથી કદાચ માબાપોએ તેને આ નાની બેબીને સાચવવા બાબત સૂચના આપી હશે, અથવા પોતે જ આ બધી જવાબદારી વેંઢારતો હશે.

એક મહિનો પસાર થઈ ગયો. એક વાર બીજા ઓરડાના શિક્ષક તેને પોતાના ઓરડામાં આગ્રહ કરીને લઈ ગયા અને તેને ભૌમિતિક આકૃતિઓની પેટીનું પહેલું ખાનું બતાવ્યું. એ એણે તુરંત ગોઠવી આપ્યું; તેને ત્રિકોણાકારવાળું જરા અઘરું બીજું ખાનું આપવામાં આવ્યું; કયો ત્રિકોણ ક્યાં ગોઠવવો એનો નિર્ણય કરવામાં એને ઠીકઠીક વિચાર કરવો પડ્યો અને અર્થાત્ નકકી કરતાં વખત પણ લાગ્યો; એને ઘણું અવલોકન કરવાની જરૂર પડી. પ્રમાણમાં સારો એવો વખત એના પર રોકાઈ આખરે તેણે એ ખાનું ગોઠવ્યું અને પેટી બંધ કરી. એના મોં પર સંતોષ અને આનંદ દેખાયો. વર્ગશિક્ષક તરફ જોઈને તેણે કહ્યું: "આ શાળા બહુ સરસ છે!"

ખરું જોતાં એની બુદ્ધિની ભૂખને ખોરાક મળ્યો એ કારણે એને શાળા ગમી. આવા અનેક દાખલાઓ રોજ રોજ બન્યા કરે છે અને "રમકડાં શા માટે નહિ" નો જવાબ બાળકો પોતે જ આ રીતે આપે છે.

તા.

સ્વ. ગિજુભાઈ સ્મારક ફાળો

૧૨૪૯૦–૫–૦	અગાઉ સ્વીકારાયેલા *		
૧—૦—૦	શ્રી. દયારામ ત્રીકમજી વ્યાસ		શાયરા
૧—૦—૦	,, મણિકુંવરબેન વ્યાસ		,,
૧—૪—૦	,, સાકરચંદ મોતીચંદ પોપટ		કુંભારડી
૨—૪—૦	કુંભારડી શાળાનાં બાળકો		,,
૦—૬—૦	શ્રી. અરજનભાઈ રતનસી		,,
૧—૦—૦	,, વીરાજી રાયસીંગજી જાદવ		નંદાશર
૦–૧૧—૦	નંદાશર શાળાના વિદ્યાર્થીઓ		,,
૦—૫—૦	શ્રી. દયારામ અને ગોવિંદજી		,,
૨—૦—૦	,, નરસિંહ દેવચંદ ઠક્કર મોડવદર		
૫—૪—૦	મોડવદર લોહાણા મહાજન		,,
૨—૦—૦	શ્રી. મંગળજી મનજી રાઠ		મનફરા
૧—૦—૦	,, મહેરામણજી જીવણજી		જાડેજા વાઘપોર
૦–૧૩—૦	વાઘપોર શાળાના વિદ્યાર્થીઓ		,,
૨—૦—૦	શ્રી. દયાશંકર ધનજી દવે		કોટડા
૧—૪—૦	,, હરિલાલ વસનજી જોશી		,,
૧—૪—૦	,, રામજી નારણ મેઘાણી		,,
૦–૧૨—૦	,, કરશન કાનજી નાથાણી		,,
૩—૦—૦	કોટડા શાળાનાં વિદ્યાર્થીઓ		,,
૧—૦—૦	શ્રી. દોલતરામ કલ્યાણજી ભટ્ટ		કાળીતલાવડી
૨—૪—૦	કાળીતલાવડી શાળાનાં વિદ્યાર્થીઓ		,,
૧—૦—૦	શ્રી. ઓધવજી શિવજી		,,
૨—૦—૦	,, દીપચંદ ઉકશી ઠક્કર		ઉમૈયા
૦—૮—૦	ઉમૈયા શાળાના વિદ્યાર્થીઓ		,,
૩—૨—૦	બીજપાશર શાળાના વિદ્યાર્થીઓ		બીજપાશર
૧—૦—૦	શ્રી. વીરજી મૂળજી જોશી		રતડીઆ
૧—૭—૦	રતડીઆ શાળાના વિદ્યાર્થીઓ		,,
૨—૦—૦	શ્રી. કરમસિંહ માધવજી ટાંક		કાદીયાય
૨—૦—૦	,, શંકરલાલ કલ્યાણજી ભટ્ટ		,,

* અગાઉ ભૂલથી ૧૨૪૮૯–૫–૦ છે સુધારવું જોઈએ.

૨—૦—૦ શ્રી. વાલજી ભાણજી પટેલ કાદીયાય
૧૧–૪—૦ કાદીયાય શાળાના વિદ્યાર્થીઓ ,,
૧—૦—૦ ડૉ. યક્ષાનન્દ કે. મહેતા ડભોઈ
૫—૦—૦ શેઠ પરભુલાલ ગુલાબદાસ ,,
૧—૦—૦ શ્રી. અંબાલાલ મગનલાલ મઠીયાવાળા ,,
૧—૦—૦ ,, કાલીદાસ રાયજી ચોકશી ,,
૧—૦—૦. ,, કૃષ્ણલાલ પુરુષોત્તમદાસ વકીલ તીલકવાડા
૧—૦—૦ ,, હીરાલાલ હિંમતલાલ ,,
૧—૦—૦ ,, રંગનાથજી વલ્લભદાસ ,,
૨—૦—૦ શાહ છીતાલાલ છગનલાલ ,,
૧—૦—૦ શ્રી. દામોદરદાસ છોટાલાલ ,,
૧—૦—૦ ,, નારણદાસ ગરબડદાસ ,,
૧—૦—૦ ,, ચીમનલાલ મોહનલાલ ,,

રૂા. ૧૨૫૬૩–૧–૦

પાટણ બાલમંદિરના આચાર્ય શ્રી નટવરલાલ માધવલાલ રાવળની મારફતે નીચે મુજબ રૂપિયા ૨૦૧) મળેલા છે.

૧૧—૦—૦ શેઠ ભાઈચંદ ઊજમચંદ શાળવી પાટણ
૨૨—૮—૦ શ્રી. નટુભાઈ રાવળ ,,
(પોતાના પગારનો અરધો ભાગ આપવાની અપીલ મુજબ)
૧૧—૦—૦ શેઠ ઊજમશીભાઈ પીતાંબરદાસ મોદી પાટણ
૨૫—૦—૦ ,, લહેરચંદ છોટાલાલ શાહ ,,
૨—૦—૦ ,, પોપટલાલ ભીખાચંદ શાહ ,,
૨—૦—૦ ,, ભોગીલાલ ચુનીલાલ શાહ ,,
૨—૦—૦ ,, પુરુષોત્તમ ભોગીલાલ મહેતા ,,

૨—૦—૦ શેઠ પૂનમચંદ મૂળચંદ મહેતા પાટણ
૨—૦—૦ ડૉ. શાંતિલાલ રવચંદ શાહ ,,
૧—૦—૦ ,, તકલચંદ ભીખાચંદ દલાલ ,,
૨—૦—૦ શેઠ કૃષ્ણકાંત મોહનલાલ પરીખ ,,
૨—૦—૦ ,, મધુવનદાસ સંપતલાલ પરીખ ,,
૨—૦—૦ ,, ચીમનલાલ હરિલાલ ગાંધી ,,
૨—૦—૦ ,, મણિલાલ ચુનીલાલ ઠક્કર ,,
૨—૦—૦ ,, ઈશ્વરલાલ નારણલાલ ઠક્કર ,,
૨—૦—૦ ડૉ. ઠાકોરલાલ નાથાલાલ ,,
૨—૦—૦ શેઠ અમૃતલાલ જીવનદાસ ઠક્કર ,,
૧—૦—૦ ,, કૃષ્ણલાલ વિદ્યાશંકર દવે ,,
૨—૦—૦ ,, કનુભાઈ જીવાચંદ પરીખ ,,
૧—૦—૦ ,, પુરુષોત્તમદાસ ભીખાભાઈ શાહ ,,
૧—૦—૦ ,, રસિકલાલ જમનાદાસ પરીખ ,,
૧—૦—૦ ,, રતનલાલ તાપીશંકર ભટ્ટ ,,
૧—૦—૦ ,, બકુલભાઈ ,,
૧—૦—૦ શ્રીમતી રાગિનીબેન ભુજંગલાલ દેસાઈ ,,
૧—૦—૦ ,, પરેશાબેન ભુજંગલાલ દેસાઈ ,,
૧—૦—૦ શેઠ હરિહર મોહનદાસ ન્હેશી ,,
૧—૦—૦ ,, વલ્લભદાસ પૂનમચંદ્ર ન્હેશી ,,
૨—૦—૦ ,, મોહનલાલ લલ્લુભાઈ શાળવી ,,
૨—૦—૦ ,, જગજીવનદાસ મૂળચંદદાસ ગોઠી ,,
૨—૦—૦ મેસર્સ પોપ્યુલર સ્ટોર ,,
૩—૦—૦ શેઠ મધુસુદનરાય ગિરધરરાય મજમુદાર ,,

૨—૦—૦ શેઠ શંકરલાલ ભાણાભાઈ વ્યાસ પાટણ
૧—૦—૦ ,, બબલભાઈ લલ્લુભાઈ અમીન ,,
૧—૦—૦ ,, ખુશાલભાઈ અંબાદાસ પરીખ ,,
૧—૦—૦ ,, લલ્લુભાઈ ડુંગરભાઈ અમીન ,,
૧—૦—૦ ,, મોહનલાલ કાનજીભાઈ અમીન ,,
૧—૦—૦ ,, રમણલાલ જીવણલાલ પરીખ ,,
૨—૦—૦ ,, જોઈતારામ પૂંજીરામ મહેતા ,,
૧—૦—૦ ,, વસંત યશવંત વૈદ ,,
૧—૦—૦ ,, કૃષ્ણલાલ મોતીલાલ શેઠ ,,
૫—૦—૦ ,, નરભેરામ જમીયતરામ મહેતા ,,
૧—૦—૦ ડૉ. વામનરાય જે. વસાવડા ,,
૧—૦—૦ ,, મીસ લીમયેસાહેબ ,,
૭—૦—૦ શેઠ માણેકલાલ સ્વરૂપચંદ શાહ ,,
૧૫—૦—૦ શ્રીમતી મણિબેન ભાઉસાહેબ ,,
૧—૦—૦ શેઠ રતિલાલ હીરાલાલ રાવળ ,,
૧—૦—૦ ,, આપાલાલ હીરાલાલ પરીખ ,,
૧—૦—૦ ,, ત્રંબકલાલ છેલશંકર આચાર્ય ,,
૨—૦—૦ ,, જમનાદાસ કાલીદાસ શાહ ,,
૨—૦—૦ ,, રસિકલાલ છોટાલાલ જની ,,
૨—૦—૦ ,, હરખલાલ લક્ષ્મીચંદ પટેલ ,,
૧—૦—૦ ,, મોહનલાલ મગનલાલ પટેલ ,,
૨—૦—૦ ,, ઉપેન્દ્રરાય ત્રિકમરાય મજમુદાર ,,

૧—૦—૦ શ્રીમતી સુરક્ષાબેન શાંતિલાલ મહારાજા પાટણ
૨—૦—૦ શેઠ વિષ્ણુપ્રસાદ કરશનજી દેસાઈ ,,
૧—૦—૦ ,, ચીમનલાલ ચુનીલાલ પરીખ ,,
૧—૦—૦ ,, હીરાલાલ નગીનદાસ શાહ ,,
૧—૦—૦ ,, કાંતિલાલ મોહનલાલ પટેલ ,,
૨—૦—૦ ,, હરિલાલ રાધેકૃષ્ણ ત્રિવેદી ,,
૧—૦—૦ ,, શિવાભાઈ ચતુરભાઈ પટેલ ,,
૧—૦—૦ ,, નાનાલાલ જેઠાલાલ જેષ્ઠીમલ ,,
૨—૦—૦ ,, અનિરુદ્ધરાય ત્રંબકલાલ ત્રિવેદી ,,
૧—૦—૦ ,, ત્રંબકરાવ ગોવિંદરાવ દેહાડે ,,
૧—૦—૦ ડૉ. પુલાભાઈ મથુરભાઈ પટેલ ,,
૧—૦—૦ શેઠ ખીમજીભાઈ જેશીંગભાઈ વાઘેલા ,,
૨—૦—૦ ,, શાંતિલાલ મગનલાલ સાકંળાકર ,,
૧—૦—૦ ,, રમણલાલ મોહનલાલ જની ,,
૨—૦—૦ ,, નૃસિંહલાલ નારણલાલ ઠક્કર ,,
૫—૦—૦ ,, સુમંતરાય હકુમતરાય દેસાઈ ,,
૨—૦—૦ ,, જીવણદાસ માધવજી ઠક્કર ,,
૨—૦—૦ ,, ઉમીંયાશંકર મણિશંકર લાખિયા ,,
૧—૦—૦ ,, રઘુનાથરાવ યશવંતરાવ પ્રધાન ,,

૧—૦—૦ શેઠ રામલાલ ચુનીલાલ મોદી પાટણ
૨—૦—૦ ,, મણિલાલ માધવલાલ દવે ,,
૧—૮—૦ એક ગ્રહસ્થ ,,

રૂા. ૨૦૧—૦—૦

શ્રી. ગંગારામ વરૂ (વાંકુ-કચ્છ) તરફથી નીચેનો બીજો હપ્તો મળ્યો છે:—

૧—૦—૦ શેઠ દામજી હુંગરસી કાદીયાય
૧—૦—૦ ,, કાનજી જીવરામ ,,
૧—૦—૦ ,, રામજી ગોપાળ ,,
૧—૦—૦ ,, વસરામ માના ,,
૧—૦—૦ ,, શંભુલાલ મોરારજી ,,
૧—૦—૦ ,, વીશનજી અને માવજી ,,
૬—૦—૦ ઠારોઈ શાળાના વીદ્યાર્થીઓ તથા શિક્ષકો હા. રતનશી પેથાભાઈ શાહ ઠારોઈ

રૂા. ૧૨—૦—૦

ભાદરણના સ્વ. વિઠ્ઠલભાઈ ઝવેરભાઈ પટેલ બાલમંદિરના આચાર્ય શ્રી. પ્રભુદાસ તરફથી નીચે પ્રમાણે રકમ મળી છે:—

૧૧—૦—૦ શેઠ પ્રભુદાસ ધુળાભાઈ પટેલ ભાદરણ
૧—૦—૦ શેઠ લક્ષ્મણરાવ પટ્ટણકુડીકર ,,
૨—૦—૦ ,, બાબુભાઈ ભીખાભાઈ પટેલ ,,
૨—૦—૦ ,, મણિભાઈ પુલાભાઈ પટેલ ,,
૫—૦—૦ શેઠ શિવાભાઈ આશાભાઈ પટેલ ભાદરણ
૧—૦—૦ ,, નારણભાઈ નૃસિંહભાઈ ,,
૧—૦—૦ ,, મુળજીભાઈ હાથીભાઈ પટેલ ,,
૧—૦—૦ ,, જશભાઈ વિઠ્ઠલભાઈ પટેલ ,,
૫—૦—૦ ડૉ. ચિંતામણ રંગનાથ ફલણીકર ,,
૧—૦—૦ શેઠ કાનજીભાઈ મોતીભાઈ પટેલ ,,
૧—૦—૦ ,, હાથીભાઈ ભાઈલાલભાઈ પટેલ ,,
૧—૦—૦ ,, મંગળભાઈ શંકરભાઈ પટેલ ,,
૨—૦—૦ ,, શંકરલાલ લક્ષ્મીશંકર મહેતા ,,

રૂા. ૩૪—૦—૦

કુલ રૂા. ૧૨૮૧૦—૧—૦

[વધુ હવે પછી આપાશે.]

મોન્ટીસોરી શિક્ષણ પ્રચારમાળા

લેખકો:—સ્વ. ગિજુભાઈ અને શ્રી. તારાબેન.

કિંમત ૦—૧૦—૦ ટપાલ ખર્ચ ૦—૨—૩

મગાવો: "શિક્ષણ પત્રિકા" કાર્યાલય હિંદુ કોલની, દાદર.

મુદ્રક: કૃ. ના. સાપલે: રામકૃષ્ણ પ્રિં. પ્રેસ: ત્રિભુવન રોડ, મુંબઈ ૪.
પ્રકાશક: શ્રી. તારાબેન મોડક: 'શિક્ષણપત્રિકા' કાર્યાલય: હિંદુ કૉલોની, દાદર.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

સંદેશ

"બાલકાર્ય અથવા બાલકના કલ્યાણ માટે બને તે બધું કરવું તેનાથી અધિક પવિત્ર એવું બીજું કાર્ય નથી. જનતાના કલ્યાણની દૃષ્ટિએ પણ તેનાથી વધારે મહત્ત્વનું બીજું કાર્ય નથી, કારણ બાળક એ માનવનો જનક છે."

ડૉ. મૅરીઆ મૉંટેસોરી

વર્ષ ૧૫ | :: કાર્યાલય :: | અંક ૮

૧૯૯૬ | દાદર, મુંબઈ ૧૪ | આશ્વીન

આજનો પ્રસંગ

(ભાવનગરમાં તા. ૨૦ એ ભરાએલ નૂતન બાળશિક્ષકોના સંમેલનના પ્રમુખસ્થાનેથી
શ્રી. સરલાદેવી સારાભાઈ એ કરેલું ભાષણ.)

મિત્રો,

આજના સંમેલનના પ્રસંગે એકબીજાંને મળતાં બેશક આપણને આનન્દ થાય છે, તેમ છતાં, એક પ્રકારના શોકની છાયામાં આપણે મળીએ છીએ, એમ આપણાં સર્વનાં અંતઃકરણ સાક્ષી પૂરતાં હોવાં-જોઈએ. જે સંઘના આશ્રય નીચે આજે આપણે ભેગાં થયાં છીએ તેનો જન્મ, શ્રી દક્ષિણામૂર્તિના ચિરંજીવ ફળરૂપે જાણે ન હોય તેમ, આ સ્થળે થયો હતો. ગુજરાતના કેળવણીના, અને સવિશેષે કરીને બાલકેળવણીના ઇતિહાસમાં અતિ ગૌરવભર્યું સ્થાન લઈ શકે એવી છેલ્લી લગભગ પા સદીમાં આ સ્થાને તેજસ્વી અને નવીન આદર્શો સેવાયા છે અને તે અનુસાર નિર્ભયતાથી પ્રયોગો પણ કરાયા છે. ભૂતકાળની આવી સ્મૃતિઓથી પુનિત બનેલાં આ સ્થાનમાં આપણે ફરીથી મળીએ છીએ, તે સર્વથા યોગ્યજ છે. પણ જે આત્માની ભાવના અને દૃઢ આગ્રહને લઈને આ સંઘની ઉત્પત્તિ અને સંવર્ધન થયાં તે અત્યારે આપણી સમક્ષ મૂર્તરૂપે નથી તેથી આપણને પરમ ખેદ થાય, એ સ્વાભાવિક છે. ગુજરાતમાં બાળકેળવણીના ક્ષેત્રમાં નવીન પ્રકાશ ઝીલી તેને મૂર્ત અને વ્યાપક સ્વરૂપ આપનાર કેટલીક વિરલ વ્યક્તિઓમાં સ્વ. ગિજુભાઈ અતિ પ્રસિદ્ધ પુરુષ હતા. આપણાં ગૃહો અને શાળાઓમાં બાલજીવન પ્રત્યે પ્રવર્તી રહેલાં અજ્ઞાન, ઉપેક્ષા અને નિર્જીવ પ્રણાલિમાંથી બાળકને વિનિર્મુક્ત કરવા તેમણે જે સમર્થ આંદોલનો જગાડ્યાં તેને માટે આપણે સવ વત્સલ માતાપિતા, શિક્ષકો અને બાળકો હંમેશના તેમના ઋણી છીએ. બાળકેળવણીના ક્ષેત્રમાં તેમને જે નવીન દર્શન થયું તે બીજાંઓને પણ થાય અને એ દર્શનમાં અંતર્ગત રહેલી ભાવનાઓને માત્ર વ્યાપક ક્ષેત્ર મળે એટલું જ નહિ, પણ એનાથી પ્રેરાઈ વ્યવસ્થિત અને શાસ્ત્રસિદ્ધ પ્રયોગો તેમના બાલમંદિરમાં કરીને તેમણે નૂતન બાળકેળવણી સંઘની સ્થાપના કરી અને તે સાથે શિક્ષકોને તાલીમ આપવા એક અધ્યાપન મંદિર પણ સફળતાથી ચલાવ્યું. તેમણે વાવેલાં બીજનાં અંકુરો આપણે આજે અનેક ગૃહો અને બાલમંદિરોમાં રસપૂર્વક નિહાળી રહ્યાં છીએ. બાળકેળવણીના ક્ષેત્રમાં આપણે ખરેખર, એક આગ્રહી દિગ્દર્શક અને સમર્થ શિક્ષક ગુમાવ્યા છે. તેમની પ્રવૃત્તિઓ એટલી તો વ્યાપક હતી કે આ ક્ષેત્રમાં સર્વત્ર તેમની ખોટ પડેલી જણાય છે. પણ હવે આમ માત્ર ખેદ પામ્યે કે મિથ્યા પ્રલાપ કર્યે ચાલશે નહિ. જીવનનો પ્રવાહ સતત વહેવો જોઈએ. તેમણે ખેડેલા આદર્શોમાં જ એવું સામર્થ્ય છે કે તેનો અવતાર યોગ્ય વ્યક્તિઓમાં થવો જ જોઈએ. માટે ભક્તિ અને શ્રદ્ધાથી તેમનો કાર્યસંદેશ ધારણ કરી આપણે તેમનું સ્મરણ કરીએ, એમાં જ તેમનું અને આપણું ગૌરવ છે.

આ સંઘની સ્થાપનાને લગભગ દોઢ દસકો વીતી ગયો છે. મેં ઉપર જણાવ્યું તે પ્રમાણે તેની સ્થાપવાની કલ્પના પ્રથમ સ્વ. ગિજુભાઇની જ હતી; અને એ આખા સમય દરમિયાન શ્રી દક્ષિણા મૂર્તિની છાયા નીચે તેમણે, શ્રી. નાનાભાઈ, શ્રી. તારાબેન અને અન્ય મિત્રોના સક્રિય

સહકારથી સંઘની બધી પ્રવૃત્તિઓ ચાલુ રાખી હતી. સ્વ. ગિજુભાઈ પછીથી શ્રી. તારાબેને સંઘનું સઘળું કામ ઉપાડી લીધું છે અને જે કર્ત્તવ્યનિષ્ઠા અને ઉત્સાહથી, એકલે હાથે, અદ્યાપિ તે અનેક મુશ્કેલીઓનો સામનો કરી પોતાનો પંથ કાપી રહ્યાં છે તે માટે આ સંઘે કૃતજ્ઞતાપૂર્વક તેમનો આભાર માનવો ઘટે છે.

પણ હવે, દરેક સંસ્થાના વિકાસક્રમમાં બને છે તેમ, આપણો સંઘ તેની બીજી ભૂમિકાએ પહોંચ્યો છે. કોઇપણ સંસ્થાની પ્રમથ ભૂમિકામાં સ્વાભાવિક રીતે જ કેટલીક વ્યક્તિઓ જ અગત્યનો ભાગ ભજવે છે. તેમની ભાવનાઓ અને કલ્પના એટલાં તો સબળ હોય છે કે, તે તેમના જમાનાને નવું માર્ગદર્શન કરાવે છે અને આપોઆપ પોતાના નવીન વિચારોને અનુરૂપ કાર્યપદ્ધતિ યોજી લે છે, અને ક્રમશઃ તેઓ પોતે જ, એક વિશિષ્ટ અર્થમાં, સંસ્થારૂપ બની જાય છે. આ સ્થિતિ કેવળ સ્વાભાવિક છે. ભાવનાનું સક્રિય આવિષ્કરણ પ્રથમ, અને ત્યાર બાદ જ, પ્રણાલી અથવા સંસ્થા અથવા બીજા શબ્દોમાં કહીએ તો બંધારણ. આ બીજી ભૂમિકાએ આપણા સંઘને સ્પષ્ટ અને ચોક્કસ બંધારણ હોવું આવશ્યક છે તેનાં કારણોમાં ઉતરીએ તો પ્રથમ દૃષ્ટિએજ લાગશે, કે જે ગિજુભાઈ સંઘની બધી પ્રવૃત્તિઓને આવરી લેતા તેનો અભાવ છે. તે ઉપરાંત સંઘની પ્રવૃત્તિઓ હવે સવિશેષ વ્યાપક બનાવવાની પણ આવશ્યતા ઉભી થયેલી છે. ગુજરાતમાં ઠેકાણેઠેકાણે બાલમંદિરો સ્થપાતાં જાય છે, અને બાલકેળવણીમાં રસ લેતાં માતાપિતાની સંખ્યા પણ ઉત્તરોત્તર વધતી જાય છે. આ સર્વ બાલમંદિરો અને માતાપિતાઓને વધારે સ્પષ્ટ માર્ગદર્શન મળે અને તેમના કામમાં તેજસ્વિતા અને વેગ આવે તે અર્થે હવે સંઘને સચોટ પ્રયત્નો કરવાના છે, એમ આપણ સર્વેને લાગ્યા વિના નહિ રહે.

નવીન બાળકેળવણીની દૃષ્ટિએ પ્રયોગો થઈ રહ્યા છે તે દરમિયાન મહાત્માજીએ સારા હિંદુસ્તાનને વર્ધા કેળવણી યોજનાની અભૂલ્ય ભેટ આપી છે. માત્ર અર્થ અને રાજકારણનાં ક્ષેત્રમાં નહિ, પણ મનુષ્ય જીવન વિષેની કલ્પના અને આચારમાં પ્રાણ અને માંગલ્ય પૂરવા ઇચ્છતી તેમની નવ રચનામાં આ વર્ધા યોજના પાયારૂપે વિરાજે છે. આપણી સંસ્કૃતિ, વર્તમાન સ્થિતિ અને ભાવિને અનુરૂપ આ યોજના માત્ર આપણે જ નહિ, પણ આખા જગતના આદર અને માનને પાત્ર બનવી યોગ્ય છે. તેથી નૂતન બાલકેળવણીનાં સિદ્ધાંતો અને સાધનોનો, તેમ જ, વર્ધા યોજનાના અંતર્ગત મર્મનો તલસ્પર્શ અભ્યાસ કરી, શ્રદ્ધાથી શાસ્ત્રીય પ્રયોગો કરવા, આપણા વાતાવરણને અનુકૂલ નવાંનવાં સાધનો ઉપજાવવા, અને એ રીતે બાલજીવનદ્વારા દેશનું સકળ જીવન નવપલ્લવિત કરવું, એ જ મહત્ આશય સંઘે હવે પાર પાડવાનો છે, એમ કોને લાગ્યા વિના નહિ રહે ? આજે આ જગ્યાએ મારે બદલે કોઈ શિક્ષક હોત તો તે જરૂર વધારે સ્પષ્ટતા અને સચોટતાથી તમને ભાવી કાર્યનું રેખાદર્શન કરાવત.

બંધારણનો ખરડો તમે જોયો હશે અને તે ઉપરથી તમને તે વિષે સ્પષ્ટ ખ્યાલ આવ્યો હશે. મને આશા છે કે, તે તમારા સર્વના હાર્દિક અને સક્રિય સહકારને પાત્ર બનશે. મિત્રો, હવે શિક્ષકોની શ્રદ્ધા અને કસોટીના કપરા દિવસો આવતા જાય છે તે આપણાથી અજાણ્યું નથી. જે ક્ષણે રાજ્યકર્તાઓ પોતાનાં પ્રજાજનોના વ્યક્તિત્વની કૂર અવગણના કરી, તેમને ફાવે તેમ કોઇએક ચોક્કસ બીબામાં ગોઠવવાના જટિલ પ્રયત્નો કરી રહ્યા છે ત્યારે બાલજીવનના વ્યક્તિત્વનો વિકાસ સાધવાની શિક્ષકોની ફરજ અત્યંત કઠિન બનતી જાય છે. વર્તમાન સંગ્રામનો દારૂણ સંહાર,

વધતાં જતાં વેરઝેર, માનવતાનો થઇ રહેલો લોપ અને નિષ્ફળ દેખાતી જતી સંસ્કૃતિને નિહાળતાં એમ લાગ્યા વિના નથી રહેતું કે ભવિષ્યના નવ-સર્જન માટે માત્ર રાજપુરૂષોના ઉપલક અને ક્ષુલ્લક પ્રયત્નો નહિ ચાલે; જીવનને ખંડમાં નહિ, પણ સમગ્રરૂપે જોઈ નવસર્જનની શરૂઆત બાળ-કેળવણીથી જ કરવી જોઇશે ? સમાજનો સાચો ઘડવૈયો બાલશિક્ષક છે એ પ્રતીતિ આપણ સર્વને થાય તો કેવું સારું ? પ્રભુ આપણી શ્રદ્ધા અને હિંમત જવલંત અને દૃઢ રાખો, અને આપણા આદર્શોને કાર્યમાં મૂકવાનું બળ આપો ! તમારો સર્વનો હાર્દિક અને સક્રિય સહકાર આ કાર્યમાં મળશે એવી આશા રાખી વિરમું છું.

ભવિષ્યમાં શું ?

(ભાવનગર સંમેલનપ્રસંગે આપેલું શ્રી. તારાબેનનું ભાષણ.)

ગઈ કાલથી આપણે અહીં ભેગાં મળ્યાં છીએ ને કાંઇ કાંઈ વિચારણા કરવાના પ્રયત્નો કરીએ છીયે. તેમાં મને લાગે છે કે મારી જેમ બધાંનો અનુભવ હશે કે આ ભૂમિ આટલાં બધાં પૂર્વસ્મરણોથી ભરેલી છે કે ભવિષ્યના વિચારો કરવા બેસીએ ત્યાં ભૂતકાળ જ મન આગળ ખડો થાય છે. આપણે હવે આમ કરવું જોઇએ એમ વિચારીએ ત્યાં આપણે શું શું કરતાં હતાં તેજ બધું ઘસારો કરી આગળ આવે છે.

મહાપ્રયત્નથી પૂર્વકાળને દૂર કરી તમારી આગળ ભવિષ્યના વિચારો ટૂંકમાં મૂકવા ધારૂં છું.

હું સંઘનાં નાણાં બેંકમાં મૂકવા ગઈ. બેંકવાળો કહે તમારી સોસાયટીનું બંધારણ મોકલજો. મને થયું કાંઇક બંધારણ જેવું કરીને મોકલી દઇએ. પેલા લોકોને જોઇએ માટે કાંઇક ઘડીને મોકલી દઇએ. મેં શ્રી. સરલાદેવી આગળ વાત મૂકી. તેમણે પણ સંમતિ આપી કે આપણે બંધારણ ઘડીએ ને ઑ. મિ. પકવાસાસાહેબની સલાહ લેવાનું સૂચવ્યું. સરોજબેન ને હું પકવાસાસાહેબની પાસે ગયાં. ત્યારે તેઓ પૂછવા લાગ્યા કે શેનું બંધારણ ઘડવાનું છે ? સંઘ એટલે કોનો સંઘ ને તેનું કાર્ય શું ? મારી આગળ બન્નેના જવાબો ન હતા. કોનો સંઘ ? સંઘના સભાસદો કોણ ? આપણે પહેલાં એમ ઠરાવ્યું હતું કે શિક્ષણ-પત્રિકાના ગ્રાહકો તે બધા સંઘના સભાસદો ગણાય. પણ પકવાસાસાહેબ કહે કે તે તો ગ્રાહકોજ ગણાય. મારે પણ કબૂલ કરવું પડયું. આસ્તે આસ્તે આપણામાં પણ "પત્રિકાના ગ્રાહકો", "પત્રિકાનું લવાજમ" વગેરે જ ભાષા આવી ગઈ હતી. જે લોકો પત્રિકા લે છે તેમને મન પણ આપણે પત્રિકાનું લવાજમ ભરીને તે મંગાવીએ છીએ આથી વિશેષ ખ્યાલ હોતો નથી. એ વાત તો સાચી. પછી સંઘ શું કરે છે એ પ્રશ્ન આવ્યો ત્યારે પત્રિકા સિવાય તેનું પોતાનું બીજું કામ પણ હું દેખાડી ન શકી. પકવાસાસાહેબ કહે કે ત્યારે તો એ એક માસિક પત્રની ઑફીસ છે. તેમાં બંધારણની શી જરૂર છે?

મને તો ધક્કો જ લાગ્યો. સાચે જ સંઘ પાસે પત્રિકાના કાર્યાલય સિવાય બીજું કશું જ નથી. એ વાત સ્પષ્ટ દેખાઈ.

પહેલાં આ બાલમંદિર હતું; બાલમંદિર સાથે જોડાએલું અધ્યાપન મંદિર ધમધોકાર ચાલતું હતું. અધ્યાપન મંદિરમાંથી નીકળેલા વિદ્યાર્થીઓ હતા. એ વિદ્યાર્થીઓ જે જુદી જુદી સંસ્થામાં

કામ કરતા હતા તે સંસ્થાઓનું સૂર્યમંડળ હતું. આજે સૂર્ય જવાથી એ મંડળ મટી ગયું છે. એ સંસ્થામાં નિરીક્ષણ અર્થે અથવા જુદે જુદે પ્રસંગે જવાનું હતું. દ. મૂ. નું પ્રકાશનમંદિર હતું; વસંતબાળશિક્ષણમાળા હતી એટલે શિક્ષણ વિષયક કે બાલસાહિત્યનું પ્રકાશન ચાલતું હતું; ગ્રામ અધ્યાપનમંદિર હતું; ગામડામાં ચાલતી ત્રણ પ્રયોગશાળા હતી અને સૌથી વધારે એટલે પ્રભાવશાળી કાર્યકર્તા હતા. આજે બીજું બધું ગયું ને માત્ર પત્રિકા રહી છે તેથી સંઘ એટલે માત્ર પત્રિકા કાર્યાલય રહ્યું છે.

મેં આસપાસ નજર ફેરવી. બાલશિક્ષણમાં કામ કરનારા ભાઈબેનોને મળી. એમ તો લાગ્યું કે સંઘ જેવી સંસ્થાની જરૂર તો છે જ. એ બધાં કામ કરે છે તેમને એકત્રિત કરનાર એવી એકાદ મધ્યવર્તી સંસ્થા તો જોઈએ જ. દક્ષિણામૂર્તિ હતી, દક્ષિણામૂર્તિની છાયા નીચે ચાલનાર અનેક કાર્યો હતાં તેથી સંઘ અત્યારસુધી સ્વતંત્ર સંસ્થા ન બની. ગિજુભાઈ હતા ને તેમનું સર્વવ્યાપી કાર્ય હતું. તેથી સંઘનું જુદું એવું વિશેષ કામ જણાયું જ નહિ. આજે સંઘ એકલો અટુલો હસ્તિ ધરાવે છે તે માત્ર શિક્ષણ પત્રિકાના કાર્યાલયમાં.

પરંતુ પહેલાંની જેમ મધ્યવર્તિ સંસ્થા તરીકે સંઘે પુનઃ જન્મ લેવાની જરૂર જણાય છે. આપણે સૌ જે એકવાર દક્ષિણામૂર્તિની છાયા નીચે એક થયાં હતાં તે હવે કોઈ પણ એક ઝંડાની નીચે પાછા સંઘઠિત થવાની જરૂર છે. તે વગર આપણા કાર્યને બળ આવશે નહિ. એક એક જુદ્ધ પડી જઈશું તો પોત પોતાનું કામ કર્યા કરીશું પણ તેથી બાળકોના નવશિક્ષણનું કાર્ય જોઈએ તેવું ફેલાશે નહિ. તેને બળ મળશે નહિ. તેની દિશા વખતો વખત તપાસતા રહીને તેને સાચી દિશામાં રાખવું જોઈએ. નહિતર આટલા પ્રયત્નોથી જે કાર્ય ગિજુભાઈએ ને દક્ષિણામૂર્તિએ શરૂ કર્યું ને આટલું બધું આગળ ધપાવ્યું તે ટૂંક મુદ્દતમાં જ વિખાઈ જશે. જે બાળજીવનના મુક્ત વિકાસ માટે આટલી બધી મહેનત લેવાઈ હતી તે બાળજીવન પાછું પહેલા ચીલામાં પડી જશે.

એટલે પાછળ રહેનાર આપણા ઉપર આ એક પવિત્ર ફરજ આવી પડી છે કે આપણે સૌએ સંઘઠિત થઈ આપણા ગિજુભાઈએ આદરેલાં કામને ટકાવી રાખવું ને આગળ ધપાવવું. આપણામાં ગિજુભાઈની પ્રતિભા ન હોય; ગિજુભાઈની શક્તિ ન હોય; ગિજુભાઈની અથાક મહેનત ન હોય, તેમનો વેગ ન હોય તેથી નિરાશ થઈ તે છોડી દેવાની જરૂર નથી. આપણા એક એકમાં ન હોય તો આપણે સો જણાં ભેગાં મળી એક ગિજુભાઇ થઈશું ને કામને ટકાવી રાખીશું.

પકવાસાસાહેબ જ્યારે સંઘ એ સંસ્થા જ નથી એમ સ્પષ્ટ બોલ્યા ત્યારે મને તે અત્યંત કર્ણકટુ લાગ્યું ને મેં તો સંસ્થા છે જ એમ કહ્યું. પણ મને મનમાં થયું કે વહેલામાં વહેલી તકે એને સંસ્થા બનાવવી જોઈએ.

આજે આપણે ભેગાં મળ્યા છીએ તે સંઘની અંદર સંસ્થા તરીકેની પ્રાણપ્રતિષ્ઠા કરવાની ખાતર. સંઘ એટલે અમુક એક વિશેષ ધર્મકાર્ય યોજી તેની ખાતર એકત્રિત થએલો જનસમૂહ. આપણી આગળ આપણું કાર્ય છે; આપણું ધ્યેય છે અને આ આપણે બધાં છીએ. આપણે સંઘઠિત થઈશું એટલે તેજ ક્ષણે સંસ્થા થઈ જશે.

સંઘની આગળ એટલે આપણી આગળ બે જાતનાં કામો છે. એક તો અત્યારે જે જે કામ જૂદી જૂદી જગ્યાએ ચાલી રહ્યું છે-તેને દિશા સૂચનને માર્ગદર્શન કરવું. તેમની મુશ્કેલીઓમાં બને તેટલી મદદ કરવી. એકંદરે થાય છે તેજ કામ વધારે વ્યવસ્થિત થાય ને વધારે જુસ્સાથી ને

વેગથી ચાલે તેમ કરવાનું છે. આ ક્ષેત્રમાં જે જે કામ કરી રહ્યાં છે તેવા કાર્યકર્તાઓનું એક મંડળ કરીશું એટલે જે આપણે બધાં આજે છુટાં પડી ગયાં છીએ તે સાથે આવીશું ને એક બીજાંને મદદ કરી આપણાં કામો વધારે સંગીન બનાવી શકીશું. તેથી સંઘના બંધારણમાં કાર્યકર્તાઓનું મંડળ નીમવાની વાત મૂકી છે, જે કાર્યની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વની છે. તમે સૌ એમાં જોડાશો એવી તમને વિનંતિ કરું છું. કોઈપણ વ્યક્તિ, કાર્યકર્તા તરીકે વ્યક્તિગત જોડાઈ શકે ને સંસ્થાઓ પણ જોડાઈ શકે ને પોતાનો પ્રતિનિધિ, કાર્યકર્તા તરીકે મોકલી શકે. એમાંથી એક નાનું એવું મંડળ ઉભું કરી આપણે કાર્ય કરવાનું છે. સંઘે શું શું કાર્ય હાથ ધરવું તે એ મંડળ નક્કી કરે ને પાર પાડે. વર્ષવર્ષના કામનું બજેટ એટલે કામ કેટલું કરવું તે આ મંડળ નક્કી કરી, ધાર્યું તેમાંથી કેટલું થયું તે ત્રણ ત્રણ મહિને તપાસતા રહે ને વર્ષ આખરે કામનો હિસાબ જુએ–એ કાર્યકર્તા મંડળની કલ્પના છે. આ મંડળ ઘણી જાતનું કામ ઉભું કરી શકે. બાસ ઉજવવાના દિવસો નક્કી કરે; નિરીક્ષણ મંડળ ઉભું કરે; આંકડાઓ કાઢે. એક બે વર્ષમાં એ સારૂં એવું કાર્યકરી મંડળ થઈ જાય.

મારે મન એ મંડળ એ જ આ સંસ્થાનાં પ્રાણ રૂપ થઈ રહેશે. બધી હીલચાલ તેમાંથી થશે. કામને વેગ તેમાંથી મળશે. કામની દિશા ત્યાંથી બતાવાશે. કામને મદદ પણ ત્યાંથીજ મળશે. એટલે આ કાર્યકર્તાઓનું મંડળ મજબૂત કરવું એ આજનું આપણું પહેલું કામ છે.

સંઘ આગળ બીજું કામ મને એ દેખાય છે કે ચાલેલા કામને મજબૂતી આપ્યા બાદ સંઘે કાંઇક નવું કામ હાથ ધરવું જોઇએ. એકાદી આદર્શ સંસ્થા ચલાવવી, કે અધ્યાપન મંદિર ચલાવવું, કે પ્રકાશન મંદિર ખોલવું એવાં એવાં ઘણાં કામો છે કે જે એક મધ્યવર્તી સંસ્થામાં ચાલવા જોઇએ. તે વગર તે મધ્યવર્તી સંસ્થા બનતી નથી. છતાં આજની પરિસ્થિતિએ એ બધું એકીસાથે બની શકે તેમ નથી. તેમજ કયા કામને આજે વિશેષ ચાલના મળવાની જરૂર છે તે જોઈ તેમાંનું એકાદ કામ ઉપાડી લઈ આપણે શરૂ કરીએ તો આસ્તે આસ્તે તેની આસપાસ બીજાં કામો પણ ઉભાં થતાં જશે.

મહત્ત્વની દૃષ્ટિએ રાષ્ટ્રની આજની વિશેષ જરૂરીઆત જોઇને આપણે કામ ઉપાડવું જોઇએ એમ મને લાગે છે.

મારે મન ગરીબનાં બાળકો ને શ્રીમંતોનાં બાળકો જુદાં નથી. ગામડાનાં બાળકો ને શહેરી બાળકો પણ જુદાં નથી. બાળકમાત્રને માટે નૂતન શિક્ષણ સંબંધે કામ કરવાનું છે. કારણ બાળકો-સંબંધે વિચાર કરવાની દૃષ્ટિમાં ફેરફાર કરાવવો છે. હજી શિક્ષકો અને માબાપો પહેલાં કરતાં બહુ જુદાં થઈ ગયાં છે એમ નથી. હજી સોટીનો કે હાથનો માર કાયમનો નાબૂદ થયો છે એમ નથી. હજી બાળકોને બીકથી છાનાં રાખવાની પ્રથા તદ્દન નીકળી ગઈ છે તેમ નથી. હજી બાળકો અપમાનિત થતાં સમૂળાં મટી ગયાં છે કે લાડ લડાવીને બાળકોને મૂર્ખાં બનાવવાની પ્રથા જતી રહી છે તેમ નથી. એ બધું છે છતાં એટલું તો બન્યું છે કે જેઓ શહેરમાં રહે છે તેમને બાળ-શાળાની જરૂર લાગવા લાગી છે. તેથી શહેરોમાં બાળશાળાઓ સ્થપાવા લાગી છે. બાળશાળાઓનો ખર્ચ વધારે આવે તો તે પણ આપીને વધારે ફી ભરીને શહેરી માણસો પોતાનાં બાળકોને શાળામાં મોકલતાં થયાં છે. અત્યારે થોડી શાળાઓ હોય તો દિવસે દિવસે એવી શાળાઓ વધશેજ એવી વકી દેખાય છે. ડૉ. મૉંટીસોરી જેવાં સમર્થ બાળકેળવણીકાર આપણા દેશમાં આવીને તેમના

શિક્ષણ વર્ગો ચલાવે છે એ શિક્ષકો મોટે ભાગે શહેરોમાં જ કામ કરશે એટલે ઘણે અંશે શહેરોનાં બાળકોનો પ્રશ્ન બાળકોનાં માબાપો અને મૉંટીસોરી ડિપ્લોમાવાળા શિક્ષકો ઉકેલી લેશે એવો સંભવ દેખાય છે.

શ્રીમંતોને પણ આ શિક્ષણની જરૂર મનમાં ઠસે એટલે પોતાનાં બાળકો માટે વિચાર કરી તેઓ રસ્તો કાઢી શકે છે. તેઓ સ્વતંત્ર શિક્ષક રોકીને અથવા કોઈપણ રીતે પોતાનાં બાળકોનાં શિક્ષણની વ્યવસ્થા કરી શકે છે.

એટલે સંઘ તરફથી હવે જે સંસ્થા ઊભી થાય તો તે ગામડાનાં બાળકો, ગરીબ મધ્યમ વર્ગનાં બાળકો, મજૂર વર્ગનાં બાળકો વગેરેને માટે નીકળવી જોઈએ એમ મને લાગે છે.

આ વર્ગનું કામ આપણે હાથ ધરીશું એટલે ઘણા પ્રશ્નો વ્યાવહારિક દૃષ્ટિએ વિચારવા પડશે. જેમ કે સાધનો, શિક્ષકોનો પગાર વગેરે. કેમ કે આ જાતની બધી શાળામાં શિખનાર બાળક પાસેથી કશી ફી લઈ શકાશે નહિ. અર્થાત્ બધો ખર્ચ સંસ્થાએ પોતે જ કરવાનો રહ્યો. તેમ જ આવી શાળાઓ જથ્થાબંધ નિર્માણ થાય તો જ બધાં બાળકોને પહોંચી વળાય. તેથી આવી શાળા માટે મકાન કઈ જાતનું હોય, તેમાં સાધનો કઈ જાતનાં વાપરવાં, તેમાં શિક્ષકો કેવા રાખવા, શિક્ષકને મહેનતાણું આપવું કે શિક્ષક લોટ માગીને પેટપૂરતું મેળવી લે, શિક્ષકના કુટુંબની શી વ્યવસ્થા હોય વગેરે અનેક પ્રશ્નો આપણે ઉકેલીને ગરીબની બાલશાળા કેવી હોય તેનો એક આદર્શ સમાજ સમક્ષ મૂકવો પડશે. તે માટે શિક્ષકો તૈયાર કરવા જોઈએ ને તેવી શાળાઓ વધારે નીકળે તે માટે પ્રયત્ન કરવો જોઈએ.

એ દિશામાં આપણને આપણા મુ. નાનાભાઈ સારી દોરવણી આપશે ને આપણા જુગતરામભાઈ માર્ગદર્શક થશે એવી આશા રાખીએ છીએ: મુ. નાનાભાઈ ને જુગતરામભાઈ જે કામ હાલમાં કરી રહ્યા છે ત્યાં જ આપણા સંઘના ગ્રામ બાલમંદિરનું એક એક કેન્દ્ર થઈ શકશે.

હું મુંબઈમાં રહું છું ને મારાથી મુંબઈ છોડાય એમ નથી માટે સંઘના નવા કામમાં હું કશું જ ન કરી શકું એમ નથી. મુંબઈ જેવા મોટા શહેરમાં જ ગરીબો અત્યંત કષ્ટપ્રદ સ્થિતિમાં રહે છે; ત્યાંનાં બાળકોની સ્થિતિ તો પ્રથમ હાથ ધરવા જેવી છે. કેમકે ગામડાનાં બાળકોને બીજું કાંઈ નહિ તો ખુલ્લી હવા ને દોડાદોડ કરવા માટે પુષ્કળ જગ્યા તો મળી રહે છે. મુંબઈવાળાં ગરીબ બાળકોને પૂરતું આવાનું તો નથી જ; શિક્ષણ બિક્ષણ તો નથી જ પણ બિચારાંને હાથપગ હલાવવા જગ્યાં જ નથી ને પૂરતી ખુલ્લી હવા પણ નથી. ઘણીવાર દસ ચોરસ ફૂટની ઓરડીમાં પાંચ માણસોનો સંસાર ચાલે છે. મુંબઈમાં પાર વગરનાં એવાં બાળકો છે ને તેમને પડતી મુશ્કેલીઓનો પણ પાર નથી. રસ્તા કે શેરીમાં રમવા જાય ત્યાં મોટર કે ટ્રામ નીચે કચરાઈ જવાની બીક. કોઠાંબુ કે કાકડી કે ગાજર ચિભડાં જેવાં સાદાં જંગલી ફળોના ફોટલાય પૈસા બેસે. પૈસા તો ન મળે ને છતાંય પૈસા ઠસડીને લઈ જાય એવી કેટલી યે વાતો હોય. હું કેટલીયે વાર મુંબઈમાં મજૂરોને બસમાં બેસી જતાં જોઉં છું ત્યારે મને આશ્ચર્ય થાય છે કે જ્યાં બસમાં બેસતાં મને પણ જરા વિચાર કરવો પડે છે કે એક આનામાં ટ્રામ લઈ જાય ત્યાં ચાર આના બસના કેમ દેવાય–ત્યાં આ મજૂરો રોજ બસમાં કેમ જતા આવતા હશે? ગામમાં (પરેલબાજુ) ત્રણ ચાર સિનેમાગૃહો કેમ ચાલતા હશે? પણ મુંબઈમાં જીવંત રહેવું એટલે અનેક જાતના ખર્ચમાં ઉતરવું જ પડે છે

ને તેથી ગરીબોની અવસ્થા ગામડા કરતાં પણ કફોડી ને કરુણાજનક હોય છે.

એ જ અથવા એનાથી પણ વધારે કઠણ સ્થિતિ મુંબઈના ગરીબ મધ્યમ વર્ગની છે. રહેણી કરણી, વિચારસરણી, બૌદ્ધિક જીવન વગેરે બધામાં આ વર્ગ શ્રીમંત મધ્યમ વર્ગની જેવો જ હોય છે. તે ભણેલો ગણેલો ને ઉજળીઆત હોય છે. શ્રીમંત એટલે સુસ્થિતિવાળા મધ્યમ વર્ગની બધી જરૂરિયાતો તે આ વર્ગની પણ જરૂરિયાતો હોય છે. ફરવા જવું, સ્થળો જોવા જવું, છાપાં વાંચવાં, પુસ્તકો માસિકો વાંચવાં, સારું સારું ભરતગૂંથણ કરવું, સારાં ચિત્રપટો જોવાં, પરિષદ કે સભામાં જવું વગેરે બધી ભણેલા લોકોની બૌદ્ધિક ને સંસ્કારી જીવનની જરૂરિયાતો. આ લોકોને હોય છે. ઘણા બ્રા ગ્રૅજ્યુએટો ને સારા ભણેલા હોય છે. તેમનાં બાળકો માટે આવી નવી ઢબની શાળાઓ નથી એ પણ તેમને સાલે છે. અજ્ઞાની વર્ગનું એક સુખ કે તેમને નથી તેનું બહુ દુઃખ હોતું નથી. પણ સજ્ઞાનીને તો આપણને મનુષ્ય તરીકે જીવવા માટે શું શું જોઇએ તેનું ભાન હોય છે. તેથી તેઓ વધારે દુઃખી હોય છે. ને તેમના કુટુંબમાં એક કમાય ને પાંચ ખાય એવી સ્થિતિ હોય છે

મને લાગે છે કે સરોજબેન ને હું અમે બન્ને આ શહેરી ગરીબ બાળકો માટે ઘણું કરી શકીશું. મુંબઈમાં કામ કરવાની ઇચ્છા હોય એવી સુખી પુરસદવાળી બેનો પણ હોય છે. તેમને બતાવવા જેવું કામ પણ ઘણું હોય છે. એ બેને મેળવી આપનાર મધ્યસ્થની જરૂર હોય છે. મુંબઈમાં લતા લતામાં બગીચાઓ-પાર્કસ્ તો થએલ છે. એ બધામાં પાર્કશાળાઓ ચાલે તેમ કરી શકાય.

મુંબઈની આજુબાજુમાં નાનાભાઈના આંબલાથીયે ચડી જાય એવાં ગામડાંઓ છે. તમે જાણતા હશો કે એરસાહેબે એવાં જ ગામડાંઓને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું છે.

શહેરોના કામની વિગતો આપી તમારો વખત ન લઉં. એ બધું કહેવાનો ઉદ્દેશ એટલો જ કે મુંબઈમાં રહી કશું કામ થઈ ન શકે એવી જે એક ગેરસમજ સામાન્યતઃ બધે હોય છે તેને હું દૂર કરવા માગું છું. હું મુંબઈ ન છોડું તો પણ સંઘે નવું આદરેલું કામ અવશ્ય કરી શકું. મુંબઈની પાસે જ એકાદ ગામડામાં સંઘનું કાર્યાલય રાખવાથી જ અર્ધાથી અધિક કામ થઈ શકશે. તેની સાથે ગ્રામશાળા પણ રહી શકે.

આજે મારી પાસે અધ્યાપનમંદિર છે. એને જ ગ્રામઅધ્યાપનમંદિરનું રૂપ દેતાં વાર લાગે તેમ નથી. મુંબઈમાં રહીને ગ્રામશિક્ષકો કેમ તૈયાર થાય? એવો પ્રશ્ન ઘણાંઓને ઉત્પન્ન થાય છે. મુંબઈમાં રહી ગરીબાઈનો, કષ્ટમય જીવનનો જેટલો ખ્યાલ આવે તેટલો બીજે ક્યાંઈ નથી આવતો એવો મારો અનુભવ છે. હું ભાવનગરમાં પણ કોળીવાડ વગેરે બધે અક્ષરજ્ઞાન શાળા ચલાવવા જતી ને અહીંના ગરીબ ભાગોનો ખ્યાલ મેળવતી. પણ મુંબઈના ગરીબ જીવનને જોઈ ને તો આંખ ને હૃદય ફાટી જ જાય છે.

એ ઉપરાંત મુંબઈના કાર્યાલયને બીજું એક રૂપ આપી શકાશે અને તે મધ્યવર્તી સંસ્થાનું. મહારાષ્ટ્ર કે દક્ષિણ ઉત્તરનાં માણસો આવે; ગુજરાત, કચ્છ, કાઠિયાવાડનાં આવે તે ત્યાં રહે ને સંઘનો ને તેમનો સંબંધ દૃઢ કરી જાય. આજે મારી પાસે એવી સંસ્થા નથી છતાં વર્ષ દરમિયાન વર્ધા, મેરઠ, કલકત્તા, મદ્રાસથી માંડીને કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, મહારાષ્ટ્ર વગેરે અનેક સ્થળોથી કેટલાંએ માણસો આવી જાય છે. ઓછામાં ઓછા રોજના એક ગણીએ તો ખોટું નહિ પડે. વર્ષમાં બસો ત્રણસો માણસો તો જરૂર આવે જ છે. તેમાં અમારા જૂના વિદ્યાર્થીઓ ને મિત્રો કેટલાયે હોય

છે. આફ્રિકાથી પણ અહીં આવે એટલે પત્રિકા કાર્યાલય ને શિશુવિહાર શોધતાં દાદર આવી જવા વાળા હોય છે. એટલે કાર્યકર્તાઓની દૃષ્ટિએ મુંબઈ એ મધ્યવર્તી છે જ.

આ તો બધી વાતો તમારા મનમાં ખદબદતી હશે એવી વાસ આવે છે તે બહાર આણી શંકા-નિરસન કરું છું. પરિસ્થિતિથી જકડાઈને હું મુંબઈમાં પડી છું તેથી સંઘનું કામ કશું ન કરી શકું એવું નથી. આપણે આજે સંઘ માટે જે જે વિચાર કરીશું તેમાં કામ કરનારા કોણ કોણ છે તેનો હિસાબ પહેલાં લેવો જોઇએ. એટલે તેમાંથી મને હું મુંબઇ છોડી શકતી નથી માટે તદ્દન કાઢી ના નાખતા.

આ રીતે આ સંમેલનમાં આપણે ત્રણ કામો કરવા ધાર્યાં હતાં. પહેલું તો આપણે સૌએ એકત્રિત થવાનું, એકબીજાને જાણવાનું, જૂની ઓળખાણ તાજી કરી, નવી ઓળખાણ કરી લેવાનું. આજ ને કાલ મળી એકબીજાંને મળ-વાનું કામ પૂરેપૂરું સારો રીતે કરી લઇએ. એટલા જ ખાતર આપણા પ્રમુખ પણ આપણી વચ્ચે રહ્યા છે. આપણે સૌ એકબીજાંની ઓળખાણ પિછાન વધારે કરી લઈ ઉંડા સ્નેહીઓ બનીને છૂટાં પડીએ. આપણો સંઘ બનાવવાનું એ પ્રથમ પગલું છે. આપણે બધાં નૂતન બાલશિક્ષકો ને નૂતન બાલ શિક્ષણ સંઘના સંધીઓ એ ભાવના દૃઢ કરીને આપણે છૂટાં પડવાનું છે.

બીજું કામ તે આપણું કાર્યકર્તાઓનું મજબૂત અને કાર્યપરાયણ એવું મંડળ ઉભું કરવાનું. કાર્યકર્તા છૂટા પડશે તો નબળાં પડીશું. એકત્ર રહીશું તો બળવાન થઇશું એ વાત બરાબર ધ્યાનમાં રાખજો. તેથી આ એક અત્યંત મહ-ત્વની વાત આ સંમેલનમાં આપણે કરવાની છે. મને મારા એક મિત્રે લખ્યું: "એક મહાન્ ધર્મ-પ્રવર્તક જાય એટલે એની પાછળ શિષ્યો જુદા જુદા મઠો સ્થાપે અથવા સમ્રાટ જાય એટલે એની પાછળ ખંડીઆ ઉભા થાય એ સમાજ જીવનમાં સ્વાભાવિક વાત દેખાય છે. ને તેમ જ આપણું પણ બને તો નવાઈ નથી."

મને એ વિચારસરણી અત્યંત ઝેરી લાગે છે. એની અંદર કાર્યની ધગશનો અભાવ દેખાય છે. ગુરૂને માટે ને તેમના કાર્યને માટેનો પ્રેમ દેખાતો નથી. તેમાં સ્વાર્થ ને અંગત મોટાઇની અભિલાષા દેખાય છે. આજે આપણા મનમાં જો આવા વિચારો આવતા હોય તો તે નાગના-રૂપમાં કળી પ્રવેશ કરે છે એમ સમજજો અને તત્કાળ ચેતજો. આપણે આપણા ગિજુભાઇએ કરેલું બધું ધૂળમાં મેળવવું હોય, નામશેષ કરવું હોય તો જ એવા ઝેરી વિચારો સેવજો. પણ ગિજુભાઇ માટેના ભક્તિભાવથી, તેમના કાર્ય-માટેના પ્રેમથી, તે કાર્યનું મહત્ત્વ આપણા હૃદયમાં વસ્યું છે તેથી જો કાર્યમાં જોડાવું હોય તો એક જ સૂત્રનું રટણ કરજો કે ઐક્યમાં બળ છે.

ગિજુભાઈની જગ્યાએ મને મૂકતાં તમને શંકા થતી હશે એ હું સમજું છું. ગિજુભાઈની અસાધારણ શક્તિ જ કે પ્રતિભા મારામાં ન હોય તેથી શું? તમે સૌ મારા હાથ પગ થશો એટલે મારામાં ગિજુભાઈની શક્તિ અવશ્ય આવશે. કામને માટે આપણે કોઇકને મોટું બનાવવું પડે છે. મોટાઈની અદેખાઈ કરવાની કશી જ જરૂર નથી. કોઈકને આગેવાની લેવી પડે ને કોઈકને સિપાઈ થવું પડે. અને હું પણ એ સ્થાન કયાં કાયમને માટે રોકીને બેસવાની છું? આપણે તો પકવાસાહેબના શબ્દો બરાબર હૃદયપર ઠસાવવા જોઈએ. આપણું એક માણસનું તંત્ર હતું તેને હવે જુદું રૂપ આપવું છે. માણસો તો આવે ને માણસો નાશવંત હોઈ જાય પણ ખરાં. પણ તંત્ર તો ચાલ્યા જ કરે. કામ તો ચાલવું જ જોઈએ.

એટલે વ્યક્તિ ઉપર લક્ષ કેન્દ્રિત ન કરીએ પણ કાર્ય ઉપર કરીએ.

અને છતાં વ્યક્તિની કિંમત બિલકુલ ન ઓળખીએ તો પણ નગણાઈ કહેવાય. આપણા સંઘનાં ધુરીણ તરીકે બેઠાં છે તે બેનની કિંમત આપણે પૂરેપૂરી ઓળખવી જ જોઈએ. સાઠ વર્ષની ઉંમરે આપણા જુવાન આગેવાન થઈને ગ્રામસફાઈને કામે લઈ જનારા આપણા ઋષીસમા નાનાભાઈની કિંમત ન ઓળખીએ તો કેમ ચાલે? વેપાર ધંધાની ધમાલમાં પડ્યા છતાં સંઘનો હિસાબ જોવા ઉપરાંત કિંમતી વ્યવહારૂ સલાહ આપવા સદા તત્પર રહેનારા જે રાષ્ટ્રની ધગશવાળા ને દૃષ્ટિવાળા આપણા રામજીભાઈને પણ આપણે સામાન્ય ગણી ન કાઢવા જોઈએ. આપણા સરોજબેન નાનાં છે, જુવાન છે, સંપન્ન છે માટે તેમની કાર્યશક્તિની કિંમત ન કરીએ કે તેમની ઉત્કટ ધગશ ને પ્રામાણિક વિનયને કશી જ કિંમત ન આપીએ તો ન ચાલે. ઘણીવાર આપણને જે વિના મહેનતે મળે છે તેની કિંમત જણાતી નથી. આપણા વ્યવસ્થાપક મંડળના સભ્યોની બાબદમાં સંઘની વૃત્તિ જો આવી હોય તો ભૂલભરી છે. મને પોતાને તો તેમનું આપણી સાથે જોડાવું આપણા ઘણા ભાગ્યની વાત લાગે છે.

આમ આપણે કાર્યકર્તાઓનું મંડળ ઉભું કરી આપણી મજબૂતી સ્થાપન કરીએ.

ને છેલ્લું એટલે મહત્ત્વથી છેલ્લું નહિ. આપણે સંઘે જે કાર્ય હાથ ધરવાનું છે તેનો વિચાર કરીએ. કાર્ય નક્કી કરીએ, દિશા નક્કી કરીએ ને તેને અમલમાં મૂકવાની શરૂઆત કરી દઈએ.

અહીં એક નાજૂક પ્રશ્ન ઉપર થોડોક ઈશારો કરું તો અસ્થાને ન થાય.

આપણે સૌ ગિજુભાઇનાં શિષ્યો છીએ, મિત્રો છીએ, તેમના કાર્યની મહત્તા સમજવાવાળાં છીએ. સૌનાં અંતરમાં ગિજુભાઈનું ચિરસ્થાયી સ્મારક થાય એવી પ્રબળ ઈચ્છા છે.

રાષ્ટ્રની જરૂરીઆત ધ્યાનમાં રાખી રાષ્ટ્ર યોજનાને અનુસાર, ગરીબ લાખો બાળકોનો પ્રશ્ન હાથ ધરવાની જે અભિલાષા સંઘ સેવી રહ્યો છે તે જ કાર્ય ગિજુભાઇનું ઉત્તમ સ્મારક ન થાય શું?

મને તો એમ લાગે છે કે સંઘ અને ગિજુભાઈ જુદા હતા જ નહિ. બચુભાઈ જેટલા ગિજુભાઇના તેટલો જ સંઘ તેમનો હતો. દ. મૂ. ના તેઓ સેવક હતા. પણ સંઘના તેઓ નિર્માતા હતા.

એટલે સંઘનું કાર્ય ને ગિજુભાઈનું સ્મારક એક થઇ જાય એ જ મને તો સવ રીતે શોભીતું દેખાય છે.

આપ સૌને જે સૂઝે તે ખરું.

અહીં આપણે વધારે સ્પષ્ટતાથી બોલી શકીએ. આજનો પ્રસંગ કોઇ formal પરિષદનો નથી પણ એક બીજાં સાથે અત્યંત નિકટ આવી હૃદય બોલીને વાત કરવાનો છે.

હું કે સંઘનું વ્યવસ્થાપક મંડળ તમને તમારા માથાપર આવી પડેલો બોજો લાગતા હોઈએ તો તમે છૂટથી તેમ કહી શકો. બીજા જે કોઈ એ ભાર ઉપાડવા તૈયાર હોય તેમને તે સોંપી અને નિવૃત્ત થવા ઘણાજ પ્રેમથી ને આનંદથી અમે તૈયાર છીએ. એક સરોજબેન સિવાય અમે બધાં જ પેન્શનમાં કાઢી નાખવાં જેવાં છીએ એ અમે નથી જાણતાં તેવું નથી. તમે ન કાઢો તો પણ પાંચ વર્ષપછી ફરીથી ચૂંટણી થાય ત્યારે અમારે નીકળી જવું ને કામનો ભાર જુવાન બબાપર મૂકી દેવો એવી અમારી મનીષા છે જ. ત્યાં સુધી કામની જવાબદારી ઉપાડવાવાળુ મંડળ બધી જાતની તાલીમ લઇ તૈયાર થાય તેમ ઇચ્છીએ છીએ.

છેલ્લે તમારી રજા લેતાં પહેલાં ફરીથી એકવાર ગમે તે ભોગે ઐક્ય જાળવવું એવી પ્રાર્થના કરી વિરમું છું.

શંકાસમાધાન

શંકા

મુ. તારાબેનની સેવામાં,

મને એક હકીકત તમારી પાસે પત્ર દ્વારા મૂકવાનું મન એટલા માટે થયું છે કે આવા પ્રસંગો ઘેરઘેર અનેક વખત ઊભા થતા હશે. તેમને તમારા ખુલાસાથી વધારે જાણવાનું મળશે.

મારા ભાણેજની ઉંમર ચાર વર્ષની છે. તેનું નામ કુમાર છે. ઘરનાં બધાં માણસો કેળવાયેલા છે એટલે એને ક્ષણે ક્ષણે યોગ્ય તાલીમ મળવાની અનુકૂળતા વધારે છે. આવી કેળવણીમાં એને સ્વચ્છતાના પાઠો પણ આપેલા, અને તેનો પ્રયોગ તેણે એક સ્થળે નીચે પ્રમાણે કરી બતાવ્યો.

ગોવા જતાં રસ્તામાં રત્નાગિરિમાં અમે અમારા એક સ્નેહીને મળવા ગયાં હતાં. એ ભાઈ કુટુંબવત્સલ હતા અને ઘરમાં નાનાં મોટાં મળી ૧૫–૨૦ માણસો હતાં. જતાંવેંત તેમણે અમારા માટે પાથરણું–શેતરંજી પાથરી આપી તે પર અમે સહુ બેઠાં. પણ બીજી જ પળે કુમાર ઊભો થઈ ગયો. મને કહેઃ "પેસાબની વાસ આવે છે." અને તુરત બહાર જતો રહ્યો. અમે એમ ને એમ બેઠાં હતાં.

પેલાં બહેને કેરી તૈયાર કરી અને ખાવા માટે કુમારને પણ બોલાવ્યો. કુમારે ચોખ્ખું સંભળાવ્યું: "તમારી શેતરંજીમાં પેસાબની દુર્ગંધ આવે છે; મારે નથી ખાવું."

પેલાં બેન તો સડક થઈ ગયાં! અમને સહુને પણ વિચિત્ર લાગ્યું. પાછા ફરતી વખતે અમે કુમારને દબડાવ્યો.

પણ મારા મનમાં સવાલ ઘોળાયા કરે છેઃ "બાળકની સાચું કહેવાની ટેવને ચાલવા દેવી કે વિવેક અને સભ્યતાનું બંધન તેને માથે પણ મૂકવું?"

તમારી

પ્રમિલા જોષી

જવાબ

બહેન પ્રમિલા જોશી,

તમારો કાગળ વાંચ્યો. આવા સવાલો અનેક વાર જાગે છે તેનો મને પણ જાતઅનુભવ છે.

કોઈ પણ સિદ્ધાંતને અમલમાં ઉતારીએ ત્યારે તમારા શબ્દો વાપરું તો તેના પર સભ્યતા અને વિવેકનું બંધન મૂકવું જ જોઈએ, નહિતર વેદિયા ગણાઈએ, અને સિદ્ધાંતના અમલનો સવાલ જ ઊડી જાય.

પણ આવા દરેક સવાલમાં ઝીણવટથી વિચાર કરવાની બહુ જરૂર રહે છે. કુમારનો જ દાખલો લઈએ. બાળકોને વિવેક અને સભ્યતાની તાલીમ બેશક આપીએ, પરંતુ તે સાથે તે દંભી ન બને એ આવશ્યક છે. સભ્યતા ખાતર આપણે સામી વ્યક્તિની હાજરીમાં ભલે કાંઈ ન બોલ્યાં હોઈએ પરંતુ જો પાછળથી એ બિના વિષે ટીકાઓ કરવા લાગીએ તો તેમાંથી બાળકો દંભ કરતાં શીખી જાય છે.

બાળકોને આપણે એ સમજાવવાની જરૂર છે કે લોકો સાથે સમાજમાં રહેવું હોય ત્યારે આવી કેટલીએક બાબતો પરત્વે ઉપેક્ષા સેવવી જોઈએ. અને વખત આવે આપણે પોતાને એ પ્રસંગે સહી લેતાં આવડવું જોઈએ. મજૂરો, ખેડૂતો, કારીગરો તેમ જ હરિજનો વગેરે અનેક મહેનતુ વર્ગને સ્વચ્છતા જાળવવી આકરી પડે છે અને પરિણામે તેમને એ બાબતનો ખ્યાલ રહેતો જ નથી. આ પરિસ્થિતિમાં એમની પાસે પણ જવાનો અણગમો આણવો, વિરોધ કરવો અથવા એ લોકોને છેક હલકા અને અજડ ગણતા થવું એમાં માણસાઈ નથી; બરાબર વિચારીએ તો એ યોગ્ય

કેળવણી નથી અપાતી એમ જ કહેવું જોઈએ. તમારા કુમારની બાબતમાં પણ પેલાં બેને સત્કાર કરવાની ભાવનાથી પાથરેલી શેતરંજી ગંધાતી હોય તોપણ તેમની મહેમાનગીરીનો સ્વીકાર કરવા જેટલો વિવેક આપણે જાળવવો જોઈએ એટલું કુમારને સમજાવવું જરૂરી છે. પણ એમાંથી જે માત્ર એટલું જ શિખાય કે એ લોકોને કહી ન બતાવીએ પરંતુ પાછળથી ગમે તેમ તેમને વિષે ટીકાઓ કરીએ, તો એમાં દંભનું જ શિક્ષણ અપાયું ગણાય. એ કરતાં તો મોઢામોઢ સાચું કહી દેવાની નિખાલસતા મને વધારે પસંદ છે. બીજી રીતે કહું તો સામાજિક સભ્યતાને નામે ઢોંગ અને દંભ ન પેસવાં જોઈએ.

ખરું તો સમાજમાં રહેવાની સભ્યતામાં માણસના હૃદયની સાચી સભ્યતા–ઉદારતા કેળવાવી જોઈએ. અને આવી સભ્યતા કે અથવા ઉદારતાની કેળવણી તો આપણા પોતાના રોજના વર્તનથી જ બાળકોને મળે છે. તા.

સંસ્થાનાં સરવૈયાં

દરેક નિશ્ચિત પ્રવૃત્તિ અગર વહીવટ એક સંસ્થા છે. નાની મોટી અનેક સંસ્થાઓમાં જીવન સંસ્થા સૌથી મોટી સંસ્થા છે: એ સંસ્થામાં ધન મેળવવાની સંસ્થા, સમાજ સુધારાની સંસ્થા, કેળવણીની સંસ્થા, સમગ્ર સંસ્થાઓનો સમાવેશ થઈ જાય છે.

પ્રત્યેક નવા વર્ષે જાતજાતના વેપારીઓ પોતાનાં વેપારોનાં સરવૈયાં કાઢે છે. એ એટલું જોવા જાણવા માટે કે પોતાના વર્ષ ભરના વેપારમાં પોતાને હાનિ થઈ છે કે લાભ થયો છે. સાચો વેપારી આવું સરવૈયું કાઢયા વિના રહે નહિ. ખોટો અથવા જેને દિવાળું કાઢવું હોય તે સરવૈયું કાઢવામાં આળસ જ કર્યા કરે.

શિક્ષણ આપવાની સંસ્થા એ પણ એક પેઢી છે. તે પણ સરવૈયું માગે છે. તે પણ શિક્ષણના કાર્યમાં વર્ષ દરમ્યાન કેટલી સફળતા નિષ્ફળતા મળે તેનો હિસાબ માગે છે. શિક્ષણ સંસ્થાનાં હિસાબો માત્ર સ્થૂલ નથી હોતાં. સ્થૂલ ખર્ચોની હિસાબોની તપાસણી સારા ઓડીટરો પાસે થાય અને નાણાં પ્રકરણો છપાય. કેળવણીની સંસ્થામાં કેળવણીનાં સરવૈયાં બે જાતનાં જોઈએ. એક નાણાનું અને બીજું કેળવણીનું કે શિક્ષણનું.

જેમ નાણા વિષયક વહિવટો કાળજીથી રખાય છે તેમ શિક્ષણ વિષયક વહીવટો કાળજીથી નોંધાવા જોઈએ. શરીર મન અને આત્મિક શક્તિના થતા જતા વિકાસના કે રૂકાવટ કે અવિકાસના કે વિશેષતાના આંકડા અને નોંધો એ શિક્ષણમાં આપવાનું નામું છે. તે હમેશ લખાવું જોઈએ અને વર્ષ આખરે તે બતવાઈ જઈ તેનું સરવૈયું નીકળવું જોઈએ.

આવી નોંધ જે શિક્ષણસંસ્થા રાખેજ નહિ તે કોથળીએ મેળ રાખવા જેવી વેપારીની પેઢી જેવી છે. તેણે આખરે દિવાળું કાઢયેજ છૂટકો છે. તળીયું દેખાય ત્યારે તેને ખબર પડે કે અરે! આ તો દેવાળું કાઢવાનો વખત આવ્યો.

દરેક શિક્ષણસંસ્થાની ઉપરીસત્તાએ સંસ્થાના પ્રત્યેક વિભાગના કામકાજની દૈનિક, માસિક અને સામાયિક નોંધો રખાવવી જોઇએ. દરેક વિભાગમાં આવતી શરીર મન અને આત્મિક પ્રવૃત્તિની

નોંધ રખાવવી જોઇએ. રોજ સાંજે સ્થૂલનામું નખાઈ જાય તેમ રોજ આ નોંધો થવી જોઇએ. આ નોંધમાં કોઇ માંદુસાજું હતું કે નહીં ત્યાંથી માંડીને અને શરીરસંબન્ધની, કોઇની વચ્ચે લડાલડી થંઇ કે નહીં તે બાબતમાં, નૈતિક પ્રદેશમાં, અભ્યાસમાં શી સ્થિતિ હતી તે વિષયમાં બુદ્ધિવિષયક નોંધો નોંધાયા પછી કામ પૂરું થંવું જોઇએ. દરેક શિક્ષકની નોંધપોથી એ તેનો સાચો ચાપડો છે. તેમાં થતી દૈનિક નોંધ એ તેનું સાચું નામું છે. તેનું સરવૈયું એ તેના કામની સાચી માપણી છે. માત્ર નોંધ કર્યે જવાથી કેવળ વધારે થતું નથી. નોંધોને તારવીને આખરે આપણે આપણાં કામમાં ક્યાં છીએ તે આખરે જાણવું તે અગત્યનું છે.

પરીક્ષાઓ સાચાં સરવૈયાં નથી. એમાં ખોટાંજ નાણા ગણવાનું અને ખોટા રાખેલા તેટલાઓ સાચા છે એમ માનીને તે જોઈ જવાનું છે. અર્થાત્ ખોટા રૂપીઆ ગણીને તેજ સાચા કહીને પૈસાદાર બનવાનું જેમ હોય તેમ પરીક્ષા ઉપરથી ઉપલા ધોરણોમાં ચડાવવાનું છે. આજની પરીક્ષા કેવળ ખોટું સરવૈયું છે.

સંસ્થાઓના નાણાવિષયક હિસાબો માટે સંસ્થાવાળાઓ કાળજી રાખે છે. લોકો પણ તેના રિપોર્ટો માગે છે અને નવરાશે જુએ પણ છે. પણ સંસ્થાની પ્રગતિ કેળવણી આપવામાં ને તે આગળ વધે છે કે પાછળ હઠે છે, તે તેના મન્તવ્યોમાં મક્કમ છે કે શિક્ષણમાં ખામી છે, તેના શરીરો દેખાય છે તેવાં જાડાં છે કે નહિ એ બધું જાણવાની લોકોએ, સંસ્થાના દાક્તર રાખનારે પરવા કરવી જોઈએ. માત્ર નાણાનો વહીવટ એટલે સંસ્થાનું સરવૈયું નહિ. શિક્ષણના માત્ર ચોકઠા અને પરીક્ષાના પરિણામોની જાહેરાત તે પણ સરવૈયું નહિ પણ શિક્ષકોની અનુભવપૂર્વકની પ્રગતિ અપ્રગતિની નોંધ ઉપરથી કરેલી તારીજ એ સાચી પ્રગતિ છે.

નાણાંનો રિપોર્ટ સાચો અને માનવા યોગ્ય છે એમ સાબીત કરવા તટસ્થ ઓડીટરો-હિસાબ તપાસનીશો રાખવામાં આવે છે તેમ જ સંસ્થાઓની શિક્ષકોએ રાખેલી નોંધો, થએલાં કામકાજ, અભ્યાસક્રમ, પદ્ધતિ વગેરે અનેક શિક્ષણ વિષયક વિષયો ઉપર તટસ્થ નિરીક્ષણ દર સાલ થવું જોઈએ. અને એ નિરીક્ષણ ઉપરથી સંચાલકોએ ને શિક્ષકોએ જાણી લેવું જોઈએ કે પોતાની સંસ્થા અગર પ્રવૃત્તિ ક્યાં છે? તે પાછળ જાય છે કે આગળ જાય છે. ઉપર કહ્યું તેમ પાઠય પુસ્તકો, અભ્યાસક્રમ વગેરે પણ આ નિરીક્ષણમાં આવી જાય. નિરીક્ષકો શિક્ષકો અને તેના ઉપરીઓનાં નામો રાખે એટલે તેમણે શું કર્યું અને ન કર્યું તે તપાસી શકે.

નાણાનો સારો વહીવટ કરનાર માણસના વગર, ચાલતી પ્રવૃત્તિ બરાબર છે કે નહીં તે કેમ જાણી શકાય? નાણાનો વહીવટ એટલે માત્ર વ્યવહારિક બાજુ. નાણા વપરાયા છે, તે બરાબર વપરાયા છે કે નહીં, માલના વાઉચરો બરાબર છે કે નહીં, તેમાં સહીઓ બરાબર છે કે નહીં વગેરે માત્ર જોઇ જઈ તે પ્રસિદ્ધ કરવાથી સાચું સરવૈયું પ્રગટ થતું નથી. એ તો બહારનાં શરીરનાં કપડાંનો માત્ર હિસાબ થયો. પ્રત્યેક પાઇ હેતુ પાર પાડવામાં સફળતાપૂર્વક વપરાઈ છે કે નહીં તે શોધવું તેનું નામ હિસાબ તપાસ. એ પાઇનો ગુંદર બરાબર નોંધાયેલો છે કે નહીં અને બન્નર ભાવે તે વાત બરાબર છે કે નહીં તે નોંધ શિક્ષણની સંસ્થાને માપવા કે જાણવા નકામી છે. ડેડસ્ટોકની તપાસણીમાંથી પણ કંઈ ન મળે. ડેડસ્ટોક નહિ પણ લાઇવસ્ટોક એટલે પદાર્થો નહિ, વસ્તુઓ નહીં પણ જીવતાં બાળકોની પ્રગતિને જાણવી જરૂરની છે.

શિક્ષણ સંસ્થાની શિક્ષણવિષયક પ્રવૃત્તિ અને પ્રગતિની સાથેજ સંસ્થાના સંગઠિત બળ અબળની તપાસણી અને ચકાસણી અગત્યની વાત છે.

સંસ્થાનાં મકાનો સાજાં હોય, શિક્ષણનું કામ પણ સારૂં હોય છતાં સાંકળના આંકડા બરાબર જોડાએલા છે કે નહીં તેની તપાસણી સરવૈયાંનો વિષય છે. સહકાર, પરસ્પર વિશ્વાસ, શ્રદ્ધા, ધ્યેયની જાગૃતિ વગેરેને જાત જાતની રીતે માપીને જાણવાની જરૂરીઆત સરવૈયાંમાં સૌથી મહત્ત્વની જરૂરીઆત છે.

સંસ્થાએ કેટલો મોટો જબર વેપાર ખેડયો એટલે કે તેની વિશાળતા એ તેનું સાચું માપ ન પણ હોય. તેનો કાર્યપ્રદેશ ઉલટો ટુંકો થયો એ એ પણ તેની પીછેહઠનું ચિન્હ નથી. એ બધું ઉપલક દૃષ્ટિએ જોવાથી ન જણાય. એ બધું સંસ્થાના સંચાલકોની દૃષ્ટિએ પણ ન જોવાય. એ જોવા માટે તટસ્થ દૃષ્ટિ જોઈએ. જેમ નાણામાં તટસ્થ માણસ તેમ આમાં પણ સારા કેળવણી નિષ્ણાતો જોઈએ.

સંસ્થાની બહિરમુખ પ્રવૃત્તિનો મોટો સરવાળો એ જમા બાજુ છે કે ઉધાર બાજુ એ ઝીણવટથી કામદારોએ તથા તટસ્થ નિરીક્ષકોએ જોવું જોઈએ. જેમ સારા ટાઇપે અને સારી રીતે છાપેલા નાણા પ્રકરણથી તેની પ્રમાણિકતા સિધ્ધ થતી નથી તેમ ઉપરના દેખાવોથી સંસ્થાની પ્રગતિ કે પ્રમાણિકતા નક્કી થતી નથી.

સંસ્થાનું પ્રગતિ વિષયક સરવૈયું સંસ્થાના આંતર દેહની તપાસને માટે છે. તે દ્વારા સંસ્થા બાલ્યાવસ્થાથી વૃધ્ધાવસ્થા સુધીની કઈ અવસ્થામાં છે તે જાણવું જોઈએ. સંસ્થા જીવે છે કે જીવતી મરતી કે મરેલી છે તે તપાસાઈ જવું જોઈએ. સંસ્થા આલેશાન મકાનો કે પુષ્કળ ભંડોળ કે મોટા મોટા પગારદાર શિક્ષકો કે તેના વિચારો કે વચનોમાં નથી રહેલી અને જીવતી. તે રહે છે સંસ્થાના સમગ્ર કાર્યકર્તાઓની જ્વલંત શ્રધ્ધામાં, ધ્યેય તરફ જ રહેતા ધ્રુવ કાંટામાં, અને નિશ્ચિત દિશા તરફ રોજ બરોબર ચાલતા નિર્વિઘ્ન અને બળવાન પ્રવાહમાં. ટુંકમાં તે જાગતિ ઉપાસનામાં રહે છે.

નાણાના સરવૈયાંમાં જેમ બોદા, ખોટા, ભૂલ્લા મણા હિસાબો પકડી કાઢવામાં આવે છે, બોટ ગબ્બેલ ધંધાને ઓળખી કાઢવામાં આવે છે તેમ જ આ સરવૈયામાં કેળવણી વિષયક અણસમજણ, આળસ, ઉંધ, રાગદ્વેશ, ગફલત, ખેંચતાણ શિથિલતા, અવિવેક વગેરે ખોળી કાઢી તેને બહાર આણવાની જરૂર છે.

સરવૈયું એટલે તપાસણી અને ભાવિ માટેની ખંખેરણી. સંસ્થામાં નાણાના શરીરની સાથે તેના શિક્ષણના શરીરની તપાસણી અને ખંખેરણી થવી જોઈએ.

બહિર કે આંતર પ્રવૃત્તિ ત્યારે ફત્તેહમંદ થાય કે જ્યારે સામાયિક તપાસને અંતે ભૂલો કંઈ છે તે નક્કી થયા પછી તે દૂર કરવાની અને જે કંઈ સુંદર હોય તે વધારવા માટેની યોજનાઓ વિચારવામાં અને તેના અમલની દિશા બતાવવામાં આવે.

મનુષ્ય જીવનમાં જીવન પોતે ઉપરાંત નાની મોટી અનેક સંસ્થાઓ છે. બધી સુંદર અને વ્યવસ્થિત ચાલવી જોઈએ. આ બધીની આંતર બાહ્ય તટસ્થ તપાસણી થવી જોઈએ. એવી તપાસણી શિક્ષણમાં જોઈએ. એ તપાસનું નામ સરવૈયું.

સ્વ. ગિ:

પૂર્વ તૈયારી

બાલમંદિરમાં 'પૂર્વ તૈયારી' નું મહત્ત્વ ઘણું ગણવામાં આવેલું છે. બાલમંદિરના નામને પાત્ર એવા બાલમંદિરમાં, બાલમંદિર ઊઘડતાં પહેલાં અરધા પોણા કલાકે જઈને જોશો તો 'પૂર્વ તૈયારી' એટલે શું એ તુરત સમજાઈ જશે ઓરડાવાર શિક્ષકો 'પૂર્વ તૈયારી' કરી રહ્યા હશે. એટલે કે તેઓ ઓરડાને વાળતા હશે કે વળાવતા હશે, દરેક દરેક ચીજ તેના સ્થાને છે કે નહિ તે જોતા હશે, તેઓ દીવાલને, કાચને, ખુરશીને, ટેબલને મતલબકે દરેક ચીજને કાળજીથી સાફ કરતા હશે કંઈ તૂટીફૂટી ગયું હશે તો તે બદલાવી નાખતા હશે. જે બાલમંદિરમાં 'પૂર્વ તૈયારી'ની યાદીનું પૂઠું ટાંગેલું હશે તે બાલમંદિરના શિક્ષકો યાદીમાં લખ્યા પ્રમાણે એક પછી એક તૈયારી કરતા હશે બધું થઈ રહેશે એટલે તેઓને એક પ્રકારનો આનંદ થશે તેઓના મનમાં એક પ્રકારની નિરાંત થશે કે હાશ આજનો વર્ગ ચલાવવા માટે જે કાંઈ અગાઉથી તૈયાર રાખવાનું છે તે બધું વ્યવસ્થિતપણે મેં તૈયાર રાખ્યું છે. હવે તો મારે માત્ર બાળકોને સ્વાગત આપી તેમને ગોઠવાએલી પરિસ્થિતિમાં કામ કરતાં જોવાનું રહે છે.

અને વાત પણ સાચી જ છે જો ભૂલે ચૂકે શિક્ષકે 'પૂર્વ તૈયારી' ન કરી, અગર ઉતાવળમાં બે ચીજ કરી અને બે ચીજ ન કર્યા જેવું કર્યું તો થોડી જ વારમાં તેની મુઝવણ ઉભી થશે. ચાલતે કામે બાળક કાગળ માગે અને તૈયાર નહિ રાખેલા કાગળો લેવા શિક્ષક દોડશે એટલે વર્ગમાં તેની મદદ ઓછી થશે અને તેની સાથે તેના બાળકોના અવલોકનમાં તૂટ પડશે. આમ સંપૂર્ણ તૈયારી વગરના ઓરડામાં બાળકોના તેમજ શિક્ષકના કામમાં વારવાર ભંગ પડશે અને ગોટાળો ઉપજવા ઉપરાંત કામમાં નુકશાન થશે. જો શિક્ષકને સાચી રીતે બાલમંદિર ચલવવું હશે તો જરૂર તેને 'પૂર્વ તૈયારી' કર્યે જ છૂટકો છે" એવું ભાન ગમે તેવા વિચિત્ર શિક્ષકને થયા વિના નહિ રહે.

પૂર્વ તૈયારીનો મહિમા સમજાવવાની જરૂર નથી. દરેક કામને પાર પાડવા માટે તે કામને શરૂ કરતાં પહેલાં તેને લગતાં સાધનો સામગ્રી સરલતાથી લઈને વાપરી શકાય તે કામ કરનારે અગાઉથી તૈયાર કરવા જોઈએ જ છે ડાકતરને ઓપરેશન કરતાં પહેલાં ઓપરેશન હોલમાં પહેલા બધી તૈયારી કરવી પડે છે તે સૌનો સાધારણ અનુભવ છે. એજ રીતે બાલમંદિર જેવી પ્રયોગ ભૂમિમા કામ કરતાં પહેલાં બાળકોના આઘાત પ્રત્યાઘાતો સ્પષ્ટ થાય અને તે સ્પષ્ટ પણે સમજાય તેમાં તેની યોગ્ય પરિસ્થિતિ કાળજીપૂર્વક રચવી જોઈએ. આ રચના એટલે પૂર્વ તૈયારી

પૂર્વ તૈયારી શિક્ષણને શકય અને સફળ કરવા માટેની એક જાતની સામગ્રી છે. શિક્ષક પણ એજ રીતે શિક્ષણ નથી પણ શિક્ષણને શકય અને સફળ કરવાની બીજી જાતની સામગ્રી છે. અર્થાત્ જેમ બને તેમ બધી વસ્તુઓની પૂર્વ તૈયારીની આવશ્યકતા છે. આ સાથે શિક્ષકના શરીર, મન અને આત્માની તૈયારીની પણ આવશ્યકતા છે. શિક્ષકની આ પૂર્વ તૈયારી એટલે બહારથી સ્વચ્છ અને વ્યવસ્થિત પણું અને અંદરથી પ્રસન્નતા અને અભિમુખતા છે. બાલમંદિરમાં આવીને શિક્ષકે આ બન્ને પ્રકારની પૂર્વતૈયારી કરી મૂકવાની છે આ પૂર્વ તૈયારી જેટલી પૂર્ણ તેટલું વાતાવરણ જામવાનું, જેટલી અપૂર્ણ તેટલુ કામ નબળુ પડવાનું.

એ વાત ખરી છે કે ગમે તે વસ્તુની પૂર્વ-તૈયારી કરવાની નથી. બાલમંદિરમાં ગમે તે ચીન્ને લાવી તેને વ્યવસ્થિત ગોઠવવાથી અર્થ સરે નહિ. પૂર્વ તૈયારીમાં એ વાત ગણી લેવાની છે કે વ્યવસ્થિત કરવાનાં સાધનો બાળકો માટે શાસ્ત્રીય દૃષ્ટિએ નિશ્ચિત થએલાં હોય તે જ હોય. બાળકોના વિકાસમાં જે જે વાતનું વિધાન છે તે બધું હોય અને જે કંઈ વિક્ષેપક માલૂમ પડયું હોય તેનો ત્યાગ હોય. મતલબ બાળકોના વિકાસની ઉંમર ધ્યાનમાં રાખીને તેને માટે જે કંઈ સાધનો જોઇએ તે બરાબર ઓરડામાં હોય જ અને તે સાજાસારાં, સુંદર, ચોખ્ખાં, હોય તે પૂર્વ તૈયારી કરનારના ધ્યાનમાં રહેવું જોઇએ. [અપૂર્ણ] સ્વ. ગિ.

ક્ષમા યાચના

સ્વ. ગિજુભાઈ સ્મારકગ્રન્થ બહાર પાડવાની જાહેરાત પછીથી કેટલોય લાંબો સમય વીતી ગયો છે અને છતાં, એ ગ્રન્થ અમે આપ સૌના હાથમાં નથી મૂકી શકયા. સાચે જ અમારી શરમનો પાર નથી. સ્વર્ગસ્થના જીવનકથનને અંગેની તમામ પરિપૂર્ણ વિગતો આપતો એ અંક કરવાની ઉમેદમાં ને ઉમેદમાં અમે આટલું મોડું કર્યું છે. છતાં કદાચ એવો એ ગ્રન્થ નહિ જ થાય. હવે તો જે કંઈ વસ્તુ અમારી પાસે આવ્યું છે તેને વહેલામાં વહેલી તકે અમે વાચક ભાઈબહેનોના હાથમાં મૂકવાની પેરવીમાં છીએ. આટલું મોડું કરવાના અમારા આ અક્ષમ્ય અપરાધની માફી જો આપ સૌ આપી શકો તો આપો એટલું જ કહેવાનું હાલને તબક્કે અમારે ભાગે છે.

મંત્રીઓ—'સ્મરણાંજલિ'

સમાચાર

છોટા ઉદેપુર રાજ્ય તરફથી, છોટા ઉદેપુરમાં તા. ૩–૧૦–૪૦ ના રોજ એક બાલમંદિર શરૂ થયું છે. એનું સંચાલન અનુભવી કાર્યકર શ્રી. ચં. મ. ભટ્ટને સોંપાયું છે. અમે એમને બધી રીતે ફત્તેહ ઇચ્છીએ છીએ.

તંત્રી

સાભાર સ્વીકાર

	લેખક	કિંમત
બાલવાર્તાવલિ સૌ. હંસાબહેન મહેતા (ચોથી આવૃત્તિ)		૧–૦–૦
બાળકોનો બાગ	સોમાભાઈ કા. પટેલ	૦–૬–૦
બાલ વ્યાકરણ ભાગ ૧લો	,,	૦–૨–૦
બાલ ગણિત પુસ્તક ૧લું (બીજી આવૃત્તિ)	,,	૦–૨–૦
ગણિત પ્રવેશિકા	,,	૦–૩–૬
ગણિત પ્રવેશિકાના શિક્ષકોને	,,	
સચિત્ર બાલલેખન પુસ્તક ૧ લું	,,	૦–૨–૬
,, ,, ,, ૨ જું	,,	૦–૩–૦
,, ,, ,, ૩ જું	,,	૦–૩–૦
,, ,, ,, ૪ થું	,,	૦–૩–૬
	પ્રયોજકો	દરેકના
વાંચવાની મજા પુસ્તકો ૧ થી ૮	મૂળજીભાઇ ભટ્ટ શયાશંકર ત્રિવેદી	૦–૨–૩
નૂતન વાચનમાળા	લેખક	
પહેલી ચોપડી	શંકરભાઇ સો. પટેલ	૦–૨–૬

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઇ ૪.
પ્રકાશક: શ્રી. તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલોની, દાદર.

શિક્ષણપત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

જીવનવિકાસનો પાયો બાલ્યાવસ્થામાં નખાય છે; બાળશેપાને સાચવશું તો બધું સચવાશે...

જે દેશ બાળકેળવણીમાં પછાત નહિ રહે તે કશામાં પછાત નહિ રહે.

નોંધ

ભાવનગરનું સંમેલન

ભાવનગરમાં સંમેલન થયું તે ઘણી રીતે મહત્ત્વનું હતું. આ સંમેલન એક રીતે પંદર વર્ષ પહેલાં થયેલા મૉન્ટેસોરી સંમેલનને મળતું ગણાય. પહેલા સંમેલનનાં પ્રમુખ શ્રી. સરલાદેવી સારાભાઈ જ આ વખતે પણ પ્રમુખ હતાં; પહેલા સંમેલનમાં મૉન્ટેસોરી સંઘની સ્થાપના થઈ; આ સંમેલનમાં એ જ સંઘને (નામ બદલીને હવે જે નૂતન બાલશિક્ષણ સંઘ બન્યો છે તે) સંગીન પાયા પર મૂકવાનું મહત્ત્વનું કામ થયું. સામાન્ય જનતામાં નૂતન વિચારોનો પ્રચાર કરવાની દૃષ્ટિએ જે સંમેલનો થાય છે તે જાતનું એ ન હતું. એ મોટે ભાગે સંઘનું કામ આગળ ધપાવવામાં ભાગ લેનાર કાર્યકર્તાઓનું હતું; તે દૃષ્ટિએ ભાગ લેનારની સંખ્યા સંતોષકારક હતી; ઉત્સાહ અને ધગશ સારાં હતાં; દરેક જણ જવાબદારી સમજીને અને કામ કરવું છે એ વૃત્તિથી ભાગ લેતું હતું. તેથી સંમેલન બધી રીતે બહુ યશસ્વી રીતે પાર પડ્યું.

સંમેલનમાં થયેલું કાર્ય

સંમેલનમાં સંઘનું બંધારણ વિચારાયું; સંઘનું આગળનું હવે પછીનું કાર્ય વિચારાયું; તે પાર કેમ પડે તે વિચારાયું; સંઘના કાર્યકર્તાઓ સંગઠિત કેવી રીતે થાય તેની યોજના થઈ; સંઘના કાર્યકર્તાઓ જે છુટ્ટું છુટ્ટું કામ કરી રહ્યા છે તે કામને એક છત્ર તળે સંગઠિત ને મજબૂત કેમ કરાય તેની વિચારણા થઈ. એકંદરે આ સંમેલનમાં ઘણી જ મહત્ત્વની બાબતો વિચારાઈ અને તે અંમલમાં મૂકવાની યોજના થઈ.

સંઘનું બંધારણ

અત્યાર સુધી સંઘનું ચોક્કસ બંધારણ જેવું કશું જ હતું નહિ. સંઘના ઉદ્દેશો હતા; તે ઉદ્દેશો પાર પાડવાની કોશિશ કરનારા સ્વ. ગિજુભાઈ હતા; ગિજુભાઈને જરૂર હોય ત્યાં કાર્યમાં મદદ કરનારા તેમના શિષ્યો હતા; બસ, ધમધોકાર કામ ચાલ્યું જતું હતું.

હવે પ્રમુખશ્રીના ભાષણમાં આવ્યું છે તેમ સંસ્થા તેની બીજી અવસ્થામાં આવી છે. હવે નક્કી તંત્ર ઊભું કરવાની જરૂર જણાઈ. તેથી બંધારણ ઘડ્યું. તેનો ખરડો બે મહિના પહેલાં પત્રિકાના વાચકો (કે જે સર્વ સંઘના સભ્યો ગણાય તેમની) આગળ વિચાર માટે મૂક્યો હતો. તેના પર ત્યાં ચર્ચા થઈ; થોડાએક સુધારાવધારા સૂચવાયા. તે ફરીથી વિચારીને હવે બંધારણ પસાર થશે અને તે મુજબ કામ શરૂ થશે.

સંઘના સભાસદો

ખાસ મહત્ત્વની બાબત તો સંઘના સભ્ય થવાની છે.

અત્યારસુધી જે આજીવનસભ્યો હતા તે તો ચાલુ જ રહેવાના. સંઘના ઉદ્દેશો માન્ય હોય અને એકીસાથે રૂપિયા ૫૦) આપે તે આજીવનસભ્ય થઈ શકે છે. આ વર્ગ તો જૂનો જ છે.

નવો, વર્ગ ઉમેરાયો તે સહાયક સભાસદોનો. જે સંસ્થાઓ અથવા કાર્યકર્તાઓ બાલમંદિરોમાં અથવા બીજે નૂતન બાલશિક્ષણનું જે કામ ચાલી રહ્યું છે તેના કાર્યકર્તાઓ અને તેવી સંસ્થાઓ સંઘના સહાયક સભાસદો થઈ શકે. સંસ્થા વાર્ષિક રૂપિયા ૬) આપે ને વ્યક્તિ રૂપિયા ૩) આપે. ત્રીજો વર્ગ એક રીતે પહેલાં હતો જ, પણ તેની વ્યાખ્યા સભાસદ ગણવાને માટે વધારે પડતી બહોળી થઈ ગઈ હતી. રૂા. ૧) લવાજમ આપનાર સંઘના સભાસદને પત્રિકા મફત મળે એવી પહેલાં વ્યાખ્યા હતી.

પણ વ્યવહારમાં તે પત્રિકાનું લવાજમ જ થઈ ગયું હતું. પત્રિકા કાર્યાલય પણ તેને પત્રિકાના લવાજમ તરીકે જ ઉઘરાવવા લાગ્યું ને ભરનારા પણ તેમ જ સમજીને ભરવા લાગ્યા. તેથી કોઈ સંસ્થાના આપણે સભાસદ બન્યા હોઈએ તેવું ભાન સામાન્ય સભાસદોને થતું નહિ. તે માટે પત્રિકાના લવાજમ ઉપરાંત બીજા આઠ આના સાથે એનું પત્રક ભરી મોકલે તે સંઘના સામાન્ય સભાસદ થાય છે.

આ રીતે સભાસદત્વ નક્કી થયું છે તે તરફ વાચકોનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

અત્યાર સુધી પત્રિકાના ગ્રાહકો વધારવા માટે માગણી આવતી, અને અમારી માગણી મુજબ દરેક એકએક ગ્રાહક વધારે બનાવી મોકલવાની કોશિશ કરતા. હવે પછી સંઘના સભાસદો વધારવાની માગણી કરીએ છીએ. જેઓ વર્ષોથી સંઘ સાથે ભળેલા જ છે, સંધી થએલા જ છે, તે સૌ સંઘના સભાસદો તરીકે પોતાનાં નામો વગર ભૂલે નોંધાવે એવી અમારી તેમને વિનંતિ છે.

બંધારણનું મહત્ત્વ

આપણે હવે સંગીન રીતે પાકે પાયે સંઘટિત થઈને બાલશિક્ષણનું કાર્ય હાથ ધરીએ છીએ એ આ બંધારણનું મહત્ત્વ છે.

સૌ સહાનુભૂતિ ધરાવનારાઓ, અને ખરી રીતે જેઓ સંઘની અંદર વર્ષોથી હતા જ તે સૌ હવે આ બંધારણની રૂએ સભાસદ થઈ સંઘનું બળ વધારે તે જરૂરનું છે.

સંઘટિત કાર્ય

આ બંધારણની રૂએ નૂતન બાલશિક્ષણમાં કામ કરતી બધી સંસ્થાઓ સંઘની છાયામાં આવશે. તેમનું નિરીક્ષણ, માર્ગસૂચન, વગેરે બધું સંઘ તરફથી થશે. તેથી છૂટું છવાયું થતું હતું તે કામ વધારે એકધારું અને ચોક્કસ દિશામાં થશે. કાર્યકર્તાઓનું એક મંડળ નિમાશે ને તેઓ પ્રચારનું કામ પણ વધારે જોશભેર કરશે. આ રીતે કાર્યને વેગ અને સંઘટિતતા આવશે.

નવું કામ

જે ચાલતું હતું એને સંગીન કરીને જ સંઘ બેઠો નહિ; એણે પોતે હવે એક નવું કામ ઉપાડ્યું છે– ગામડાનાં અને ગરીબ વર્ગનાં બાળકોના શિક્ષણનું. તે માટે માત્ર ઇચ્છાઓ પ્રદર્શિત કરી સંમેલન પૂરું થયું નથી પણ પ્રયોગો રૂપે ત્રણ શાળાઓ શરૂ કરવાનું નક્કી કર્યું છે. એ દિશામાં માર્ગદર્શન થાય તે માટે શ્રી. જુગતરામભાઈ અને શ્રી. નાનાભાઈનાં ભાષણો બહુ જ કિંમતી થયાં. એ બે ભાઈઓ વર્ષોથી ગામડામાં કામ કરે છે તેથી તેમની નજર તળે તેમના દિશાસૂચનથી ચાલે એવી બે શાળાઓ ચલાવવાનું નક્કી થયું છે. ત્રીજી શાળા મુંબઈમાં શ્રી. તારાબેનના માર્ગદર્શન નીચે શહેરી ગરીબ બાળકો માટે શરૂ કરવાની છે. પ્રયોગ તરીકે આ ઘણી જ મહત્ત્વની પ્રવૃત્તિ થશે. આ ત્રણેનો ત્રણ વર્ષનો ખર્ચ શ્રી. સરલાદેવી સારાભાઈએ આપવાનું જાહેર કર્યું તે પણ પ્રયોગ તરીકે શાળાઓને મહત્ત્વની ગણીને જ. આ શાળાઓનું કામકાજ શરૂ થશે તેમતેમ પત્રિકા દ્વારા તેની પ્રગતિ જણાવતા રહીશું. આ એક નવું સંશોધનનું કામ સંઘ કરશે. એટલે તે તરફ સૌની નજર રહે તે સાહજિક છે.

આ રીતે આ સંમેલનમાં અત્યંત મહત્ત્વનું ને સંગીન એવું ઘણું જ કામ થયું છે તે તરફ સંધીઓનું ધ્યાન ખેંચીએ છીએ.

સંઘનું બળ ને સંઘનું કાર્ય વધારવાનું હવે સંધીઓ પર છે. આજ સુધી જે સાથ સંધીઓએ આપ્યો છે તેવો જ–બલકે તેથી વિશેષ પ્રમાણમાં હવે પછી આપતા રહે એટલું. સહુ પાસે માગી લઈએ છીએ.

તંત્રી.

નૂતન બાલશિક્ષક સંમેલન

અગાઉ જાહેર કર્યા પ્રમાણે તા. ૨૦–૨૧ ઑક્ટોબર ૧૯૪૦ ના દિવસોમાં આપણું નૂતન બાલશિક્ષક સંમેલન શ્રી. સરલાદેવી સારાભાઈના પ્રમુખપણા તળે સફળતાપૂર્વક પાર પડી ગયું. સંમેલનમાં ભાગ લેવા માટે અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ ઉપરાંત બાલશિક્ષણમાં કામ કરનારા અને એના પ્રશ્નોમાં ઊંડો રસ ધરાવતા અન્ય મહેમાનો પણ આવ્યા હતા. એકંદરે ૬૦–૭૫ બાલશિક્ષકોએ હાજરી આપી હતી. કાઠિયાવાડ, ગુજરાત અને મુંબઈના કાર્યકરો ઉપરાંત પૂના અને મહારાષ્ટ્રમાં કામ કરનારી બહેનોએ ખૂબ દૂરથી આવીને પણ ભાગ લીધો હતો એ આનંદની બિના નોંધવી જોઈએ.

સંમેલનની બેઠક શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરના મુખ્ય ઓરડામાં રાખી હતી. ફૂલપાનથી શણગારવામાં આવેલા ઓરડામાં ધૂપની મહેક સાથે સવારના ૮–૩૦ સંમેલનની શરૂઆત સંગીતથી થઈ. શ્રીદક્ષિણામૂર્તિના ટ્રસ્ટી શ્રી. માણેકલાલ હ. પંડ્યાએ સહુનું સ્વાગત કરતાં સ્વ. ગિજુભાઈના અવિશ્રાંત બાલશિક્ષણના કાર્યનું સહુને સ્મરણ કરાવ્યું અને ગદ્‌ગદિત તથા લાગણીપૂર્ણ શબ્દોથી સ્વર્ગસ્થના કાર્યને જોસભેર આગળ ધપાવવા સહુને આગ્રહ કર્યો.

સંમેલનમાં બહારથી આવેલા મહેમાનો ઉપરાંત સ્થાનિક સદ્‌ગૃહસ્થોમાં દિવાનસાહેબ શ્રી. અનંતરાય પટણી, નાયબ દિવાન શ્રી. નટવરલાલભાઈ સુરતી, કેળવણી અધિકારી શ્રી. વિઠ્ઠલદાસ પટેલ, શ્રી. હરભાઈ ત્રિવેદી તથા અન્ય શિક્ષણપ્રેમીઓની હાજરી તરી આવતી હતી.

બહારના મહેમાનોમાં બાલઅધ્યાપકો ઉપરાંત શ્રી. પોપટલાલ ચુડગર (સ્વ. ગિજુભાઈના ખાસ મિત્ર) શ્રી. છગનલાલ જોષી, શ્રી. કાશીનાથજી ત્રિવેદી, શ્રી. મણિબેન કાપડિયા, ગોધરાવાળા શ્રી. મણિલાલ મહેતા અને વાંકાનેર રાજ્યના કેળવણી અધિકારી શ્રી. બી. જી. ગદ્રે તથા ડેપ્યુટી એજ્યુ. ઇન્સ્પેક્ટર વગેરે મુખ્ય ગણાવી શકાય.

સ્વાગતનું કાર્ય પૂરું થતાં જ બહારગામથી આવેલા સંમેલનની સફળતા ઇચ્છતા સંદેશાઓ વંચાયા હતા. બાલકેળવણીના દૃષ્ટાસમાં ડૉ. મોન્ટેસોરીનો સંદેશો અત્યંત પ્રેરક હતો. ઉપરાંત મોન્ટીસોરી એસોસીએશન ઇંટરનેશનેઇલ–અધારના સેક્રેટરી તરફથી, તેમ જ શ્રી. કાકાસાહેબ કાલેલકર, શ્રી. લીલાવતી મુનશી, શ્રી. માવળંકર, શ્રી. નરહરિભાઈ પરીખ, સરદાર પૃથ્વીસિંહ, વગેરે અનેક સજ્જનો અને સન્નારીઓ તરફથી સંમેલનની સફળતા ઇચ્છતા પત્રો અને તારો આવેલા તે વંચાયા હતા.

ત્યાર પછી અધ્યક્ષ શ્રી. સરલાદેવી સારાભાઈનું વ્યાખ્યાન થયું. તે પછી શ્રી. તારાબેને પોતાનું મંત્રી તરીકેનું નિવેદન અને ભાવિ કાર્યક્રમની કાંઈક યોજના બતાવનારું વ્યાખ્યાન વાંચ્યું હતું. આ બંને વ્યાખ્યાનો ગયા અંકમાં આખાં છપાઈ ગયાં છે. વ્યાખ્યાનો પૂરાં થયા પછી ૧૦–૩૦ વાગતાં આખું મંડળ નૂતન બાલશિક્ષણ સંઘના બંધારણની અવિધિસરની વિચારણા માટે વિખેરાયું હતું.

સંમેલનના મહેમાનો માટે નિયુક્ત થયેલ શ્રી દક્ષિણામૂર્તિ વિનયમંદિરમાં મુખ્ય ઓરડામાં આ અવિધિસરની બેઠક લગભગ દોઢેક કલાક સુધી ચાલી.

સંઘના બંધારણનો કાચો ખરડો અગાઉ શિક્ષણ પત્રિકામાં છપાઈ જ ગયો હતો અને બધા

સંધીઓ તરફથી તેમાં સુધારાવધારા માગવામાં આવ્યા હતા. પત્રોથી આ બાબતમાં બહુ લખાઈ આવેલ નહોતું પરંતુ બધાની હાજરીમાં જ આખાય બંધારણની વિચારણા સંઘને વધારે મજબૂત અને સંગઠિત કરવામાં સહાયભૂત થશે એ વિચારથી આ અવિધિસરની બેઠક ગોઠવાઈ હતી. આ બેઠક તા. ૧૯ મીની રાત્રે ઉકેલવી એવી મૂળ કાર્યક્રમની જે યોજના હતી તે મુંબઈના જબરા તોફાનને પરિણામે ઊભી થયેલી ગાડીઓની અનિયમિતતાને લીધે પાર પડી નહિ, એટલે આ વખત નક્કી કર્યો હતો. અને ખરેખર આ બેઠકમાં બધા સંધીઓ સંઘના કામને આગ્રહપૂર્વક કેટલું આગળ ધપાવવા માગે છે તે દેખાઈ આવતું હતું. દોઢ કલાકની રસભરી ચર્ચાને અંતે જુદી જુદી અનેક સૂચનાઓ પછી બાર વાગે મહેમાનો જમવા ઊઠ્યા.

બપોરના બે વાગે સંમેલનની બીજી બેઠક મળી. જુદાજુદા કાર્યકરોના અનુભવોની આપલે કરવાનો કાર્યક્રમ આ વખતે ગોઠવાયો હતો. શરૂઆતમાં શ્રી. વજુભાઈ દવેએ (અમદાવાદ) સાધનો નહિ પણ આત્માના ઓજસવાળા શિક્ષકની આવશ્યકતા જણાવી હતી. શ્રી. વિષ્ણુભાઈ ભટ્ટે સંઘના સંગઠનઉપર ભાર મૂક્યો હતો. શ્રી. ચુડગરે પોતે જોયેલાં બાલમંદિરોના અનુભવ પરથી બાલમંદિરો થોડાં પણ સંપૂર્ણ અને સારા માણસો જ ચલાવે તે જોવાનું એટલેકે નિરીક્ષણકાર્ય સંઘે લેવું જોઈએ એવો આગ્રહ બતાવ્યો હતો. શ્રી. પ્રતાપરાય યાજ્ઞિક (મુંબઈ), તો ગટરમાં કહો તો ત્યાં પણ સ્વચ્છતા અને ધૂપ દીપ વાપરી બાલમંદિર ખોલવા તૈયાર હતા. શ્રી. શંકરભાઈ રાણા (મહુવા હરિજનશાળા) હરિજનકાર્ય વિષે બોલ્યા. શ્રી. હેમુભાઈ રાજગોરે (શ્રીદક્ષિણામૂર્તિ) માબાપો પાસે તેમને ઘેર જઈ સંપર્ક સાધવાની જરૂરિયાત જણાવી હતી. હરિજન બાળકોમાં જે ચેતન, ઉલ્લાસ છે તે સવર્ણોમાં નથી એવો એમનો અનુભવ હતો. શ્રી. મણિબેન કાપડિયાએ પોતાને બાલમંદિરના સંચાલન દરમિયાન રાજદ્વારી અને સામાજિક અડચણો કેવી રીતે ઊભી થતી હતી તેનું બ્યાન કર્યું હતું. ભાઈશ્રી નરેન્દ્ર બધેકા(જામનગર)એ દેશી રાજ્યોમાં જે સંઘને કામ કરવાની અનુકૂળતા મળી જાય અને તે લેતાં આવડે તો વિશાળ ક્ષેત્ર પડ્યું હોવાનું જણાવ્યું હતું, અને શ્રી. ભગવાનજીભાઈ (પોરબંદર) એ એમાં સૂર પુરાવ્યો હતો. શ્રી. યશસ્વતીબેને (અમદાવાદ) મનમાં જો દૃઢનિશ્ચય હોય તો કશી જ મુશ્કેલી નથી આવતી એમ ભારપૂર્વક કહ્યું હતું. આમ દસેક વ્યાખ્યાતાઓના અનુભવો પછી શ્રી. જુગતરામ દવેનું વ્યાખ્યાન થયું.

શ્રી. જુગતરામભાઈનું વ્યાખ્યાન સવારે ગોઠવાયેલું પરંતુ તેઓ ગાડીઓની પ્રતિકૂળતાને લીધે આવી નહોતા શક્યા તેથી બપોરના આવતાંવેંત તેમનું વ્યાખ્યાન થયું. શ્રી. જુગતરામભાઈ એટલે સ્વ. ગિજુભાઈના ખાસ મિત્ર અને બાળકેળવણી તથા ખાસ કરીને બાલસાહિત્યના ઉપાસક તથા લેખક. એમણે અત્યંત ભારે દિલથી પોતાના મિત્ર ગિજુભાઈનું લાગણીપૂર્વક સ્મરણ કર્યા પછી પોતાનું સાદું અને સચોટ વ્યાખ્યાન વાંચી સંભાળાવ્યું. અરધા કલાકને અંતે આખુંય વંચાઈ રહ્યા પછી પણ બધાને એમ જ લાગ્યું કે "હજુ લાંબું ચાલ્યું હોત તો સારું!" 'ગામડામાં બાલમંદિર'નું એમનું એ આખુંય વ્યાખ્યાન આ અંકમાં અન્યત્ર આપવામાં આવ્યું છે.

શ્રી. જુગતરામભાઈના વ્યાખ્યાન પછી પ્રમુખ શ્રી. સરલાદેવી આખાય વિચારને હર્ષથી વધાવી લેતાં એ મતલબનું બોલ્યાં હતાં કે "દેશનાં લાખો ગામડાંઓમાં આ બાલમંદિરના પ્રશ્નને પહોંચાડવા ઘણી શક્તિ જોઈએ; અને જો આપણે

સહુ મંડીશું તો દેશની એ પ્રકારની સેવા કરવા ભાગ્યશાળી થઈશું. શ્રી. જુગતરામભાઈ તથા શ્રી. નાનાભાઈ આપણને આ પ્રશ્નમાં માર્ગદર્શક થઈ શકશે અને વ્યવહારુ ઉકેલ બતાવી શકશે. મને આમાં સંઘના વિકાસનાં શુભ ચિહ્ન દેખાય છે." વગેરે.

ત્યાર પછી શ્રી. નામલે (અમદાવાદ) અને શ્રી. હરપ્રસાદ ભટ્ટે પોતાના અનુભવો કહ્યા. શ્રી. નામલે પોતાનો અનુભવ સફળ નથી થયો એમ કહેવા માગતા હતા. સમાજમાં જુદી જુદી જાતની રાજકીય તેમ જ સામાજિક માન્યતાવાળાઓ, જૂની કેળવણી-વાળા તેમ જ નવા વિચારવાળાઓ, ગાંધીવાદી કેળ-વણીકારો અને સરકારી ખાતાંઓ વગેરે અનેકની સામે બાળકેળવણીને પોતાનો માર્ગ કાપવાનો છે. આવા સંજોગોમાં સંઘનું નિયંત્રણ અને પીઠબળ મળે છે તે અત્યંત જરૂરનું છે, અને સૌભાગ્યનું ચિહ્ન છે. અમદાવાદવાળા શ્રી. હરપ્રસાદ ભટ્ટનું આવેશ તેમ જ લાગણીભર્યું વ્યાખ્યાન આ પછી થયું અને સાંજના લગભગ ૫-૩૦ વાગે સંમેલનનું કામ બીજા દિવસ ઉપર મુલતવી રખાયું. અનેક કાર્યકર્તાઓને બોલવાનું ઘણું હતું પરંતુ સમય ઓછો હોવાથી સહુને બહુ ઓછો સમય આપવામાં આવતો હતો. પહેલા દિવસની બેઠકનો ઉપસંહાર કરતાં અધ્યક્ષ શ્રી. સરલાદેવી સારાભાઈએ ટૂંકમાં નીચે પ્રમાણે કહ્યું :

"આ બધાંને સાંભળ્યા પછી મને એક વિચાર આવે છે. આપણે ધંધાદારી દૃષ્ટિથી કામ કરીશું તો આવડા વિશાળ દેશમાં વ્યાપક રીતે કાંઈ કરી શકીશું નહિ. પરંતુ સેવાભાવનાની દૃષ્ટિથી જ કામ કરીશું તો પહોંચી શકાશે.

"શ્રી. પોપટભાઈની સૂચના મુજબ દંભ કે સડો સાફ કરવો જોઈએ એ સાચું છે. એમણે જે જાતનું પત્રક રાખવા કહ્યું છે અથવા સૂચવ્યું છે તેવું વિસ્તારથી નહિ પરંતુ સામાન્ય રીતે, અમદાવાદ-ગુજરાત માટે તૈયાર થયું છે. ડૉ. મૉન્ટેસોરી અમદાવાદ આવ્યાં ત્યારે તે નિમિત્તે આવું પત્રક તૈયાર થયું હતું.

"પગારદાર મંત્રીની આવશ્યકતા તો છે પરંતુ એનો આધાર સંઘની શક્તિ પર અવલંબે છે.

"કેળવણી રાષ્ટ્રીય રાખવી જોઈએ એ વિષે મતભેદ નથી. પરંતુ રાષ્ટ્રીય કામ કરતાં સક્રિય રાજકીય કોને કહેવું અને કોને ન કહેવું તે બાળ-કેળવણીની દૃષ્ટિએ વિચારવાની જરૂર છે. સંઘ આમાં માર્ગદર્શક થઈ શકે.

"ચાળીસ કરોડના આપણા દેશ માટે અત્યારે છે તેવાં શાસ્ત્રીય સાધનો પહોંચાડવાં મુશ્કેલ છે. આપણે આપણા સિદ્ધાંતો નક્કી કરી તેમને વ્યવ-હારુ કરવા માટે દૃષ્ટિ અને હૃદય બંને જોઈશે.

"તમે તમારો કાંઈક મૌલિક – ઓરીજિનલ ફાળો આપો. તમે એટલા માટે કહું છું કે હું શિક્ષક નથી. તમે તાલીમ પામેલા શિક્ષકો છો, અનુભવી છો. નૂતન કેળવણીની દૃષ્ટિએ આપણા દેશને અનુરૂપ એવું કરો; એમાંથી 'નેશનલ ક્રીએ-ટિવ વેલ્યુ'–નવા રાષ્ટ્રીય સર્જનનાં મંડાણ થશે.

"નૂતન કેળવણીના સિદ્ધાંતો દેશી કે વિદેશી હોઈ ન શકે. સિદ્ધાંતોને વ્યવહારુ સ્વરૂપ આપતાં તેનું અંધ અનુકરણ ન કરીએ.

"આપણે વ્યક્તિનું હિત સમષ્ટિના અનુરૂપ કરવું પડશે. સંઘને પ્રાણવાન અને મજબૂત બનાવીને આવું ઘણું કરી શકીએ."

સાંજે ૬ થી ૮ સુધી ઘરશાળા બાલમંદિરમાં ગોઠવાયેલા બાલશિક્ષણ પ્રદર્શન અને મનરંજનના કાર્યક્રમમાં હાજર રહેવાનું શ્રી. હરભાઈ ત્રિવેદીનું નિમંત્રણ હતું તેથી સહુ ત્યાં ગયા હતા.

રાત્રિનો આનંદવિનોદનો કાર્યક્રમ ૯-૩૦ વાગે.

શરૂ થયો. બાલમંદિરની ઓછાં સાધનોથી અગાઉ ગોખ્યા વિના સાદાઈથી અને તુરત નાટકો કરવાની રીત મુજબ બેએક નાટકો ભજવાયાં. તેમાં સુપડકના રાજાનું નાટક પણ હતું. શ્રી. મનુભાઈ મોરારજી અને વઢવાણવાળા શ્રી. ભોગીલાલ પરીખ જેવા જૂના નટો પણ એમાં ઊતરી પડ્યા હતા. શ્રી. ભોગીભાઈ એ પોતાનાં "હરિનાં પાંચીકડાં" એ જ ઘેરગંભીર પહાડી રાગે ગાઈ સંભળાવ્યાં હતાં. રાત્રે અગિયાર વાગ્યા પણ સહુનો રસ એટલો જ હતો, એટલે બાલમંદિરના ઉપલા ચોકમાં ભાઈઓ તથા બહેનોના દાંડિયારાસ અને ગરબીની ઝડી વરસી. રાત્રે ૧૨॥ વાગે સહુ મંડળ વિખેરાયું ત્યારે દક્ષિણામૂર્તિમાં ગિજુભાઈના અંતેવાસ વખતે જે આનંદ માણેલો તેની કંઈક ઝાંખી કરી એમ બધાને લાગ્યું.

તા. ૨૧મીએ સંમેલનની બેઠકની શરૂઆત સંગીત સાથે ૯ વાગે થઈ. અગાઉનો કાર્યક્રમ ૨૧ મીએ વહેલી સવારે આંબલા પહોંચી આખો દિવસ આંબલામાં—શ્રી. નાનાભાઈ જ્યાં બેસીને ગામડાનું કાર્ય કરી રહ્યા છે તે જોવું એવો હતો. પરંતુ ઘણાંઓને આ કાર્યક્રમ પ્રતિકૂળ છે એમ જણાયાથી આગલે દિવસે એવું નક્કી કરવામાં આવ્યું હતું કે સવારની બેઠક ભાવનગરમાં રાખી સંમેલનનું કાર્ય ત્યાં જ પૂરું કરવું અને બપોરના જેમને આંબાલા જવું હોય તેઓ બસમાં આંબલા જાય.

આમ સંમેલનની બીજા દિવસની બેઠક શ્રી. નાનાભાઈના વ્યાખ્યાનથી શરૂ થઈ. આ વ્યાખ્યાનનો ટૂંકો સાર આ અંકમાં બીજે આપ્યો છે.

તે પછી શ્રી.. જુગતરામભાઈનું બનાવેલું "બાલમંદિરિયું" વાળું ગીત બધાંએ સમૂહમાં ગાયું. ત્યાર બાદ શ્રા. તારાબેનનું નાનું પરંતુ મુદ્દાસરનું ભાષણ થયું. તેઓ બોલ્યાં કે "સંમેલનને અંગે શ્રી. નાનાભાઈ અને શ્રી. જુગતરામભાઈનાં થયેલાં વ્યાખ્યાનો પરથી ભાવિ કાર્યપ્રદેશની ઝાંખી સહુને થઈ હશે. સંઘે હવે આ દિશામાં પોતાનાં પગલાં ઉપાડવાં જોઈએ એવું આમાં સૂચન છે. પરંતુ એનો અર્થ એવો તો નથી જ કે સંઘના અત્યાર સુધી થયેલા કામકાજ તરફ દુર્લક્ષ કરવું.

"આજ સુધી સંઘે કરેલું કાર્ય મોટે ભાગે પ્રચારનું રહ્યું છે, અને હજુય એને એવા જ જુસ્સાથી આગળ ધપાવવાની આવશ્યકતા છે, એમાં શક નથી. બાળકેળવણીમાં ગુજરાતમાં પુષ્કળ જાગૃતિ આવી છે તોપણ હજુ નવાંનવાં તત્ત્વોનો ઝીણવટથી અભ્યાસ તેમ જ તેના અમલની દૃષ્ટિએ હજુ પ્રચાર કરવાની આવશ્યકતા ઊભી જ છે. એના માટે સંઘના મુખપત્ર 'શિક્ષણપત્રિકા' નો બહોળો ફેલાવો થાય, તથા વ્યાખ્યાનો, હસ્તપત્રકો અને સંમેલનો દ્વારા આ કાર્યને વેગ મળે તે પણ એટલું જ જરૂરનું છે.

"સંઘનું આ ઉપરાંત એક બીજું પણ કામ છે. આજે બાલશિક્ષણનું કામ અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓ કરે છે પરંતુ તે છૂટુંછૂટું ચાલે છે. આ બધાને સંગઠિત કરવાનુ અગત્યનું કામ સંઘ સામે ઊભું છે. સંઘ તરફથી બાલમંદિરોનું નિરીક્ષણ થાય, તેમને દિશાસૂચન મળે અને બની શકે તો થોડીઘણી આર્થિક સહાય પણ મળે, એવું થવું જોઈએ. આ રીતે બાલશિક્ષણનું કાર્ય સંગઠિત થાય. એને માટે શિક્ષકોને સારુ એકાદ નિયતકાલિક પણ ચલાવી શકાય.

"ઉપરાંત સંઘે પોતે પોતાની જ સંસ્થાઓ સ્થાપીને પણ કંઈક કરી બતાવવું જોઈએ. આજની સ્થિતિએ ગામડાંનાં નાનાં બાળકોની કેળવણી અને શહેરનાં ગરીબ બાળકોની કેળવણીનો કાંઈક વિચાર કરી યોગ્ય માર્ગ સંઘે કાઢવો જ

રહ્યો. સંઘ આને માટે બાલક્રીડાંગણોની યોજના ઉપાડી શકે. આપણા જેવા વિશાળ દેશમાં ગામોગામમાં બાલક્રીડાંગણો ઊભાં કરવાનું સંઘની શક્તિ બહારનું છે; સંઘે એ જવાબદારી લેવાની જરૂર પણ નથી. પરંતુ સંઘ આ બાબતમાં એક કામ કરી શકે. ગામડામાં બાલમંદિર હોય તો તે કઈ જાતનું હોવું જોઈએ તે માટેના પ્રયોગો કરી એવાં આદર્શ ક્રીડાંગણો સંઘે ચલાવી બતાવવાં જોઈએ; એટલું જ નહિ પરંતુ આવાં ક્રીડાંગણો ચલાવી શકે તેવા શિક્ષકો તૈયાર કરનારું અધ્યાપનમંદિર પણ સંઘે ચલાવવું જોઈએ.

"આ બધાં કાર્યોમાં સંઘ તમારો—બાલશિક્ષકોનો પૂરેપૂરો સહકાર માગે છે; અને તો જ સંઘ આ દિશામાં વેગપૂર્વક પ્રવૃત્તિ કરી શકશે."

શ્રી. હરભાઈ ત્રિવેદીએ માબાપોનો સંપર્ક સાધવા પર ભાર મૂક્યો હતો. જો આપણે બાપ કરતાં મા સાથે સંપર્ક સાધશું તો આપણે વહેલા યશસ્વી નીવડશું એવી અનુભવને આધારે પેદા થયેલી શ્રદ્ધા તેમણે જાહેર કરી હતી.

શ્રી. સોમાભાઈ કિશાભાઈ પટેલે વર્ધાશિક્ષણ યોજનાનો અભ્યાસ કરવા અને ઉદ્યોગોને શિક્ષણમાં અગત્યનું સ્થાન આપવા પર ભાર મૂક્યો હતો. વર્ધાયોજનાનો આપણે અભ્યાસ કરીશું, રાષ્ટ્રવિધાયક પુરુષોએ કરેલી મહેનતને લક્ષમાં લઈશું અને તે આપણને કેટલી અનુકૂળ છે તેનો વિચાર કરીશું તો આપણને એમાંથી ઘણું મળશે એવો વિશ્વાસ તેમણે જાહેર કર્યો હતો. વાંકાનેરના ડેપ્યૂટી ઇન્સ્પેક્ટર સાહેબે દેશી રાજ્યો સાથે સરકાર સાધવા તરફ અને નવી કેળવણીના પ્રવાહને એ રીતે વિસ્તારવા પર ભાર મૂક્યો હતો.

સંઘના નવા બંધારણમાં સૂચવાયા મુજબ સંઘના કાર્યને ઉપાડી લેવા માટે કાર્યવાહક મંડળ નીમાવું જોઈએ. પણ જ્યાં સુધી સંઘનું બંધારણ રજીસ્ટર થાય નહિ અને એના રીતસરના સહાયક સભ્યો નોંધાય નહિ ત્યાં સુધી કાર્યવાહક મંડળ રચાઈ શકાય જ નહિ. એથી જનેવારી ૧૯૪૧ આખર સુધીમાં આ બંધારણનો અમલ શરૂ થાય તે દરમિયાન સંસ્થાજોડાણને માટે તેમ જ સહાયક સભ્યો મેળવવા અર્થે અને એકંદરે સંઘના કાર્યને વેગ આપવા સારુ એક પ્રચારસમિતિ નીમવાનું ઠરાવવામાં આવ્યું. એ સમિતિમાં નીચે લખ્યાં ભાઈબહેનોનાં નામો સૂચવાયાં હતાં અને હાજર રહેલાંઓએ કામ કરવાની પોતાની અનુમતિ પણ આપી હતી. આ સમિતિમાં અન્ય ભાઈબહેનો પોતાનાં નામ આપી હજુ પણ જોડાઈ શકે છે અને સંઘના કાર્યમાં એ રીતે સારી એવી મદદ કરી શકે છે.

પ્રચાર સમિતિનાં નામોઃ—

શ્રી. હરભાઈ ત્રિવેદી
,, ઇંદુપ્રસાદ ભટ્ટ
,, વજુભાઈ દવે
,, નરેન્દ્ર બધેકા
,, યશસ્વતીબેન ભટ્ટ
,, વિષ્ણુપ્રસાદ ભટ્ટ
,, નામલે
,, ભગવાનજીભાઈ

શ્રી. પ્રભુલાલ ધોળકિયા
,, કમળાશંકર પંડિત
,, ચંદ્રશંકર ભટ્ટ
,, સોમાભાઈ ભાવસાર
,, મૂળજીભાઈ ભરડા
,, મણિબેન કાપડિયા
,, વસુમતીબેન
,, હેમુભાઈ રાજગોર

શ્રી. રામભાઈ પાઠક
,, પ્રતાપરાય યાજ્ઞિક
,, ભોગીલાલ પરીખ
,, નર્મદાબેન રાવળ
,, પ્રાણશંકરભાઈ
,, મનુભાઈ ભો. ભટ્ટ
,, કિશોરભાઈ મહેતા
,, પ્રમિલાબેન જોષી

શ્રી. કાશીનાથજી ત્રિવેદી
,, મોંઘીબેન બધેકા
,, જયાબેન પારેખ
,, ભાનુમતી ચોકશી
,, હરપ્રસાદ ભટ્ટ
શ્રી. મણિબેન ત્રિવેદી
,, ગોવિંદભાઈ ઠાકર
,, શંકરલાલ શાહ
,, શંકરભાઈ પટેલ
,, ગૌ. કા. ચાતુર્વેદી
શ્રી. સોમાભાઈ પટેલ
,, વિજયાબેન દેવ
,, જયંતીલાલ ઓઝા
,, કાંતિલાલ મહેતા (ગોધરા)

ઉપર લખ્યા ગામડાનાં બાલમંદિરોની અથવા શહેરની ગરીબ પ્રજાના બાલમંદિરની યોજના હાથ ધરાય; આવી એક શાળા વેડછીમાં શ્રી. જુગતરામ દવેની સૂચના અને દેખરેખ નીચે ચાલે; એક આંબલામાં શ્રી. નાનાભાઈની દેખરેખ નીચે ચાલે, અને ત્રીજી મુંબઈમાં શ્રી. તારાબેનની દેખરેખ નીચે ચાલે. તેનો ત્રણ વર્ષનો ખર્ચ શ્રી. સરલાદેવી સારાભાઈ એ પોતાના તરફથી આપવાનું જાહેર કરતાં સહુએ યોજનાને આનંદથી વધાવી લીધી હતી.

પ્રમુખશ્રીનો ઉપસંહાર નીચેના આશયનો થયો હતો.

દોઢ દિવસની અંદર વિચારોની આપલે કરી; કેટલીએક અસ્પષ્ટ વસ્તુની સ્પષ્ટતા થઈ; આપણે એકબીજાની નજીક આવ્યા.

હું પોતે શિક્ષક નથી; માનસશાસ્ત્રની બહુ અભ્યાસી નથી. પરંતુ મને અંગત અનુભવ થયો છે. કેવળ બાલશિક્ષણ માટે નહિ પણ જીવનચર્યા માટે ડૉ. મૉન્ટેસોરીના સિદ્ધાંતોનો હિસ્સો છે. મૉન્ટેસોરીનાં શાસ્ત્રીય સાધનોમાં મને વિશ્વાસ છે, અને તેના સિદ્ધાંતો વ્યાપક છે એમ લાગ્યું છે.

ડૉ. મૉન્ટેસોરી આર્ષ દૃષ્ટિવાળાં છે. ગાંધીજી પણ આર્ષ દૃષ્ટિવાળા છે. આપણી મહાસભાએ વર્ધાયોજનાને સ્વીકારી છે. તે એક વાર આવવાની છે. આપણે તેને અનુરૂપ થવા મહેનત કરવી જોઈએ.

દેશી રાજ્યો સાથે સહકાર કરવામાં બાધ નથી. આપણા સિદ્ધાંતોને નીચે પાડ્યા વિના બની શકે તેટલો સહકાર કરવાની સંઘની ફરજ છે. પરંતુ આજે આપણી થોડી મર્યાદા છે. શિક્ષણના નવા પ્રયોગો કરવા આપણે દેશી રાજ્યમાં ન દોડી શકીએ. પહેલાં આપણી પાસે જે છે તેને સંગઠિત કરીએ.

આપણે બધા મર્યાદિત છીએ. આદર્શને પહોંચી ન શકીએ. એ તો દૂર જ રહે છે. અને એમાં જ આપણો વિકાસ છે. હરહમ્મેશ જાગૃત રહીએ અને મહેનત કરીએ.

સૌએ મને જે સહકાર આપ્યો છે એ બદલ સૌની હું આભારી છું.

ત્યાર બાદ મંત્રી શ્રી. સરોજબેન યોધે સંઘ તરફથી શ્રીદક્ષિણામૂર્તિએ પોતાનું સ્થાન વાપરવા આપવા બદલે તે સંસ્થાનો, સંમેલનનો ભાવનગરની બધી જવાબદારી (ભોજનખર્ચ સહિતની) પોતાને માથે ઉપાડી લઈ સફળતાથી પાર પાડવા બદલ શ્રી. માણેકલાલ પંડ્યા અને શ્રી. નાનાભાઈને, આપેલી સગવડો ભાવનગર રાજ્યનો અને મદદ કરનાર અન્ય સર્વ ભાઈબહેનોનો પ્રેમપૂર્વક ઉપકાર માન્યો હતો તથા વંદેમાતરં ગાઈ સહુ વિખેરાયા હતા.

બપોરના સાદા ભોજન પછી આવેલા મહેમાનો અને સ્થાનિક કાર્યકરો સહુએ પોતપોતાનો પરિચય આપવાનો કાર્યક્રમ રખાયો હતો. પરંતુ સમયને અભાવે એ બહુ ટૂંકો કરવો પડ્યો હતો.

સંમેલન વિધિસરનું પૂરું થયા પછી બપોરના બે વાગે આવેલ મહેમાનોમાંથી અરધાં જેટલાં ભાઈબહેનો તથા શ્રી. સરલાદેવી સારાભાઈ, શ્રી. તારાબેન મોડક અને શ્રી. સરોજબેન યોધ આંબલામાં શ્રી. નાનાભાઈનું કામ જોવા ઊપડી ગયાં હતાં.

ગામડાનું બાલમંદિર

બાલપૂજનની ભાવના આપણી અંદર ગિજુભાઈ જગાડીને ચાલ્યા ગયા ત્યારથી બાળકોનાં માન વધ્યાં છે. તેમને મોટે નામે બોલાવનારા નીકળ્યા છે. તેમની નિરર્થક દેખાતી હિલચાલોના અર્થો સમજવાનો પ્રયત્ન કરનારા અને તેમની કદર કરી ઉત્તેજન આપનારા નીકળ્યા છે. ઠેરઠેર બાલમંદિરો નીકળ્યાં છે, અને તેમાં એક પ્રકારની ભક્તિ-ભાવના સાથે બાળકો પ્રત્યે વર્તવામાં આવે છે.

આ હિલચાલનું એક આડકતરું ફળ એ મળ્યું છે કે સામાન્ય શાળાઓનાં પણ માર આદિનો ત્રાસ ઓછો થયો છે; ઘરોમાંથી પણ તેવો ત્રાસ ઘટ્યો છે.

આપણને કુદરતી રીતે જ ઇચ્છા થાય છે કે બાળક પ્રત્યેની ભક્તિની આ હિલચાલ થોડાં શહેરોમાં જ ન અટકી રહેતાં ગામડાંઓની ઝૂપડીઓમાં પ્રવેશ કરે. એટલે કે જેમ પ્રાથમિક શિક્ષણનો વિચાર રાષ્ટ્રીય દૃષ્ટિએ કરીએ છીએ તેમ બાલશિક્ષણનો વિચાર પણ રાષ્ટ્રીય દૃષ્ટિએ કરીએ તો જ આપણા આત્માને સંતોષ વળી શકે.

રાષ્ટ્રીય વૃત્તિથી પ્રેરાઈ ઘણી વાર મારા જેવાઓ ગામડામાં બાલમંદિર કાઢવાં જોઈએ એમ કહેતા રહે છે. પણ શહેરોમાં બાલમંદિરો ચલાવનારા મિત્રો તે સાંભળી અકળાય છે. તેમને પોતાના કામ ઉપર એમાં ટીકા જેવું લાગે છે. તેઓ કહે છે: "બાળક તો જ્યાં જાઓ ત્યાં એક જ છે. શહેરનું બાળક અને ગામડાનું બાળક, રાવનું બાળક અને રંકનું બાળક, એવા બાળક બાળકમાં ભેદ નથી. જે બાળકો અમને મળ્યાં તેમનું અમે કામ કરીએ છીએ. ગામડાનાં બાળકોનાં મંદિરો પણ ભલે નીકળે. અમે તો રાજી થઈશું."

ખરી રીતે આમાં બાલમંદિરવાળાઓ ઉપર ટીકા કરવાનો કોઈનો હેતુ નથી હોતો; બાલસેવાની ગંગોત્રી ગિજુભાઈએ વહેવડાવી તેમાંથી રાષ્ટ્ર-વ્યાપી ગંગા વહેતી થાય એની જ આ તો ઝંખના છે.

બાળક બાળકમાં ભેદ નથી એ કથન આખું સાચું નથી. ઈશ્વરે બધાં બાળકો સરખાં પેદા કર્યાં એટલું તો ખરું; પણ તેના ઉપર દુનિયાના ઝેરી વાયરા વાય છે એથી બધો ભેદ ઊભો થાય છે.

ગામડાનું બાળક પણ આ દુનિયામાં આવીને બીજા કોઈ પણ બાળકની જેમ દુનિયાને સમજવા અને તેનો સ્વામી થવા પોતાના પ્રયોગો શરૂ કરે છે. કદાચ શહેરી બાળક કરતાં તે વધારે તીવ્રતાથી પોતાના પ્રયોગો કરે છે. કદાચ તે પોતાના પ્રયો-ગોમાં શહેરી બાળક કરતાં વધારે સફળ થાય છે. કારણકે તેને પ્રમાણમાં સાદી વસ્તુઓ સમજવા ઉપર શક્તિ લગાડવાની હોય છે. હું કલ્પું છું કે માટીનું ઢેકું કે કાંકરો, જે સામાન્ય રીતે, ગ્રામ્ય-બાળકના હાથમાં વધારે ભાગે આવી ચડે છે, તેનો ભેદ તે વહેલું સમજી લેતું હશે, પણ સેલ્યુલોઈડના રમકડાનો ભેદ ઉકેલતાં શહેરી બાળકની નાનકડી મતિ છેક જ મૂંઝાઈ જતી હશે.

બીજું બાળકના આ બચપણના પ્રયોગોમાં શહેરો કરતાં ગામડામાં પ્રમાણમાં ઓછાં વિઘ્નો હોય છે એમ પણ મારી કલ્પના છે. સૌથી મોટું અને સતત આવ્યા કરતું વિઘ્ન માબાપ તરફનું જ હોય છે ને? કારણકે બાળકના પ્રયોગો તેમની નજરમાં નુકસાનકારક તોફાનો જ હોય છે. મોટે ભાગે તેના પ્રયોગોમાં તે કામની ચીજને તોડેફોડે કે બગાડે છે, અને કેટલીક વાર પોતાની જાતને પણ જોખમમાં ઉતારે છે. પણ ગામડાનાં મા-બાપો પ્રમાણમાં ઓછી રોકટોક કરે છે. બાળ-

કની પ્રવૃત્તિઓ વિષે તેમને સમજણ કે સહાનુભૂતિ જેવું તો કંઈ નથી હોતું; પોતાના ધંધામાંથી બાળકને આખો દિવસ સંભાળ્યાં કરવાની નવરાશ તે બિચારાંઓ કયાંથી લાવે?

બીજું આસપાસની પરિસ્થિતિ બાબતમાં પણ હું ધારું છું કે ગામડાનું બાળક શહેરી બાળક કરતાં વધારે નસીબદાર છે. આપણ મોટેરાંઓને માટે શહેરી પરિસ્થિતિ વધારે વિવિધતાવાળી હોઈ શકે છે પણ બાળકને માટે તેથી ઊલટું જણાય છે. ગામડામાં બાળકને રમવા માટે આંગણ અને ફળિયાનો જેવડો વિસ્તાર મળે છે તેવડો શહેરમાં કયાં છે? ત્યાં તો ઘણાંને પાંજરાનાં પંખીઓની જેમ નાની ઓરડીઓમાં દિવસ ગાળવો પડે છે. બહુ બહુ તો રમવા માટે ચાલી હોય. ગામડાનાં બાળકોને પશુપક્ષીઓ, પતંગિયાંઓ, વનસ્પતિઓ વગેરે અવલોકન કરવાનું જેટલું મળે છે તેટલું શહેરી બાળકોને કયાંથી મળે?

આવાં કારણોને લીધે બાળકોનો પ્રાથમિક વિકાસ શહેર કરતાં ગામડાંઓમાં વધારે સારો થતો હોય એમ માનું છું. જે આંખની ચમક આની સાબિતી હોય, જે ચપળતા અને પ્રફુલ્લિતપણું આની સાબિતીઓ હોય, તો આમ માનવાને પૂરતો ટેકો છે.

પરંતુ ગામડાના બાળકનો આ પ્રાથમિક વિકાસ ચાર દિવસના ચાંદરણાની જેમ થોડા જ વખતમાં વિલય પામે છે. કુદરત તો વિકાસમાં અનુકૂળતા આપવા તત્પર છે, પણ માણસે બાંધેલી વિચિત્ર સંસ્થાઓ પ્રબળ છે. બાળકના નાના મન ઉપર તેની અસરો ઘણી જ માઠી થવા લાગે છે.

માણસે એવી સંસ્થાઓ બાંધી છે કે તેમાં થોડાને ભાગે અતિ આરામ આવે છે અને બીજા ઘણાઓને ભાગે જાત તૂટી જાય એટલું વૈતરું આવે છે. થોડાઓને ભાગે ન પચી શકે એટલું ભોજન આવે છે; બીજા ઘણાઓને ભાગે અતિશ્રમનો ઘસારો ભરી કાઢવા માટે પૂરતો ખોરાક આવતો નથી; પૂરતો પૌષ્ટિક તો નહિ જ, પણ પૂરતો જથ્થો પણ નહિ. માની કંતાયેલી છાતીમાંથી બાળકને પૂરું દૂધ મળતું નથી. તેને ઘણું જ વહેલું ખોરાક ઉપર ચડાવવામાં આવે છે અને તેમાં પણ ભડકું અને લૂખા રોટલાનાં ડગળાં સિવાય બીજું ભાગ્યે જ હોય છે. તેથી પાણી વિનાના છોડની જેમ બાળક કરમાય છે. તેની આંખની ચમક ઝાંખી પડે છે; તેની ચપળતા ઊડી જાય છે; ન પચી શકે એવા ખોરાકના ભારથી તેનું પેટ વધી જાય છે અને હાથપગ સૂકાય છે. તેનાં આંખનાક પેટમાંના કચરાને લીધે ગોબરાં રહ્યા કરે છે. તેના શરીરમાં ગડગૂમડ સદા ફૂટે છે અને ઝટ રુઝાતાં નથી. માબાપને એ બધો કચરો સાફ કર્યા કરવાની ફુરસદ નથી, અને આવડત પણ ઓછી છે.

પણ એવાં એવાં બાળકોને યે તેમનાં માબાપ પ્રેમથી ઉછેરે છે. તેઓ કંટાળે ત્યારે ઠીબો લે છે, પણ સામાન્ય રીતે બાળકને પંપાળે છે, બચી ભરે છે, પ્રેમનાં વચન કહે છે. ગરીબાઈ છતાં આંખની ચમક ઓલવાતી નથી એનું આ જ કારણ હોય એમ લાગે છે.

તે ઓલવાવાનું તો બીજું જ કારણ માનું છું. એ સામાજિક કારણ છે. સમાજમાં આપણે કેટલાંકને ઊંચાં અને બીજાંને નીચાં કલ્પ્યાં છે. એ બેના એકબીજા સાથેના વર્તનમાં કેવું અસ્વાભાવિકપણું હોય છે તેનું લાંબું વર્ણન કરવાની અહીં જરૂર નથી. મારા એક ગ્રામસેવક મિત્ર તે ભેદ ઘણી લાક્ષણિક રીતે હમણાં જ વર્ણવ્યો હતો તે યાદ આવે છે. તે એક નાના શહેરના પાદરમાં આશ્રમ નાખી બેઠા છે અને

આસપાસની રાની પ્રેન્જની સેવા કરે છે. એમના આશ્રમ પાસે થઈને સુંદર સડક પસાર થાય છે. શહેરના ભણેલાગણેલા શ્રીમંત લોકો સાંજે સડક ઉપર હવા ખાવા નીકળી પડે છે; તે જ વખતે ગામડાના લોકો શહેરમાં મજૂરી કરીકરીને ઘેર પાછા ફરતા હોય છે. એ વર્ગોની વચ્ચે ભૂલેચૂકે પણ રામરામનો વ્યવહાર થતો નથી. આ ગ્રામ-સેવક સિવાય કોઈ તેમને બોલાવે નહિ, કોઈ તેમની તરફ જુએ પણ નહિ. માણસ માણસ વચ્ચેના વ્યવહારમાં આ અસ્વાભાવિક વસ્તુ ગણાવી જોઈએ, પણ તેને જ આપણે સ્વાભાવિક બનાવી લીધી છે. પેલા મજૂરોને પણ તે સ્વાભા-વિક લાગે છે. ગ્રામસેવક તેમને રામરામ કરે, તેમની સાથે વાતો કરે, તેથી તેઓ રાજી જરૂર થાય છે; પણ પેલા બીજાઓ બોલાવે એવી અપેક્ષા તેમને હોતી જ નથી. એ મોટા લોક આપણને ન જ બોલાવેને, એવું ડહાપણ તેમણે રોજના અનુ-ભવથી કેળવી લીધું હોય છે.

પણ આપણે અત્યારે એ ગ્રામ્ય મજૂરોની નહિ પણ તેમનાં બાળકોની વાત કરી રહ્યા છીએ. તેનાં માબાપ જેટલાં ટપલાં હજુ તેને પડ્યાં ન હોવાથી તેમના જેવું ડહાપણ પણ તેનામાં કેળવાયું નથી. ઘણી વાર પ્રસંગો આવી પડે છે કે જ્યારે મજૂરનું નાનું બાળક અને કોઈ મોટું માણસ સામસામે આવી ચડે છે. તે વખતે બાળક તો સ્વાભાવિક રીતે વર્તે છે; પેલાની સામે આશાભરી આંખે તાકે છે, હાથ લાંબા કરે છે, મલકે છે; પેલો બે પ્રેમના શબ્દો કહેશે, કદાચ તેડશે, એવી આશા કરે છે. પેલા મોટા માણસનું વર્તન તો ઠરી ચૂકેલું હોય છે. એની આંખ, એનો ચહેરો, એના હાથ, પેલા બાળકને માટે શુષ્ક નિર્જીવ રહે છે. જરા પણ જવાબ આપતા નથી. એટલું જ નહિ; એ તુચ્છ જીવન માટે સરજાયલ બાળક પ્રત્યે તે તુચ્છકારની નજર પણ ફેંકે છે. નિર્દોષ બાળક આ અસ્વાભાવિક અને માણસને ન શોભે એવું વર્તન સમજી શકતું નથી. પહેલાં તો તેને એમ જ લાગતું હશેને કે "નહિ, મારી સમજમાં જ કંઈ ફેર હશે. લોકોની ભાષા હજુ મને સમજાતી નથી. આમ તો કોઈ માણસ વર્તે જ નહિ!"

પછી તો મૂંઝાતું હશે, નિરાશ થતું હશે, દુઃખી થતું હશે, અને આવા ઘણા પ્રસંગોને અંતે પોતાના માબાપની જેમ દુનિયાનું ડહાપણ શીખી જતું હશે.

પણ આ ડહાપણ શીખવાની ક્રિયા શું અત્યંત નિર્દય નથી? પેલી આંખની ચમકની વાત હું પહેલાં કહી ગયો. ગરીબાઈ છતાં તેનો તણખો જીવતો હતો. પણ આ ક્રિયામાં તો તે હોલવાઈ જ જતો હશેને?

ગરીબોનાં બાળકો પ્રત્યે, ગામડિયાઓનાં બાળકો પ્રત્યે, મજૂરોનાં અને નોકરોનાં બાળકો પ્રત્યેના આપણા વર્તનનું આ વર્ણન શું મેં વધારા પડતું કર્યું છે?

આ વર્ણન કરીને હું એટલું જ સૂચવવા માગું છું કે ગામડામાં બાલશિક્ષણ કે બાલપ્રજની હિલચાલ પહોંચાડવાની બહુ જ અગત્ય છે.

આજકાલ ગામડાની વકીલાત પુષ્કળ થાય છે. પણ હું જ્યારે ગામડું શબ્દ વાપરું છું, ત્યારે તે સ્થળવાચક અર્થમાં વાપરતો નથી. મુંબઈના એક કાર્યકર્તા એક વાર મને પોયબાવડીની ભંગીની ચાલીઓ જોવા લઈ ગયા હતા. મેં જોયું કે આ તો ભરશહેરની અંદર ગામડું જ પડેલું છે. શહેરોમાંયે ગ્રામસેવા માટે પુષ્કળ અવકાશ છે. કદાચ એ ગંદકી અને ઝેરી હવાથી ભરેલી ચાલીઓમાં જો કોઈ એકનિષ્ઠાથી સેવા કરનાર સેવક હોય તો તે અમારા જેવા ગામડામાં રહેનાર સેવકોની હરોળમાં પહેલો બેસવાનો લાયક ગણાય.

એવા શહેરી વિસ્તારોમાં જો કોઈ બાલમંદિર ચલાવી બાળકોની સેવા કરતો હોય અને બાળકો પ્રત્યેની ઉપર વર્ણવી તેવી વૃત્તિ ધારણ કરીને તેમ કરતો હોય, તો તેને તો આપણે બધા સૌથી મોટા બાલશિક્ષક તરીકે મસ્તક નમાવીશું. શું તે શહેરમાં રહ્યો છે એવી ટીકા તેની ઉપર કરવાની હિંમત કોઈની ચાલી શકશે ? નહિ જ. જો કંઈ ટીકા થતી હોય, જો કંઈ ઝંખના સેવાતી હોય તો તે એ જ છે કે આમજનતાનાં—દેશના ૮૦ ટકા પ્રજાનાં બાળકો કે જેમની આંખનાં તેજ અકાળે વિલય પામી રહ્યાં છે, તેમની અંદર આ મહાન હિલચાલનું અમૃત વહેલામાં વહેલી તકે કેમ પહોંચે.

હવે એ અર્થમાં ગ્રામ્ય બાળકો માટે બાલમંદિરો કરવાં હોય તો તે કેવાં હોઈ શકે ? હું ઘણાં વર્ષથી ગામડામાં વસું છું, પણ આ અનુભવ લેવાની તક મને મળી નથી એનું મને દુઃખ છે. ઇચ્છા તો ઘણી વાર થઈ છે, પણ મતિ મૂંઝાઈ ગઈ છે. ઓછા મહત્ત્વનાં છતાં વધારે અવશ્યનાં કામોમાં જ રોકાવું પડે છે.

અનુભવ છેક લીધો નથી એમ પણ નથી. બે વર્ષ તેવી તક મળી ગઈ હતી. તે વખતે અમે લોકો જેલમાં લાંબો વખત રહી પાછા આવ્યા હતા. ગામડાંની જે જનતા મહાન સ્વરાજ-સંગ્રામને પૂરી સમજતી નહોતી પણ તેને અંગે થતાં સખ્તાઈનાં પગલાં જોતી હતી, તે ઠીક ભડકેલી દશામાં હતી. રેંટિયા અને સાળો પણ તેમને બીકનાં કારણ થઈ પડ્યાં હતાં. તે વખતે મારા સાથી છૂટા થઈ રાની પરજ ગામડામાં રહેવા ગયા. તેમની સાથે મોટાંઓ કૂંકી કૂંકીને પ્રસંગ પાડતાં હતાં, પણ આસપાસનાં બાળકો તેમને વીંટળાઈ વળ્યાં. બાળકોની બીક થોડી જ હોય છે ? તેઓ સાપને પણ પકડવા જતાં નથી ? ત્યાર પછી હું પણ છૂટી આવ્યો. અમે વેડછીના કાર્યકર્તાઓએ ભેગા મળી વેડછીમાં જ ધામો નાખવાનો ઠરાવ કર્યો. ત્યાં પણ અમારી પહેલી પ્રવૃત્તિ બાળકોમાં શરૂ થઈ. એને અમે લાડમાં બાલવાડી નામ આપ્યું.

બધાં બાળકો બાલમંદિરની વયનાં નહોતાં; તે કરતાં કાંઈક મોટી ઉંમરનાં હતાં. પણ તેઓ હમેશાં નાનાં ભૂલકાંઓને પણ સાથે તેડી લાવતાં.

ગામડાની પ્રજાના અર્થશાસ્ત્રનો એક પ્રશ્ન છે. મા કામે જાય ત્યારે મોટાં છોકરા કે છોકરીને નાનું બાળક સાચવવાનું તે સોંપી જાય છે. એ છોકરા-છોકરી મોટાં થાય ત્યારે તેમને બાળક સાચવવાના કામમાંથી બઢતી આપી ઢોર ચારવાનું કામ સોંપવામાં આવે છે. આમ કરે તો જ તેમનો સંસાર ચાલી શકે એવી સ્થિતિ છે. બાળકો સાચવવા માતાઓને જાતે રહેવું પાલવે તેમ નથી; ઘોડિયાખાતું તેમને કોઈ કાઢી આપે એમ પણ નથી; તે જ પ્રમાણે ઢોર ચાર્યા વિના છૂટકો નથી, ઢોર રાખ્યા વિના છૂટકો નથી, ચારવા માટે માણસ રાખ્યો પોસાય તેમ નથી; એટલા કામમાં ઘરનું મોટું માણસ રોકાય તે પણ પાલવે તેમ નથી. એટલે દસ બાર વર્ષની ઉંમરના બાળકનું જ તે કામ થઈ પડે છે. અમારા ભાગમાં તો એ ઉંમરના બાળકને ગોવાળિયો જ કહેવામાં આવે છે. કોઈ ચારવા ન જતો હોય તે પણ ગોવાળિયો કહેવાય.

ઘણા નવા નવા ઉત્સાહી સેવકો ગામડામાં આવી ચડે છે. ઘણા ઉત્સાહી અને તાજા સરકારી અધિકારીઓ પણ ગામડામાં આવી ચડે છે. તેઓને ઉપરના ગ્રામ્ય અર્થશાસ્ત્રની ખબર હોતી નથી. તેઓ નિશાળમાં બાળકોની ભરતી વધારવા લોકોને સાચ વાટીને ઉપદેશ આપવા મંડે છે. લોકો બીકથી કે શરમથી ડોકાં ધુણાવે છે; કદાચ બે-દિવસ છોકરાંને નિશાળે મોકલે છે અને પેલાં

કામો જાતે સંભાળી લે છે અથવા બગડવા દે છે. પણ આવું કેટલા દિવસ સહેવાય ? બળવાન અર્થશાસ્ત્ર જ કાયમ રહે છે, અને ઉપદેશ હવામાં ઊડી જાય છે.

એ બાલવાડીનો અભ્યાસક્રમ અમે કંઈ વિદ્વાનો પાસે ઘડાવ્યો નહિ.

અમે જાણ્યું કે આ બાળકો સવારમાં ભૂખ્યાં આવે છે; માબાપ બપોરે આવી રાંધે ત્યારે ખાવા પામે છે. બાળકોની કેળવણી થાઓ કે રખડો, તેમના પેટમાં કંઈક ગરમ ગરમ પડે એ જ પહેલો કાર્યક્રમ હોવો જોઈએ.

પણ ૨૦–૨૫ છોકરાંને અમે ક્યાંથી લાવીને ખવડાવીએ? નાનપણમાં અમે ઠાકોરજીની આરતી ઉતારીને કહેતા કે "તને આપું ત્યારે હું શું ખાઉં ?" ને એમ કહી તેની પરસાદી અમે ખાઈ જતા. મોટા થયા અને બાળદેવો બનાવ્યા તો તેમની પાસે પણ મારે તો એ જ આરતી ગાવાની રહી!

બાલવાડીના આ નાસ્તાનું કે બીજું ખર્ચ આશ્રમના બજેટમાં દાખલ કરવું એ પણ કેમ બને? તો તો અમે ગાંડામાં જ ખપીએ ને? કોઈને રેંટિયો શીખવવાનું કે આપવાનું બજેટ હોય, પણ કોઈનાં છોકરાંને નાસ્તો કરાવવાનું તે બજેટ દુનિયામાં હોય?

એટલે અમે તો શરમાતા શરમાતા બાળકોનાં માબાપ પાસે ગયા અને દર અઠવાડિયે થોડીક જુવાર કે ચોખા બાળકો સાથે મોકલે એમ તેમને સમજાવ્યાં. તેમાં અમે કોઈવાર ગોળ અને કોઈવાર ટીપું દૂધ ઉમેરતા. કંઈક મોટી ઉંમરનાં બાળકો બહુ રસથી નાસ્તો બનાવવામાં મદદ કરવા મંડી પડતાં. ચૂલો સળગાવવો, રાખ ઉકાળવી, પીરસવું, વાસણ માંજવાં, એ બધાં કામો તેઓ બહુ જ આનંદથી કરતાં. છેક નાનાં નાનાં ભૂલકાંઓ કામ કરી શકે તેવડાં ન હોય તે પણ બધું રસથી અવલોકન કરે, ઠાવકાં થઈને બેસી જાય અને મંત્ર બોલાય ત્યાં સુધી ધીરજ રાખે.

બાલમંદિરોના અભ્યાસક્રમમાં જેણે નાસ્તો દાખલ કર્યો તે ઘણો જ ડાહ્યો માણસ હોવો જોઈએ એમ આ બાલવાડીના અમારા કાર્યક્રમથી મને વિચાર આવતો.

અમારે બાળકોને તેડવા માટે કોઈ તેડાગરને મોકલવું પડતું નહિ. નાસ્તો જ અમારો તેડાગર થઈ પડ્યો. શિક્ષણશાસ્ત્રના સિદ્ધાંતો આજકાલ હવામાં ઊડ્યા કરતા હોવાથી અમારી મંડળીમાં તેની ચર્ચા પણ થઈ હતી—બાળકો સામે આ રીતે લાલચ મૂકવી એ શાસ્ત્રમાં નિષિદ્ધ તો નહિ હોય ? તમારા જેવાઓના સંબંધના જોરે મે ચર્ચા કરનાર સાથીઓને મૂંગા કરી દીધા.

મેં સાથીઓને સમજાવ્યું, બાળકોની શારીરિક અને બીજી આવશ્યક જરૂરિયાતોને પકડીને જ બાલવાડીનો કાર્યક્રમ ઘડવો જોઈએ. જુઓને, આ નાસ્તો એક એવો કાર્યક્રમ છે. તેનાથી કેટલી બાબતો વિષે બાળકોનું અભિમુખપણું સ્વાભાવિક રીતે થાય છે. નિયમિત આવવું, રસથી રાંધવું, પીરસવું, ધીરજ અને વ્યવસ્થિતપણું, સંપીને કામ કરવું, એ બધું અમથું આવત ? અને ગરજ વીત્યા પછી વૈદ વેરી' જેવું પણ થતું નહોતું. કારણકે નાસ્તાનો રસ વાટકી ચટાઈ રહ્યા પછી પણ ઠીક લાંબી વાર ટકતો હતો. વાસણ માંજવામાં, ને કોઈ વાર અનાજ સાફ કરવામાં પણ તે ટકી રહેતો હતો.

ત્યાર પછીના કાર્યક્રમોમાં પણ તેની અસર પહોંચતી હતી. નાસ્તા પછીનો કાર્યક્રમ આશ્રમમાં સફાઈ કરવાનો અને ઝાડોને પાણી પાવાનો ગોઠવ્યો હતો. કોઈ કોઈ દિવસ એમનાં ઘરોમાં પણ એમને લઈને સફાઈ કરવા જવાનું રાખવામાં આવતું.

ગામડાની કોઈ પણ પ્રવૃત્તિમાં તેમ બાલપ્રવૃત્તિમાં સફાઈ નો કાર્યક્રમ ઘણો આગળ પડતો ભાગ ભજવે છે. એટલે અમારી બાલવાડીનો આગળનો કાર્યક્રમ નહાવાધોવાનો રાખ્યો હતો.

તમે જેમ માબાપને ચિઠ્ઠી મોકલી શકો કે બાળકોને સ્વચ્છ અને ટાપટીપથી કપડાં પહેરાવીને મોકલવાં, તેમ અમે કરી શકતા નહોતા. કારણ ઘણાં છોકરાંઓ પાસે બદલવાનાં કપડાં જેવું હોતું નથી. તેથી પહેલાં તો પહરેલાં લૂગડાં ધોઈને સૂકવી નાખવાનાં, અને તે સૂકાતા સુધી નહાવાનું, એમ રાખવામાં આવતું.

આ નહાવાધોવાના કાર્યક્રમને અંગે જ માલૂમ પડ્યું કે ગડગૂમડ અને ચાંદાનો પ્રશ્ન પણ સ્વતંત્ર કાર્યક્રમ બનાવવા જેવડો મોટો હતો. છોકરીઓના ચોટલા ઓળવા અને તેમને જૂ લીખોના ત્રાસમાંથી બચાવવી એ પણ એટલો જ અગત્યનો પ્રશ્ન હતો. એ કાર્યક્રમો ઘણા રસિક થઈ પડતા હતા. મોટાં છોકરાછોકરીઓ આ બધાં કામોમાં નાનાંની સેવા હોંશથી કરવા લાગતાં હતાં.

તે પછીનો કાર્યક્રમ કાંતવાનો. એમને શીખવાને ખાતર કાંતવાનું નહિ, પણ પોતાનાં કપડાં કરવા માટે કાંતવાનું હતું એટલે તેઓ રસથી કાંતતાં.

સામાન્ય રીતે એ બાળકો ચીંથરેહાલ રહેનારાં હોય છે. ફાટેલું પહેરવા કરતાં લંગોટી મારવી એ સભ્યતાની નિશાની છે એમ ગામડાના લોકો માનતાં નથી. ચીંથરા જેવું હોય તોપણ કંઈક લૂગડું શરીર ઉપર નાખવું એ જ તેમને મન સભ્યતા છે. હું ધારું છું, દેશના બધા ભાગોમાં એમ જ હશે.

આમાં પણ નાસ્તાની જેમ ખર્ચનો સવાલ હતો જ. રેંટિયા અમારી પાસે હતા; કપાસ માબાપ પાસેથી માગી લીધો; વણકરીનું અમે કંઈક ઊભું કર્યું; સિલાઈ માબાપે આપી. આમ કરી પાંચછ મહિને બાળકોને એક જોડ કપડાં થઈ ગયાં. અને ત્યારથી ગામનું ફૂળિયું સ્વચ્છ ટાપટીપવાળાં કપડાં પહેરેલાં બાળકોથી દીપવા લાગ્યું.

લખવા વાંચવા ને ચીતરવા વગેરે ઉપર બહુ ધ્યાન આપી શકાયું નહિ. આ બધી પ્રવૃત્તિ કંઈ અમે થોડા જ કરીએ? એ તો અમારા સાથીનાં નિરક્ષર પત્ની સંભાળતાં હતાં. તેઓ બાળકોને વાર્તાઓ કહે, ગીતો ગવડાવે, રાસ રમાડે, સૂતર ઉતારતી વખતે ગણતાં શીખવે.

આને કંઈ તમે મોન્ટીસોરી બાલમંદિર તરીકે સ્વીકારશો નહિ; સ્વીકારો એમ હું માગતો પણ નથી. એ કામ જેવું હતું તેવું પણ મેં મારું મુખ્ય કામ ગણીને કર્યું નથી; કરી શકું તેમ નહોતું. ગામડાના સમગ્ર જીવનને લઈને તમે ગામડે બેસો તો તમે પણ એને મુખ્ય કામ ન બનાવી શકો. ગામની ખેતી, ગામના પેટાધંધાઓ, ગામનાં ઠોર, ગામની સફાઈ, મોટાંઓની ને છોકરાંઓની કેળવણી, ગામલોક પરના જુલમો છેતરામણો; તેમનામાં આવેલાં અશ્રદ્ધા, જૂઠાણું, ચોરી, અનીતિ; તેમનામાં ઘેર કરી બેઠેલાં વ્યસનોઃ 'આ બધા પ્રશ્નો ત્યાં આપણા ઉપર પ્રહેલો દાવો નોંધાવે છે. તે બધાંને યે પહોંચી વળવું શક્ય નથી. તેમાંથી મદ્યનિષેધ અને ખાદી જેવાં અતિ આગળ પડતાં બેચાર કામો પસંદ કરી લેવાં પડે છે. જોકે તે સાથે બીજા પ્રશ્નો સંકળાયેલા હોવાથી તેમને પણ સરવાળે ન્યાય મળી રહે છે.

પણ કોઈ બીજા બધા સળગતા પ્રશ્નો તરફ આંખમીંચી બાલશિક્ષણને જ જીવનધ્યેય બનાવે તો હું તેને વધાવી લઉં અને સફળતા ઇચ્છું. બાલસેવા કરતો તે મોટાંઓની સેવા માટેની પૂંજી પણ એકઠી કરી શકે. કારણકે પોતાનાં બાળકોની સેવા કરનાર માણસ ઉપર માબાપોની

પ્રીતિ કુદરતી રીતે બંધાય છે. બે પૈસા કમાણી વધારી આપે તેવો સેવક લોકોને મીઠો થઈ પડે છે, તે જ રીતે તેમનાં બાળકોની સેવા કરનાર સેવક પણ તેમને જરૂર મીઠો થઈ પડે.

ગામડામાં આવનાર બાલશિક્ષકને ગામડાની પરિસ્થિતિમાં શોભે એવું બાલમંદિર બનાવી લેતાં આવડવું પડશે. તે મોટે ભાગે મેં ઉપર વર્ણવ્યું છે તેવા પ્રકારનું થશે એમ મારું માનવું છે.

બાલશિક્ષણને તેણે પોતાનું મુખ્ય કાર્ય ગણ્યું હશે એટલે તે એ કાર્યક્રમમાં અવશ્ય વધારે રંગો પૂરી શકશે. તે બાલમાનસનો અભ્યાસી અને બાલશિક્ષણનો કારીગર હશે તો તેને તે દિશામાં નવું નવું સૂઝશે.

પણ હાલમાં આપણાં શહેરોમાં બાલમંદિરોને નામે જે ઓળખાય છે તેની નકલ ત્યાં લઈ જવા જેવી નથી. લઈ જશો તો તે ત્યાં નભશે નહિ. લોકો તમે ઇચ્છો તેટલી ફી ભરી શકે નહિ. મુંબઈ-રંગૂનના ફાળા ઉપર પણ આ કામમાં બહુ આશા રાખવા જેવી નથી.

બાળકોને તેડી લાવવાની ગાડીઓ તો શહેરોમાં પણ ટીકાપાત્ર થઈ પડી છે, તો ગામડામાં તો તેનું સ્થાન જ કયાં?

છતાં કોઈ કોઈ નાનાં ગામડાંઓમાં બાલમંદિરોની નકલ કોઈ કોઈ ઉત્સાહી ગૃહસ્થો લઈ આવે છે. અમારા એક મિત્રને ત્યાં બાળકો બાલમંદિર જેવડાં થયાં ત્યારે ગામના થોડા ભાઈબંધોને સાથે લઈ બાલમંદિર કાઢ્યું, અને તમારા મિત્રોમાંથી એકને શિક્ષક તરીકે લઈ આવ્યા. પણ એ શિક્ષકભાઈ જ થોડા માસમાં સમજી ગયા કે પોતે કંઈક અસ્વાભાવિક પ્રવૃત્તિ કરી રહ્યા છે, અને ત્યાંની હવામાં એમનો છોડ વધવાની આશા નથી. એટલે તે ખસી ગયા અને બાલમંદિર સૂઈ ગયું.

ગામડાનાં બાલમંદિરો માટે મારી સૂચનાઓ આડકતરી રીતે તો ઉપર આવી ગઈ છે પણ તે અહીં છૂટી પાડીને નોંધવી ઠીક પડશે.

(૧) છેક નાનાં બાળકોનું અલગ મંદિર ન કરવું. સહેજ મોટાં છોકરાંઓ કે જેમને નાનાં બાળક સંભાળવાનું સોંપવામાં આવે છે તેમને જ ભેગાં કરવાં અને તેમની સાથે નાનાં બાળકોને આવવા દેવાં.

(૨) બાલમંદિરોનો કાર્યક્રમ બાળકોની ઘણી જ તાકીદની જરૂરિયાતો પૂરી પાડવાની દૃષ્ટિથી ઘડવો; તેમાં આ કાર્યો આવશે:—

નાસ્તો—તેમાં રાંધવું, વાસણ ધોવાં, પીરસવું વગેરે સમાશે.

સફાઈ—મંદિરની, બાળકોના ઘરની, ફળિયાની વગેરે.

નહાવુંધોવું—તેમાં ચોટલા, ચાંદાં વગેરે આવી જાય.

કાંતવું—તકલી, રેટિયો, પીંજણ વગેરે.

પર્યટન—ગામ; કારીગારોના વાસ; સીમ, ખેતર, તળાવ, નદી વગેરે. તેમાં જુદી જુદી દૃષ્ટિએ વસ્તુસંગ્રહ કરવો.

ખેતીવાડી—નજીકમાં કોઈની જમીનમાં કામ ચાલતું હોય તેમાં કંઈ ને કંઈ કામ કરવું.

સંગીત—વાર્તા, સંભાષણ, નાટક, રમતગમત, કવાયત, નૃત્ય એ બધાની વિગતો મારે તમને કહેવી પડે તેમ નથી.

પ્રાર્થના—શાંતિ. આ માટે વખતોવખત કોઈ નજીકનાં રમ્ય સ્થળોએ જવું; – જેમકે નદીતટે, ખેતરમાં ટેકરી ઉપર, વાડીમાં વગેરે.

એક સૂચના આપી લઉં; કોઈને તે દોઠ ગધ્ધાપણું લાગે તોપણ મને બાળકોના શિક્ષણમાં તેમ જ મોટાંઓના શિક્ષણમાં હમેશાં એવું લાગ્યા કરે છે કે ઘણી બાબતો જેમાં કેળવણીનાં સરસ તત્ત્વો ભર્યાં પડ્યાં છે, તેનો કેળવણીમાં લાભ લેવામાં

આવતો નથી અને તે કામો નોકરોને સોંપવામાં આવે છે.

છાત્રાલયમાં રસોઈ જેવું રસિક સર્જનાત્મક કેળવણીનાં તત્ત્વોથી ભરપૂર કામ નોકરો ઉપર છોડવામાં આવે છે; શિક્ષકો અને વિદ્યાર્થીઓ ભળીને તે કરતા નથી. તેમ બાલમંદિરોમાં પણ કેટલાં કેટલાં સુંદર અને શિક્ષણનાં કામો આજકાલ નોકરોના હાથમાં ધકેલી દેવામાં આવે છે!

છોકરાંઓને તેડી લાવવા કોઈએ જવું એ જરૂરનું છે એમ માની લઈએ; કેટલું સુંદર અને રસિક એ કામ છે? શિક્ષક જાતે બાળકોને તેડવા અને મૂકવા જાય તો તમારું બાલમંદિર કેવું જુદી તરેહનું થઈ જાય એની કલ્પના કરી જુઓ. એક ઘેર ગયા; ત્યાં માબાપની જોડે વાતચીત કરી, બાળકને તૈયાર કરવામાં મદદ કરી, તેને આંગળીએ ઝાલી બીજે ઘેર ઊપડ્યા; આમ દસ બાર બાળકોને ફળિયા વચ્ચેથી લઈને બાલમંદિરે ચાલ્યા; વાટમાં કોઈ વાર સંગીત ચાલે, કોઈ વાર કંઈક રસ્તે જોવાનો કાર્યક્રમ રખાય.

શું તમારાં સિગરામ કે બસ, એ તો પૈસા અર્થીને કેળવણી બોવા બરાબર નથી?

પણ તમારે સોબસો છોકરાંઓને પાંચસાત માઈલના વિસ્તારમાંથી ભેગાં કરવાં છે, અને બેત્રણ જણાં મળીને તેમને બધાંને પોપટ કરી નાંખવાં છે! તેમ કરવું હોય તો બસ વિના છૂટકો થવાનો નથી.

તો તમે ભલે કેળું કોઈને આપો અને તેની છાલ પોતે ખાઓ.

આ હિલચાલ મોટા વિસ્તારમાં ફેલાવવામાં પણ એ રીતે આપણે ફાવીએ છીએ એમ હું માનતો નથી. કોઈ ચાલાક શિક્ષક એ રીતે પોતાનું બાલમંદિર વધારી શકે ખરો; પણ એવા બાલમંદિરનાં બારણાં ગરીબ આમપ્રજા માટે બંધ જેવાં હોવાથી રાષ્ટ્રીય દૃષ્ટિએ હિલચાલ વધી શકે જ નહિ.

નાસ્તા વિષે હું શું કહું તે હવે તમે સમજી ગયાં છો.

બાળકોના વાળ, ગૂમડાં વગેરેના પ્રશ્નો શહેરોમાં પણ નહિ હોય એમ મને લાગતું નથી; સારાં કપડાં નીચે એ ઢંકાયેલું પડ્યું હશે એમ માનું છું.

સારાં સારાં કન્યાછાત્રાલયોમાં મેં છોકરીઓનાં માથાંમાં જૂનાં જળાં જોયાં છે કારણકે માથાં સાફ રાખવાં એ ભણતર મનાતું નથી, અને શિક્ષકે તે વિષયને પોતાની ફરજમાં ગણ્યો નથી.

ગામડાના બાલમંદિરના કાર્યક્રમની ઘણી જ આછી રૂપરેખા મેં દોરી છે. તેને લંબાવવાની જરૂર નથી એમ માનું છું.

આવું બાલમંદિર ચલાવવા માટે બાલશિક્ષકો મળી શકે? જો બાલસેવા એ કેવળ ધંધો જ હોય તો આ પ્રશ્નોનો જવાબ નકારમાં જ મળશે. પણ હું માનું છું અને આપ તે સાથે મળતાં થશો કે બાલસેવા એ બીજાં બધાં સેવાનાં કામોની જેમ અંતરની ઊર્મિનો વિષય છે. એ-સેવા કરવાની ઊર્મિ જેને ઊઠી હશે તે પોતાનાં સુખસગવડનો વિચાર કદી કરશે નહિ; તે આકરામાં આકરી કસોટીમાંથી આનંદ સાથે પસાર થશે પણ પોતાનું મનગમતું સેવાકાર્ય કર્યા વિના નહિ જ રહે.

આપણી વિશાળ પ્રજાના સર્વ પ્રશ્નો એવા જ છે. આપણું સ્વરાજ આપણે ધંધાદારી માણસોથી કદી મેળવી શકીએ નહિ. આપણો ખાદીનો પ્રશ્ન આપણે ધંધાદારી કારીગરોથી કદી છોડાવી શકીએ નહિ. આપણી કેળવણીનો પ્રશ્ન પણ આપણે પગારદાર શિક્ષકોની નિશાળોથી ઉકેલી શકીએ તેમ નથી. એ રીતે ઉકેલવા જતાં આપણે ૮ ટકાને પણ પહોંચી વળી શકયાં નથી. અભણ પ્રૌઢોને સાક્ષર બનાવવાનું કામ પણ

આપણે પગારદાર શિક્ષકો રોકીને કરી શકીએ એવી આશા રાખીએ છીએ, તેટલાં તે કામમાં આપણે નિષ્ફળ નીવડીએ છીએ. એ જ રીતે બાલશિક્ષણને પણ આપણે પગારદાર શિક્ષકોથી પહોંચી વળી ન જ શકીએ.

તો તો બાલશિક્ષણનો તેમ બીજા કોઈ રાષ્ટ્રીય પ્રશ્નનો ઉકેલ આવવાનો જ નથી. પોતાનાં સુખ-સગવડ જતાં કરનાર બાલશિક્ષકો મોટી સંખ્યામાં કદી મળવાના જ નથી એવા નિરાશાના ઉદ્‌ગાર ઘણાં કાઢશે. આપણાં બધાં રચનાત્મક કાર્યો સામે તેવા ઉદ્‌ગારો કાઢવામાં આવ્યા છે છતાં તે દરેકમાં આપણે ધીમે પણ મક્કમ પગલે પ્રગતિ કરી રહ્યા છીએ, અને દરેક કાર્ય માટે સેવકો નિત્ય વધતા જતા પ્રમાણમાં નીકળતા રહ્યા છે.

બાલશિક્ષણ એ આપણી પ્રજાનાં જરૂરી રચનાત્મક કાર્યોમાંનું જ એક છે. પૂ. ગાંધીજીએ તેર પ્રકારનાં રચનાત્મક કાર્યો ગણાવ્યાં છે. તેમાં આ ચૌદમું ઉમેરી શકાય.

બીજા સળગતા પ્રશ્નો સામે આ બાલશિક્ષણનો પ્રશ્ન જરા બાજુએ સરી જાય તો આશ્ચર્ય નથી. નાના બાળકને શિક્ષણ આપનાર એ મોટાં મોટાં સાધનો પડેલાં છે; તેને દુઃખ દારિદ્ર કે ગુલામી કશું જ છીનવી શકે તેમ નથી. એક સાધન છે કુદરત, બીજું સાધન છે માબાપનો પ્રેમ. એ બેની સાથે બાલમાનસના અભ્યાસી બાલસેવકોનો પ્રયત્ન ભળે તો કેટલો બધો લાભ થાય? પ્રજા કોઈએ ન કલ્પેલી તેવી તેજસ્વી એક પેઢીમાં બની શકે.

ગિજુભાઈ જેવા ભેખધારી બાલસેવકો આપણે સૌ થઈએ તો આ પ્રશ્નના જેવો સહેલો કોઈ પ્રશ્ન નથી.

એ સંબંધમાં બીજે બધેથી શંકાના સૂર આવશે તે સહન થઈ શકશે, પણ બાલસેવકોના આ સંમેલનમોંથી તો ઉત્સાહ અને આશાનો જ સૂર નીકળવો જોઈએ.

જે મેં સૂચવ્યું છે તે પ્રકારનો બાલશિક્ષણનો કાર્યક્રમ રાખવાની હિંમત આપણે કરશું તો અનેક બહેનો જેઓ નિરક્ષર છે છતાં બાળપ્રેમથી ઉભરાય છે, બાળકના મનને સમજવાની કુદરતી શક્તિ ધરાવે છે, તેઓની સેવા આપણે આ કાર્યની અંદર વાળી શકીશું.

આપણે બાલશિક્ષણ જેવા રસિક અને કલાના વિષય ફરતી માનસશાસ્ત્રની પરિભાષાની મોટા આડંબરની વાડો ન બાંધીએ. અમુક જાતનાં મકાન, અમુક જાતની સગવડો વગેરે હોય તો જ બાળકનુ સાચું શિક્ષણ થઈ શકે, નહિ તો તે રખડી જાય, એવો નિરાશામય વિચાર પણ આપણે ન કરીએ.

આપણે વિશાળ રાષ્ટ્રીય દૃષ્ટિએ બાલશિક્ષણનો વિચાર કરતાં થઈએ, રાષ્ટ્રીય દૃષ્ટિએ તેનું સ્વરૂપ અને કાર્યક્રમ ઠરાવીએ, અને આ દેશનાં બાળકો સ્વતંત્રતા અને સંસ્કાર વિના જીવી જ ન શકે એવાં તેમને બનાવવામાં આપણો ફાળો આપીએ.*

જુગતરામ દવે.

---

*ભાવનગરમાં નૂતન બાલશિક્ષક સમેલનમાં તા. ૨૦-૧૦-૪૦ ના રોજ વંચાયેલ વ્યાખ્યાન.

સંમેલન પછી તુરત જ શ્રી. તારાબેને કરેલા કચ્છ કાઠિયાવાડના શિક્ષણ વિષયક પ્રવાસ સંબંધે હવે પછી લખવામાં આવશે.

મોન્ટીસોરી શિક્ષણ પ્રચારમાળા

લેખકો:-સ્વ. ગિજુભાઈ અને શ્રી. તારાબેન.

કિંમત ૦-૧૦-૦ ટપાલખર્ચ ૦-૨-૩

મગાવો: "શિક્ષણ પત્રિકા" કાર્યાલય

હિંદુ કોલની, દાદર.

શ્રી. નાનાભાઈનું વ્યાખ્યાન

મારે આંબલામાં જે કાંઈ બોલવાનું હતું તે અહીં બોલી નાખું છું.

મને પોતાને એમ લાગ્યા જ કર્યું છે કે આપણે જે સ્થિતિએ પહોંચ્યા છીએ તે સ્થિતિમાં બોલવાનું ઓછું કરીએ. થોડા સંકલ્પો કરીએ પણ તે પાર પાડવા તરફ વિચારણા કરીએ એ જરૂરનું છે.

ગામડામાં કેમ કેળવણી આપવી તેની અઢી વર્ષ પહેલાં મેં કલ્પના કરી હતી. ગિજુભાઈ એ બાલમંદિરનો પ્રત્યક્ષ અનુભવ કર્યા વિના જેવી કલ્પના બાલમંદિરની કરી હતી તેવી એ હતી. બાલમંદિરનો એ વખતનો ખ્યાલ કોડીએ રમાડવાનો, ગરિયા ફેરવવાનો કે એવો હતો. આ જ રીતે ગામડામાં જઈશ, વહેમોને કાઢી નાખીશ, માબાપોના માનસમાં પલટો કરી નાખીશ, અને શિક્ષણમાં આ કે તે સુધારો કરીશ એમ લાગતું હતું. પરંતુ આંબલામાં જેમ જેમ રહેવા માંડ્યો તેમ તેમ ઠરી ગયો છું, તદ્દન ટાઢો થઈ ગયો છું. ટાઢ ઊતરવાને બદલે ચડતી જાય છે. પણ ટાઢ ઊતરશે એવા દિવસો દેખું છે.

શહેરમાં આપણે જે કેળવણી લઈએ છીએ કે અપાય છે તેમાં થોડો ફેરફાર કરીએ અને તે ગામડાને અનુરૂપ થઈ જાય એ ખ્યાલ ખોટો છે. આપણી ગણતરી જ આમાં ઊંધી છે. આપણે શહેરના ખ્યાલો રાખી શરૂઆત કરીએ છીએ પરંતુ એથી આપણને નિરાશા આવે છે. શહેરના ખ્યાલોને દાબી રાખવા અને ગામડાની પરિસ્થિતિ આપણને જે રીતે શિખવાડે કે સુઝાડે તે રીતે કેળવણી આપવી એ સાચો રસ્તો છે. મારું આ ડહાપણ તો કારતક મહિને કણબી ડાહ્યા થાય એવું છે.

ગામડાની પ્રાથમિક શાળામાં સુધારા કરવાના હેતુથી ગામડામાં ગયો. માબાપોના ચિત્તને આઘાત લાગે તેવું કેટલુંએક થયું. ગામડામાં નાત બહાર પરણાય નહિ; અમારા મનુભાઈ તો નાત બહાર પરણેલા. ગરાશિયા બ્રાહ્મણ સાથે જમે નહિ; અમે સૌ સાથે જમતા હતા. ગામડામાં લોકોને થયું કે આ વળી તૂત કયાંથી જાગ્યું ? કોણ એવો આપણા ગામડામાં પેસી ગયો ?

છોકરાંઓને સામાન્ય રીતે ટુંકારે બોલાવાય; અમે ટુંકારે કોઈને ન બોલાવીએ તો અમને કહે કે છોકરાંઓને તમે તો ફટવો છો. તમે છોકરાંઓને વંઠાડી દેશો એવી છૂટી અને જાહેર ફરિયાદો ચાલુ છે. છોકરીઓના વાળ ઓળી દઈએ તો કહેશે કે વેશ્યા બનાવવી છે ? કેટલાક તો મને મોઢે અને કેટલાક પાછળથી કહે છે કે તમે માણસ સારા પણ સંગ કરવા જેવા નહિ.

એક વાર મને મારવા ગામલોકો તૈયાર થયેલા. એમાંથી રક્ષણ કરવા એક ચોકીદાર રાખવા અને રખેવાળું કરવા મને શ્રી. હરભાઈ એ કહેવું. હરભાઈ એ વખતે મારા નિયામક હતા. મેં કહ્યું કે આમ જો મારું મોત થાય તો દક્ષિણામૂર્તિ અમર થશે.

ગામડાએ પોતાને લૂંટનાર જ જોયા છે. બાવો, બ્રાહ્મણ, થાણદાર, ફોજદાર સહુ લૂંટે છે. અત્યાર સુધી સારા માણસો ગામડામાં ગયા નથી. આપણે બધા મૂળે ગામડાના; પણ સુધરી ગયા કે ગામડાં છોડ્યાં. કોઈ સારો માણસ ત્યાં રહ્યો નહિ. અત્યાર સુધી ગામડાવાળાને લૂંટનાર જ મળ્યા છે; એ શી રીતે મારે માટે પણ એમ માની શકે કે આ લૂંટવા નહિ આવ્યો હોય ? આમ માનવામાં હું ગામડાનો દોષ પણ જોતો નથી. ગામડિયાઓને આપણા પ્રત્યે વિશ્વાસ નથી; એ વિશ્વાસ આપણે કેળવ્યો જ રહ્યો.

ગામડાની કેળવણી તરફ આપણે વળવું જોઈએ. જેને કેળવણીની જરૂર નથી, કે પડી નથી, તેને આપણે આપીએ છીએ; જ્યાં દુકાળ છે ત્યાં કોઈ પાણીનું ટીપું પણ આપતું નથી. ડૉ. મૉન્ટેસોરીના શિષ્યો તરીકે તમને કહેવાનું મન થઈ જાય છે કે ડૉ. મૉન્ટેસોરીએ રોમનાં ગરીબ બાળકો મારફત કેળવણીનો આરંભ કર્યો હતો. ગામડામાં ગયા કે તુરત કામ થવાનું નથી. કામ દશ વર્ષ પછી બોલશે. સારા માણસો ત્યાં બેઠા હશે તો ગામડાની સંસ્કારિતાની કક્ષા આપોઆપ ઊંચી થશે. આપણે ત્યાં બેઠા હોઈશું તો ગામડાનાં નાનાં મોટાં કામો સારાં થશે. સંઘનો ઝોક ગામડા તરફ વધતો જાય છે. આપણે આ દિશામાં સંકલ્પો કરીએ એ જરૂરનું છે.

ગાંધીજી ચોપડી સિવાય ગામડામાં કેળવણી અપાય એમ કહેતા ત્યારે આશ્ચર્ય થતું. રોજ ગામડાના માણસોને આઠ દશ કલાક સખત મજૂરીનું કામ કરવાનું હોય, અને થાકીને લોથ થતા હોય ત્યાં એમને વાંચવાનું સૂઝે પણ કયાંથી?

ગામડાની બાળકેળવણી કેવી હોવી જોઈએ તે ચોપડી કરતાં ગામડું વધારે શીખવશે. પરિસ્થિતિને અનુકૂળ ચોપડીમાં થોડો ફેરફાર કરીએ એથી કામ પતવાનું નથી. ગામડું જ પ્રત્યક્ષ કેળવણીનું પુસ્તક છે. કેળવણીનાં ઘણાં ક્ષેત્રો એમાં પડેલાં છે. તેમાંથી કેળવણી કાં ન લઈએ? ઈશ્વરે રચેલું પુસ્તક છોડીને બીજે કયાં જઈએ? ઉપનિષદ, ગીતા, વગેરેમાંથી જ્ઞાન મળ્યું; એ સાંભળ્યું. હવે માટીમાંથી, ખેતરમાંથી, વાડીમાંથી જ્ઞાન કાં ના મેળવીએ? સાપની પૂંછડી કેમ પકડવી તે કોઇ શીખવાય નહિ. ગામડામાં કેમ કામ કરવું તે અંતરમાંથી સૂઝવું જોઈએ. ગામડામાં અંતરની ઉકલતવાળો બાલશિક્ષક હશે તે સફળ થશે.

હું શ્રમજીવી ને બુદ્ધિજીવીની વાત નથી કરતો. પરંતુ ઉદ્યોગ વિનાનો બુદ્ધિવિકાસ બહુ લાગવાનો નથી. માનવજીવનની દૃષ્ટિએ ઉદ્યોગનું સ્થાન મહત્ત્વનું છે. ઉદ્યોગ વિનાની કેળવણી નકામી છે. હાથની ક્રિયા પૈસોય ન આપે ત્યાં સુધી તે ઉપયોગની નથી. ઉત્પાદક શ્રમ વિનાની કસરત નકામી છે એમ સરદાર પૃથ્વીસિંહે ઘોઘા વ્યાયામવર્ગમાં કહેલું.

શ્રી. સરલાબેન અને શ્રી.તારાબેનનો ઝોક ગામડા તરફ વધારે છે. તેમણે વિનતિ કહો તો વિનતિ અને હાકલ કહો તો હાકલ કરી છે. બાળકેળવણીવાળાઓ જેમને સંજોગો હોય અથવા જેઓ સંજોગોના સ્વામી હોય તેમણે ત્યાં પહોંચી જવું જોઈએ.

અહીંનાં ભાષણોમાં વિષાદનો સૂર છે. દક્ષિણામૂર્તિનો દેહ ભલે પડ્યો; દક્ષિણામૂર્તિનું કામ ગામડામાં થયા કરે છે. મકાનની આ દશા જોઈને નાનાભાઈ એ મૂર્ખાઈ કરી એમ પણ કોઈ કહે છે. આટલા સુંદર શરીરનું આવું થાય એથી મને ખેદ નથી. હું તો દક્ષિણામૂર્તિનું કામ આંબલામાં લઈને બેઠા છું; દક્ષિણામૂર્તિનો પ્રાણ તો ગામડામાં ધબકયા જ કરે છે.

નૂતન બાલશિક્ષક સંમેલન વખતે તા. ૨૧-૧૦-૪૦ ના રોજ અપાયેલ વ્યાખ્યાનની લેવાયેલી ટૂંકી નોંધ.

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઈ ૪.
પ્રકાશક: શ્રી. તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલોની, દાદર.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણ સંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

વિકાસના ઉગમસ્થાને બાલશિક્ષક ઊભેલો છે. રાષ્ટ્રઘટનામાં બાલશિક્ષકનું સ્થાન ઘણું જ મહત્ત્વનું છે. તે પોતાની જવાબદારી સમજીને પોતાનું યોગ્ય સ્થાન સંભાળી લે તે જ જરૂરનું છે.

તા.

વર્ષ ૧૫ | :: કાર્યાલય :: | અંક ૧૦

૧૯૯૭ | દાદર, મુંબઈ ૧૪ | માર્ગશીષ

નોંધ

બાલસંસ્થાઓનું જોડાણ

નૂતન બાલશિક્ષણ સંઘે ગયા ઑક્ટોબર માસમાં ભાવનગરના સંમેલનમાં પોતાના વિકાસની જે દિશા જાહેર કરી તેમાં એક મહત્ત્વનું અંગ એ હતું કે અત્યારે જે બાલમંદિરો કે બાલક્રીડાંગણો કે નવી ઢબે નવા કેળવણી વિષયક આદર્શોથી બાળશાળાઓ ચાલી રહી છે તે બધાંને સંઘે સંઘટિત કરવાં.

આજે જે કામ ચાલી રહ્યું છે તે સ્વ. ગિજુભાઈના જવાથી અને શ્રીદક્ષિણામૂર્તિ બાલઅધ્યાપનમંદિર ન હોવાથી છૂટુંછૂટું પડી ગયું છે; તે બધી શાળાઓને એકત્ર સાંધનાર કોઈ રહ્યું નથી.

સ્વ. ગિજુભાઈ આ બધી સંસ્થાઓને સલાહ આપનારા, પ્રેરણા આપનારા, તેમની મુશ્કેલીઓનો ઉકેલ આપનારા, શિક્ષણમાં દિશાસૂચન કરનારા, એમ અનેક રીતે મદદ કરનારા તેમ જ તેમનામાં પ્રાણ રેડનારા હતા.

એ બધું તો સંઘ ક્યાંથી કરી શકે? પરંતુ સંઘ પોતાની સંઘશક્તિને બળે કેટલુંએક તો કરી શકે. સંઘ નિરીક્ષણ કરી શિક્ષણમાં માર્ગસૂચન કરે; સંઘ પોતાનું વજન ખર્ચીને જ્યાં જ્યાં સંસ્થાનું કામ સરલ કરવાની જરૂર હોય ત્યાં મદદ કરે; સંઘ સંસ્થાની નાણાવિષયક સ્થિતિ સુધારવામાં પણ પોતાથી બને તે જાતની મદદ કરે; એટલું જ નહિ પણ શક્ય થાય તો થોડીઘણી નાણાની મદદ પણ કરે. આમ એકલું એકલું કામ કરવાને બદલે બધી બાલશિક્ષણની સંસ્થાઓ સંઘટિત થાય ને સંઘબળ વધારે એકધોરણી અને જોરદાર બને એ હેતુથી બધી બાલશિક્ષણની સંસ્થાઓને અમે આગ્રહથી વિનંતિ કરીએ છીએ કે મુંબઈ ઇલાકાની તેમ જ બહારની પણ બધી સંસ્થાઓ જોડાણનાં પત્રકો ભરી મોકલે અને સંઘટિત સંસ્થાઓની સંખ્યામાં વધારો કરે.

આ સંગઠનનું એક અત્યંત મહત્ત્વનું પરિણામ એ છે કે આગળ જતાં સંઘનું આખું બંધારણ ને વહીવટ જ લગભગ એ સંસ્થાઓના હાથમાં રહેવાનાં છે. કેમકે આજે જે બંધારણ ઘડાય છે તે પ્રમાણે આ સંસ્થાઓ અને છૂટા કાર્યકર્તાઓનું જે સહાયક સભ્યોનું મંડળ ઊભું થાય તે જ વ્યવસ્થાપક મંડળ ચૂંટી આપે. પોતાનો પૂર્ણ વિશ્વાસ હોય એવા માણસોનું વ્યવસ્થાપક મંડળ ચૂંટવાની જવાબદારી ને અધિકાર આ મંડળને છે. એટલે તંત્રવાહકો કોણ હોય તે કહેવાની તક એમને મળે છે.

બીજી મહત્ત્વની વાત એ થવાની છે કે વ્યવસ્થાપક મંડળ આ સહાયક સભાસદોમાંથી અમુક વ્યક્તિઓને કાર્યકર્તા તરીકે નીમવાનું છે. આ કાર્યકર્તાઓનું મંડળ આખું વર્ષ પ્રચાર અને બીજું બધું કામ કરનારું મંડળ થવાનું છે.

ટૂંકમાં સંઘની સાથે સંસ્થાઓએ જોડાવાની અનેક દૃષ્ટિએ ખાસ જરૂર છે. તે ધ્યાનમાં લઈ બધી સંસ્થાઓ જોડાણનાં પત્રકો 'પત્રિકા' કાર્યાલયમાંથી મગાવી લઈ ભરી મોકલે એવી અમારી ખાસ ભલામણ છે.

તંત્રી.

મોન્ટીસોરી શિક્ષણ પ્રચારમાળા

લેખકોઃ સ્વ. ગિજુભાઈ અને શ્રી. તારાબેન.

કિંમત ૦–૧૦–૦ ટપાલખર્ચ ૦–૨–૩

મગાવો : "શિક્ષણ પત્રિકા" કાર્યાલય

હિંદુ કૉલની, દાદર.

પૂર્વપ્રાથમિક કેળવણી

આજે આપણા દેશની ઉન્નતિ બધી રીતે કેમ થઈ શકે તેની યોજના કરવા માટે જુદા જુદા નિષ્ણાતોની સમિતિ વિચારણા કરી રહી છે. અનેક ક્ષેત્રોનો વિચાર કરવાનું તેના કાર્યપ્રદેશમાં ગણાયું છે. પૂર્વપ્રાથમિક કેળવણીનો વિચાર પણ આ સમિતિ આગળ ઊભો છે અને એ સંબંધે એ પોતાનું મંતવ્ય યોગ્ય સમયે રજૂ કરશે એવી આપણે આશા રાખીએ.

પૂર્વ પ્રાથમિક કેળવણી એટલે બાળકોને શાળામાં દાખલ કરવાની કાયદેસરની ઉંમર પહેલાંની કેળવણી. આપણા દેશમાં આ ઉંમરની કેળવણી તરફ લોકો સાવ બેદરકાર છે; કહો કે એનો કોઈ વિચારસરખો પણ કરતું નથી. રાષ્ટ્રીય પુનર્ઘટના સમિતિ (National Planning Committee) માં મોટા મોટા વિદ્વાનો, મહાન દેશનેતાઓ, અને પ્રખર વિચારકોનો સમાવેશ થયો છે. પરંતુ હજુ આ પૂર્વપ્રાથમિક કેળવણીનો વિચાર જેટલે અંશે હાથ ધરાવો જોઈએ તેટલો તે ધરાયો નથી.

એનાં કારણોમાં એક તો એ કારણ છે કે સામાન્ય રીતે દેશનેતાઓની માન્યતા આ કેળવણી વિષે પૂર્વેથી કલુષિત થયેલી છે. એમની કાંઈક એવી માન્યતા છે કે પૂર્વપ્રાથમિક કેળવણી માત્ર પશ્ચિમનું અનુકરણ છે, ખાલી ઢોંગ માત્ર છે અથવા શ્રીમંતોના મોજશોખનું એક અંગ છે. દેશની આ પ્રાથમિક જરૂરિયાત છે એમ એમને લાગતું જ નથી. બરેબર, દેશને માટે આ બિના કમભાગ્યની છે.

એક બીજું પણ કારણ તેઓ આગળ ધરે છે. આજે લોકોને પેટ પૂરતું ખાવાનું પામવાનાં જ્યાં સાંસાં છે ત્યાં આર્થિક દૃષ્ટિએ આપણા ગરીબ દેશમાં આ કેળવણી પોસાય નહિ એમ પણ તેમનું કહેવું છે. દેશનો પૈસો સહુથી વધારે અગત્યની બાબતો પાછળ પહેલાં ખર્ચવો, અને એથી જરા ઓછી અગત્યની બાબતો વિષે ભવિષ્યમાં વિચારી લેવું એવી ગણતરી રાખીને આપણી રાષ્ટ્રિય સરકારોએ કેળવણીમાં પહેલાં પ્રાથમિક શિક્ષણનો સવાલ હાથ ધર્યો હતો, અને પ્રાથમિક કેળવણી પહેલાંની એટલે સાત વર્ષની બાળકની ઉંમર થાય તે પહેલાંની પૂર્વપ્રાથમિક કેળવણીનો સવાલ છોડી દીધો હતો. વર્ધા કેળવણીમાં પણ સાત વર્ષ પછીની કેળવણીનો જ વિચાર આ લાંબી દૃષ્ટિ ધ્યાનમાં રાખીને કરાયો હતો.

ખરું પૂછો તો દેશના કલ્યાણની દૃષ્ટિએ વિચારતાં આ વિચારસરણી ભારે ભૂલભરેલી ગણાવી જોઈએ.

રાષ્ટ્રની પુનર્ઘટના કરવા મથતા દેશનેતાઓએ રાષ્ટ્રની સહુથી મોટી–સહુથી કિંમતી સંપત્તિ જે દેશનાં બાળકો છે, તેની વિચારણાને–એ બાળકોની કેળવણીની વિચારણાને અગ્રસ્થાન આપવું જોઈએ. આજે જો દેશનાં બાળકોનો ઉછેર યોગ્ય રીતે થાય તો વીશ વર્ષને અંતે દેશનું સ્વરૂપ નિઃસંદેહ વધારે જોમભર્યું, કાંઈક નવું જ દેખાઈ આવશે.

પૂર્વપ્રાથમિક કેળવણીનો વિચાર કરીએ તો જણાશે કે એમાં મુખ્ય પ્રશ્ન બાળકોના માનસિક સ્વાસ્થ્યનો છે. જો આપણે એટલું તો બરાબર માનતા જ હોઈએ કે બાળકોને સારામાં સારી જીવવાની અનુકૂળતા આપવી એટલે તેમને પેટ પૂરતું ખાવાનું આપવું, ચોખ્ખાં હવાપાણી મળે તેવી અનુકૂળતા આપવી અને સાજેમાંદે દવાદારૂની પૂરતી સગવડ મળે તેમ કરવું, તો પછી બાળ-

કોના માનસિક વિકાસ માટે પણ તેમને સારામાં સારી તક–અનુકૂળતા મળવી જરૂરની છે એ સ્વીકાર્યા વિના છૂટકો નથી. આજે તો પૂર્વ-પ્રાથમિક વયનાં બાળકો માનસિક ખોરાકને અભાવે ભૂખમરો વેઠી રહ્યાં છે. ન મળે બુદ્ધિનું કામ, ન મળે હાથપગ હલાવવાનું, ક્રિયાઓ માટે કશું માર્ગદર્શન નહિ, તેમ રોજની પોતાના જીવનની ક્રિયાઓ કેમ કરવી તે પણ કોઈ બતાવે નહિ. બાળકોનાં શરૂઆતનાં સાત વર્ષો આ રીતે પસાર થાય. આવી ભૂખમરાની કરુણાજનક દશા ક્યાં સુધી નભી શકે? પેટમાં ખાડો પડે એટલે માણસ ગમે ત્યાંથી ગમે તેવું અન્ન મેળવી લીધા વિના રહે નહિ. એ જ ન્યાયે આવી સર્જાયેલી દશામાં બાળકો ગમે ત્યાંથી ગમે તે જાતનો બૌદ્ધિક ખોરાક પ્રાપ્ત કરી લે છે; કાંઈક ક્રિયા કરવાનું, કોઈ પણ જાતનો માનસિક વ્યાપાર કરવાનું તેઓ શોધી કાઢે છે. મોટેરાંઓ બાળકોની આવી ક્રિયાઓને ભાંગફોડ, અવળચંડાઈ, ધીંગામસ્તી અને નકામી દોડાદોડ ગણી ઉવેખે છે અથવા તો તે બદલ તેમને શિક્ષા કરે છે. માતા બાળકને કશો ભાગ–ખાવાનું ન આપે એ તો ઠીક, પણ બાળક કાંઈક શોધી કાઢે તો ઊલટું મા તેના પર તાડૂકે અને તેની પાસેથી એ છીનવી પણ લે–બાળકનું અપમાન કરે અને તેને ડરાવે દબાવે! રાષ્ટ્રનિયોજન સમિતિનું દિલ આવાં હૃદય પિગળાવે તેવાં દૃશ્યોથી કેમ હલી ઊઠતું નથી એ જ સમજાતું નથી!

શરૂઆતની દોઢ વર્ષની ઉંમર સુધીમાં દાંત આવવા, ચાલતાં શીખવું, બોલતાં આવડવું વગેરે વિકાસની પ્રાથમિક બાબતો સાધ્ય થાય એટલે બાળક કેળવણી લેવાની ક્રિયા કરવા માંડે છે. આ કાળે તે ત્રણ બાબતો શીખી લેવા માગે છે:—

(૧) સ્વચ્છતા અને વ્યવસ્થાની ટેવો.

(૨) હાથપગને માટે પૂરતું હલનચલન મળે તેવા ઉદ્યોગો અથવા કામકાજ.

(૩) બૌદ્ધિક વ્યાપારોને અવકાશ મળે એવી રમતોઃ જેમાં તર્કશક્તિ અને વિચારોને પૂરતો અવકાશ રહે.

ઉપરાંત મોટેરાંઓના સમાજના વહેવારો જાણી લેવા, ભાષાજ્ઞાન મેળવવું, સભ્યતા–અથવા સારી રીતભાત શીખવી, અનેક જાતની વિદ્યાઓના મૂળભૂત સિદ્ધાંતોનો પ્રથમ પરિચય લેવો, નૈતિક-ભાવનાઓનો વિકાસ સાધવો વગેરે અનેક બાબતો બાળકે આ વયમાં હસ્તગત કરી લેવાની હોય છે.

અનેક જાતની ટેવો બાળકને આ ઉંમરે પડે છે. આ ઉંમરે બાળકના હલનચલનને યોગ્ય દિશાએ વાળી શકાય છે. આ ઉંમરે વિચારશક્તિ અને તર્કશક્તિ અતિશય બળવાન હોય છે.

બાળકોની જિજ્ઞાસાવૃત્તિ આ ઉંમરે અતિ તીવ્ર અને તાજી હોય છે, કેમકે બાળકની દુનિયામાં આ ઉંમરે અનેક અવનવી બાબતો જાણવાની હોય છે. ધાર્મિક અને નૈતિક જીવન જેવી ઝીણી બાબતોથી માંડીને માટી અને પથરા જેવા સ્થૂળ પદાર્થોની પણ માહિતી મેળવી લેવા તેમનું મન આતુર હોય છે. આપણે જાપાન કે અમેરિકા જેવા દેશમાં જઈએ અને ત્યાં આપણને કોઈ એમ આવીને કહે કે તમને અહીંની બધી માહિતી સાત વર્ષ પછી આપવામાં આવશે, ત્યાં સુધી તમને કોઈ જાતની માહિતી આપવામાં નહિ આવે, તો શી સ્થિતિ થાય? જે કુતૂહલવૃત્તિ એ દેશોમાં પગ મૂકતાં જ આપણામાં જાગી હોય તે સાત વર્ષને અંતે એવી ને એવી જોરાવર રહે ખરી? ખરું જોતાં એમ જ બને કે એ સાત વર્ષના કાળ દરમિયાન એ દેશોની જે ભાંગીતૂટી માહિતી આપણને આપણા પોતાના જ પ્રયત્નોથી મળે તે આપણે મેળવી જ લેવાના. આપણી દુનિયામાં જન્મતા નવા બાળકની દશા સાત વર્ષ સુધી કશું જ્ઞાન નહિ આપવાનું કહીને પરદેશમાં ગયેલી

નવી વ્યકિત જેવી જ કરુણાજનક કરી મૂકીએ છીએ—અને બાળકો છેક નાનાં, પરાધીન, સર્વ રીતે મોટેરાંઓ પર આધાર રાખી જીવનારાં હોવાથી એમને આ બધું મૂંગે મોઢે સહન કરી લેવાની સ્થિતિમાં મૂકીએ છીએ ? કેવું દયાજનક !

આજે દેશનેતાઓ માત્ર ગામડાંના લોકોનો, જંગલી લોકોનો, પછાત લોકોનો જ વિચાર કરે છે; અને પુસ્તકિયા કેળવણી આપવાને બદલે ઉદ્યોગોને જ મહત્ત્વ આપવા તરફ તેમની વિચારસરણી જઈ રહી છે.

આ બંને બાબતો યોગ્ય જ છે. જેઓ પછાત છે તેમના તરફ મદદનો હાથ લંબાવવો જ જોઈએ. પણ આ આખાય પ્રશ્નમાં પ્રજાના જે એક વર્ગ તરફ ઉપેક્ષાબુદ્ધિ ઉત્પન્ન થાય છે, તે ગરીબ મધ્યમવર્ગ છે. આજે ખરેખરી વિકટ અને મુશ્કેલીભરી સ્થિતિવાળો વર્ગ જો કોઈ હોય તો તે ગરીબ મધ્યમવર્ગ જ છે. ગામડાંના લોકો, જંગલી લોકો, મજૂરવર્ગ, દલિત કોમો, પછાત કોમો, બધાને થોડોઘણો ધંધો મળી રહે છે, મજૂરી મળી રહે છે. મજૂરીના પૈસો બે પૈસા મળતા હોય તોપણ સ્ત્રીઓ, પુરુષો અને બાળકો બધાં મજૂરી કરી છેવટ અરધો રોટલો તો પામી જ શકે છે. પરંતુ ગરીબ મધ્યમવર્ગ આજે આવી મજૂરી કે ધંધા વિનાનો છે. મિલોમાં કે કારખાનામાં તેમનાથી જવાતું નથી કે રસ્તા પર ટોપલો માથે લઈ મજૂર તરીકે તેમનાથી ઊભાં રહેવાતું નથી; ખરું જોતાં તેમને હાથ એકેય ધંધો કે મજૂરી નથી. કારકૂની, માસ્તરપણું, સિપાઈગીરી, પોસ્ટમેન કે એવી જાતનું કાંઈક કામ—ઉદ્યોગ ધંધાવાળાઓને મદદ કરવાનું કામ—તે વર્ગ કરી શકે છે; પરંતુ એમાં પણ આ કામમાં માત્ર પુરુષવર્ગ જ રોકાય છે.

અર્થાત્ આ મધ્યમવર્ગનાં બાળકો કશી અનુકૂળતા ન મળવાથી એક રીતે સડતાં હોય છે. પેટ પૂર ખાવાનું તો નથી જ મળતું, પરંતુ પૂરાં હવાપાણી કે ખુલ્લી જગ્યા પણ તેમના ભાગ્યમાં હોતાં નથી. ગામડાનાં બાળકોને આજે પુષ્કળ છૂટી જગ્યા, વિશાળ આકાશ અને રમવા માટે જોઈએ તેટલી ધૂળ, માટી એટલું તો સાંપડે જ છે. ગરીબ મધ્યમવર્ગનાં બાળકો તો એથી પણ વંચિત છે!

બીજી રીતે જોઈએ તો આ વર્ગનાં બાળકો, બુદ્ધિશાળી, ચાલાક તેમ જ સંસ્કારી હોય છે: યોગ્ય અનુકૂળતા મળે તો એમાંની ઘણી વ્યક્તિઓ રાષ્ટ્ર જેમનાથી ભગરૂપ બની શકે એવા નાગરીકો—રાષ્ટ્રની ઉત્તમ સંપૂત્તિરૂપ બની શકે અને દેશને મદદરૂપ થઈ શકે.

ટૂંકમાં રાષ્ટ્રનેતાઓએ પોતાની દૃષ્ટિ સામે જે અનેક વર્ગોને રાખ્યા છે, તેમાં આ એક મોટો વર્ગ રહી ગયેલો છે. આ વર્ગનાં બાળકોમાં સંસ્કારનાં થોડાંઘણાં બીજ વવાયેલાં હોઈ એક રીતે ખેડાણ કરેલી જમીન જેવો આ વર્ગ છે.

ગામડાના લોકોને, મજૂરવર્ગને અથવા પછાત કોમોને (જે સેંકડે ૯૦ ટકા છે) મનુષ્ય જીવનના બધા હકકો બક્ષીને ઉત્તમ મનુષ્ય બનવાની અનુકૂળતા કરી આપવી જોઈએ; અને જો એ શક્ય બને તો સહેજે દેશની ઉન્નતિ થાય એ વિચારસરણી યોગ્ય જ છે. પરંતુ સાથેસાથે ગરીબ મધ્યમવર્ગનો પણ વિચાર કરવો જ જોઈએ.

બીજો સવાલ કયાંથી શરૂઆત કરવી એ છે. પ્રૌઢ કેળવણી (Adult education) પહેલાં હાથ ધરવી, પહેલાં યુવાનોની કેળવણી ઉપાડવી કે પહેલાં બાળકેળવણી પર મંડવું?

દેશહિતની દૃષ્ટિએ વિચારનારા શિક્ષણશાસ્ત્રીઓ તો બાળકોની પ્રાથમિક કેળવણીથી શરૂઆત કરવી જોઈએ એમ જ કહેશે.

પ્રથમ દૃષ્ટિએ એ સાચું જ છે એમ લાગ્યા

વિના નહિ રહે. પણ અંગ્રેજીમાં એક કહેવત છે : "Begin from the beginning."—પહેલેથી જ શરૂઆત કરો, એમાં ઘણો ઊંડો અર્થ રહેલો છે.

કોઈ માળીને પૂછીએ કે સારામાં સારા આંબા અથવા ગુલાબની વધારેમાં વધારે કાળજી ક્યારે લેવી જોઈએ? પહેલાં સાત વર્ષ કે પછીનાં? તે અવશ્ય એમ જ કહેશે: "પહેલાં સાત વર્ષ. પાછળથી મહેનત શા કામની?"

દેશનાયકોને અથવા રાષ્ટ્રની દૃષ્ટિએ વિચારનારા શિક્ષણશાસ્ત્રીઓને એવો જ સવાલ પૂછશો તો તેમને પણ કદાચ "પહેલાં સાત વર્ષ" એવો જ જવાબ આપવાનું મન થશે. પણ એમ કરવામાં એમના પૂર્વગ્રહો (Prejudices) નડે છે અને બીજું નડે છે પૈસાની મુશ્કેલી.

પૈસાદાર લોકોની આ મોજમજા આપણા જેવા ગરીબ દેશને કેમ પોસાય? એ બીજો મુદ્દો છે. બાળકના શરીરની સંભાળ શરૂઆતનાં પાંચ વર્ષ બરાબર લેવાવી જોઈએ એ સિદ્ધાંત તેમને પૂરેપૂરો ગળે ઊતરે છે; ગરીબનાં બાળકોને પણ દૂધ મળવું જ જોઈએ એ વાત એમને ગળે ઊતરે છે; સ્થળે સ્થળે બાલસંરક્ષણકેન્દ્રો એટલે Children's welfare centres ખોલીને બાળકોની શારીરિક સંભાળ માટે પ્રચાર કરવો જોઈએ એ વાત પણ તેઓ સ્વીકારે છે. ગરીબોને માટે આ બધું કરવાની જરૂર છે એ વિષે એમનો મત જુદો નથી.

પણ માનસિક ઉછેર—માનસિક ખોરાક પૂરો પાડવાનો સવાલ આવે એટલે એ પૈસાદારની મોજમજ્જામાં ગણાય છે! ખરી વાત, શું એમ નથી કે આપણે ઊંડે ઊતરીને આ બાબતનો વિચાર કરતા નથી?

બીજો વાંધો ખર્ચનો બતાવાય છે. છેક નાનાં બાળકોને માનસિક ખોરાક પૂરો પાડવાની વાત સ્વીકારીએ તો પણ એ યોજના માટે પૈસા ક્યાંથી કાઢવા?

આપણા હાથમાં કેટલી સત્તા છે એના પર આ પ્રશ્નના જવાબનો આધાર છે.

જો બધી સત્તા આપણા હાથમાં હોય તો તો પૈસો ગમે ત્યાંથી ઊભો કરી શકાય.

પરંતુ આજની સ્થિતિમાં પણ ઘણું થઈ શકે તેમ છે—જો આ જાતની કેળવણીની અગત્ય સહુ સ્વીકારે તો.

આ કામ માટે દ્રવ્ય ક્યાંથી મેળવવું? સૌથી સહેલો ઉપાય ને જેનો તુરત અમલ કરી શકાય તેવો ઉપાય Arts કૉલેજો બધી બંધ કરવી તે છે. રાજ્યનો અને લોકોનો ઘણો મોટો દ્રવ્યભંડાર એથી આપણે મેળવી શકશું. પગાર, સાધનસામગ્રી અને એના ચાલુ ખર્ચમાં વપરાતી બધી રકમમાંથી તુરત બાલક્રીડાંગણો ખોલી દેવાં.

તો પછી જે મોટી સંખ્યા આજે ઉચ્ચ કેળવણી લઈ રહી છે તેનું શું? આખા પ્રાંતમાં અથવા આખા દેશમાં એક કૉલેજ સારામાં સારી ચાલે એવો સારો પ્રાધ્યાપકવર્ગ—પ્રોફેસરો નીમવા. શ્રેષ્ઠ પ્રાધ્યાપકોનાં વ્યાખ્યાનો રેડિયો ઉપર ગોઠવવાં, અથવા તેની ફિલ્મો કાઢવી. જેમને માટે આવા પ્રાધ્યાપકોનો અંતેવાસ આવશ્યક જણાય એવા શ્રેષ્ઠ, ચૂંટી કાઢેલા વિદ્યાર્થીઓને રાજ્યને ખર્ચે એવા કૉલેજના પ્રાધ્યાપકો પાસે રહેવાની સગવડ આપવી. આવા વિદ્યાર્થીઓ એક વિષયના ખરેખરા સાચા અર્થમાં અભ્યાસી બને.

બાકીના વિદ્યાર્થીઓને આ બંધ રસ્તે (Blind alley) જવાનું જ ન મળે એટલે આપોઆપ તેઓ કાંઈક ધંધો શોધશે. કેમકે ધંધાદારી શાળાઓ તો ચાલુ જ રહેવાની. આવી શાળાઓમાં અભ્યાસ કરવાનું કારખાનાંઓમાં કામ કરવાની સાથે જોડાયેલું રાખવું.

સિવાય એક વર્ગ એવો નીકળશે જે પુસ્તકોની મદદથી અભ્યાસ કરી પરીક્ષા આપશે. એમની પરીક્ષાઓ લેવાનું અવશ્ય ચાલુ રાખવું. વિદ્યાપીઠો આવા વિદ્યાર્થીઓને અભ્યાસમાં માર્ગદર્શક થાય એવાં વ્યાખ્યાન રેડિયો દ્વારા અને ફિલ્મ મારફત યોજી શકે. મોટે ભાગે આ વર્ગમાં પૈસાદાર વર્ગ હશે અને એને અભ્યાસની અનુકૂળતા પણ સારી હશે; એમની સામે "આવતી કાલે શું ખાશું?" એવો પ્રશ્ન જ નહિ હોય.

આજે દેશનો અને માબાપોનો પુષ્કળ પૈસો ઉચ્ચ ગણાતી કેળવણી પાછળ ફોગટનો ખર્ચાય છે. આજની ઉચ્ચ કેળવણી પાછળ કૉલેજનો મોટો પ્રાધ્યાપકવર્ગ, વિદ્યાર્થીઓની વ્યાખ્યાનો સાંભળવાની દાનત, દોઢ મહિનામાં નોટસ વાંચીને તૈયાર થવાનું અને પરીક્ષામાં પાસ થવાનું, કૉલેજ લાઈફને નામે ચાલતા મોજ શોખો, બિનજવાબદાર જીવન અને વંઠેલપણું કે છોકરાપણું વગેરે પોષાય છે તે એક સપાટે બંધ થાય તો દેશની સંપત્તિનો અનેક દૃષ્ટિએ બચાવ થશે.

કૉલેજો બંધ થાય તો કદાચ ઘેર અભ્યાસ કરી શકાય પણ કૉલેજમાં જે જીવનઘડતર મળે છે, જે સંસ્કારિતા આવે છે, સાહિત્ય અને કલા વગેરેના વિકાસમાં એક જાતની જે સગવડ આવે છે તે ઘેર ક્યાંથી મળે, એવો સવાલ સહેજે થઈ શકશે. પણ ઝીણી નજરે જોવાથી દેખાઈ આવશે કે આજના કૉલેજજીવનમાં આમાંનું કશું સાંપડતું નથી. એટલે કૉલેજો બંધ થવાથી ખરું જોતાં નુકસાન નહિ થાય—કાંઈ થશે તો થોડોઘણો લાભ જ થશે. પણ જીવનઘડતર આપનારી કૉલેજોની કલ્પના કરી શકાય છે. એ ઊણપ બાનગી રીતે અભ્યાસમંડળો (Study circles), કલામંડળો (Art circles), વિદ્યાર્થિમિત્રમંડળો (Students brotherhood) વગેરે સંસ્થાઓમાં સાચો અભ્યાસ કરીને પરીક્ષા આપનારા ઓને ઓછી જણાશે. આવાં મંડળોની સહાય આવા અભ્યાસીઓને તેમ જ અભ્યાસ મૂકી દઈ ધંધે ચઢેલા જિજ્ઞાસુઓને પુષ્કળ મળી શકશે.

વાત એમ છે કે આ જાતનો દૃષ્ટિકોણ સ્વીકારીએ ને એ રીતે વિચારીએ તો અનેક રીતે વ્યવહારુ શક્યતાઓ દેખાશે, અનેક વિગતો વિચારી શકાશે, અને બધાને પસંદ પડે એવી યોજના થઈ શકશે.

બીજો માર્ગ પરદેશી રમકડાં બંધ કરી દેવાનો છે. બે દિવસમાં ભાંગીને નકામાં થઈ પડનારાં અને કેળવણીની દૃષ્ટિએ બહુ જ ઓછાં ઉપયોગી એવાં આ રમકડાંઓ પાછળ માબાપો વર્ષ દરમિયાન કેટલો પૈસો વાપરે છે તેના આંકડા કાઢ્યા હોય તો પૂર્વપ્રાથમિક કેળવણી માટે માબાપો પાસે પરદેશી રમકડાં અટકાવવાથી પૈસો બચી શકે છે તે તુરત જણાશે. પરદેશમાંથી અનેક જાતનાં રમકડાં આપણે આયાત કરીએ છીએ. બાળકોને રમવું તો ગમે જ છે; તેઓ અનેક જાતની રમતો અને રમકડાં શોધી કાઢશે, અને એમાંથી આપણા જ દેશભાઈઓને આપણાં બાળકોને આપવાનાં નવાં રમકડાં બનાવવાનું પણ સૂઝશે.

બુદ્ધિને સાચી કેળવણી આપનારું રમકડું—સાધન મળતાં જ માત્ર ઉપરથી આકર્ષક દેખાતાં રમકડાં ફેંકી દઈ બાળક સાદા દડાઓ પર કલાકોના કલાકો સુધી રમ્યા કરે છે એ પૂર્વપ્રાથમિક શિક્ષકોનો રોજનો અનુભવ છે. રમકડાંનો સવાલ એક રીતે બાળકોને દૂધ અને ફળો આપવાં સારાં કે ચૉકલેટ પેપરમીટ આપવાં સારાં, એના જેવો છે. આજે તો દૂધ અને ફળોનું સ્થાન ચૉકલેટ પેપરમીટની ટીકડીઓએ લીધું છે અને બુદ્ધિનો વિકાસ કરાવે તેવાં રમકડાંનું સ્થાન જાપાની રમકડાંઓએ પ્રાપ્ત કર્યું છે.

બેશક રમકડાંઓમાંથી બચેલો આ પૈસો સરકાર અથવા મધ્યવર્તી સંસ્થા પાસે કેમ કરી પહોંચાડવો એ સવાલ વ્યવહારુ ઉકેલ લાવી આપનારનો છે. કાંઈ નહિ તો માબાપો પાસે બાળકોને કેળવણી પાછળ ખર્ચવા માટે એટલું દ્રવ્ય વધે તો છે જ.

ત્રીજો માર્ગ તે મરણપરણના વરાઓનો ખર્ચ ઓછો કરવાનો છે. બાળકના જન્મથી માંડીને લગ્ન સુધીના અનેક સંસ્કારો કરવા પાછળ પુષ્કળ દ્રવ્ય ખર્ચાય છે. હવે સંસ્કારો આપવાના તો રહ્યા નથી પણ માત્ર સગાંઓનાં વહેવારની બાબત મુખ્ય બની ગઈ છે, અને એમાં પણ મધ્યમવર્ગનો પૈસો ઠીક ઠીક પ્રમાણમાં ખર્ચાય છે. કાંઈ નહિ તો લગ્ન વરઘોડાનાં અને જમણનાં ખર્ચો થોડાંએક વર્ષો સુધી તો કાયદો કરીને બંધ કરી દેવાની જરૂર છે. જન્મથી માંડીને દશ વર્ષ સુધીના સંસ્કારો માટે વપરાતા પૈસા બાળકની કેળવણી માટે જુદા રાખવા જોઈએ—કેળવણીના કર તરીકે એ સરકારને સ્વાધીન થવા જોઈએ. ભરવાના કરની રકમ વ્યક્તિની સાંપત્તિક સ્થિતિ અનુસાર નક્કી કરવી; જનોઈ માટે વાપરવાના પૈસા પણ બાળકની ઉંમર ૧૦ વર્ષની થતાં કેળવણીના કર તરીકે ભરી દેવાનું ઠરાવવું જોઈએ; અને લગ્ન વખતના કરની અરધી રકમ ભાવિ પ્રજાની કેળવણી માટે એટલે પૂર્વપ્રાથમિક કેળવણી માટે અનામત રાખવી જોઈએ અને બાકીની અરધી રકમ કુટુંબની જરૂરિયાત માટે જુદી અનામત રાખવી જોઈએ. આ બીજી રકમની વ્યવસ્થા યોગ્ય જણાય તો સામાજિક સંસ્થાઓને પણ સોંપી દેવાય.

લગ્ન, જનોઈ વગેરે સંસ્કારો પાછળ ગરીબ ગામડિયા લોકોનું પુષ્કળ દ્રવ્ય ખર્ચાય છે. સંસ્કારો કરવાનું ચાલુ રહે પણ તે મફત કરવામાં આવે, અને તેને બદલે કેળવણીનો કર વસૂલ કરવામાં આવે. આમ કરવાથી થોડાએક લોકોનો વિરોધ થશે અને લાગણીઓનો ઊભરો દેખાશે, પણ આખરે આ યોજના કલ્યાણકારી ભાસ્યા વિના નહિ રહે.

ઉપરના જેવો જ સવાલ ધાર્મિક કૃત્યોમાં વપરાતા પૈસાનો પણ છે. એ રકમ પણ સરકારને સ્વાધીન થાય અને એમાંથી દવાખાનાંઓ, અપંગ અને વૃદ્ધને પોષનારી સંસ્થાઓ, ભિખારીઓને ધંધો આપનારી સંસ્થાઓ, વગેરે અનેક સંસ્થાઓ ચલાવી શકાય. આમાં પણ જે દ્રવ્ય પુષ્કળ જમા થાય તો તેમાંથી પણ અમુક હિસ્સો પૂર્વપ્રાથમિક કેળવણી માટે વાપરી શકાય. તા.

પૂર્વતૈયારી

[અનુસંધાન ગતાંક પાને ૧૨૮ થી]

બીજું પૂર્વતૈયારી એટલે માત્ર સાધનોને સાફસૂફ રાખવાં એટલું જ નથી. દરેક સાધન ઉપર નામ લખવાં અને તેમને તે નક્કી કરેલી જગાએ મૂકવાં એટલું જ નથી. પૂર્વતૈયારીમાં સાધનોને ક્યાં અને કેવી રીતે મૂકવાં કે જેથી બાળકોને તે લેતાં મુશ્કેલી ન પડે અને સાધનોનો વધારેમાં વધારે ઉપયોગ થાય, સાધનો કયા ક્રમમાં મૂકવાં, કેટલે અંતરે મૂકવાં, કેટલી ઊંચાઈએ મૂકવાં, કેટલાં કેટલાં સાથે મૂકવાં, આ બધું પૂર્વતૈયારી કરનારે કરવાનું હોય છે. પૂર્વતૈયારી માત્ર વ્યવસ્થા નથી. તૈયારી કરનારમાં કલાની દૃષ્ટિની જેમ જરૂર છે તેમ જ તેનામાં શિક્ષણની દૃષ્ટિની પણ જરૂર છે. દરેક સાધનનો શો ઉપયોગ છે અને સામાન્યતઃ તે કયા કામમાં વપરાય છે તે

તૈયારી કરનારે જાણવું જોઈએ. તે જો આ બધું જાણતો હોય તો જ સાધનોને બાળકોને સગવડ પડે તેમ તે ગોઠવે. માત્ર કલાત્મક ગોઠવણી ન ચાલે; તેની સાથે શાસ્ત્ર પણ જોઈએ.

વળી પૂર્વતૈયારી કરનારને મન પૂર્વતૈયારી માત્ર ભાડૂતી દેવસેવા કરનાર પૂજારીને મન પૂજા હોય છે તેમ ન હોવી જોઈએ. તેનામાં ભાવના જોઈએ. આવી સુંદર કલાત્મક રચના વચ્ચે બાળક સાધનનો ઉપયોગ કરશે, ને તેના ઉપયોગ વખતે તેની સમગ્ર શક્તિઓ પળે પળે વિકાસ પામશે એ કેવું સુંદર મધુર દૃશ્ય થશે, અને તે જોઈ પોતાને કેવો આનંદ થશે, એવો ભાવ તેનામાં પૂર્વતૈયારી કરતી વખતે હોવો જોઈએ. ખરો ભક્ત જે ભાવના વડે પૂજા કરે છે, ધૂપ દીપને નૈવેદ્ય ધરે છે, તે ભાવથી ઓતપ્રોત થઈ શિક્ષકે પૂર્વતૈયારી કરવી જોઈએ. બાલમંદિરમાં પૂર્વતૈયારી કર્મકાંડ છે; બાળકો વિકાસક શક્તિ છે.

પૂર્વતૈયારીની એક બે યાદીઓ અત્રે આપવામાં આવે છે. આ યાદીઓ માત્ર સૂચક છે. દરેક બાલમંદિરના શિક્ષકે પોતાના કાર્ય પ્રમાણે પૂર્વતૈયારીની યાદી કરી લેવાની છે. પૂર્વે કરવાનાં કામોને મોઢે રાખવાં નહિ; વખતે એક કામ ભૂલાઈ ગયું કે તે રહી જવાનું. એના કરતાં યાદી લખીને તેને પૂંઠા પર ચોડીને પૂઠું દીવાલ પર ટાંગવું એ ઉત્તમ છે.

વળી એ વાત શિક્ષકના ધ્યાનમાંથી કદી ખસી ન જવી જોઈએ કે તેણે પોતે જાતે જ પૂર્વતૈયારી કરવાની છે. નોકર હોય તો તેને અથવા બાળકોને તે મદદમાં લઈ શકે; પણ પૂર્વતૈયારી કરવાનો બોજો તેના ઉપર જ છે. એટલું જ નહિ પણ તે માત્ર દેખરેખ નીચે નહિ પણ જાતે જ થવી જોઈએ. નોકરો મારફત પૂર્વતૈયારી ન જ કરાવાય. નોકરો વાળીચોળીને બહુબહુ તો સાફ રાખે; પણ સાધનો પરત્વે તેમનું જ્ઞાન ન હોવાથી તેઓ તે બાબતમાં આપણને નકામાં થાય છે. લાંબો વખત સાથે કામ કર્યા પછી કદાચ નોકર પૂર્વતૈયારી કરી શકે; તેમ છતાં શિક્ષકે તો તે ઉપર જાતે જ નજર નાખી જવી જોઈએ.

પૂર્વતૈયારીમાં લખી છે તેટલી જ બાબતો માત્ર આવે એમ કોઈ ન સમજે. ગયા દિવસે જે વાતમાં મુશ્કેલી પડી તે મુશ્કેલી પ્રથમ તબક્કે દૂર કરવી એ પૂર્વતૈયારીનું અંગ છે. ગયા દિવસે જે સાધન નકામું માલૂમ પડ્યું તે નાખી દેવું તે પણ પૂર્વતૈયારીમાં આવે છે. મતલબે પૂર્વતૈયારીનું ધોરણ વર્ષોના અનુભવ ઉપર રચાયેલું છે અને તેમાં છેલ્લામાં છેલ્લા દિવસનો અનુભવ પણ ઉમેરવાનો છે.

ઓરડાઓની પૂર્વતૈયારી

૧ ઓરડા બરાબર વળાયેલા છે કે નહિ તે જોવું; ન વળાયા હોય તો વળાવી નાખવા.

૨ બારીબારણાંનાં જાળાં, બાવાં વગેરે ઝાપટી નાખવાં.

૩ બારીબારણાંના કાચ બન્ને બાજુથી લૂછી ચકચકીત કરવા; ફોટા પણ સાફ કરવા.

૪ પાણીનો ગોળો બરાબર વીછળાઈને ભરાયેલો તથા બૂઝારું ને ટબૂડીવાટકા ચકચકીત રીતે ઊટકાયેલા છે કે નહિ તે જોઈ જવું. ગોળા પાસે નાની ડોલ તથા પ્યાલા, તેમ વીછળેલું પાણી નાખવા માટે પાસે એકાદ બાલદી કે ટીપડું રાખવું.

૫ ટ્રૉવેલ્સ તથા લૂછવાના કટકા ધોવાયેલાને સાફ થયેલા વ્યવસ્થિત સ્થળે ગોઠવી રાખવા.

૬ કાચ તથા દાંતિયા સાફ કરીને તેમના સ્થાને વ્યવસ્થિત રીતે મૂકવા.

૭ પગલૂછણાં હમેશાં ખંખેરવાં.

૮ પાટિયા પર તારીખ, વાર સુંદર ને નિર્લેપ નવીન રીતે લખવાં.
૯ બધાં ઘોડા, ટેબલ, કબાટ વગેરે લૂછવાં.
૧૦ બધાં ઇંદ્રિયવિકાસનાં સાધનો લૂછવાં અને ગોઠવીને મૂકવાં.
૧૧ પાઠ આપવાનું સાધન, હાજરીપત્રક વગેરે તૈયાર રાખવું.
૧૨ કબાટમાં ચિત્ર ફેરવવાને દિસસે ફેરવી નાખી નવું ગોઠવવું.
૧૩ બધાં ટેબલોને (બાળકોનાં) જોઈ જવાં તથા આકૃતિ અને રંગીન પેન્સિલો અંદરથી કાઢી લઈ ટેબલોને બધી બાજુથી લૂછી વ્યવસ્થિત ગોઠવવાં.
૧૪ બધાં આસનો ટેબલના નંબર પ્રમાણે ગોઠવીને તેના પર ગોઠવી મૂકવાં.
૧૫ લોખંડની આકૃતિના ઘોડા લૂછવા ને આકૃતિઓ લૂછી ગોઠવી મૂકવી.
૧૬ કાગળ પેન્સિલનાં સ્ટૅન્ડ તથા ટેબલો લૂછવાં.
૧૭ પેન્સિલોને સુંદર રીતે છોલી અણી કાઢવી; કચરો બધો ટોપલીમાં નાખવો.
૧૮ કચરાની ટોપલી બહાર યોગ્ય સ્થાને ઠલવવી.
૧૯ સૂપડી સાવરણી ને કચરાની ટોપલી તથા ડબલું વ્યવસ્થિત રીતે મૂકવાં.
૨૦ ચાક, ધૂપસળી, બાકસ, મીણબત્તી વગેરે વસ્તુઓ તેના સ્થળોએ તૈયાર રાખવી.
૨૧ ટપાલકામ માટે કાગળ, કાતર, ગુંદ ને લૂછવાનું કપડું તેની પેટીઓ પાસે વ્યવસ્થિત રાખવાં.
૨૨ બાળકો માટે લખવાની નોટો, કાગળો, ચિત્રોના સાદા તેમ જ રંગીન કાગળો લાવવા ને બાળકો માટે મૂકવા.
૨૩ ગણિતનો કબાટ લૂછવો; બધી કાપલીઓ પૂરતી સંખ્યામાં લાવી વ્યવસ્થિત મૂકવી.
૨૪ ગણિતના ઘોડા લૂછવા; બધાં સાધનો લૂછીને ગોઠવવાં.
૨૫ ચોપડીઓનો કબાટ લૂછવો, ચોપડીઓ વ્યવસ્થિત ગોઠવવી; તેની નોંધપોથી ને પેન્સિલ ગોઠવી મૂકવાં.
૨૬ નકશાની પેટી, શબ્દગંજીપાની પેટી વગેરે સાફ કરી ગોઠવવી.
૨૭ અક્ષરપૂઠાં, શબ્દપોથીઓ, ચલમૂળાક્ષર પેટી વગેરે સાફ ને વ્યવસ્થિત ગોઠવવું.
૨૮ વાચનાલય સાફ રાખવું, માસિકો નવાં ને ગોઠવાયેલાં રાખવાં; તેનાં ખુરશીટેબલ પણ સ્વચ્છ ને ગોઠવાયેલાં રાખવાં.
૨૯ સંગીત પછી જોવા બતાવવાની બાબતો હાજર રાખવી.
૩૦ દવાખાનાનો કબાટ સાફ રાખવો. તેમાંની વસ્તુઓ પૂરતી તૈયાર ને વ્યવસ્થિત રાખવી.

[અપૂર્ણ. સ્વ. ગિજુભાઈ

પ્રવાસ સમાચાર

શિક્ષણપ્રવાસ-કચ્છમાં

જાણીતાં બાલકેળવણીકાર, શિક્ષણ પત્રિકાનાં તંત્રી અને નૂતન બાલશિક્ષણ સંઘનાં મંત્રી શ્રી. તારાબેન મોડક, કચ્છની શિક્ષણસંસ્થાઓના આમંત્રણને માન આપી શિક્ષણપ્રચારના ઉદ્દેશથી ગયા ઑક્ટોબરની તારીખ ૨૩ થી ૨૭ દરમિયાન કચ્છ આવ્યાં હતાં.

તેમણે પોતાના પ્રવાસ દરમિયાન કચ્છનાં મુખ્ય શહેરો ઉપરાંત ગામડાંમાં જઈ કચ્છનાં ભાઈ-બહેનો સમક્ષ બાળકેળવણીનો સંદેશો સંભળાવ્યો. તેઓ ખાસ કરીને અંજાર, ભૂજ, માંડવી અને સદનવાડી ગયાં હતાં અને ત્યાંની કન્યાશાળા, પ્રાથમિક શાળા, વગેરે સંસ્થાઓનું નિરીક્ષણ કર્યું

હતું. દરેક જગ્યાએ તેમને સાંભળવા માટે મોટી સંખ્યામાં ભાઈબહેનો એકઠાં મળ્યાં હતાં અને ભારે આતુરતાથી તેમણે શ્રી. તારાબેનનો સંદેશો ઝીલ્યો હતો.

તેમણે ઠેકઠેકાણે કન્યાઓ, કિશોરો તથા બાળકો સમક્ષ વાર્તાલાપ કર્યો હતો; અને મિત્રો દ્વારા બાલસંગીત સંભળાવ્યું હતું.

ભાઈબહેનોની એકઠી મળેલી સભાઓમાં હરેક જગ્યાએ તેમણે બાળકોની વકીલાત કરી હતી અને બાળકોને સમજવા તેમણે પ્રેક્ષકોને આગ્રહ કર્યો હતો. ઉપરાંત શિક્ષણની સંસ્થાઓમાં નવીન શિક્ષણદૃષ્ટિ દાખલ થાય એમ ઇચ્છયું હતું.

જીવનનો પાયો બાળપણ છે અને તેથી બાળકોની કેળવણીની શાસ્ત્રીય રીતે શરૂઆત અઢી વર્ષથી જ થવી જોઈએ તેવો આગ્રહ બતાવી તેમણે હરેક જગ્યાએ બાલમંદિરો તથા ક્રીડાંગણો હોવાં જોઈએ તે વિષે ભાર મૂક્યો હતો.

તેમણે બાળકોની શક્તિ વિષે બોલતા જણાવ્યું હતું કે તેઓ નાના સ્વરૂપે મહાન પુરુષો છે. તેમનાં નાનાં શરીરોમાં ભારે બળવાન આત્મા વસે છે. બાળકો સાથે સન્માનથી વર્તવા અને તેમના જીવન વિકાસ માટે અનુકુળતા કરી આપવા તેમણે બહુ બહુ ભલામણ કરી હતી.

કચ્છની પ્રજાજોગ સંદેશો આપતાં તેમણે જણાવ્યું હતું કે 'જીવનવિકાસનો પાયો બાલ્યાવસ્થામાં નખાય છે. બાળરોપાને સાચવશું તો બધું સચવાશે. કચ્છ બાળકેળવણીમાં પછાત ન રહે તો કશામાં પછાત નહિ રહે.'

તેમણે સ્ત્રીઓને હિંમત સાથે આગળ આવવા ભલામણ કરી હતી અને પોતાની પ્રગતિ માટે પોતે જ બહાર આવવા સૂચવ્યું હતું. સ્ત્રીઓ પોતાનાં મંડળો સ્થાપી તે દ્વારા સ્ત્રીસમાજ અને બાળકોની સેવા ઉઠાવે એવો આગ્રહ બતાવ્યો હતો.

પ્રવાસ દરમિયાન શ્રી. તારાબેને કચ્છનું લોકજીવન તેમ જ શિક્ષણ વિષયક પરિસ્થિતિ વગેરેનો ઝીણવટથી અભ્યાસ કર્યો હતો.

કચ્છી પ્રજાના સાહસ, હિંમત અને કેળવણી પ્રત્યેના અનુરાગ બદલ અભિનંદન આપતાં તેમણે જણાવ્યું હતું કે કેળવણીના કાર્યમાં કચ્છ શિક્ષણની નવી દૃષ્ટિ લક્ષમાં રાખી આગળ વધે અને બાળકો માટે બાલમંદિરોની સેવગડ કરે એ ઇચ્છનીય છે.

દેવરામ ડા. વરૂ.

શિક્ષણપ્રવાસ—કાઠિયાવાડમાં

કચ્છના પ્રવાસમાંથી પાછા ફરતાં મોરબીમાં શ્રી. જટાશંકર મ. રાવળ (સ્ટેટ બાલમંદિરના આચાર્ય) ના આમંત્રણથી શ્રી. તારાબેન મોરબીમાં રોકાયાં હતાં. ત્યાં તેમણે માબાપોને એક જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. બાળકેળવણીને અંગે શ્રોતાઓએ જે પ્રશ્નો પૂછેલા તે પરથી લોકોની જાગૃતિ આ વિષે સારી છે એમ જણાયું હતું. રાજ્ય પણ બાલમંદિરને દૂરથી સારી મદદ કરે છે. પરંતુ એના પ્રમાણમાં લોકો બાલમંદિરનો ઉપયોગ નથી કરતા એવું લાગેલું. હજુ સ્થાનિક જનતામાં બાલમંદિરના વિચારનો વધારે પ્રચાર કરવાની જરૂર હશે.

ત્યાંથી મુંબઈ પાછા ફરતાં તેમણે વઢવાણ સ્ટેટ બાલમંદિરની પણ મુલાકાત લીધેલી. એના આચાર્ય શ્રી. ભોગીલાલ પરીખ સ્વ. ગિજુભાઈના અધ્યાપનમંદિરના સહુથી પહેલા વિદ્યાર્થી છે; તેમ રાજ્ય તરફથી બાલમંદિર ઉઘાડવાનો દાખલો પહેલો જ વઢવાણ રાજ્યે પાડ્યો છે. વઢવાણ રાજ્યે શરૂઆતથી બાલમંદિરનું નિરીક્ષણ સ્વ. ગિજુભાઈ પાસે જ કરાવેલું હતું. સંભવ છે કે હવે પછી એના નિરીક્ષણનું કાર્ય સંઘને સોંપવામાં આવે.

ઉષાની ભેળ

[માબાપોએ બોધ લેવા જેવી એક સાચી બનેલી હકીકત.]

ઉષા સાત વર્ષની છોકરી હતી; હિંમતવાળી, સ્પષ્ટ કહી દેનારી,-જોરદાર અને સ્વતંત્ર સ્વભાવની એ હતી. સ્વભાવે જરા પુરુષના જેવી; તે જોઈ કેટલાક કહે છે કે ઉષા છોકરો જન્મી હોત તો સારું. કોઈ કહે છે કે હિંદુસ્તાનમાં આજે બધી છોકરીઓ ઉષા જેવી હોય તો સારું; વખત આવે ઝાંસીની રાણીની જેમ આવી કન્યાઓ હશે તો જ લડશે. અમારી શાળામાં ભલે બોટી લડાઈમાં પણ લાંકડી લઈ ને છોકરાઓ સાથે લડવા છોકરી ઊભી રહે તો એક ઉષા જ રહે.

હમણાં હમણાં ઉષા વિરુદ્ધ તેનાં માબાપની ફરિયાદો વધવા માંડી હતી.

એક દિવસ ઉષાએ ઘરમાંથી પૈસો લઈ એક રબ્બર આણ્યું. માબાપને ઉષાનું એ કરવું ગેરશિસ્ત લાગ્યું. એમને ભય પેઠો કે આમાંથી ઉષા ધીરેધીરે ચોરી કરવાને માર્ગે ચડશે. એમને એમ લાગ્યું કે આ ટેવને શરૂમાં જ દાબી દઈને એમાંથી ઉષાને છોડાવવી જોઈએ. પણ એક વખત તેમણે જતું કર્યું.

થોડા મહિના પછી ઉષા બાબતમાં એક બીજો પ્રસંગ ઊભો થયો. પાડોશીને ત્યાં જમવા ગયેલી ત્યાંથી ઉષાને બે પૈસા દક્ષિણામાં મળ્યા હતા. એ પૈસાની એણે ભેળ લઈ ને ખાધી અને જ્યારે બાએ પૈસા ક્યાં છે એમ પૂછ્યું ત્યારે " પૈસા શાના ? મને કાંઈ ખબર નથી." એમ કહેવા લાગી. છેવટે બાએ પૂછ્યું: " બોલ ઉષા, પૈસાની ભેળ તેં ખાધી છેના ?" ત્યારે આખરે ઉષાએ હા કહી:

બેશક માબાપ ભારે ગુસ્સે થયાં. તેમનું દિલ દુભાયું. ઉષાની આવી ટેવો વધતી જાય તો ખરાબ કહેવાય એમ પણ તેમને થયું, અને તે માટે તેમણે ઉષાને ઠપકો પણ આપ્યો. પણ એને પરિણામે ઉષા રડી નહિ કે કસાણું મોં કર્યું નહિ; ઊલટું આખો દિવસ ચીડાઈ ને મોં ચડાવી તેણે ફર્યા કર્યું.

ઉષાનો બનાવ આપણી પાસેથી સારી એવી વિચારણા માગી લે છે.

આ બનાવ બન્યા પછી થોડે દિવસે ઉષા મારે ઘેર આવી હતી. એક મિત્ર બીજા મિત્રને પૂછે એમ પ્રેમભાવે મેં તેને ભેળના બનાવની બધી હકીકત પૂછી. શરૂઆતમાં તો તેણે મને કશી દાદ ન આપવાનો વિચાર કરેલો; જવાબ પણ તે એ રીતે જ આપવા લાગી. એને થયું હશે કે માબાપની પેઠે હું પણ તેને ઠપકો આપવા માટે જ ભેળ સંબંધે જાણવા માગું છું.

પરંતુ મેં તો તેને ભેળ કેવી હતી, આપણી શાળામાં થાય છે તેવી હતી કે વધારે સારી હતી, સાથે કોણ કોણ મિત્રો હતા, વગેરે પ્રશ્નો પૂછ્યા; તે સાથે મારા બોલવામાં અથવા તો મોં પર ગુસ્સે થવાનું એક પણ ચિહ્ન તેણે ન જોયું ત્યારે તેણે મારી સાથે ખુલ્લા દિલથી બધી વાત કરવા માંડી. છતાં શરૂઆતમાં મન મોકળું મૂકીને તે વાત નહોતી કરતી; અને એ સ્વાભાવિક પણ હતું. ભેળ સંબંધે તેની સાથે થયેલી ચર્ચા ને અપાયેલ ઠપકા વખતે હું હાજર હતી, અને એક મોટેરા તરીકે હું તેનાં માબાપનો જ પક્ષ લઈશ એવી એની સ્વાભાવિક ગણતરી હતી.

છતાં એકંદરે તેણે છૂટથી મને બધી વાત કરી.

હકીકત આમ બની હતી. તે દિવસે જમી રહ્યા પછી પાડોશીને ત્યાં ઉષા સાંજ સુધી રમતી હતી.

ત્યાંથી પાડોશીનાં છોકરાં અને બીજાં બાળકો એમ આખું મિત્રમંડળ ફરવા બાગમાં ઊપડ્યું. બધાંએ એવી દરખાસ્ત કરી કે ઉષાને આજે દક્ષિણામાં મળેલા પેસાની ભેળ લઈ બધાએ ખાવી. મિત્રોની મંડળી જમી હોય ત્યારે આવા પ્રસંગો બન્યા જ કરે છે. કોઈ વાર એની પાછળ નજીવું કારણ હોય છે તો કોઈ વાર કશું કારણ પણ હોતું નથી. આજે પેલા ભાઈબંધને સ્કૉલરશિપ મળી છે તો ચાલો તેની પાસેથી મિજબાની પડાવીએ; આજે પેલાનો મનીઑર્ડર આવ્યો છે તો તેણે બધાને સિનેમા બતાવવો જ જોઈએ. આવું આવું શાળા-કૉલેજોમાં અનેક વાર બન્યા કરે છે. બેશક, આ બધું યોગ્ય અથવા ડહાપણભર્યું છે એમ કહેવાનો આશય નથી; એમાં મૂર્ખાઈ પણ રહેલી છે. છતાં આનંદ માણવાનો એ પણ એક પ્રકાર પ્રચલિત તો છે જ, અને બધાને એ માણવાની હોંશ પણ થાય છે. ઉષાની મળેલી બે પેસાની દક્ષિણા ઉપર મિત્રમંડળની નજર પડી અને પાંચ-છ બાલમિત્રોએ એ પૈસાની ભેળ ખાઈ મજા માણી. બાવા તરીકે તો એમાં એકાદ મૂઠી માંડ દરેકને ભાગ આવી હશે. પણ પોતે મેળવેલા પૈસામાંથી અન્ય કોઈની પરવાનગી વિના મિત્રોને ભેળ ખવડાવ્યાનો આનંદ-ગર્વ ઉષાના દિલમાં સમાયો નહિ હોય એમાં શંકા નથી.

સ્વભાવે ઉષા સ્વતંત્ર મિજાજની છે. અર્થાત્ પોતાને જ મળેલા બે પૈસા વાપરવામાં વડિલોની રજા મેળવવી જોઈએ એ વિચારસરખો તેના મનમાં ઊભો નહિ થયો હોય. વળી પોતે કોઈની રજા વિના "ચાલો હું ભેળ ખવડાવું." અથવા "આજે મારી મરજી નથી." એવો નિર્ણય કરી શકે અને તે કારણે મિત્રોમાં પોતાનું સ્વતંત્રપણું (બીજાની રજાની જરૂર ન હોય તેવી સ્થિતિ) દાખવી શકે એવી શ્રેષ્ઠતા છોડી "ઊભા રહો, હું બાને પૂછી આવું." એવું પરાવલંબી સ્થિતિનું દર્શન કરાવવાનો સ્વભાવ ઉષાનો છે જ નહિ. ઘેર માર સહન કરવો પડે તે હા, પણ મિત્રમંડળમાં તો ઊંચું માથું રાખી પોતે જ પોતાની રકમ બચી શકે છે એમ બતાવવાનું અભિમાન તે છોડી શકે તેમ હતું જ નહિ.

રબ્બર બરીદવામાં પણ તેણે પોતાના સ્વતંત્ર સ્વભાવનું દર્શન કરાવ્યું હતું. પરીક્ષાના બે દિવસો હતા. માસ્તરે ભાર દઈને કહ્યું હતું કે દરેક પાસે પોતાનું રબ્બર હોવું જ જોઈએ. બા પાસે માગવા જતાં તે એમ જ પૂછે કે બે દિવસ પહેલાં અપાવ્યું હતું તે ક્યાં છે? અને નવું તો જરૂર ન જ અપાવે. અર્થાત્ તેણે પોતે જ કાંઈક માર્ગ શોધવો રહ્યો. ઘરમાં તેના બે વર્ષના નાનાભાઈને રમવા સારુ પૈસા આપવામાં આવતા; તેમાંથી એક પૈસો આડોઅવળો રખડતો હતો. એક પૈસામાં રબ્બર મળે છે તે ઉષા જાણતી હતી. તુરત તેણે એ પૈસો ઉપાડ્યો અને થોડે દૂર આવેલી બજારેથી સ્ટેશનરીની દુકાનેથી રબ્બર લઈ આવી.

ઉષાના દૃષ્ટિબિંદુથી વિચારતાં બંને પ્રસંગોએ તેણે કશું અયોગ્ય કર્યું હોય એમ લાગતું નહોતું, એટલે બાબાપોએ તેને ઠપકો આપ્યા છતાં ઉષાને પોતે ભૂલ કર્યાની બાતરી થઈ નહોતી. બારી સાથેની તેની વાતચીતમાં પણ એ ચોખ્ખું દેખાઈ આવતું હતું.

પણ આપણો મુદ્દાનો સવાલ એ છે કે આવી સ્વતંત્ર વૃત્તિનું બાળક અથવા બાળકો આવી રીતે સ્વતંત્રતાથી વહેવાર કરવા માંડે તો તેને તેમ કરવાની રજા આપવી કે તેના એ વર્તન ઉપર મર્યાદા મૂકવી? અને મર્યાદા મૂકવી હોય તો કેવી રીતે મૂકવી? કેમકે ઉષાના જેવી સ્વતંત્ર વૃત્તિનું બાળક સામાન્ય રીતે તો આમ કરતું અટકે જ નહિ. અર્થાત્ તેમાં જરા કડકાઈ રાખ્યા વિના બીજો રસ્તો જ નથી એમ નથી લાગતું?

બારી એવી માન્યતા છે કે સ્વતંત્ર વૃત્તિ અને

હિંમતને 'રુક જાઓ' ન કહેવું જોઈએ—એને માથે બંધન મૂકવાની જરૂર નથી. છતાં એને યોગ્ય માર્ગદર્શન—વલણ આપવું બેશક જરૂરી છે. અટકાવવું એટલે દમન કરવું. ઘરનાં વડિલો ઉમરે મોટાં છે, બધી સત્તા તેમના હાથમાં છે એટલે તેઓ ગમે તે કરી શકે, શિક્ષા કરી શકે, ભૂખ્યાં રાખી શકે, વઢી શકે, અપમાન કરી શકે—એમ જે ઉષા જેવા સ્વભાવવાળું બાળક માને તો તે આ બધું સહન કરી લે. પણ બીજે પ્રસંગે એવી જ સ્વતંત્ર વૃત્તિથી જ તે વર્તે. પોતા પર દબાણ રાખનાર વ્યક્તિ પરત્વે તેના મનમાં લેશ પણ આદરભાવ રહે નહિ એટલું જ નહિ, પણ ક્યારે એના હાથમાંથી છુટાય એવું જ તેને લાગ્યા કરવાનું.

પરંતુ ઊલટ પક્ષે તેનો સ્વતંત્ર રીતે વર્તવાનો હક્ક જો વડિલો સ્વીકારે તો મોટેરાંઓ શું કહે છે ને શા માટે તેમ કહે છે, તે સમજવાનો પ્રયત્ન તે જરૂર કરે.

ઉષા સ્વતંત્ર રીતે રબ્બર લઈ આવી તે દિવસે "ઉષાએ ભારે અનર્થ કર્યો છે, હવે એનો ઉપાય શો કરવો?" અથવા તો "ભારે ગજબ થયો છે." એવી લાગણી કે ભાવ ન બતાવતાં જો તેની બાએ પ્રેમથી મિત્રભાવે ઉષાને બેચાર સવાલ પૂછી પોતાને કહ્યા વિના તે શા માટે રબ્બર વેચાતું લઈ આવી એ જાણી લીધું હોત તો ખરું કારણ તેની બાને સમજાત, ઉષાની મુશ્કેલી તેના ધ્યાનમાં આવત અને તેમાં તે અવશ્ય તેને સહાય પણ કરત. અને એમ બન્યું હોત તો ઉષા તે પછી દરેક પ્રસંગે બાને પૂછીને કામ કરવાનો નિશ્ચય કરી લેત.

રબ્બર ખરીદી લાવવું એ ચોરી કર્યા જેવો નૈતિક ગુનો તો જરૂર નથી. તે અયોગ્ય એટલા પૂરતું કે મોટેરાંની રજા ઉષાએ લેવી આવશ્યક હતી. સ્વતંત્ર સ્વભાવના માણસને દરેક બાબતમાં પળે પળે બીજાને પૂછવું પડે અને મંજૂરી મેળવવી પડે તો ગમતું નથી. પૂછવા જવું, સવાલો કરે તેના જવાબો આપવા, આમ નહિ ને તેમ વગેરે સલાહ સાંભળવી અને છેવટે 'હા' કે 'ના' નો નિર્ણય જાણવો, એ બધું તેમને કંટાળાભરેલું લાગે છે. કેટલાંએક સ્વાભિમાની બાળકો આ બધી તથ્યામાં પડવાનું જ પસંદ કરતાં નથી એટલે એવે પ્રસંગે આત્મસંયમ કરી જોઈતી વસ્તુ વિના જ ચલાવી લેતાં શીખી જાય છે, અને બીજા પાસે કદી કશી માગણી કરતાં નથી. ઉષાનો સ્વભાવ આથી જરા જુદી જાતનો હતો. માથા-ભારે થઈ પાંશરું કરવાનો તેનો સ્વભાવ હતો. એટલે એણે બીજાને પૂછવાનો માર્ગ ન લેતાં જાતે સ્વતંત્ર નિર્ણય કરવાનો માર્ગ લીધો. નિયમનની દૃષ્ટિએ એણે ઘરના નિયમોનો ભંગ અવશ્ય કર્યો હતો; આ જાતનો એનો સ્વભાવ બની જાય એ સારું ન જ ગણાય. બાળક હોઈ દુનિયાનું જ્ઞાન નહિ એટલે છેતરાવાનો પણ પૂરતો સંભવ. ઉપરાંત શું લાવવું, ક્યારે લાવવું, કેટલા પૈસા ખરચવા અને તે કેમ અને ક્યાંથી મેળવવા, વગેરે બધી બાબતોમાં ચોરીછૂપીથી કામ કરવાની ટેવ પણ આવા ઝીણા ઝીણા પ્રસંગોમાંથી જ પડે છે. અર્થાત્ બાળકોએ ઘરનાં મોટેરાંની સલાહસૂચના અનુસાર આવે પ્રસંગે ચાલવું એવી શિસ્તની જરૂર પણ છે જ.

પરંતુ ઘરમાં શિસ્ત એટલે નિયમન દાખલ કરવા બાબતમાં વડિલોએ હમેશાં એક બાબત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ. રાજકાર-ભારમાં પણ એ જ સિદ્ધાંત લાગુ પડે છે. તે એ કે શિસ્ત પળાવવાની જવાબદારી ધરાવનાર વ્યક્તિએ એ નિયમોનું પાલન એવી કુશળતાથી કરાવવું જોઈએ કે નિયમ પાળનારને એમાં પોતાને માથે જુલમ થાય છે એવું ભાસે નહિ એને એમ ન થવું જોઈએ કે આપણા પર દબાણ આવ્યું છે, આપણા સ્વાતંત્ર્ય પર આમાં તરાપ છે. સ્વાભિમાની અને સ્વતંત્ર વૃત્તિના લોકો અને

બાળકોને આવું નિયમન અપમાનજનક અને અસહ્ય જણાય છે, અને એ સામે બળવો કરી તે ફેંકી દેવાના પ્રયત્નો અથવા બાનગી રીતે નિયમ-ભંગ કરવાના પ્રયત્નો તેઓ કરે છે. જે નિયમો કરવામાં આવ્યા છે તે શા કારણે છે, નિયમો ન હોય તો શું નુકસાન થાય, એ દરેક વખતે સમજાવવાની આવશ્યકતા છે એવું કશું નથી. ઘણી વાર બાળકોને એ બધું સમજાવું જ અશક્ય હોય છે; ઘણી વાર એ સગવડભર્યું નથી હોતું. વળી અનુભવ એવો છે કે એક વાર બાળકો નિયમ-પાલન સંબંધે અભિમુખ બને એટલે તેઓ પછી અમુક નિયમ શા માટે કરવામાં આવ્યો છે એવું પૂછતાં નથી. જે જરૂરનું છે તે અભિમુખતા, નિયમો પાળવાની તત્પરતા છે. એક વાર નિયમો સામે વિરોધ કરવાનું વલણ જાગ્રત થાય એટલે કોઈ પણ સત્તા નિયમોનું અથવા કાયદાઓનું પાલન કરાવવામાં અસમર્થ બની જાય છે. પછી જોર-જુલમ, શારીરિક બળ, શિક્ષાઓ ને માર વગેરેની મદદ લેવાનું ધીમે ધીમે વધતું જાય છે. દીર્ઘ દૃષ્ટિએ વિચાર ન કરી જોનારને એમ લાગવાનો સંભવ છે કે એક વાર શિક્ષા કરીને પણ આજ્ઞાનું પાલન કરાવી લીધું એટલે પત્યું. નાનાં બાળકોએ મોટેરાં કહે તેમ જ કરવું જોઈએ અને બધી બાબતમાં મોટેરાંને પૂછીને પગલું ભરવું જોઈએ એવું સમાજનો ઘણો મોટો ભાગ માને છે. પણ આ રીતે શિસ્તપાલન કરાવવામાં એક તો બાળકોની સ્વતંત્ર વૃત્તિ કચરી તેમને કાં તો ગુલામી વૃત્તિનાં બનાવવામાં આવે છે અગર ઉપા જેવાં જોરાવર બાળકો બંડખોર બને છે. બહુ થોડા દિવસોમાં તેઓ નાંભરાં બને છે. બાપા કે બા બબડ્યા કરે અથવા માર્યા કરે અને પોતે તો કરવું હોય તેમ જ કર્યા કરે, અથવા ચોરીછૂપીથી કરે, એવો એમનો સ્વભાવ પડી જાય છે.

ટૂંકમાં નિયમોનું પાલન કરાવનાર દરેકને માથે એટલી જવાબદારી તો રહેલી જ છે કે નિયમો પાળનારાઓમાં એ નિયમો પરત્વે અભિમુખતા જન્મે.

આ અભિમુખતા કેમ લાવવી એ સવાલ સહેજે ઉત્પન્ન થાય તેવો છે. એને સારુ—

(૧) નિયમોનું પાલન કરનારના મનમાં એ નિયમો પોતા પર લદાયેલ એક જાતનું દબાણ છે એવી લાગણી કદી ઉત્પન્ન ન થાય એવી રીતે નિયમોનો અમલ કરવો જોઈએ.

(૨) નિયમોનું પાલન કરનાર અને કરાવનાર બન્ને વચ્ચે મિત્રભાવ હોવો જોઈએ.

(૩) નિયમોનું પાલન કરનારાઓમાં શિસ્ત અને વ્યવસ્થાનો શોખ હોવાં જોઈએ.

(૧) નિયમો દબાણરૂપ છે એવું સહેજ પણ જણાતાં હિતકારક નિયમો હોય તેનો પણ માણસો ભંગ કરવા માંડે છે. તેમ કરવામાં તેમનો મૂળ હેતુ નિયમભંગ નથી હોતો પણ દમન ફેંકી દેવાનો હોય છે.

(૨) બધાઓ કહેશે કે ઘરનાં વડિલો અને બાળકો વચ્ચે સ્નેહભાવ તો હોય જ. બેશક વડીલોનાં દિલમાં પ્રેમ—વાત્સલ્યભાવ તથા રક્ષણવૃત્તિ વગેરે જરૂર હોય છે; પણ મિત્રભાવ નથી હોતો. હજારો બલકે લાખો માબાપો પોતાનાં બાળકોનાં મનમાં ચાલી રહેલી ગડભાંજ કદી જાણવા જ પામતાં નથી; એ જાણી લેવા જેવું છે એટલું પણ તેમના ખ્યાલમાં નથી હોતું. ઉપા અને તેનાં માબાપ વચ્ચે મિત્રો વચ્ચે હોય છે તેવો એખલાસ હોત તો મોટે ભાગે ઉપાએ માબાપને પૂછ્યા વિના ભરેલાં પગલાં તે કદી ન ભરત, અથવા તેમ કર્યા પછી ખુલ્લા દિલથી એ પોતાની બાને બધું કહી દેત. મનમાં ચાલી રહેલા બધા વિચારો હાલવવાનું બા એ એક વિશ્રામસ્થાન છે એમ જો

ઉષાને લાગતું હોત તો ઉષા જેવી છોકરી પાસે નિયમપાલન કરાવવું સાવ સહેલું બનત. એક વાર બળવાખોર વૃત્તિ જાગ્રત થયા પછી તેના જેવા બાળક પાસેથી કામ લેવું એટલું જ વિકટ બની જાય છે; કેમકે આવું બાળક વિરોધ કરી શકે તેટલું બળ ધરાવે છે.

(૩) શિસ્ત અથવા નિયમનને અધીન વર્તવું એ પણ સંસ્કારી અને વિકસિત મનનો સદ્‌ગુણ છે. નાનાં બાળકોમાં આ સદ્‌ગુણ ઘણે સ્થળે દેખાઈ આવે છે. બાળકો પોતે સ્વેચ્છાથી અને સ્વપ્રયત્નથી નિયમોનું પાલન કરે છે. આગળ જઈ એમ પણ કહી શકાય કે નિયમપાલન પરત્વે બાળકો બહુ આગ્રહી હોય છે; કદાચ મોટેરાં નિયમો ભૂલી જાય પણ બાળકો તો બરાબર સંભારી રાખે છે. પણ આ સદ્‌ગુણનો વિકાસ બળજોરી અથવા બીકનો અભાવ હોય ત્યાં વધારે થાય છે. નહિતર સૂકા સાથે લીલું બળે એ ન્યાયે એક વાર વિરોધ કરવાની વૃત્તિ જાગ્રત થઈ એટલે ન ગમતા નિયમોના ભંગ સાથે સારા અને આવશ્યક નિયમોનો પણ ભંગ કરવાનું ચાલુ થઈ જાય છે.

ઉષાની ભેળનો સવાલ આ રીતે અનેક ઊંડી વિચારણા માગે તેવો છે. સહાનુભૂતિ અને મિત્રભાવે કામ લેવાથી ઉષાના વર્તનનો ઉકેલ સરલ બને છે. નહિતર બંધ કરેલા પુસ્તક પેઠે હોઠ દાબી કપાળે કરચલી પાડી એવી રીતે એ વિરોધ કરતી થશે કે દિવસે દિવસે તેને શિસ્તમાં રાખવાનું વધારે ને વધારે મુશ્કેલ બનશે. અગાઉ તે પ્રગટ રીતે વિરોધ કરતી અને ખુલ્લંખુલ્લા મનમાં હોય તે કહી દેતી. આજે તેનામાં કાયદો પોતાના હાથમાં લઈ ને ગમે તેમ વર્તવાની, વડિલોને ન જણાવવાની અને વાત ઉડાવવાની અથવા છુપાવવાની વૃત્તિ ડોકિયાં કરવા માંડી છે. એમાં જરૂર નબળાઈ છે; એમાં માર ખાવાની અથવા શિસ્તભંગનું જે ખરાબ પરિણામ આવે તે સહન કરી લેવાની હિંમત નથી; કાયદો તોડ્યા પછી તેના ભંગની શિક્ષામાંથી છટકી જવાનો પ્રયત્ન કરવો એ નૈતિક પતનનો માર્ગ છે. આજે એ સૂક્ષ્મ રીતે ડોકિયું કરે છે પણ ગંભીરપણે એનાથી ચેતવાનું વિસરી જવું ન જોઈએ.

તા.

જોઈએ છીએ

મોન્ટીસોરી શિક્ષકદંપતી અથવા શિક્ષિકાબેન

રાયપુર (મધ્યપ્રાંત) ના બાલમંદિર માટે એક મોન્ટીસોરી શિક્ષકદંપતી જોઈએ છીએ. એકલાં બહેન હોય તો પ્રાથમિક વિભાગમાં કામ કરી શકે તેવાં અને ભરત, શીવણ, ગૂંથણ વગેરે કલાઓનાં જાણકાર (ઉંમર વર્ષ ૩૫–૪૦ થી ઓછાં નહિ) હોવાં જોઈએ.

પૂછપરછ સીધી નીચેને સરનામે કરવી:—

સંચાલક, ગુજરાતી નૂતન શિક્ષણસંઘ સંચાલિત બાલમંદિર, **રાયપુર** (સી. પી.)

(૨)
મોન્ટેસોરી ગૃહશિક્ષક

એક ગૃહસ્થને પોતાનાં નાનાં બાળકોને મોન્ટેસોરી પદ્ધતિથી કેળવણી આપી શકે એવા ગૃહશિક્ષકની જરૂર છે. વિગત માટે લખો:—

નિયામક, શારદામંદિર, **કરાંચી.**

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઈ ૪.
પ્રકાશક: શ્રી. તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલોની, દાદર.

શિક્ષણપત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

આજે આપણે ભારે કપરા સમયમાંથી પસાર થઈ રહ્યાં છીએ. દરેક ક્ષણે આપણને મનુષ્યસ્વભાવમાં ઘર કરી રહેલા સત્તા અને માલેકીના બળવાન આવેગનું—અતિ પ્રાથમિક આવેગનું ભાન થયા વિના રહેતું નથી. અને છતાં માનવસ્વભાવમાં આથી છેક વિરુદ્ધ એવો એક સદ્‌ગુણ—ઉચ્ચતર કક્ષાનો સદ્‌ગુણ રહેલો છે એ આપણે ભૂલી ન જઈએ. દુરેક માનવીને અંતરમાં એમ લાગ્યા વિના રહેતું જ નથી કે સાચી માણસાઈ તો આ સત્તા અને માલેકીના આવેગ સામે બડતર યુદ્ધમાં અને એના પ્રતિકારમાં જ સમાયેલી છે. આ ભાવનાને બળે જ માનવી અસહાય અને દીનનું રક્ષણ કરવા દોડી જાય છે અને એને જ કારણે માનવી પોતાને મળેલા લાભમાં અન્યને સહભાગી કરવામાં આનંદ અને સંતોષ અનુભવે છે. માનવ સ્વભાવમાં રહેલી આ ઉચ્ચતર ભાવનાને પરિણામે જ જગતમાં નિરામયતા, પ્રસન્નતા અને શાંતિ ઉદ્‌ભવે છે.

—ડૉ. મેરીઆ મોન્ટેસોરી

વર્ષ ૧૫ | :: કાર્યાલય :: | અંક ૧૧

૧૯૬૭ | દાદર, મુંબઈ ૧૪ | પેાપ

નોંધ

સંઘનું બંધારણ

ગયા ઑગસ્ટ મહિનામાં પત્રિકામાં બંધારણનો કાચો ખરડો પ્રસિદ્ધ કર્યો હતો. ત્યાર પછી તેના ઉપર ઑક્ટોબરમાં ભાવનગર મુકામે ભરાયેલ સંમેલન વખતે થોડી ચર્ચા થઈ, ને તે પછી પણ કેટલીએક સૂચનાઓ અમદાવાદના નૂતન બાલ-શિક્ષકો તરફથી આવી. તે બધી ધ્યાનમાં લઈને હવે છેલ્લો મસૂદો તૈયાર થાય છે. અને સંઘ ૧૮૭૦ ના કાયદા પ્રમાણે આવતા માસમાં રજીસ્ટર થવાની તૈયારીમાં છે.

છેલ્લે છેલ્લે જે સુધારાઓ થયા તેમાંથી કેટલાએક મહત્ત્વના છે તે તરફ વાચકવર્ગનું ખાસ ધ્યાન ખેંચીએ.

અત્યાર સુધી સંઘના બે જાતના સભાસદો હતા. એકીસાથે રૂા. ૫૦) ભરે તે આજીવનસભ્ય અને દર વર્ષે એક રૂપિયો ભરવાનું પસંદ કરે તે સામાન્ય સભ્યો. બન્નેના હકકો વગેરે સરખા જ; પહેલા કાયમી અને બીજા દર વર્ષે ફરીથી નોંધાય એટલો ફેર હતો.

આ બે વર્ગોમાં એક નવો વર્ગ ઉમેરાયો, તે બાલશિક્ષણમાં સીધી રીતે અથવા અપ્રત્યક્ષ રીતે જે લોકો કામ કરે છે તેમનો. અનુભવથી માલૂમ પડ્યું કે માબાપ તરીકે આખી જનતાનું બાલશિક્ષણ તરફ થોડું ઘણું લક્ષ હોઈ શકે, ને તેમને બાળક સંબંધેના પ્રશ્નો નજીકના લાગે. પણ આ ક્ષેત્રમાં કામ કરનારાઓનો, વિશેષ અભ્યાસ કરનારાઓનો તેમ જ પ્રચારનું કામ સીધી રીતે કરતા હોય અથવા કરી શકે એવા-ઓનો એક વર્ગ જુદો છે. આથી બાલશિક્ષણ સંસ્થાઓ સંઘ સાથે જોડાય અને પોતાના પ્રતિ-નિધિના નામથી સભ્ય થાય એ પ્રથમ સૂચના હતી.

હવે છેલ્લા સુધારા પ્રમાણે આ ઉપલા વર્ગમાં ત્રણ પ્રકારના સભ્યો નોંધાશે.

પહેલો પ્રકાર નૂતન બાલશિક્ષણનું કાર્ય કરતી સંસ્થાઓનો; તેમને પ્રતિનિધિ સભાસદ કહીએ.

બીજો પ્રકાર સંસ્થાગત નહિ પણ વ્યક્તિગત સભાસદનો. કોઈ વ્યક્તિ સંસ્થામાં કાર્ય ન કરતી હોય પણ નૂતન બાલશિક્ષણનું બાલ-સાહિત્ય, શિક્ષણસાહિત્ય, શિક્ષણનાં સાધનો વગેરે મારફત કે બીજી રીતે વ્યક્તિગત કામ કરતી હોય, તેમ જ સંસ્થામાં હોવા છતાં વ્યક્તિગત સભાસદ થવાની ઇચ્છા ધરાવે તો તે પણ સક્રિય સભાસદ થઈ શકે.

અને ત્રીજો પ્રકાર જે વ્યક્તિઓ સીધું કામ ન કરતી હોય છતાં માબાપ તરીકે જેમને બાલશિક્ષણમાં વિશેષ રસ હોય તેમનો. સામાન્ય જનતામાંથી જે જે આ આખી પ્રવૃત્તિમાં વિશેષ રસ લેતાં હોય તે બધાં આ વર્ગમાં આવી શકે. ને સાચે જ એવા ઘણા લોકો છે તે આપણે જાણીએ છીએ. અત્યાર સુધી નૂતન બાલશિક્ષ-ણની આખી પ્રવૃત્તિને વિશેષ ટેકો આપનાર આ જ વર્ગ છે. તેમની સહાય અને નૈતિક ટેકા ઉપર જ શિક્ષકવર્ગ કામ કરી શક્યો છે.

આ પ્રતિનિધિ સભાસદો, સક્રિય સભાસદો અને ખાસ રસ ધરાવનાર સભાસદો ત્રણે મળીને સંઘનો 'ખ' વર્ગ બને છે. આ 'ખ' વર્ગમાંથી 'કાર્યકર્તામંડળ' ચુંટાય અને એ કાર્યકર્તા-મંડળ પ્રત્યક્ષ કામો ઉપાડી વર્ષ દરમિયાન પાર પાડે એવી આખી યોજના છે. કાર્યકર્તામંડળના નવ સભાસદોમાંથી સાત સભ્યો પ્રતિનિધિ અને સક્રિય સભાસદોમાંથી હોય અને બે રસ ધરાવનાર વર્ગમાંથી હોય.

આ કાર્યકર્તા મંડળ પોતામાંથી પોતે જ ચૂંટીને બે સભાસદો વ્યવસ્થાપક મંડળમાં મોકલે જેઓ વ્યવસ્થાપક મંડળના બીજા સભાસદો જેવા જ બધા હક્કો ભોગવે.

આ રીતે સંઘના કામમાં સીધો રસ લેતી તમામ વ્યક્તિઓ સંઘ સાથે વિશેષ સંબંધથી બંધાઈ શકે છે, સંઘના શિક્ષણકાર્યમાં સીધો ભાગ લઈ શકે છે અને સંઘની વ્યવસ્થામાં પણ આવી શકે છે. તેટલા પ્રમાણમાં તેઓ સંઘની વધારે નજીક આવી શકે અને સંઘની પ્રવૃત્તિઓ સાથે સમરસ–એકરૂપ થઈ શકે તથા સંઘનું કાર્ય પોતાનું કરી લઈ શકે છે.

આ રીતે બાલશિક્ષણમાં રસ લેતી બધી વ્યક્તિઓ સંઘમાં જોડાઈ બાલશિક્ષણના કાર્યને ખૂબ વેગ આપશે અને બીજા દસકામાં કામ ખૂબ આગળ ધપાવશે.

સભ્યોનું લવાજમ

સંઘના સભાસદોનું લવાજમ નીચે પ્રમાણે રહેશે:—

૧. આજીવનસભ્ય	રૂા. ૫૦૦	એક વાર.
૨. સંસ્થાગત સભ્ય	રૂા. ૬૦	દર વર્ષે
૩. સક્રિય સભ્ય	રૂા. ૩૦	,,
૪. રસ ધરાવનારા સભ્ય	રૂા. ૩૦	,,
૫. સામાન્ય સભ્ય	રૂા. ૧૧	,,

શિક્ષણ પત્રિકાના ગ્રાહકો

ઉપલાં બધા સંભાસદોને કોઈ પણ એક ભાષાની શિક્ષણપત્રિકા મફત મળશે. શિક્ષણપત્રિકા ગુજરાતી, મરાઠી અને હિન્દીમાં નીકળે છે. જો કોઈ સભ્યને બીજી ભાષામાં નીકળતી શિક્ષણપત્રિકા લેવાની ઇચ્છા હોય તો તેનું લવાજમ જુદું ભરવું જોઈએ.

એ સિવાય પુસ્તકાલયો વગેરેને સભાસદ થવાની જરૂર ન લાગતી હોય ને માત્ર શિક્ષણપત્રિકાના ગ્રાહક જ રહેવું હોય તો તે વાર્ષિક રૂ. ૬૦ લવાજમ ભરી પત્રિકા લઈ શકશે.

વાચકવર્ગને વિનંતિ

વાચકવર્ગમાંથી જેઓ આજીવનસભ્ય થવાની સુસ્થિતિમાં હોય તેઓ રૂ. ૫૦૦ મોકલીને સંઘના આજીવનસભ્ય થાય એવી વિનંતિ છે.

અને બીજા વાચકો ઓછામાં ઓછા સામાન્ય સભાસદ તો થાય જ. દર વર્ષે રૂ. ૧૦ મોકલે છે તેને બદલે હવે તેઓ રૂા. ૧૧ મોકલે અને સંઘ સાથે જોડાય એવી તેમને વિનંતિ છે. અત્યાર સુધી જેટલા ગ્રાહકો રહ્યા છે તે બધા સામાન્ય સભાસદો થઈ જ જવાના એમ અમે માનીએ છીએ.

એ ઉપરાંત કાર્યમાં સીધો ભાગ લઈ શકે ને લેવો જોઈએ તેઓ સહુ વિશેષ રસ ધરાવનારા સંઘના બીજા વર્ગમાં રૂા. ૩૦ ના લવાજમથી જોડાય એવી તેમને વિનંતિ છે.

સંસ્થાઓ અને નૂતન બાલશિક્ષકોને તો ખાસ ખાસ સૂચવીએ છીએ કે નૂતન બાલશિક્ષણની બધી સંસ્થાઓનું અને શિક્ષકોનું એકત્ર સંગઠન થવાની ખાસ જરૂર છે. તે વિના આપણા કાર્યને વેગ મળશે નહિ; તે વિના આપણી અનેક જાતની મુશ્કેલીઓ ટળશે નહિ; તે વિના આપણા કામમાં પણ સંગીનપણું આવશે નહિ, આપણું તેજ વધશે નહિ. માટે તમામ સંસ્થાઓ અને શિક્ષકો પણ જોડાય એવી તેમને આગ્રહપૂર્વક વિનંતિ છે. ખાસ કરી સ્વ. પૂ. ગિજુભાઈના વિદ્યાર્થીઓને અને મિત્રોને હાકલ કરીએ છીએ કે આ તેમનું કામ આગળ ધપાવવાનું આપણે માથે ફરજ રૂપે છે. તે અદા કરવાનું આપણે ન ચૂકીએ.

સંઘના કાર્યની રૂપરેખા

સંઘે ઘણું કામ કરવાનું નક્કી કર્યું છે.

પ્રથમ તો શિક્ષણવિષયક વિચારોનો પ્રચાર

કરવાનું ઘણું કાર્ય હજુ બાકી છે. આખી જનતામાં જાગ્રતિ લાવવી ને બાલવિકાસ પ્રત્યે જનતા સાચી રીતે જોતી થઈ જાય તેમ કરવાનું કાર્ય સંઘે હાથ ધર્યું છે. તે જોસબંધ આગળ ધપાવવા કાર્યકર્તામંડળ પ્રયત્ન કરશે.

શિક્ષણપત્રિકા મારફત એના પ્રચારનું કામ મુખ્યત્વે ચાલે છે અને તેથી પત્રિકાના ગ્રાહકો વધારવા, તે ઘેર ઘેર પહોંચાડવી એ પણ કાર્યકર્તાઓનું કામ રહેશે.

તે ઉપરાંત સંમેલનો, સભાઓ, ભાષણો વગેરે-દ્વારા પણ એ કામ ચાલશે.

સંઘનું બીજું કામ ઠેકઠેકાણે જે નૂતન-બાલ-શિક્ષણનું કાર્ય કરતી સંસ્થાઓ છે તેમને સંઘટિત કરવી, તેમનું કામ વધારે સંગીન ને શુદ્ધ પાયા પર રહે તેમ કરવું; શિક્ષકોની કામની મુશ્કેલીમાં તેમને મદદ કરવી; ચાલકોને સલાહસૂચના આપવી વગેરે રીતે સંસ્થાઓનું કામ સાચી દિશામાં ને વેગવંતું થાય તેમ કરવાનું રહેશે.

સંઘનું ત્રીજું કામ ગામડાંનાં બાળકો અને શહેરનાં ગરીબ બાળકો માટે નૂતન બાલશિક્ષણની સંસ્થાઓ ઊભી કરવાનું રહેશે.

આ પ્રકારે ત્રિવિધ કાર્ય સંઘ આગળ ઊભું છે.

પત્રિકાના વાચકો તરફથી આ કાર્યમાં પૂરેપૂરી સક્રિય સહાય મળશે તેવી આશા રાખીએ છીએ. તેમણે જાતે સભાસદ થવું અને મિત્રોને કરવા એટલું તો તેઓ અવશ્ય કરી શકશે.

તંત્રી.

વર્ધા યોજનાનું હાર્દ*

આજનો યુગ આપણા દેશ માટે જ નહિ પણ જગતને માટે ક્રાંતિનો યુગ છે અને એ ક્રાંતિ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં જોવામાં આવે છે. યૂરોપમાં આજે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે. આજથી પંદર વર્ષ પહેલાં જર્મનીમાં કેવી શિક્ષણપદ્ધતિ હતી અને ત્યાંની પ્રજાને કેવી તાલીમ આપવામાં આવે છે એ વિષે જેઓ વાંચતા તેઓ જોઈ શકતા કે જર્મનીના પુનરુત્થાન માટે પ્રાથમિક શિક્ષણથી માંડી કૉલેજનાં શિક્ષણ સુધીમાં બધું બધું કરવા જર્મની થનથની રહ્યું છે. ઇંગ્લંડ, અમેરિકા, ડેન્માર્ક વગેરે દેશોમાં પોતપોતાના દેશના ઉત્થાનની કલ્પનાને અનુસરીને શિક્ષણપદ્ધતિની રચના કરવામાં આવે છે, કે તેમાં ફેરફાર કરવામાં આવે છે. ભાવિ સમાજની રચના કેવી કરવી છે તે મુદ્દા ઉપર જ કોઈ પણ દેશમાં કેળવણી ને શિક્ષણપદ્ધતિમાં ફેરફાર થાય છે.

આજે આપણે ત્યાં કેળવણીની જે પદ્ધતિ ચાલે છે તેને જીવન સાથે બહુ જ ઓછો સંપર્ક છે. કોઈએ વિચારેલી, કોઈએ આણેલી, એ પદ્ધતિ કોઈએ પારકી જમીનમાં રોપી છે અને કોઈએ એને મળ્યું એવું પાણી પાયું છે; અને તેથી કેળવણીરૂપી નવપલ્લવિત વૃક્ષ નહિ પણ સૂકા ઝાડના ઠૂંઠા જેવી કેળવણી આપણે ત્યાં છે. આ દશા સામે બધા પોકાર પાડે છે, પણ એ પોકાર વિધવાના પોકાર જેવો છે કારણકે પોકાર પાડનારા જ પાછા એની એ શાળા-કૉલેજોમાં જાય છે ને બીજાને મોકલે છે. ગૂજરાત વિદ્યાપીઠમાં મેં જોયું હતું કે લોકોનો વિદ્યાપીઠ પ્રત્યે સદ્ભાવ હતો, પૈસાની મદદ કરતા પણ ખરા; પણ પોતાનાં બાળકોને ભણવા તો સરકારમાન્ય શાળાકૉલેજોમાં જ મોકલતા.

× × ×

વર્ધા યોજના વિષે વિસ્તારપૂર્વક વાતો કરવામાં ઘણો સમય જાય; પણ વર્ધા યોજનાનું હાર્દ શું

એનો આપણે આજે વિચાર કરીએ તો જણાશે કે આપણા દેશની ધરતીમાંથી કેળવણીનું ઝાડ ઉત્પન્ન થવું જોઈએ. હિંદીઓનાં જીવનમાંથી એનો ઉગમ જોઈએ. ગ્રામીણોના જીવન સાથે એનો મેળ બેસવો જોઈએ; બહારથી લાદેલી વિચારસરણીથી મળેલી નહિ પણ આપણા જીવનમાંથી ઉદ્ભવેલી એવી વસ્તુ જોઈએ. જે લોકો વર્ધા યોજનાના અખતરાઓની સફળતા નિષ્ફળતા વિષે ચૂંથણાં કરે છે તેઓ એ યોજના સમજતા નથી. ગામડાંના જીવનમાંથી શરીરશ્રમને આપણે ઇચ્છીએ તોપણ બાદ કરી શકવાના નથી. મહાત્માજીએ આવતી કાલના સમાજની જે કલ્પના કરી છે તેમાં શરીરશ્રમને જીવન માટે આવશ્યક અને ઉદાત્ત વસ્તુ માની છે. પરસેવો ઉતાર્યા વિના રોટલો મેળવવા ઇચ્છનારને આવતી કાલના સમાજમાં જીવવાનો ઓછો જ અધિકાર રહેશે. આ વાત જો બરાબર સમજાય તો વર્ધા યોજના અંગે જે આંટીઘૂંટી જણાય છે, કેળવણીનું વાહન-ઉદ્યોગ કે શરીરશ્રમ કેમ એવી જે શંકાઓ થાય છે, એ બધાનો ઉકેલ થઈ જાય. બુદ્ધિપૂર્વકના શરીરશ્રમનું કેળવણીમાં અનિવાર્ય સ્થાન હોવું જોઈએ.

× × ×

આંબલામાં એક કુંભાર છે. આંબલાના નાના છોકરાઓને ચાકડાની કળા શીખવવા મેં તેને કહ્યું. તેણે કહ્યું કે એ કળા તમને કે છોકરાઓને હું નહિ શીખવું કારણકે મારા મોટા છોકરાને એ કળા આવડતી નથી. મેં નહિ આવડવાનું કારણ પૂછતાં તેણે કહ્યું કે તમારા જેવાની વાત માનીને મેં એને ભણવા મૂક્યો; પહેલી ને બીજી ભણ્યો. ઘડીકે ચાકડો ચલાવ ને એકાદ હાંડલું ઉતાર એમ કહું તો મને કહે કે મારે બહુ લેસન કરવાનું છે. એમ છતાં મેં એને પાંચ ચોપડી ભણાવ્યો. તે પછી મને લાગ્યું કે મારી ઉંમર થવા આવી માટે એને હવે ધંધે નાખવો જોઈએ. એટલે મેં તેને ચાકડે બેસવા કહ્યું. એ વાતને આજે સાત વર્ષ થયાં છે તો પણ ચાકડો ને એનો જીવ એક થતાં નથી. અમે માટી ખૂંદીએ ત્યારે માટી એકજીવ થાય તો તે ચાકડા પર કામ આવે, નહિ તો માટી જોઈએ એવા બરની ન થાય. આ પરથી દાખલો લઈ મેં નાના છોકરાને ભણાવ્યો નહિ ને નાનપણથી જ તેની પાસે માટી ચૂંથાવી. મોટા છોકરાને માટીની કંઈ ખબર ન પડે, જ્યારે નાનો છોકરો હાથ અડાડે ને પરખ કરે. મોટો ભણેલો તે ગધેડાં ખદેડી માટી લઈ આવે છે ને નાનો અભણ ચાકડે બેસી મજાનાં હાંડલાં ઉતારે છે.

× × ×

આમ નાની અવસ્થામાં હાથની કેળવણીની જરૂર છે. ખેડૂતો પોતાનાં છોકરાં ભણાવવા રાજી નથી હોતા, તેનું કારણ સમજાતું ન હતું તે મને આમ આંબલામાં સમજાયું. ભણે તો દેવાળું કાઢે; ખેતીના કામનો ન રહે ને ખળાંટાણે ચોપડી વાંચવા બેસે એમ ખેડૂતો માને છે. હું ખેતી આજે શીખું છું પણ કોસ ચલાવતાં, બેલ હાંકતાં કે ગોડતાં મને બેસતું નથી; મહેનત કરું છું પણ છોકરાં ને ખેડૂતો જેવું કામ થતું નથી. બહુ જ નાની ઉંમરથી જીવનમાં જે સ્વાભાવિક તેની ટેવ નહિ ને આબોહવામાં સંસ્કાર નહિ તો મોટી ઉંમરે હથરોટી બેસતી નથી. એટલે વર્ધા યોજનાનો વિચાર કરનાર શિક્ષકે પહેલી વાત એ યાદ રાખવાની જરૂર છે કે શરીરશ્રમ જીવન માટે આવશ્યક છે. એના વિના જીવન લૂખું ને ફિક્કું છે.

× × ×

વર્ધા યોજનાનું હાર્દ જ એ છે કે બુદ્ધિપૂર્વકના શરીરશ્રમને જીવનમાં સ્થાન આપવું. એમ થશે તો જ વર્ધા યોજનાનું ગાડું ચાલશે. એમાં 'ઑફિશિયલ' વૃત્તિ હશે તો જાણવું કે એવી વૃત્તિ

ધરાવનારા એ યોજનાનું હાર્દ સમજ્યા જ નથી. પરિશ્રમ કરીને જીવવું, બુદ્ધિપૂર્વકનો શ્રમ કરવો એમાં રહેલી મજા તો એનો અનુભવ કરનાર જ જાણે. એમ તો આગલા જમાનામાં ઘણી ડોસીઓ કાંતતી ને ઘણા પીંજારાઓ પીંજતા, પણ તેમની ને આજે ગાંધીજીએ એ ક્રિયા પાછળની જે વિચારસરણી રજૂ કરી છે તેમાં મહત્ત્વનો ફેર છે. એ વિચારસરણી લઈ જઈને બુદ્ધિપૂર્વક તમે શ્રમકાર્યમાં ઓતપ્રોત થઈ જાઓ તો જ ગામડાંમાં તમારું કામ ચાલવાનું છે. તમે આ વસ્તુ વેડછીની તાલીમમાંથી પકડી જ લીધી હશે એ વિષે મને શંકા નથી. શિક્ષણ માટે લાંબાં પહોળાં મકાનો ને એવી બીજી નજીવી વાતોમાં નવી કેળવણીનું હાર્દ પડ્યું નથી. માત્ર કંતાવી કાઢો એ આ યોજનાનો હેતુ નથી. આ યોજનાનો મૂળભૂત ભાવ [Spirit] તો એ છે કે જીવનના એક આવશ્યક અંગ તરીકે શ્રમને સ્થાન આપવું. તમારા સૌના જીવનમાં એને સ્થાન મળશે તો આ નવો પ્રયોગ સફળ થવાનો છે.

× × ×

કાંતવાની પણ ફિલસૂફી છે; એ પણ એક કલા છે. બાળકોને સૂતરનો તાર નીકળે તે જોઈને ભારે લહેજત પડે છે. જે લોકો 'આર્ટીસ્ટિક ક્રીએશન' કલાપૂર્ણ સર્જનને પિછાને છે, તેઓ બાળકોને આવા સર્જનથી થતો આનંદ સમજી શકે છે. આવી ક્રિયામાં બાળકોને અસાધારણ રસ પડે છે. આપણે મોટી ઉમરના માણસો રીઢા થઈ ગયા હોઈએ તેથી પાકે ઘડે કાંઠા ન ચઢે તેમ આપણને એ સર્જનનો આનંદ અનુભવવાનો મળતો નથી.

નાના બાળકને તકલી ને તેમાંથી નીકળતા તારની મનથી કિંમત છે ને એ સર્જનમાં તે મોજ માણે છે. હૈયાના ઉમળકાથી જ આવું સર્જન થઈ શકે. શિક્ષકો બાળકોને મારી ટપારીને રજીસ્ટરમાં આંકડા ભરવાને બાતર બાળકો પાસે કંતાવે એમાં કેળવણી નથી, એમાં સર્જન નથી. ગાંધીજીએ આવી કેળવણી વર્ધા યોજનામાં કલ્પી નથી.

વર્ધા યોજના વિષે ઘણા એવા આક્ષેપો કરે છે કે ગાંધીજીએ એવા સિદ્ધાંતો મૂક્યા છે કે જેથી જીવનની કેળવણીના આદર્શોનો ભંગ થાય છે ને બાળકો પાસે વેઠ કરાવવા જેવી કાંતવાની વાત છે. પણ ગાંધીજી એમ કરવા નથી માગતા એ વાત તો મોટા મોટા કેળવણીકારોએ પણ સ્વીકારી છે. કોઈ પ્રકારની હિંસા ન કરે એવા મહાત્માજી બાળકની હિંસા કરે, બાળકો પર અત્યાચાર કરે, એમ મનાય જ કેમ? મહાત્માજીએ કેળવણીના તમામ સિદ્ધાંતોને વફાદાર રહીને આ નૂતન કેળવણીનું સર્જન કર્યું છે.

કોઈ પણ માણસે જે માર્ગનો નિર્દેષ નથી કર્યો એવા સુંદર માર્ગનું ગાંધીજીએ દર્શન કરાવ્યું છે, અને કેળવણીની તમામ પદ્ધતિઓના સાર રૂપ આ યોજના છે. બધી પદ્ધતિઓનાં જરૂરી તત્ત્વોના મિશ્રણથી આ યોજનાનું કલેવર ઘડાયું છે. જેનાથી કંઈ શુકવાર નહિ વળે એવી ક્રિકેટની રમત, ડમ્બેલ્સની કસરત ને ટેનિસ પાછળ આપણા જુવાનો પડ્યા છે. માબાપો પેટે પાટા બાંધીને ભણાવતાં હોય ત્યાં દીકરા માસિક પોણોસો ખર્ચી મોજ ઉડાવે છે. હું પણ પ્રિન્સિપલ મેકમીલનના હાથ નીચે ભણતો ત્યારે એવો ધૂમ ખર્ચ કરતો હતો. પણ એવા ખર્ચા ઘરનું નખ્ખોદ વાળે છે તેનું શું? ઉત્પાદક શ્રમને ભોગે રમતો ને પ્રોજેક્ટ મેંથડો ન જોઈએ. જેમની પાસે વધારે પૈસા હોય તેમને એ મોજશોખો પોસાય; પણ મોટા ભાગને માટે તો જે કંઈક પેદા કરે ને જેથી તેના પેટમાં કટકો રોટલો પડે એવી જ યોજના હોવી જોઈએ.

વર્ધા યોજના વિષે તર્કવિતર્કો છોડી તમે ગામડાંમાં જઈને બેસી જાઓ ને શરીરશ્રમને તમારા જીવનમાં ગૌરવનું સ્થાન આપો તો તમને એ યોજનાનો મર્મ સમજાશે. એ યોજનામાં ગડ ઘણી છે તેથી જાતે પ્રયોગ કરી અનુભવ મેળવનારા શિક્ષકો એની ખૂબીઓ સમજવાને શક્તિમાન થશે. વેડછીમાં તમે જે જોયું તેવું તમે જે ગામમાં વસો ત્યાં થોડું જોશો ને તેના જેવું જીવન જીવશો તો રસ્તો તો તમને આપમેળે સૂઝશે.

× × ×

તમે આવતી કાલના છો. ભાવિ ગૂજરાતના તમે વિધાયકો છો. વર્ધા યોજનાના ઘડનારાએ ગૂજરાત કે હિંદ નહિ પણ માનવજાતની આવતી કાલ સુધારવાનાં ભવ્ય સ્વપ્નાં સેવીને આ વર્ધા યોજના ઘડી છે. એ યોજનાને મૂર્તિમંત કરવામાં તમે બધા જેટલો સક્રિય ફાળો આપશો તેટલે અંશે જગતનું કલ્યાણ થવાનું એવી મારી શ્રદ્ધા છે.

નાનાભાઈ.

---

* સૂરત જિલ્લામાં વેડછી તાલીમકેન્દ્રના વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવાના સમારંભ વખતે આપેલ વ્યાખ્યાનમાંથી.—'નૂતનશિક્ષણ' ના સૌજન્યથી.

ગામડાની બાલવાડી

ગામડામાં ખેતીવાડી હોય, શાક પાંદડાની વાડી હોય, તેમ બાલવાડી પણ હોય તો સરસ શોભે.

જે લોકો પ્રત્યક્ષ ગામડામાં વસતા હોય તેમની આગળ તો અનેક મુશ્કેલીઓ ઊભી હોય. તેમની આગળ તો કદાચ પ્રશ્ન હશે કે વેલાને ફળ વળગ્યું હોય તેમ માને કેડે ચોંટેલ બાળકને માથી છૂટું પાડીને બાલવાડીમાં કેમ લઈ અવાય? લઈ આવીએ તોપણ તેને કોણ સાચવે, કઈ રીતે સાચવે, વગેરે વ્યાવહારિક મુશ્કેલીઓ તેમની આગળ ખડી હશે. પણ દૂર રહેનાર માણસ કલ્પનામાં આ બધી મુશ્કેલીઓને તરત ઓળંગી કલ્પનાના ઘોડા દોડાવી શકે. ગામડામાં વસતાં ભાઈબેનો જુએ કે તેમાં પોતાને ત્યાં બની શકે તેવું કેટલું છે અને કલ્પનાવિહાર તરીકે છોડી દેવા જેટલું કેટલું છે.

ગામડાની બાલવાડીનો વિચાર કરીએ કે પહેલવહેલો દેખાય છે શિક્ષક. બરાબરનો શિક્ષક હોય તો બધું થાય એમ લાગે છે.

પણ ધારો કે બાલપ્રેમી—એટલે બાળકોની સાથે કાલાં કાઢે તેવો નહિ પણ બાળકોની સાથે કામ કેમ પડાય, તેમની સાથે વાતો કેમ કરાય, એવું બધું જેને કુદરતી રીતે હૈયાઉકલતથી જ સૂઝે છે એવો બાલપ્રેમી શિક્ષક મળી રહે.

અને ધારો કે તેણે બાળકોની વચ્ચે કામ કરવાની તાલીમ પણ લીધેલી હોય. એટલે કામની વ્યાવહારિક બાજુ અને શિક્ષણના મૂળભૂત સિદ્ધાંતો જાણી લીધેલા હોય. તો?

તો મને લાગે છે કે બસ છે. આવો એક શિક્ષક મળી રહે તો બસ છે. હાલ તુરત ગામડાની બાલવાડીને માટે એક યોગ્ય શિક્ષકની જ માત્ર જરૂર છે.

ઘણાં વર્ષો પહેલાં ભાવનગરમાં કૉલેજના વિદ્યાર્થીઓએ "કાકાની શશિ" નાટક ભજવ્યું હતું. તેમાં કોઈ એક પાત્ર "હું, તું અને ચાંદની, અને વધારામાં સાગરનાં ઊછળતાં નીર" એવું કાંઈક બોલતું હતું. અમને તો બધાને તે વખતે ખૂબ હસવું આવેલું. ને તે પછી અમારામાં એ એક હસામણું બની ગયું છે. આજે એ જ વાક્ય મને સાંભરે છે ને થોડો ફેરફાર કરી બોલવાનું

મન થાય છે. ગ્રામશિક્ષક આ વૃત્તિ લઈને ગામડામાં જાય તો ? "હું, તું અને કુદરત અને વધારામાં નદીનાં ઊછળનાં નીર". એટલે શિક્ષક, બાળક અને કુદરત. એટલા ત્રણથી જ ગ્રામ બાલવાડીનું કામ સરસ થાય.

સાધનો? સાધનો નહિ જોઈએ? ઉત્તમ સાધનો એ તો શિક્ષણનો પ્રાણ છે.

હશે. પણ આપણી ગામડાની બાલવાડી શહેરમાં તયાર થયેલાં, તૈયાર સાધનોથી નહિ ખીલે. શિક્ષકના મગજમાંથી અનેક સાધનો નીકળશે. જેમ જેમ જરૂર દેખાતી જાય તેમ તેમ તે સાધનો વસાવે અથવા યોજે તે વધારે સારું છે. કુદરત તેને અનેક સાધનો આપશે. બાળકો તેને અનેક સાધનો બતાવશે. અને આ રીતે ત્યાં જ ઊગેલાં સાધનો વધુ કિંમતી, વધુ સાચાં, ને વધુ કામનાં છે એમ દેખાઈ આવશે. તેમાં, મૌલિકતા હશે. તેમાં ગામડામાં બંધ બેસતાપણું હશે. તેમાં ગામડાના જીવનમાંથી ઉત્પન્ન થવાપણું હશે. તેથી શહેરનાં તૈયાર સાધનો ગામડામાં લઈ જવાનો મોહ આપણે આ ઘડીએ છોડી દઈએ તો આગળ જતાં ગામડું ઊલટું શહેરનાં બાલમંદિરો માટે સુંદર સુંદર સાધનો તૈયાર કરીને મોકલશે અને બજારમાં જઈ તૈયાર બાદી ખરીદનારાંની જેમ, શહેરી શિક્ષકો આ તૈયાર સાધનો ખરીદી લેશે એવું ભવિષ્ય મને તો આજે જ દેખાય છે.

એક શિક્ષક હોય એટલે તે ત્યાં જઈને શું કરશે ?

પહેલવહેલાં તો છોકરાં ભેગાં કરશે. એ પણ કાંઈ નાનુંસૂનું કામ નથી. જેને જે રીતે સૂઝે તે રીતે પહેલાં છોકરાં ભેગાં કરવાં પડશે. 'છોકરાંઓ રે, હોરે,' એ રીતે કરે અથવા બીજી જે સારી રીત તેને સૂઝે તે રીતે કરે. પણ છોકરાંને તેડી લાવનાર તેડાંગર તો તે જ થશે એ વાત નક્કી. આગળ ઉપર તેને બાલવાડીમાં આવતાં બાળકો પણ એ કામમાં ખૂબ મદદ કરનારાં થઈ પડશે.

નવા ગામડામાં જઈને શિક્ષક કામ શરૂ કરે તે પહેલાં ગામલોકોની સાથે મન મળતું થઈ જવા વગેરે માટે તો વખત જોય જ. પણ હાલમાં એ વાત બાજુ છોડી દઈએ તોપણ બાળકોનું મન હળતું થઈ જાય, શિક્ષક ને બાળકો એકબીજાંના દોસ્તો બની જાય, તેમ થતાં જ સહેજે એકાદ માસ નીકળી જાય એમ મને લાગે છે. બાળકોનું નિખાલસ દિલ પણ નવા માણસ સાથે એકાએક ખૂલી જતું નથી. ભલે તેઓ મીઠીમીઠી વાતો કરે, રમવા આવે, આપણે કાંઈક બોલીએ તો હસી પડે, આપણને "વાર્તા કહો, વાર્તા કહો" કરીને આપણી પાસેથી વાર્તા સાંભળે, તોપણ છોકરાં ને શિક્ષક વચ્ચેનો અંતરનો તાર બંધાતાં થોડી વાર લાગે છે. અને શિક્ષકને હૃદયની ભાષા આવડતી ન હોય તો વરસો વીતી જાય તોપણ બાળકનું અંતર છૂટું જ રહી જાય છે. માત્ર ઉપલકિયો સંબંધ બંધાય છે. સારાંશ પહેલે દિવસથી બાળકો તેની પાસે ન જાય એમ નથી. શિક્ષકમાં બાળક માટે પ્રેમ હોય તો તેની આંખમાં, તેના અવાજમાં, તેની હીલચાલમાં બાળકો તરત પકડી શકે છે. તેટલા પ્રમાણમાં પહેલે દિવસથી તેઓ શિક્ષકની પાસે જશે, વાતો કરશે, હસશે, રમશે બધું કરશે. પણ શિક્ષક અને બાળકો વચ્ચે અંદરનો નાતો ઊભો થતાં થોડી વાર લાગશે.

આ અંદરનો સંબંધ બંધાવા માટે શિક્ષકે શું કરવું જોઈએ એવો કોઈ સવાલ કરે.

તે માટે નક્કી યોજના કહી ન શકાય. પણ એવી ઘણી વાતો છે કે જે મોટાંઓને બાળકો પાસે તરત લઈ જઈ શકે. મોટાંઓ પોતાનું મોટાપણું મૂકીને બાળક સાથે બાળક જેવું-એટલે બાલિશ નહિ

પણ બાળક સાથે સરખી કક્ષા ઉપર ઊભા રહીને વાતચીત, રમતગમત વગેરે કરવા તૈયાર થાય ત્યારે બાળકો તેની પાસે આવવા તૈયાર થાય છે. રમત, વાર્તા, વાતો, ગીતો, ફરવું વગેરે વાતો એવી છે કે તે મારફત શિક્ષક તરત બાળકની નજીક જઈ શકે છે, બાળકમાં પોતા પ્રત્યે રસ ઉત્પન્ન કરી શકે છે. સામાન્યતઃ ગરીબોને શ્રીમંતો પ્રત્યે અથવા દબાયેલાંને સત્તાધારીઓ પ્રત્યે જે જાતની બીક અને ખુલ્લાં થવાની અનિચ્છા હોય છે તે જ પ્રકારનું અંતર બાળકો ને મોટાંઓ એટલે પ્રૌઢ (adults) માણસો વચ્ચે હોય છે. આપણું કદ, આપણો મોટો અવાજ, આપણી ચાલવા કરવાની આવડત બધું તેને ન ગમતું હોય છે. કારણ તે બધામાં તેનું નાનપણ તેને દેખાય છે. એટલે આપણે આપણી મોટાઈનું ભાન તેને ઓછામાં ઓછું થાય એ રીતે વર્તીએ ત્યારે તે આપણી પાસે આવવા તૈયાર થાય છે. આપણા તરફથી તેના પર કોઈ જાતનો અત્યાચાર નહિ થાય એની પણ તે ખાત્રી માગે છે. માટે આપણે તેને કંઈક શિખવવાનો ડોળ કરીએ છીએ ત્યારે તે આપણાથી દૂર ભાગે છે. જ્યારે તમે જાણી ગયાં કે તેને હાથ ધોતાં પણ નથી આવડતું, તેને સરખું ચાલતાં પણ નથી આવડતું તો તે તેના સ્વયંને ધક્કો આપનાર હોય છે. પણ જે શિક્ષક સમોવડિયો થઈને રમે, કે ચાલો ફરવા જઈશું કહીને રોજ ફરવા નીકળે ને તેમની જેમ જ નાચતો કૂદતો થઈ આવે ને પોતાના ડહાપણનો પ્રભાવ પાડવાનો, જ્ઞાન આપવાનો કે એવો કાંઈ પ્રયત્ન ન કરે, તો છોકરાંઓને તે ભાઈબંધ તરીકે ગમે.

એટલે પહેલે દિવસે શિક્ષક ભણ્યો હોય તે બધાં કામો શરૂ કરવા જાય તો નહિ ફાવે. પણ અમુક દિવસ પછી તે પોતે શું શું ભણ્યો હતો તે સંભારી ને પહેલા કામથી શરૂઆત કરી શકશે.

મારા ધારવા પ્રમાણે ગ્રામ બાલવાડી માટે નીચેના બાર વિષયો શરૂઆત માટે બસ છે. પછી આગળ જતાં કંઈ ઉમેરવાની જરૂર લાગે તો ઉમેરી શકાશે.

૧. સ્વચ્છતા–અંગસ્વચ્છતા અને આસપાસની સ્વચ્છતા.
૨. વ્યવસ્થા–પોતાના સામાનની અને આસપાસની.
૩. હીલચાલનું શિક્ષણ.
૪. વાતચીત.
૫. વાર્તાઓ.
૬. બાળનાટકો.
૭. ગીતો અને જોડકણાં.
૮. બાળરમતો–બેઠી અને બહારની–
સ્વયંપ્રેરિત અને પરપ્રેરિત.
૯. બાલપ્રવાસો–નજીકના ને દૂરના.
૧૦. નાસ્તાપાણી.
૧૧. હસ્તવ્યવસાય.
૧૨. આજુબાજુની વસ્તુઓનો પરિચય–ગુણધર્મ જાણવાં વગેરે.

અહીં ક્રમ આપ્યો છે તે જ ક્રમમાં બધું લેવું જોઈએ એમ નથી. જેમ કે પહેલવહેલી શરૂઆત સ્વચ્છતાથી અને સ્વચ્છતાના શિક્ષણથી જોઈએ એ ખરું; પણ હમેશ ત્યાંથી જ થઈ શકશે એમ નથી. કદાચ કોઈ જગ્યાએ વાર્તાથી થાય તો કોઈ જગ્યાએ રમતોથી થાય; કોઈ જગ્યાએ પ્રવાસોથી થાય, ગીતોથી થાય. બાળકોનો પ્રેમ ને વિશ્વાસ મેળવી લેવા શિક્ષકને જે વધારે આવડતું હોય અથવા ફાવતું હોય ત્યાંથી શરૂઆત કરી શકશે. પણ એ પ્રવૃત્તિ માત્ર પ્રાથમિક–પ્રસ્તાવના છે એમ તેણે મનમાં સમજી લેવું જોઈએ.

એક વાર મંડળી (Group) તૈયાર થઈ જાય, રોજેરોજ શિક્ષક પાસે બાળકો આવતાં થઈ જાય તો પ્રથમથી એટલે સ્વચ્છતાથી કામ શરૂ કરે તે જ યોગ્ય અને જરૂરનું પણ છે. [ચાલુ] તા.

પૂર્વતૈયારી

[અનુસંધાન ગતાંક પાને ૧૫૮ થી]

નાસ્તાની પૂર્વતૈયારી

૧ નાસ્તો શો આવ્યો છે તે પૂછીને તેને તૈયાર કરવાનો હોય તો તે પ્રમાણે યથા સમયે તૈયારી કરવી.

૨ નાસ્તો વખતસર સાફસૂફ ને તૈયાર રાખવો.

૩ નાસ્તાનો વખત થાય એટલે નાસ્તાના સ્થળે નાસ્તો લાવી મૂકવો.

૪ વાટકા, રકાબી, ચમચા વગેરે લૂછવાં.

૫ વાટકામાં નાસ્તો એક સરખો પ્રમાણસર પીરસી રકાબીઓથી ઢાંકવો.

૬ બેસવાની જગ્યા, વાટકા મૂકવાની જગ્યા ચોખ્ખી કરવાની હોય તો કરવી. તેમ જ વાટકા મૂકવાની જગ્યા પણ અગાઉથી જાહેર કરાવી બાળકો માટે નિશાનિ કરવી.

૭ સૂપડી, સાવરણી, કચરાનું ડબલું કે જરૂર પ્રમાણે પાણીની ડોલ ને કપડાનાં કટકા મૂકવા.

૮ ફૂલદાનીઓ, ધૂપદાનીઓ વગેરેથી સુંદર એવો શણગાર કરવો.

૯ વાટકા-રકાબી બાળકોએ ઊટકવાનાં હોય તો પાણીની ડોલો તથા માટી મૂકવી કે મુકાવવી.

૧૦ નાસ્તાના સંચાલક માટે આસન પાથરવું; કાંઈ બતાવવાનું, જાહેર કરવાનું કે આપવાનું હોય તો તે નાસ્તાસંચાલકના આસન પાસે મૂકવું.

૧૧ મહેમાનો હોય તો તેમને માટે જુદી જગ્યા નક્કી કરી નિશાનિ કરવી કે પાથરણું પાથરવું.

૧૨ બાળકો માટે પાથરણાં પાથરવાં.

૧૩ બધી તૈયારી થાય એટલે નાસ્તાસંચાલકને જાહેર કરવું.

૧૪ શણગાર, સંગીત, નૃત્ય, આદર્શ વાચન કે ઇતર રમતો યા સામાજિક પાઠનો કાર્યક્રમ હોય તો તે માટેની તૈયારી કરી સાધનો મૂકવાં. તે માટે નાસ્તાસંચાલકને અગાઉથી પૂછી નક્કી કરી રાખવું.

૧૫ શિક્ષકો, ઓફિસ સ્ટાફ વગેરેને માટે નાસ્તાના વાટકા કરવા.

સંગીતની પૂર્વતૈયારી

૧ સંગીતનો ઓરડો તથા રંગભૂમિ–સ્ટેજ બરાબર વળાયેલાં છે કે નહિ તે જોવું.

૨ બાવાં જાળાં ઝાપટી નાખવાં.

૩ સ્ટેજ હમેશાં ભીના પોતાથી ઘસીને લૂછવું.

૪ બારીબારણાંના કાચ તેમ જ ફોટાઓ લૂછવા.

૫ પગલૂછણાં ઓટલા નીચે બંધેરવાં.

૬ સંગીતનો બેસવાનો પટ્ટો અઠવાડિયે બંધેરવો; સ્ટેજ લૂછ્યા પછીથી હમેશાં પાથરવો.

૭ દિલરૂબા, ગ્રામોફોન, ઢોલ, મંજીરાં, બંજરી વગેરે કાર્યક્રમ પ્રમાણે બહાર કાઢી, લૂછીને યથાસ્થાને ગોઠવવાં.

૮ સંગીતની નોટો, ગીતોની ચોપડીઓ વગેરે પટ્ટા પર ગોઠવી મૂકવું.

૯ ફૂલદાનીનાં ટેબલ, તારીખનું પાટિયું, વધારાનાં વાદ્યિત્રો–સતાર, તંબુર, ફિડલ–લૂછવાં.

૧૦ તારીખ, વાર, સુંદર અક્ષરે લખવાં.

૧૧ બીજા પાટિયા પર તે દિવસનો સંગીતનો કાર્યક્રમ લખવો.

૧૨ ફૂલદાની ભરવી, શણગાર કરવો તેમ જ ધૂપ સળગાવવો. (સંગીત શરૂ થયા પહેલાં બે મિનિટે).

ઈતર પૂર્વતૈયારી

૧ પાયખાનાં સાફ છે કે નહિ તે તપાસવું.

૨ પીપમાં પાણી ભરાયેલું તેમ જ ડબલાં તેના સ્થાને છે કે નહિ તે જોવું.

૩ પેશાબ માટે ઈંટો ગોઠવાયેલી તથા ત્યાંની જગ્યા બધેથી સાફ વળાયેલી હોવી જોઈએ.

૪ બાગકામનાં બધાં સાધનો તેની જગ્યાએ હોવાં જોઈએ.

૫ બધેથી કૉમ્પાઉન્ડ, ચૉક વગેરે વળાયેલા રખાવવા.

૬ પાણીના નળ ચાલુ સ્થિતિમાં છે કે નહિ તે તપાસી લેવું.

૭ કચરાનું પીપ ભરાઇ ગયેલું કે કચરો વેરાયેલો હોય તો તે બધું બરાબર કરાવવું.

૮ કયાંય ચરક કે ડાઘ હોય તો સાફ કરાવવું.

૯ હાથ મોં ધોવાના સમયે ટુવાલ ધોવાયેલા મૂકવા; સ્વચ્છ કાચ ને દાંતિયા ગોઠવવા.

સ્વ. ગિજુભાઈ.

બાળકોના કામનું પ્રદર્શન

* સ્વ. વિઠ્ઠલભાઈ ઝવેરભાઈ બાલમંદિર, ભાદરણના બીજા વાર્ષિક ઉત્સવ પ્રસંગે તા. ૧૩–૧૨–૪૦ ના રોજ પ્રદર્શન ખુલ્લું મૂકતી વખતે આપેલું વ્યાખ્યાન.

ઘણા વખતથી મારે માથે ભાદરણ આપવાનું ઋણ હતું. તે ઋણ આજે પૂરું થાય છે. તમો બધાં અહીં બાળકોનાં સર્જનનું પ્રદર્શન જોવા માટે એકઠાં થયાં છો. જેમનાં બાળકો અહીં આવે છે તેમને પોતાના બાળકનું કામ જોઈને જરૂર આનંદ થશે. તેમના મનમાં થશે કે આપણા બાળકે કેટલું સરસ કામ કર્યું છે! અહીં કોઈ પણ જાતનો અભ્યાસક્રમ રાખવામાં આવતો નથી, અહીં તેમને ફરજ પાડવામાં આવતી નથી, અહીં પરિણામની આશા રાખવામાં આવતી નથી છતાં બાળકોને જ્યારે અવકાશ મળે છે ત્યારે તે કેટલું કામ કરી શકે છે તે આપણે આ પ્રદર્શનમાં જોઈ શકીએ છીએ. જૂની ઘરેડના શિક્ષકોને એવો ખ્યાલ હોય છે કે જ્યારે ફરજ પાડવામાં આવે છે ત્યારે જ બાળક કામ કરે છે; પરીક્ષા લેવામાં આવતી હોય, કંઈક નિશ્ચિત અભ્યાસક્રમ હોય ત્યારે જ બાળક ભણે છે; તેને શિક્ષા કરવામાં આવતી હોય ત્યારે જ બાળક સીધું ચાલે છે; તેને ઈનામની લાલચ હોય ત્યારે જ તે કંઇક શીખે છે.

આવી માન્યતા એકલા શિક્ષકોમાં હોય છે એમ નહિ, પણ જગતમાં બધે જ એ માન્યતા રાખવામાં આવે છે. એમ માનવામાં આવે છે કે બાળકને શીખવાનું ગમતું જ નથી, તેને તો પરાણે શીખવવું પડે છે. આવી માન્યતા બધે ઠેકાણે છે. તે તોડવા માટે આવાં બાલમંદિરોનું અસ્તિત્વ છે. તમે જો બાલમંદિરનું ચાલતું કામ જોયું હશે તો તમને ખબર પડી હશે કે અહીં કોઈ પણ જાતની ફરજ પાડવામાં આવતી નથી; અહીં બાળકો પોતાના ઉત્સાહથી અને આનંદથી કામ કરે છે.

આપણે પરિણામ તો દરેક જણનું માગવું જ જોઈએ. અને તે પ્રમાણે શાળાએ એક વરસમાં કેટલી પ્રગતિ કરી તે આપણે પરિણામ ઉપરથી જ જાણી શકીએ. તે જોવા માટે અહીંનું કાતરકામ અને ચિત્રકામ જુઓ. પ્રાથમિક શાળાઓની ચિત્રપોથી જોશો તો ત્યાંનાં બાળકોએ માંડ આખા વરસમાં એક ચિત્રપોથી પૂરી કરી હશે. હું ભણતી હતી ત્યારે પરાણે ચાર પાંચ ચિત્રો દોરતી હતી. અહીં તો કેટલાંક બાળકો દિવસમાં વીસથી

પચીશ સુધી ચિત્રો દોરે છે. પહેલાં કિન્ડર-ગાર્ટનમાં કાગળ કાપવાનું કામ હતું પણ તે વખતે બહુ થોડું કામ થતું કારણકે તે ફરજિયાત હતું. તેઓને તે ગમતું ન હતું. જ્યારે અહીં તેવું જ કામ થાય છે, પણ ઘણું કામ થાય છે. આમ બાળકો પોતાના ઉમંગથી કામ કરે અને પરાણે કરાવીએ તેમાં બહુ જ ફેર છે.

અહીં આ પ્રદર્શનમાં જોવાનું અને સમજવાનું ઘણું છે. અહીંના ચિત્રકામના, કાતરકામના, ભરતકામના નમૂના એ બધું બાળકનું ભણતર છે. એકડો કે બગડો શીખ્યો એમાં ભણવાનું શું છે? કાતરકામમાંથી એ ધંધો શીખશે. એક દિવસ પતંગ બનાવવામાં ગાળશે, પછી હોડીઓ બનાવવામાં ગાળશે એવી આ શાળા છે. આજે જે શિક્ષણની દૃષ્ટિ છે તે દૃષ્ટિએ કોઈ જુએ તો આવી શાળાઓનું ખૂબ મહત્ત્વ છે.

અત્યારે શિક્ષણના નવા વિચારો ફેલાય છે. તેમાંનો મુખ્ય વિચાર Learning through doing– ક્રિયાત્મક શિક્ષણ છે. ક્રિયાઓ કરતાં કરતાં શિક્ષણ મેળવવું એ માત્ર ફેશન છે એમ નથી; આ વિચાર વિચારજ્ઞને જડેલો છે. અત્યારે આપણે વર્ધા શિક્ષણ પદ્ધતિને તપાસીએ. છેક ઉપર ઉપરથી જોઈશું તો તેમાં ઉદ્યોગ મુખ્ય છે. આપણે તો એમ માનીએ છીએ કે ગમે તે હો પણ તેમાંથી નીકળ્યા પછી બાળકને એકાદ ઉદ્યોગ તો આવડતો હશે. તેને ગમે ત્યાં ધંધો રોજગાર મળશે. તે નાલાયક નહિ રહે. બીજી શિક્ષણપદ્ધતિમાંથી વિદ્યાર્થી ભણ્યા પછી બેકાર બને છે, જ્યારે આ પદ્ધતિમાં તે ગમે ત્યાં ઠેકાણે પડી જશે. આ રીતે આ પદ્ધતિ વખાણવા લાયક છે.

હવે આ પદ્ધતિને શિક્ષણશાસ્ત્રની દૃષ્ટિએ તપાસીએ. આપણે આપણા વિચારો ભાષા દ્વારા પ્રગટ કરીએ છીએ, તો આપણા વિચારો પ્રગટ કરવાનું માધ્યમ ભાષા છે. તેમ અત્યારે આ પદ્ધતિમાં શિક્ષણ મેળવવાનું માધ્યમ ઉદ્યોગ છે, અને ક્રિયાઓ કરતાં જે શીખીએ છીએ તે અનુભવનું શીખેલું હોય છે એટલે સહેજે મગજમાં ઊતરી જાય છે. જેમ આપણા વિચારો ભાષા દ્વારા પ્રગટ કરીએ છીએ. તેમ આ બાળકો પોતાના મોર, પોપટ, ઝાડ, ફૂલ વગેરેની તેમની કલ્પનાઓ આવાં ચિત્રો દ્વારા પ્રગટ કરે છે. રમકડાં બનાવવામાં અગર ચિત્રો દોરવામાં તેઓ તેમનું જ્ઞાન પ્રગટ કરે છે; તેમના કામમાં મૌલિકતા હોય છે. તેથી જ તેમની કિંમત વધારે છે. આ વાત ઘણી વાર ધ્યાન બહાર જાય છે, તેથી તે સહુનું હું ધ્યાન ખેંચું છું. બાળકો કામ કરે છે, અને કામ કર્યા પછી તેનો આનંદ ભોગવે છે. તેમનામાં પોતાની જાતે સર્જન કરવાની શક્તિ હોય છે અને નવું સર્જન કરી જાણે છે. હાલની ચાલુ શિક્ષણપદ્ધતિમાં તે કચરાઈ જાય છે. શિક્ષક કહે તેમ જ બાળકને કરવાનું હોય છે એટલે તેને પોતાનું મગજ ચલાવવાનું હોતું નથી.

ઝાડને શરૂઆતમાં પાણી અને ખાતર નાખીએ છીએ, અને મોટું થયા પછી પાન અને ફળફૂલ જોઈએ છીએ. તેમ અત્યારે આ બાલમંદિર એ શરૂઆત છે. બાળકો મોટાં થાય ત્યારે ખરાં-ફૂલો આપણે જોઈ શકીએ છીએ. બાલમંદિરના બાળકની જે પ્રગતિ છે, જે બૌદ્ધિક પ્રગતિ છે તે પરાણે આણેલી નથી. તે તેમની અંતઃસ્ફુરણાથી આવેલી છે તેથી જ આપણને તેમાંથી ઘણું જોવાનું ગમે છે. આપણે જો આ ઉંમરે આવું કામ લઈએ તો તેના જેટલું સર્જન કરી શકતાં નથી. બે ત્રણ લેખ નવા લખી શકતા નથી; એક લખતાં કેટલીય મુશ્કેલી પડે છે. જ્યારે બાળક પોતે કેટલુંય નવું સર્જન કરે છે.

અત્યારના જમાનામાં લેખન અને વાચન પર –અંગ્રેજીમાં કહીએ તો થ્રી આર પર ખૂબ ખૂબ

ભાર મૂકવામાં આવે છે. અને આપણે તેના પરિણામની રાહ જોઈએ છીએ. હજુ બાળકને આંક કેમ આવડ્યા નથી? હજુ તે કેમ વાંચી શકતું નથી? આ આપણે બાળક પાસે ઇચ્છીએ એ સ્વાભાવિક છે. પણ લખવા વાંચવાનું તો જ્યારે બાળકને ભૂખ લાગે છે ત્યારે આપવાનું હોય છે. તે ઉપજાવી કાઢેલી વસ્તુ છે. 'ક' અને 'ખ' એ આપણે બનાવેલા અક્ષર છે; તે કૃત્રિમ છે. જોકે તે શોધ ઉત્તમ છે, અને તે કળા જરૂર આપણે બાળકને આપવી જોઈએ. પણ એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે લેખન વાચન એ સ્વતઃ શિક્ષણ નથી; શિક્ષણ લેવાનાં એ સાધનો છે, મનુષ્યે એક ગોઠવી કાઢેલી યુક્તિ છે. કોઈને નાની ઉંમરે લખતાં વાંચતાં આવડે છે, તો કોઈ મોટી ઉંમરે શીખે છે. તેથી કંઈ ચિંતા કરવા જેવું નથી. ભણ્યો કે નહિ તે જાણવાની દૃષ્ટિ જુદી છે. બાળકની ઉંમરે ચોપડી મારફતે ઓછું શીખવાનું હોય છે. તેને તો કુદરતનો સીધો પરિચય સાધવાનો હોય છે. ૩ થી ૬ વર્ષ સુધીની ઉંમરમાં, આખી જિંદગીમાં જેટલું નથી શીખતાં તેટલું બાળકો શીખે છે. તે ઉંમરમાં તે વ્યાકરણ શીખી લે છે, ભાષા શીખી લે છે. આપણે જો કોઈ નવા જગતમાં જઈ ચડીએ તો ત્યાંના માહિતગાર થતાં કેટલોય વખત જાય એ સહેજે સમજી શકાય છે. તે પ્રમાણે બાળકને તો આ નવું જગત છે, છતાં તે ઘણું શીખી લે છે.

અત્યારનાં માબાપો જો પોતાનું બાળક નવો પાઠ વાંચી બતાવે તો રાજીરાજી થાય છે, અને કહે છે કે આજ તો છોકરો નવો પાઠ શીખ્યો! પણ જો તે બાળક લાલ કે ભૂરો રંગ ઓળખાવે કે અમુક વસ્તુ લાંબી છે કે ટૂંકી છે એવી લાંબા ટૂંકાની સમજ પાડે તો માબાપ તે તરફ જોવા પોતાની આંખ પણ ફેરવશે નહિ. જો માબાપ બાળક દરરોજ કેટલા નવા શબ્દો શીખ્યું એ નોંધતાં રહે તો એક મોટો શબ્દકોશ થાય. અને તે ઉપરથી બાળક કેટલું શીખે છે, તેની આપણને ખબર પડશે. જરા વિષયાંતર કરીને એક બીજી વાત તરફ તમારું ખાસ ધ્યાન ખેંચવા ઇચ્છું છું.

બાળપણથી જ બાળકોને સ્વચ્છતાના પાઠો-સામાજિક પાઠોની કેળવણી અહીં બાલમંદિરમાં મળે છે. તેના પર ખાસ લક્ષ આપવામાં આવે છે. બાળક જ્યારે પ્રાથમિક શાળામાં જાય છે ત્યારે આ સંબંધી બિલકુલ ધ્યાન દેવાતું નથી. આપણે તો માત્ર બાળક પહેલીબીજી ચોપડીમાં પડે તેથી તેનું ભણતર બરાબર ચાલે છે એમ માનીએ છીએ, ને સ્વચ્છતા વગેરે સંબંધે બેદરકાર રહીએ છીએ. બાળકોને શાળામાં મોકલનાર માબાપો અને શિક્ષકોને તે તરફ ધ્યાન આપવા હું ખાસ આગ્રહ કરું છું. શાળામાં તેઓ એક અરીસો ને એક દાંતિયો રાખે. અરીસો ના મળતો હોય તો ગામનો કોઈ સદ્‌ગૃહસ્થ તે ભેટ આપે. પછી શિક્ષક દરેક બાળકનાં કપડાં વ્યવસ્થિત છે કે નહિ તે જુએ. પેશાબ કરવાની જગ્યા સાફ હોવી જોઈએ. તેમની પાણી પીવાની ટેવ પણ સારી હોવી જોઈએ. સ્વચ્છ અને વ્યવસ્થિત રહેવું એ પોતાના શરીરને માન આપવા બરાબર છે. આપણે આટલું કર્યું હશે તોપણ બાળકને ખૂબ ભણાવ્યું ગણાશે.

આટલી વિનંતિ સાથે આ પ્રદર્શન ખુલ્લું થયેલું જાહેર કરું છું.

તા.

ઇતર વાચન

મુખવાચન, મૂકવાચન, સુવાચન આ ત્રણે વાચનના પ્રકારો છે. મોટે અવાજે વાંચવું તે મુખવાચન, મનમાં વાંચવું તે મૂકવાચન, સારી રીતે એટલે કે શુધ્ધ અને સ્પષ્ટ ઉચ્ચારે વાંચવું તે સુવાચન.

ઇતર વાચન બીજી જાતનું વાચન છે. ઇતર વાચન એટલે પાઠયપુસ્તકોમાં જે વાંચવાનું મળે તે ઉપરાંતનું વાચન.

આગળ તો બાળકોને માત્ર પાઠયપુસ્તકો જ વાંચવાનાં હતાં. એક વાર નહિ પણ અનેક વાર તેઓ એના એ પાઠો વાંચતાં અને તે એટલે હદે કે તે પાઠો તેમને મોઢે થઇ જાય. આજે પણ આ સ્થિતિ ઘણી પ્રાથમિક શાળાઓમાં છે.

આજની મોટા ભાગની પ્રાથમિક શાળાઓમાં હજી ઇતર વાચન પેઠું નથી. ત્યાં માત્ર પાઠયપુસ્તકો જ વાંચવાનાં, ભણવાનાં, મોઢે કરવાનાં અને સમજવાનાં હોય છે. બાળકો તેમાં કંટાળે તે સ્વાભાવિક છે. આથી તેઓનામાં વાચન પ્રત્યે ધિક્કાર અગર અનાદર ઊભો થાય તો નવાઈ નહિ.

થોડી એક નવી શાળાઓ ઇતર વાચનને અવકાશ આપે છે. એથી એ થોડી શાળાઓ ઇતર વાચનને રીતસરનો, સમયપત્રકમાં સ્થાન પામેલો વિષય ગણે છે. આ શાળા અને તેમાં ભણનારાં ભાગ્યશાળી છે.

ઇતર વાચન બધી શાળાઓ દાખલ કરી શકે છે. અભ્યાસક્રમમાં તેને સ્થાન સરકાર દરબારે આપ્યું હોય કે ન આપ્યું હોય, પણ ઇતર વાચન તો દાખલ કરી જ શકાય.

ઇતર વાચન એટલે પાઠયપુસ્તક સિવાયની ચોપડીઓનું વાચન. શિક્ષકે શાળામાં બાળકોને લાયક એવી ચોપડીઓ વસાવવી. આ માટે તેની પાસે પૈસા ન પણ હોય. તે વખતે તે માગી ભીખીને પણ ચોપડીઓ પેદા કરે. પોતાના ફળદ્રુપ ભેજામાંથી શિક્ષક યોજના પેદા કરી શકે કે ઇતર વાચન માટેની સામગ્રી ક્યાંથી પેદા કરવી. ગુજરાતના પ્રખર યોજનાશાસ્ત્રી શ્રી. મોતીભાઈ અમીન પાસેથી પણ એવી એકાદ યોજના મળી રહે ખરી. [તેમના અવસાન પહેલાં લેખ લખાયેલ. –તં.]

શાળામાં ચોપડીઓ ભેગી કરી શિક્ષકે તેને ધોરણવાર સહેલીઅધરીના વર્ગીકરણમાં મૂકવી અને પછી અંદાજ દરેક ધોરણ માટેનું ઇતર વાચન પુસ્તકોની યાદી નક્કી કરી બાળકો આગળ મૂકવું.

ઉપરાંત શાળાના સમયમાં અર્ધા કલાક જેટલો સમય ઇતર વાચન માટે ખાસ જુદો જ રાખવો. આ સમયે બધા વર્ગોમાં ઇતર વાચન વંચાય. જ્યાં સગવડ હોય ત્યાં તો આવી શાળાનાં બાળકો ભેગાં થાય અને ઇતર વાચન કરે. આ સ્થળ મોટું જોઈએ. મતલબે એક વાચનાલય હોય એવો દેખાવ થઈ રહેવો જોઇએ.

ધોરણવાર બાળકો પોતાને માટેની ચોપડીઓ વાંચવા લઇ શકે પણ તે બહાર જઇને પણ તેઓ વાંચી શકે તેવી છૂટ હોવી જોઈએ. કેમકે કેટલાક વાચકોની વાચનની ઝડપ ખૂબ હોય છે અને તેનું નક્કી કરેલું વાચન થોડા વખતમાં ખલાસ થઈ જાય છે.

ઇતર વાચનમાંથી કંઈ ગોખવાનું નથી હોતું. ઇતર વાચન તો વધારાનું વાચન છે. તે વાચન વડે વાચનની અને સમજવાની શક્તિ વિશાળ કરવાની છે. પાઠયપુસ્તક માત્ર પ્રથમ પગલું છે. રસ્તો તો ઇતર વાચન છે. ઇતર વાચન વડે જ પાઠયપુસ્તકને તો ઠીક પણ ભાષાશિક્ષણને તે પ્રાપ્ત કર-

વાનું છે. ભાષાજ્ઞાનમાં ઇતર વાચન અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે.

સારાં, ઉપયુક્ત, માહિતીપૂર્ણ, પ્રેરણાદાયક પુસ્તકો મૂકયાં પછી જોયા જ કરવાનું રહે છે કે બાળકો શું વાંચે છે અને કેટલું વાંચે છે. બાળકોની શક્તિ અને રુચિનું માપ આવા સ્વતંત્ર વાચનમાંથી જ આપણને જડી રહે તેમ છે.

ઇતર વાચન માટે બાસ મોટો ઓરડો ન હોય તો પછી દરેક વર્ગમાં તેની વ્યવસ્થા થઇ શકે. દરેક વર્ગનો શિક્ષક તે વર્ગનાં પુસ્તકો પોતાના ઓરડામાં રાખે અને નક્કી કરેલ વખતે બાળકો માટે તે ખુલ્લાં મૂકે. બાળકો કયાં પુસ્તકો વાંચે છે, તેની નોંધ તે રાખે અને બાળકો પાસે પણ તેની નોંધ રખાવે.

શિક્ષકનાં મનમા એ વાત ચોકકસ ઠસેલી હોવી જોઈએ કે ઇતર વાચન મહત્ત્વનું છે. વિશાળ વાચન જ ભાષાનો પાયો છે એમ ન માનનાર શિક્ષકને ભણાવવાની ઉતાવળ થશે અને આ કામમાં પૂરતી હોંશ લેશે નહિ. શિક્ષકની નજર પરીક્ષા ઉપર હોય છે. પરીક્ષા ભલે રહી પણ એટલી બાત્રી અનુભવીઓ આપી શકશે કે ઇતર વાચન આખરે જ્ઞાનમાં વૃદ્ધિ કરનાર અને શક્તિમાં પૂર્તિ વસ્તુ છે અને અંતે પરીક્ષાને હલકી કરવામાં તે કિંમતી સાધન બને છે.

ઇતર વાચન અલબત્ત રસપૂર્વક વંચાય અને સમજણપૂર્વક વંચાય તો જ કામનું. એટલા માટે વળી પાછું શિક્ષકે ઇતર વાંચનનાં પુસ્તકોને પાઠયપુસ્તકના જેવાં પુસ્તકો બનાવી દેવાં ન જોઇએ. શિક્ષકે એ આગ્રહ ન રાખવો કે બાળકો બસ વાંચે જ વાંચે. બાળકોને જો એમ લાગી જશે કે આ પણ ભણવા માટે છે તો તેઓનો તેમાંથી રસ ઊડી જશે. જ્યાં સુધી ભણવું એક રીતે ફરજિયાત છે એટલે કે સ્વેચ્છાપૂર્વક નથી ત્યાં સુધી બાળકની મનોદશા ભયગ્રસ્ત અને વહેમી રહેવાની. એ તો જ્યારે ભણતર માત્ર મરજિયાત થશે ત્યારે બાળકોને માટે બધું જ ભણતર સાચું ભણતર બની રહેશે.

ઇતર વાચન સંબંધી એક વાત એ છે કે બાળકો એક ચોપડી માત્ર એક જ વાર વાંચે તેને બદલે તે વધારે વાંચે તો સારું. કેમકે શરૂઆતમાં ઇતર વાચન માત્ર વાચન ખાતર જ વંચાય તો પણ જો તે બે ત્રણ વાર વંચાય તો એની અંદરથી બાળકને તેનો અર્થ કાઢવાનું સૂઝે અને તેનો સાર પણ ધ્યાનમાં રહે. આનો અર્થ એ નથી કે ઇતર વાચન સાર ધ્યાનમાં રાખવા માટે છે. પણ એમ પણ ન બનવું જોઈએ કે ઇતર વાચન માત્ર વાચન જ છે. જો શિક્ષકો ઇતર વાચનને પાઠયપુસ્તકનું વાતાવરણ આપે તો આગળ જણાવ્યું તેમ ભય રહે છે કે ઇતર વાચન નિષ્ફળ જશે. ટૂંકમાં બાળકો હોંશેહોંશે રસ લેવા માટે એક ચોપડી બે ત્રણ વાર વાંચે એવું બને તો વધારે સારું.

સ્વ. ગિજુભાઈ

લવાજમની યાદ

હવે પછી ભેટ અંક મળશે તે વખતે આપનું ચાલુ વર્ષનું લવાજમ પૂરું થશે. આપ આપનું લવાજમ ૨૦ મી માર્ચ પહેલાં અવશ્ય મોકલી આપશો. સંઘમાં સભ્ય થવા માટે રૂા. ૩, અને રૂા. ૧૧ ભરવાની યોજના છે તે રીતે આપ સભ્ય થાઓ તો સંઘના બળમાં આપ જરૂર વધારો કરશો. આટલી વિનતિ સ્વીકારશો.

વ્યવસ્થાપક.

પ્રવાસ સમાચાર

ગત ડિસેમ્બર માસની તા. ૧૩–૧૪ ના રોજ સંઘના મંત્રીઓ શ્રી. તારાબેન અને શ્રી. સરોજબેનનો વેડછી સ્વરાજ આશ્રમનો પ્રવાસ થયો.

ડિસેમ્બરની ૧૪–૧૫–૧૬ દરમ્યાન શ્રી. તારાબેન હસ્તે ભાદરણ બાલમંદિરનો વાર્ષિક સમારંભ ઉજવાયો.

ભાદરણ ગામ તરફથી સ્ટેશન પર તેમનો સત્કાર થયેલો. સરકારી ગુજરાતી પ્રાથમિક શાળાઓની મુલાકાત લઇ શાળાના શિક્ષકોસાથે તેઓએ વાતચીત કરી હતી. વર્ધા કેળવણી તથા બાળકેળવણી પર તેઓ બોલ્યાં હતાં.

બીજે દિવસે તેઓ બોચાસણ વલ્લભ વિદ્યાલય જોવાં ગયાં હતાં. રૂથી માંડી બાદી ઉત્પત્તિ સુધીની તમામ ક્રિયાઓ અને વિદ્યાલયના નિત્યજીવનનાં પણ કેટલાંક કામો નિહાળ્યાં હતાં એ પછી એક સભા ગોઠવાઈ હતી જેમાં વિદ્યાર્થીઓના જીવનમાં ખડતલપણું, સાદાઇ ને સેવાનું મહત્ત્વ શ્રી. તારાબેને સમજાવ્યું હતું. 'જે અહીં મેળવો તે બહાર જઈ તમારાં ગામનાં ભાઈઓને આપજો અને તમારા જેવા તેઓને બનાવશો ત્યારે તમારી સફળતા ગણાશે. ત્યારે તમે તમારા આચાર્યને ગુરુદક્ષિણા આપી ગણાશે' એ ભાવનું તેમને કહ્યું.

ભાદરણ પાછાં ફરી વાલીઓની સભામાં તેઓએ હાજરી આપી હતી. બાલમંદિર અને તેની ઉપયોગિતા વિષે વાતચીત થઈ હતી. બાળાઓનો બાળક પ્રત્યેનો શો ધર્મ એ વિષે પણ તેઓએ થોડું કહ્યું હતું.

સાંજના વિદ્યાલયમાં છોકરીઓના ગરબા વગેરે જોઇ કાર્યક્રમ પૂરો થયો હતો.

× × ×

વેડછી આશ્રમમાં પણ શ્રી. જુગતરામભાઈના આટલાં વર્ષોની બહુમૂલ્ય સેવાનાં પરિણામો જોવા મળ્યાં હતાં જેને પરિણામે મુંબઈ બાલ-અધ્યાપનમંદિરનો આખો વર્ગ એ તમામ પ્રવૃત્તિઓ જોવાને શ્રી. તારાબેનની સાથે પ્રવાસે જઈ આવ્યો છે.

× × ×

ડિસેમ્બર માસની તા. ૨૩ મીએ સંઘની વ્યવસ્થાપક મંડળની બેઠક થઈ હતી. બેઠકમાં સંઘના સભ્યોને નવા હકકો આપવાની વિચારણા ચાલી હતી. પાછાં ફરતાં થામણામાં શ્રી. બબલભાઈની પ્રવૃત્તિઓ પણ જોવાનો અવસર મળ્યો હતો. ગામડાંઓમાં બેસીને આવાં શાંત છતાં નવીન ચીલે થતાં કામોથી સાચે જ આનંદ અને સંતોષ થાય છે.

મોન્ટીસોરી શિક્ષણ પ્રચારમાળા

લેખકોઃ સ્વ. ગિજુભાઈ અને શ્રી. તારાબેન.

કિંમત ૦–૧૦–૦ ટપાલખર્ચ ૦–૨–૩

મગાવો : "શિક્ષણ પત્રિકા" કાર્યાલય

હિંદુ કોલની, દાદર.

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઇ ૪.

પ્રકાશકઃ શ્રી. તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલોની, દાદર.

શિક્ષણપત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

○

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

○

આપણી જીવનપદ્ધતિ જબરજસ્તીના દોષથી દૂષિત છે. આપણે કેળવણીમાંથી જબરજસ્તી કાઢી નાખવી જોઈએ. પરાક્રમ એ કેળવણીનું પગથિયું છે. બાળકોને પોતાને રસ્તે, પોતાની પોતાની ઢબે વિકાસ સાધવાની તક આપવી જોઈએ. એ વિના બાળકેળવણી શોભે નહિ. જવાબદારી હોય, જબરજસ્તી ન હોય અને પરાક્રમને અવકાશ હોય એટલી મુખ્ય વસ્તુઓ કેળવણીમાં જરૂરની છે. એના અમલથી બધાં તત્ત્વો મળી રહેશે.

—કાકાસાહેબ કાલેલકર

વર્ષ ૧૫ | :: કાર્યાલય :: દાદર, મુંબઈ ૧૪ | અંક ૧૨

૧૯૬૭ | માઘ

નોંધ

સભ્ય થાઓ

આ વર્ષનો આ છેલ્લો અંક છે. આવતે મહિને નવા વર્ષનું લવાજમ ભરવાનો વખત છે. તે વખતે સર્વને વિનંતિ છે કે જેઓ આજીવન-સભ્ય ન હોય અથવા પ્રતિનિધિ, વ્યક્તિગત કે રસ લેનારા સભ્ય ન થયા હોય તેઓ સર્વ સંઘના સામાન્ય સભ્ય થઈ જાય.

ઘણાં પૂછશે કે તેમ શા માટે?

તે એટલા માટે કે આપણે નૂતન બાલશિક્ષણ સંઘ સ્થાપવા માગીએ છીએ.

ત્યારે શું અત્યાર સુધી સંઘ ન હતો?

આપણા મનથી સંઘ હતો, પણ કાયદાથી ન હતો. આપ એક રૂપિયો લવાજમ આપતાં; અમે લેતાં. આપના મનમાં પણ એ શિક્ષણ-પત્રિકાનું લવાજમ જ હતું, અમારા મનમાં પણ તે પત્રિકાનું લવાજમ જ હતું; અને કાયદો પણ તેમ જ ગણશે એવો અભિપ્રાય મળ્યો.

આપણે બુદ્ધિપુરસ્સર થયેલા સંઘના સભ્યો જોઇએ છે. આપને પણ સંઘના સભાસદ થવાની ઇચ્છા છે જ; માટે હવે નવે વર્ષે રૂા. ૧) ને બદલે રૂા. ૧॥ મોકલશો એટલે આપને સંઘના સભ્ય તરીકે નોંધવામાં આવશે. આપ સભ્ય તરીકે સંઘના તમામ કાર્યમાં રસ લઈ શકશો—આગળ ધપાવવામાં અમારી સાથે રહી મદદ કરી શકશો, અને સંઘનો હિસાબ, ચૂંટણી વગેરેમાં ભાગ લઈ સંઘની વ્યવસ્થામાં ભાગ લઈ શકશો. તેથી સંઘનું બળ વધશે; તેને એક સબળ સંસ્થાનું રૂપ આવશે. કોઇ પણ સંસ્થાનું બળ સંખ્યામાં તો છે જ. માટે અમારી ગ્રાહકોને આગ્રહભરી વિનંતિ છે કે આજ દિવસ સુધી આપ જેમ પત્રિકાને અને સંઘના કામને વધાવતા આવ્યા છો તેમ આ નવા બંધારણને પણ વધાવી લેશો અને જે સંખ્યામાં તમે આજ દિવસ સુધી સંઘમાં રહ્યા તે જ સંખ્યામાં હવે પછી પણ રહેશો.

રૂા. ૧॥ શા માટે?

ઘણાં એમ પણ પૂછશે કે સંઘના સભ્ય થવાની અમારી પણ ઇચ્છા છે. પણ આઠ આના લવાજમ વધારી શા માટે દીધું? આપ જાણી શકશો કે કોઈ પણ કામને નાણાંની જરૂર રહે છે.

શિક્ષણ પત્રિકાને રૂા. ૧) ના લવાજમમાં પોતાનું ખર્ચ પૂરું કરવું મુશ્કેલ થઈ પડયું છે કેમકે કાગળના ભાવો વધી ગયા છે, તે ઉપરાંત હિંદી અને મરાઠી શિક્ષણ પત્રિકામાં ખોટ રહ્યા જ કરે છે. એટલે પત્રિકાનું લવાજમ તો તેના જ ખર્ચમાં વપરાઈ જાય છે.

પ્રચારનું કામ સંઘ જોરમાં ઉપાડવા માગે છે; બાલશાળાઓનું સંગઠન કરવો માગે છે; નિરીક્ષણ વગેરે ગોઠવવા માગે છે; માબાપો માટે પણ બાળકોના પ્રશ્નો ઉકેલનારી સંસ્થાઓ (Child-guidance) ખોલવા માગે છે; ગરીબ બાળકો માટે ક્રીડાંગણો કરવા માગે છે; સામાન્ય જનતામાં નવા વિચારનો પ્રચાર કરવા માગે છે; સંમેલનો, વ્યાખ્યાનો વગેરે તો છે જ એ બધાં કામો કંઈ નાણાં વગર થાય? કાંઈ નહિ તો સંઘના કાર્યાલયનો પણ ખર્ચ કરવો પડે. એટલે એ ખર્ચનો બોજો બધાં વર્ષ દહાડે આઠ આના વધારે આપીને ઉપાડે તો કોઇને ભારે નહિ પડે; ને ઝપાટાબંધ કામ થાય. તેથી આશા રાખીએ છીએ કે આવા કામ માટે—આપણી ભાવિ પેઢી માટે વર્ષના આઠ આના આપવા આપને ભારે નહિ પડે, ને સંઘને તેથી જરૂર પૂરતી રકમ મળી જશે.

ફ્રી ગ્રાહક

પુસ્તકાલયો અથવા સ્ટેટની કે લોકલબોર્ડની

શાળાઓ વગેરે ફક્ત ગ્રાહક રહેશે એ અમે સમજી શકીએ છીએ. છતાં સ્વતંત્ર કે કોઈ મંડળનું પુસ્તકાલય અથવા શાળા હોય તો તે પણ સભ્ય બની પોતા તરફથી મંત્રી અથવા મુખ્ય શિક્ષકને સભ્ય થવાનો અધિકાર આપી શકે છે. બીજાં બધાં તો સભ્ય જ થાય એમ આશા રાખીએ છીએ.

આવતો અંક વી. પી.

ઘણાં ગ્રાહકોને વી. પી. થી લવાજમ વસૂલ થાય તે સગવડભર્યું લાગે છે. તેથી દર વર્ષે દોઢ બે હજાર જેટલાં વી. પી. કરવાં પડે છે. આ વર્ષે વી. પી. ૧૧૧ રૂપિયાનું કરીશું. હંમેશના એક રૂપિયો ને ત્રણ આનાને બદલે આ વખતે રૂા. ૧૧૧ નું વી. પી. કેમ આવ્યું તેનો ખુલાસો અત્યારે જ આપી દઈએ છીએ.

પોણાબે રૂપિયાનું વી. પી. સ્વીકારશો એટલે આપ સંઘના સામાન્ય સભ્ય તરીકે નોંધાઈ જશો. આ રીતે સામાન્ય સભ્ય થયા પછી પણ આપને જો રસ લેનાર સભ્ય થવું હોય તો બીજો દોઢ રૂપિયો મોકલી આપી આપ એ વર્ગમાં જઈ શકશો. અથવા પહેલેથી જ અમને જો તે જાતની સૂચના આપશો તો અહીંથી વી. પી. જ રૂા. ૩–૩–૦ નું મોકલાશે.

સ્વ. ગિજુભાઈના વિદ્યાર્થીઓ

સંઘના કામમાં ભાગ લેનાર વર્ગમાં પ્રમુખપણે સ્વ. ગિજુભાઈના વિદ્યાર્થીઓએ આગળ પડતો ભાગ લેવો જોઈએ એ કહેવાની જરૂર ન જ હોય. અત્યાર સુધી કેટલાંયે વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓ સંઘનું કામ કરતાં જ આવ્યાં છે. પણ વિદ્યાર્થીઓની સંખ્યા તો ૫૦૦ થી યે વધારે પહોંચી હતી. તો આજે એ ૫૦૦ જણાં સક્રિય સભ્ય થઈ પૂ. ગિજુભાઈની પાછળ તેમનું જીવનકાર્ય જે તેઓ વચ્ચે જ અધૂરું મૂકી ચાલ્યા ગયા છે, તે ઉપાડી લેવા આગળ આવે એ જોવા ઇચ્છીએ છીએ. અમે માનીએ છીએ કે પૂ. ગિજુભાઈએ પોતાનો દેહ આપીને એક ખડી સેના ઊભી કરી, કામ કરવા માટે હજાર હાથ ઉત્પન્ન કર્યા. અત્યારે એ બધાએ આગળ આવી પોતાનું કર્તવ્ય કરવાનો વખત આવ્યો છે. તેઓ આ રીતે સંઘનું કામ પોતાના તરીકે માથે ઉપાડી પોતાના પૂજ્ય ગુરુ પ્રત્યેનું ઋણ અદા કરશે એવી ખાતરી છે.

સંસ્થાનું જોડાણ

ઘણાં ખરાં બાલમંદિરો સંઘમાં જોડાવા હર્ષથી ને તત્પરતાથી આગળ આવે છે. છતાં કોઈ કોઈ બાલમંદિરોના ચાલકોને મનમાં શંકા રહેતી હોય એમ લાગે છે. "આપણી સંસ્થા સઘ સાથે જોડી દેશું એટલે સંઘ આપણી વ્યવસ્થામાં દખલ કરશે તો?" "આપણા શિક્ષકને વધારે પીઠબળ આપી ચાલકોની સત્તાનું મહત્ત્વ ઓછું કરશે તો?" શિક્ષકને કદાચ લાગે કે "અત્યાર સુધી તો આપણે કહેતા તે જ સાચું એમ ચાલકોને માનવું પડતું; હવે વળી સંઘનું નિરીક્ષણ આવે ને આપણી ભૂલો, કાઢે તો પછી આપણો મોભો શો રહે?"

આ કે આ જાતની કોઈ પણ શંકા મનમાં આવતી હોય તો તે સૌએ કાઢી નાખવી જોઈએ.

આંતર્વ્યવસ્થામાં દખલ કરવાનો સંઘનો બિલકુલ ઇરાદો નથી. વ્યવસ્થા તો વ્યવસ્થાપકોના જ હાથમાં હોય. શિક્ષકની પણ ભૂલો કાઢી તેને ઉતારી પાડવાની ઇચ્છા સંઘની નથી.

છતાં શિક્ષણને અંગે કે વ્યવસ્થાની બાબતમાં નિરીક્ષકો પોતાનો મત ચાલકો આગળ રજૂ કરે અથવા જરૂર જેવી સલાહ આપે અથવા શિક્ષણ

લવાજમ મોકલતી વખતે ગ્રાહકો પોતાનો ગ્રાહક નંબર લખવા કૃપા કરે.

વધારે પાયાશુદ્ધ કરવાની દૃષ્ટિએ શિક્ષકને દોરવણી આપે ને દિશા બતાવે, એ જાતનું કામ સંઘ કરવા ઇચ્છે છે. પરંતુ તે દખલ રૂપે તો નહિ જ. આપણે જો શાળા ચલાવીએ જ છીએ તો તે બીજી બધી શાળાની સરખામણીમાં અમુક સ્થાને હોવી જ જોઈએ, તેનું કામ યોગ્ય પ્રકારનું હોવું જોઈએ, એવી ઇચ્છા તો સૌ બાલકોને અને શિક્ષકોને હોય જ. તેટલા પૂરતી અને જોઈતી મદદ કરવા જ સંઘ માગે છે.

સંગઠન

પણ સંસ્થા જોડાણનો મુખ્ય હેતુ તો સંગઠનનો છે. આજે ઘણાં ગામોમાં આવી શાળાઓ ચાલે છે. દરેક શિક્ષક અને બાલકો પોતાની મુશ્કેલીઓ સામે એકલે હાથે ટક્કર ઝીલે છે, જનતાને સમજાવે છે, ખર્ચને પહોંચી વળે છે, ને રોજ ને રોજ કેટલાયે પ્રશ્નો ઉકેલે છે. તેવી મુશ્કેલીઓ તો સૌને છે; ને સૌને લગભગ સરખી જ છે. સંસ્થાઓનું સંગઠન થાય એટલે એકબીજાના અનુભવનો લાભ એકબીજાને મળે. તેમ જ ચોક્કસ દિશા બધાં મળીને નક્કી કરી શકે. એટલે આજના એકલાને બદલે સંઘબળ મળી કામ સરલ થાય. તે સિવાય સંઘના કામમાં પણ એકધારાપણું આવે, એક જ નીતિ દેખાય, તો જનતાને સમજાવવું પણ સહેલું પડે.

આ હેતુ સમજી નવા વિચારથી ચાલતી તમામ બાલશાળાઓ સ્વેચ્છાથી જ સંઘમાં જોડાઈ જાય એવી આશા સેવીએ છીએ.

તંત્રી

કામ ધપ્યે જાય છે.

સૌને જાણીને હર્ષ થશે કે આપણા સંઘનું કાર્ય અને યોજના ધીરેધીરે વેગવંતાં બનવાની શરૂઆત થઈ ચૂકી છે.

જ્યાં જ્યાં વધુ કાર્યકરો અને સંસ્થાઓ એકત્રિત થઈ કામ ઉપાડી શકે ત્યાં ત્યાં સ્થાનિક મંડળો બની કામ કરવા લાગી ગયાં છે.

અમદાવાદમાં એ રીતે શ્રી. વજુભાઈ દવે આદિના પ્રયાસને પરિણામે કાર્યે વધુ વેગ પકડ્યો છે. જુદાં જુદાં બાલમંદિરોમાં કામ કરનાર કાર્યકરો, સક્રિય સભ્ય બની બીજા સહાયક સભ્યો અને જુદી જુદી સંસ્થાઓને સંઘ સાથે મેળવવાના યત્નમાં લાગ્યા છે.

× × ×

સંઘ તરફથી પ્રચારકાર્યમાં લાગેલ શ્રી. ઇન્દુભાઇ ભટ્ટે ખેડા જિલ્લાનું પહેલું કામ ઉપાડ્યું હતું. ધીરેધીરે તેઓ એક પછી એક ગુજરાતના વિભાગો લઈ ત્યાં-ત્યાંનાં બાલમંદિરો અને કેળવણી રસિકોને એકઠાં કરી વધુ ચોક્કસ કામ કરવાની ઉમેદ ધરાવે છે.

ખેડા જિલ્લાના પહેલા પ્રયાસમાં શ્રી. મૂળજીભાઈ ભક્તના સહકારથી ખેડાજિલ્લાનાં બાલમંદિરોના પ્રતિનિધિઓ અને સક્રિય કામ કરનારાઓની એક સભા સ્વ. ફૂલચંદ બાલમંદિરમાં થઈ હતી.

દરેક સક્રિય કાર્યકર ભાઈબહેનોએ હાજરી આપી હતી. થોડાંઓએ પત્રથી હાજરી આપી હતી.

આ સભામાં શ્રી. ઇન્દુભાઈએ સંઘની જરૂર બતાવી બંધારણ સમજાવ્યું હતું અને તાત્કાલિક પ્રવૃત્તિ તરીકે આ માસમાં સંઘના આદર્શ સમજનાર ને સ્વીકારનાર સભ્યો નોંધવાનું ને ચાલુ બાલમંદિરોને સંઘ સાથે જોડવાનું કાર્ય ઉપાડી લેવું જોઈએ તેમ જણાવ્યું હતું. શ્રી. ભક્તે ખેડા જિલ્લાના કામને વ્યવસ્થિત કરી આ માસમાં પૂરું કરવું એમ સભાએ ઠરાવ્યું હતું.

દરેક કાર્યકર પોતાની સંસ્થાને સંઘ સાથે જોડાવાનું થતાં ગામમાં સંઘના બીજા પ્રકારના સભ્યો બનાવવાનું શરૂ કરશે એમ ઠરાવવામાં આવ્યું છે.

પ્રવાસમાં, દરેક બાલમંદિરોમાં બાળકોની સંખ્યા, શિક્ષકોની સંખ્યા, ફીનું ધોરણ, માસિક ખર્ચ વગેરે જાતના આંકડાઓ પણ શ્રી. ઇન્દુભાઈ એકઠા કરી રહેલ છે, જે સંઘને ઉપયોગી થઈ પડશે.

× × ×

ભાવનગર મુકામે શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરમાં ભાવનગર બાતેના પ્રચારકો મળ્યા હતા.—શ્રી. નાનાભાઇ, શ્રી.હરભાઈ, મહિલા વિદ્યાલયના આચાર્ય તથા શિક્ષક ભાઈબહેનો, શિશુસદનના આચાર્ય અને શિક્ષકો, ઘરશાળા બાલમંદિરના આચાર્ય અને શિક્ષકશિક્ષિકાઓ તથા ગુજરાતી શાળાના શિક્ષકો પણ તેમાં હતાં.

ચૂંટણી માટે સમય ઓછો જણાવા છતાં પણ બધાં જ પ્રચારક ભાઈબહેનો ઝપટથી પ્રચાર કરી રહ્યા છે અને સંઘબળ વધારવાના પ્રયત્નો થઈ રહેલ છે.

× × ×

મુંબઈમાં પણ કેળવણી રસિક નરનારીઓની એક સભા ભગિનીસમાજ બાલમંદિરમાં મળેલી. મુંબઈ માટે જ એક નવી પ્રચારસમિતિ નીમી, જુદા જુદા વિભાગોનું કાર્ય જુદાજુદા કાર્યકર ભાઇ-બહેનોને સોંપેલ છે. શ્રી. સરોજબેન બોધની યોગ્ય અને ઉત્સાહી રાહબરી નીચે મુંબઈનું સંગઠન સારું એવું પરિણામ દેખાડવાની ઉમેદ ધરાવે છે. એની વિગતભરી માહિતી આવતા અંકમાં આપવા ધાર્યું છે.

પરાં વિભાગોની બીજી એક સભા પણ સાન્તાક્રુઝ મુકામે ભરાઈ ગઈ છે. અને ત્યાં સક્રિય કાર્યકરો અને સંસ્થાઓના જોડાણ પછી વધુ સભ્યો નોંધવાનું કાર્ય ઝડપથી ઊપડવાની ગણતરી છે.

× × ×

કચ્છ વિભાગનું કામકાજ શ્રી. દેવરામભાઈ વરૂએ ઉપાડયું છે અને બનતી ત્વરાએ તેઓ પોતાનું કામ પૂરું કરશે એમ જાણવામાં આવ્યું છે.

× × ×

ભરૂચ તરફ તા. ૧૩–૨–૪૧ ને ગુરુવારે શ્રી. ઇન્દુપ્રસાદ ભટ્ટ જઈ આવ્યા. ભરૂચની સભાની વ્યવસ્થા મોટલાબાઈ વાડિયા ગર્લ્સ હાઈસ્કૂલનાં લેડી સુપ્રિ. બહેન શ્રી એ. કુપરે ઉત્સાહપૂર્વક કરી હતી. સભા સેનીટરી એસોસિએશનના હૉલમાં પાયોનિયર હાઇસ્કૂલના પ્રિન્સિપાલ શ્રી. દેસાઈના પ્રમુખપદે સાંજના ૬ વાગે મળી હતી તેમાં શ્રી. ઇન્દુભાઈએ સંઘ એટલે શું એ વિષે વિવેચન કર્યું. ગુજરાતની બાલકેળવણીનો ઇતિહાસ અને સંઘની વિગતવાર માહિતી આપી હતી.

ભરૂચમાં સંઘના બીજા પ્રકારના સભ્યો નોંધવાનું અને શિક્ષણપત્રિકાના ગ્રાહકો મેળવવાનું કાર્ય મીસ કુપર બનતી રીતે પાર પાડશે એમ નક્કી થયું છે.

× × ×

આ રીતે સંઘના પ્રચારનું કાર્ય આગળ ધપી રહ્યું છે.

સંઘના આજ સુધીમાં જુદાજુદા પ્રકારના નોંધાયેલા સભ્યોની યાદી સ્થળ સંકોચને લઈ આપવાનું બંધ રાખ્યું છે.

———

બાલમંદિરો અને ફીનો સવાલ

ગામેગામ બાલમંદિરો અથવા પૂર્વ પ્રાથમિક શાળાઓ એટલે પાંચ વર્ષથી નાની ઉંમરનાં બાળકો માટેની શાળાઓ હોવી જોઈએ એવી ઇચ્છા દરેક ઠેકાણે લોકોમાં જાગૃત થતી જોઈએ છીએ.

કોઈ નવો વિચારપ્રવાહ જ્યારે જોસભેર ઉત્પન્ન થાય છે એટલે તેનાં મોજાં ચોમેર ફેલાય છે. શરૂઆતમાં કેટલીએક વ્યક્તિઓને એ વિચાર ગળે ઊતરે છે અને એની આવશ્યકતા પણ ભાસે છે એટલે તેનો અમલ પણ થાય એમ તેઓ ઇચ્છે છે. કોઈ કોઈ ઠેકાણે એ એક ફેશન પણ બની જાય છે. અને અર્થાત્ ફેશનની જેમ અનેક સ્થળોએ તેની આવશ્યકતા છે એમ ગણાવા લાગે છે. આવી માગણી ઊભી થતાં એને પૂરી પાડનારો વર્ગ પણ જાગે છે – આગળ નીકળી આવે છે. બાલશાળા અથવા બાલમંદિરોની બાબતમાં પણ આજે આવું જ થતું જાય છે. કેટલીએક વ્યક્તિઓને એ વાત ગળે ઊતરી છે અને એની આવશ્યકતા પણ ભાસે છે; અને અનેક જણાં આ જરૂરિયાત પૂરી પાડવા આગળ આવેલ છે.

મુંબઈ જેવા શહેરમાં તો બાલમંદિરો એ અનેક પ્રતિષ્ઠિત અને સારા એવા ધંધા પૈકીનો એક ધંધો બન્યો છે—બનતો જાય છે.

એનું એક પરિણામ એ આવ્યું છે કે બાલમંદિરોની ફીનું ધોરણ ભારે રાખવામાં આવે છે અને તેથી બાલમંદિરો બહુ ખર્ચાળ છે એવી સામાન્ય માણસોની માન્યતા બંધાતી જાય છે. બીજી રીતે બોલીએ તો બાલમંદિરો એ શ્રીમંત લોકોના મોજશોખો પૈકીનો એક શોખનો પ્રકાર મનાવા લાગ્યો છે.

બાલમંદિરોની ફીનો પ્રશ્ન અર્થાત્ ઊંડી વિચારણા માગે છે. આપણે તે વિષે અહીં થોડોએક વિચાર કરી લઈએ.

એક વાતની ખાતરી સૌથી પહેલાં આપણે એ કરી લેવાની રહે છે કે ૨॥ થી ૬ વર્ષ અથવા ૭ વર્ષની ઉંમર સુધીનાં બાળકો સારૂ શાળાઓ હોવાની ખરેખર આવશ્યકતા છે. બાલમંદિરો એક ફેશન છે માટે નહિ, અથવા તો બાળકો ઘરે માબાપોને ત્રાસ આપે છે તેથી તેમને બાલમંદિરમાં રમવા મોકલીએ તે સારું છે એમ ગણીને નહિ, અથવા તો માતા પોતાના નાના ધાવણા બાળકની નિરાંતે સંભાળ લઈ શકે તથા ઘરકામ કરી શકે કે થોડોક આરામ લઈ શકે એ ખાતર પણ નહિ; પરંતુ બાળકોની આ ઉંમર સંસ્કાર લેવા માટે અત્યંત યોગ્ય છે, આ ઉંમરે બાળકોના બુદ્ધિવિકાસની શરૂઆત જોસભેર થાય છે, આ ઉંમરે તેમણે સામાજિક રીતભાત શીખી લેવી જોઇએ – એની તાલીમ મળવી આવશ્યક છે કેમકે આ ઉંમરે જ અનેક ટેવો પડી શકે છે, આ ઉંમરે માનસિક તેમ જ શારીરિક બંને પ્રકારના વ્યવસાયોની બાળકને જરૂર છે; આ અને આવાં અનેક કારણે બાલમંદિરોની આવશ્યકતા સ્વીકારાવી જોઈએ.

આ રીતે બાલમંદિરોની આવશ્યકતા બાળકોના સ્વાભાવિક – કુદરતી વિકાસક્રમને પોષક સમજીને સ્વીકારીએ ત્યારે એ પૈસાદારને લાયક છે, ગરીબો માટે નહિ અથવા તો શહેરમાં જ ચાલી શકે, ગામડાંઓમાં તેની જરૂરિયાત નથી, એવા પ્રશ્નો જ ઉપસ્થિત થતા નથી. શરીરના વિકાસ સારૂ બાળકોના ખોરાકમાં દૂધનો સ્વીકાર થયો એટલે એ જરૂરિયાત શ્રીમંતોની છે, ગરીબ

લોકોને ખચાળ હોવાથી એ બિનજરૂરી છે, એવો સવાલ જ રહેતો નથી. ઊલટું ગરીબોને દૂધ ન મળી શકતું હોય તો દરેક બાળકને ત્રણ વર્ષની ઉંમર સુધી થોડુંઘણું પણ દૂધ પૂરું પાડવાની જવાબદારી રાજ્યની અથવા સમાજની અથવા માબાપોની—જેમના હાથમાં બાળકોના રક્ષણની જવાબદારી છે તેમની બધાની એ હોઈ એક ફરજ બની જાય છે; આગળ જઈને એમ કહી શકાય કે જ્યાં સુધી નાનાં બાળકોને દૂધ નથી મળતું ત્યાં સુધી ઉકત સમાજસંરક્ષક સંસ્થાઓ પોતાના કર્તવ્યમાં ભૂલે છે તેમ જ કહેવું જોઇએ.

એ જ રીતે બાલમંદિરોની આવશ્યકતા બાળકોના સ્વાભાવિક વિકાસ સારૂ સ્વીકાર્યા પછી તે શ્રીમંતો સારૂ ચાલે, ગરીબો માટે બિનજરૂરની છે, વગેરે વિચાર અસ્થાને છે. બાળક માત્ર સારૂ બાલમંદિરો અત્યંત આવશ્યક છે એ જ સત્યનો સ્વીકાર કરવો જોઇએ.

બાલમંદિરોની આવશ્યકતા હરેક બાળક સારૂ સ્વીકાર્યા પછી ભિન્ન ભિન્ન વર્ગો માટે આર્થિક દૃષ્ટિએ બાલમંદિરો કઈ રીતે ચાલી શકે તે પ્રશ્ન વિચારવો જોઇએ. અર્થાત્ એ પ્રશ્નની સાથે સાથે બાલમંદિરોની ફીનો સવાલ આપોઆપ આવી જાય છે.

આજે પ્રાથમિક કેળવણી પૂરી પાડવાની જવાબદારી સરકારની, મ્યુનિસિપાલિટીની, લોકલ બોર્ડની અથવા રાજ્યની છે એમ સ્વીકારવામાં આવ્યું છે. રાષ્ટ્રનિયોજન સમિતિએ પણ પૂર્વ-પ્રાથમિક કેળવણીનો પ્રચાર બની શકે તેટલો કરવો જોઈએ એવી ભલામણ કરી છે—જો કે રાષ્ટ્રનિયોજનને પોષક અંગોમાંના એક તરીકે એની ગણના થઈ નથી.

એટલે આજની ઘડીએ પૂર્વપ્રાથમિક કેળવણી આપવાની આર્થિક જવાબદારી સર્વાંશે લોકો ઉપર જ મૂકી દેવામાં આવી છે. એટલે સહેજે જે માબાપોને પોતાનાં બાળકોને પૂર્વ પ્રાથમિક કેળવણી આપવાની ઇચ્છા છે તેમના પર અને, જે દાનવીર લોકોને આવા કામમાં દાનને નામે મદદ આપવાની હોંશ છે એવા વર્ગ ઉપર એ જવાબદારી આવે છે. પરિણામે કેટલાંએક બાલમંદિરોમાં બહુ ભારે ફી રાખવામાં આવે છે તો કેટલાંએક બાલમંદિરોનો આર્થિક બોજો લોકો ઉપર સીધો આવે છે.

આજની સ્થિતિ એટલે જ્યાં સુધી બાલ-મંદિરોની આર્થિક જવાબદારી એ કેળવણી લેનારાં બાળકોનાં માબાપો ઉપર અથવા ધનિક વર્ગ ઉપર રહે છે ત્યાં સુધી બાલમંદિરોની દશા ગાયનવાદન, નૃત્ય, ચિત્રકલા વગેરેના બાનગી વર્ગો જેવી રહેવાની છે. ઉપલા વર્ગોમાં ૩, ૫, ૧૦ કે ૧૫ રૂપિયા માસિક ફી આપીને ભણનારો વર્ગ સમાજમાં છે; તેથી આગળ જઇને ૨૦—૨૫ રૂપિયા માસિક પગાર આપી ઘેર ભણાવનાર શિક્ષક રાખનારો વર્ગ પણ છે. અર્થાત્ આ બાબત ખર્ચાળ હોઈ લોકોએ એનો સઘળો બોજો પોતાના પર જ ગણ્યો છે અને ઉપાડે પણ છે. અને તેથી આજે બાલમંદિરો ખર્ચાળ છે એવો આક્ષેપ બાલમંદિરો ઉપર મુકાય છે તેવો આવા વર્ગો ઉપર મુકાતો નથી. અથવા એ વિષે ઉહાપોહ થતો પણ સાંભળ્યો નથી.

બાલમંદિરોની બાબતમાં આમ બન્યું છે. જેઓ ઘેર બાલશિક્ષકો રાખી શકતાં નથી એવાં માબાપોનાં બાળકોને પણ પૂર્વ પ્રાથમિક એટલે બાલમંદિરોની કેળવણી મળી શકે એ હેતુથી કેટલાએક શિક્ષકોએ જાતે બાલમંદિરો શરૂ કર્યાં; અર્થાત્ એનો આર્થિક બોજો લોકોએ જ ઉપાડવો રહ્યો. કેટલાએક શિક્ષકોએ છેક ગરીબ વર્ગો માટે બાલમંદિરો કાઢ્યાં તો કેટલાએક શિક્ષકો નાનાં ગામડાંઓમાં જઇને બાલમંદિરે ચલાવવા લાગ્યા. અર્થાત્ આ બધી સંસ્થાઓને

આર્થિક બોજો જનતા ઉપર પડ્યો. જેમ જેમ આવી શાળાઓની સંખ્યા વધવા માંડી તેમ તેમ દાનવીર લોકો પર ભાર વધતો ગયો અને તેમનો કચવાટ પણ શરૂ થયો. આવા કચવાટમાંથી માર્ગ કાઢવાના પ્રયત્નોમાં બાલમંદિરોની ફી વધારીને ફીમાંથી ખર્ચ પૂરું કરવાના પ્રયત્નો થયા. બાલમંદિરમાં જતાં બાળકોના માબાપોને એ ખર્ચ તેથી આકરો લાગ્યો. બાલમંદિરોને નામે માત્ર કમાણી કરનાર શિક્ષકવર્ગ પણ નીકળ્યો. આ બધાનું એકંદર પરિણામ એ આવ્યું કે લોકોના મનમાં બાલકેળવણી ખર્ચાળ છે અને આપણા ગરીબ દેશમાં ન પોસાય એવો એ શોખનો પ્રદેશ છે, એવી માન્યતા ઊભી થઈ.

પોસાવા ન પોસાવાની દૃષ્ટિએ જ વિચારીએ તો બધી સારી ગણાતી બાબતો બધાને કરવાનું પોસાતું જ નથી હોતું. ખાસ કરીને આપણા જેવા ગરીબ દેશમાં તો કોઈને પણ તે ન પોસાય એવી જ સ્થિતિ છે. આવશ્યક દવાઓ, સારાં સારાં દવાખાનાંઓ અથવા ઉચ્ચ દરજ્જાના ડૉક્ટરો આજે પણ ગામડાંઓમાં કે ગરીબ લોકોને ક્યાં પોસાય છે? સારાં સારાં વાચનાલયો ચલાવવાં ક્યાં કોઈને પોસાય છે? પૌષ્ટિક ખોરાક મેળવવાનું પણ ક્યાં સહુને પોસાય છે? એ રીતે જો બાલમંદિરો ખર્ચની દૃષ્ટિએ ન પોસાય તો તેટલા ખાતર જ એ બિનજરૂરી અથવા ફેંકી દેવા જેવી બાબત છે એમ ગણવું વ્યાજબી નથી.

આ રીતે વિચારતાં આજે ચાલી રહેલાં બાલમંદિરોમાં ફીનું ધોરણ કાંઈક નીચે જણાવ્યા પ્રકારનું રાખવું જોઈએ.

શ્રીમંત વર્ગ માટેનાં બાલમંદિરોમાં શિક્ષકોને પૂરતું વેતન મળવું જોઈએ. એમને લાયકનું મકાન, શિક્ષણ વિષયક સાધનો અને અન્ય ઉપસ્કર શ્રીમંત બાળકોની રોજની ટેવોને ધ્યાનમાં રાખીને વસાવવાં જોઈએ. અને આ બધી બાબતોનો ખર્ચ માબાપોએ ઉપાડવો જોઈએ. આવાં બાલમંદિરોએ સમાજ પાસેથી ફંડ તરીકે, સિનેમા નાટકો વગેરેના સ્વરૂપમાં અથવા તો મ્યુનિસિપાલિટીકે રાજ્ય જેવી સાર્વજનિક સંસ્થાઓ પાસેથી ગ્રાન્ટના સ્વરૂપમાં કોઈ જાતની આર્થિક મદદ માગવી જોઈએ નહિ. બાળક દીઠ માસિક ૧૦ કે ૧૫ રૂપિયા ફી આપવી ભારે ન પડે એવાં બાળકોનાં બાલમંદિરો માબાપો પાસેથી પૂરી ફી લઈને ચલાવવામાં જરાય વાંધો ન ગણાય. આવાં માબાપો પોતે ઘેર ૫૦–૬૦ કે ૧૦૦–૧૫૦ રૂપિયા પગાર આપી બાનગી શિક્ષક રાખી શકે તેવી સુસ્થિતિનાં હોય છે. પણ એ રીતે કેળવણી આપવાથી બાળકોને જોઈએ તેટલો લાભ મળતો નથી. એટલે આવા લોકો પોતે પોતાને ખર્ચે આવું એકાદ બાલમંદિર ચલાવે એ જ યોગ્ય છે. આ બાબતમાં ભાવનગર રાજ્યે એક સ્તુત્ય પગલું ભર્યું ગણાય. નાના રાજકુમારોને ભણાવવા સારૂ એકાદ યુરોપિયન ટ્યૂટર ન રાખતાં રાજ્ય તરફથી કુમારો માટે એક બાલમંદિર ચાલુ કરવામાં આવ્યું અને તેમાં બીજાં બાળકોને પણ સાથે લેવાનું રાખ્યું. ખરેખર એ પગલું પ્રશંસનીય જ ગણાવું જોઈએ. એ બાલમંદિર એમ ને એમ ચાલુ રહ્યું હોત તો વધારે સારું થાત; પણ આપણે એ પ્રશ્ન છોડી દઈએ. મુદ્દાનો પ્રશ્ન એ છે કે શ્રીમંતનાં બાળકો એકલાં એકલાં કેળવણી લે તેમાં તેમને કેળવણી યોગ્ય રીતે મળતી નથી. અર્થાત્ તેઓ પોતા માટે સ્વતંત્ર શાળાઓ ચલાવે અને એનો ખર્ચ પણ તેઓ જ ઉપાડે એ ધોરણ સ્વીકારવું જોઈએ. શ્રીમંતો માટે જુદાં અને ગરીબો માટે જુદાં બાલમંદિરો જોઈએ, અથવા તો આ વર્ગોએ અરસપરસ અલિપ્ત રહેવું જોઈએ એવો મારા કહેવાનો જરાય આશય નથી. સમાજમાંથી

ગરીબતવંગરનો ભેદ નીકળી જશે ત્યારે આવો સવાલ પણ રહેશે નહિ. મારા કથનનો હેતુ એ છે કે પોતાનાં બાળકોની કેળવણીનો ખર્ચ જેઓ ઉપાડી શકે છે તેમણે એ બોજો આપસમાં વહેંચી લેવો જોઈએ; સાર્વજનિક સંસ્થાઓ ઉપર એમનો બોજો પડવો ન જોઇએ. આવાં બાલમંદિરો ૧૦–૧૫ કે વધારે રૂપિયા માસિક ફી રાખે તો તેથી બીજા કોઈએ આંગળી ચીંધવાની પણ જરૂર નથી. "એકેક બાળકની કેળવણી પાછળ માસિક ૨૫ રૂપિયાનું ખર્ચ? અધધધ! આપણા ગરીબ દેશમાં આ શે પોસાય?" એમ ગભરાઈ જઈને બૂમરાણ કરવાની પણ જરૂર નથી. આવી શાળાઓમાં ફીનું ધોરણ ભારે હોય તેનું કારણ એ જ છે કે તેમના ખર્ચનો બોજો સામાન્ય જનતા ઉપર પડવો ન જોઈએ.

હવે બીજા વર્ગનાં બાલમંદિરો વિષે વિચારીએ. આવાં બાલમંદિરોમાં શિક્ષકો સારા હોય; તેમને યોગ્ય વેતન મળતાં હોય; શિક્ષણનાં સાધનો અને અન્ય ઉપસ્કર તેમ જ મકાન પણ જોઈતા પ્રમાણમાં અને યોગ્ય એવાં હોય. પરંતુ આ બાલમંદિરોનો બધો આર્થિક બોજો તેમાં ભણતાં બાળકોનાં માબાપો ઉપાડી શકે તેમ ન હોય. બાળક દીઠ માસિક રૂપિયા છથી આઠ નો ખર્ચ સરેરાશ આવતો હોય તેમાંથી અરધો એટલે ત્રણથી ચાર રૂપિયા ફી તરીકે માબાપો ઉપાડે અને બાકીનો ખર્ચ સમાજ, સન્ય અથવા મ્યુનિસિપાલિટી વગેરે સાર્વજનિક સંસ્થાઓ દ્વારા (સિનેમા, નાટકો અથવા ગ્રાન્ટના રૂપમાં) મળે એવી ગોઠવણ હોય.

આજે આપણે ત્યાં આ બીજા વર્ગમાં ગણાય તેવાં જ બાલમંદિરોની સંખ્યા મોટી છે. એનાં અનેક કારણો છે. ઘણાં નાનાંમોટાં શહેરોમાં જે પૈસાદાર વર્ગ છે તે પણ નાના ત્રણ વર્ષના બાળકની કેળવણી પાછળ માસિક ૮–૧૦ રૂપિયાનું ખર્ચ કરવા ખુશી હોતો નથી. મોટાં બાળકોને સારૂ ઘેર શિક્ષક રાખે તો ટ્યૂશનના કલાકના ૨૦–૨૫ રૂપિયા આપવા તે ટેવાયલો હોય છે; નાના બાળક સારૂ ઘેર આયા રાખવા ખાતર ૧૫–૨૦ રૂપિયા આપવાનું તેને પોસાય છે; છતાં એ વર્ગને બાલમંદિરમાં બાળક મોકલવામાં ૪–૫ રૂપિયા ફી આપવી પડે તો ગમતું નથી!

એક બીજી પણ વિચારવા જેવી બાબત છે. થોડાં-એક પૈસાદાર કુટુંબો આકરી ફી આપનારાં નીકળી આવે તોપણ એ સંખ્યા ૧૦–૧૨ કરતાં વધારે નથી. ઓછાંમાં ઓછાં ૨૦ થી ૨૫ બાળકો માટે એક અને ૪૦ બાળકો માટે બે શિક્ષકો તો જોઈએ જ. કાગળ ઉપર હિસાબ માંડવામાં આમ સંખ્યા ગણીએ તોપણ વાસ્તવિક રીતે ૨૦–૨૫ બાળકો હોય તોપણ બધાંમાં ઉંમર અને પરિસ્થિતિને કારણે પુષ્કળ ભિન્નતા હોવાથી એક જ શિક્ષક ૨૫ બાળકોનો વર્ગ સંભાળી શકતો નથી; છતાં ૬૦ બાળકો પાછળ ત્રણ શિક્ષકો હોય તો એ કામ સરળ થઈ જાય છે. એટલે ૫૦–૬૦ બાળકોનું બાલમંદિર ચલાવવું એ રીતે પોસાય. હવે ૧૦–૧૨ જ બાળકો એમાં પૂરેપૂરી ફી આપનારાં જો નીકળે તો આખા બાલમંદિરનું ખર્ચ એમાંથી નભે નહિ, અને સંખ્યા વધારવી જ જોઈએ. પણ વધારે સંખ્યા મધ્યમ વર્ગમાંથી મળે છે, અને એ કારણે બાલમંદિરની ફીનું ધોરણ નીચું લાવવું પડે છે. મુંબઇ જેવા મોટા શહેરમાં સરેરાશ ખર્ચના $\frac{3}{4}$ એટલે રૂપિયા ૫ કે ૬ માસિક ફી લેવાનું, $\frac{1}{2}$ એટલે કે ૩ થી ૪ રૂપિયા ફી લેવાનું તો કોઈ કોઈ સ્થળે $\frac{1}{4}$ એટલે માસિક ૨ રૂપિયા ફી લેવાનું ધોરણ જોઇએ છીએ. આમ હોવાનું કારણ લોકોના ભિન્ન ભિન્ન આર્થિક દરજ્જાઓ છે, અને એ દરેકને પહોંચી વળવાની યોજના પણ થઇ શકે છે.

પરંતુ દરેક નાનાં શહેરોમાં અથવા કસ્બાઓમાં બહુ તો એકાદ બાલમંદિર જ હોય છે, અને તેમાં ગરીબ તેમ જ પૈસાદાર સઘળા વર્ગનાં બાળકો સાથે હોય છે. પરિણામે પૈસાદારની દૃષ્ટિએ આવાં બાલમંદિરો ઊતરતાં દેખાય છે, મધ્યમ વર્ગને ફીની દૃષ્ટિએ તે પોતાને માફકસરનાં લાગે છે ત્યારે ગરીબ વર્ગ સારૂ ફી આકરી છે એમ એમને લાગે છે. જો પૈસાદાર વર્ગને માફક આવે એવું બાલમંદિરનું ધોરણ રાખવામાં આવે તો એનું ખર્ચ વધી જાય છે, કેમ કે ફીનું ધોરણ મધ્યમસરનું રાખેલ હોય છે. બીજી રીતે પૈસાદાર વર્ગનાં બાળકોને જતાં કરવાં પરવડે તેમ નથી હોતું, કેમકે ફી આપનારાં જે ૧૦–૧૨ બાળકો હોય તેઓ જ જો ન આવે તો ઇતર મધ્યમ વર્ગનાં બાળકો પૂરેપૂરી ફી આપનારાં નીકળતાં નથી; અને એથીય નીચલા થરનો વર્ગ તો ફી આકરી છે એમ કહી પોતાનાં બાળકોને મોકલતો જ નથી !

આ રીતે નાનાં શહેરોનાં બાલમંદિરોની સ્થિતિ ભારે કફોડી ગણાય. આવે સ્થળે તે તે ગામને પરવડે તેવી જાતની ફીનું સામાન્ય ધોરણ રાખવું જોઇએ, અને એને પરિણામે ખર્ચમાં જે ખાડો રહે તે વધારે ખર્ચી શકે એવા ધનિક વર્ગે પૂરવો જોઈએ. રૂપિયા બે જ ફી આપ્યા પછી તેમણે એવી ફરિયાદ ન કરવી જોઈએ કે કૉન્વેન્ટ જેવી સુંદર આ સંસ્થા નથી. ઊલટું માસિક નાનીમોટી રકમની મદદ આપીને અથવા અપાવીને તેમણે આવાં બાલમંદિરો નભાવવાનો પરિશ્રમ કરવો જોઇએ.

સમાજમાં મધ્યમ અને ગરીબમધ્યમ વર્ગ જ એવો વર્ગ છે જેને કેળવણીની સાચી કિંમત સમજાય છે. ઘરમાં પૈસો ન હોય તોપણ સંસ્કારી જીવન ગાળવાની તેમની ઇચ્છા તીવ્ર હોય છે. તેમની જરૂરિયાતો મન અને શરીર બંનેની વધી હોય છે, પણ તે પ્રમાણમાં આવક વધતી નથી. અગાઉના વખતમાં બાપેદીધે સુખી ગણાતા વર્ગને રોજ ધોબીનાં ધોયેલાં કપડાંની જરૂરિયાત રહેતી નહિ; ઘેર ખુરશી અને ટેબલો રાખવાની આવશ્યકતા તેમને ભાસતી નહિ; બીજી અનેક જરૂરિયાતો ઓછી હતી. આજે આ બધી બાબતો આવશ્યક અને ન ત્યજી શકાય એવી રોજની જરૂરિયાતમાં ગણાય છે. એક કાળ એવો આવી ગયો જે વખતે થોડુંક ભણ્યા પછી ઘેર નોકરચાકર રાખી સુખશાંતિથી રહેવા જેટલું માણસ કમાઈ શકતો હતો. આજે એ કાળ રહ્યો નથી. મોંઘવારી વધી છે અને નોકરી પણ ઝટ મળતી નથી; કોઈ નવો ધંધો કરવા ધારે તો તે પણ જલદી પૈસો મેળવી આપે તેવો ધીકતો થશે, એમ કહેવાય નહિ. છતાં માણસની રોજની જરૂરિયાતો (માનસિક તેમ જ શારીરિક) વધતી જ જાય છે. અઢી વર્ષના નાના બાળકને પણ કેળવણી આપવાની એવી જ એક નવી જરૂરિયાત આવી પડી છે ! અર્થાત્ એનો વિરોધ કરવાનું ઘણાંને મન થઈ જાય છે, છતાં એ જરૂરિયાતનું સાચું ભાન પણ આ વર્ગને જ થાય છે. આ મધ્યમ – ગરીબ મધ્યમ વર્ગમાં જ સમાજનો કેળવાયેલ અને બુદ્ધિશાળી વર્ગ હોવાથી બાળકેળવણીની આવશ્યકતા તેને ગળે ઝટ ઊતરે છે. વળી બાલમંદિરમાં બાળક બપોરના ચાર કલાક જાય એથી ઘેર માતાને આરામ મળે છે તે પણ ઘણાંને ગમે છે. કોઈ કુટુંબમાં માતા કોઈક જાતની કમાણી અર્થે જતી હોય ત્યાં બાળકને આયા કે નોકરને હવાલે મૂકી જવા કરતાં સારા કેળવાયેલ વાતાવરણનો લાભ મળતો હોય તો તે લેવાનું તેમનું દિલ થાય એ સ્વાભાવિક છે. આમ અનેક રીતે આ મધ્યમ વર્ગને બાલમંદિરો આવકારદાયક જણાયાં છે. "બાળક જો આનંદમાં રહેતું હોય તો ભલે ત્રણ રૂપિયા ખર્ચાતા !" "ભલે બે રૂપિયા ફી ભરવી

પડે; ઘેર એટલી નિરાંત તો થશે!" "ઘેર નોકર રાખીએ તો ૮–૧૦ રૂપિયા તો થશે જ. એ કરતાં બાલમંદિરની ચાર રૂપિયા ફી શી ખરાબ છે?" આવા વિચારથી અને કાંઈ નહિ તો પડોશીનું બાળક બાલમંદિર જતું હોય ત્યારે પોતાના બાળકને પણ મોકલવું પડે એ શિષ્ટાચારથી પણ આવા બાલમંદિરનું ખર્ચ મધ્યમ વર્ગનાં માબાપોને ઉપાડવું પડે છે.

એકંદરે આજે ચાલતાં બાલમંદિરો મધ્યમ વર્ગનાં બાળકો માટેનાં મોટે ભાગે હોય છે. બેશક બાલમંદિરનો પૂરેપૂરો ખરચ માબાપો ઉપાડી શકતાં નથી એટલે એક યા બીજી રીતે એનો બોજો સમાજ ઉપર જ પડે છે. લોકોને એ બોજો ભારે લાગે છે કેમકે પ્રાથમિક કેળવણી પ્રમાણે જ પૂર્વ પ્રાથમિક કેળવણી આપવાની જવાબદારી પણ મ્યુનિસિપાલિટી કે રાજ્યે સ્વીકારી નથી. જોકે ધીમે ધીમે આવાં બાલમંદિરો રાજ્યની મદદ મેળવતાં થયાં છે, પરંતુ મોટે ભાગે એમને લોકોની મદદ ઉપર જ નભવું પડે છે.

જે વર્ગ પાસે લોકોપયોગી કાર્યો પાછળ ખર્ચી શકાય એટલું દ્રવ્ય છે તેવાઓએ એટલે ધનિક વર્ગે આજ સુધી ધર્મશાળાઓ બંધાવવામાં, દેવમંદિરો બંધાવવામાં, તળાવો કે વાવકૂવાઓ ગળાવવામાં, અન્નછત્રો ચલાવવામાં અને આજ-ના જમાના તરફ જોઈએ તો કલંબ બંધાવવામાં અથવા - એટહોમ કે ડિનરપાર્ટીઓમાં દ્રવ્યનો વ્યય કર્યો જ છે, અને હજુ કર્યે જાય છે. આ દ્રવ્યપ્રવાહ હવે લોકોની જે નવી જરૂરિયાતો ઊભી થતી જાય છે તેને પહોંચી વળવા તરફ વહેવો જોઈએ–વહેવડાવો જોઈએ. બેશક નવી જરૂરિયા-તોમાં આજે બાલમંદિરોને પહેલું સ્થાન મળી શકશે નહિ, કેમકે પેટ પૂરતું ખાવાનું અથવા કપડાં મળવાં પણ આજે મુશ્કેલ થઈ પડ્યાં છે. કરોડો લોકોને સામાન્ય કેળવણી મળવાનાં પણ આજે સાંસાં છે. પરિણામે રાષ્ટ્રનિયોજનમાં બાલ-કેળવણીને છેલ્લું સ્થાન મળ્યું એ ન ગમતું હોય તો પણ આજની ઘડીએ એ સ્વીકારી લીધા સિવાય છૂટકો નથી.

આ પરિસ્થિતિમાં ગરીબ મધ્યમ વર્ગ, પછાત વર્ગ અને ગામડાના અશિક્ષિત વર્ગ વગેરે માટે કેવી રીતે માર્ગ કાઢવો એ એક મોટો કોયડો છે. જ્યાં અરધો કે પા ભાગનો તો શું પણ સોમા ભાગનો પણ ખર્ચ માબાપો ઉપાડી શકે તેમ નથી, એવાં બાળકોની કેળવણીનો સવાલ વિચારવો કે સાવ છોડી જ દેવો?

પરિસ્થિતિ વિકટ હોય ત્યારે હાથમાં લીધેલ સવાલ છોડી દેવામાં કશી પણ શોભા ન ગણાય. અર્થાત્ આવા લોકો માટે કઈ જાતની બાળશાળાઓ થઈ શકે તે શોધી કાઢવું જોઈએ. કહેવત છે કે "अर्धं त्यजति पंडितः"

બાલમંદિરો સારૂ મકાનનો પણ વિચાર કરી લેવો જોઈએ. ખુલ્લાં મેદાનોમાં, કોઈ ઝાડ તળે, નદીને કાંઠે, કોઈ મંદિર અથવા ધર્મશાળામાં કે સાર્વજનિક બગીચાઓમાં અથવા ગામને છેડે પડતર મકાનો કોઈ હોય તો ત્યાં અથવા એવી જ કોઈ જગ્યાએ બાળશાળા ઉઘાડવાની શક્યતા વિચારી લેવી જોઈએ.

શિક્ષકોનો પ્રશ્ન પણ વિચારનો ઘટે. નિર્વેતન શિક્ષક બધે સ્થળે ન મળી શકે તોપણ, જ્યાં જ્યાં તેઓ મળી શકે તેવું હોય ત્યાં ત્યાં શોધી કાઢવાના પ્રયત્નો કરવા જોઈએ. મહાત્માજીએ આ કામ ઉપાડી લેવાનું મહિલા પરિષદને સૂચવ્યું હતું. ફંડ કરીને એણે કોઈ કોઈ સ્થળે–બહુ જૂજ સ્થળોએ એ કામ શરૂ પણ કર્યું. પરંતુ જો તેમણે એમાં પોતાનો જ બચત વખત અને જાતની મહેનત આપવાથી શરૂઆત કરી હોત તો?

ગામડાંઓનો પ્રશ્ન હાલ બાજુએ રાખીએ તો કરવાઓ કે નાનાં શહેરોમાં રહેતાં સુખી કુટુંબોની સ્ત્રીઓ પોતપોતાના ગામ પૂરતું આ કામ જરૂર ઉપાડી શકે. પરંતુ આ કામ અથવા રાષ્ટ્રનિયોજનનું અન્ય કોઈ બીજું કામ હજુ સ્ત્રી વર્ગે મોટા પાયા પર ઉપાડયું જ નથી. આજે મારી આસપાસ હજારો બાળકો પડ્યાં છે; અને એવાં બે ત્રણ મહિલામંડળો પણ પડખે જ ચાલે છે, જેમાંથી સહેજે પાંચપચ્ચાસ સ્ત્રીઓ આવાં કામો ઉપાડી શકે. પરંતુ એકે મંડળ આવું કામ નિર્વેતન કરવાનું હાથ ધરવા તૈયાર થતું નથી એ જોઈ ખેદ થાય છે. ઊલટું રેલ્વે સ્ટેશનથી ઘણે દૂર થામણામાં એક વેપારીભાઈના સુપુત્રે પોતાના નવરાશના વખતમાં ગામનાં નાનાં નાની બાળકોને એકઠાં કરી નાનું એવું એક બાલમંદિર ચલાવવા માંડયું અને સમાજ પાસે એક નવો આદર્શ ધરી દીધો! કેવી ખુશી થવા જેવી બાબત છે? ગામલોકોએ એને મફત મકાન કાઢી આપ્યું. ગામ લોકોમાંથી કોઈ કોઈ બાળકોને નાસ્તા વખતે ચવેણું પણ પૂરું પાડે છે. બાળકો સ્વચ્છ થઈ બાલમંદિરમાં આવે છે, ગાય છે, વાર્તાઓ સાંભળે છે, બાગકામ કરે છે, રમે છે અને ખુશી થઈ ઘેર પાછાં જાય છે. આ કામને યોગ્ય દિશામાં થતા કામ તરીકે હું ગણાવું છું.

આપણો દેશ ગરીબ છે, અજ્ઞાન છે; દેશમાં આથી વધારે અગત્યના અનેક પ્રશ્નો ડોકિયાં કરી રહ્યા છે. એ બધું સાચું છે. પરંતુ જેને કામ કરવું જ છે તેને કશી અડચણ દેખાતી નથી, આડે આવતી નથી. અને જેને કામ ન જ કરવું હોય તેને મુશ્કેલી પાર વગરની દેખાય છે, એ પણ એટલું જ સાચું છે.

તા.

નજીવો સુધારો

શાળામાં અરીસો રાખવો એ વાત નજીવી ને મામૂલી લાગે તેવી છે, પણ એ ભારે ઉપયોગી પુરવાર થઈ છે. પચીશ ત્રીશની સંખ્યાવાળી નાની શાળા હોય તો એક અરીસો બસ છે, નહિતર વર્ગદીઠ એક અરીસો જોઈએ. શાળાની શરૂઆત થતા પહેલાં દાખલ થવાના બારણા પાસે એક અરીસો મૂકવો જોઈએ જેથી સૌ પોતાનો ચહેરો-આંખ, મોં, કાન, દાંત, વાળ વગેરે જોઈ લ્યે. સાથે નાની કાતર મૂકી હોય તો વધારે સારું, જેથી નખ કાપવામાં ઉપયોગી થઇ પડે.

આમ કરવાથી બહુ ખર્ચ નહિ વધે પણ સ્વચ્છતા પ્રત્યે વિદ્યાર્થીઓનું લક્ષ જરૂર ખેંચાશે. બાલમંદિરોમાં તો આવું બધું હોય જ છે. પણ પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, કન્યાશાળાઓ, ને હાઈસ્કૂલોમાં પણ અરીસો દાખલ કરવાની જરૂર છે. આપણા વિદ્યાર્થીઓના જીવનમાં સ્વચ્છતા ને સુઘડપણાની ટેવો આગ્રહપૂર્વક ઉતારવાની જરૂર છે.

અરીસો, દાંતિયો, કાતર ને રૂમાલની પેઠે કચરો નાખવાની ટોપલી પણ નવા આચારોમાં અગત્યનું સ્થાન ધરાવે છે. ઘેર ઘેર ને શાળાઓમાં ઓરડાદીઠ એકેક ટોપલી હોય તો કચરો જ્યાં ત્યાં ફેંકવાને બદલે ટોપલીમાં જ નાખવાની ટેવ પડે. આમ જે કોઈ નાનું કે મોટું સાધન સ્વચ્છતા ને સુઘડ ટેવ માટે ઉપયોગી હોય એ વસાવી લેવું જરૂરી છે. સ્વચ્છતાની વાત આવી એટલે નાની સુપડી સાવરણી પણ ન રહી જવી જોઈએ: નાની સુપડી સાવરણી તો વાળવાની મંજા લેવા ખાતર હાથમાં લેવાનું મન થાય તેવું નાજુક ને આકર્ષક સાધન છે.

કોઈ પણ નવી ટેવ પાડવા ને વાતાવરણ ઊભું કરવા શરુઆતમાં વિદ્યાર્થીઓને અરીસામાં જોઈને પછી જ ઓરડામાં આવવાનું કહેવું પડશે. વાતાવરણ ઊભું થયા પછી તો સૌ આપોઆપ દિવસમાં કેટલીયે વાર મોં, વાળ, દાંત, જીભ વગેરે જોઈ આવશે ને બાળકે ટોપી બરાબર નહિ પહેરી હોય તો સરખી કરી લેશે. આપણે તિરસ્કારથી કે બીજાઇને કહીએ એથી તાત્કાલિક અર્થ સરે પણ સુઘડ ટેવ ઘર ન કરે; જ્યારે અરીસો સાચી વાત શાંતિથી કહે છે. આપણેય શાંતિથી કહીએ તો વિદ્યાર્થીઓ જરૂર સમજે; નહિતર તિરસ્કાર, ક્રોધ કે અપમાન તેની નજર સામે તર્યા કરે ને નાક, આંખ, વાળ કે કાન સાફ કરવાની વાત બાજુએ રહી જાય.

અરીસાની સાથોસાથ બીજી બે વસ્તુઓ આવે છે. એ છે રૂમાલ અને દાંતિયો. આ બધા નવા આચારો બાલમંદિરમાં છે પણ બીજી શાળાઓમાંયે દાખલ કરવા જેવા છે. શરૂઆતમાં વિદ્યાર્થીઓને કહેવું જોઈએ કે રૂમાલ ને દાંતિયો સૌએ લાવવાનાં છે. થોડા દિવસ તપાસ કરવી ને યાદ આપવું જોઈએ. પછીથી તો ટેવ કે રૂઢિથી સૌ લાવશે જ. આજે પાટીપેન માટે માબાપને કશું કહેવું પડતું નથી તેમ ભવિષ્યમાં રૂમાલ દાંતિયા વિષે પણ નહિ કહેવું પડે. આવાં થોડાં સાધનોથી સ્વચ્છતા ને સુઘડતાની બાબતમાં આપોઆપ ઘણો ફેરફાર થયેલો થોડા વખતમાં જોવામાં આવશે.

ટાપટીપ, સુઘડતા કે સુસજ્જતામાં છોકરા કરતાં છોકરીઓ વધારે આગળ હોય તેમ જણાય છે. છોકરાઓ લધરવધર લૂગડાંવાળા, ઝંથરા વાળવાળા, ફાટલાં ને ગંદાં કપડાંવાળાં, વળેલી ને વાંકી ટોપીવાળા અને હાથમોઢું ધોયા વિનાના વધારે પ્રમાણમાં હોય છે જ્યારે છોકરીઓ કોઇક અથવા ઓછા પ્રમાણમાં આવી સ્થિતિમાં જોવામાં આવે છે. આને માટે છોકરીઓનો પોશાક કદાચ વધારે અનુકુળ હશે; માતાઓ પણ સ્વજાતિ પ્રત્યે કદાચ વધારે જાણ્યે અજાણ્યે પક્ષપાત ધરાવતી હોય. 'છોકરા નાગા-ઉઘાડા રહે તેનો બહુ વાંધો નહિ, પણ દીકરીને તેમ ન જ ચાલે' વાળા લોકમાનસની પણ અસર હોય. સમજુ માતાઓએ સ્વચ્છતા ને સુઘડતાની બાબતમાં છોકરાછોકરીઓ વચ્ચે ભેદ રાખવો ઠીક નથી. કન્યાશાળાઓ, મહિલાવિદ્યાલયો કે કુમારી મંદિરોમાં જે સ્વચ્છતા, સુઘડતા ને સુંદરતા જોવામાં આવે છે તેવી છોકરાઓની શાળાઓમાં નજરે પડતી નથી. આને માટે શિક્ષકભાઈઓએ થોડી ચીવટ રાખી જીભ વાપરવાની જરૂર છે. થોડા દિવસો શાળાની શરૂઆત વખતે તપાસ કરી પ્રેમથી યાદ આપવું જોઇએ. નાની બાબતોના સુધારા બાતા મારફત નહિ પણ જાતે કરી શકાય; ને આમ ડગલે ડગલે આગળ વધતાં એક દિવસ જોઇશું કે આપણે ઘણે દૂર પહોંચ્યા છીએ. પણ આગળ પગલું ભરવું જોઇએ. એ મુદ્દાની વાત ભુલાવી ન જોઇએ.

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર,
તા. ૧૦–૯–૪૦. } હેમુભાઈ.

મોન્ટીસોરી શિક્ષણ પ્રચારમાળા

લેખકોઃ સ્વ. ગિજુભાઈ અને શ્રી. તારાબેન.

કિંમત ૦–૧૦–૦ ટપાલખર્ચ ૦–૨–૩

મગાવો : "શિક્ષણ પત્રિકા" કાર્યાલય
૧૧૮ હિંદુ કોલની, દાદર.

પ્રવાસ સમાચાર

છેલ્લા બે ત્રણ માસથી ગુજરાત તરફના પ્રવાસો કરવાની શ્રી. તારાબેનને વધુ તક સાંપડી છે. ગઈ તા. ૩૧ મી જાન્યુઆરીથી બીજી ફેબ્રુઆરી સુધીના દિવસોમાં વડોદરા તથા વરણામા બાલમંદિરની ઉદ્‌ઘાટન ક્રિયાને અંગે સારો એવો કાર્યક્રમ શ્રી. તારાબેનને હસ્તક પાર પડ્યો.

પહેલે દિવસે બપોરે બાર વાગે વડોદરામાં ચાલતા શિશુભારતી–જે અધ્યાપનમંદિરના એક ઉત્સાહી ભાઈ શ્રી. કમળાશંકર પંડિતના પ્રયાસનું ફળ છે, તેનું નિરીક્ષણ થયું. લગભગ ત્રણેક કલાક સુધી શાળાનું કામ જોવામાં ગાળ્યા હતા.

બીજે દિવસે ત્રણ વાગે પુરુષ અધ્યાપન પાઠશાળામાં (ટીચર્સ ટ્રેનિંગ કોલેજ ફોર મેન) કાર્યક્રમ યોજાયો હતો. કેળવણીમાં નવી દિશા અને શહેરોની સાથે ગામડાનાં બાળકોના પ્રશ્નનો પણ કંઈક વિચાર થવાની શરૂઆત થવી જ જોઈએ,એ મતલબનું વ્યાખ્યાન શ્રી. તારાબેને આપ્યું. શિક્ષકો ગામડાની શાળાઓ માટે શું શું કરી શકે તે સમજાવવા તેમણે યત્ન કર્યો હતો.

સાંજે શિશુભારતીના જ મકાનમાં એક જાહેર સભા યોજાઈ હતી. તે વખતે આપણા સંઘનો ઉદ્દેશ તથા કાર્યની રૂપરેખા શ્રી. તારાબેને સમજાવ્યાં હતાં; ઉપરાંત સંઘની માહિતી અને ઈતિહાસ પણ આપ્યો હતો.

આ જ વખતે સંઘના પ્રચારક શ્રી. ધનુભાઈ ભટ્ટ પણ અમદાવાદથી વડોદરા આવી પહોંચ્યા હતા. સભામાં તેમણે પણ હાજરી આપી હતી અને શ્રી. તારાબેન સાથે તેમણે પણ લોકો સમક્ષ સંઘની વધુ હકીકત મૂકી હતી.

એ જ રાત્રે શ્રી. કેશવભાઇ પટેલ અને શ્રી. મણિબેન તરફથી ચાલતા આનંદ બાલમંદિરમાં શ્રી. તારાબેન સાથે માત્ર કાર્યકર મિત્રોની મુલાકાત અને વાતચીત થઈ હતી.

બીજે દિવસે વરણામા બાલમંદિરની ઉદ્‌ઘાટન ક્રિયા કરવા શ્રી. તારાબેન ગયાં હતાં.સવારે જ્ઞાનમંદિરના થયેલ મુહૂર્ત વખતે પણ તેમણે હાજરી આપી હતી અને પ્રસંગોચિત બે શબ્દો પણ કહ્યાં હતા.

વસંતપંચમી જેવા મંગલ દિવસે વરણામા સેવાસમાજ તરફથી પ્રાંત પંચાયતના અધ્યક્ષ શ્રી. મગનભાઈ શંકરભાઈ પટેલના પ્રમુખપદ નીચે બાલમંદિરની ઉદ્‌ઘાટન ક્રિયા થઈ હતી.

શ્રી. મગનભાઇએ સ્વ. ગિજુભાઈના યત્નોને અંજલિ આપી હતી અને શ્રી. તારાબેનને સ્વર્ગસ્થના સાથીદાર જણાવી બાલમંદિરના ઉદ્‌ઘાટનનું કાર્ય કરવા વિનંતિ કરી હતી.

શ્રી. તારાબેનનું ભાષણ

શ્રી. તારાબેને ઉદ્‌ઘાટનનું ભાષણ આપતાં જણાવ્યું હતું કે બાલમંદિર એક મહત્ત્વની પ્રવૃત્તિ છે. બાલપણમાં જે જાતનું વલણ મળે, તેની ઉપર આખી જિંદગીનો આધાર રહે છે.

શહેર અને ગામડાની જુદી સ્થિતિ

વરણામા એ વડોદરાની પાસે છે અને રેલ્વે લાઈન ઉપર છે. ગામડાના લોકો શહેરનું અનુકરણ કરવા પ્રેરાય છે. એમને થાય છે કે આપણે પણ એમના જેવા થઇએ. પરંતુ શહેરની રીત એવી છે કે માણસ જોઇને અંજાઇ જાય. હું મુંબઈમાં બાલમંદિર ચલાવું છું એનું અનુકરણ અહીં થાય નહિ. ગામને અને ગામનાં બાળકોને અનુકૂળ થાય, ગામડાની રીતે તેનો વિકાસ થાય, એ જાતના પ્રયત્નો કરશો તો અમને પણ માર્ગદર્શક થઈ પડશે.

બાળકેળવણીનો ખર્ચ

સાધનો માટે બાળકો જ આપણને રસ્તો બતાવે છે. બધાં મોન્ટેસરી પદ્ધતિનાં સાધનો આપણા દેશને પાલવે તેવાં નથી એમાં અર્ધું સત્ય છે. એકદમ સાધનો વસાવી દેવાં એ પણ ઠીક નથી. દેશમાં ગરીબાઈ ખૂબ છે, છતાં દેશને પોસાય નહિ એવી તો જીવનમાં ઘણી વસ્તુઓ કરીએ છીએ; માત્ર બાલકેળવણીમાં ખર્ચ કરવો ગમતો નથી.

બાલશિક્ષણ એવું મોંઘું નથી

કે જે આપણને ન જ પોસાય. માનવ જાતની જ્યારે સંભાળ લેવાનો વખત આવે છે ત્યારે આપણે કરકસર કરવા જઈએ છીએ એ ખોટું છે. તમે બધા ખેતીવાડી કરનારા લોકો છો. નાનાં ઝાડવાંને ખાતરપાણી આપવાની તેમ જ તેની સંભાળ રાખવાની જરૂર તમે જાણો છો. તેવી જ રીતે બાળકોની કેળવણીનો આપણે વિચાર કરવો જોઈએ.

જે સંસ્થા આપણે શરૂ કરીએ છીએ તે એક કોમ કે અમુક વર્ગ માટે નહિ પણ બધી કોમનાં બાળકો માટે હોવી જોઈએ, અને એમને પોસાય તે રીતે દાખલ કરવાની રીત રખાવી જોઈએ. વરણામામાં અનેક પ્રવૃત્તિઓ સાથે આ બાલવાડી ખીલી નીકળે અને તેની દિન પ્રતિદિન પ્રગતિ થાય એમ ઇચ્છું છું.

શ્રી કમળાશંકર પંડિત

બાદ વડોદરા શિશુભારતીના આચાર્ય શ્રી. કમળાશંકર પંડિતે વિવેચન કરતાં બાલમંદિર-સ્થાપવા માટે ભાઈ ચીમનભાઈ અને બીજા કાર્યકર્તાઓના ઉત્સાહનાં વખાણ કરી એમની માગણી પ્રમાણે ભાવનાશાળી શિક્ષક ભાઈ પુરુષોત્તમદાસ (ગાયકવાડ) મળી આવ્યાનું કહી લોકોને બાલમંદિર દ્વારા કકકો કે એકડા બાળકોને ઉતાવળે શીખવી દેવાની લાલચ નહિ રાખતાં, એમના સંસ્કારો અને જિજ્ઞાસા ખીલવવાનું અને એ દ્વારા જ ધીરે ધીરે અક્ષરજ્ઞાન મળતું રહેવાનું જણાવ્યું હતું.

પછી બાલમંદિરના આચાર્ય શ્રી. પુરુષોત્તમદાસે મનુષ્યને આધ્યાત્મિક જ્ઞાન માટે જેમ ધર્મમંદિરની જરૂર છે તેમ જ બાળકોને કેળવણી માટે બાળમંદિરની જરૂરિયાત દર્શાવી હતી.

શ્રી. ચીમનભાઇ અમીન

પછી શ્રી. ચીમનભાઈએ વિવેચન કરતાં શ્રી સેવાસમાજે અંગ્રેજી શાળા, વ્યાયામ શાળા, મહિલા પુસ્તકાલય, બાલપુસ્તકાલય, અભ્યાસ-ગૃહ વગેરે પ્રવૃત્તિઓ ઉપરાંત ઉપાડેલા આ જવાબદારીભર્યા સાહસકાર્યમાં સર્વને હંમેશની જેમ સાથ આપવા જણાવ્યું હતું. બાળકોને નાસ્તા માટેની તેમજ અન્ય મળેલી ભેટો જાહેર કરી હતી, અને જુદા જુદા ભાઈઓ પાસેથી સંસ્થાને મદદ મળ્યા કરવાની શ્રદ્ધા દર્શાવી હતી.

જે પછી આભાર માની કૂલહાર થયા બાદ મેળાવડો વિસર્જન થયો હતો.

તે જ દિવસે સાંજે પાછા ફરતાં વડોદરામાં શ્રી. તારાબેનના પ્રમુખપદ નીચે આનંદ બાલમંદિરનો વાર્ષિકોત્સવ થયો હતો. બાલમંદિરનાં બાળકો તરફથી આનંદના વિવિધ પ્રસંગો ઉજવાયા હતા અને મોડી રાત્રે સૌ વીખરાયા હતા.

ગુજરાતના કાર્યકરો સાથે આ રીતે વધુ જીવંત સંબંધ બંધાવાનું અને કાર્યને સંગઠિત કરી વધુ વેગવાન બનાવવાનું કાર્ય ધીમે ધીમે આગળ ધપી રહ્યું છે.

[કાર્યાલય]

આવતો અંક વી. પી.

આ અંક સાથે પંદરમું વર્ષ પૂરું થાય છે.

આ વર્ષથી સંઘના બંધારણમાં ફેરફાર થયો છે તે પ્રમાણે દરેક ગ્રાહક ઓછામાં ઓછું સામાન્ય સભ્યનું લવાજમ ૧–૮–૦ અવશ્ય મોકલે એવી વિનતિ છે.

શાળા–પુસ્તકાલયો જેઓ કોઈ પણ જાતના સભ્ય ન થવા માગતા હોય તેઓ લવાજમનો રૂા. ૧) એક અવશ્ય મોકલે.

તા. ૨૦–૩–૪૧ થી નવા વર્ષનાં વી. પી. થશે. બધા જ ગ્રાહકો સંઘના સામાન્ય સભ્ય થશે એમ માની રૂા. ૧–૧૨–૦ નું વી. પી. દરેકને રવાના થશે. ગ્રાહકોએ તે પહેલાં મ. ઓ. થી અથવા પોસ્ટલ ઓર્ડરથી કે ટિકીટોથી લવાજમ મોકલી આપવું. વી. પી. માં નાહકનું રૂા. ૦–૪–૦ આનાનું ખર્ચ વધારે લાગે છે.

કૃપા કરી ગ્રાહકો વી. પી. સ્વીકારી લે.

વ્યવસ્થાપક.

ઉદ્ધાર હાથ લંબાવશો ?

શિક્ષણપત્રિકા **હરિજન શાળાઓ** તેમ જ **જિજ્ઞાસુ હરિજન વાચકોને** મફત આપવાની યોજના મુંબઈમાં કાર્યાલય ફેરવાયા પછી તેમ જ લડાઇને અંગે કાગળોની મોંઘવારીને કારણે ગયે વર્ષે લગભગ બંધ જેવી રહી છે. આશરે ૬૦–૭૫ જેટલા જિજ્ઞાસુભાઇઓને આ લાભ આપી શકાયો નથી; અમને એનું દુઃખ છે.

ઉદ્ધાર ભાઈબહેનો આ યોજનામાં થોડી મદદ આપીને આવાં જિજ્ઞાસુ ભાઈબહેનોને મફત શિક્ષણપત્રિકા પહોંચાડવામાં પોતાનો હાથ લંબાવશે ?

તંત્રી

શિશુવિહાર બાલઅધ્યાપનમંદિર

મુખ્ય અધ્યાપિકા : શ્રી. **તારાબેન મોડક**

ઘણાં ભાઈબહેનો તરફથી વારંવાર પુછાણ આવે છે કે નવીન બાલશિક્ષણ પદ્ધતિની તાલીમ લેવી હોય તો કયાં જવું ? સંભવ છે કે દાદર (મુંબઈ ૧૪) હિંદુ કોલનીમાં 'શિશુવિહાર' ની સાથે જ આવું અધ્યાપનમંદિર ચાલે છે એની માહિતી ઘણાંઓને ન હોય.

આ અધ્યાપનમંદિરને મુંબઈ સરકારે માન્ય (recognize) કરેલું છે. તેમાં ગુજરાતી અને મરાઠી બંને ભાષા જાણવાવાળાં ભાઈબહેનો દાખલ થઈ શકે છે.

અભ્યાસક્રમ બાલક્રીડાંગણના પ્રમાણપત્ર માટે છ મહિના અથવા એક સત્રનો છે અને નૂતન બાલશિક્ષકના પ્રમાણપત્ર માટે એક વર્ષનો છે. વર્ષની શરૂઆત દરેક જૂન મહિનાથી થાય છે.

પ્રી, અભ્યાસક્રમની વિગતો, રહેવાની ગોઠવણ, વગેરે માટે નીચે પ્રમાણે પત્રવ્યવહાર કરવો:—

મુખ્ય અધ્યાપિકા, **શિશુવિહાર**

બાલઅધ્યાપનમંદિર

હિંદુ કોલની, ૪થી ગલ્લી; **દાદર** (મુંબઇ ૧૪)


જોઇએ છે

બાલમંદિરમાં કામ કરવા માટે નૂતન બાલશિક્ષણની તાલીમ પામેલ એક શિક્ષક અથવા શિક્ષિકા. પત્રવ્યવહાર નીચેને સરનામે કરવો:—

પ્રમુખ, **શ્રી પાલીતાણા બાલમંદિર,**

પાલીતાણા – કાઠિયાવાડ.

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઇ ૪.
પ્રકાશક : તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલોની, દાદર.



સા ગ ર ના ખ જા ના

શિક્ષણપત્રિકા ભેટઅંક ૧૯૯૭

બાગરનો બબ્બનો

જગુ અને જની બે ભાઈબહેનો.

ઉનાળો હતો. સવારની શાળા હતી. બપોરે શું કરવું ? તેઓએ બપોર ગાળવા માટે એક સરસ જગ્યા શોધી કાઢી.

બગીચામાં એક મોટું ઝાડ હતું. તેની બાજુમાં વેલનો એક માંડવો હતો. તેની નીચે જઈને બન્નેએ બેસવાનું નક્કી કર્યું. નહિ તો બીજું શું કરે ?

આમતેમ ફરે તો તડકો લાગે; ઘરમાં બેસે તો બકારો થાય. બપોર વચ્ચે મા અને બા તો જરા આડું પડખું કરે, એટલે ઘરમાં રમાય પણ નહિ.

તેથી જગુ જનીએ આ જગ્યા શોધી કાઢી. કોઈ વાર ચિત્રની ચોપડી લઈ જાય; તેમાંથી ચિત્રો જુએ. કોઈ વાર ખિસકોલીનો સાતતાપલી દાવ જુએ, તો વળી કોઈ વાર ચકલાં માળા કરતાં હોય તે જુએ. આમ જાતજાતની ગમ્મત કરે.

આજે તો જનીએ એક મોટું પુસ્તક

આણ્યું હતું. એનું નામ ભંડાર. એ સાચે જ ભંડાર હતો. જાતજાતનાં ચિત્રો, જાતજાતની વાતો તેની અંદર ભરેલી હતી.

જની વાંચી બતાવતી હતી, ને જગુભાઈ સાંભળતો હતો.

તેમના મનમાં રોજ થાય, દરિયાને તળે શું હશે? તેમને એમ કે કોઈ વાર દરિયાને તળિયે જવાય તો કેવું સારું! તેમણે રૉબિન્સન ક્રુસોની વાર્તા વાંચેલી; ગલિવરની ને સિંદબાદની દરિયાઈ મુસાફરીઓ પણ વાંચેલી. એટલે તેમને હમેશ થાય કે દરિયાઈ મુસાફરી કરવા નીકળવું; તેમાંય બાસ તો ડૂબકી મારી સાગરનું તળિયું જોઈ આવવું.

આજે 'ભંડાર'માં તેમને આ બધું દેખાઈ આવ્યું.

સાગરનું તળિયું? અહા, કેટલી જાતનાં માછલાં! ને પરવાળાનાં ઝાડ તો અજબ!

બધું વાંચ્યું, બધાં ચિત્રો જોયાં, એટલે તેમને થયું કે બસ બસ, બાપુજીને કહી એક બોટ મેળવવી જ, અને એક વાર તો સાગરની અંદર નીચે છેક તળિયે જઈ બધે ફરી આવવું જ.

બા બાપુજી તો કહેતાં હતાં: "હમણાં નહિ; જરા મોટાં થાઓ પછી જજો વહાણવટાં ખેડવા."

પણ જગુ જનીને એટલી તો તાલાવેલી થયેલી કે હમણાં જ જવું.

આખરે બાપુજીએ એક સુંદર પાણડૂબી બોટ બનાવી આપી, અને જગુ જનીએ મુસાફરીની તૈયારી કરી લીધી.

એક નાની હોડીમાં પોતાનો સામાન ભરી લીધો. નાસ્તા માટે શાક, પૂરી, ગાંઠિયા, પેંડા, સુખડી, મગજ અને પોતાના ડાઘિયાને માટે રોટલો વગેરે બધું લઈ લીધું.

ચડ્યાં ત્રણ હોડીમાં—જગુ, જની ને ડાઘિયો. હલેસાં મારતાં મારતાં પહોંચ્યાં પાણડૂબી પાસે.

જગુએ બારવાના જેવી જ ટોપી પહેરી હતી; જાણે મોટો કપ્તાન બની ગયો! ઝટપટ ચડ્યો બોટ પર. જની એને સામાન આપે, ને જગુ ઝડપથી લઈને બોટ પર ચડાવી દે. છેલ્લે ડાઘિયાની સાથે જનીબેન પણ ચડ્યાં ને પાણડૂબી ચાલી.

સાગર તળે જવાની વાત નીકળી ત્યારથી જ ભાઈ બેને નક્કી કરેલું કે માછલાં સાથે ભાઈબંધી કરવી જોઈએ. એટલે બોટમાં બેસતાંવેંત જની આમતેમ જોવા લાગી. ક્યાંઈ માછલાં દેખાય છે?

ત્યાં તો સાચે જ એક મોટી માછલી તેમની પાસે આવતી દેખાઈ.

કેડથી નીચે માછલા જેવી ને ઉપરનું શરીર પરી જેવું. પરવાળાંના એના વાળ હતા ને બે કાન પર વાળમાં બે છીપો ભેરવાડી હતી. બોલવે તે એટલી તો મીઠી હતી!



જનીને થયું : "આખો વખત આ પરી મારી પડખે જ બેસી રહે તો કેવું સારું ?"

પણ પેલી માછલીપરી તો બોટમાં ન આવે. એ કહે : "બોટમાં તો ગભરામણ થાય. પણ ચાલો, હું સાથે આવું ને બધું સાગરતળિયું તમને બતાવું."

એમ કહી એણે તો પાણીમાં ડૂબકી મારી. પાણુડૂબીએ પણ ડૂબકી મારી અને સરરર કરતાં ઘડીકમાં પહોંચ્યાં તળિયે.

જગુભાઈ પેરીસ્કોપમાં ઉપરનું જોવા લાગ્યો. જનીબેન તો કાચની બારીમાંથી નીચે જોતી હતી.

અદ્‌ભુત દેખાવો તેમણે જોયા.

જાતજાતનાં માછલાં આમતેમ ફરતાં હતાં. કોઈ તેમને જોવા આવે; કોઈ વળી બીજાઈને કરડવા આવે. ઘણાં બરાં માછલાંને આ તેમની પાણુડૂબી ગમતી ન હતી. આ તે શું મોટું એવું માછલું છે કે શું, એવી તેમને બીક લાગતી હતી; તો કોઈને વળી એના પંખાના તમાચા લાગતા હતા.

પેલી માછલીપરી તેમની પહેલાં નીચે પહોંચી ગઈ હતી.

તે કહે : "ઊતરો નીચે. ચાલો, બોર ને સોપારી જેવડાં મોટાં મોતી બતાવું, ને પરવાળાના બગીચામાં તમને લઈ જઉં."

જનીને પણ પરવાળાનું ઝાડ તો દેખાતું હતું. ઊતરીને પાસે જવાનુંયે તેને મન થતું હતું. પણ પડખે પડેલો પેલો જખ્મ-જસ્ત કરચલો જોઈ તે ગભરાઈ ગઈ હતી.


આખરે માછલીપરીએ ખૂબ આગ્રહ કર્યો એટલે ત્રણેએ પોતાના પાણટોપા પહેરી લીધા. હા, ડાઘિયાને પણ ટોપો પહેરાવ્યો; નહિ તો એની પણ આંખમાં ને મોઢામાં પાણી જાય ને ? દરિયાનાં માછલાં જોઈ તેને તો પકડવા જવાનું ઘણું મન થતું હતું, પણ તેનું અહીં ચાલે નહિ. અહીં ક્યાં જમીન હતી કે આમથી તેમ દોડાય ? વળી પેલાં માછલાં તેની પૂંછડી પકડીને તેને ખૂબ પજવતાં હતાં. ડાઘિયો આમ ફરીને જોવા જાય ત્યાં તો પેલાં માછલાં ક્યાંય ભાગી જાય, ને બીજાં જ નવાં માછલાં પૂંછડી પકડવા આવે !


માછલીપરીએ જગુનો હાથ પકડ્યો; જગુએ જનીનો પકડ્યો; ત્રણે નીકળી પડ્યાં.

સાગરતળિયાની સુંદર વનસ્પતિ, ઝાડ ને ફૂલ જોઈને જનીબેન તો ખૂબ ખૂશ થઈ. છીપલાં ને શંખલાં તો એટલાં બધાં કે જનીબેને ત્યાં વીણવા જ માંડ્યું. પણ પરીએ કહ્યું : " પહેલાં આપણે સાગરરાજ પાસે જઈ આવીએ. પછી આવું વીણવાનું તો બધે છે જ. ગમે તેટલું મળશે. ચાલો, ઝટ કરો. સાગરરાજે તમારે માટે ગાડી મોકલી છે. તેઓ તમારી રાહ જોતા હશે."

" હેં ? અહીં વળી ગાડીઘોડા ? અહીં શું ગાડીઓ ભાડે પણ મળતી હશે ?" જગુએ આશ્ચર્યથી પૂછી લીધું.

" ના રે ! અહીં ભાડાની ગાડી કેવી ? આ તો ખાસ તમારા માટે અમારા રાજાએ





ગાડી મોકલી છે. પોતાની પાસેના બે ઉત્તમ જળઘોડા એને જોડ્યા છે. આ મોટા છીપલામાં બેસો. ત્યાં તમે ત્રણે સમાઈ જશો."

"ને તું પણ આવ અમારી સાથે. અહીં તો કાંઈ જીવ નહિ ગભરાયને ?"

"ના બેન ! મારે તમારી આગળ આ શંખ ફૂંકતાં જવાનું છે. સાગરરાજની આજ્ઞા હોય તેમ કરવું જોઈએ ને ? શંખ ફૂંકું એટલે ઝટ રસ્તો મળે. નહિ તો અહીં આ માછલાંની કેટલી ગિરદી છે ?"

જગુ કહે : "લગામ તો વેલની બનાવી દીધી એ તો ઠીક; પણ ચાબૂક ક્યાં ?"

પરી કહે : "આ ઘોડાને ચાબૂકની જરૂર નહિ. એ તો સીધા ફાટક પાસે જ જઈને ઊભા રહેવાના."

× × ×

ઘોડાઓ છૂટ્યા. એક ક્ષણમાં રાજમહેલના દરવાજા આગળ જઈને ઊભા રહ્યા.

મહેલને દરવાજે તલવારવાળો માછલો પહેરો ભરતો હતો. પરીએ સલામ કરી; જનીજગુએ પણ સલામ કરી. તેની ઊંચી તલવાર જોઈ ડાઘિયાએ પણ સલામ કરી. જગુને એ સિપાઈનો કોટ ને પટ્ટો બહુ ગમ્યો.

પહેરાવાળાએ તરત દરવાજો ખોલી આપ્યો. માછલીપરી ને એ ત્રણે સીધાં સાગરરાજના દરબારમાં પહોંચ્યાં.

સાગરરાજને મોટી લાંબી દાઢી હતી; તે મોટા માછલાના સિંહાસન પર બેઠા હતા; એક મોટી છીપનું માથે છત્ર હતું; તેનો મુગટ અને રાજદંડ બધું જ ભવ્ય લાગતું હતું. પડખે જ સાગરરાણી પણ બેઠાં હતાં. તેના વાળ દરિયાઈ ઘાસ જેવા દેખાતા હતા ને તેના પર સાચા મોતીની દામણી બાંધી હતી. મોતી એવાં તો મોટાં મોટાં હતાં !

રાજારાણીને આ ત્રણે જણાંએ નમસ્કાર કર્યા.

રાણી કહે : "આ માથા પર શું મૂક્યું છે ?" જગુએ જવાબ વાળ્યો : "એ તો અમારા ટોપા. અમને કાંઈ તમારી જેમ પાણીમાં શ્વાસ લેતાં ન આવડે. ને તમારે પણ હવા લેવા સપાટી ઉપર તો જવું જ પડે છે ને ? અમે જો ટોપા ઉતારીએ તો તો અમારા નાકમોઢામાં પાણી જાય !"

સાગરરાજ કહે : "એમ ? ત્યારે તમે અમારા દેશમાં ફરશો ને બધું જોશો શી

રીતે? લ્યો હું તમને એક શક્તિ આપું છું. એથી તમે નિરાંતે ટોપા ઉતારીને ફરી શકશો. ગમશે કે તમને?"

"હા, હા; એ તો બહુ મજાનું!"

જનીને બીક લાગતી હતી કે એવી શક્તિ મળે તોયે શું? ટોપો ઉતારીએ એટલે નાકમોઢામાં પાણી જવાનું જ. જની તો ભાઈ તરફ જોઈ જ રહી. પણ ડાઘિયો ટોપો ઉતારવા બહુ ઉતાવળો થયો હતો.

પેલી માછલીપરીએ હળવેક દઈને જગુના માથા પરથી ટોપો ઉપાડી લીધો. જનીએ જોયું તો ભાઈ જરાયે મૂંઝાતો નહોતો કે એના નાકમોઢામાં પાણી જતું નહોતું. ડાઘિયો તો પોતાની મેળે જ ટોપો ઉતારવા લાગ્યો. સાગરરાણીને એ જોઈ બૂબ હસવું આવ્યું.

× × ×

સાગરરાજનો ઉપકાર માનીને આપણાં પ્રવાસીઓ દરિયાઈ દેશ જોવા નીકળ્યાં.

દરમિયાન પરી એક શ્વાનમાછલીને ગળામાં દરિયાઈ વેલનો પટ્ટો બાંધીને લઈ આવી. જગુજનીએ એ શ્વાનમાછલીનું ચિત્ર જોયેલું ને તેને વિષે થોડુંએક વાંચેલું એટલે તેમને તે જોવાની બૂબ મજા પડી.

જની કહે: "ભાઈ! ડાઘિયાની સાથે આને પણ પાળીએ તો કેવી મજા પડે!"

જગુએ ડહાપણ વાપરી કહ્યું: "અરે! કેવી વાત કરે છે? એ કાંઈ ડાઘિયાની જેમ આપણા ઘરમાં રહી શકે? કૂતરા જેવી દેખાય તોયે માછલી જ ને!"

ડાઘિયાને તો બબર જ ન પડી કે ભૂ ભૂં ભૂં કરીને તેની સાથે બાઝણ શરૂ કરવી કે મોઢું ચાટીને મિત્રાચારી બતાવવી? બન્ને એકબીજાં સામે જોઈ જ રહ્યાં.

"ચાલો; હવે પહેલાં ક્યાં જઈશું?"

જની કહે: "મારે છીપલાં વીણવાં છે."

પરી તે બધાંને છેક તળિયે લઈ ગઈ. ત્યાં તો છીપલાં ને શંખલાં ને પરવાળાં પાર વગરનાં હતાં; દરિયાઈ ફૂલપાનનો બગીચો પણ હતો. એક મોટો છીપલો ઉઘાડ્યો ત્યાં અંદર માછલીપરીનું નાનું બાળક સૂતું હતું. તે એટલું મીઠું હસતું હતું! ડાઘિયો તો તેનું મોં ચાટવા જ ગયો.

જનીને થયું: "એક મોટો કોથળો લાવી હોત તો સારું હતું. આ બધું વીણીને હવે લઈ કેમ જવું?"


પછી પરી કહે: "ચાલો ડૂબકી મારીએ; કોણ સૌથી પહેલાં નીચે પહોંચે છે?"

"એક, બે, ત્રણ."

જગુએ આંખ બંધ કરીને સીધી ડૂબકી મારી; જની ને ડાઘિયાએ પણ એમ કર્યું. પણ ડાઘિયો જ સૌથી આગળ નીકળ્યો.

"અરે! આ શું? આ તો સીધો પેલા મોટા માછલાના મોઢામાં જવાનો! હવે શું કરવું?"

એટલામાં પરીએ મોટા માછલાને દૂર ધકેલ્યો એટલે ડાઘિયો બચી ગયો.



તળિયે જઈ પાછાં શંખલાં ને છીપલાં જોવા લાગ્યાં. ત્યાં પરીએ એક મજાનો મોટો શંખલો બતાવ્યો.

જગુને થયું: "લાવને આપણે ટેલિફોન કરીએ? બેન! તું આમાં બોલ. આ છીપલો હું કાને ધરું છું."

જની કહે: "ડાઘિયાભાઈ! તમે જ બોલો; ભૂં ભૂં કરો. સારું સંભળાશે."

એમ ગમ્મત કરતાં, છીપલાં વીણતાં, જોતાં સહુ આગળ ચાલ્યાં. એટલામાં પરી ચીસેચીસ પાડવા લાગી. જોયું તો પરી માછલાં પકડવાની જાળમાં સપડાઈ ગયેલી. તેના વાંકડિયા વાંકડિયા પરવાળાના વાળ એવા તો ભરાઈ ગયા કે કેમે કરીને તે જાળમાંથી નીકળે જ નહિ!

જગુજનીએ હથિયારની પેટી સંભારી પણ એ તો પાણડૂબીમાં જ રહી ગઈ હતી. હવે શું કરવું?

જની કહે: "ચાલ ભાઈ! આપણે ઝટપટ પાણડૂબી પાસે જઈને પેટી લઈ આવીએ. નહિ તો આ દોરડાં શે કપાશે?"

પેલી પરી તો વધારે જોરથી ચીસો પાડવા લાગી હતી. "અરે, મારાથી કોઈ દૂર જશો નહિ. દરિયામાં તમે ભૂલાં પડશો. તમને અહીંનો રસ્તો ક્યાંથી જડશે? અને હું તો આમ ને આમ જકડાઈ રહીશ!"

કોઈને કાંઈ સૂઝે નહિ. સૌ મૂંઝાયાં; પરી તો અટકી પડી.

એટલામાં જગુને એક માછલી દેખાઈ. માછલી નાની એવી જ હતી, પણ તેના મોઢા આગળ લાંબું એવું દાતરડું હતું; તીણું ધારવાળું હતું.

જગુને યુક્તિ સૂઝી. ઝટ કરતી તેણે તે

માછલી ઉપાડી અને તેના દાતરડાથી ચર ચર દોરડાં કાપી નાખ્યાં. જની તો પરીને સમજાવ્યા જ કરતી હતી કે "હવે રડવાની જરૂર નથી. જો આટલાં દોરડાં તો કપાઈ ગયાં; હમણાં તું છૂટીશ."

આ બાજુ પરીને છોડવવાનું કામ ચાલતું હતું એટલે ડાઘિયા તરફ કોઈનું ધ્યાન જ ન રહ્યું. પેલી બાજુથી એક લોબ-સ્ટર માછલી આવી, ને એનું રૂપ જોઈ ડાઘિયાભાઈ ગભરાયા! જમીન હોત તો તો દોડીને નાસી જાત, પણ આ પાણીમાં નાસવું પણ ક્યાં? માછલાં તો આમથી તેમ ઝપાટાબંધ દોડધામ કર્યા કરતાં હતાં, પણ ડાઘિયાથી કેમ દોડાય?


પાસે જ એક મોટું લંગર પડ્યું હતું તેની પાછળ જઈ ડાઘિયો સંતાઈ ગયો. છતાં પેલો લોબસ્ટર તો તેના ઉપર ચાલ કરીને આવતો જ હતો. ડાઘિયાભાઈ ઉં ઉં ઉં કરીને રડવા લાગ્યા; જોસથી ભસવાનીયે તેની હિંમત રહી નહિ.

એટલામાં પરી છૂટી થઈ, એટલે આનંદથી નાચવા લાગી; જગુ અને જની પણ આનંદથી તાળીઓ પાડવા લાગ્યાં ને હસવા લાગ્યાં. . . . . .

ત્યાં જનીનું ધ્યાન ડાઘિયા તરફ ગયું. જનીએ તેને ઉપાડી લીધો એટલે ડાઘિયો ખુશીમાં આવી ગયો ને તેનું મોઢું ચાટવા જીભના લબકારા કરવા લાગ્યો.

× × ×

માછલીપરી કહે: "ચાલો તમને હવે અમારા દેશના સર્કસના ખેલ બતાવું."



જગુજની બહુ ખુશી થઈ ગયાં. અહીં સર્કસ પણ હશે એ તો એમની કલ્પનામાં પણ આવતું નહોતું.

પરીએ તેમને બેસવા માટે મશ્રૂમની નરમ મખમલ જેવી બુરશીઓ આપી. સૌ જોવા બેઠાં. ત્યાં સીલ માછલીઓ સર્કસ કરવા આગળ આવી. તેઓ પોતાના નાક પર જુદી જુદી માછલીઓને ઊભી રાખતી હતી. એકના નાક પર એક સાપ જેવી માછલી સીધી ઊભી રહી; બીજીના નાક ઉપર વળી એક પંચકોણિયો માછલો પોતાના એક મૂણા પર ઊભો રહી ખેલ બતાવતો હતો. એટલા સરસ ને નવાઈ-ભર્યા સર્કસના ખેલો હતા કે દરેક ખેલ વખતે જની ને જગુથી તાળી પાડ્યા વગર રહેવાતું

જ ન હતું. જનીના તો હાથ ધુંઆવા આવ્યા, એટલી બધી તાળીઓ તેણે પાડી.

પણ ડાઘિયાભાઈને આ સાગરદેશમાં જરાયે ગમતું ન હતું. જરા બેસે તો એકાદ કરચલો આવી પૂંછડું પકડે; કાં તો લોબસ્ટર આવે. કોઈને કોઈ એની પૂંઠે પડેલું જ હોય. એને થયું કે ક્યારે આ લોકોનું જોવાનું પૂરું થાય ને ક્યારે જઈને પોતાના ખાટલા પર નિરાંતે હૂંફાળી પથારીમાં સૂઈ જઈએ.

જગુજની પણ હવે તો ફરીફરીને ને જોઈજોઈને થાકી ગયાં હતાં. તેમને પણ ઊંઘ આવવા માંડી હતી. તેમણે પરીને કહ્યું: "ચાલો, અમને હવે અમારી બોટ પર પહોંચાડી દો. હવે ઊંઘ આવે છે."



પરી કહે: "તો સૂઓને અહીં જ! પેલા લાકડાના ને લોઢાના ગંદા પાંજરામાં શા માટે જવું જોઈએ? હું તમને સરસ નરમ પથારી કરી આપું."

ઝટ જઈને તેણે બે મોટી છીપો ઉઘાડી, અંદર નરમ વનસ્પતિ પાથરી ને કહે: "સૂઓ આની અંદર; હું તમને ઓઢાડી દઉં. નિરાંતે મજાની ઊંઘ લઈને ઊઠજો. પછી બીજું બતાવીશ. હજી તો અહીંનો બગીચો તમે ક્યાં જોયો છે?"

બંને બાળકો સુંવાળી ને હૂંફાળી ને વળી તદ્દન નવી જાતની પથારીમાં ઝટ ઊંઘી ગયાં.

થોડી વાર પછી પેલી પરી ફૉસ્ફરસની માછલી લઈ આવી. પહેલાં અંધારામાં બરાબર દેખાતું ન હતું, પણ ફૉસ્ફરસના અજવાળામાં તેને દેખાયું કે બાળકો તો ગાઢ નિદ્રામાં પડ્યાં છે પણ ડાઘિયાનું કું કું ચાલે છે. જુએ તો તેની પૂંછડી છીપલાના ઢાંકણામાં સપડાઈ ગયેલી! પરીએ છીપલો ઉઘાડ્યો ને પૂંછડી અંદરથી કાઢીને તેને થાબડ્યો ને ઢાંકણું બંધ કર્યું.

ડાઘિયાને પરીનું કહેવું ગમ્યું. છતાં મનમાં થતું હતું કે હવે ઝટ ઘેર પહોંચીએ તો સારું. આમ ઘરનાં સ્વપ્નાં સેવતો એ પણ થોડી વારમાં ઘસઘસાટ ઊંઘવા લાગ્યો.

× × ×

સવારના પહોરમાં સૌ ઊંઘીને ઊઠ્યાં. આજે તેમને બહુ જ સરસ ઊંઘ આવી હતી. આગલા દિવસનું બધું અજાયબીભર્યું

જોયેલું તેમને યાદ આવ્યું, અને તેમને ખૂબ આનંદ થયો.

ઝટપટ ઊઠ્યાં ને કહે : "ચાલો, હવે બીજો ભાગ જોઈ એ."

પરી કહે : "તમારે સોનામહોરો ને એવું એવું જોવું છે ? અમારે ત્યાં એક ઠેકાણે ઘણું બધું પડ્યું છે."

"દરિયાને તળિયે વળી સોનામહોરો કયાંથી ?" જગુએ આશ્ચર્યથી પૂછ્યું.

"ઘણા દિવસો પહેલાં ત્યાં એક મોટી જબરી બોટ ડૂબી ગઈ હતી. એમાં સોનામહોરોના મોટા પટારા ભર્યા હતા, તે બધા દરિયાતળે પડ્યા છે." પરીએ જણાવ્યું.

ઘડીકમાં તો બધાં એ જગ્યાએ જઈ પહોંચ્યાં. જગુ જની અને પરીએ મળી મહામુશ્કેલીએ એક પટારાનું ઢાંકણું ઉઘાડ્યું. અંદર જુએ તો સોનામહોરોની કોથળીઓ ઉપરાઉપરી ખડકેલી ! જગુએ બે ત્રણ ઉપાડી લીધી. જનીથી તો એક પણ ન ઊપડે. ડાઘિયાને થયું કે જની માટે એકબે કોથળી પોતે ઉપાડી લેવી. એણે ઝટ કરતી એક બખા ઉપર ચડાવી દીધી ને એક હાથમાં લઈ રોફથી ચાલી નીકળ્યો. ટપ ટપ ટપ સોનામહોરો નીચે પડતી હતી એનું તો તેને ભાન જ ન હતું.

આખરે બે કોથળીઓ જનીએ, ચાર જગુએ ને બે ડાઘિયાએ એમ આઠ કોથળીઓ લઈ સૌ પાણડૂબી તરફ જવાની કળ્યાં.

રસ્તામાં એક મોટો દેવમાછલો દેખાયો જગુ જની તો તેની સામે જોઈ જ રહ્યાં. અહા ! કેવડો મોટો એ માછલો હતો !

પરી કહે : "એ કંઈ માછલો નથી. તમે લાવ્યા છો એવી જ આ પણ એક પાણડૂબી છે."

જગુ તો ખૂબ આશ્ચર્ય પામ્યો. એણે પોતે પાણડૂબી બોટ કેટલી જાતની હોય, કેવડી હોય, આકાર કેવો હોય, વગેરે બધો બરાબર અભ્યાસ કર્યો હતો. એ જનીને કહે : "જો તો, એટલામાં વળી આ નવું કાઢ્યું ! આ જર્મનો તો રોજ એક નવી શોધ કરે છે. આપણે બધા નમૂના જોયા તેમાં કયાંઈ આવી દેવમાછલી હતી ?" પછી તે પરીને કહે : "ઓ સાગરપરી ! અમને બીજે રસ્તે લઈ ચાલો; નહિ તો આ લોકો અમને મારી નાખશે ને અમારું સોનું પડાવી લેશે."

જની કહે : "ભાઈ ! આપણે જ તેમને આપણામાંથી થોડુંક આપી દઈએ તો ત્યાં પટારામાં તો ઘણું સોનું છે. ને વળી તે કયાં આપણું હતું ? જેમ આપણે લીધું તેમ ભલેને એ લોકો પણ થોડું થોડું લે !"

જગુને વાત બહુ ન ગમી. પણ આવી બાબતમાં હમેશાં જની કહે તેમ તે થવા દેતો. એટલે એ બન્નેએ પેલી નવી બોટના માણસોને બોલાવ્યા ને તેમને બે ત્રણ કોથળીઓ આપી. તેઓ તો ખૂબ રાજી થયા. જગુજની વળી બીજી ચાર કોથળીઓ લઈ

આવ્યાં ને પોતાની પાણકૂબી તરફ ચાલ્યાં.

પરી કહેઃ "તમે બધું જોયું પણ અમારો બગીચો તો હજી જોયો જ નથી!"

જની કહેઃ "શું? અમારા મુંબઈના રાણીના બાગ જેવો બગીચો અહીં પણ છે? ચાલો; ચાલો. મને રાણીનો બાગ જોવો બહુ જ ગમે છે."

જગુ કહેઃ "આટલો ભાર લઈને ક્યાં જઈશું? બોટમાં એને મૂકીને પછી બાગ જોવા આવીએ."

× × ×

બગીચો તો કાંઈ સુંદર! કેટલાક નાના સુંદર છોડ મોટા છીપલામાં વાવ્યા હતા. બગીચામાં બધે શંખછીપલાંનું સુશોભન પણ સરસ ગોઠવ્યું હતું.

ઓહોહો! કેટલી જાતનાં ત્યાં ફૂલ હતાં? જાંબલી ને લાલ ને ગુલાબી ને ધોળાં; રંગરંગનાં ને ભાતભાતનાં! પરવાળાંનાં ઝાડ તો બહુ જ રૂપાળાં લાગતાં હતાં. જનીને થયું અહીંથી નીકળવું જ નહિ. એ તો ફૂલો તોડીને માળા કરવા બેસી ગઈ. કેટલું લઈએ ને કેટલું મૂકીએ? અહા! તેને થયુંઃ "અહીં કેટલું સુંદર છે, ને વળી કેટલું બધું છે!"

ફૂલ તો મોટા સૂરજમુખી કરતાંયે મોટાં મોટાં. જોનારાં મુગ્ધ જ થઈ જાય!

પણ બિચારો ડાઘિયો! આ આખી મુસાફરીમાં તેને કંઈ મજા ન પડી. જ્યાં જાય ત્યાં તેની પાછળ કોઈ ને કોઈ પડેલું જ હોય. તેને એક ફૂલની અંદર કાંઈક દેખાયું, ને તે લેવા તેણે અંદર મોઢું નાખ્યું. ત્યાં આગલા બે પગ અંદર ભરાયા ને પાછલા પગ બહાર રહી ગયા, ને ભાઈ કેમે કરીને પાછા બહાર નીકળી જ ન શકે! જગુએ એ જોયું, ને તેણે ખેંચીને બહાર કાઢયો.

જગુ કહેઃ "હવે નીચે ઊતરીશ જ નહિ. બેસ અહીં."

ડાઘિયો મોં બગાડીને બેઠો.

આખરે બધું જોવાઈ રહ્યું ને બધાં વિદાય લેવા લાગ્યાં. ક્યારે મળીશું? કેવી મજા પડી? વગેરે વાતો ચાલતી હતી. જની તો પરીનો હાથ મૂકે જ નહિ.

એટલામાં વળી ડાઘિયાને પજવવા એક કરચલો આવ્યો. ડાઘિયો જનીની ગોદમાં લપાઈ બેઠો. જાણે કહેતો હોયઃ "હવે જલદી ચાલો. શું જોવું'તું આ જળચર શોભામાં! સાપ શું ને કરચલા શું, જ્યાં જાવ ત્યાં કોઈકિ ને કોઈકિ પાછળ પડ્યું જ હોય!"

ડાઘિયો થથરી ઊઠયો. જનીને એની મુશ્કેલી સમજાઈ, ને તે ઝટપટ પાણકૂબી તરફ જ વળી.

ડાઘિયાએ મોં પરના ભાવથી પરીને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે તમારા સાગર-રાજને કહી આ બધાંને મારી નખાવો તો આવીએ તમારી સાથે ફરવા!

પરી મોટેથી હસી પડી. ડાઘિયાની પીઠ ને માથું થાબડીને કહેઃ "હવે પાછો-

આવીશ ત્યારે તકલીફ નહિ પડવા દઉં, ડાઘિયાએ મોં બગાડીને કહ્યું: "હો, હો! પણ પાછો જરૂર આવજે! રહી જરૂર આવીશ."

તારાબેન ના જતો."



બલિરાજાની લક્ષ્મી

બળિરાજાને ત્યાં અઢળક લક્ષ્મી; પાર વગરની લક્ષ્મી.

ભગવાને વામન અવતાર ધારણ કર્યો, બળિરાજાના માથા પર પગ મૂક્યો ને તેને પાતાળમાં ચાંપ્યો. એ બધું તો થયું.

પણ દૈવદાનવોને વિચાર થયો: "આ બળિરાજાની આટલી અફાટ સંપત્તિ કોણ લઈ જઈ શકે? કોઈનું પણ ગજું નહિ."

કોઈ પણ ઉપાડવા તૈયાર થાય નહિ. હવે કરવું શું?

છેવટે ઇંદ્ર મહારાજ તૈયાર થયા. એ કહે: "ચાલો હું લઈ જાઉં."

બધા ખુશી થયા. "બહુ સારું, બહુ યોગ્ય!" એમ બધેથી અવાજ આવ્યો.

ઇંદ્ર આવ્યા સંપત્તિ લેવા. પણ ત્યાં તો ભંડારો ને ભંડારો ભર્યા હતા. કેટલુંક લેવું? કેમ ઉપાડવું? લઈ ક્યાં જવું? સમાવી ક્યાં દેવું?

ઇંદ્રને પણ પ્રશ્ન થઈ પડ્યો.

"મોટે ઉપાડે સંપત્તિ લઈ જવા તો આવ્યો છું, પણ હવે ન લઈ જવાય તો ભારે ફજેતી થશે! દાનવો તો મશ્કરી કરવામાં પછી કશી મણા નહિ રાખે. હવે

કરવું શું ?" ઇંદ્ર ભારે વિચારમાં પડ્યો.

ત્યાં તો એકદમ સૂઝયું. ઇંદ્રે વિચાર કર્યો: "ઇંદ્રલોકમાં બહુ તો ત્રીજા ભાગની સંપત્તિ સમાશે, માટે આ વધેલા બે ભાગ અહીં જમીનમાં જ દાટી દેવા. કોઈને ક્યાં ખબર પડવાની છે ?"

ઇંદ્રે ઝટપટ બે ભાગની સંપત્તિ જમીનમાં દાટી દીધી. અનાજ દાટયું; સોનુંરૂપું દાટયું; જરજવાહીર પણ દાટયું. લોઢું ને કથીર ને એવું એવું તો પાર વગરનું હતું; તે બધું પણ દાટી દીધું. પછી એક ભાગનું ઉપાડી ગયો ઇંદ્રલોકમાં.

દાનવોએ જોયું તો બધું ઊપડી ગયેલું ! "વાહ વાહ, ઇંદ્ર પણ બળિયો બરો ! બળિરાજાની આટલી અફાટ લક્ષ્મી પણ છેવટે ઉપાડી ગયો !"

બધા એનાં વખાણ કરવા લાગ્યા.

પણ અંદરની વાત તો એક ઇંદ્ર જાણે; ને બીજા જાણીએ આપણે માનવીઓ. કેમકે આપણે માનવીએ જ ઇંદ્રનું દાટેલું સોનુંરૂપું, હીરામાણેક બધું ખોદીને બહાર કાઢયું છે.

ને અનાજ પણ વર્ષે વર્ષે કાઢીએ જ છીએ તો ! ઇંદ્ર પોતાના ભાગમાંથી ઉપરથી દર વર્ષે થોડુંક નાખે છે; ને ધરતી પોતાના પેટમાંથી દાટેલું બહાર કાઢે છે.

ચોમાસાના અંતમાં ગામ ગામતરે જજો; આ બળિરાજાની લક્ષ્મી બધે પથરાયેલી તમને દેખાશે.

કેટલી અફાટ લક્ષ્મી છે બળિરાજાની !

તારાબેન.

પીલક

(પક્ષીદુનિયાનાં બાનદાનો)

જેમ આપણે માનવીઓમાં નાતજાત, સ્વભાવ અને ધંધાભેદે ઉચ્ચનીચ એવા ભેદ હોય છે તેમ પક્ષીદુનિયામાં પણ એવા ભેદો દેખાય છે. કેટલાંએક પક્ષીઓ સ્વભાવે જ બડતલ, તકરારી, સ્વરક્ષણ માટે તૈયાર હોય છે ત્યારે કેટલાંએક સ્વભાવે પોચાં, ભીરુ અને પોતાના રક્ષણ માટે બીજાનું શરણ શોધતાં હોય છે.

એવા એક સુરૂપ, સુકંઠવાળા લહેરી લાલાની આજે આપણે વાત કરીએ.

એનું નામ 'પીલક.' અંગ્રેજીમાં એને ગોલ્ડન ઓરિયલ (Golden Oriole) અથવા મેંગો બર્ડ એટલે આંબામાં રહેનારું પક્ષી કહે છે.

નામ પ્રમાણે જ એનો રંગ છે. આખું શરીર સ્વચ્છ સુવર્ણ જેવું પીળું હોય છે

અને પાંખનો ભાગ કાળો હોય છે. એક બીજી જાત થાય છે જેનું માથું પણ કાળું રહે છે. બન્ને જાત સ્વભાવે અને બાસિયતે સરખી છે. પીલકની ચાંચ કેસરી ગુલાબી છે.

પીલકની બોલી બહુ જ મીઠી હોય છે. જોકે એ પક્ષીઓ એક કે બે જ શબ્દોની બોલી બોલે છે, પણ એની હલક અને મીઠાશ તો જેણે સાંભળી હોય તે જ સમજી શકે.

જ્યારે ઉનાળાની શરૂઆત થાય છે, જ્યારે આંબાનું વન મંજરીથી ખીલી ઊઠે છે, ત્યારે આ પીલક જોડું—નરમાદા—એકની પાછળ એક એમ ઊડતાં ઊડતાં સવારથી સાંજ સુધી સુંદર અવાજ કાઢતાં કાઢતાં ફર્યા કરે છે. બંગાળમાં તો એમને વિષે સુંદર લોકકથાઓ પણ છે.

ટૂંકમાં એની રહેણીકરણી બધું એક બાનદાન માણસને છાજે તેવું હોય છે. તેથી જ તેઓ બાનદાનોની જેમ પોતે પોતાનું રક્ષણ કરી શકતાં નથી. જીવનના કડવામીઠા બધડાઓથી તેઓ કાયર છે, ને શરીરે અને સ્વભાવે તદ્દન મુલાયમ છે.

એમની મુલાયમ તબિયતને લીધે તેમને પાંજરામાં પૂરવાં કે પાળવાં પણ મુશ્કેલ છે. એક વાર અમારા એક જાણીતા પક્ષી-વિષારદે પીલકની સાતઆઠ જોડીઓ પકડી; 'ભડક' ન લાગે તે માટે તેમને કપડાં વીંટેલાં પાંજરાંમાં તેમણે પૂર્યાં. તો પણ બધાં જ પક્ષીઓ બેત્રણ દિવસમાં જ 'બેચેન' થઈને મરી ગયાં. આવી એમની મૃદુતા છે.

એટલે જ તો પીલક સામાન્ય રીતે હમેશાં પોતાનો માળો પોતાને રક્ષણ આપી શકે તેવા પક્ષીની સાથે બાંધે છે. એ પક્ષી તે 'કાળો કોશી'. આમ કરવાથી એને સ્વરક્ષણની ચિંતા કરવી પડતી નથી, કારણ કે કાળોકોશી શરીરે નાનો હોવા છતાં એવો જબરો છે કે કોઈ મોટાં તકરારી, લૂટારુ, ચોર પક્ષીઓને તે પોતાના માળા પાસે ઢૂંકવા પણ દેતો નથી.

પીલકનો માળો સુંદર અને સફાઈદાર હોય છે. નાની ડાળી વચ્ચેના ત્રિકોણમાં એ માળો કરે છે અને કોઈ કોઈ વાર ત્રિકોણની ત્રીજી બાજુ પોતે એક ડાળી સામે બાંધીને બનાવી લે છે. અને પછી એ ત્રિકોણમાં એક પ્યાલાના આકારનો માળો બનાવે છે. એને માળો બનાવતાં જોવાની એક મજા છે. માળામાં બેથી ત્રણ ઈંડાં તે મૂકે છે.

પીલકનો બોરાક મુખ્યત્વે કરીને શેતૂર, વડના ટેટા, પેપડી વગેરે છે. જીવડાં પણ એ બાય છે. પણ તેઓ કદી બોરાક શોધવા જમીન ઉપર આવતાં જોવામાં આવ્યાં નથી.

આ પક્ષી થોડું ઘણું યાત્રાપર (માય-ગ્રેટરી) છે.

કાઠિયાવાડમાં માત્ર ચોમાસામાં જ મેં કાળા માથાનો પીલક જોયેલ છે. બીજા પીલકો અહીં મારા જોવામાં આવ્યાં નથી.

મારું ધારવું એમ છે કે ગુજરાતમાં બન્ને જાત સ્થાયી રહેનાર છે. જોકે એ વિષે નોંધ રાખવાથી જ વધારે ખબર પડે.

પક્ષીદુનિયાના એક બાનદાન પક્ષીની આ આટલી ઓળખાણ થઈ. બાવું પીવું, હરવુંફરવું, ગાવું અને ગેલ કરવા સિવાય એને ધંધો નથી. લડાઈ, ઝઘડા, ટંટાફિસાદ વગેરે કરતાં મને એ કદી દેખાયાં નથી.

૩૧-૧૨-૪૦ નરેન્દ્ર બધેકા

કાળોકોશી

(પક્ષીમાં સાધુ)

એનું એક નામ કાળોકોશી. પણ તમે કદાચ એનાં બીજાં નામો પણ સાંભળ્યાં હશે. એનાં 'ઢેંચિયો' 'ઢેંચો પટેલ' 'કોટવાલ' એવાં ઘણાં નામો છે. અંગ્રેજીમાં એને કિંગ ક્રો (King Crow) કહે છે. એનો ગુજરાતી અર્થ 'કાગડાનો રાજા' એવો થાય.

અને ખરેખર, એનાં બધાં નામો કાંઈકિ કાંઈકિ અર્થવાળાં તો છે જ.

રેલ્વેમાં મુસાફરી કરતી વખતે તમે એને તાર ઉપર બેઠેલો ઘણી વાર જોયો હશે. કાગડા કરતાં પણ ચળકતા કાળા રંગનું, કાબર કરતાં જરા મોટું એ પક્ષી છે. એની સહેલામાં સહેલી ઓળખ એની વચ્ચેથી બે બાજુએ જતી ચિરાયેલી પૂંછડી (નાટકના રાજાની મૂછો જેવી) છે. આ પક્ષીને કોઈએ ન જોયું હોય એમ બને નહિ. નામ અને ગુણ કદાચ જાણમાં ન હોય.

તમે પૂછશો, એવા તે એનામાં શા ગુણ છે કે તેને રાજા કહેવામાં આવે છે? તમે જાણતા હશો કે કાગડો ઘણો લુચ્ચો અને બીજાં નાનાં પક્ષીઓને હેરાન કરનારો છે. કોઈને લૂંટી જવું, કોઈનાં ઈંડાં ખાઈ જવાં, કોઈના માળા તોડી નાખવા, એ તો એનો જાણે ધંધો—જાણે હુકક ! પણ એવા કાગડાને ય હંફાવનાર, એના ઉપર રાજ ચલાવનાર આ કોશીભાઈ છે. એ કાગડા સાથે લડે, ઝઘડે અને એને શિકસ્ત આપે છે. કાગડો એક એનાથી ડરે છે, જોકે કદમાં કાગડો મોટો છે.

એ જ રીતે કાળોકોશી પટેલ કહેવાયો છે. નાનાં નબળાં પક્ષીઓ જેવાં કે પીલક, ચકલાં, એનો આશ્રય શોધે છે. જ્યાં જે ઝાડમાં પટેલનો માળો હોય ત્યાં તે જ ઝાડમાં આવાં નબળાં પંખીઓ માળો કરે છે અને પોતાનું રક્ષણ શોધે છે. ગામનો પટેલ જેમ ગામનું રક્ષણ કરે છે તેમ આ પટેલ પોતાના ઝાડનું રક્ષણ કરે છે અને બીજાંને સાચવે છે. સમળી, બાજ, કાગડા, બેરખટ્ટા કે બીજા કોઈ શિકારી પક્ષીની દેન નથી કે જ્યાં કોશીનો માળો હોય ત્યાં ફરકે ! અને ભૂલે ચૂકે આવે તો કોશી

સાથે લડાઈ કરીને ભાગવું જ પડે!

મરાઠીમાં એને કોટવાલ કહે છે, એ પણ કંઈક પટેલ જેવા જ અર્થમાં. કોટવાલ પણ શહેરનું રક્ષણ કરે છે. કોશી પણ તેમ જ કરે છે ને?

એનો ખોરાક મુખ્યત્વે કરીને ઝીણાં જીવડાં છે. એ ખેતરમાં ઊભેલ મોલનાં (પાકનાં) જીવડાં ખાઈને ખેડૂતને એક રીતે મદદ કરે છે. જીવડાં પકડવાની એની રીત પણ જાણવા જેવી છે. મોટે ભાગે એ ઊડતાં ઊડતાં જ જીવડાંને પકડે છે. એટલે તમે એને એકાદ થાંભલે કે ગાય ઉપર બેઠેલો જોશો, અને થોડી થોડી વારે એને ઊડી ઊડીને પાછો પોતાની જગ્યાએ આવતો જોશો. પતંગિયાં–કૂદાંની પાછળ એની ઊડવાની ઝડપ અને શક્તિ અજબ છે. એ વાંકોચૂંકો આડોઅવળો ઊડી શકે છે, એથી જોનારને કદાચ એમ પણ લાગે છે કે, શું આ તે હવામાં જુદા જુદા પ્રકારનો નાચ કરે છે?


એની બોલી પણ ઘણા જુદા જુદા પ્રકારની છે, પણ એની મુખ્ય બોલી 'ઢેં–ચિ–ચો' 'ઢેં–ચિ–ચો' એવી લાગે. એનું ઢેંચિયો નામ એની એવી બોલી ઉપરથી પડ્યું છે. ચોમાસામાં એ બોલે છે; વહેલી સવારે અને ખાસ કરીને સાંજે એ બહુ જ સુંદર રીતે બોલે છે.

એપ્રિલ મહિનાના અંતમાં એટલે આપણા ચૈત્રવૈશાખમાં કાળોકોશી માળા બાંધે છે અને ઈંડાં મૂકે છે; અને ત્યારે તો કાળોકોશી બરોબર રુદ્ર સ્વરૂપ લે છે. પોતાના માળાવાળા ઝાડ પાસે કોઈ પણ દુશ્મન પક્ષીને એ ઠૂંકવા સરખોય દેતો નથી.

જરા નજર રાખશો તો તમે પક્ષીદુનિયાના આ 'દાદા'ને જોઈ શકશો. સમળીની સાથે લડાઈ કરતો એને જોવો એ એક મજાનું દૃશ્ય છે. એ સમળીની ઉપર ઊડી એના માથા પર મારે છે; સમળી ભાગે છે અને કાળોકોશી એની પીઠ ઉપર જાણે સવારી કરતો હોય એવો દેખાવ થાય છે.

પણ આપણે તો એને 'સાધુ' કહીશું કેમકે જાણ્યેઅજાણ્યે પણ એ નાનાં નબળાં પક્ષીઓને રક્ષણ આપે છે, અને મોટાં દુષ્ટ પક્ષીઓને શિકસ્ત આપી હંફાવી નસાડી મૂકે છે.

૭–૬–૪૦ નરેન્દ્ર બબેકા.



Regd. B 2291

બાલવાચકો !

હ્યેો, આ સાગરનેા ખજાનેા. જગુ ને જનીની સાથે તમને પણ બે ઘડી સાગરને તળિયે જવાનું ને ફરવાનું મળશે, જોવાનું મળશે ને મજા આવશે. પણ જોજો હેા, પેલા કરચલાઓ વગેરે ડાઘિયાને મૂકી તમારા જ વાળ તાણવા કે હાથ ઝાલવા ન આવે !

જગુજની ગયાં ને ફર્યાં ને પરી મળી ને સાગરદેવ મળ્યા વગેરે વાતેા ભલે ખેાટી હેાય, પણ સાગરને તળિયે તેમણે જે અદ્ભુત વાતેા જોઈ તે બધી તેા સાચી. ને કેાણ જાણે સબમરીનની શેાધ થઈ, વિમાનની શેાધ થઈ, તેમ જગુજની ફરી શકયાં તેમ ફરવાની ચે શેાધ તમે મેાટાં થઈને કરેા તેા વળી કેાઈ કેાઈ સાગરનેા ખજાનેા જોવા પણ જઈ શકશે ! આજે તેા ચિત્ર પરથી ને વાર્તામાંથી જોવા મળશે તે પણ ગમશે તેા બરું જ.

વર્ષમાં એક વખત અમે તમને સંભારીએ છીએ. તમને પણ અમે યાદ આવતાં હશું. થેાડીક ભેટ મેાકલી છે તે ભાઈબેન ને મિત્રેા સૌ ચાખજો.

હ્યેો ત્યારે રામ રામ !

તારાબેન.

આભાર

બ્લૅકી ઍંડ સન્સની 'પૅટ ઍંડ પેગી અંડર ધી સી' નામની એક ચિત્રેાની ચેાપડી છે. તે ચિત્રેા પરથી સાગરનેા ખજાનેા એ કલ્પિત વાર્તા લખી છે. તેમાં થેાડાંએક ચિત્રેા એ પુસ્તકમાં વિનામૂલ્યે ઉતારી લેવાની તે કંપનીએ અમને રજા આપી તે માટે તેમના અમે ઋણી છીએ. અર્થાત્ આ રજા માત્ર શિક્ષણપત્રિકા ભેટ અંક પૂરતી જ છે એટલે એ ચિત્રેાનેા બીજે કયાંયે ઉતારેા ન થઈ શકે.

તંત્રી.

મુદ્રક : કૃ. ના. સાપળે, રામકૃષ્ણ પ્રિં પ્રેસ, ત્રિભુવન રેાડ, મુંબઈ ૪
પ્રકાશક : શ્રી. તારાબેન મેાડક 'શિક્ષણપત્રિકા' કાર્યાલય, ૧૧૮ હિંદુ કૅાલેાની, દાદર.

23_16
23116

93116
शिक्षा पत्रिका वर्ष-१५: १९८९